

વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી કૃત

આયુર્વેદપ્રતિપાદિત પુસ્તકો

રખે વહેમાતા

આ પુસ્તકની ફક્ત ત્રણ વર્ષમાં પાંચ આવૃત્તિઓ થઇ ગઇ છે. એ જ તેની લોકપ્રિયતા અને ઉપયોગિતાનો પુરાવો છે. ઘણા માણસો નજીવા કારણસર આરોગ્ય બગડતાં નકામા વહેમમાં પડી તન-મન-ધનની ખુવારી કરે છે. તેમને માટે આ પુસ્તકમાં દરેક રોગની ખાસીયત, લક્ષણો, નિદાન, ચિકિત્સા અને વિધવિધ સચોટ અસરકારક ઔષધપ્રયોગો આપ્યા છે. તમે જાતે જ તમારા તેમ જ કુટુમ્બના વૈદ્ય બની શકો છો. આ પુસ્તક તમારે ત્યાં હશે તો વૈદ્ય-ડોકટરોનાં બીલથી બચી જશો, ઉંચા કાગળ, સુંદર છપાઇ, પાંચસો પૃષ્ટ, પાકું પુંઠું, રંગીન જેકેટ. મૂલ્ય માત્ર. રૂ. ૨-૮-૦ પોષ્ટખર્ચ રૂ. ૦-૭-૦ જુદું.

નવદંપતીને

પ્રભુતામાં પગલાં માંડતી નવોઢાના અંતરમાં અનેક પ્રકારના સંસાર-તરંગો ઉછળે છે. તેમાંથી સફળપણે પાર ઉતરવા અનેક વિકટ પ્રશ્નોનો ઉકેલ બતાવ્યો છે. ભાઇ પરદેશથી, બહેનનાં લગ્ન થતાં પત્રો લખે છે. ભોજાઇ પિયરથી, દિયર લગ્નગ્રંથીથી જોડાતાં તેને પત્રો લખે છે. અને મર્યાદાનું ઉલ્લંઘન કર્યા વગર લગ્નને-દાંપત્યજીવનને સંપૂર્ણ સુખી બનાવનારા માર્ગો દર્શાવે છે. પહેલી આવૃત્તિ ખલાસ થઇ અને બીજી આવૃત્તિ પ્રગટ થઇ છે. દળદાર કદ, સુંદર છપાઇ, ટાઇટલ પર ભાવવાહી રંગીન ચિત્ર, કીંમત રૂ. ૧-૦-૦ પોસ્ટેજ રૂ. ૦-૩-૦

પુત્રદા અને પારણું

બે વર્ષમાં જ ત્રણ આવૃત્તિઓ પ્રગટ થઇ ચુકી છે. પુત્રીના જન્મથી તે યુવતી અને માતા બને ત્યાંસુધીમાં તેનું માનસિક, શારીરિક અને

સંસાર સંબંધી સ્વાસ્થ્ય, સૌખ્ય, સૌંદર્ય અને સમુજ્જ્વલપણું સરસ રીતે સચવાઇ રહે તેવા સુંદર માર્ગો દર્શાવ્યા છે. આ પુસ્તક એક વાર વાંચો, ફરીથી વાંચવાનું દિલ થશે. બ્હેનો માટે જેટલું ઉપયોગી છે, તેટલું જ પુરૂષવર્ગને પણ માર્ગદર્શક છે. સંખ્યાબંધ ઉપચારો–ઓષધો–નુખસાઓ દર્શાવ્યા છે. સાચું સંસારસુખ મેળવવાની ચાવી છે. પુત્ર યા પુત્રી પેદા કરવાની કળા છે. પતિને રીઝવવાની–પત્નીનું મન રંજન કરવાની, આરોગ્ય જાળવવાની, સુંદર દેખાવાની અનેક બનાવોથી ભરપૂર આ ગ્રંથ ૬૦૦ પાનાંનો દળદાર ગ્રન્થ છે. સુંદર છપાઇ, પાકું પુંઠું, મનોરંજક ત્રિરંગી ચિત્રવાળું આકર્ષક જેકેટ. આટલું દળદાર હોવા છતાં મુલ્ય માત્ર રૂ. ૨–૮–૦ પોસ્ટેજ રૂ. ૦–૭–૦ જુદું.

પૂછ્યું અને કહ્યું: (ભાગ ૧ તથા ૨)

સંખ્યાબંધ વાચકો વૈદ્યરાજને પોતાની શારીરિક, માનસિક અને વ્યાવહારિક મુંઝવણ વિષે પ્રશ્નો પૂછે છે. તેમને પુરો સંતોષ મળે અને માર્ગદર્શક થાય એવા જવાબો અપાય છે. તે માત્ર પૂછનારને જ નહિ પરંતુ અન્ય સર્વ જનોને અનેક રીતે ઉપયોગી થાય એવા હોય છે. અને તેથી જ તે પુસ્તકમાં સંગ્રાહાય તો ખૂબ ઉપયોગી અને મુશ્કેલીમાંથી રસ્તો બતાવનારા બને એમ લાગવાથી આ પુસ્તકને બે જુદા જુદા ભાગોમાં તૈયાર કરેલ છે. ભિન્ન ભિન્ન દરદોના સચોટ ઉપાય, જાતજાતની ઔષધીઓની બનાવટ, સંસારના કૂટ પ્રશ્નોના ઉકેલ અને અટપટા વિષયોમાં મનની મુંઝવણ ટાળનારી રસભરી વાનીઓ તેમાં દેખાશે. પૂછ્યું અને કહ્યું: ભાગ ૧ લો દળદાર કદ. બીજી આવૃત્તિ, સુંદર ત્રીરંગી જેકેટ મૂલ્ય રૂ. ૨–૦–૦ પૂછ્યું અને કહ્યું ભાગ ૨ જો પણ તેટલો જ દળદાર. પહેલી આવૃત્તિ. ત્રીરંગી જેકેટ મૂલ્ય રૂ. ૨–૦–૦ દરેક ભાગ જુદો. દરેક ભાગને માટે પોસ્ટેજ રૂ. ૦–૪–૦ જુદું.

મા અને બાળક

માતાને સુવાવડ આવે છે, બાળકનો જન્મ થાય છે ત્યારથી શરૂ કરી, સફળ સુવાવડ બનાવવા માટેનો દરેક વિધિ ઝીણામાં ઝીણી માહિતી સાથે બતાવવા ઉપરાંત બાળકને તન્દુરસ્ત રાખવા માટે શું કરવું જોઇએ તે રસભરી ચર્ચાથી બતાવી, માતા તેમ જ બાળકોની નીરોગીતા માટે સંખ્યાબંધ ઔષધો, ઉકાળા, પાકો, ઘસારા, બાળાગોટલી અને એવાં વિધ વિધ ઔષધો તમે જાતે બનાવી શકો તેવાં બતાવ્યાં છે. આ પુસ્તકના અભ્યાસથી વૈદ્ય–ડોકટરો, નર્સો, મીડવાઇફો અને અન્ય બંધુ–ભગિની સર્વને ઘણું જાણવાનું મળશે. ગુજરાતી ભાષામાં આવી છણાવટવાળું આ પ્રથમ પુસ્તક જ છે. લગભગ ૭૦૦ પૃષ્ઠ, સુંદર છપાઇ, ગ્લેઝ કાગળ, પાકું મજબૂત પુંઠું, ત્રીરંગી જેકેટ છતાં **મૂલ્ય માત્ર રૂ. ૩–૦–૦ : પોસ્ટેજ રૂ. ૦–૭–૦ જુદું.**

સંતતિસંયમન

એક તરફથી બેકારી : બીજી તરફથી વધતી જતી સંતતિ : એ પ્રશ્ન દેશને આર્થિક રીતે મુંઝવી રહ્યો છે. ઉપરાંત વધુ પડતી સુવાવડ અને કસુવાવડ સ્ત્રીઓના આરોગ્યને ભારે હાનિ પહોંચાડે છે. એથી કુદરતી કે કૃત્રિમ રીતે પ્રજા થતી બંધ કરવી તે અત્યારના સંયોગોમાં ખાસ જરૂરી છે કે કેમ તે વિષયમાં છુટથી દૃષ્ટાન્તો સાથે સિદ્ધાંતની ચર્ચા કરી છે, તેમ જ બર્થકન્ટ્રોલના દેશી, વિદેશી, વનસ્પતિના, ઔષધોના, તેમ જ કૃત્રિમ અને કુદરતી ઉપાયો બતાવ્યા છે. એક આવૃત્તિ ખલાસ થઇ. બીજી આવૃત્તિ પ્રગટ થઇ. **મૂલ્ય માત્ર રૂ. ૦–૬–૦ પોસ્ટેજ રૂ. ૦–૨–૦ જુદું.**

ચંદ્રોદય એટલે શું ?

ચંદ્રોદય આયુર્વેદની અમૂલ્ય અને અપ્રતિમ વસ્તુ છે. કોઇ વૈદ્યો અને વેપારીઓ ભળતી વસ્તુ ચંદ્રોદયના નામથી મોંઘી કિંમતે વેચી મોટો નફો

કરે છે. ચંદ્રોદય ખાવાની તમન્નાવાળા પણ ચંદ્રોદય એટલે શું તે જાણતા નથી. એ માટે જ આ સ્વતંત્ર પુસ્તક તૈયાર કર્યું છે. જાતિઅનુભવથી પારદને અમે શુદ્ધ કરી, બુભૂક્ષિત બનાવી, ચંદ્રોદય તૈયાર કર્યો છે. તેની કશી પણ ગુરૂગમ રાખ્યા સિવાય ઝીણામાં ઝીણી વિગત બતાવી છે. **કીંમત માત્ર રૂા. ૦–૪–૦ પોસ્ટેજ સવા આનો જુદું.**

અનુભુત યોગાવલી

વૈદ્યકના ઉપયોગી અને સચોટ અસર કરનારા ૧૦૦ સફળ પ્રયોગોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ પ્રયોગો દેશાટન દ્વારા ગુરૂપ્રસાદી રૂપે મળેલા છે. આ પ્રયોગો પ્રમાણે ઔષધો બનાવનાર વૈદ્ય દરદને દફે કરી યશ તથા ધન બેઉ પ્રાપ્ત કરી શકે છે. **કીંમત માત્ર પ્રચાર માટે રૂા. ૦–૮–૦. પોસ્ટેજ બે આના જુદું.**

શીતળા

ઉનાળામાં શીતળા–બળીયાના વ્યાધિથી હજારો બાળકો નાશ પામે છે અથવા કોઇ ને કોઇ અંગની ખોડવાળાં–અપંગ બને છે. જૂની રૂઢીવાળાઓ માતાનો પ્રકોપ માની દવા કરતા નથી. એ સંબંધમાં દશ વરસથી અમે ખૂબ પ્રચાર કર્યો છે–આ સ્વતંત્ર પુસ્તક લખી અંધશ્રદ્ધા દૂર કરી, લોકોને સાચા માર્ગ તરફ વાળ્યા છે. શીતળાનો તેમજ તે પછી રહી જતા વ્યાધિઓનો સચોટ ઉપચાર બતાવ્યો છે. તેની **કીંમત માત્ર પ્રચાર અર્થે રૂા. ૦–૨–૦** રાખી છે. જ્યાં શીતળાનો મરજ ચાલતો હોય ત્યાં જનતામાં વહેંચવા કોઇ સેવાભાવી સખી ગૃહસ્થ વધુ સંખ્યામાં ખરીદે તો કીંમતમાં એથી પણ ઘટાડો કરવામાં આવે છે. **પોસ્ટેજ એક આનો જુદું.**

વિશાળ ઔષધ ભંડાર—પાટડી (જી. અમદાવાદ)

શાખા: સારંગપુર ચકલા પાસે—અમદાવાદ.

વીણેલાં

[વિધવિધ લેખોનો સંગ્રહ]

લેખક અને પ્રકાશક :

વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી

અનુભૂત યોગાવલી : સંતતિસંયમન : શીતળા : ચંદ્રોદય એટલે શું ? : રખે વહેમાતા : નવદંપતીને : પુત્રદા અને પારણું : પૂછ્યું અને કહ્યું (ભાગ ૧ તથા ભાગ ૨) : બા અને બાળક : વગેરેના લેખક તથા

સંચાલક : વિશાળ ઔષધ ભંડાર
પાટડી (જી. અમદાવાદ)

પ્રથમાવૃત્તિ — પ્રત ૧૦૦૦
સંવત ૧૯૯૮ — સને ૧૯૪૨

મૂલ્ય રૂ. ૨-૦-૦

વીણેલાં પુષ્પો કરકમલે ધારજો,
સ્નેહી સજ્જન વાચક સૌ, સુખદાય જો;
મધુરા રસથી મુગ્ધ બની તવ દિલડાં,
નિરોગીતા ને આનંદથી પુલકાય જો...
વીણેલાં પુષ્પો કરકમલે ધારજો.

મુદ્રક: ચંદુલાલ જેઠાલાલ વ્યાસ
મુદ્રણસ્થાન: 'સ્વાશ્રય મુદ્રણાલય': રાણપુર



શ્રીમાન માનવંતા શેઠ શ્રી ડાહ્યાલાલ નગીન,
ગીરગામ નાનાભાઈનિવાસ, મુંબઈ.

અર્પણ

શ્રીમાન માન્યવર

શેઠ શ્રી દ્વારકાદાસ મેઘજી,

ગીરગામ–નારાયણનિવાસ: મુંબઈ.

સ્નેહની વેલને અમી સીંચી, આપે મૈત્રીનો હાથ લંબાવ્યો અને નિભાવ્યો, તેના મીઠા સંભારણા રૂપે નિ:સ્વાર્થભાવે આ મારૂં પુસ્તક અર્પણ કરી આનંદઉર્મીએ રાચું છું. તે સ્વીકારી ઋણી બનાવશો.

સ્નેહાધીન ભવદીય

વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી.

પ્રસ્તાવના

વીણવું એ શબ્દના ગુજરાતી ભાષામાં જુદા જુદા અર્થો થાય છે. પરંતુ સામાન્ય રીતે વીણવું એટલે ચુંટવું–દાખલા તરીકે પુષ્પ ચુંટવાં–એકઠાં કરવાં, એ પ્રકારના તેના ફલિતાર્થ ઉપરથી આ પુસ્તકનું નામ 'વીણેલાં' રાખ્યું છે. મેં જુદી જુદી વખતે અનેક સામયિકોમાં જુદા જુદા પદાર્થો ઉપર અને શરીરમાં થતા વ્યાધિઓ ઉપર એમ જુજવી રીતે જે લેખો લખેલા તે બધા લેખો એકત્રિત કરી–વીણી લઈને પુસ્તકાકારે એને સ્વરૂપ આપવાનો નિર્ણય કર્યો.

એ શા માટે, એવો સહેજે પ્રશ્ન થાય. દરેક માનવી તંદુરસ્ત રહેવા અને તંદુરસ્તી લાવવા માટે સતત પ્રયત્ન કરતો રહે છે; અને એ તંદુરસ્તી મેળવવા માટે એને લગતું સાહિત્ય તે મેળવે છે, વાંચે છે, વિચારે છે, સાંભળે છે અને અનુમાન કરીને પ્રકૃતિમાં અપનાવવા પ્રયાસ કરે છે. એવા સાહિત્યનો સંગ્રહ કરવા પણ તે લલચાય છે, કે જેથી એ તેને ભવિષ્યમાં ઉપયોગી થઈ પડે.

મારા બધા લેખો સામાન્ય જનતાને ઘણા ગમી ગયા છે એમ કહેવું મને ઠીક નથી લાગતું, પણ મારા લેખો સામાન્ય જનતાને જીવનની અસ્વસ્થ પ્રકૃતિમાં ઉપયોગી લાગ્યા છે એમ કહેવું મને ઘણુ ઠીક લાગે છે. એ હું એટલા ઉપરથી કહું છું કે વારંવાર વર્ષો પહેલાં લખેલા લેખો માટે પૂછગાછ થવા અથવા સંમતિ મેળવવા માટે અત્યારે પણ વાચકો તરફથી મારી ઉપર પત્રો આવે છે, અને ચોક્કસ જાતના લેખોની આખી નકલ કે તે લેખ જેમાં પ્રગટ થયો હોય તે અંક મેળવી આપવા માગણીઓ ચાલૂ રહે છે.

સામયિક એક એવી વસ્તુ છે કે પુસ્તકની માફક જ્યારે આપણે ઈચ્છીએ ત્યારે વર્ષોજૂના એના અંકો મેળવી શકાતા નથી, અને તે મળી આવે તો પણ એથી અનેક માગણીઓને સંતોષી શકાતી નથી. એટલે જુદા જુદા સામયિકોમાં પ્રગટેલા મારા લેખો એકત્ર કરી, તેને પુસ્તકાકારે તૈયાર કરી આપવામાં આવે તો જ્ઞાનપિપાસુઓ અને ચોક્કસ લેખોની ઇન્તેજારી સેવનારા વાચકોને સંતોષી શકાય, એમ મને સ્વાભાવિક રીતે જ લાગ્યું છે.

આપણી નજર સામે હમેશાં જોવામાં આવતા કેટલાક પદાર્થોમાં રહેલા અસાધારણ ગુણો એવા પડયા હોય છે કે તેને સમજી–વિચારી યુક્તિપૂર્વક તેનો ઉપયોગ કરવામાં આવે તો મનુષ્યશરીર ઉપર તેની ઘણી સુંદર અસર નીપજાવી શકાય છે.

પરંતુ તેમાં રહેલા એ અમાપ ગુણો અને તેની થતી સુંદર અસરથી માનવી અજાણ હોવાને લીધે કેટલીક વખત એ દુઃખથી–દરદથી રીબાતો હોવા છતાં પોતાના હમેશના વપરાશમાં આવનારી વસ્તુને પણ એ યુક્તિપૂર્વક વાપરી જાણતો નથી. એથી મેં ખજુર, ખારેક, મીંઢળ, દાડમ, દ્રાક્ષ, વગેરે જેવા સામાન્ય અને સહેલાઇથી મળતા પદાર્થો ઉપર સ્વતંત્ર રીતે પ્રકાશ પાડી, જે લેખો લખેલા છે તે એવી જાતના છે; અને માનવી માત્રને રોગી કે નીરોગી અવસ્થામાં પણ

તેમાંથી ઘણું જાણવાનું, સમજવાનું અને આચારમાં મૂકવાનું મળી આવે છે. વળી તે તે પદાર્થો સાથે બીજા પદાર્થો મેળવીને તેમાંથી ઉત્પન્ન થતા અવ્યર્થ અને સફળ નુખસાઓ અથવા ઉપાયોને તેમાં ખુલ્લી રીતે બતાવી દેવામાં આવ્યા છે. આ રીતે જુદા જુદા પદાર્થો ઉપર પ્રકાશ પાથરતા લેખોના સંગ્રહને 'આહાર'ના વિભાગ રૂપે આકારવામાં આવ્યો છે.

બીજો એક વિભાગ 'આરોગ્ય'નો છે—રોગી થઇને તો માનવી ઉપાય કરી શકે છે. પરંતુ જો નીરોગી રહી શકાતું હોય તો પછી ઉપાયો અને નુખસા અથવા દવાઓની જરૂર રહેતી જ નથી. અને આયુર્વેદનો સિદ્ધાંત પણ એ જ સૂચવે છે કે માનવીએ એવી રીતનું જીવન જીવવું જોઇએ કે જેથી લાંબુ આયુષ્ય મેળવી શકાય અને શરીરે નીરોગી થઇને જીવી શકાય.

જન્મથી જ રોગ લઇને અવતરનાર કરતાં જન્મ્યા પછી આહાર-વિહારની સામ્યતા નહિ સમજનાર તથા પ્રકૃતિના ફેરફારોને નહિ પિછાનનારની સામાન્ય રીતે માનવીઓમાં વધુ સંખ્યા હોય છે.

હરેક માનવીએ કેમ જીવવું અથવા તંદુરસ્તપણે કેમ જીવી શકાય, તેના મંત્રો જો ઘુંટીઘુંટીને જીવનના આચારમાં મૂકયા હોય છે તો એ લાંબું આયુષ્ય ભોગવી શકે છે અને સંપૂર્ણ તંદુરસ્ત રહી શકે છે.

કેટલીક વખત માનવીની કરેલી ભૂલોથી આરોગ્યમાં ખલેલ પડે છે, જ્યારે કેટલીક વખત કશીયે ભૂલ કર્યા વગર પણ કુદરતના વાતાવરણ અને તેમાં થતી હવામાન અને ઋતુની ફેરફારી તથા તેની માનવીશરીર ઉપર થતી અસરને નહિ સમજવાથી, અથવા એ વિષયને સમજવા છતાં બેદરકારી સેવવાથી પણ આરોગ્ય નષ્ટ થાય છે; અને એથી જ વર્ષની અંદર આવતી ૭ ઋતુઓ, એ ઋતુઓના કારણે પલટાતું વાતાવરણ અને તેનો માનવીઓ ઉપર થતી ચોક્કસ અસરને નજર સામે રાખી, આ પુસ્તકમાં 'સંવત્સરની ૭

પટરાણીઓ ' એ મથાળા નીચે, ઋતુચર્યા જેને કહેવામાં આવે છે તે વિષયની સામે દૃષ્ટિ રાખીને છતાં પણ, જુદી જ રીતે મેં એ લેખ લખ્યો છે. આખો લેખ માત્ર ઋતુચર્યાના સિદ્ધાંત ઉપર લઇ જાય છે, છતાં તેની ગુંથણીને મેં મારી રીતે પાત્રો કલ્પીને સહેલાઇથી ઋતુનું જ્ઞાન અને તેનું રહસ્ય સામાન્ય માનવી પણ સમજી શકે એ રીતે સમજાવવા પ્રયત્ન કર્યો છે. વસ્તુ ને વિષય શાસ્ત્રાંતરગત હોવા છતાં તેની આલેખવાની રીત જુદી જ ઢબે અને અનોખી રીતે વાચકને રોચક બનશે અને મનરંજન કરવા સાથે માર્ગદર્શક થઇ પડશે એવી મારી માન્યતા છે.

આ સ્વતંત્ર લેખ ઉપરાંત કેટલાક વ્યાધિ વિષયક લેખો પણ છે. અને આ બધા લેખોને ' આરોગ્ય 'ના લેખો તરીકે જુદા વિભાગે માનવામાં અથવા તારવવામાં આવ્યા છે.

ત્રીજો વિભાગ છે '**આનંદ**'નો. આનંદ માનવી ઘણી રીતે મેળવી શકે છે. દેહે ભોગવેલા આનંદથી ક્યારેક મન મસ્ત બની જાય છે અને તે આનંદની લહરીમાં ઝુલતું જણાય છે; અને ક્યારેક મનથી મળેલા આનંદમાં શરીર ભાગીદાર બનીને પ્રફુલ્લિત બને છે.

વાચનથી પણ આનંદ મળે છે. વાચનથી કેવળ આનંદ જ મેળવી શકાય છે એવું નથી. વાચનથી મન ઉપર ઘણી જુદી જુદી અસરો થાય છે, અને એ અસર લેખકે કલમ દ્વારા વહાવેલા જુદા જુદા રસોને આભારી છે.

અને આ રસોના પરિણામે જ પુસ્તકોના વર્ગો પડ્યા છે: ઉત્તમ વાચન અને કનિષ્ટ વાચન જેવા. પ્રેમકહાણીઓથી ભરપૂર નવલકથાઓ વાંચનારના મન ઉપર અને મન સાથે સંબંધ ધરાવતા શરીર ઉપર જે અસર થાય છે તે કરતાં ઐતિહાસિક પુસ્તકોનું સતત વાચન કરનારના દિલ ઉપર જુદી અસર થાય છે; અને તેવી જ રીતે જે જે પ્રધાન રસ પુસ્તકમાં આલેખવામાં આવ્યો હોય છે

તે તે રસ તરફ એ પુસ્તક વાચક માનવીને ઓછા વધતા પ્રમાણમાં ખેંચી જઈ શકે છે.

એટલે હું એમ કહેવા માગું છું કે જો નિર્દોષ આનંદ વાચન દ્વારા માનવીને આપવો હોય તો તેમાં હાસ્ય રસ વધુ સુંદર અને અસરકારક રીતે કામ કરી જાય છે.

હાસ્યના પ્રકારો અને હાસ્યના ભેદોની ચર્ચા હું અહીં કરતો નથી, અને ખરી રીતે એવી ચર્ચામાં ઉતરવાની મારી યોગ્યતા પણ નથી. હું તો વૈદક અથવા આયુર્વેદના વિષયનો લખનાર છું. છતાં પ્રેરણા પામીને, ખરૂ કહું તો ' બહુરૂપી'ના તંત્રીજીના આગ્રહ અથવા આજ્ઞાને વશ થઈને પ્રથમ મેં એક હાસ્યરસિક વાર્તા ' બહુરૂપી'ના દીપોત્સવી અંકમાં લખી અને તે વાચકને ગમી ગઈ. તેમને ગમી ગઈ એમ મારે પોતે કહેવું તે મને સંકોચ થાય તેવું છે; પણ જ્યારે ' બહુરૂપી'ના તંત્રીજીએ અને બીજાં સામયિકોના સંચાલકોએ પણ એની પ્રશંસા કરેલી, ત્યારે મને લાગ્યું કે આ રીતે વાચકોનાં દિલને જો હું મારા પ્રયત્નથી બહેલાવી શકતો હોઉં અને એ બહેલાવવામાં નિર્દોષિતા સચવાતી હોય તો ખોટું નથી. એટલે બીજી પણ એવી હાસ્યરસોત્પાદક વાર્તાઓ અમુક અમુક વખતે લખી અને તે પ્રગટ પણ થઈ ગઈ.

હાસ્યરસિક પુસ્તકો અનેક છે અને તેના લેખકો તો અત્યારે ઘણા સમર્થ પડ્યા છે. તેમની કક્ષામાં મારો પ્રયાસ સાધારણ ગણાય. છતાંયે વાચકોના આનંદની ખાતર મારી એ હાસ્યરસિક વાર્તાઓ આ પુસ્તકમાં મુકવામાં આવી છે. વાચક તે વાર્તાઓ વાંચતાં કે વાંચી ગયા પછી થોડુંક ખુલ્લું હસે અથવા તેનું દિલ હસે કિંવા જરી તેનું મોઢું મરકે તો પણ હું તો એમ સમજું કે મારો પ્રયાસ સફળ થયો. અને હસવું એ તો તંદુરસ્તી વહાવવાનો તથા લાવવાનો હું સાચો દીવડો માનું છું. હસતો માનવી જગતને હસાવે છે.

'વીણેલાં' પુસ્તકની ફુલચુંટણી અને પુષ્પગુંથણીની વિગત આ રીતે ત્રણ વિભાગે આપી છે. જો કે એ ત્રણ વિભાગો અગાઉ છપાઇ ગયા પછી પાછળથી 'પુરવણી' વિભાગમાં વિષૂચિકા–કોલેરાનો લેખ, એક હાસ્યરસિક વાર્તા અને મારાં ચાર કાવ્યો પણ આપવામાં આવ્યાં છે.

હવે થોડુંક વિશેષ કહેવાનું રહે છે: 'વીણેલાં' પ્રગટ કરવાનું લગભગ એક વર્ષથી જાહેર કરવામાં આવ્યું હતું. તે વખતે લડાઇનું આટલું જોરદાર સ્વરૂપ નહોતું, ત્યારે તેની ઉપર થતા ખર્ચના અંદાજે તેની કીંમત રૂ. ૧–૦–૦ તથા ૦–૪–૦ પોસ્ટેજના મળી સવારૂપીયાથી અગાઉથી ગ્રાહકો નોંધવા શરૂ કર્યા અને ઘણા નોંધાઇ પણ ગયા. જ્યારે પુસ્તક તૈયાર કરવા માંડયું ત્યારે જરૂરી લેખોનો સંગ્રહ મોટો થયો. બધાં મળી લગભગ ૩૭૨ પેજ, પાકું પુઠું અને ત્રીરંગી જેકેટ–આ બધા ખર્ચનો અત્યારના સંજોગોએ સરવાળો એટલો મૂકયો કે અગાઉથી થયેલા ગ્રાહકને પુસ્તક ખોટ ખાઇને પણ આપવું પડયું છે. પણ એ વાતનો મને અફસોસના બદલે આનંદ એટલા માટે થાય છે કે કષ્ટ ભોગવીને પણ જ્ઞાનલહાણી કરી શકાતી હોય તો તેથી રૂડું શું? પરંતુ એ રીતે અગાઉથી થયેલા ગ્રાહકોની માફક પાછળના ગ્રાહકોને એ કીંમતે પુસ્તક મળી શકે તેમ નથી.

લેખોનો સંગ્રહ કરવામાં ઘણું મોડું થયું. ઉપરાંત 'સંવત્સરની ૭ પટરાણી'વાળો તદ્દન નવીન અને સ્વતંત્ર લેખ તૈયાર કરી મોકલવામાં મારી અનેક ધંધાદારી અને વ્યાવહારિક ઉપાધિઓને કારણે અસાધારણ ઢીલ થઇ, અને એ બધાં કારણોને લઇને આગળથી થયેલા ગ્રાહકોને અમે ઘણી રાહ જોવરાવી છે, તે ખાતર સુજ્ઞ ગ્રાહકો દરગુજર કરશે એવી મને આશા છે.

આ પુસ્તક મારા પરમ સ્નેહી શેઠ શ્રી દ્વારકાદાસ મેઘજી–મુંબઇનિવાસીને મેં અર્પણ કર્યું છે. તેઓ ધનપતિ હોવા ઉપરાંત

ધીમાન પણ છે, અને મારાં હરેક કાર્યો અને લેખો પ્રત્યે તેમની હમદર્દી હોવા ઉપરાંત મમત્વ છે.

તેમના જેવા એક લખપતિએ એક ખૂણે પડેલા ગ્રામ્યજન સાથે દોસ્તી-મિત્રતાનો હાથ લંબાવી, નિભાવી રાખવામાં જે ઉંચી ભાવનાઓ મારી પ્રત્યે વહેવરાવી છે તે પુનીત અને મીઠા સંબંધની યાદગીરી આ પુસ્તકના ચીરંજીવી જીવન સાથે સંકલિત રહે એ જ માત્ર નિઃસ્પૃહ ભાવથી એમને કરવામાં આવેલું અર્પણ તેમણે સ્વીકાર્યું છે તે માટે એ ભાઈનો હું ઋણી છું.

મારાં બધાં પુસ્તકોની માફક આ પુસ્તકનું સંસ્કરણ પણ 'સ્વાશ્રય મુદ્રણાલય'માં 'બહુરૂપી'ના તંત્રી શ્રી. ચંદુલાલ જેઠાલાલ વ્યાસે કાળજીપૂર્વક કર્યું છે. એટલે પુસ્તકની સુવાચ્યતા અને સુંદરતા આપને ગમે તો તે યશ એમને ફાળે જાય છે.

પુસ્તકોમાં રહેલા ભાવો અને ગુણો એ તો સત, ચિત્, આનંદના અણુઓ છે. અટલે એમાં હર્ષાવાનું હોય જ નહિ. એમાં રહેલી ક્ષતિઓ અને અપૂર્ણતાઓ એ મારી છે. માનવી માત્ર ભૂલને પાત્ર છે અને અધૂરો છે. 'ઘણું ડહાપણ ડોળનારો એ છેવટે માનવી જ છે ને!' કવિ શ્રી. પ્રભુલાલ દ્વિવેદીની પંક્તિમાં કહું કે 'સંપૂર્ણ જગતમાં ઇશ્વર એક જ, માનવી માત્ર અધૂરાં.'

મારા વાચકોએ આ પુસ્તકને જેમ અપનાવ્યું છે, તેમ તેઓ તેનો પ્રચાર કરી, સુખ દુઃખ સેવતાં માનવીઓના કરકમલમાં પહોંચાડવા માટે પોતાનાં તન-મનથી મને મદદ કરી, જ્ઞાનયજ્ઞની પરબનાં પાણી તરસ્યાને પીવડાવી પુણ્યભાગી બને એમ ઇચ્છું છું.

ગુરૂપૂર્ણિમા સંવત ૧૯૯૮ પાટડી	માનવ-પ્રભુનો સેવક **વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી**

અ * નુ * ક્ર * મ * ણિ * કા

આ નં દ

આ રો ગ્ય

આ હા ર

પૂ ર વ ણી

વીણેલાં

આનંદ

અફલાતૂન?

[૧]

અજવાળી પૂર્ણિમા અને અંધકારભરી અમાસ: એક તેજ-પુંજથી પ્રકાશતી રૂપેરી ચાદરે મઢેલી: બીજી ઘોર અંધકારે આચ્છાદિત. સંતાકુકડી રમતા તારલીયાનો પ્રકાશ પણ અવની ઉપર નથી ઉતરતો. એક ઉજળી અને બીજી શ્યામ. ઉજળીનું નામ માણેકઠારી, શ્યામળીનું નામ દીવાળી.

આજે દીવાળીનું પ્રભાત છે. લોકોનું દિલ જાણે હર્ષથી બાગ-બાગ બન્યું હોય તેમ પરોઢમાં ઉઠી નિત્યકર્મથી પરવારી સૌ મનુષ્યો પોતાના ધંધે લાગી ગયા છે.

શીવગામમાં પરોઢના ચાર વાગ્યાથી મનુષ્યોની હરફર શરૂ થઇ ગઇ છે. સૂર્યોદય થતાં તો નાનાં મોટાં, સહુ કોઇ નાહી ધોઇ, સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી, દેવદર્શન કરી, એકઠાં મળી વાતો કરે છે, ગપ્પાં મારે છે. બાળકો રમત કરી આનંદ મેળવે છે. સ્ત્રીઓ નવીન વસ્ત્રો પહેરી તાંબાપીત્તળનાં બેડાં લઇ તળાવ ઉપર પાણીની હેલ્યો ભરી, છુટા હાથના લહેકા કરતી, ધરતીને ધ્રુજાવતી પોતપોતાનાં ગૃહ તરફ વળી રહી છે.

શીવગામને શહેર તો ન કહી શકાય તેમ તદ્દન ગામડું પણ ન કહી શકાય. કેમકે શહેરના વાતાવરણથી એ રંગાયેલું છે. ગામમાં નિશાળ છે, ટપાલ ઓફિસ છે, થોડાક અંગ્રેજી ભણેલા માણસો છે, છતાં એ ગ્રામ્ય આબોહવાથી મુક્ત થયું નથી. પહેલા કલાસના રાજાના એક ભાયાતને એ ખોરાકીમાં મળ્યું છે. ગામધણી એ ગામમાં જ રહે છે.

ગામ વચ્ચે એક ચોરો છે. નવરાશ વખતે ગામના ગરઢેરા ત્યાં આવી બેસે છે, જુવાનો ગપ્પાં મારવા ત્યાં ભેગા થાય છે. તલાટી પણ ત્યાં ઉતરે છે. એટલે એને શીવગામનું સાર્વજનિક સ્થાન કહો કે પછી 'પ્રેમાભાઇ હૉલ' કહો.

આજે સવારના પહોરમાં ચોરા ઉપર ચાર માણસો બેઠા છે. એક છે ગામધણી. લોકો એમને ઠાકોર કહે છે. બીજો ગામનો છે પટેલ. ત્રીજો એ ગામનો નગરશેઠ છે. ચોથો છે એ ગામનો માલધારી—હજારેક બકરાં ઘેટાંનો માલીક—ગામની ગાયો ભેંસોને ચરાવનાર. એનું ટુંકું નામ છે દેહાઇ.

થાંભલીને અઢેલીને ઠાકોર હોકાની નળી મોઢામાં રાખી, ગડુડુક ગડુડુક હોકો તાણી રહ્યા છે. પટેલ અને શેઠ ખાટી મીઠી વાતો કરે છે. દેહાઇ વાતમાં જ્યાં સમજે છે ત્યાં હં–હા એમ હોંકારો દે છે અને નહિતર મૂગા મૂગા હાથની આંગળીઓ ચંચળાવે છે.

એ વખતે રળીઓ ગઢવી હાથમાં ઘોડીની સરક પકડી તળાવે પાણી પાવા નીકળ્યો. એણે ચોરા ઉપર બેઠેલા એ ચારે મહા પુરૂષોને જોયા અને હાથ ઉંચો કરીને તે બોલ્યો : ‘રામ રામ, બાપા ! રામ રામ !’

ચારે જણે એકી સાથે ઝીલ્યા: ‘રામ રામ, ગઢવા ! રામ રામ.’

ગઢવો ગયા તળાવ ઘોડીને પાણી પાવા, પણ પાછળ ચારે જણમાં ચર્ચા ઉત્પન્ન થઇ અને ઠાકોર બોલ્યા : ‘પટલ ! એ ગઢવે રામ રામ કોને કર્યા ?’

‘ઇ તો મને કર્યા બાપુ ! હું ગામનો પટલ છું !’

‘તને નહિ, પટલ ! રામ રામ તો મને કર્યા. હું છું ગામનો શેઠ ! સમજ્યો ? આ તમે બધા ગમે તેવા છો, પણ વળ તો મારે ત્યાં ઉતરે છે. આ ઠાકોરથી માંડીને ગઢવા સુધીને મુંઝવણ આવી પડે ત્યારે અરધી રાતે બારણાં તો મારે ત્યાં ખખડાવો છો, અને મારે ત્યાં કોથળીનાં મોઢાં ઢીલાં થાય છે. મારે ચોપડે તો તમે શું, તમારી સાત પેઢીનાં નામ કાઢી આપું, પટલ !’ નગરશેઠે પોતાની મોટાઇ બતાવતાં કહ્યું.

‘એ રાખ્ય હવે ડોઢડાયા ! તું ગમે તેમ તોય વાણ ! હું જ્યાં સુધી બેઠો હોઉં ત્યાં સુધી ગઢવો બીજાને રામ રામ કરે શેનો ?

ગામનો ધણી હું. તારા જેવાને ધારૂં તો ઘડીના છઠ્ઠા ભાગમાં ઉચાળા ભરાવું. સમજ્યો ?' ઠાકોરે હોકાની નેળમાંથી મોઢું બહાર કાઢતાં જણાવ્યું.

'હવે જાવા દો ને, બાપા ! તમારી મોટાઇ. ઓલ્યો દિ યાદ છે ને ? ગામમાં ધણુ મોડુ આવ્યું અને કહુંબાનો વખત થઇ ગીયેલો. કહુંબા પીધા, પણ ભેંહું દોવાય અને દૂધ આવે, એનો સાહ થાય ત્યારે ઠાકોરને અમલ ઉગે. એ દિ ખબર છે ને ? મને સાદ દઇને કીધું : 'એલા દેહઇ ! ભલો થઇને ભેંહું વેલી લાવતો જા. આ કહુંબા વેળાએ સાહ નથી થતો તો અમલ નથી ઉગતો. માટે ભલો થઇને ભેંહું વેલી લાવતો જા !'

'એટલે ઠાકોર ! જો હું ધારૂં તો તમને, ગામને અને ગામનાં છોકરાંને દૂધ વિના વાળુ કરાવું. માટે જ ગઢવે રામરામ તો મને કર્યા.'

'અરે ભાઇ ! એમ તાણાતાણી આ સપરમે દાડે શું કરવા કરવી પડે ? આ ગઢવા ગયા છે ઘોડી પાવા. આવવા દો એમને, અને આપણે એમને પૂછી જોઇએ કે ગઢવા ! રામ રામ કોને કર્યા ?' પટેલે વિવાદનો ઉકેલ કર્યો.

મગલખ જાતની, અસલ ઓલાદની, પૃથ્વી પર રમક ઠમક કરતી, વહુવારૂની લાજની માફક કાનસોરી જેની રમત ચૂકતી નથી, એવી કાઠિયાવાડી ઘોડીને ધરાઇને તળાવમાં પાણી પાઇ ગઢવો ફરીથી એ ચોરા પાસે થઇને નીકળ્યા એટલે પટલે સાદ દીધોઃ 'એ ગઢવા ! ઓરા આવો ઓરા !'

ગઢવો ઘોડી દોરીને ચોરા પાસે આવ્યોઃ 'હં ! બોલો પટેલ ! શું કહેવું છે ? કહી દો, બાપલા ! હજુ તો આ તેજણને ચંદી આપવી છે.'

'બોલો ગઢવા ! જતી વખતે તમે રામરામ કર્યા તે અમારા ચારે જણામાંથી કોને કર્યા ? સાચું બોલજો. કોઇની શરમ રાખવાની નથી.'

'શરમની તો વાત નથી પટેલ! પણ ખરૂં પૂછો તો હું તો રહ્યો ગઢવી, રાજા રજવાડાનો દહુંદી, કવિત કરવાં અને બિરદાવવા એ તો મારો ધંધો રહ્યો. પણ ખરૂં કહુ તો આજ તો મેં રામરામ કર્યા છે 'અક્કલના ખાં'ને. તમારા ચારે જણમાં જે અક્કલનો ખાં હોય તેને મારા રામ રામ છે, બાપુ!'

'ભલે ભલે ગઢવા! કબૂલ. મારી અક્કલ એ અજબ જેવી વાત છે. આ ત્રણે જણ ભલે એમની અક્કલનો ગર્વ રાખે. પણ મારી અક્કલની વાનગી તમે જરા સાંભળો તો તમને પણ કહેવાનું મન થઇ જાય કે ખરા 'અક્કલનાં ખાં.'' ઠાકોરે ગઢવાની વાત મંજૂર રાખતાં કહ્યું.

'અને મારી અક્કલ! હુંયે વાણીયાનો દીકરો છું. ગમે તેમ તો ય અમે વેપારીના દીકરા કહેવાઇએ. ઠાકોર! તમે મારી વાત સાંભળશો તો તમારો બધો ગર્વ ગળી જશે.'

'તારે શું મારી અક્કલમાં હું ઓછો ઉતરૂં, એમ? તમે બધા તમારાં વખાણ કરો. પછી મારી વાત હાંભળશો તો તમને લાગશે કે બધાયથી ખરો દેહઇ અક્કલનો ખાં!'

'ત્યારે એમ કરોને, આપણે આપણી અક્કલની વાત અનુક્રમે ગઢવાને કહીએ અને ગઢવો જેને પાસ કરે તે ચડે. હું પણ પાછો તો નહિ રહું એમ મને મારી અક્કલ કહે છે.' પટેલે વાત ટૂંકી કરીને તોડ કાઢયો.

[૨]

'હ્યો, ત્યારે ગઢવા! આ મારી વાત પ્રથમ હું કરૂં છું.' ઠાકોરે કેડેથી ટટાર થઇ હોકો આઘો મૂકી શરૂઆત કરી: 'મારી ઉમર તે વખતે તો જાણે ૨૫–૩૦ વર્ષની હશે. શરીરમાં જુવાની તો જોમ જોમ કરતી વધી રહેલી. એ વખતે ઠકરાણાં એમને પીયર ગયાં. મહિનો દાડો વિતી ગયો અને મને તોરીંગ ઉપડયો કે લાવ્ય એક દહાડો સાસરે જઇ આવું, અને સવારના પહોરમાં વહેલા ઉઠી કહુંઆ કરીને ઘોડી ઉપર સામાન નાંખ્યો. ઉકલો ખવાસ ઘોડીને

દોરીને ડેલી બહાર આવ્યો. હું પણ ભેટ બાંધી મૂછુંના આંકડા ચઢાવી ભેટમાં જમૈયો ખોસીને થયો તૈયાર. બહાર આવી, સાસરે જવાના હરખમાં જમણા હાથે ઘોડીની લગામ પકડીને પેગડામાં પગ નાંખ્યો. જમણા હાથે લગામ ઝાલી એટલે જમણો પગ પેગડામાં



'બાપુ, આ તો પૂંછડું હાથમાં આવ્યું!'

નાંખવો જોઇએ. એ કંઇ ભાન રહ્યું નહિ, અને ગઢવા! પેગડામાં નાંખી દીધો ડાબો પગ. ઠેકડો મારીને સવાર તો થઇ ગયો. પણ ઉકલા ખવાસે પાડી ત્રાડ: એ બાપુ! જરા જુવો તો ખરા, આ તો તમે અવળા બેઠા. બાપુ, આ તો પૂંછડું હાથમાં આવ્યું!' 'હત્

સ્તારીની. એલા ! મને ચેતવ્યો નહિ, ગાંડીયા ! લે ઠીક, સરખો બેસું.' કરતો નીચે ઉતરી, ફરી સરખો બેસીને ઘોડી હાંકી ત્યાં તો ઉકલો દોડતો આવ્યોઃ 'એ બાપુ ! આ નવી વાડીની બાજરી મૂઠી ફાટે એવી આવી છે. ઠકરાણાં કહી ગયા છે કે બાજરી આવે તો પેલી મને મોકલજો. તો બાપુ ! એકાદ મણ સાથે લેતા જાઓને, ખોળામાં પડી રહેશે.'

'લાવ્ય તારે લેતો જાઉં.' મેં કહ્યું.

'પછેડીમાં બાંધેલી બાજરી ઉકલો લાવ્યો. ખોળામાં ગાંસડી લીધી અને ઘોડી હાંકી મૂકી.

'સાત આઠ ગાઉ દૂર ગામ. ઘોડી ધમક ધમક કરતી પંથ કાપતી ચાલી. સૂરજદેવ પણ ઉંચે ચડતા ગયા, અને મને વિચાર થીયો કે માળું કાંઇક ઠુંગો કરીને નીકળ્યો હોત તો સારૂં હતું. ભૂખ પણ કકડીને લાગી છે. સાસરે પહોંચાય તો ખાવા ભેગા થઇએ. પણ સાસરે જઇને કહે એવા કાંઇ ખાવા ઉઠાય ! માનમાં રહેવું જોઇએ ના. એક બે વખત કહે, તાણ કરે ત્યારે ખાવું જોઇએ. આવા વિચારો મનમાં આવતા જાય અને ઘોડી તો ધબાકા દેતી હાલી જાય. બેએક ગાઉ ગામ દૂર રહ્યું હશે અને બાજરીની ગાંસડી ખોળામાં પડેલી યાદ આવી અને વિચાર થીયો :

'માળો ઉકલો તો ભારે મૂરખો. હજુ આ કાચી અને બચ્ચાદ જેવી વછેરી ઘોડી ઉપર એક મણનો વધારે બોજો નાંખતો ગીયો. એક તો હું ચઢયો છું, ઉપર એક મણની ગાંસડી. પણ હવે થાય શું ? બિચારીને આવા તાપમાં વહમું લાગશે. લાવ્ય બડીક વિહામો દઉં. મેં ગાંસડી ઘોડી ઉપર બેઠાં બેઠાં ઉચકી લઇને માથે ઉપાડી. ભલા એટલો તો ભાર એને ખેંચવો ઓછો !

'હું ઘોડી ઉપર બેઠેલો પણ મારે માથે બાજરીની ગાંસ
એટલે એક હાથે ઘોડીની લગામ અને એક હાથે ગાંસડી પ
રાખી. ઘોડી તો હાલે જ જાય. ગામ એક ખેતરવા છેટું રીયું,
તો બે ચાર જણને ગાડામાં બેસીને સામેથી આવતા જોયા.

'મને લાગ્યું કે હું ઠાકોર અને મારે માથે ગાંસડી! પણ એ
શું? કોઇની શરમ રાખીને શું મારી ઘોડીને મારી નાંખું? મારો
ગાંસડીનો બોજો લઇને ઘોડી હાલી જાય તે કંતાઇ નો જાય કે? અને
તો હાંકે રાખ્યું. ગાડું લગોલગ આવ્યું. અંદર બેઠેલા વાણીયા હશે
મેં ઓળખ્યા નહિ પણ એમાંથી કોઇક બોલ્યું: 'ઠાકોર! રા
રામ!' અને મેં કહ્યું: 'રામ રામ, બા! રામ રામ.' 'વળી પાછ
પૂછ્યું: 'ઠાકોર! માથે ગાંસડી કાં ઉપાડી છે?'

'અરે ભાઇ! તારે કરવું શું? આ ઘોડી હજુ તો મહિના બે
થીયા ચડાઉ કરી છે. તેમાં ખવાહે ભાર આપ્યો. એ બિચારી
વછેરીને કેટલો બોજો! એટલે એનો ભાર ઓછો કરવાને માટે
ગાંસડી મેં માથે મૂકી છે.'

'ઠીક.' અને પૂછનારે બીજાને ધીમેથી કહ્યું: 'અક્કલનો ખાં
લાગે છે!' મેં એ કાનોકાન સાંભળ્યું, ગઢવા!'

'વાહ બાપુ, વાહ! પછી?'

'પછી શું? ગામ આવ્યું ને ગાંસડી લીધી ખોળામાં અને ચઢયા
ઘોડે. ગયો ડેલીએ. ત્યાં તો બધાંયે રોટલા જમીને આડા થવાની
તૈયારીયું કરતા'તા ત્યાં હું પુગ્યો.

'ચાકરે આવીને ઘોડી હાથમાંથી લઇ લીધી. ડેલીએ બેસીને
કેડ છોડી, કહુંબા લીધા. અને ત્યાં તો ઘરમાંથી તેડું આવ્યું: 'હાલો
ઠાકોર! શીરાવા!,

'ના બા, શીરાવીને ચઢ્યા છીએ.'

'અરે એમ તે થાય, ઠાકોર! કે ટાણાના નીકળ્યા હશો. જે ભાવે તે શીરાવી લ્યો.' મારી સામે તેજુભાએ આગ્રહ કરતાં કહ્યું.

'તેજુભા! ધરાઇને રોટલા જમીને ઘરેથી નીકળ્યા. રાંગ વાળી અને આંખ ઉઘાડીને વીંચીએ ત્યાં તો આંહી પુગ્યા. એટલે એમ કાંઇ જમી શકાય?'

'ઠાકોર! ક્યાં વેર વાળવાં છે? જે ભાવે તે બે કોળીયા જમો. મેમાન માણહ' ભૂખ્યું રહે તે અમને નો ગમે, દરબાર!' મારા સસરાએ આગ્રહ કર્યો,

'નથી જમવું, અદા!'

'અરે ઉઠો ઉઠો, જે ભાવે તે.'

'ઉંહું!'

'મારા સમ.'

'ઉંહું!'

'ઠાલાના શા સારુ ભૂખ્યા રહો છો?'

'ઉંહું!'

'મરજી તમારી ઠાકોર! અલ્યા છોકરા! ઘરમાં કઇ દે, ઠાકોર શીરાવીને આવ્યા છે એટલે ઉઠતા નથી.'

'મારૂં બેટું! શરૂઆતે ના કહેવાઇ ગઇ. પણ પેટમાં તો બિલાડા બોલે. ભૂખ એવી લાગેલી કે વાત ન પૂછો. પણ હવે થાય શું? હવે તો રાતે શીરાવાય.'

'ડેલીએ બધાની હારે મારી પથારી કરી અને આડા થયા. ત્યાં તો ચાકર ઘોડીને માટે ચંદી લઇ આવ્યો. અને પૂછ્યું: 'ઠાકોર! તોબરો તો સામાન ભેગો છે ના? આ ચંદી ચઢાવી આવું.' ચાકર ત્રણ શેર જેટલો ચણ્યાનો ભરડો લાવેલો.

'હા બા! છે તો સામાન ભેગો, પણ મારે ચઢાવવી પડશે. તારાથી ઘોડી નહિ માને. લાવ હું જ ચઢાવી દઉં.'

'અને ચણ્યા લઇ ઘોડી પાંહે ગયો. ડેલીની બાજુમાં જ બીજા ખંડમાં ઘોડી બાંધેલી. તોબરો ઉતારીને ચંદી તોબરામાં ભરી. ચણ્યાની ભરડેલી તાજી પીળી ધમરખ જેવી દાળ જોઇને જીવ લલચાયો. પેટમાં ભૂખ પણ એવી લાગેલી કે જાણે બટક્યાં ભરે, એટલે એ દાળ મૂઠી ભરીને લઇ લીધી. અને માંડી બુકડાવવા. દાળની એવી મીઠાશ કે વાત ન કરો. જાણે નર્યું અમરત!

'ઘોડી પણ ભૂખી ડાંહ! એ પણ તોબરામાંથી દાળ ખાય બડક બડક! અને મેં પણ મૂઠો ભરી લીધેલો તે હુંય બડક બડક મંડ્યો, પણ મૂઠી દાળ કેટલી પોંચે? મને લાગ્યું કે દાળ ઘોડીના જોગાણુમાંથી વધુ લઇ લીધી હોત તો સારૂં. ધરાઇને પેટ તો ભરાત. પણ હવે તો દાળ ઘોડીના તોબરામાં ભરી દીધેલી! એથી શું થઇ ગયું? ઘોડી તો મારી છે ને! એની થુંક–લાળવાળી દાળ ખાવામાં વાંધો શો? લાવ્ય એક મૂઠો બીજો ભરી લઉં. મેં ઘોડીનું મોં ઝાલીને તોબરામાં હાથ નાંખીને દાળ એક મૂઠો ભરીને લીધી અને મોં ઉંચું કરીને મેં મારા મોઢામાં ઓરી!

'કોણ જાણે કેમ એના ખાવામાંથી ભાગ પડાવ્યો તેમાં, કે પછી માંખીઓ ઘોડીને કનડતી'તી એમાં પણ એણે તોબરા સોતું એનું ડાચું ઉલાળ્યું અને મારી દાઢી હારે ભટકાડયું, ધીબાંગ કરતો ને હું ઉછળીને હેઠો પડયો.

'ઇ ધબાકો સાંભળીને મારા સાળા અને સસરા ને ખવાસ અને બધા દોડી આવ્યા.

'શું થીયું? શું થીયું? દરબાર!' કરતા હું બેઠો થાઉં એ પહેલાં તો ચારે તરફ એ બધાય ફરી વળ્યા. મેં તો અરધી ચણાની

દાળ મારા મોઢામાં ભરેલી અને અરધી મૂઠીમાં, અને હું જમીનપર ચતોપાટ પડેલો. મોઢામાંથી દાળ દેખાઇ ન જાય એટલે કકડાવીને હોઠ બીડી રાખેલા અને હાથની મૂઠી પણ જોરથી વાળેલી.

'ઘણો ય મને બોલાવવા માંડયો પણ જવાબ દેવો કઇ રીતે? મોઢેથી બોલું તો દાળ બહાર નીકળી પડે.

'અલ્યા તેજુ! ઠાકોર તો બોલતા નથી. જો તો ખરો, થીયું શું?' મારા સસરાએ એમના દીકરાને સૂચના કરી. અને તેજુભા વાંકા વળીને મારી પાસે બેઠા. હું તો ભારી મુંઝવણમાં પડયો. ગરક ગરક આંખ્યો ફેરવું પણ બોલવાનું સૂજે નહિ.

'તેજુભાએ મારી મુઠી ઝાલી અને હાથની નાડ પકડવા હાથ ઉઘડાવવા જોર કર્યું. પણ હું મૂઠી ઉઘાડું શેનો? મૂઠીમાં ચણ્યાની દાળ હતી. તેજુભાએ મારા માથા ઉપર હાથ ફેરવ્યો અને મોઢું ઝાલી હલાવ્યું: 'ઠાકોર! ઠાકોર! બોલતા કેમ નથી?'

'પણ ઠાકોર બોલે કઇ રીતે? મોઢામાંથી દાળ વેરાઇ જાય તે ફજેતો થાય ને! અને એણે હોઠ પહોળા કર્યા, આંગળીઓ મોઢામં નાંખી પણ મેં દાંત એવા સજ્જડ કરેલા કે એ દીકરાથી ઉઘાડય ઉઘડે જ શેના?

'તેજુભા ઉભા થયા અને બોલ્યા: 'બાપુ! ઠાકોરને તો વેળા ચોઘડીયું થીયું લાગે છે. ઠાકોર તો બોલતા નથી, હાથની મૂઠીય વળી ગઇ છે. દાંત સજ્જડ પડી ગીયા છે. શું કરશું, બાપુ?'

'માળું, ભારે થઇ. આ જગ્યા જ મેલી છે. તેજુ! બાપ ભૂવાને બોલાવો.'

'તેજુભા દોડયા ભૂવાને બોલાવવા. ઘરમાંથી મારી સાસુ ડકરાણાં અને મારી સાળાહેલી બધાંય ત્યાં આવ્યાં, ફરતાં ફરી વળ્ય ખૂણામાં ઉભેલી ઘોડી તો હજુએ દાળ બકુક બકુક બકુકાવતી'તી અને ઇની અદેખાઇ આવતી'તી.

'મને તો ઘોડી ઉપર એવી ખીજ ચડી: અભાગણીએ મારે માથે ભારે કરી. જો કોઇ નો હોત તો હું એને એક ચપટીએ દાળ ખાવા નો દેત, બધી ખાઇ જાત. પણ હવે તો જે થાય તે જોયા કરવાનું. ઘડીક વાર બધાં બાર ભાગી જાય તો મોઢામાંથી અને હાથમાંથી દાળ ફેંકી દઇ હમણાં ઉભો થઇ જાઉં. પણ મને જુવાન-જોધને આવું વેળાચોઘડીયું થઇ ગીયું એને રેઢો મૂકાય કીમ ?

'મનમાં ને મનમાં મેં તો કુળદેવીનું સમરણ કર્યું. 'બાવન વીર, ઓલીયા પીર, માતા ભવાની અને ઘરમાં બેઠેલા સુરધનદાદા ! આ વેળા મારી લાજ તારા હાથમાં અને તારી લાજ મારા હાથમાં !'

'તેજુભા ભૂવાને બોલાવી લાવ્યા. ભૂવો તો. બત્રીસો ધુપ સળ-ગાવી બેઠો. દાણા જોયા. દાણા ફેરવી એણે કહ્યું: 'અદા ! ઠાકોરને વેળાચોઘડીયું તો નથી થીયું પણ મારગમાં ચોકીમાં પગ પડયો છે એટલે ઝબકયા છે. માટે ડાકલાં બોલાવો તો જવાબ દે અને માથેથી વાળણ વાળું.'

'વાઘરી ડાકલું લઇને આવ્યો. મારા તો ભોગ મળ્યા. હજી તો શાં એ મારા માથે ઝાડ ઉગાડશે.

' બધાં ય નીચે બેસી ગીયાં. ડાકલાવાળો મારી સામે બેઠે.. ભૂવો પણ ઢીચણીયાંભેર થઇને બેઠો. આગળ ધૂપ કર્યો. પછી 'ડુહ ડુહ ડખાક ! ડુહ ડુહ ડખાક ! ખમા ખમા, મારી કુળની તારણહાર માડી, ખમા ! હાઉ હાઉ, હાઉ.'

'મારે બેટે બરાબર આદરી. ભૂવો મંડયો ધૂણવા અને ટોળું વળીને ઘરનાં મારી સામે તાકી રહેલાં.

'ભલે ને દેકારો કરો. આપણે અક્ષરે બોલવાના નથી. અને બોલાય એવું છે પણ કયાં ? કૂટવા ધો ને. આકુરાં થાકશે એટલે ભાગશે. ગાહશે એ નાહશે.

'અરધો કલાક તો રમઝટ બોલાવી. પણ પછી ભૂવે કીધું: 'બાપુ ! વળગાડ કોક ભારે મેલો લાગે છે. એ બત્રીહા ધૂપે નહિ માને. ઇને તો મરચાનો ધૂમાડો દેવો જોશે.'

'લાવો અલ્યા! મરચાં, અને બધાય થોડા આઘા જતા રીયો. ધૂણી લાગશે તો ગળું સસડી જાશે.' મારા સાસરાએ કહ્યું.

'ઓ મારા ભગવાન! તેં તો અહલ્યા ઉગારી, મીરાંબાઇ તારી, અને હવે મારી વારે આવી મને ઉગારી લે, મારા પરભુ! અતારસુધી તો ધીરજ રાખી, પણ મરચાંનો ધૂમાડો જ્યાં એકદમ છૂટયો કે મારૂં આવી બન્યું. છીંકો આવશે, હફાક કરતી દાળ મોઢામાંથી બારી પડશે અને મારી લાજ લૂટાશે! દરોપદીનાં વસતર પૂર્યાં, તારે હવે આ ભગતની વારે આવ્ય, મારા વાલા!' હું ભગવાનને વિનવવા લાગ્યો. ઓલી ગોલકીની ઘોડી તો મારી સામે જોઇને બડુક બડુક દાળના બડુકા બોલાવતી'તી.

'જીવલો ખવાસ રામપાતરમાં દેવતા લાવ્યો. સાથે તાજાં ખાંડેલાં મરચાં એક મૂઠો ભરીને લાવ્યો. સાથે ચાર જણાએ ભેગા થઇને મને બેઠો કરીને મોઢા આગળ દેવતા મૂકી અંદર ચપટી ભરીને મરચાં નાંખ્યાં, ધૂણી થઇ અને લાગી નાકમાં. જ્યાં મેં દમ લીધો ને કયાં જઇશ? ઘણુંય સહન કર્યું, જોર કરી હોઠ બીડી રાખ્યા, પણ બીજા દમ સાથે એવી જોરથી ઉધરસ આવી કે મોઢામાંની દાળ અને ભેગું થયેલું થુંક ઉછળીને સામે બેઠેલ ભૂવા ઉપર, ડાકલાવાળા ઉપર અને બધાં ઘરનાં ઉપર છંટકાવ થયો! બધાં ઉભા થઇ ગયાં, જાણે ધરતીકંપ થયો હોય એમ! અને મને જોઇને અદા ઓચર્યા:

'હત્ તારીની! એલ્યા, રેવા ઘો. હવે એ બધું સમજાઇ ગીયું. જતા રહો બધા. ઠાકોરને કંઇ વાંધો નથી.' હું પણ વાઢયો હોય તો લોહી નો નીકળે એવો થઇ ગીયો અને બધા વેરાઇ ગીયા.

અદા બોલ્યા: 'અક્કલના ખાં! ભૂખ્યા મરતા'તા, તો શીરાવ્યું કેમ નહિ? અને ઘોડીનાં જોગાણ ખાવા બેઠા! માળી ગરાસીયાની જાત કંઇ અપલખણી અને ખોટી મોટાઇમાં ભૂખે મરનારી છે ને?'

'લ્યો ગઢવા! આ મારે સાસરેથી જ 'અક્કલના ખાં' નો ઇલકાબ મળેલો. એટલે તમારા રામ રામ મને ખરા ને?'

'ખરા ઠાકોર ! પણ હજુ બીજાની વાત સાંભળ્યા પછી ખરો નિર્ણય કરી શકાય.' રળીઓ ગઢવી બોલ્યો.

[૩]

'તાારે ગઢવા મારૂં પરાક્રમ હવે સાંભળો.' નગરશેઠે શરૂઆત કરી: 'મારી નાની સાળીનાં લગન લીધાં, ઘેરથી બૈરાં તો વહેલાં પીયેર ગયેલાં. પણ લગન ઉપર મારે જવાનું. મારા સસરાનો હું મોટો જમાઇ અને સાસરે સગાં વહાલાં આવવાનાં, જાન આવવાની એટલે મારા દિલમાં કેટલાય દિવસથી વિચાર થઇ રહેલો કે એવો બની ઠણીને જઉં કે જેટલાં માણસ આવ્યાં હોય એમાં હું જુદો જ તરી નીકળું. એવો ઠાઠ મારૂં કે પરણવા આવેલો મુરતીયો પણ ઢંકાઇ જાય ! અને સાસુના દિલમાં થાય કે મારો મોટો જમાઇ તો જાણે ચીંથરે બાંધ્યું રતન ! (નગરશેઠ જરીક અટકી અટકીને તોતડું બોલતા હતા, એટલો ખુલાસો અહીં કરી દેવો જોઇએ)

'જાન આવવાને દહાડે જવું એવું નક્કી કરેલું. એટલે સવારથી ઠઠારો કરવા મંડી ગયેલો. પરથમ હજામત કરાવવા રતનીયા હજામને બોલાવ્યો.

'હજામ સા... ઉતાવળીઓ. એની જીભ ઝલાય અને મારી યે જીભ થોડી ઝલાય. મારે માથું બોડું નહોતું કરાવવું, ધારી રખાવવાની હતી. એની પાસે માથું ધરી બેઠો અને પાણી નાંખી અસ્રો લઇને તેણે પરથમમાં જ ઉભો લીટો દોર્યો. હજુ તો હું કહું છું.

'ર...ર...ર...ર...રત......ની......યા કા...કા ! ધા...... ધા......ધા...ધારી રાખો, ધા...ધા...ધારી !'

'બા...બા...બા......બા......પા ! બો...બો......બો...બોડી નાંખ્યું......બોડી.'

'તારૂં નખોદ જાય હજામ ! શુકનમાં જ માથું બોડીને રાંડીરાંડ જેવો તોલો કરી મકયો !'

'દાઝ તો ઘણીએ ચઢી પણ હજામે બોડેલા વાળ કંઇ પાછા ચોંટાડી શકાય ? હશે, થીયું તે ખરૂં. પછી તો અંગરખું પેર્યું, વેઢ,

વીંટીયું, કડું, ચારે છેડે ધોતીયું અને ઉપર કંદોરો. આંટીયાળી ચંદેરીની પાઘડી બાંધી, બેસ લીધો અને ઠઠારો કરતાં કરતાં બપોર ચઢ્યા. આઠ દશ ગાઉ જવાનું. આ ઠાકોરની ઘોડી માગી. ઘોડી તો ઠાકોરે ન આપી પણ ઘોડો આપ્યો. ઘોડો ઉંચો એટલો કે તાડનો ત્રીજો ભાગ. સામાન માંડીને ખવાસ આપી ગયો. ઘોડે ચડવાનો અભિયાસ ઓછો, પણ સાસરે જવું તે કંઇ હાલીને જવાય ? ઘોડાને ઝાલીને પેગડામાં પગ નાંખ્યો પણ ઠેકીને ચડી જ નો હકાય. પછી વિચાર કર્યો કે લાવ્ય, ઓટલા ઉપર ચઢીને ઘોડા ઉપર બેહી જાઉં. ઘોડાને દોરીને ઓટલા આગળ લઇ ગયો. બરાબર સરખો ઉભો રાખી પલાણવા જાઉં ત્યાં તાકડે ઘોડો ફરી ગયો ને ઘોડાને બદલે મેં જમીન ભરી.

'બાજુમાં થઇ જનારા જુવાનીયામાંથી એકે કહ્યું: ' શેઠ, ઓરા આવો, બેઠા કરૂં.'

' લે, સા... મશ્કરી કરે છે! તે કોઇ દિ ઘોડે ચઢ્યા નો હઇએ અને ચઢવા જઇએ તે પડીએ પણ ખરા! બહાદુરી બતાવવી હોય તો ચઢી જાઓ જોઇએ!' અને મારૂં બોલવું સાંભળી જુવાનીયા પાસે આવ્યા.

'હ્યો, લાવો શેઠ! બહાદુરી બતાવું.' કરતો ને એક જુવાનીઓ ઘોડાની લગામ પકડી વાંદરો છલાંગ મારે તેમ ઘોડા ઉપર ચઢી ગયો અને બોલ્યો: ' જોયું શેઠ! ઘોડે આમ બેસાય!'

' વાહ જુવાન!' મેં કહ્યું.

' વાહ જુવાન બોલતાં આવડે છે! કોઇ દિ બાપગોતર ઘોડે બેઠા નથી ને વળી......'

' ભાઇ! હા, છે તો એમ, પણ જરા તમે ઘોડાને ઝાલી રાખોને. હું બેસી જાઉં.'

એ બિચારાએ ઘોડો ઓટલા લગોલગ રાખી પકડી રાખ્યો અને બંદા ચઢી બેઠા. હવે જખ મારે છે ને જોડા ફાડે છે.

"પછી મેં ઘોડાને માંડ્યો હાંકવા! પણ ઘોડો આ ઠાકોર જેવો અપલખણો અને એવો હઠીલો કે મારગમાં કોઇ સામું મળ્યું કે જાણે હાલતાં હાલતાં ઉભો રહે. તે વળી ચાબખો મારૂં, ડચકારા કરૂં, બે હાથ ને બે પગ જ્યારે અરધો કલાક વીંઝું ત્યારે વળી ફરી હાલતો થાય. એમ કરતાં કરતાં મારા સાસરાનું ગામ ખેતરવા આઘું રહ્યું ને દિ આથમી ગયો.

'જો તારીની થઇ છે! બધી મનની મનમાં જ રહી ગઇ. આ રોફ મારીને નીકળ્યો અને ગામમાં પેસીશ ત્યાં તો અંધારૂં થઇ જશે. આ ચંદેરી પાઘડી અને વેઢ વીંટીયું અને નવું અંગરખું અને હીરકોરી ખેસ એ તો કોઇના જોવામાં જ નહિ આવે: મારૂં બેટું! ભારે થઇ! ઓલ્યું તો અંજવાળું હોય અને હું ગામમાં પેહું, ત્યાં તો જે જોવે તે મને જોઇને છક્ક થઇ જાય, અને વાતું કરે કે આ કરમચંદનો જમાઇ તો ભારે લેરખડો. અને જાનના માણહ અને મારી સાળીયું મને જોવા બારાં નીકળે. પણ એ મોકો તો રીયો નહિ.

'ના જીતવા! આમ અંધારે તો ગામમાં જવું જ નહિ. રાતની રાત ગમે ત્યાં પડી રહેવું અને સવારને પો'ર ગામમાં પેસું તો મે'નત કરી એ લેખે લાગે.

'વિચાર કરીને ગામની બહાર એક બાવાની જગ્યા જોયેલી ત્યાં ગીયો. ઘોડેથી નીચે ઉતરીને પેઠો જગ્યામાં. બાવો બેઠો બેઠો ચલમ પીએ. એણે મને જોઇને પૂછ્યું: 'કોન હૈ!'

'ઇ તો અમે વાણીયા હે, બાવા સાબ!'

'કીધરસે આતે હો?'

'ઇ! ઇ તો બાવા સાબ! આમ ગામતરે ગીયા હૈ તો વળતા વળ્યા હું, ઇતના મેં અહુર થઇ ગીયા, તો જાણ્યું લાવ્ય રાતની રાત જગ્યામાં ગાળતા હું, મારાજ બઉ ભલું માણા હૈ તો ના નઈ કેતા હૈ!'

'અચ્છા અચ્છા, પડે રહો એ કોટડીમેં, ઔર તુમ્હારા અસબાબ ઇધર રખો. સમાલના, ઇસ જંગલકી બાત હૈ. ડર તો નહિ લગેગા ને?'

'નઈં સાબ! ડર તો નહિ લગતા હૈ, તમ હૈ, અમ હૈ, ડર કૈસા લગતા હૈ?'

'બડી અચ્છી બાત.' મહારાજે વાત પતાવી. મેં ઘોડાનો સામાન ઉતાર્યો, હું હાશ કરીને બેઠો. પણ સવારના લુસ લુસ ખાધેલું, ભૂખ ભારી લાગેલી. એટલે મારાજ પાસે કાંઇક ખાવાનું માગવાનો વિચાર થીયો.

'બાપજી! ભૂખ બોત લગતા હૈ, ખાવાના કુચ્છ મલતા હૈ?'

'યહાં કૈસા ખાનેકા? જાઓ ગામમેં. યહાં એક બનીયેકી લડકીકા બિહા હૈ, વહાં મીલ જાયગા.'

'અરે! પણ એ જ મારી સાળી પરણે છે. કેમ ત્યાં જવાય રાતના ત્યાં જવું નથી એટલે તો બહાર પડી રહ્યો છું. છતાં ત્યાં ઓળખાય નહિ એમ જવાય તો ઠીક. બાવો ભેરવઝોળી ફેરવનારો હતો. એટલે જો એ સુઇ જાય તો એની ભેરવઝોળી લઇને જ જ અને પતર ભરી આવું. બાવો સુવે પછી વાત.

'મેં વાતો કરવાની પેરવી કરી, પણ બાવો મારી હિંદી ભાષા ઉપર એવો ખીજાયો કે એણે કહી દીધું: 'પડે રહો. બાત કરનેકા ઠિકાના નહિ ઔર ખાલી મગજમારી!'

'ગુપચૂપ હું તો પડયો રહ્યો, અને બાવો પણ સૂતો. અરધો એક કલાક થયો અને બાવો નસકોરાં બોલાવવા લાગ્યો એટલે જાળવીને ઉઠયો અને ધીરે રહીને મારાં બધાંય કપડાં કાઢી બાવાની ભગવી કફની પે'રી લીધી અને શરીર ઉપર કાળા પટા પે'ર્યા, ચૂલા માંથી રખ્યા લઇ મોઢે અને હાથે-પગે ચોળી લીધી. સીંદુરની ટીંલકી કરી. એક ટોકરો પગ વચ્ચે કેડે બાંધ્યો અને હાથમાં ચીપીયો અને પાતર લઇને નીકળ્યો બહાર.

'મનમાં થતું હતું કે જો ઓળખાઇ ગયા તો ભારે થશે. પણ આવા વેશમાં ઓળખે શેનાં! હમણાં જઇને પાતર ભરી લાવું

આજનો લગનનો દાડો છે એટલી જલેબી ને લાડવા ને લાકડસી હશે. ખૂબ મજા આવશે !

'વિચાર કરતો કરતો સાસરે પહોંચ્યો તો ખરો. આંગણે માણસ માય નહિ. ચારે કોર જમવા બેઠેલા. કોઇ પીરસે, કોઇ હરે ફરે, ઘણાને હું ઓળખું, પણ મને દીકરા કોઇયે ઓળખ્યો નહિ. ઠીક તાલ આવ્યો.

'મેં તો ખડકીએ જઇને 'આહલેક' કરતો ને અવાજ કર્યો. કેટલાય માણસે મારી સામે જોયું. મારો સાળો બોલ્યો : 'અલ્યા, ઓલ્યો ભેરવઝોળીવાળો બાવો આવ્યો. કંઇક આપી દો એને એટલે જાય.'

'મારી ઘરવાળી એની પાંહે ઉભેલી. એણે કહ્યું: 'કંઇ નહિ ભઇલા, આજ તો આંગણે અવસર ધારીને બચાડો આવ્યો એટલે પેટ ભરીને ખાય એટલું આપો.'

'ભલે એમ કરો. કમંડળમાં દાળ લઇ લે, અને બાને કે–ઘર-માંથી મીઠાઇ લઇ લે, થોડાક ભાત અને શાક લઇ લે. હું ફાનસ લાવું. અંધારે ઉભો છે એટલે દેખાય નહિ. એના પાતરમાં નાંખી આવીએ.'

'ભોગ મળ્યા. ફાનસ લઇને આવશે અને મને ઓળખી જશે તો શું કરવું ?'

'હજી હું વિચાર કરૂં છું ત્યાં તો ઘરવાળી ને મારો સાળો ને મારી સાસુ અને બીજાં બે જણ ફાનસ લઇને આવ્યાં બાવાને આપવા.

'ફાનસનો પ્રકાશ મારી પાસે આવવા લાગ્યો અને મારૂં કાળજું ફડ ફડ ફડ થવા માંડયું. જરૂર ઓળખશે ને ફજેતો થશે. ભેમાં ને ભેમાં એ લોક જેમ ઓરાં આવતાં ગીયાં એમ હું તો પાછા પગે–પાછા પગે પાછળ હઠતો ગીયો.'

'અને મારો સાળો બોલ્યોઃ 'અલ્યા, માગી ખાવું ને હવે લાડ કર્યમાં ને. લેતો હોય તો લે. એમ પાછો જાતો બસ તે ક્યાં ઝાંપે આપવા આવીએ !'

'પણ હું તો પાછો હઠતો જ ગીયો. અને મારો સામો પણ ઓટકો ને, એટલે એણે હડી કરી. મને ખબર નો રહી કે વાંહે શું છે, તે કોયલાની ભરેલી ચૂલમાં ભૂક્ક કરતો ને પડયો! હાથમાંથી પતર ને ચીપીઓ પડયાં આઘાં ને 'વોય બાપ રે!' કરતાં મેં રાડય પાડી.

બધાએ એકદમ દોડીને મને ઝાલી બહાર કાઢયો અને ફાનસ મારી પાસે લાવ્યા. બાવાજી કેવાક દાઝયા છે એ જોવા લાગ્યા. મારૂં મોઢું જોઇને કે છેઃ 'એલ્યા, આ તો કપુરચંદ શા!'

'બધા ટોળે વળ્યા, ઉપાડીને મને લીધો ઘરમાં. પગ બેય દાઝી ગયા હતા, એટલે નાંખ્યો ખાટલામાં. મારી સાસુ પાસે આવ્યાં અને પૂછ્યું : 'શેઠ! આમ શું કરવા કરવું પડયું?'

'મેં માંડીને વાત કરી. મારી વાત સાંભળીને જાનનો કોક માણસ બોલ્યોઃ 'અક્કલનો ખાં!'

'કો ગઢવા! તે દિની આ પગે ઘુંચ પડી ગઇ છે. ત્યારે હવે કેમ, અક્કલનો ખાં હું ખરો ને?'

'ખરા શેઠ! રંગ છે. હવે પટેલ! તમારી વાત કરો.' ગઢવી બોલ્યા.

'હું ક્યાં ઉતરૂં એવો છું!'

'ભલે તમે ઉતરો એવા નહિ હો, પણ ભાઇસાહેબ! જરી વેલા પતાવજો! આ ઘોડી ઘરે જવા તડામાર કરે છે.'

'અરે ટુંકેથી વાત કરૂં.'

'કરો તારે.'

[૪]

'જાણે હકીકત એવી બની ગઢવા!' પટેલે રામકહાણી શરૂ કરીઃ 'મારો ખેતીનો ધંધો, રોજ સવારમાં સાંતી લેઇને જાઉં ખેતર, અને પટલાણી બપોરના ભાત લઇને આવે એટલે ખેતર શીરાવાય.

'રોજ પટલાણી બાજરાના રોટલા લાવે અને એક દોણી ભરીને લાવે છાશ. કાં ભેગી લસણની ચટણી હોય અને કાં દાળનું શાક

લાવે. એક દિ મેં પટલાણીને કીધું: 'ભૂંડી, કોક દાડો કઢી કરી લાવ્ય તો! રોટલો કઢીમાં ચોળીને ધરવાધરવ ખાઉં.' અને પટલાણીએ કીધું: 'ભલે કાલ કરી લાવું.' બીજે દિ ખેતર ગીયો સાંતી હાંકવા. બપોરે ભાત આવ્યું અને એમાં કઢીને બદલે અડદની દાળ ભાળી ને મારો મીજાજ ગીયો, ગઢવા!

'મેં કીધું: 'એલી કુંભારના ઘરની! તને કીધું'તું કે કઢી કરી લાવજે, તારે આ અડદનો બાફલો ચમ લાવી?'

'હવે ગળચી લો ને. કઢીમાં રોટલો ચોળાય ને અડદની દાળમાં શું નથી ચોળાતો? તે નકામા હડકવા કરો છો?'

'અરરર! હાંઉ મારું કીધું ન માને એટલું બાયડીનું જોર! અને મને નબળો ભાયડો માન્યો! એમ છે! આ આજથી તું મારી ભારજા નઈં. ને હું તારો ધણી નઈં. હાલી જા, મલક આખો પડયો છે.' મેં ચોખ્ખું સંભળાવી દીધું.

'પટલાણી ધરાએલી ભેંશની જમ ફુંફાડા મારતી ભાતનો સુંડલો માથે લઈને ગઈ ઘરે.

'હું સાંજે ઘરે આવ્યો અને પટલાણીને જોયાં નઈં. મને ફાળ પડી કે જરૂર જતી રહી. પણ મનાવવા જઉં એવો કંઈ ઢીલા મનનો હું નો'તો!

'એ વાતને મહિનો થીયો હશે અને મારા સાસરાનો સંદેશો આવ્યો કે પટલને કહીએ કે એમનું ઘરનું માણહ તેડી જાય. મને પણ એવી રીંહ ચઢેલી કે હું કઉં ને કઢી નો કરે એ કભારજાને મારે કરવી છે શું! મેં પણ સંદેશો મોકલ્યો કે 'મારે તમારી દીકરી ધોળા ઘરમેય જોતી નથી. દેજો ઠેહુંને!'

'અને થીયું પણ એમ. એક મહિનો વાટ જોઈને મારી પરણેતરને સામે ગામે પટેલને ત્યાં વોળાવી દીધી અને મને એ વાત સાંભળીને પરસેવો વળી ગીયો, ગઢવા! અને દલમાં થવા લાગ્યું કે કેવી ભૂલ ખાધી છે ને! હાથે કરીને ઘર ભાંગ્યું. હવે ક્યાં સંધાય?'

'એ દિને ય બીજાં દહ વરહ નીકળી ગીયાં. બીજા ઘરે પટલાણીને છોકરાં થીયાં. છોકરીનાં લગ્ન લીધાની મને ખબર મળી ને વિચાર થીયો; મેં તો કોઇ દિ આવો આણંદ કર્યો નહિ, પણ ગમે એમ તોય પાંચ વરહ ઘરવાહો ભોગવ્યો છે તે નાતરે જઇને જોઇ આવું કે કેવાં ઇ બે માણહ સાંતક બેહે છે! પણ કંઇ ખાલી હાથે જવાય?

'એક સાડલો લીધો અને એક પાઘડી–બેય જણને આપવા લીધાં, તીયાર થઇને ગીયો.

'ત્યાં જાઉં ત્યાં તો હેગડાઠઠ માણસ ભરાઇને બેઠલું. મારી મોરની ઘરવાળી ને એનો ધણી બેયની છેડાછેડી બાંધેલી અને સાંતક બેઠેલાં. બામણ મંતર ભણે ને ધામધોમ થાય.

'અરે હાય હાય! મેં કદી સારુ કજીયો નો કર્યો હોત તો રૂપાળાં મનેય કેવાં છોકરાં થાત અને હું યે તેમને પરણાવતા સાંતક બેસત. પણ જીતવા! હવે તો આ જનગાનીમાં ઇ બને એવું નથી. પણ ઘડીક જો ઇ બાઇડીને દયા આવે ને પાહે બેહવા દે, અને બામણ ઘડીક છેડાછેડી બાંધે તો મનખો પવિતર થાય. ગમે તેમ તોય એક વાર ઇ મારી ઘરવાળી તો હતી ને! ભલે, અમારો ઘરસંસાર થોડો વખત રીયો તો ઘડીક વાર છેડાછેડી બાંધે, અને ઝાઝી વાર ભલે નવા ધણી હારે રાખે.

'મનમાં એમ નક્કી કરીને, બેય માણાહ બેઠેલાં ત્યાં જઇને હું તો મારી આગલી ઘરવાળીને ડાબે પડખે બેસી ગયો અને મારા બેસીયાની એની ચુંદડી હારે મંડયો ગાંઠ વાળવા.

'ત્યાં તો બામણો બરાડયો: 'એ કણબા! શું કર છ?'

'મેં કીધું: 'મારાજ! ભણે રાખો ને, ઇ તો છેડાછેડી બાધું છું. ઇ મારી મોઇલી ઘરવાળી છે.'

'અરે ઉઠ ઉઠ, 'અક્કલના ખાં!' ભાગ્ય, નહિ તો ઝાડવો પડશે.'

'ગઢવા! શું વાત કરૂં? લોટની કોથળી જેવું મોઢું લઇને હું ઘર ભેગો થીયો. તે દિનું મારૂં ઘર ભાંગ્યું તે ફરી બંધાતું જ નથી.

છતાં હું 'અક્કલનો ખાં' તો કેવાણો. કો ગઢવા! અક્કલનો ખાં હું ખરો ને?'

'ખરા, જીવા પટલ! ખરા. રંગ તમારી અક્કલને. દેદઇ હવે તમે ઓચરો.'

'હાં ગઢવા! હું મારી વાત કહું. છે તો ટુંકી, પણ બધાથી તમારે મને ઝાઝા રંગ દેવા પડશે.'

'પણ ઓચરો ત્યારે ખબર પડે ને!'

[૫]

'જાણે વાત એમ બની કે એક દિ માલ લઇને ગીયો વગડામાં ચારવા. મારી પાંહે પાંચહે બકરાં અને પાંચહે ગાડર. એક હજાર જીવનો ધણી. ખંભે લાકડી લઇને માલને ચરાવું. એક ત્રાડ પાડું ત્યાં હજારે જીવ ખબ દઇને ઉભા રહે એવી તો મારી હાકલ.'

'હં દેહઇ! જરા ઉતાવળ રાખો. ઘોડી હાથ નથી રેતી.'

'હવે ગઢવા! જરા લગામ તાણી ઝાલો ને, પૂરી વાત તો સાંભળો. ઘેટાં બાકરાં ચરાવું ત્યાં તો એક નવલખી, ધરતી ઉપર જેનો પગ પણ છબતો નથી એવી, રેવાલની ચાલથી ઠમ ઠમ ઠમ ઠમ કરતી પંચકલ્યાણી ઘોડી ઉપર બેસીને એક અસવાર નીકળ્યો.

'ઇ ઘોડીનો મરોડ, ઇની ધમક લેતી ચાલ, ડોક તો જાણે ટહુકતો મોરલો—ઇ બધું જોઇને મનમાં થીયું કે એવી ઘોડી ઉપર બેસીને ગામ વચાળે નીકળું, ઘર છેટું હોય, દેહણ ફળીમાં ઉભી ઉભી મને જોઇને મરકાતે મુખડે કહી દે 'અલ્યા દેહઇ! બારે રૂડો લાગે. જાણે તારા મખડાનાં મીઠડાં લઉં.'

'લાવ ત્યારે મૂલવું તો ખરો. એવો વિચાર કરીને રાડ દીધી: 'એ...હે...એ!'

'ત્યાં તો અસવાર ઉભો રીયો, હું દોડીને એની પાહે ગીગો ને પૂછ્યું: 'ક્યાં રેવાં?'

'રેવાં તો કુંડલા ભણી.'

'ઘોડી બહુ ભલી, જવાન!'

'ભલી કેમ ન હોય? તાજણુનો કેડવા છે ના?'

'વેચવા વિચાર ખરો?'

'મૂલ આવે તો વેચીએ.'

'કરો મૂલ તારે.'

'રૂપીયા એક હજાર!'

'હેં......એ!' મારી તો રાડ ફાટી ગઇ.

'દેહઇ! તમથી આ ઘોડીએ નહિ ચડાય. વંડી પલાણો વંડી!'

'અને મારો મીજાજ ગીયો: 'શું કીધું? મને તેં એવો માન્યો! લે ઉતર હેઠો. રૂપિઆ હજાર ખરા, પણ સામાન સમૂળગો!'

'સામાન તો રૂપીઆ સોનો છે, પણ જા ને ઘોડી લેતો હોય તો સામાન પણ સાથે!'

'ભલે ત્યારે કબૂલ.' મેં કહ્યું.

'દે કોલ.' જવાન બોલ્યો.

'લે આ કોલ. પણ બધાય રોકડા નહિ મળે. મારે મારો માલ માંડવો પડશે. રોકડ નાણું નથી. હા હા હાલને મારો માલ જ ખંડીએ!' ઘોડીને દોરીને બકરાં, ઘેટાં ચરતાં'તાં ત્યાં ગીયા. અને કીધું કે 'જો, આ બકરાં ઘેટાં થઇને હજાર જીવ છે. કર્ય મૂલ.'

'એક હજારના રૂપીઆ પાંચસો.'

'અરે હજાર જીવના પાંચસો રૂપીયા તે હોય, ભલા આદ્મી તમારી ઘોડી એકના રૂપીઆ હજાર અને મારાં હજાર ઘેટાં બાકરાંના રૂપીઆ પાંચસો! પરભુ ધણીની કંઇ માથે બીક ખરી કે નહિ?'

'તો રહ્યું, દેહઇ! હું નો'તો કે'તો કે તુથી ઘોડી નઇ લેવાય!'

'પણ ભલા આદમી! કંઇક વાજબી વાત કરો તો સારૂં સુધરે ના!'

'વાજબી જ છે. રૂપીઆ પાંચસો માલના.'

'ઠીક ભાઇ! ખરૂં—કબૂલ!'

'હવે પાંચસો બાકી રીયાને.'

'એ હવે શેમાંથી આપું ? ઘરમાં બીજું કાંઇ નથી.'

'નો હોય તે એમ નો હાલે. કોલ દીધા પછી ફરાશે નહિ.

'તારે મારી પાસે બીજું કંઇ નથી.'

'તો આ ઘોડી તારી ખરી ને ?' અસવારે દિશા સુજાડી.

'હા, ઇ મારી ખરી, કારણ કે મેં લીધી છે.'

'તો પછી પાંચસો બાકી રીયા, તેમાંથી આ ઘોડી ખંડી લઉં.'

'હાસ્તો, બીજો રસ્તો પણ શું ?'

'ત્યારે ઘોડીના રૂપીઆ પાંચસો.'

'પણ ભાઇ ! હમણાં તારી પાંહેથી હજારની લીધી ને હવે મારી પાંહેથી પાંચસો રૂપીઆ ?'

'તેં લીધી એટલે માલ જૂનો થઇ ગીયો, સમજ્યો ? સુધરેલા માણસ 'સેકન્ડહેન્ડ' કહે છે, એનાં મૂલ અડધાં થાય.'

'એ એમ નો થાય. તારા કે'વા પ્રમાણે મારૂં પણ વચન પાળવું જોશે.'

'બોલ્ય, તારે તારૂં વચન શું ?'

'ઘોડીના પાંચહો નહિ પણ છહો લઇશ.'

'ભલે, છહો રૂપીઆ.' અસ્વારે કબૂલ કરીને ઘોડી ઉપરથી સામાન ઉતારવા માંડ્યો.

મેં પૂછ્યું: 'અલ્યા ! સામાન શા સારુ ઉતાર છ ?'

'કીમ ! સમજણ ના પડી ? લે સમજાવું: આ તેં મારી પાંહેથી ઘોડી એક હજારની લીધી તેમાં એક હજાર ઘેટાં બકરાંના રૂા. ૫૦૦ અને છસોમાં ઘોડી સાથે અગીયારસો રૂપીઆ થયા. એટલે તારા લેણા મારી પાહેં સો રૂપીઆ નીકળે. તેની કીમતનો સો રૂપિયાનો આ સામાન તને આપું અને ઘોડી ને માલ હું લઇ જઉં. આપણી તો વે'વારની વાત છે.'

'ના ચમ કેવાય ? હીસાબ કોડીનો અને બક્ષીસ લાખની. વે'વારે સમજી ગીયા અને અસવાર ઘોડી ઉપર ચઢી માલ હાંકીને હાલ્યો. સામાન અને હું વાંહે એકલા રીયા.

'સાંજ પડીને વિચાર કર્યો. હાલ જીતવા ! ઘરે. હવે ક્યાં માલ છે તે નાહકનો ખોટી થાઉં છું ?

'અને ઘોડીનો સામાન માથે ઉપાડી રાત્રે ઘરે આવ્યો. ઘરે દેહણ્ વાટ જોઇને બકરાં દોવા ઉભેલી. તેણે પૂછ્યું: 'દેહઇ ! માલ કયાં મૂકયો ?'

'અને મેં માંડીને વાત કરી. દેહણ્ બોલી: 'અરે અક્કલના બાં ! ઘોડીએ આવી નઇ ને માલ ગીયો. હવે શું રામપાતર લઇને માગી ખઇશ ?' કો ગઢવા હું કેવો અક્કલનો બાં !'

'રંગ બાપ ! રંગ તમને.'

અને છેવટે ગઢવે. 'રામરામ' કોને કર્યા તેનો ન્યાય તોળ્યો:

'રંગ ઠાકોર, રંગ શેઠીયા,
ઝાઝા રંગ પલટાય;
દેહઇ રંગ દો દો ઘણા,
પણ પ્રીટ પ્રીટ રામ જનેતાય;
જનેતા જણ તો ભક્તજન,
કાં દાતા કાં શૂર;
નહિ તો રે'જે વાંઝણી,
મત ગુમાવીશ નૂર !

'એ બાપા ! તમે બધાએ **થ** પછીનો અક્ષર અને હ્રસ્વવરડુ છો. એટલે તમને ચારેને મારા સવેંચ રામરામ, બાપા ! રામરામ !'

'ગઢવા ! રામરામ. ' અને ચારે જણા સાથે બોલ્યા.

હુતાશણીનો હારડો

એનું આખું નામ તો જગજીવનદાસ હતું. પરંતુ ગામનાં માણસો તેને 'જગા સુતાર' કહીને જ બોલાવતા. ગામડાની પદ્ધતિ જ એવી હોય કે વળી અભણ લોકોને તો મોટાં અને અવડચવડીયાં નામ યાદ પણ રહે નહિ. એટલે જ લોકો જગો, શાવો, ભગો, મણીઓ, રેવો, પુંજો, કચરો, એમ ટુંકાં નામ રાખે છે.

જગા સુતાર જાતે ગુજ્જર સુતાર હતા. એમની પેઢાનપેઢીથી એ સુતારી ધંધો કરતા. ખેડવાળું ગામ એટલે મોટી વસતી ખેડુની. ખેડ અંગે જોઈતાં, હળ સાંતી, જેસલાં, ગાડાં વગેરે એ સરસ બનાવતા. ખેડુ પાસેથી રોકડ રકમ તો બહુ ઓછી મળતી. પણ મોસમમાં મણ અનાજ અને મણ કાલાં, તેમને દરેક ખેડુ પાસેથી બાંધેલાં મળતાં. જગા સુતારની ગરજ આખા ગામને રહી એટલે જગાને સારા ગામ સાથે મેળ. એક ભેંશ રાખે, જગો સુતાર ડેલીએ કામ કરે, ભેંશને માગ્યું ઘાસ મળે, છાશ થાય તે બધાયને એ માગી આપે, અને ઘી દૂધનાં વાળુ કરી જીવન સારી રીતે ગુજારે.

પણ છેલ્લા એક મહિનાથી જગા સુતારનો જીવ ખાળે નહોતો. એનું ચિત્ત કામમાં લાગતું નહિ. રાતે એ નિરાંતે ઉંઘતો નહિ અને ધરાઈને ધાન પણ ખવાતું નહોતું.

જેમ જગા સુતાર ચિંતામાં હતા તેમ એમનાં પત્ની મોંઘીવહુ પણ કાળજું હાથમાં લઈને હાલતાં. રાત પડી કે જાણે દિ ઉગ્યો! ફાનસ તો ફળીઆમાં આખી રાત એ બાળતાં અને ઝબકીને રાત્રિએ જાગી જતાં. છોકરાંઓ પણ રાત્રિમાં ચમકતાં અને બેબાકળાં રાડ પાડતાં: 'બા! બા! ગો...એ...રહ્યો!'

બાબત એમ હતી કે જગા સુતારના આંગણાંમાં એક ખૂણે થાપેલાં છાણાંનું મોઢવું (છાણા ખડકીને ગંજ કર્યો હોય તેને મોઢવું

કહેવાય છે) હતું. ત્યાં આજે એક મહિના પહેલાં એક કાળો સર્પ નજરે ચઢેલો. પૂરો સાડા ત્રણ હાથ લાંબો, તેલ ચોપડેલા અડદની માફક તેની ચામડી તો તે અંધારામાં હોય ત્યારે પણ ચમક ચમક કરતી હોય! અને એ હાલે ત્યારે જાણે પાણીનો રેલો ચાલ્યો! અને એ એની ફેણ તો એક વેંત ઉંચી રાખે.

જ્યારે એ સાપને નજરે જોયો ત્યારે બીજે દિવસે જ સાપ પકડવાનો સાણસો લાવી બે ચાર આદમીની મદદ લઇને સાપને પકડી ગામ બહાર બે માઇલ દૂર વોંકળાને કાંઠે મૂકી આવેલા. પણ બીજે દિવસે સવારમાં જોયું તો મોઢવામાં એ જ મણિધર મહાલતો અને જીભના લબકારા કરતો હતો!

ફરી બીજી વખત પકડીને ગામની બીજી દિશામાં ચાર માઇલ દૂર મુકી આવ્યા તો પણ સવારે સાપ તો ત્યાંનો ત્યાં જ જણાયો. કોણ જાણે એ કેવો ય દેવતાઇ સાપ! ગમે તેટલો દૂર મૂકી આવે પણ બીજે દા'ડે તો એ છાણાંના મોઢવામાં જાણે હોય જ.

ગામના લોકો જગા સુતારના ઘરની મુશ્કેલીની વાત કરતા હતા અને કહેતા: 'જગાભાઇ! તમે કહો કે ન કહો, પણ આ સર્પ કોઇક તમારો પિતૃ લાગે છે. નહિ તો આમ ન હોય. તમે તરપીંડીના ત્રણ બામણ જમાડયા નહિ હોય, કાં નાગપાંચમ નહિ કરી હોય.'

વાતો સાંભળીને મોંઘી કહેતી: 'ખરી વાત છે. હું તો એમને કેતી'તી કે આ ભાભીજીનો સોગ છે તે શું થીયું! તરપીંડી નો રે' હો! પણ એમણે માન્યું જ નહિ ને અત્યારે આફૂં આવ્યું! બઇસાબ! નાગપાંચમ પણ પૂરે પાધરે નથી થઇ. આખો દી તો હું જાણે ટાઢું કોરૂં ખાઇને રહી, પણ આ સાંજે ચાહમાં બડકો મૂકયો ને એક પીયાલો બબ્બું મેંય પીધો. એથી વચકું પડયું કે પરભુ જાણે, અને હું તો રોજ નાગદેવને ખોળા પાથરી કરીને કહું છું: 'બાપજી મારી ભૂલ થઇ છે. ઓણ હું બેવડી પાંચમ કરીશ.'

પરંતુ નાગ પણ એવો હઠીલો કે કાંઇ કાંઇ ઉપાય કરવા છતાં જગાનું આગણું છોડતો જ નહિ. જગાભાઇ આ આફતથી એવા મુંઝાઇ ગયેલા કે એમને એકે દિશા સૂઝતી નહોતી. સર્પ જેવું પ્રાણી અને હંમેશાં ઘરમાં રહે એ તો '**ससर्पे च गृहे वास मृत्युहे व न संशयः**' સર્પવાળા ઘરમાં રહેવું તે મોત જ. એમાં શંકા શેની ?

જગાભાઇએ બહુ દિવસ વિચાર કરતાં કરતાં સર્પને કાઢવાનો એક નિર્ણય કરી રાખેલો કે જો એને ત્રીસ ચાલીસ માઇલ દૂર જઇને મૂકી આવ્યા હોઇએ તો એ ફરી આવી શકે નહિ. પણ સાણસામાં પકડેલા સર્પને એક માઇલ દૂર લઇ જતાં જ હાથ થાકી જાય છે, તો એટલે બધે દૂર શી રીતે લઇ જવાય ? એ દૂર લઇ જવાના વિચારમાં જ એ આખો દિવસ બેસી રહેતા.

હુતાશણીને આઠેક દિવસની વાર હતી અને જગા સુતારને એક વિચાર સ્ફુરી આવ્યોઃ સર્પને પકડી, એક માટલીમાં પૂરી, મોઢું બાંધીને બેસવું ગાડીમાં. પાંચ સાત સ્ટેશન દૂરની ટીકીટ લઇ ગાળવીને ઉતરી જવું અને ત્યાંથી વગડામાં આગળ વધીને રસ્તામાં માટલી મૂકી તેને ફોડી બાકોરૂં બનાવીને પાછા ગાડીમાં આવતા રહેવું. પછી એટલે દૂરથી એ આવી શકવાનો જ નથી.

*   *   *

સૂર્યરથ ધીરે ધીરે હંકારતો અરૂણ સારથી આકાશના અવકાશમાં નજરે પડતો હતો. સૂર્યદેવનાં તપ્ત કિરણોથી આતપ બનેલાં માનવીઓ પોકારતાં હતાં કે ઉન્હાળો આવ્યો ! ખેતરમાં આવેલી પગદંડીએ ધીમે પણ મક્કમ પગલે એક મુસાફર પાંચેક માઇલ ઉપર આવેલા મણિપુરના સ્ટેશને જવા માર્ગ કાપતો હતો. તેના પાસે બીજું તો કાંઇ નહોતું. માત્ર માથા ઉપર એક માટીની નવી માટલી ઉપાડી હતી. તેનું મોઢું સફેદ કપડાંથી ઢાંકી ઉપર દોરી વીંટીને સજ્જડ બાંધેલું હતું. માટલીનું માપ એટલું મોટું નહોતું કે જેને શિર ઉપર ઉપાડવા ઉપરાંત બન્ને હાથથી પકડી રાખવી પડે. છતાં

આ મુસાફર જાણે પોતાનું બધું ધ્યાન માટલીમાં પરોવીને જ ચાલતો હોય એમ લાગતું હતું. કદાચ કાંઇ અંદર જોખમ હોય અને એ વજનદાર પણ હોય.

એ આપણા પૂર્વપરિચીત જગા સુતાર પોતાનો સંકલ્પ પૂરો પાડવા, એક ભયંકર પ્રાણીને માટલીમાં પૂરીને સ્ટેશનથી ગાડીએ બેસી દૂર મૂકી આવવા માટે જઇ રહ્યા હતા.

બે એક માઇલ હજુ સ્ટેશન દૂર હશે ત્યાં તો માર્ગ ઉપર બીજા પણ એક ગામનો માર્ગ મળતો હતો. તે રસ્તેથી એક આધેડ વયનો સિપાઇ આવતો દેખાયો. એને પણ મણિપુર સ્ટેશન જવું હતું. એટલે જગા સુતાર અને રસુલખાં એ રસ્તે ભેગા મળી ગયા.

રસુલખાં નાના ગામડામાં દરબાર તરફથી તૈયાર થતા અનાજની માંખળ ઉપર હવાલદારી કરતો. દર વરસે એને નવા નવા ગામડામાં જવું પડતું. જગા સુતારના ગામે પણ રસુલખાં બે ત્રણ વખત આવી ગયેલો. મીયાંભાઇ જાતે વાતુડીયા અને અફીણના બંધાણી એટલે જગા સુતારને નજરે જોતાં મીયાંએ ટહુકો કર્યો:

'ઓ જગાભાઇ! કીધર ચલે?'

'ઓહો, રસુલખાં! આ...આ...ઇસ્ટેશન જાઉં છું. અગીયારની ગાડીએ જવું છે. હવે ગાડીને બહુ વાર નથી. એટલે ઉપડતા પગે હાલીએ તો વખતસર પોંચી જવાય.'

'તો મેં બી ગાડીએ જ આતા હું ને! એકલા નાહ જાતે હો! ચલો, સંગાથ કરે. બાતાંચીતાં કરતે કરતે પોંચ જાયગે. અભી તો બોત દેર હૈ. કાંકી ટીકટ લેણી હે?' રસુલખાંએ સંગાથ કરવાની ઇચ્છા જણાવતાં પૂછ્યું.

'આ જાણે કામ તો બે ત્રણ છે, મીયાંસાબ! પણ પેલાં તો જાણે બોજપરે ઉતરીશ અને પછે બીજે જઇશ.'

'બોત ઠીક. મેરેકો બી બોજપર જાવણા હૈ. અચ્છા સંગાથ મીલ ગયા. પણ એ મટકીમાં કયા લીયા, મીસ્ત્રી? બોજ તો ભારી લગતા હૈ.'

'હા, જાણે વાત એમ છે ને, રસુલખાં! હું ભોજપર જઉં છું તો પછી ત્યાંથી રંગપર ક્યાં દૂર છે? ત્યાં આપણી જડાવને પરણાવી છે. એટલે વિચાર થીયો કે લાગ્યને હુતાશણીનો હારડો આપતો આવું. એક પંથ ને દો કાજ. એટલે હારડો સાથે લીધો છે.'

'ઠીક કીયા. તમારા રીતરીવાજ તો તોબાહ, બાવા! હુતાશણી પર હારડા, દીવાળી પર ખાવાનાં, ખીર સરાવણુ મહિનેમેં ગોર આવે તારે પણ ખાવાનાં! બાપરે! હમકું તો એ ના પાલવે. બાપુ! બતાવો તો સહી, હારડેમેં ક્યા ક્યા ખાનેકા દેના પડતા હે, તે ઇતની મોટી માટલી ભરકે જાતે હો.'

જગાભાઇએ જાણ્યું કે આ પણ ખરી લપ વળગી! જ્યારે ચૂપચૂપ પોતે આ કામ પાર પાડવા જતો હતો ત્યાં વળી આ લપો મીંયાનો સંગાથ થયો. હવે તો ભોગ જ મળશે. પણ ખરી વાત તો કહેવાય નહિ. જો કહે તો મીંયા ફજેતો કરે. પછી સાપ માટલીમાં લઇને ગાડીએ બેસાય પણ કેમ? એટલે જગાભાઇએ પણ હાંકે રાખ્યુંઃ

'મીંયા! હુતાશણીના હારડામાં તો બીજું શું હોય? થોડીક જણે છોરી ખારેક, બીજાં ટોપરાં, કાંઇક પેંડા છે, બાકી તો ખાંડના બનાવેલા બેચાર હારડા. બધું બૈરાંએ ભરી આપ્યું ને મારે ઉપાડીને જવાનું. બોજો હોય તોયે કાંઇ ના કહેવાય? એ તો ગાડી ભેગા થયે છુટકો.' હાલતા જાય ને વાતો કરતા જાય.

'મેરે બેટે! ખારેકાં, ટોપરાં, પેંડા, હારડા! ઓહોહો! છોટીસી હુતાશણી ઓર ખાનેકા તો પાર નહિ! જીસકો દો ચાર લડકીયાં હોવે ઇસકી તો ઓકાત બિગડ જાય! તમારા હિંદુમેં તો પેટમાં ખાનેકા નહિ ને દેનેકા બડા જોર.'

'શું કરવું, રસુલખાં? દુનિયામાં રે'વું એટલે દુનિયાની રીતે ચાલવું જાઇએ. મળતું હોવ કે ના મળતું હોય પણ વારતહેવાર સાચવવા જ પડે ને!'

'પડે બા, પડે. લાવો મીસ્રી! મટકી થોડીવાર મેં શિર પર લે લું. જરા વિસામા લો. મેરા બેટા શિર ભી દુઃખે ને! કિતના બોજા!'

'ના ના, મીંયાસાબ! તમે રહેવા દો. મને કાંઇ બોજો લાગતો નથી. તમે તારે ધીરે ધીરે ચાલ્યા આવો ને.'

'ના, ભાઇ! ના. એમ તે ચલતા હોઇંગા? સંગમે ચલે તો થોડી મદદ ભી કરની પડે. લાવ ના, હમ કાં દુબલે પડ જાતે હેં?' મીયાંએ ઉતાવળે ચાલીને જગાભાઇની માટલી પકડી.

'અરે 'રેવા દ્યો, મીંયા, એમાં કંઇ ભાર નથી, ભાઇસાબ! તમારૂં કામ નથી. તમે એટલું કીધું તે મે'રબાની. તમારે માટલી નથી ઉપાડવી. જરા અદોદળી છે. પડખે તીરાડ પડી ગઇ છે. તમે નકામી તાણાતાણ કરો છો તે ટૂટી જશે. પછી મારી પાસે બીજું લૂગડું નથી કે બાંધી દઇશ.'

'તુમ જાણો. તુમ તો એવા ને એવા વિશ્વાસ વિનાના રહ્યા. મેં કાં ખા જાતા હું!' મીંયાએ માટલી છોડી દઇ પડખે ચાલવા માંડયું.

બેઉ જણ સ્ટેશન જઇ પહોંચ્યા. ગાડીને હવે પા કલાકની વાર હતી. ટીકીટ લેવાની વેળા પણ હતી. જગાભાઇને પાણીની તરસ ખૂબ લાગેલી, પણ દારૂડાની માટલી કોને ભળાવીને જવી? જગાભાઇ ખોળામાં લઇને જ બેઠેલા, તેમણે પૈસા કાઢીને રસુલખાંને આપ્યા: 'લ્યો મીંયાસાબ! એક ટીકીટ મારી પણ ભેગી લેજો. સવા રૂપીઓ છે. ત્રણ આના પાછા આપશે. પહેલાં એક રૂપીયો હતો. હવે તો ટીકીટના ભાવ પણ વધાર્યા છે.'

રસુલખાં બે ટીકીટો કઢાવી આવ્યા. સ્ટેશન ઉપર ગાડીએ બેસવા આવનાર માણસો ઘણા હતા. ગાડી આવી. તેમાં પણ ભીડ તો એટલી કે જગ્યા જ ન મળે. કાઠિયાવાડની બાપુની ગાડી અને થર્ડ કલાસના ડબા એટલે વાત જ ન પૂછો!

જ્યાં જુઓ ત્યાં માણસો બોકડાની માફક પુરાએલા. જગાભાઇએ માટલી માથે ઉપાડીને બેસવા માટે દોડવા માંડયું. એમની ઇચ્છા હતી કે રસુલખાં બીજા ડબામાં બેસી જાય તો સારૂં. પણ રસુલખાં

કેડો મૂકે એવા નહિને ! આ ડબાથી બીજે ડબે આગળ જગાભાઇ ને પાછળ રસુલખાં જગ્યા માટે ફાંફાં મારતા હતા. એક ડબામાં જરાક મોકળાશ ભાળી. તેમાં જાન બેઠી હતી. વાણીયાની જાન અને રીઝવર્ડ કરેલો ડબો. એટલે એમણે દરેક સ્ટેશને દમદાટી કરીને માણસોને બેસવા દીધેલા નહિ, પરંતુ જગાભાઇ ને રસુલખાંએ મરણીયા મહેનત કરીને ડબામાં પગ મૂકયો. અંદર બેઠેલા પુરૂષો ધક્કા મારે ને જગાભાઇ માટલી સાચવે: 'એ રેવા દો, ભાઇ ! માટલી પડી જશે. શું કામ નકામા આમ કરો છો ? અમેય પૈસા ખરચીને બેઠા છીએ.'

'એ પૈસાવાળીના ! આ ડબો રીઝવર્ડ છે. તમને ના નહોતી કહી ! પણ જોરાયે પેઠા ! હવે બેસશો કયાં ?'

'અરે ભાઇ ! બેસવા નહિ દો તો ઉભા રહીશું. અમારે બહુ આઘે નથી જાવું. આ બે ચાર ટેશન જાય એટલે ઉતરી જવું છે. પછી છે કંઇ ?'

'ઉભા રીયો તારે ! લોકો સા......એક જ ડબામાં ધુસે. જયાં પેઠા ત્યાં એક સામટું ટોળું. કાયદો સમજે નહિ. રીઝવર્ડ છે કહીએ તો માને નહિ અને નકામી ગીરદી કરે. પાછળ તો બધા ડબા ખાલી છે.'

ગાડી તો સીસોટી મારીને કયારની ય ઉપડી હતી. જાજરૂ પાસે જગાભાઇ માથે માટલી રાખીને ઉભા હતા. રસુલખાં ગાડીના બારણાને અઢેલીને બગલમાં લાકડીનો ટેકો ભીડાવી ઉભા હતા. કયારેક એમને અફીણના નશામાં ઉભાં ઉભાં ઝોકું આવી જતું.

પૂરી પંદર મિનીટ થઇ નહિ ત્યાં વળી એક નાનું ફ્લેગ સ્ટેશન આવ્યું અને એ જ ડબો ઉઘડયો. હાથમાં લાકડીવાળા બે મુસાફરો જોરાયે ચઢયા. ડબામાં બેઠેલા માણસોએ આનાકાની ઘણી યે કરી પણ ગાડીમાં બેસવા રઘવાટા થયા હોય એવા મરણીયા બનેલા મુસાફરો ધુસી ગયા અને ગાડી ઉપડી. આગળના સ્ટેશને બે ચઢેલા

તે તો જાણે બારણાં આડા ઉભા હતા જ, અને વળી આ બે ચઢયા. ચારે ઉભા રહેવાથી બારણાં આડે જાણે દીવાલો ચણી. પ્રકાશ અને હવા રોકાઇ જવા લાગ્યાં. એટલે સીટ ઉપર એકાદ બે જગ્યા કરીને જાનમાંના એક માણસે કહ્યું: 'એ ભાઇ! તમે તમારા માથા ઉપરની માટલી ઉપરના પાટીયે રાખી અહીં બેસી જાઓ.'

'હા ભાઇ! પાડ તમારો. જાણે બેસવામાં તો વાંધો નથી. પણ માટલી તો ખોળામાં જ રાખીશ.' જગાભાઇએ પોતાની ઇચ્છા બતાવી.

'હવે માટલીમાં શું બળ્યું છે? છાનામાના ઉપર મૂકીને જગ્યા આપીએ છીએ તો બેસો ને!'

'ઓ માને એસા નહિ હે. ઉસકો તો કીસીકા વિશ્વાસ નહિ ને. તુમ ચાહે ઇતના કહો, નહિ માનેગા. મેં સાથમેં હું લેકીન મુજે ભી હાથ નહિ લગાને દેતા.' રસુલખાંએ વરાળ કાઢી.

'ના ભાઇસાબ! એવી અણવિશ્વાસની વાત નથી, માટલી જરી અધુખોખરી છે. એટલે જો જરાક ઠોકરાય તો તે તુટી જાય. માટે તેને સાચવવી પડે. બીજું કાંઇ નથી. મીયાં તો અમસ્થા બોલે છે.' જગાભાઇએ ખુલાસો કર્યો.

'જૂઠ, બિલકુલ જૂઠ. તેરા જી જરા જેટલા હે. નહિ તો જરી દો ચાર ખારેકાં નીકાલ જોઇ! મેંને અફીણ લીયા હે તો થોડા ખારભંજણાં કર લું.'

'અરે રસુલખાં! તમે તો સમજતા જ નથી. છોકરીને આપવા જોખીને ભરેલી સવાપાંચ શેર ખારેકુમાંથી ઓછી કરાય? ત્યાં આપણે આપીએ અને જોખી જુવે તો ઓછી થાય ને.'

'તો એક પેંડા નિકાલ.'

'અરે ભાઇસાબ! કાંઇ કઢાયે નહિ ને અપાયે નહિ. છોકરીના નિમિતનું તમારાથી ખવાયે નહિ.'

'દેખા! મેં અવલસે કે'તા હું કે તેરા જી જરા સરીખા હે. તેરે પર દાઝ તો ઇતની આતી હે, જો મેરે હાથમેં માટલી પડે તો સબ ખા જાઉં.'

'એ ભાઇ! હવે જો તમે બે જણા મહેરબાની કરી અહીં બેસો તો બારીએથી જરા હવા આવે. માટલી ખોળામાં લઇને બેસવું હોય તો તેમ કરીને પણ જરા હેઠા થાઓ તો બફાઇ જતા રહીએ.'

જગાભાઇ ખોળામાં માટલી લઇને બેઠા, રસુલખાં તેમની બાજુમાં બેસી ગયા. બે બારીયો ખુલ્લી થવાથી હવા આવવા લાગી અને ગાડી તો ધક્, ધક્, ધક્, ધક્, કરતી આગળ વહી રહી હતી. જાનમાં બેઠેલી સ્ત્રીઓ ગુપચુપ વાતો કરતી. રસુલખાં ક્યારેક જગાભાઇની માટલીને અડકતા ત્યારે જગાભાઇ કહેતા: 'મીયાં! સરખા બેસી રહો ને, એમાં શું ઘાલી મૂક્યું છે કે અડપલાવેડા કરતા રહેતા નથી!' મીંયાં કહેતા: 'યું! અડકનેમેં ભી ખા જાતા હું ક્યું? અચ્છા અચ્છા, દેખા જાયગા!'

નવા ચઢેલા બે મુસાફરોમાં એક પહેલવાન જેવો પડછંદકાય પડાણ હતો. તેણે માથે તુર્કી ટોપી પહેરી હતી. જો એ ધારે તો જગ્યા કરીને જરૂર બેસી શકે. પણ જેટલું શરીર તેનું જોરદાર હતું તેટલું જ દિલ તેનું ઇમાનદાર અને દયાળુ હતું. તેની સાથેનો માણસ આંટીદાર પાઘડીવાળો. ગઢવી–દેવીપુત્ર હતો. બેઉ જણા સાથે જ હતા. ગાડીમાં બેસવાની ધમાલથી એમણે વાતો કરવી બંધ કરેલી. પરંતુ પહેલેથી ચાલતો તેમનો વાતનો વિષય યાદ કરીને પડાણે કહ્યું:

'ગઢવા ફીર ક્યા હુવા?'

'પઠાણ! હવે અત્યારે નહિ કહું. કારણ કે આ ડબામાં જાન બેઠી છે વાણીયાની, અને હું વાત પણ કહેતો હતો વાણીયાની. અમે રહ્યા કવિલોક. જ્યારે વાત કરીએ ત્યારે વેતરવામાં બાકી ન રાખીએ, અને તેથી કદાચ વાણીયાને ખોટું લાગે. એટલે આપણે ગાડીમાંથી ઉતરીશું પછી વાત હું પૂરી કરીશ.'

'ઐસા નહિ, ઉસ્મેં ક્યા ફિક્ર હૈ? બાત પૂરી કરો. કોઇ હરઝા નહિ.' પઠાણે વાત સાંભળવા ઇંતેજારી બતાવી.

'લ્યો ત્યારે જાણે કે એ ગામમાં ચોરીઓ થવા લાગી. બીજે ને ત્રીજે દિવસે કોઇના ઘરમાં ખાતર પડે તો કોઇનું તાળું તોડીને લઇ જાય. વળી ક્યાંક ઘરનાં માણસો સૂતાં હોય તો ચોર લોકો છૂપી રીતે માલ ઉઠાવી જાય. એટલે આખા ગામમાં ત્રાસ ત્રાસ! માણસો અરધાં જાગતાં રહે પણ બીજે કે ત્રીજે દિવસે જાણે કોઇકને ત્યાં ચોરી થઇ છે જ.'

ગઢવાનો બુલંદ અવાજ અને અદાથી વાત કહેવાની ખૂબી જોઇને આખા ડબામાં બધાં એક કાને સાંભળવા લાગ્યાં. જગાભાઇ અને રસુલખાં પણ આ ઉભા ઉભા વાત કરતા ગઢવા સામે તાકીને વાત સાંભળતા હતા.

'બીજા લત્તા કરતાં મોટા બસો ઘરનો વાણીયાનો મહોલ્લો. ત્યાં તો ચોરી વધુ જ થાય. વાણીયા સિવાયની બીજી વરણમાંથી બીજું મળે પણ શું? ધન જીરવે વાણીયો ને ભૂખ જીરવે ભામણ.'

'હાં, પીછે કયા હુવા?'

'એ વાણીયાના મહોલામાં પાનાચંદ શેઠ રહે. પાસે બે પૈસાની પુંજી અને સુખી પણ ખરા. એમને ફીકર પેઠી કે જરૂર મારા બેટા ચોર ખાતર પાડશે ને ચોરી કરી જશે. રાજનું તો ઠેકાણું નથી. નથી ચોકી કે પોલીસ, કે જે રાત્રે ચોકી ભરે. હવે કરવું શું? પણ પાનાચંદ શેઠ બડા પક્કા. એમણે એક કીમીયો કર્યો. મજેનો એક વીંછી પકડાવીને સીગારેટના ખાલી ડબામાં પૂર્યો અને મુદ્દાના કબાટમાં રાખીને કબાટને તાળું લગાડયા સિવાય ખાલી વાસી રાખ્યો. જોખમ તો એમણે ચોરીઓ થવા લાગી ત્યારનું કેટલુંક જમીનમાં દાટી રાખ્યું હતું અને કેટલુંક અનાજના કોથળામાં વચ્ચે ભરીને મોઢું શીવ્યું હતું.

'તોય પાનાચંદ પૂરા ઉંઘતા નહિ. ઉંદર દોડે કે બિલાડી ખખડાવે એટલે પાનાચંદ ખાટલામાં પડયા પડયા યે આંખો ગગરાવતા.

એમનાં વહુ પણ એ ઘરમાં જ સૂતાં. પાનાચંદે એમને પણ આગળથી કેટલુંક ભણાવી મૂકેલું કે મારી હા એ હા કરવી.

'એક રાત્રે લગભગ બાર વાગ્યા હશે અને બે ચોર આવ્યા. એક ઘરની બહાર ચોકીવાળીઓ રહ્યો અને એક ઘરમાં પેઠો. બારણાંનો અવાજ થોડોક સાંભળીને પાનાચંદ જાગી ગયા. તેમણે જોયું કે કોઇક મારો દીકરો પેઠો છે ખરો! અને પછી શેઠે 'ઉંહ' કરતાંને પડખું ફેરવ્યું. ચોર ખૂણામાં દબાયો. પાનાચંદ બબડવા લાગયા:

'સા...ઘરનાં કોઇ માને નહિ. કોઇક દી મરવાનાં થીયાં છે. અલી! સાંભળે છે કે?'

'હાં સાંભળું છું. શું કો' છો?'

'ઉંઘી ગઇ છે અત્યારે? બળ્યા વખતમાં ઉંઘ તને શેની આવે છે? વાત કહું, આજે મેં તને કહેલો તે સોનાનો હાર ઠેકાણે કર્યો કે કબાટમાં જ ડબામાં રેવા દીધો છે? તને કીધું'તું કે જોખમ બાર રાખવા જેવું નથી. એક હજારનો ઘા પાડશે જો બાર રાખ્યો હશે તો.'

'એ તો હું ભૂલી જ ગઇ! દાડે વિચાર કરેલો. પણ શરતચૂક થઇને પડ્યો રહ્યો. હવે તો કાલે વાત. અત્યારે સૂવા દ્યો.'

'અરે ઉઠ ઉઠ, સૂત્રાવાળી! બીજું ન કરે તો કબાટને તાળું વાસીને કુંચીઓ મને આપ.'

'હું તો અત્યારે કોઇ નથી ઉઠવાની. તમે જરા ઉઠીને તાળું વાસી દ્યો ને.'

'લે હું ઉઠું અને તને ઘોંટણ આવે છે! ઉઠે છે કે નથી ઉઠતી?'

'નથી ઉઠતી' શેઠાણીએ કહ્યું.

'ઇમ?' શેઠનો અવાજ આવ્યો.

'હા.' શેઠાણીએ પડખું ફેરવ્યું.

'ત્યારે ભલે લઇ જાય તારા સગા કાક! મારે શું? તારા પીયરનો છે. જાશે તો તારા બાપનું જાશે. હું તો આ સૂતો.'

'ફડડડડ ફડડડડ ફડડડડ નસકોરાં બોલવા લાગ્યાં અને પાનાચંદ એ પાંચ મીનીટમાં સુઇ ગયા. પડખે દબાયેલા ચોરે વિચાર કર્યો: 'વાહ ભાઇ વાહ! શકન તો ભારે થીયાં લાગે છે. એક હજારનો હાર અને ઉઘાડા કબાટમાં. ફાંફાં મારવા મટયાં. ખડી મારી ખોડીયાર! દાણા એણે દીધેલા કે જા આજ તારી ચોરીમાં ફતેહ! અને એમ જ બન્યું.'

અંધારામાં ખોળતો ચોર ઘરના ખૂણામાં પડેલા કબાટ પાસે ગયો. જોયું તો કાચનો કબાટ, તાળું પણ વાસ્યા વગરનું ટીંગાય. જરૂર એમાં ડબો અને તેની અંદર હાર હોવો જોઇએ.

અંદર બીજાં કપડાં પણ હતાં ખરાં. પરંતુ ચોરે તો કશાને હાથ ન લગાડ્યો. એ ચાર કપડાં નીચે છુપાવેલો સીગારેટનો પતરાનો ડબો એણે ઉપાડયો. એને હૈયે હરખનો પાર નહિ. દિલમાં થયું કે લાવ્યને તપાસી જોઉં કે હાર એ જ ડબામાં છે કે નહિ? કબાટમાં બીજો ડબો નથી એટલે આમાં જ હોવો જોઇએ. પણ તપાસવામાં જાય છે શું?

'એણે ડાબા હાથે ડબો ઝાલીને જમણે હાથે ઢાંકણું ઉઘાડયું. ઢાંકણું ડાબે હાથે પકડીને ધીરે રહીને હાર કાઢવા જમણો હાથ ડબામાં ઘાલ્યો.

એ દિવસનો ભૂખ્યો ડાંહ, લીલોછમ, મોટા ચકલા જેવો વીંછી પૂછડીનો આંકડો પેટ ઉપર ચઢાવીને તૈયાર જ હતો. ચોરની આંગળી ઉપર એણે જોરથી ડંખ માર્યો અને ચોરના મુખમાંયો રાડ નિકળી પડી: 'વોય બાપરે! ઉંહુંહુંહું!'

'દીકરા! બહુ બળે છે? લાવ્ય ફુંકું.' પાનાચંદ શેઠે ખાટલામાં પડયા પડયા દયા ખાધી.

અને ચોર વેદનાથી રાડ પાડતો ડબો ફેંકીને નાસી ગયો પાનાચંદ શેઠે કહ્યું : 'નવી! દીવો સળગાવ્ય. દીકરે ડબો નાંખી દીધો.'

'હવે છાનામાના ખાટલામાં પડયા રહો. હું દીવો લાવું છું. જો અંધારામાં ઉઠયા તો તમને પણ ફટકાવશે.'

'શું ગહવા ! ગપ્પાં મારો છો ! શું આ વાત સાચી હશે ?' જાનમાંનો એક વણિક બોલ્યો.

'અરે જાને દો, એસી બાતમેં માલ કા હૈ ? યે તો કવિલોકકી બાતાં. સચ્ચી જૂઠી ચલતી હૈ' રસુલખાં વચમાં જ બોલ્યા.

'રસુલખાં ! ખોટું તો કાંઇ હોતું નથી, હા, ભળતી બિના ઉપર કવિ થોડું મીઠું મરચું ભભરાવે. પણ જોયું ને, ચોરે વિશ્વાસ કર્યો કે અંદર ડબામાં હાર છે અને નીકળ્યો ત્યારે વીંછી ! માટે મીંયા ! બાંધી મૂઠી લાખની. કોઇનું ઉઘાડું કરવામાં માલ નથી.' જગા સુતારે રસુલખાંને સંબોધીને કહ્યું.

'હા, ભાઇ ! હા. સમજા તેરી માટલી ઉઘાડી ના કરની યે બાત હૈ ને ? કયા તુમને અંદર બીંછી ભરા હૈ ?'

'મીંયા ! વીંછીએ હોય ને સાપે હોય, જે હોય તે હોય. તમને કહ્યું કે હારડો છે, તોય તમારો ડોળો માટલીથી આઘો ખસતો નથી. મને પાણીની તરસ એટલી લાગી છે કે જાણે જીવ જશે. આગળના ટેશને તમે જો આ માટલી ખોળામાં સાચવો તો હું હેઠો ઉતરીને નળે જઇ પાણી પી આવું.'

'લો, કો ! બાત કરતા હૈ ! મટકી તો મેં જીવકી તરહ સાચવુંગા. ઇસમેં બડી બાત કા હૈ ? તુમ જેસે ખોલેમેં લેકર બેઠા હૈ વેસે મેં લેકે બેઠુંગા. એ કે દુસરા ?'

'હા, પણ મીંયા ! માટલી છોડશો નહિ, હો. જો કે પાણી પીને તરત પાછો આવીશ. પણ છોડશો તો પસ્તાશો.'

'પણ ઇસમેં પસ્તાનેકી બાત કા હૈ ? મગર છોડની નહિ એ બાત સઇ, પીર ?'

ગાડી ધીમી પડી, સ્ટેશન આવ્યું એટલે જગા સુતારે ઉઠીને મીંયાના ખોળામાં માટલી આપી, ગાડીનો દરવાજો ઉઘાડીને જોયું તો પાણીનો નળ ક્યાંય દૂર. પણ થાય શું ?

દરવાજા પાસે આવીને જગા સુતારે કહ્યું: 'મીંયા! માટલી સાચવજો, હું તો આ આવ્યો. છોડતા નહિ હો!'

'હા ભાઇ હા.'

જગા સુતારે પાણી પીવા દોટ મૂકી અને રસુલમીયાં બબડ્યા: 'સા...સુતારકી જાત! કીતના અંદેશા! છોડના નહિ. દો ચાર ખારેકાં ઔર થોડાસા ટોપરા લીયા, ઉસમેં ક્યા ઓછા થઇ જાતા? પણ ખુદા કરે ને ગાડી ચલે ઓર જગલા નીચે રે'જાય તો કેસી મઝા પડે? ખૂબ મોજસેં પેંડા, ટોપરાં, ખારેકાં ઉડાઉં, ભરૂંસા તો નહિ, આયા વગર રહેગા નહિ, પણ ખુદા હૈ, જો કરેગા સો ખરી.'

અને બન્યું પણ એમ. જગો સુતાર નળે પહોંચીને વાંકો વળી પાણી પીવા લાગ્યો ને ગાડી ઉપડી. પાછું વાળી જુએ ત્યાં તો ગાડી વેગમાં ચઢી ગયેલી. જગા સુતારને ફાળ પડી. એ દોડ્યો. વેગમાં જતી ગાડી પકડી શક્યો નહિ.

મીયાં તો પલાંઠી વાળીને દરવાજા સામે તાકી રહેલા, પણ જગા સુતાર પાસે થઇને ડબ્બો નીકળ્યો ને રસુલખાંની આંખેઆંખ મળી. જગા સુતારે બૂમ મારી:

'એ રસુલખાં! માટલી છોડશો નહિ. હો, નહિતર પસ્તાશો.'

'રે ગયા કે! સા......માટલી છોડશો નહિ. ક્યા? અબ ખરી મજા આયગી. મેં તો ખાઉંગા ઔર એ સબ બનીયા કુ બી ખિલાઉંગા.'

ગાડી સ્ટેશનની હદ બાર નીકળી અને આગળ દોડવા લાગી. રસુલખાંનો જીવ ઝાલ્યો રહ્યો નહિ. મીયાંએ લાકડી મૂકી હેઠી અને પાઘડી મુકી પડખામાં. પગની પલાંઠી વાળીને માટલી બરાબર ગોઠવીને દોરી માંડી છોડવા. 'સા... માટલી છોડશો નહિ! ફીર કબી મિલેગા તબ બાત કરેંગે કે ક્યા મઝા આઇ!'

મીંયા બબડતા જાય ને માટલીના ગળેથી દોરી છોડતા જાય. દોરી છોડીને પડખે મૂકી અને ઉપરથી જ્યાં કપડું કાઢ્યું એ સાથે જ ભયંકર ફુંફાડો મારતો કાળો નાગ માટલીમાં જ ખડો થઇ ગયો!

મીયાં તો બેઠા હતા ત્યાં જ પાટીયા ઉપર લાંબાલફ થઇ પડ્યા અને થેર થર થર શરીર કમ્પવા લાગ્યું. ડોળા તો ચઢી ગયેલા, શરીરે પસીનો વળી ગયો અને પહેરેલું કપડું પલળી ગયું.

પાટીયા ઉપર લાંબા થઇ પડેલા રસુલખાંના ખોળામાં માટલી પડી છે, માટલીના મોઢા ઉપર સવા હાથ ઉંચો થઇ કાળો સર્પ જીભના લબકારા કરતો અને ખીજાયેલો જોઇ રહ્યો છે. જાનના વાણીયાઓ એકબીજા ઉપર પડીને ગાભરા બની ગયા છે. શું કરવું ? આ કાળ સામે કોની તાકાત છે કે આંગળી ચીંધે ? કોની હિંમત છે કે સંકટ સમયની સાંકળ ખેંચવા હાથ લાંબો કરી શકે ?

મીયાં તો અરધા મરેલા જેવી હાલતમાં આંખો વીંચી યાદ કરે છેઃ ' હે પરવરદિગાર ! બચા લે, મેરે લિયે નહિ તો ચાંદીયાકી અમ્મા કે લિયે બચાવ. નખોદ જાયગા સાલા જગલાકા ! '

ખુદા તો દયાળુ છે. એણે રસુલખાંની બંદગી કાનોકાન સાંભળી. અને ડબામાંહેના અનેકમાંથી એકમાં ચૈતન્ય મૂક્યું.

પઠાણ—પાંચ વખતના નમાજી પાક પઠાણને થયું કે જરૂર આ નાગ કોઇના પ્રાણ લેશે. માટે મારી તાકાત ક્યારે કામ આવવાની છે

પઠાણે પાસે રાખવાનો મોટો રુવાલ હાથ ઉપર વીંટી લીધો. એ ઉભો હતો ત્યાં નીચે બેસી ગયો અને ધીરે ધીરે રસુલખાંવાળી સીટની પાછળની સીટ તરફ એ ખસવા લાગ્યો. બીજાં બધાં તો કાગળમાં ચીતરેલા ચીતરામણની માફક જીવને હાથમાં લઇ જોઇ જ રહ્યાં.

બરાબર રસુલખાં જ્યાં હતા તે મધ્ય દિશાએ જઇ પઠાણે પાછળથી ઝડપ કરી અને અચાનક ઉઠી રૂમાલ વીંટેલા હાથથી સર્પ ઉપર જોરથી સીધી થપાટ લગાવી. એક જ થપાટે સર્પને ફરી એ જ માટલીમાં પુરી દીધો કે જેમાં એ ' હુતાશણીનો હારડો ' અવલથી પુરાએલો હતો !

રૂમાલવાળો હાથ માટલી ઉપર રહેવા દઇ ડાબા હાથે માટલી ઉચકી લઇ ત્યાં જ બેસી જઇ ધીરે ધીરે રૂમાલને માટલી ઉપર કાયમ રાખી પોતાનો હાથ સેરવી લીધો અને રૂમાલ સરખો કરી ફરી એ જ દોરી માટલીને બાંધી પોતાના હાથમાં લઇ લીધી.

સ્ટેશન આવ્યું અને પઠાણે માટલી ઉપાડી, દરવાજો ઉઘાડ્યો, ગઢવો પણ સાથે જ ચાલ્યો. હજુ તો રસુલખાંએ આંખ ઉઘાડી યે નહોતી.

વાણીયાએ જોયું કે પઠાણે કમાલ કરી છે. એક માણસ બોલ્યો: 'પઠાણ! ખુદા તમને ઝાઝું આયુષ્ય આપે. તમે હતા તો ઘણાના જાન બચ્યા છે. તમારા જેવા નેક મુસ્લીમ બિરાદર પારકા દુઃખે કેવું સંકટ ઉઠાવે છે? ધન્ય છે ભાઇ! તમારી હિંમત અને તાકાતને! અમારા દશ વીશ હિન્દુ ભાઇઓ કાંઇ ન કરી શક્યા, જ્યારે તમે એકલાએ હદ કરી નાંખી.'

'ઇસમેં બાત ક્યા હૈ? મુસિબત કે બખ્તમેં હરેક ઇનસાન કિસિકો ભી મદદ કર સકતા હૈ. વો હિંદુ હો યા મુસ્લીમ. દોનું એકી હૈ, એક ખુદા કે બનાયે હુવે હૈ.'

'સલામ આલેકમ!'

'આલેકમ સલામ!'

*　　　*　　　*

રસુલખાંની હમણાં જગા સુતારના ગામમાં બદલી થઇ છે. જગા સુતાર જ્યારે મળે છે ત્યારે કહે છે: 'કેમ મીંયા સાહેબ!'

રસુલખાં બોલે છે: 'શું કહો છો, જગા સુતાર?'

જગો સુતાર કહે છે: 'હુતાશણીનો હારડો!'

રસુલખાં કહે છે: 'સા...કમબખ્ત! જાન નીકલ ગીયા હોતા! ખુદાને ખેર ગુજારી.'

卐

ગાંગજી ગાંઠાળ

ગામડાંના લોકોમાં નામ પાછળ પૂછડું વળગાડવાની ટેવ જૂની છે. સાંભળ્યું છે કે એક ગામમાં એક ગૃહસ્થે નાત કરેલી. ચૂરમું, ઉપર ઘી અને દળેલી સાકરનું જમણ હતું. ચૂરમું પીરસાયું, માણસોની તાણ કે પીરસવામાં બેદરકારીને કારણે ઘી પીરસવામાં ઢીલ થઇ. 'ઘી કેમ આવતું નથી?' જમનારાએ બૂમો પાડવા માંડી. કોઇએ કહ્યું કે: 'અરે એ તો લૂખા છે લૂખા. ઘી વગરનું જ ચૂરમું ત્રસીયાની માફક ફાકો!' બસ ત્યારથી એ ગૃહસ્થની પાછળ 'લૂખો' શબ્દ લાગૂ પડી ગયો. ત્યારપછી તો બીજાને ત્યાં જેટલું પાણી વર્યું હશે તેના કરતાં યે તેમને ત્યાં વધારે ઘી અનેક વરાઓમાં વપરાયું છે, છતાં તેમના કુટુંબની અટક 'લૂખા' પડી ગઇ.

વિસાપુરના શેઠ ગાંગજીભાઇ. તેમની ફોઇએ એમ સમજીને જ એ નામ પાડેલું કે બધા તેમને ગાંગજીભાઇ કહેશે. પરંતુ લોકો મોઢે તો નહિ પણ પાછળ એમને ગાંગજી ગાંઠાળના નામે જ ઓળખતા. કોઇ કાળચોઘડીએ શેરડીનું ગાડું આવેલું. તેમાંથી ગાંગજીભાઇએ શેરડીનો સાંઠો ખરીદતાં ખૂબખૂબ ઝગડો કરીને વચમાંથી ગાંઠો કપાવીને કાતળીઓ જ લીધેલી. ત્યારથી છોકરાઓ 'ગાંગજી કાકા ગાંઠો' કહીને ખીજવતા. જેમ જેમ ગાંગજીભાઇ વધુ ચીડાતા ગયા તેમ તેમ છોકરાંઓએ ગામના લોકોને પણ ગોખણપટ્ટી શીખવી' 'ગાંગજી ગાંઠાળ!' અને પછી તો એ વાતને વીસ વરસનાં વાણાં વિતી ગયાં.

અને નામ સાથે ગાંઠાળની છાપ કાયમ રહી ગઇ. ગાંઠાળનું દર્દ ગાંગજીભાઇને કોઠે પડી ગયેલું, એટલે કોઇ તેમને મોઢે કહી દે તો ય ઘણું ખોટું એમને લાગતું નહોતું. માત્ર કહેનાર સામે દીવેલ પીધા જેવું મુખડું કરીને ગાંગજીભાઇ સ્હેજ આંખ ત્રાંસી કરી લેતા.

ગાંગજીભાઇ પ્રથમ તો વેપાર કરતા—કરીયાણું, ગંધીયાણું અને સીધા સામાનનો. પણ એ જાતે હતા વાણીયા. ગુજરાતી ત્રીજી ચોપડીથી વધુ ભણ્યા નહોતા, પણ એક ગુણ એમનામાં હતો. તે ઘરાકને તોળીને આપે તેમાં નવટાંક ઓછું તો હોય જ. ઘરાક ભલેને ત્રાજવાની દાંડી સામે જોયા કરે. પણ ગાંઠાળ બેય ત્રાજવાં સરખા કરી બતાવે! ઘરે જઇને તોળે એટલે શેરમાં નવટાંક ઓછું! એમની આ બહાદુરીથી લાભ એ થયો કે ધીમે ધીમે ગરાગ દુકાને ચઢતા બંધ થયા અને એક દીવાળીના શુભ દિવસે ગાંગજી ગાંઠાળ ઉર્ફે ગાંગજીભાઇએ દુકાન વધાવી લીધી.

ગાંગજીભાઇને વિશ્વાસ વાયરાનો યે નહિ. છેતરાવું એ તો એમની રોજનિશીમાં લખ્યું જ નહોતું. પણ રોજ એકાદ માનવીને હરકોઇ પ્રકારે છેતરવો એ નક્કી કરી રાખેલું. કોઇ ન મળે તો ચૌટે શાક લેવા જાય ત્યારે વાઘરણ પાસેથી વીણીને શાક લેવા બેસે. ખભાના બેસના ખોળામાં બે પડ રાખે. અરધું શાક ઉપરના દેખાતા પડમાં નાંખે અને અરધું વચલા બેવનમાં ભરે. શાક વીણી લઇ ઉપરનું શાક તોળાવી લે અને બેવનમાં પડેલું શાક વગર તોળે બધું ઘર ભેગું કરે ત્યારે જ એમનો જીવડો હાશ કરીને હેઠો બેસે!

વિસાપુર ગામ આખું સારી રીતે એમને ઓળખે, અને ગામને પણ એ બરાબર ઓળખે. આમ કરતાં પીસતાલીશ દીવાળીઓ ગાંગજીભાઇએ વટાવી દીધેલી. પણ દુકાન વધાવી નાંખેલી એટલે ધંધો નહિ અને તેથી તે મુંઝાયેલા. કાંઇક ધંધો તો કરવો જોઇએ ને! નહિતર છોકરાં ભૂખે મરે! તેમાં એક સારા ચોઘડીએ ગામના દરબારી ભાયાતના કામદારની એમને નોકરી મળી ગઇ. ભાયાતને જુદાં જુદાં ગામોમાં થોડી થોડી જમીનો. તેનો વહીવટ કરવો અને માલ આવે તે જોખી તોળીને દરબારે ભરવો. પગારમાં તો બાર મહિનાના પંચાવન રૂપીયા અને બાર મણ અનાજ આટલું જ હતું. તો પણ વગર ધંધાના બેઠેલા ગાંગજીભાઇએ એ નોકરી સ્વીકારી લીધી.

ગરાસદારની ગણુતરી જુદી હતી અને ગાંગજીભાઇની ગણુતરી બીજી હતી. ખેડુ હાથમાં આવ્યા એટલે ગાંગજીભાઇને પગાર ઉપર જીવવાનું નહોતું. બીજો લાભ તો તેમને થવાનો હશે ત્યારે થશે, પણ એમનાં નામમાં થોડોક સુધારો થયો. ગાંગજી ગાડાળને બદલે ગરાસદાર અને બીજા થોડાક માણસો હવે તેમને ગાંગજીભાઇ કામદાર કહેવા લાગ્યા.

એ જ ગામમાં શીવો ઠક્કર રહે. તેના નામની પાછળ લોકોએ ચપટનું પૂછડું વળગાડેલું. નામ તો મજાનું શીવલાલ પણ 'શીવો ચપટ' કહીને લોકો બોલાવે. એની પાછળ પણ નાનકડો ઇતિહાસ છે. તેનો જેની સાથે સંબંધ બંધાય તેનું ચપટ કરી દે. વળી બીજી વાત એ કે જો કોઇને ત્યાં ગયો તો ગુંદરની માફક ચપટ થઇને ચોટી રહે. એવો ચોટે કે ધીમે ધીમે તેનું ખલાસ કરીને પછી જ ઉખડે. એથી લોકો તેને શીવો ચપટ કહેતા.

ગાંગજી ગાંઠાળને મેળ અને વેર બેય શીવલાલ સાથે સરખાં જ. છતાંય ટાઢી મીઠી વાત હોય તો ગાંગજી શીવલાલને ત્યાં જાય, અને લડવું હોય તો યે અઠવાડિયામાં પાંચ વખત શીવા ચપટ સાથે લડે. બજારમાં ઉભા રહીને ગાળાગાળી આવે ત્યારે સો માણસ એકઠા થઇ જાય. અને ઘડી વાર પછી જુઓ તો શીવલાલને ત્યાં ગાંગજી કામદાર બીડીઓ ફુંકતા હોય અને હાથતાલી લેતા હોય.

ગાંગજી ગાંઠાળની રમત અને કરામત શીવો ચપટ એવો જાણી ગયેલો કે ગામમાં બીજો કોઇ ન જાણે. અને જ્યારે જ્યારે એમની ચાલાકી શીવો ચપટ ઉઘાડી પાડે ત્યારે બેઉ લડી પડે. તેમ છતાં યે એક દિવસ પણ તેમને એકબીજા વગર ચાલે નહિ.

અષાડા પાકની તૈયારી અને ગાંગજીભાઇને એ જોવા તથા ખેડુતો પાસે ભાગબટાઇનું નક્કી કરવા જવાનું. દીવાળી આવવાને દશેક દિવસની વાર, અને એક દિવસ એમણે કહ્યુંઃ 'અલ્યા શીવા ! માળું મારે ગામડે જાવું પડશે. પાંચેક દિવસ ફરવાનું છે, પણ તારા વિના મજા નહિ આવે.'

'તો ગાંગજી કાકા ! મારે ગામડે ઘી ભેગું કરવા જવું છે. આ દીવાળી પછી માગશર મહિનામાં વીવાગાળો ઉઘડવાનો અને ઘીનો ભાવ ચઢવાનો. જો બે ચાર ડબ્બા ભેગું કરી રાખું તો મોંઘા ભાવે વેચાય અને પાંચ પંદર મળે. તમે કહો તો સાથે સાથે હાલીએ.'

'અલ્યા, ઇ ઠીક. ત્યારે પરમદિ બુધવારે થાજે તૈયાર.'

'હું કહેતાં હરિ વેગળા' એમ લોક કહે છે, છતાં પણ હરેકને 'હું' તો કહેવું જ પડે છે. એટલે કે ગાંગજી કાકા ને શીવો ચપટ તૈયાર થઇને ગામની ભાગોળે સવાપોર દિ' ચઢયે બહારગામ જવા નીકળ્યા ને હું પણ તૈયાર થઇને નીકળેલો. મને તેમનો ભેટો થઇ ગયો. મને જોયો ને ગાંગજી કાકા ઓચર્યા: 'એ મા'રાજ ! કેની ગમ તૈયારીયું ?'

'કાકા ! આ જરા ગામતરે જાવું છે. થોડીક લેણદેણ છે તે દીવાળી આવે ને પતે તો.'

'વાહ, ભાઇ ! વાહ. અલ્યા શીવા ! લે, મા'રાજનો સંગાથ થયો. હાલો ત્યારે, એકથી બે ભલા અને બેથી ત્રણ ભલા. વાતું કરવાની મજા પડશે. પણ જોજે અલ્યા, જુદા ન પડવું. એક ગામે જવું ત્યાં ઉતારો ભેગો. કેમ મા'રાજ ?' ગાંગજી કાકાએ શિખામણ આપી.

'ભલે, આપણે રાજી છીએ. ગાંગજી કાકા ! કામદારનો સંગાથ; એમાં અમનેય મજા પડે, જ્યાં જઇએ ત્યાં તમારા જ લોક. એટલે ખાવા, પીવા, ઉતરવાની ચિંતા નહિ.' મેં પણ સંગાથ કરવા ખુશી બતાવી.

અમારી ત્રિપુટી માર્ગે પડી અને તુરત જ પાછળ પ્રજાપતનો હાથી ભૂંકયો. ગાંગજી કાકા ખમચાયા. મેં પૂછ્યું : 'કેમ ગાંગજી કાકા !'

'જુઓ મા'રાજ ! ગામતરે જઇએ ત્યારે શુકન જોવાં. જો શુકન શબદા તો સુખી થઇએ. એટલે જુઓ, પાછળ ગધેડું ભૂંકયું. એ શુકન કેવાં ?'

'શુકન તો સારાં કે'વાય. પીઠ થાબડી પીઠ.' મેં કહ્યું.

'શેની પીઠ ! ડાબો ગર્ધભ છે, અને તે ગાંગજી કાકાથી બરાબર શુદ્ધ ડાબો. બધો ભાર એમના માથે જ.' શીવા ચપટે કહ્યું.

'લે, માળો વેવલો ! અલ્યા મા'રાજ ! આપણે ત્રણે સરખા. કાં એકલો મારા માથે ભાર હોય ?'

'ભાર તમારા માથે જ. ગામતરૂં તમે ઉભું કર્યું. તમે બધા મોટા ને કામદાર. એટલે તમને શુકન પૂણશે.' શીવાએ ફરીથી ઉચ્ચાર્

'અલ્યા મા'રાજ ! આ ચપટને સમજાવ, નહિતર મારે કાં કે'વું પડશે હો. એ બટકબોલાને સાથે લીધો છે તે વીવાનું બાર કરાવશે.' ગાંગજી કાકા બોલ્યા.

'અરે શીવાભાઇ ! ચાલોને, નકામો તડકો થશે. ઇશ્વરે મા હશે તે થશે. શુકન અને ભુકન.' મેં વાતની માંડવાળ કરી.

અમે ત્રણે જણાએ મૂંગે મોઢે માંડયું હાલવા. એકાદ ગ ગયા ને ગાંગજી કાકા ઢીલા પડયા. એક તો પેટ ઉપર મેદ હળવું હલાય, અને વળી ગામડામાં જવા નીકળેલા, એટલે કામદ વટ પાડવા એમણે બાવીશ હાથ લાંબી પાઘડી વળ ચઢા આંટીયાળી બાંધેલી. કેડે પછેડી ને ખંભે ખેસ. બગલમાં છત્રી ર લાકડી બેય રાખેલાં. એ ઠઠારાનો બોજો, શરીર ભારે, સૂર્યનારા તપવાની તૈયારી. શીવો ચપટ તો ઝપાટા મારતો હાલે ને ગાં કાકા રહે પાછળ. એક ખેતરવા પાછળ રહી ગયા ને એમણે સાદ દીધે

'એ મા'રાજ ! ઉભા રહો. ઇ ચપટીઆને લૂંટાઇ જતું હે તો જવા ધો. આવો, આ છાંયે થાક ખાઇએ.'

અને હું તથા શીવો બેય જણ ઉભા રહ્યા. લીંબડાનો મજ છાંયો. તે ત્રણ જણ નીચે જઇને બેઠા અને ગાંગજી કાક ગજવામાંથી સૂડી ને સોપારી કાઢી, માંડી કાતરવા. સોપાર તળીયાનો ભાગ કાતર્યો. આગળ પાછળનાં છીલટાં કાતર્યાં. અને શીવાને એ આપ્યાં અને વચલો ગોળો કાતરીને એમણે બે મોઢામાં ભરવા માંડયો. એથી શીવા ચપટની લૂલી સખણી રહી. એ બોલ્યો :

'મા'રાજ ! ગાંગજી કામદારને ગામના માણસ ગાંઠાળ કહે એ તમે સાંભળ્યું છે ને ? જોયું ને, સોપારીનો ગોળો–દૂધીયો ગે

એમના માટે રાખી, ઉપરનાં અને તળીયાનાં છીલટાં આપણને આપ્યાં! કહો કેવા પેટભરા?' ચપટે આદરી.

'મૂંગો મર, મૂંગો! તાલેવરના દીકરા! કાઢને ગજવામાં સોપારી હોય તો? મફત ખાવી ને લાડકો થા મા! મને ભલે લોક ગાંઠાળ કે', પણ દીકરા! તું તો ચપટ–ગુંદર જેવો ચોટયો ઉખડે જ નહિ, તે કેવું?'

'અરે શીવાભાઇ! આપણે હજુ ચાર દિ' ભેગી મુસાફરી કરવી છે. હજુ તો પાશેરામાં પેલી પૂણી છે, ને તમે આમ બેય જણા એક બીજાના સાપ–ઘો ના લબકારા કરશો તો મારગ પૂરો કયાં થશે?' મેં કજીયો પતાવવા માંડયો.

'એ મા'રાજ! ઇ તો ઇમ જ હાલે. લે ચપટ! કાઢ, બીડી કાઢ. તારી લીલા દોરાની બીડી મજાની આવે છે. મારી પાસે આ રહી, પણ આ બરાબર ઠાક નથી આવતી.'

અને વળી કજીઓ મૂકી શીવા ચપટે બીડી કાઢી. બન્ને ફૂંકવા લાગ્યા. આ તો બેય જણા 'વાઘરીઓ વેશ, દિએ વઢે ને રાતે એક!'

ગામ તો હજી બે ગાઉ છેટું હતું. એક ગાઉ ચાલ્યા ને ગાંગજી કાકા થાકયા હતા. આ સંગાથ મને જરા વસમો પડે તેવો લાગ્યો. પણ ગામતરે જાતાં ભેગા થયા, એક ગામમાં રહેવું અને જુદા પડાય નહિ. વળી બેય જણ મેલડીના ચેપ જેવા. જો જુદો પડું તો આખી જીંદગાની મારે માથે કરવામાં બાકી ન રાખે. એટલે સંગાથ પૂરો કર્યે છુટકો.

અમારા ગામના સિપાઇઓ એમની ભાષામાં એક કહેવત કહે છે. 'ખાતલ પીતલ કો ખુદા દેતલ.' એમ હજી તો અમે લીંબડાના છાંયે બેઠા છીએ ત્યાં બે બળદનું ગાડું અમારા ગામ તરફથી આવતું જણાયું અને ગાંગજી કાકાની દાઢ ડળકી.

'અલ્યા શીવા! હાલવું નહિ પડે. ગાડું આવે છે, એટલે હવે બેસવા થશે.'

'ઉંહું! બેસવાનું થાય તો ત્રણે જણ. તમે એકલા બેસો અને અમે હાલીએ એ નહિ બને, સમજ્યા, ગાંગજી કાકા! આગળથી

તમને કહી દઉં, નહિ તો આ મારગમાં તમારી રેવડી દાણાદાણ સમજજો.' શીવાએ દમ ભીડાવ્યો.

ગાડું નજીક આવ્યું, પણ ખાલી નહોતું. તેમાં બસો પૂળા કડબ ભરેલી. એ સામે ગામ નાંખવા જાય. પણ ગાડાવાળો નજીક આવ્યો અને અમે ત્રણ જણ ઉભા થયા. ગામનો ઓળખીતો ખેડુ એટલે એણે ઉભું રાખ્યું.

એણે ગાંગજી કાકાને ભાળ્યા ને પૂછયું: 'કાં ગાંગજી કાકા! કેણી ગમ?'

'આ જોને ભાઇ, સામે ગામ જવું છે. પણ હું તો થાકયો. આ માળું ગાડું ભાળીને પગ ભાગ્યા. હવે તો ગામ ભેગા કર, ભાઇ! ત્રણે જણાને બેસારવા પડશે. નહિતર આ ચપટીઓ મારૂં નાક ઘસાવે એવો છે.'

'ભલે, બેસી જાઓ, જો કે ભરતીયું છે, પણ તમને કાંઇ ના કહેવાય? સાચવીને બેસજો. ભાર ભરેલો છે, તેની ઉપર બેસો.'

એક તો ગાડું ઉંચું, ઉપર ભાર ભરેલો. એટલે ચપટ તો ઝપટ મારી વાંદરો લીંબડે ચઢે એમ ચઢી ગયો. પણ ગાંગજી કાકા શરીરે ભારે, પેટનો થેલો જ્યાં જાય ત્યાં અડે અને નોધારા ચઢવું યે ફાવે નહિ. પણ તેમને ચઢાવ્યા વગર છુટકો નહોતો. ચપટે ઉપરથી ગાંગજી કાકાના હાથ ઝાલ્યા અને મેં નીચેથી ટેકો કરી ઉંચા કર્યા. એ માંડ માંડ ગાડા ઉપર ચઢયા અને જુવારના પુળા પોળા કરી, હાશ કરીને બેઠા. હું પણ ચઢી ગયો અને ગાડું માંડયું હાલવા.

ગાડા ઉપર ચઢવાનો ગાંગજી કાકાને એટલો પરિશ્રમ પડયો કે પરસેવે રેબઝેબ થઇ ગયા. એટલે એમણે માથેથી પાઘડી ખોળામાં મુકી. સામે શીવો ચપટ અને પાછળ હું બેઠેલો. વચમાં ધાંચ આવે અને ગાડું ઉછળે. ભેગા ગાંગજી કાકા દરિયામાં પાણીના હીલોળે નાવડું જેમ રોલીંગ કરે તેમ કરતા, શરીર માંડ ઠાયે રાખતા હતા, ત્યાં તેમનો જીવ જરા ધરબ્યો ને બીડીની તલપ થઇ. તેમણે શીવાભાઇને સંભાર્યા.

‘ શીવલાલ ! કાઢો રાજા, બીડી ! ’

‘ હમણાંજ પીધી'તી ને ?’

‘ અલ્યા, ધૂમાડાના તે ધરા હોય ? કાઢને. ’

‘ લ્યો ત્યારે. ’

‘ એ ગાંગજી કાકા ! જરા સાચવીને પીજો. ભરતીયું સૂફી કડઅનું છે, માબાપ ! તીખારો બીખારો પડે નહિ. નીકર બીખ માંગીશ.’ ખેડુએ ગાડું ચલાવતાં નીચેથી સૂચના કરી.

‘ જાજા, માળા ઉંટ ! શું અમે મૂરખા છીએ ? એટલી યે ખબર નહિ હોય ? લાવ, એલા, સળગાવ. ’ ગાંગજી કામદાર બોલ્યા. શીવાભાઇએ એક બીડી ગાંગજી કાકાને આપી અને એક એમણે મોઢે મૂકીને દીવાસળી સળગાવી. પહેલાં શીવા ચપટે બીડી ચેતવી અને એ જ સળગતી દીવાસળી ગાંગજી કાકાના મોઢે ધરી. પેટ મોટું એટલે કેડેથી ગાંગજી કાકા વળી શકે તેમ નહોતા. પણ અષાડો મોર જેમ ટહુકો કરવા ડોક લાંબી કરે તેમ ડાબા હાથે બીડી પકડી ને ડોક લાંબી કરી, ધીરેથી દીવાસળીમાં સળગાવવા લાગ્યા.

તે જ વખતે ભાવીના પેટમાં શું ભર્યું છે તે નહિ જાણતાં ગાંગજી કાકાએ ખોળામાં લીધેલી નવી ને વળદાર પાઘડીમાં દીવાસળીનો બળી ચૂકેલો આગળનો ભાગ દીવાસળીથી જુદો પડીને મોજુદ અગ્નિ સાથે આભમાંથી જેમ તારો ખરે તેમ ખરીને પડ્યો. તેની નથી તો ખબર શ્રીમાન ગાંગજીભાઇ કામદારને કે નથી ખબર શીવા ચપટને. તેઓ દિલ્હીના સિંહાસન ઉપર બેઠેલા અકબર બાદશાહની લહેરથી ડાબા હાથે બીડી પીએ છે અને બીડીના સળગતા ઓગરા કડબમાં ન પડે એટલા માટે જમણો હાથ બીડી નીચે રાખે છે.

સમય તો બે મીનીટનો થયો હશે. તેટલી વારમાં ખોળામાં મૂકેલી પાઘડીમાં પડેલો દીવાસળીનો તીખારો પેલી સબમરીન દરિયામાં જેમ ડુબકી મારીને પાણી કાપે છે તેમ ગાંગજી

કાકાની પાઘડીના વળ ભેદતો ભેદતો કાકાના સુંવાળા ખોળા તરફ જઈ રહ્યો હતો.

નાક તો બધાનાં સરખાં પણ જેમ કેટલાકની આંખો ગીધના જેવી તીવ્ર હોય છે, તેમ કેટલાંકનાં નાક શ્વાન જેવાં ગંધ પારખનારાં હોય છે. દીવાનું નાક પણ શ્વાનનાસિકા જેવું ગંધ પારખનારૂં. તે આડું અવળું જોવા લાગ્યો. એટલે બીડીનો ઘુંટ ભરતાં ગાંગજી કામદારે પૂછ્યું :

'શું જુવે છે, અલ્યા ?'

'જોતો નથી પણ સૂંઘું છું.'

'શું સૂંઘે છે ? ભસી મરને.'

'લૂગડું સળગે છં તેની ગંધ સૂંઘું છું.'

'જા જા, દુષ્ટ ! ગંધ તને એકલાને જ આવે ? મનેય આવે કે નહિ ! તું તો અમસ્થો ભડકાવે છે !'

'તમને શું તમારૂં કાળજું આવે ? તમારા નાકમાં તો શરૂઆતની અણીથી માંડીને તાળવા સુધી સોનીએ શોધેલી ચાંદીના ઢાળવા જેવો બલગમ ભર્યો હશે, તે ગંધ કયાંથી કપાળ સુધી પહોંચે ?'

'અલ્યા ચપટ ! બહુ બોલ મા હો ! હું ગમે તેમ તોય કામદાર છું હો ! વારે ઘડીએ 'અણુસટ' કરે છે ? કો' મારાજ ! તમને સળગતા લૂગડાની ગંધ આવે છે ?'

'હા. આવે તો છે' મેં સાક્ષી પુરી; મને સહેજ હસવું આવ્યું. અંગ્રેજીમાં અપમાનને 'ઇનસલ્ટ' કહે છે. તેનું ગુજરાતીમાં ઉંઠા સુધી ભણેલા ગાંગજી કાકાએ 'અણુસટ' કરી દીધેલું. જો કે હસવું મેં ખાળી રાખ્યું.

ગાંગજી કાકા ડોળા વિકાસી આડું અવળું જોવા લાગ્યા. કારણ કે એમણે નાકની ગંધ તો છેલ્લાં દશ વરસથી સમળગી ગુમાવી દીધી હતી.

'એ ગાંગજી કાકા !' શીરે ઓચિંતી રાડ પાડી.

'હં! શું છે?'

'તમારી પાઘડી સળગે!'

'મારી પાઘડી! હાય હાય! હવે હું શું કરૂં?'

'ગાંગજી કાકા! ફૂંક મારો, ફૂંક. એટલે ઓલાઇ જાય.' શીવાએ પાઘડી ઓલવવાનો ઉપાય બતાવ્યો.

અને ગાંગજી કામદારે ધુમાડા નીકળતી પાઘડીને હાથમાં લઇને બોખા મોઢે જોરથી ફુંક મારી પરંતુ એથી તો ધુંધવાઇ રહેલો અગ્નિનો, દ્રાવિડી બ્રાહ્મણના મંત્રથી જેમ આપોઆપ અગ્નિ પ્રજ્વલિત થાય છે, તેમ મોટો ભડકો થયો અને ગાંગજી કાકા ખોળામાં સળગતી પાઘડીને લઇને પડયા! વચમાંથી હું ખસી ગયો એટલે બજાણીયો જેમ ગુલાંટ ખાય તેમ પેટના બોજાને લઇને સળગતી પાઘડી સાથે ગાડા હાંકતા ખેડુ ઉપર ઘોડો પલાણે તેમ ગાંગજી કાકા જઇ પડયા. ખાસો બંગાલી અઢી મણનો બોજો અચાનક ખાંધ ઉપર પડે અને એને જીરવી શકે એવું જીગર કોનું હોય?

એટલે ગાંગજી કાકાને લઇને ખેડુ જમીનપર બાજુએ ગબડયો. નીચે સળગતી પાઘડી, તેની ઉપર ગાંગજી કાકા, અને વળી તેમની ઉપર ગાડાખેડુ!

આવો અચાનક ઉલ્કાપાત થવાથી બળદ ભડકયા અને દોડવા લાગ્યા. એટલે કડબના ભાર ઉપરથી શીવો ચપટ અને હું અમારાં શરીરને બચાવવા છતાં નીચે જમીન પર પટકાયા.

અમને બેયને નસીબ પ્રમાણે થોડાં થોડાં ઢીચણ છોલાયાં અને પછાટ પણ વાગી. પણ ગાંગજી કાકા જમીન પર ચત્તા પડયા પડયા, તેમની ઉપર ઉંધા પડેલા ખેડુના બરડામાં મુઠી વાળી ઝુડતા જતા અને લવતા:

'લે રાં...ડના પાપી! તેં જ ફુંક મરાવી, પાઘડી સળગાવી! સા...લુચ્ચો! અને કે છે ફૂંક મારો. અક્કરમી નહિ તો....'

ખેડુને કળ વળી અને એ બેઠો થતો બોલ્યો: 'એ ગાંગજી ગાંઠાળ! તું શેનો લવે છે અને મને મુક્કા મારે છે? ચપટ તો એ

બેઠો છે.' એમ કહીને બેઉ મૂઠીયો વાળી, ભડકેલા બળદ ગાડું લઈને ભાગતા હતા તેની પાછળ દોડયો.

મારાથી ન રહેવાયું. મેં ઉઠીને ગાંગજી કાકા પાસે જઈ, બાવડું ઝાલીને બેઠા કર્યા અને પૂછયું: 'કેમ ગાંગજી કાકા! કેવુંક વાગ્યું?'

'વાગી વાગી હવે! તમને મશ્કરી સૂઝે છે ને મારી તો કેડો તુટી ગઈ! એ દુષ્ટ કયાં મૂવો? એનાં જ કામ છે!'

અને ચપટ નજીક આવી બોલ્યો: 'ગાંગજી કાકા! મારો વાંક શેનો? એ તો સળગતાને ફૂંક મારીએ તો ઓલવાઈ જાય. એમ ધારીને તમને ફુંકવાનું મેં કહેલું.'

'ઓલવાય તારા બાપનું કપાળ. દુષ્ટ! ફૂંક મારવાથી તો ભડકો થાય, અને એ તેં કરાવ્યો.'

'પણ તમે એવું સમજતા હતા તો ફૂંક શું કરવા મારી?'

'અલ્યા મા'રાજ! શું આ કાળા મોઢાવાળો ચપટો બોલતો હશે? ગભરાયેલાને તે ગમ હોય? એ તો બીજાની સલાહ લઈને જ હાલે. મારી પાઘડી સળગે ત્યારે હું ગભરાઈ જાઉં અને સલાહ લઉં તે વખતે એણે કેવું જોઈએ કે હાથથી ચોળી નાંખો એટલે સળગતું કપડું ઓલવાઈ જાય. પણ આ તો કે છે ફૂંક મારો!'

'હશે, ગાંગજી કાકા! હવે શાંત થાઓ. થવા કાળ થઈ ગયું. શુકનના જોગ. ગયેડું ભૂંકયું'તું ને એમ સમજો કે શૂળીનો ઘા સોયથી સર્યો. તમારી પાઘડીનું શું થયું? લાવો જોઈએ.' મેં કહ્યું.

ગાંગજી કાકાના બરડા નીચે પડેલી પાઘડી દબાણમાં આવવાથી ઓલવાઈ તો ગઈ હતી, પણ તેના વળે વળે અગ્નિપ્રવેશ થવાથી, કારીગરીના નમૂનારૂપ પાઘડીમાં સેંકડો છિદ્રો ગોળાકાર કાળાશ લેતાં થઈ ગયાં હતા, અને એક એવું મોટું છિદ્ર ગાંગજી કાકાના બરડા ઉપર લાંબી ચાળના અંગરખામાં પણ પડયું હતું.

ધૂળ ખંખેરીને ગાંગજી કાકા ઉભા થયા એટલે મેં એમની પાઘડીને તેનાં બાંકોરાં દબાય એમ સંકેલવા માંડી અને એમણે

ચઢેલ તોબરા જેવા મ્હોંએ જેમ તેમ પાઘડી માથે વીંટી લીધી અને બગલમાં છત્રી ને લાકડી લઇ ચાલવા માંડયું. તેમની પાછળ હું હતો અને મારી પાછળ ચપટ.

મૂંગા મોઢે ગાંગજી કાકા હાલ્યા જતા હતા. કોણ જાણે કેમ પણ ગાડા ઉપરથી ગબડયા પછી એમના ટાંટીયામાં નવું જોર આવ્યું હોય, તેમ દોઢ ગાઉ ગયા ત્યાં સુધી ખમચાયા વગર હાંકે રાખ્યું. અરધો ગાઉ ગામ દૂર રહ્યું ને એમને ફરીને બીડીની તલપ જાગી. ચપટ ઉપર તો એમને જોખી તોળીને રીસ ચઢી હતી, પરંતુ ચપટીયાના ખીસામાંની લીલા દોરાની બીડી મીઠી લાગતી હતી એટલે એમણે મને કહ્યું : 'મા'રાજ! પેલા પાસેથી બીડી લાવોને.'

'શીવાભાઇ! કાકા બીડી માગે છે.'

'તે પીવી હશે તો માગશે મારી પાસે. તારે શું છે? તું તો બામણ છે.'

'ઓત્તારીની. લે, લાવ હવે બીડી. તારા જેવું કોણ થાય? દાઝ તો એટલી ચઢે છે ને?' કાકાએ ચપટ સાથે બોલવાની શરૂઆત કરી.

બીડી પીતાં પીતાં થોડી વારે ગામ નજીક જઇ પહોંચ્યા. સૂર્ય-નારાયણ પણ મધ્યાકાશે ચઢી ગયા. બાર વાગી ગયા હશે. ગામના ઝાંપામાં જ દરબારી ઉતારો અને ત્યાં રેવન્યુ ઓપીસનો મુકામ. અવારનવાર લોકોની ભાગબટાઇ માટે કાકાને ઉતારે જવું પડે, એટલે ઓપીસર સાથે પણ કાકાને ઓળખાણ ખરી. એટલે અમે ત્રણ જણા ત્યાં જ ગયા.

ઓપીસનું રસોડું તો ઉકલી ગયું હતું પણ હજી તેમના મહારાજ અને ચાકર જમવાના બાકી હતા. ત્રણ જણા નવા મહેમાનને જોયા. ઓપીસર પણ ખરા ખાનદાન. એમણે હાકલ કરી : 'અલ્યા, કોણ છે? મહારાજને અંદર કહે કે ગાંગાજી કામદાર આવ્યા છે, અને બીજા ભાઇઓ પણ જમનાર છે. એટલે પાણી પાટલા કરજો.'

હાશ કરીને હેઠા બેઠેલા ગાંગાજીભાઇ સામે જોઇને ઓફીસરે કહ્યું : ' કામદાર આ બે ભાઇઓને લઇને જમી લ્યો. જો કે રસોડું ઉકલી ગયું છે એટલે તમને મઝા તો નહીં પડે. પણ શું થાય ? તમે જરીક મોડા થયા. '

' કાંઇ નહીં, સાહેબ ! જે હશે તે ચાલશે. હાલો મહારાજ ! ચપટ ! હાલ, પેટને પોષણ આપી દઇએ. '

રસોડા આગળની પરસાળમાં ત્રણ પાટલા નાંખેલા હતા અને રસોડામાં રસોયાએ ત્રણ થાળ પીરસીને તૈયાર રાખેલા. ઓફીસરના જમતાં રોટલી પાંચ છ બાકી રહેલી તે રસોયા માટે, અને બાકીના નોકરચાકર માટે જુવારના રોટલા બનાવેલા. પણ બિચારા ભલા રસોયાએ ત્રણેના ભાણામાં એકેક જુવારનો રોટલો અને બેબે ઘીથી ચોપડેલી રોટલી મૂકીને તૈયાર કરેલાં, તે ચકોર આંખના ગાંગજી કાકાએ જોઇ લીધું અને રસોયાને સંબોધી કહ્યું :

' મા'રાજ ! તમે સમજ્યા ને ? મારે દાંત નથી, તે બધી રોટલી મારા ભાણામાં મૂકજો અને આ બન્ને તો હજુ બત્રીસે દાંતવાળા છે. તેમને રોટલા મુકશો તોય ચાલશે. ' એ સૂચના મળતાં રસોયાએ બધી રોટલી ગાંઠાળના ભાણામાં મૂકી, રોટલા અમારા ભાણામાં, અને થાળીઓ અમારી સામે આવી. ચપટથી એ ખમાયું નહિ. એ બબડયો: ' પેટભરો ગાંઠાળ ! '

' મૂગો મર મૂગો ! '

' જોયું જશે. '

ત્રણે જણા જમવા લાગ્યા. આપણે તો ઇશ્વરેચ્છાએ જે અન્ન મળ્યું તે અમૃત કરી માનનારા. પણ ચપટને ગળે જુવારનો રોટલો ઉતરતો નહોતો. એ બેચાર બટકાં ભરે ને ઉપરથી પાણી પીએ અને છાતીયે હાથ દઇને ડચક, ડચક, ડચક, ગળું બોલાવે.

મેં પૂછ્યું : ' શીવાભાઇ ! કેમ એમ કરો છો ? '

' મા'રાજ ! મને નાનપણમાં હડકાયું કુતરૂં આભડેલું. તે વખતથી મારાથી વાયડી ચીજ ખવાતી નથી, અને જો ખાઉં તો વાયુ

ઉખળે. વાયુ જો વધુ ઉખળે તો કૂતરાની માફક હડક્વાનો પડધા ચઇ આવે છે. ક્યારેક ચાર છ મહિને એવું થાય છે. આ જુવારનો રોટલો વાયડો ખરોને! તે પેટમાં જતાં વેંત વાયુ થઇ આવ્યું.' શીવા ચપટે ખુલાસો કર્યો.

" અરરર! એવું હતું તો ભાઇસાબ! ખાવું નહોતું.' મેં કહ્યું.

" પણ ભૂખ ભૂંડી છે, મા'રાજ! શું કરીએ? થયું તે ખરૂં.'

અમારી બન્નેની વાત ત્રાંસી આંખે ગાંગજી કાકા સાંભળતા હતા. ત્રણે જણા ઉદરપૂર્તિ કરીને ડેલીમાં આવ્યા. ઓફીસર તો એમના રૂમમાં ચાલ્યા ગયેલા. અમારા ત્રણે જણાને માટે ખાટલા ઢાળેલા. તેમાં એક પાટીવાળો ખાટલો, તેની ઉપર ગાદલું અને ઓછાડ, બાકીના બે ખાટલા મુંજની સીંદરીથી ભરેલા અને ગામનાં ગોદડાં માગી લાવી નાંખેલાં.

કામદાર જેવા જમીને ઉઠયા કે ડેલીમાં જઇને તેમણે ગાદલા અને ઓછાડવાળો ઢાલીયો કબજે કર્યો. એમને કોઇનો વિશ્વાસ નહિ એટલે કપડાં પહેરીને જ સૂતા. તેમની પાસેના ખાટલામાં શીવો ચપટ અને ત્રીજા ખાટલામાં હું. બપોરના ઢાળા કલાક દોઢ કલાક સૂઇને ગામમાં દરેકને જુદા જુદા કામે જવાનું હતું.

અમારા ખાટલા બન્નેના એવા હતા કે છોકરાંને જાણે ઘોડીયાંમાં સુવાર્યાં! આપણા રામ તો ટુંટીયા વાળીને પડી રહ્યા. પણ શીવો ચપટ કામદારનો ઢાલીઓ જોઇને જલ્યા કરતો હતો. ગાંગજી કામદાર તો ખાસા ઓખા મોઢે સોપારી મમળાવતા આંખો ગરક ગરક ગગરાવતા હતા. તેમાં શીવા ચપટે પડખું ફેરવ્યું અને એને દરદ ઉપડયું.

' ઉંહ, ઉંહ, ઉંહ, ઉંહ, આંઉ–આંઉ–આંઉ–ઉ–ઉ–ઉ–ઉ. '

અને ગાંગજી કામદારે મોઢું ફેરવીને ચપટ સામે પીઠ કરી, દીવાસળીના દાગે તેમનું અંગરખું પીઠ તરફ વચમાંથી ફાટીને ગોળ કાણું પડેલું તે દેખાતું હતું.

ચપટનું દરદ વધ્યે જતું હતું.

'આંઉ, આંઉ, ઉંહ. આંઉ.' અને એકદમ વેળ આવી. તેણે ખાટલામાંથી ભાંખોડભડીયાં થઇને ગાંગજી ગાંડાળના બરડામાં જ્યાં કેડીયામાં ફાંકું હતું ત્યાં બચકું ભર્યું.

બીજું બચકું ભરતાં પહેલાં તો ગાંગજીભાઇ રાડ પાડીને છળ્યા તે ખાટલો અને પાઘડી પડયા મૂકીને મૂઠીયો વાળી નાઠા. એ રાડયો પાડતા હતા.

'વોય બાપરે...ચપટીઆને હડકવા હાલ્યો ને મને બરડામાં આભડયો છે! મનેય હડકવા હાલશે! શું થશે બાપરે!' એ તો જે માર્ગેથી આવેલા તે માર્ગે ઉઘાડે માથે બરડો પંપાળતા નાઠા જાય. ચપટ ડેલાની બાર નીકળીને કૂતરાં લારી કરે તેમ મોટા સાદે બે ચાર વખત આંઉ, આંઉ, આંઉ, બરાડયો. પાછળ ફરીને ગાંડાળે જોયું અને મૂઠીયું વાળીને ભાગ્યો.

ચપટ પાછો આવીને ગાંગજીકાકાના ઢોલીયામાં સૂતો. તેણે મને કહ્યું: 'મા'રાજ! આવો, ઢોલીઓ મોટો છે, ભેગા સૂઇએ. મને હડકવા નથી તેમ કૂતરૂં નાનપણમાં આભડ્યું યે નથી. એ ગાંડાળ માળો દુષ્ટ! સારૂં ભાળે તે બાપનું સમજીને એ આપણને હેરાન કરતો હતો. હવે તો ઘેર પહોંચે છુટકો છે એનો.'

'ભારે કરી, શીવાભાઇ! પણ કાકાની પાઘડી; છત્રી ને લાકડીનું શું થશે?' મેં પૂછ્યું.

'એ તો આપણે લઇ જઇશું. નિરાંતે સૂઓને.'

કામ પતાવી, ઘેર ગયા પછી બજારમાં એક દિવસ ગાંગજીકાકાને ચપટને પૂછતાં મેં સાંભળેલા: 'એલા, કે'ને સાચું? ચપટીઆ! તને હડકાયું આભડેલું કે અમસ્થું! સા...મને તારા દાંત બેઠા છે બરડામાં, તો હું કાળીજીરીનું સેવન કરૂં.'

卐

હરદમ હસતા રહો

હાસ્યનો વિકાસ મનુષ્યજીવનમાં બહુ જ નાની અવસ્થામાં થાય છે. વાતચીત કરવાની શક્તિ પહેલાં બચ્ચાંઓમાં હસવાની શક્તિ આવે છે. વિદ્વાનો અભિપ્રાય આપે છે કે બાળક જન્મ્યા પછી ફક્ત ત્રણ સપ્તાહમાં મરકે છે અને ત્રણ મહિના પછી હસવા લાગે છે. હસવાથી શરીરવૃદ્ધિ બહુ ઉત્તમ થાય છે અને હાસ્યવિનોદી બાળક બહુ મસ્ત રહે છે. જે બાળક હસી શકતું નથી તેના શરીરમાં અથવા મસ્તકમાં અવશ્ય કોઇ રોગ હોય છે. બિમારી બાદ બચ્ચું જ્યારે હસે છે ત્યારે બચ્ચાની માતાના હૃદયમાં વિશ્વાસ બેસે છે કે હવે બાળકને આરામ થયો. મોટા માણસમાં પણ ખરૂં હસવાનું ત્યારે જ આવે છે કે જ્યારે શરીર સંપૂર્ણ નીરોગી હોય છે.

તેજસ્વી અને બુદ્ધિશાળી બચ્ચાંઓ બોદા અને સુસ્ત બાળક કરતાં વધારે ખૂલ્લા દિલે હસે છે; ત્યારે પ્રશ્ન એ છે કે આપણે હસીએ છીએ કેમ ? જ્યારે આપણે ખુશ થઇએ ત્યારે હસીએ છીએ અને હસવાથી ખુશ થવાય છે, વાત બન્ને એક છે.

અંદરની પ્રસન્નતાથી મુખ ઉપર હાસ્ય પ્રગટે છે. મુખથી હસવાથી દિલ બાગબાગ બને છે. હસવાનું કારણ ભલે ગમે તે હોય. પરંતુ એ તો ચોક્કસ છે કે હસવું તે માનસિક અને શારીરિક ઉન્નતિમાં બહુ સહાયકારક છે. હૃદયકમળની પાંખડીઓ આનંદના ઓઘે વિકસે છે ત્યારે જ હસવાની રૂચી ઉદ્‌ભવે છે. એ કમળને વિકસાવવાનું ગમે તે કારણ હોય પણ દિલ જ્યારે બાગબાગ હોય, જ્યારે તમારા રોમેરોમમાં ચૈતન્યના દીવડા પ્રગટે છે અને એ પ્રગટેલી જ્યોત્સ્ના કલુષિત ભાવનાઓનો લય-કરી કોઇ અવર્ણનીય ભાવો વિકસાવે છે, ત્યારે તમે આધિ, વ્યાધિ, ઉપાધિ, ભૂલીને ખડખડ હસો છો અને હસવાને અંતે તમે શાંત નિજાનંદે તૃપ્ત ઘડીભર નિર્વિકલ્પ સમાધિ અનુભવો છો.

ત્યારે કહો જોઇએ કે જીવનતત્ત્વ વધારી આત્માનંદની આછી ઝાંખી કરાવનાર હાસ્ય એ શું સમુદ્રોદ્‌ભવ અમૃત છે યા શરીર-બગીચાને નવપલ્લવિત અને પ્રફુલ્લિત બનાવનાર સ્વાતિજળ છે?

જે હો તે હો, પણ બાળક હસે છે—મસ્ત હસે છે—યોગી હસે છે, પાગલ હસે છે; નથી હસતા મુત્સદ્દીઓ! હા, તેઓ ક્યાંથી હસી શકે? તેમણે હાસ્ય ઝીલનાર અવયવોને મુત્સદ્દીગીરીના સખ્ત અતરડાથી ઘસી કાઢી એવાં તો કુંઠિત બનાવી મૂક્યાં છે કે હાસ્યોત્પાદક કારણો તેમને યત્કિંચિત્ પણ અસર કરી શકતાં નથી.

વિવિધ વિટંબણાઓએ હાસ્યકટોરીઓનો કબજો લઇ છલાછલ ઉદ્વેગાગ્નિથી ભરપૂર ભરી દીધી છે. કહો, તેમાં હાસ્ય ક્યાં રહી શકે? જવા દો એ મુત્સદ્દીપણાનાં મમત્વને અવલંબી રહેલા શુષ્ક આત્માઓને.

ન ભૂલશો કે જીવનપ્રવાહ એ અદૃશ્ય પણ વેગવંતો પ્રવાહ છે. ઝુલતા રહે એ પ્રવાહના વહનમાં-કાળના આંદોલનો. તમારાથી તેને

અટકાવી નહિ શકાય પણ એ આંદોલનોના હીંડોળે ઝુલતા રહી તમે હરદમ હસો અને હસાવો.

હસવાથી આત્માની ખડકીઓ ખૂલ્લી જાય છે અને તે માંહેનો ભય અને કષ્ટજનિત અંધકાર એક દિવ્ય પ્રકાશમાં લુપ્ત થાય છે.

હસવાથી આત્મબળ—વિલપાવર વધશે, જડ ચૈતન્ય આકર્ષાશે, નવીન રક્તનો સંચાર થશે, વિવિધ વ્યાધિનો વિનાશ થશે અને પરમ આનંદના ઓઘ ઉમટશે.

કારણ કે હસવાથી ફેફસાંને એક પ્રકારની કસરત મળે છે અને જેને લઇ શ્વાસોચ્છવાસ દ્વારા લોહીનાં અશુદ્ધ પરમાણુઓ જલદી બહાર નીકળી, લોહી શુદ્ધ બને છે અને ફેફસાં મજબૂત બને છે; સાથે લોહીનું અભિસરણ વધવાથી આળસ ઓછી થાય છે અને કામ કરવાની વૃત્તિ ઉદ્ભવે છે.

ભય, ક્રોધ અને કષ્ટથી જીવનપ્રવાહ શુષ્ક બને છે, જીભ સૂકી બની તાળવે ચોટે છે, મુખનું ઓજસ્ અને કાંતિ નષ્ટ થવા લાગે છે અને શરીરનાં બીજાં અગત્યનાં કામ કરનારાં અવયવો પોતાના કામમાં શિથિલ બને છે.

જ્યારે હાસ્યથી તે સર્વે પોતાના કામમાં બરાબર પ્રવૃત્ત થાય છે અને બમણા જોરથી નસોમાં લોહી દોડવા લાગે છે.

અટ્ટહાસ્યથી તીલ્લી—બરોલમાં એક પ્રકારની હલનચલનની ક્રિયા ઉત્પન્ન થાય છે અને જેને લઇ પાચનશક્તિનો વધારો થાય છે. નાટકકારોનો હાસ્ય વિભાગ પ્રેક્ષકોને હસાવવા ખાતર હોય છે અને જેનુ હાસ્ય સરસ એટલે વધારે હસાવી શકે તેવું હોય ત્યાં મનુષ્યો વધારે ખેંચાઇ જાય છે.

દીવેલ પીધેલાં મુખડાં કરતાં હસમુખા માણસ તરફ પ્રાણી માત્ર વધારે આકર્ષાય છે અને પ્રેમ કરે છે.

હસવામાં સંજીવનીશક્તિ રહેલી છે. હાસ્યથી માનસિક દુઃખો ઓછાં થાય છે. હસતો બીજાને હસાવે છે, રડતો બીજાને રડાવે છે. જે મનુષ્ય જીંદગીમાં ધરાઇને હસતો નથી તેનો જીવનપ્રવાહ સૂકાયેલો હોય છે, તેનો જીવનાનંદ ખતમ થયેલો હોય છે.

અટ્ટહાસ્ય, મંદહાસ્ય, સ્મિતહાસ્યઃ વગેરે હાસ્યના ઘણા ભેદ છે; પરંતુ નિર્મળ વિશુદ્ધ હાસ્ય કાપટયભાવથી કેવળ નિરાળું હોય છે.

હાસ્યની પરીક્ષા તમે છ આઠ મહિનાના બાળક પાસેથી પણ કરી શકો છો. તે બાળક તરફ દૃષ્ટિ કરી તમો હસવા લાગો, તુરત તે તમારી સામે હસવા લાગશે અને તમારા તરફ આવવા હાથ પગ ઉછાળશે; પણ તમે તેની સામે જોઇ જરા ક્રોધમુદ્રા કરો કે તુરત તે રડશે અને ફરી તમારી સામે જોવાની પણ ઇચ્છા નહિ કરે. તમે કેમ હસી શકતા નથી? તમારા અંતઃકરણને પૂછો: તમારા હૃદયદરબારમાં ઇર્ષ્યા, ક્રોધ, દ્વેષ, માન, ચિન્તા અને ભય, વગેરેએ પેસી જઇ તમારા આનંદદ્વારને સજ્જડ સાંકળોથી બંધ કર્યું છે! તેમને આજથી ઓછાં કરો અને જૂઓ તે દરવાજા આપોઆપ જ ખૂલી જશે.

હસો! હસો! ઓ ઇશ્વરનાં બાલુડાંઓ! ખૂબ ખુલ્લા દિલે હસો! તમો જૂઓ તો ખરાં કે હાસ્ય એ કેવી પરમ ઔષધિ છે? લક્ષ્મણના શરીરમાંથી શુષેણ વૈદ્યે શલ્ય કાઢી નાંખી વધેલી ઔષધિ હાસ્યરૂપે શું જગતને અર્પી છે કે જેનો ઉપયોગ કરવાથી કાયિક, વાચિક, માનસિક શલ્યો નાશ પામી કેવળ બ્રહ્માનંદ ભાસે છે?

卐

હેરકટીંગ સલુનના સત્તાધારીઓને

કુદરતે નિર્માણ કરેલ સૌંદર્યને પણ આજના આ વીશમી સદીના જમાનામાં ફેરફાર કરી સુરૂપ બનાવવું એ વિજ્ઞાનની શોધખોળ અને મનુષ્યના પ્રયત્ને કરી બતાવ્યું છે,

પ્રતિદિન અનેક અવનવાં સાધનો અને કૃત્રિમ ઉપાયોથી સ્ત્રી અને પુરૂષ સુંદર દેખાવા માટે ખૂબ રસ લઇ રહ્યાં છે. જૂની સદીઓમાં આટલા બધા પ્રયાસો આ દિશામાં કદાચ નહિ થયા હોય, અથવા સુંદરતાની વ્યાખ્યા કે માન્યતા જુદા પ્રકારની હશે. પરંતુ આજનો જમાનો બુદ્ધિબળના વિકાસ માટે જેટલો તનતોડ મહેનત કરી રહ્યો છે તેટલો જ સુંદરતા મેળવવા–વધારવા માટે તેનો પ્રયાસ જોવામાં આવે છે.

જુદા જુદા દેશમાં જુદી જુદી દૃષ્ટિએ જુદો જુદો પ્રકાર સુંદર લાગે છે અને તે તે દેશોના સંકરત્વને લઇ તેનું મીક્ષ્ચર પણ થઇ ગયું હોય છે. છતાં દરેક દેશમાં પુરૂષવર્ગને પોતાના વ્યક્તિતત્વ માટે ક્ષૌરકર્મ એ એક અત્યંત આવશ્યક કાર્ય છે, અને દરરોજનું અથવા ચતુર્થ આહ્નિક કે અષ્ટમ આહ્નિક એ કાર્ય તેને માટે અનિવાર્ય હોય છે. કોઇને દાઢી માટે, કોઇને દાઢી અને બાલ માટે તો કોઇને સમસ્ત મુંડન માટે તો કોઇને સાધારણ લપેટા માટે પણ આજકાલ હેરકટીંગની મુલાકાત દરરોજ, એકાંતરે કે અઠવાડીએ જાતે લેવાની હોય છે અથવા નાયી બ્રાહ્મણ તેમની સ્વયં મુલાકાત આપે છે. હવે તો પુરૂષના વાદે સ્ત્રીઓ પણ ચોટલાને કટ કરાવવા અથવા ઓડીયાં રાખવા કે ભાલપ્રદેશના બારીક બાલ ખેંચી કઢાવવા હેરકટીંગ સલુનોની મુલાકાતે જતી જોવામાં આવે છે. એ પણ ભારતનું ધન્યભાગ્ય જ ગણાય !!

એક પુરૂષે લાંબા દિવસથી ક્ષૌર ન કરાવ્યું હોય અને અચાનક આપણુને મળી જાય ત્યારે આપણુને તેનો ચહેરો નિસ્તેજ લાગે છે. એ જ વખતે તે ભાઇ એક સુંદર સુસજ્જિત હેરકટીંગ સલુન કે ક્ષૌરકર્મ કાર્યાલયની મુલાકાત લઇને નીકળે તો આશ્ચર્ય ઉપજાવે તેટલું ચહેરામાં પરિવર્તન થયેલું જણાશે.

ઉચ્ચતમ વૈભવશાળી શહેરોની શોભામાં એક ખાસ અગત્યનો ભાગ તો આવાં સલુનો ભજવે છે. તમે હાલના કોઇ પણ ઉચ્ચ કક્ષાના શહેરમાં પ્રવેશો અને એકાદ સુંદર સલુનની મુલાકાત લ્યો. તમે જરૂર દિગ્મૂઢ બનશો. સલુનની સજાવટ તમને ઘડીભર જરૂર થંભાવી દેશે. તમારો મીઠ્ઠો સત્કાર, ક્ષૌર માટે બેસવાની બેઠક, ચમકદાર સાધનો, સ્વચ્છતા, ઇલેકટ્રીક બત્તીઓ અને પંખાઓ, સાબુ, તેલ અને ફુવારાની મઝા, એ બધું જોતાં, બિચારો જૂના જમાનાનો નાપીક ચામડાની તુટીફૂટી કોથળીમાં રહ્યાં સહ્યાં સાધનોથી તમારી ઘેર ઘેર ખુશામત કરતો ભટકતો સેવક અને આજના હેરકટીંગ સલુનના સત્તાધારીમાં તમને આસમાન જમીનનો ફેરફાર થયેલો જણાશે. અને તેથી તમારી લાગણી હજામતનું કાર્ય પૂરૂં થયે નાણાં આપવા ઉપરાંત તેને 'થેંક યુ' આપવાને ઇંતેજારી કરતી હોય એમ તમે અનુભવશો. ત્યારે કહો જોઇએ કે તમારી શારીરિક જરૂરીયાતોમાં આવાં સલુનો અથવા તેના સંચાલકો તમારી અનેરી સેવામાં મોટો હિસ્સો આપે છે કે નહિ?

તમે ભલે સેફ્ટી રેઝર જેવાં સાધનોથી તમારૂં મન મનાવી લેતા હો, પરંતુ જે સંતોષ કે આનંદ આ ભાઇઓ આપે છે તે જાતે તો નથી જ લઇ શકાતો. આવાં સલુનો માટેનાં સાધનો સુશોભિત રાખવા માટે કે તેવા પ્રયત્નો માટે ખાસ નિર્દેશ કરવાનો હેતુ નથી. પરંતુ આરોગ્યની દૃષ્ટિએ થોડી નમ્ર સુચનાઓ તેમને આપવાની છે. તે સલુનના સંચાલકો અને તેનો લાભ લેતા તેમના ગ્રાહકો જરૂર ધ્યાનમાં લે એવી આશા છે.

(૧) સલુનમાં બધી જ વ્યક્તિઓ આવે છે અને એમાંની અમુક વ્યક્તિઓના શરીરમાં ખાસ કરીને પરમા, ચાંદી કે કુષ્ઠ જેવા ચેપી રોગ હોવા છતાં કાર્યવાહકને બધાની જેમ તેની પણ જરૂરીયાતો પૂરી પાડવાની હોય છે. તે ભલે, પણ એક હજામત થઇ રહ્યા પછી તેને માટે વપરાયેલાં દરેક સાધનને ગરમ પાણીમાં બોળી દો અને બની શકે તો જંતુઘ્ન પાણીથી ખૂબ ધોઇ કાઢો. ટુવાલ, કફની વગેરે બદલો–જરૂર બદલો; અને તમારા હાથ પણ સ્વચ્છ સાબુથી અને પુષ્કળ પાણીથી ધોયા પછી જ તમારા કોઇ પણ શરીરના અંગને કે અન્ય પ્રેક્ષકના શરીરને અડકાડો. આ બાબત તમોને નજીવી લાગતી હશે છતાં ચોક્કસપણે ભારપૂર્વક જણાવી દેવું જોઇએ કે તમારા સલુન મારફત જ આવા ચેપી રોગના પરમાણુંની બહુ સારી રીતે આપ–લે થાય છે અને તમે પણ કયારેક એ બેદરકારીએ એવા ખાસ રોગના ભોગ થઇ પડો છો. માટે આ સૂચના આજથી તમારા અને જગતના ભલાની ખાતર જરૂર ગળે ઉતારશો.

(૨) દાઢી ઉપર કે માથા ઉપર ક્ષૌર પહેલાં સાબુ લગાડવાની જરૂર ખરી જ. અને તે હાથ કરતાં પીંછીથી લગાડવો બધી રીતે સગવડતાવાળો અને તકલીફ રહીત છે. છતાં વપરાશમાં લેવાતો સાબુ ક્ષાર કે સોડા વિનાનો હોવો જોઇએ. અસ્રા જેવું તિક્ષ્ણ હથિયાર શરીર ઉપર ફરવાથી તે ભાગ આળો થાય છે અને છિદ્રો ખૂબ ખુલ્લાં થયેલાં હોય છે. તેમાં ક્ષાર કે સોડાના પરમાણુંઓ લાગવાથી ખાસ તો નુકસાન નથી થતું પણ એ ભાગ દિવસે દિવસે શ્યામતા ધારણ કરતો જાય છે. ઉપરાંત ક્ષૌર પછી પાઉડર લગાડવામાં આવે છે તેની પણ એટલી બધી આવશ્યકતા નથી જણાતી, બલ્કે તેથી નુકસાન થતું અનુભવ્યું છે. તે વિદેશથી–ખાસ કરીને જાપાનથી આવે છે અને એમાં એવો કોઇ પદાર્થ નથી કે જે ચામડીને ફાયદાકારક હોય: છતાં તેનાથી ન ચાલી શકે તેમ હોય તો ભલે. તેનો ઉપયોગ કરો. ઉપરાંત સ્નો અને ફટકડીનો પાસો એ સઘળું

ટાપટીપ ખાતર છે. એક બંધુએ મને સમજાવેલું કે ફટકડીથી કોઇ પણ જાતની ચામડી ઉપર ફોલ્લી કે ખીલ થતાં નથી. ફટકડી માટે આ હકીકત મને કાંઇક તથ્યાંશવાળી જણાઇ. કારણ કે ફટકડીમાં જંતુઘ્ન ગુણ છે અને એ હિસાબે ક્ષૌર પછી ઘસવાથી લાભ થતો હશે. પરંતુ તેના ઘસવાથી બળતરા તો બહુ મઝાની બળે છે.

(૩) તેલ અને શિરઘર્ષણ–મારે મહત્ત્વની વાત તો આ વિષયમાં જ કહેવાની છે. સંપૂર્ણ નિષ્ણાત ભાઇના હાથે મસ્તકમાં તેલ નંખાવી તેમના હાથોથી તેલ મગજમાં પચાવવાની વિવિધ ક્રિયા ઉપર મારૂં લક્ષ બહુ ખેંચાયું છે. મગજ એ આખા શરીરમાંનું મુખ્ય અને જવાબદારીવાળું અંગ છે. આખા મનુષ્યશરીરને ગતિમાન રાખનારી ઓફીસનું એ કેંદ્ર છે, અને એ માટે જ મગજને હમેશાં શાંત, ગંભીર, તર રાખવાને ઉપાયો યોજાય છે. આહારમાં મગજને તર કરવાના ઉપાયો સાથે માથામાં સ્નિગ્ધતાવાળા પદાર્થ નાંખી મગજને તર રાખવા અનેક તેલોની બહુ સુંદર બનાવટો આપણને મળી આવે છે. ફરજીયાત મસ્તકમાં તેલ ઘાલવાની આયુર્વેદશાસ્ત્રની આજ્ઞા છે. પછી માથામાં વાળ રાખનારને તો વાળના હિતની ખાતર અને મગજ તર રાખવા માટે પણ માથે તેલ નાંખવું જોઇએ. પણ આ તેલ એટલે–એ માટે બહુ જ ઓછું લક્ષ અપાય છે. આજના બજારોમાં રૂડા રૂપ–લેબાશવાળી વિવિધ રંગથી ઓપતી બાટલીઓમાં હેર ઓઇલના નામે વેચાય છે તે કાંઇ મગજને તર કરનાર તેલો નથી, પરંતુ મગજને વિકૃત કરનાર ભયંકર પોઇઝન હોય છે. અને અમે ચેલેંજ ફેંકીને કહીએ છીએ કે એ પાણીથી પણ પાતળાં, ક્ષણિક ખુશબોથી સજ્જીત, વાઇટ ઓઇલ–એસેન્સ અને કલરથી પાંચ મિનીટમાં પચાસ મણ તૈયાર કરી શકાય તેવાં તેલો તમારા મગજને વિકૃત કરે છે, આંખોમાં ગરમી કરે છે, બાલના મૂળમાં ભયંકર એસીડ જેવું કામ કરી બાલ્યાવસ્થામાં જ વૃદ્ધપણાની નિશાની

રૂપ પળીયાં (સફેદ બાલ) લાવી મૂકે છે. આજના નવજુવાનોના બા
વૃદ્ધોને પણ શરમાવે તેવા સફેદ જોવામાં આવે છે, તે ખરેખ
આવાં હેર ઓઇલોને જ આભારી છે. '

સલુનોમાં બનતાં સુધી મોટે ભાગે આવાં જ તેલો વપરાય છે. કેટલા ભાઇઓ જાતે પણ વાઇટ ઓઇલમાંથી એસેન્સ અને કલર નાંખ જાતજાતનાં તેલો બનાવી સલુનોમાં વાપરે છે અને વેચે છે. આ માટે માત્ર તેઓ જ જવાબદાર છે એમ તો ન જ કહી શકાય, પરં ગ્રાહકોની ઇચ્છાને કેટલુંક માન આપવાનું હોય છે, અને વળી તે ઉપરાંત નાણાંનો, સમયનો તથા મહેનતનો બચાવ આવાં હેરઓઇલોર થતો હોવાથી, સહેજે આ તરફ તેમનું લક્ષ જાય છે.

તલનું કે ખોપરેલ કે એવું જ કોઇ દેશી તેલ લઇ તેમાં થોડ તમારા જ દેશની શુદ્ધ વનસ્પતિની મેળવણીથી એકાદ ઉત્તમ તેલ તૈયાર કરી, તમારા સલુનોમાં વાપરતા થાઓ અને તમારા જ બંધુ ઓને તેની ઉપયોગિતા—ઉતમત્તા માટે થોડું સમજાવી, તેમના મોહ ચશ્માને ઉતારો તો તમારી કેટલી ઉત્તમ સેવા ગણાય?

અને આવા ઉત્તમ તેલથી શિરઘર્ષણ થતું હોય તો કેવું મઝેનું ! મગજનો કંટાળો અને થાક જરૂર ઓછાં થઇ જાય, બાલ અકા સફેદ થતા અટકે, આંખો ઉપર ચશ્માં લદાતાં રહે અને પ્રતિદિ સ્ફૂર્તિ અને ઉત્સાહ વધતાં જણાય. તેમાંય ખાસ જાણ્યે અજાણે પણ મસ્તકની અમુક બેટરીઓ ઉપર તમારા હાથોની અમુક પ્રકારની ખાસ ક્રિયાઓ તો જાદુઇ અસરની માફક કોઇ અજબ ચૈતન્ય અ અને આનંદ આપે છે. દાખલા તરીકે—તાળવામાં તેલ રેડયા પછી હથેળીની સીધી અને બીજાનસરની થાપોડ સૂતેલા બ્રહ્મરંધ્રને જાગૃત કરી, મગજમાંના ચોકસ વિભાગને સ્ફુરણા આપે છે. પછી તે જ હાથે પોલી હથેળીએ તાળવામાંના ઘર્ષણથી પારણામાં સુતેલા બાળકને ઝુલતાં જે આનંદ થાય તેવો જ આનંદ મળે છે. મગજ ઉપર—તેની ચોરી નસો ઉપર આંગળીઓના જોરે થોડી ચંપી અને મર્દન કરાય છે તે

કામકાજના બોજાથી થયેલી થકાવટને સંગ્રહ કરનારી બેટરીઓ ઉપર બહુ મઝાની ક્રિયા છે. બાદ શીંગડાના ભાગને આડા હાથે હથેળીની પોલ રાખી, થોડી થાપોટો અપાય છે તેથી તે ભાગ જાગૃત થઈ પોતાના કામે લાગે છે. ઉપરાંત બોચી ઉપર પણ એવી જ ચંપી અને થોડો પ્રહાર પડે છે. એથી જ્ઞાનતંતુઓ–ચેતનાતંતુઓ સારંગીના તારની માફક થનગની ઉઠી પોતાના કામમાં ઉત્સાહી બને છે અને બેદરકારી ત્યાગી દે છે. એકંદર અનુભવી હાથે થતી આ ક્રિયા જરૂર આવકારદાયક છે, જ્યારે નવા અશિક્ષિત કે અણઘડના હાથે દેખાદેખીથી થએલી આ ક્રિયા દુઃખરૂપ પણ નીવડે છે. માટે શીખાઉ બંધુએ અનુભવીના હાથે આ ક્રિયા શીખી લેવી ઘટે.

(૪) એક ખાનગીમાં કહેવાની બાબત છેવટે કહી લઉં. તે આપનાં સલુનોમાંનાં ચિત્રો–ફોટાઓ બાબતની છે. ધાર્મિકનેતાઓ, દેશનેતાઓ કે સન્નારીઓનાં ચિત્રો આપના આલયની શોભામાં અભિવૃદ્ધિ કરનારાં છે. પણ નગ્ન કે અર્ધનગ્ન સ્ત્રીઓના ફોટાઓ જોનાર ઉપર કેવી બૂરી અસર નીપજાવે તે આપના ખ્યાલમાં હશે જ. ગ્રાહક તો પા કે અરધો કલાક તેનું નિરીક્ષણ કરી ચાલ્યો જાય, પણ તમારા કામદારની ચોવીસે કલાકની તેમાં પરોવાયેલી વૃત્તિ તેમને કઇ દિશા તરફ દોરી જવાની ? તેનો તમે હૃદય ઉપર હાથ રાખી વિચાર કરી જોજો. આ બાબતને તમે ગ્રાહકોને આકર્ષવાની બાબત માની હોય તો તેમાં સમજણફેર છે. તમારી ઉચ્ચતમ કાર્યનીતિ, તમારી યોગ્યતા જ તમારા ગ્રાહકને સંતોષનું કારણ હોઇ શકે. તો આવાં બિભત્સ ચિત્રો તુરત કાઢી નાંખી, મહાત્માઓ અને વીર પુરૂષોનાં ચિત્રોથી તમારા સલુનને શોભાવો.

સલુનના સત્તાધારીઓને સ્નેહભાવે આટલી સૂચના છે. જનતાના મોટા ભાગનું તેમાં હિત સમાયેલું છે. એટલે તેઓ એ સૂચનાનો સારભાગ સમજી આચારમાં મૂકે એવી આશા વ્યર્થ જશે નહિ.

આ રો ગ્ય

વર કન્યાને હાથે મીંઢળ કાં?

માત્ર પરદેશીઓ અને પરદેશીઓનું અનુકરણ કરનારા ખ્રિસ્તીધર્મના હિંદી અનુયાયીઓને બાદ કરીએ તો હિંદુસ્તાનની સર્વ હિન્દુ જ્ઞાતિમાં થતાં લગ્ન વખતે વરકન્યાના હાથે મીંઢળ બાંધવામાં આવે છે. ઘરમાં ગણેશની સ્થાપના થાય છે એટલે વરરાજાને અને કન્યાને, આચાર્ય મંત્ર ભણીને જમણા હાથે મીંઢળ બાંધે છે, તે લગ્નવિધિ પૂરો થયે છોડી નાંખવામાં આવે છે.

બીજા કેટલાક ટાપટીપભર્યા વિધિઓને સુધારક રીવાજના માનવીઓએ લગ્નપ્રસંગમાંથી બાદ કરી નાંખ્યા છે, પરંતુ મીંઢળ બાંધવાની ક્રિયાને બાદ કરી શકાઇ નથી.

દુનિયાભરમાં અનેક વનસ્પતિનાં ફળો છે, છતાં દેખાવમાં અતિ સુંદર અને નમણાં બીજાં એકે ફળો હાથે નહિ બાંધતાં, ખડબચડું અને રૂપથી રહીત મીંઢળ હાથે કાં બંધાય છે? એની પાછળનું કોઇ મહત્ત્વનું કારણ પડયું છે ખરૂં કે? અને જો એમ છે તો આજસુધી તાત્ત્વિક દૃષ્ટિથી કેમ એને માટે વિચારણા નથી થઇ?

મીંઢળબંધા બનેલાં વરરાજા અને કન્યા એક માનનીય-વ્યક્તિ ગણાય છે. વરરાજા અને કન્યા નવી ભૂમિમાં પ્રવેશે છે અથવા તેમનાં લગ્ન લેવાયાં છે, એનું શરીર ઉપર સ્પષ્ટ ચિહ્ન જો કોઇ હોય તો તે મીંઢળ છે. હમણાં લગ્નના પોશાકો અને વિવિધ ટાપટીપો પણ એટલી હદ સુધી ઓછી થઇ ગઇ છે કે માત્ર સાદા પોશાકમાં-કેવળ ખાદીના પોશાકમાં-કેટલાંક વરકન્યા પરણનારાં હોય છે. એ વખતે નરી આંખે જોતાં કેવળ મીંઢળ સિવાય બીજાંઓમાંથી વરકન્યા ઓળખવાં સહેલાં નથી બનતાં.

એટલે બીજી બાજુ ઉતરતાં પહેલાં વરકન્યાની ઓળખ માટે તે એક બીલ્લો–ટાઇટલ છે એમ પણ મીંઢળથી સાબિત થઇ શકે છે. પરંતુ એ માટે તો બીજું કોઇ ચિહ્ન બનાવવામાં આવે તો પણ જાનૈયાના સમૂહથી તેઓ જુદાં તરી આવી શકે. તો પછી વરકન્યાને હાથે મીંઢળ જ કાં ?

એ જ મીંઢળની વિશિષ્ટતા છે. ખૂબ વિચારણા પછી મીંઢળ બાંધવાનો કાયદો શરૂ થયો છે. માત્ર હમણાં હમણાં એ થયો હોય એમ નથી, પરંતુ જ્યારથી વૈદિક વિધિથી લગ્ન કરવાનો રીવાજ શરૂ થયો ત્યારથી વેદમંત્રોની સાથે મીંઢળે પણ વરકન્યાના હાથને કબજે કર્યાં છે.

લગ્નવિધિના મંત્રોમાં એક કારિકા મળે છે: '**मदनफल बद्ध हस्तां**' એટલે મદનફળની મહત્તા અને તેમાં રહેલા અજબ ગુણોની તલાશ કર્યા પછી જ આ ઉત્તમ ફળને 'પ્રભુતામાં પગલાં માંડતાં' વરકન્યાને હાથે બાંધેલ છે.

તેને સંસ્કૃતમાં મદનફળ, હીંદીમાં મૈનફલ, બંગાળીમાં મૈયના કાંટારગાછ, અંગ્રેજીમાં ઇમેટિનટ, અને ગુજરાતીમાં મીંઢળ કહે છે.

નિઘંટુમાં મીંઢળને ઉલટી કરાવનાર, સોજાને ઉતારનાર અને ગ્રાહી ગુણવાળું જણાવે છે, અને તેથી જ તે શરદી, સળેખમ, કફ, વિદ્રથી, સોજા અને વ્રણ વગેરેમાં વપરાય છે.

આ તો જાણે નિઘંટુકારના જણાવેલા ગુણ–દોષ છે. પરંતુ એ વરકન્યાના હાથે કેમ બંધાય છે ?

કારણ કે મીંઢળમાં એક એવી શક્તિ છે કે નિરીક્ષણ કરનારની કેન્દ્રિત ઐક્યશક્તિને તે વિભક્ત કરી નાંખે છે. તેનાં સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણું નિરીક્ષણ કરનારની ઉપર અથડાઇ નિરીક્ષણેયને ખેંચાણ કરી નથી શકતાં. એટલે જ વરકન્યા ઉપર નજર, ચોટ કે ખેંચાણ નથી લાગતાં.

બીજું શરીરમાં રહેલાં વિષાદિ પરમાણુંઓને શ્વાસોચ્છવાસ દ્વારા તે બહાર ફેંકે છે. કારણ કે હાથની મહા નાડી સાથે એ બંધાઇ રહે છે અને છિદ્રો દ્વારા શરીર બહાર વિષૈલી પદાર્થો દૂર ફેંકે છે. કારણુ કે તેનામાં ઉલટી લાવવાનો—વામક ગુણુ છે. એ જ્યારે મોટા પ્રમાણુમાં શરીરમાં આપવામાં આવે છે ત્યારે કોઇ પણુ જાતના ઝેરને બહાર ફેંકી દે છે. તે પછી અફીણુ, સોમલ, હરતાલ, કે વચ્છનાગ ગમે તેનું વિષ હોય, પણુ જ્યાંસુધી એ મીંઢળ હોજરી કે આંતરડાંમાં પડયું હોય છે ત્યાંસુધી મોળ ઉત્પન્ન કરી ઉલટી કરાવે છે. એ રીતે પૂરા પ્રમાણુમાં વામક અસર કરનાર પદાર્થ શરીર ઉપર બાંધવાથી પણુ સૂક્ષ્મપણે લોહીમાં થએલાં વિષૈલી પરમાણુંને તે બહાર ફેંકે તેમાં આશ્ચર્ય શું છે ?

વરકન્યા લગ્નપ્રસંગમાં રક્ષણીય છે. એટલે એમને કોઇ પણુ આવા શુભ પ્રસંગે વિઘ્ન ન નડે એ ઉદ્દેશ હતો અને એ રીતે મીંઢળ હાથે બાંધવામાં આવેલું છે.

વામક ગુણુ ધરાવનાર સર્વ ઔષધોમાં મીંઢળ સહુથી ઉત્તમ છે. જ્યાં જ્યાં ઉલટી કરાવવાની જરૂર જણુાય, એટલે કે કોઇ પણુ ઝેર શરીરમાં દાખલ થયું હોય, એ પછી ભલે સ્થાવર હોય કે જંગમ, પણુ મીંઢળની ઉપરથી છાલ કાઢી નાંખી તેનો વચમાંનો ગર્ભ ગોળ સાથે બે વાલ જેટલો મેળવી ગોળી કરી આપવાથી અને તેની ઉપર ગરમ પાણી પાવાથી ઉલટી થાય છે, તથા હોજરીમાં રહેલા પદાર્થો અથવા વાતપિત્તાદિ દોષો કિંવા કફ બહાર આવે છે. એકલું મીંઢળ સુખપૂર્વક બીજો કોઇ પણુ ઉપદ્રવ કર્યા સિવાય ઉલટી કરે છે. છતાં તેને વધુ તાકાતવાન બનાવવું હોય તો તેની સાથે અરડુશીનાં પાન, ઘોડાવજ, લીંબડાની અંતર છાલ, પટોળનાં પાન અને રાયણુના ઝાડની અંતરછાલ—બધાં મળી તો. ૪ ભેળાં અને સોળગણુા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું બાકી રહેતાં ગાળી

થઇ, તેની સાથે વધુમાં વધુ વીશ ઘઉંભાર મીંઢળના ગર્ભની ભૂકી આપવાથી ઉમદા ઉલટી થઇ તે દોષોને દૂર કરે છે.

મીંઢળ આવી ઉત્તમ અને તાત્કાલિક ફલદાતા વસ્તુ હોઇ વર–કન્યા અને તેની સાથે જાનમાં જનાર સેંકડો સ્ત્રીપુરૂષો કે જેમને એક સાથે શયન–ભોજન આદિ કરવાનું છે તે સમૂહના સ્વાગત માટે વપરાતા વિવિધ પદાર્થોમાં કોઇ વખત વિષેલી પદાર્થ આવી જવા સંભવ છે અને એની રક્ષા ખાતર–તેમાંથી બચાવી લેવા ખાતર મીંઢળ જેવી વસ્તુ તાત્કાલિક નજરે ચઢે એ ખાતર પણ વરકન્યાના હાથે મીંઢળ બાંધવામાં આવતું જણાય છે.

એ રીતે ઉલટી કરાવનાર અથવા બીજાની નજર નહિ લાગવા દેનાર તરીકે જ માત્ર મીંઢળ ઉપયોગી છે એટલુંજ નથી, પરંતુ તેનામાં એક મહાન અને ચમત્કારિક ગુણ સમાયેલો છે.

મીંઢળને ‘મદનફળ’ કહેવામાં આવ્યું છે. તે સહેતુક નામ છે. મદન એ કામદેવનું નામ છે. અર્થાત્ મદન–કામદેવનું ફળ એટલે સંતાન. મીંઢળમાં સંતાન ઉત્પન્ન કરવાનો અજબ ચમત્કાર છે.

જે સ્ત્રી ઉમરલાયક હોવા છતાં તેને ગર્ભ ન રહેતો હોય એને માટે મીંઢળ બહુ ઉપયોગી છે. તેનો ઉપયોગ કરવાની રીત આ મુજબ છે:

મીંઢળને ખાવામાં આપતાં પહેલાં ગુપ્ત ભાગમાં પણ તેને થોડો વખત પહેરવાની જરૂર છે.

મીંઢળનાં બીજની બારીક ભૂકી તો. ૧ અને જૂનો ગોળ તો. ૨ બન્ને સાથે મેળવી તેની બોરના ઠળીયા જેવડી ગોળી બનાવી રાખવી અને દર ત્રીજે દિવસે રાત્રિના સમયે સ્ત્રીને ચત્તી સુવાડી ગુપ્ત ભાગમાં એ ગોળી છેક ગર્ભાશયના મુખ પાસે મૂકી દેવી. આ રીતે કેટલાક દિવસ સુધી ગોળી પહેરાવવાથી યોનિમાર્ગ અને ગર્ભાશયમાં રહેલાં સૂક્ષ્મ જંતુઓ કે જે પુરૂષવીર્યનાં જંતુઓને

[ન]ાશ કરી ગર્ભ ધારણ થવા દેતાં નથી તે જંતુ બિલકુલ નાબૂદ [થ]ઇ જાય છે. એટલું જ નહિ પણ જઠરની અંદર રહેલો વાયુ ગુદા [મ]ારફત જેમ છૂટે છે તેમ કેટલીક સ્ત્રીઓને ગુપ્તમાર્ગે પણ વાયુસંચાર [થ]ાય છે-એ વાયુને મીંઢળ નાબૂદ કરે છે. આ વાયુ પણ ગર્ભ રહેવામાં [અ]ડચણ પેદા કરે છે. તેમજ ગુપ્ત ભાગમાં રહેલી શરદીને તે નાબૂદ [ક]રે છે, વધારે પડતાં જળતત્ત્વને શોષી લે છે, વધેલા માંસને અથવા [મ]ાંસાંકુરને નાબૂદ કરે છે, રજોદર્શન નિયમિત બની બરાબર વખતે [છૂ]ટથી આવવા લાગે છે. કારણ કે મીંઢળ ગરમ છે એટલે વાયુ-શરદીને [ન]ાબૂદ કરે છે, ઉષ્ણવીર્ય હોવાથી રજનું શોધન કરે છે, શોથઘ્ન [અ]ને વિદારક હોવાથી ગર્ભસ્થાનના સોજાને અને ચાંદાંને રૂઝવે છે.

એટલે એકંદર મીંઢળ સ્થાનિક જગ્યાને સુધારવા માટે અજબ જેવું કામ કરે છે. આ મીંઢળની ગોળી ગુપ્તભાગમાં પહેરવાની [ચ]ાલુ હોય ત્યારે ચંદ્રપ્રભા નામની ગોળી સવાર સાંજ બબ્બે ચાલૂ [ર]ાખવી, જેથી શરીરમાંના કોઇ પણ દોષોને તે જીતી લે છે. એકાદ [મ]હિનો કે તેથી ઓછા દિવસ સુધી આ ગોળીઓનો ઉપયોગ કરી [પ]છી ઋતુકાળ આવે—શુદ્ધ ઋતુ જણાય ત્યારે ગર્ભધારણ માટે [ન]ીચેનો પ્રયોગ કરવો :

ચોથા દિવસે ઋતુસ્નાન કર્યા પછી સૂર્યને નમસ્કાર કરી ૦ા તોલો મીંઢળના ગર્ભનો ભૂકો પાશેર દુધની અંદર ગરમ કરી, અંદર જરા કેસર અને સાકર નાંખી, પૂર્વાભિમુખ ઉભા રહી પી જવું, અથવા ઘઉંનો લોટ તો. ૨ાા, ઘી તો. ૨ાા, સાકર તો. ૨ાા નો શીરો બનાવી પહેલા કોળીયામાં મીંઢળના ગર્ભનો ભૂકો તો. ૦ા મેળવી, ખાઇને ઉપર બીજો કોળીઓ ભરવો.

આ પ્રમાણે ત્રણ દિવસ દરરોજ સવારમાં પા પા તોલો મીંઢળ સાથેનો શીરો અથવા મીંઢળ સાથેનું દૂધ લઇ ઋતુપ્રાપ્તિને સાતમે દિવસે પતિગામી બનવું, એટલે એ જ રાત્રિએ ગર્ભ રહી જાય છે.

આ પ્રયોગ અને એનાથી થતી સંતાનપ્રાપ્તિ કેવળ શાસ્ત્રમાં જોઈને જ લખી છે એમ નથી. અમે સંતાન માટે તલસતાં અનેક કુટુંબો ઉપર આ પ્રયોગ અજમાવ્યો છે, અનેક બ્હેનોને એ સફળ નીવડયો છે અને આ રીતે ગુરૂગમથી પ્રાપ્ત થયેલી આ વિદ્યા સમાજની સામે અમે હિંમતપૂર્વક ધરીએ છીએ.

આજે સેંકડો બહેનો સંતાનપ્રાપ્તિ માટે દિવસની ભૂખ અને રાત્રિની નિદ્રા તજી, ઉદાસીન ચહેરે અનેક સંકટો ઉઠાવી, પૈસાની બરબાદી કરી, 'એક શેર માટી'ની ભૂખ માટે દીન-હીન જણાય છે, આપઘાત કરે છે, તેની સમક્ષ મુફલીસ છતાં મહાન-જેમાં કોઈ તપાસ કે તલાસની જરૂર નથી, ડાકટરોના 'કયુરેટ'ના અખતરાઓ અને નર્સના રીંગ પહેરાવવાના અળખામણા હસ્તાક્ષેપની પરવા વગરનો આ નુસખો રજૂ કરીએ છીએ. તેનાથી જરૂર સંતાન પ્રાપ્ત કરી શકાય છે. એટલે નિર્ભય અને સહેલાઈથી બનતો પંચાણું ટકા સફળ નીવડેલો આ પ્રયોગ અજમાવી જોવા અમારી સંતાન ઇચ્છનારને ખાસ ભલામણ છે.

લગ્ન ખતમ થયે હાથેથી છોડેલાં મીંઢળ વરકન્યા ફેંકી નહિ દેતાં સંગ્રહી રાખે છે અને તેને હાથે બંધાવવાનો હેતુ તેમને સંતાન આપવાનો છે. તેમની તરફથી આદર્શ પ્રજા ભારતવર્ષ માગે છે. તેમનાં સુસંતાનોથી ભારતની વાડી નવપલ્લવિત બનાવે અને ઉજ્જવળ લાડકવાયાં બાલુડાંથી નંદનવન સમી ભારતભૂમિ ખીલવે એ જ લગ્ન સમયે મીંઢળ બંધાવવાનો આર્ય મહર્ષિઓનો મૂળભૂત સિદ્ધાંત હતો. આટલા વિવેચન પછી વાચકવૃંદને સમજાયું હશે કે વરકન્યાને હાથે મીંઢળ કાં?

卐

મુકતા—મોતી

સુહસ્ત્રશ: ધન્યવાદ મંગળમય પ્રભુને હો, જેની અસીમ કૃપા વડે આપણે દીપોત્સ્વી ઉજવી, નવીન વર્ષમાં પ્રવેશ કરીશું. ભારતવર્ષમાં રાજા વીર વિક્રમે નવીન વર્ષની શરૂઆત કરી અને ત્યારથી દીવાળી અને નવું વર્ષ એ આર્યભૂમિનાં સંતાનોને આનંદના અવધિનું, પ્રોત્સાહનની પ્રેરણાનું, વિજયની પતાકાનું મંગળમય સુપ્રભાત. એ રૂડા અવસરે સ્નેહી અને સંબંધીઓને, પ્રેમી અને મિત્રોને, કોઇ સુંદર—અતીવ સુંદર ભેટ આપવાનું દીલ થાય.

મારા આત્માના સ્વરૂપ સરીખા 'બહુરૂપી'ના પ્રિય વાચકોની સાથે આ આખાયે વર્ષમાં આ અદના સેવકની મીઠી મિત્રતા વધી છે. અને સેવકે નાચીજ છતાં અમૂલ્ય એવી અનેક વસ્તુઓની લેખિની દ્વારા ભેટ ધરી છે. પણ આ તો '**દીવાળીનો દિવસ.**' એમાં દ્રાક્ષ, કાંદા કે ખજુર જેવી સામાન્ય વસ્તુ મારાથીં ન અર્પણ થઇ શકે. આજે તો હું વ્હાલા વાચકોને 'મોંઘાં મોંઘાં મોતીડે' વધાવું, અને આત્મામાંથી ઉઠેલા નાદને વહેતો મૂકી. '**वसुधैव कुटुम्बकम्**' વાળા સૂત્ર પ્રમાણે 'બહુરૂપી'ના વિશાળ વાચકવૃન્દને ઓતપ્રોત કરી દઉં એવી મારી ઇચ્છા છે.

મુક્તા—મોતી

કેટલું સુંદર નામ! સૌંદર્ય તરફ નજર કરીએ ત્યારે જવાહીરોમાં પહેલાં હીરા, માણેક અને પન્ના, વૈક્રાંત, નીલમણી અને રાજાવર્ત સાથે મોતી—મુકતા પણ આવીને શુભ્ર ધવલતા, તેજ:પુંજ પ્રતિભાથી આંખોને ખેંચી લઇ, નાનું શરીર છતાં મોટી મોટી આંખોને આકર્ષી લઇ, શીખામણ આપતાં હોય કે 'જુઓ જુઓ, ઓ માનવો! અમારા અંતરની શુભ્રતા, નિર્મળતા, સ્વચ્છતા. તમારાં અંતઃકરણોને

પણ એટલાં શુભ્ર, ધવલ બનાવે કે જેમાં જરાય શ્યામ ઝાંખ ન હોય. પછી જૂઓ તેનો પ્રકાશ: '

મોતી એ તો ધનવાનોના સૌંદર્યને વધારનારૂં આભૂષણ. એ બિરાજે ઝવેરીઓના ચકચકિત કબાટોમાં કે પદ્મિનીઓની દેહલતા પર. સાધારણ મનુષ્યોને દર્શન માત્ર સિવાય એનો વધુ ભેટો ન હોય, છતાં એ ઇંતેજારી તો સહુને રહે કે મોતી એ શું છે? મોતી માટે બહુ તો ઝવેરીઓ જાણે અથવા વધુ જાણે મોતીનાં ઉત્પન્નસ્થાનોમાંથી તેને ગ્રહણ કરનારાઓ. છતાં જાણવું એનું નામ જ્ઞાન અથવા વિદ્યા છે અને જ્ઞાન થયા પછી એ વિષયમાં માણસ વધુ રસ લેતો થાય છે.

મારો જ દાખલો આપું: અમે નાના હતા ત્યારે વૃદ્ધોની વાત સાંભળેલી કે મોતી કેમ બને છે? સમુદ્રમાં માછલીઓ છીપવાળી હોય છે. એ સમુદ્રના તળીએ જ રહે. પણ માણેકઠારી (આસો શુદ પુનમ)ની રાત્રે જ્યારે ચંદ્ર મધ્ય આકાશે આવ્યો હોય ત્યારે એ છીપો સમુદ્રની ઉપર આવે અને મોઢાં પહોળાં કરી પડી રહે છે. પછી એ રાત્રે આકાશમાંથી છાંટા–અમીછાંટા પડે અને છીપલીવાળી માછલીઓ તેને મોઢામાં ઝીલે, એનું બને મોતી! પછી મોતીવાળી છીપલીઓ તળીએ જઈ બેસે અને મોતીગરા એને કાઢે!

આથી વધારે સમજણ વર્ષો સુધી નહિ મળેલી. આયુર્વેદના અભ્યાસકાળ દરમ્યાન અમે આ પ્રમાણે શીખેલા:

ह्लादी श्वेतं लघुस्निग्धं रश्मिवन्निर्मलं महत्
स्थातं तोय प्रभं वृत्त मौक्तिकं नवधा शुभम् ।

આહ્‌લાદ આપનાર, શુભ્ર, વજનમાં હલકું, સ્નિગ્ધ, તેજ:પુંજ, નિર્મળ, મોટું, પાણીદાર અને ગોળ આ નવ લક્ષણવાળું મોતી ઉત્તમ જાણવું.

આવી રીતે તેનાં ગુણ–લક્ષણોથી વિશેષ જાણવા મળેલું નહિ, પરંતુ તે માટે જ્યારે પ્રયાસ વધાર્યો ત્યારે વૃદ્ધોએ મોતી માટે જે સંભળાવેલું તેથી કાંઇ જુદું જ જાણવાનું મળ્યું.

મોતી કેમ બને છે?

મોતી છીછરા સમુદ્રમાં (ખાંડીઓ) અને જળાશયોમાં છીપની અંદર અમુક પ્રકારનાં ખાસ પ્રાણીઓએ પોતાની લાળથી પેદા કરેલો પદાર્થ છે. સમુદ્રમાં છીપો અનેક પ્રકારની થાય છે. પરંતુ મોતી પેદા કરનારી છીપો જુદા જ પ્રકારની હોય છે અને તેને મુક્તાસુક્તિ કહેવાય છે. સઘળા પ્રકારની છીપો મોતી પેદા કરતી નથી. માત્ર બે જ પ્રકારની છીપો એવી છે કે જેમાં મોતી બને છે. એ બે પ્રકારની છીપોમાં એકનું નામ છે 'પર્લઓઇસ્ટર મૈલીયા ગ્રીના માર્ગારીટા ફેરા.' બીજીનું નામ છે 'યુની માર્ગારી ફેરા.' છીપોનાં આ બન્ને નામો લેટીન ભાષાનાં છે.

બન્ને પૈકીમાં પહેલી જાતની છીપ સમુદ્રમાં જ થાય છે; જ્યારે બીજી જાતની છીપ નદીઓ અને તળાવોમાં પણ થાય છે. હવે છીપમાં મોતી કેવી રીતે બને છે એ આપણે જોઈએ.

જે છીપ નદી અને તળાવોમાંથી મળે છે તે છીપનાં બન્ને ઢાંકણાં–પડ સરખાં હોય છે. પરંતુ 'પર્લ ઓઇસ્ટર' જાતની છીપમાં એક નાનું અને એક મોટું એમ જોડાએલું હોય છે. આ છીપની અંદર જે એક પ્રકારનો જીવ–કીડો રહે છે એ છીપના આકારથી નાનો હોય છે અને એ કીડાની અંદર અસ્થિ–હાડકાં હોતાં નથી. એને લઇ ચીના અને જાપાનીઓ બડા પ્રેમથી એને આરોગી જાય છે.

છીપની અંદર આ કીડો જરાયુ (એક પ્રકારની કોમળ થેલી)ની અંદર પડયો રહે છે અને એ થેલી છીપના અંદરના ભાગમાં ફેલાયેલી રહે છે. આ છીપના એક ભાગમાં સાવ બારીક છિદ્ર હોય છે. તે છિદ્ર મારફત પાણી અંદર જાય છે અને બહાર નીકળે છે. છિદ્ર મારફત અંદર જતા પાણીમાં મિશ્ર થયેલા પદાર્થથી કીડાને પોષણ મળે છે, અને એથી જ એ જીવી શકે છે. એ છીપને પાણીની બહાર કાઢી નાંખવાથી અંદરનો કીડો અમુક વખત પછી પોષણ નહિ મળવાને કારણે મરી જાય છે.

છીપની અંદર રહેલો કીડો અને એના ફરતી રહેલી જરાયુમાંના સૂક્ષ્મ કોષો cells માંથી હંમેશાં એક પ્રકારનો દ્રવ રસ ઝર્યા કરે છે. અને એ દ્રવ છીપની અંદરની બાજુમાં પડના રૂપમાં લાગતો જાય છે. જેમ જેમ છીપ ઉપર એ પડ લાગતું જાય છે, તેમ તેમ તે ભાગ મોતીના જેવો ચમકદાર અને પાણીદાર બનતો જાય છે. આ ક્રિયા વર્ષો સુધી બનતી રહે છે.

હવે છીપના છિદ્ર મારફત પાણી સાથે જ્યારે કોઇ પણ વિજાતીય પદાર્થનો કણ અથવા જીવ છીપની અંદર ચાલ્યો આવે છે ત્યારે આ કીડાને બહુ દુઃખ થાય છે. એથી પોતાની થેલી–જરાયુથી એ કણ અથવા પદાર્થને દબાવી દેવાને અથવા બહાર કાઢી નાંખવાને માટે દ્રુતસ્રાવને તે વધારે છે. એથી એ કણ કે જીવ ધકેલાઇને જો બહાર નીકળી ગયો તો ઠીક છે, પણ જો છીપની અંદર દબાયો તો તે ઉપરની થેલીમાંથી ઝરતા સ્રાવનું અસ્તર ચઢે છે અને એક અસ્તર ચઢયા પછી તેની ઉપર બીજું ચઢવા લાગે છે. આ રીતે મોતીનું બંધારણ શરૂ થાય છે અને વર્ષો સુધી એની ઉપર એ ક્રિયા ચાલુ રહે છે તથા મોતીનો દાણો અસ્તર ચઢવાથી મોટો થતો જાય છે. એક ન્હાની ચણોઠી જેવડું મોતી બનાવવા માટે આ કીડો અને સ્રાવ કરનારી થેલી બહુ પ્રયત્ન કરી સેંકડો અસ્તર ચઢાવે છે ત્યારે જ મોતી બને છે. જેમ વધારે અસ્તર ચઢેલાં હોય છે તેમ મોતી વધારે તેજસ્વી, પાણીદાર અને ચમકીલું બને છે. બીજી ઋતુઓ કરતાં ગ્રીષ્મ ઋતુમાં આ કાર્ય વધારે જોરથી ચાલે છે.

મોતી જે અસ્તરોનું બનેલું છે તેની અંદર ઉંડા ઉતરીએ તો માલૂમ પડે છે કે એ અસ્તર પણ બે પ્રકારનાં દ્રવ્યોથી બનેલાં હોય છે. એક પદાર્થ સંગેમરમર જાતિનો છે. એનું રાસાયનિક રીતે પૃથક્કરણ કરવાથી કેલ્શ્યમ, કાર્બોન અને ઓક્સિજન એ ત્રણ તત્ત્વ અનુક્રમે ૪૦, ૭૨, અને ૪૮ પ્રતિશતના હિસાબે મળી આવે છે. બીજો પદાર્થ કોંચીઆલીન (conchiolin) છે. તેમાં કાર્બોન,

હાઇડ્રોજન, નાઇટ્રોજન અને ઓકસીજન, એ ચાર રાસાયનિક તત્ત્વ મળે છે.

મોતી ઉપર આ બન્ને જાતનાં તત્ત્વો વારાફરતી ચઢે જાય છે. પ્રથમ પહેલી જાતનું, ફરી બીજી જાતનું, ત્રીજી વખત પહેલી જાતનું, ચોથી વખત બીજી જાતનું. એમ ક્રમવાર ચઢે જાય છે.

મોતીના દાણાની બનાવટ લગભગ પ્યાજ–ડુંગળીની બનાવટને મળતી છે. પ્યાજની બનાવટમાં અનેક અસ્તરો હોય છે તેમ મોતીમાં પણ હોય છે. ફરક એટલો છે કે મોતીનાં અસ્તરો પ્રાણીજ પદાર્થનાં હોય છે, પ્યાજના અસ્તરો વનસ્પતિનાં દ્રવ્યોનાં હોય છે. એકનું અત્યંત પાતળું અસ્તર છે. બીજાનું જાડું છે.

મોતી ઉપરનું અસ્તર જેમ વધારે પાતળું હોય છે એમ એ મોતી વધારે પાણીદાર અને ચમકતું જણાય છે.

કોઇ પણ પ્રકારનાં પ્રકાશનું કિરણ મોતી ઉપર પડે છે ત્યારે એક કીરણ ઉપરના પડ સાથે અથડાઇ પાછું વળી જોનારની આંખમાં પ્રવેશ કરે છે, જ્યારે બીજું કીરણ એક પડની અંદર બીજા પડ સુધી પ્રવેશી ત્યાંથી પાછું ફરે છે. એમ એ કિરણો બીજા, ત્રીજા, ચોથા પડ સુધી પ્રવેશ કરીને પાછાં ફરી આંખોને ભરી કાઢે છે.

એવી રીતે જેમ જેમ કિરણો અંદર પ્રવેશી બહારે આવે છે તેમ તેમ મોતીની સુંદરતા અને તેજસ્વિતામાં ઔર વધારો કરે છે.

આ અસ્તરોની વચમાં કોઇ રંગવાળો પદાર્થ અથવા અપારદર્શક પદાર્થ આવી જાય તો એ તેટલે અંશે મોતીની સુંદરતાનો નાશ કરે છે. જેવી રીતે સુંદરતાનો નાશ થાય છે તેવી જ રીતે એ મોતી બેડોળ અથવા ગોળાકાર રહિત પણ બને છે.

કલ્ચર મોતી

બીજા દેશો કરતાં મોતી કેમ બને છે તેનું જ્ઞાન પ્રથમ ચીનના લોકોને પ્રાપ્ત થયેલું અને મોતી બનાવનારી છીપોની ઓળખ પણ તે લોકોમાં સારી રીતે હોવાથી તેઓ સમજવા લાગ્યા કે જે સ્રાવથી

મોતી બને છે તે જ સ્રાવથી છીપનાં અંદરનાં પડ પણ બને છે. માત્ર જ્યારે કોઇ પણ પદાર્થનો કણ સંજોગવશાત્ છીપની અંદર આવી પડે છે ત્યારે જ મોતી બંધાય છે. એ સિવાય સ્રાવ હમેશાં છીપનું અંતરપટલ તૈયાર કરવામાં કામે લાગે છે. આ બધી ક્રિયાના નિરીક્ષણ પછી મોતીની પેદાશ કેમ વધારી શકાય તેની વિચારણા તેરમી સદીમાં ચીન દેશના હુચૌ પ્રાંતનિવાસી 'યેજીન ચાંગે' શરૂ કરી.

પ્રથમ તેણે મોતી બનાવનારી છીપોને સમુદ્ર અથવા તળાવમાંથી લાવી ધીરેથી ચીપને ખોલી સ્રાવની પોટલી અને છીપના પટલની વચમાં બારીક કણ મૂકી, છીપને બંધ કરીને ઉપર લોઢાના તાર–બારીક તાર વીંટી પાણીમાં છીપો તરતી કરવા માંડી. બીજી કેટલીક છીપોને તારનું જાળીદાર બોક્ષ બનાવી, તેમાં છીપ વચમાં રાખી તરતી મૂકી. એથી લાભ એ થયો કે એ છીપોને ઉઠાવી લઇ મોતીનું કામ ક્યાંસુધી આગળ વધ્યું છે તે ખોલીને જોઇ શકાય. તેની સાથે પાણીમાંનાં અન્ય જળચર પ્રાણીઓથી છીપનું રક્ષણ થાય. આવી રીતે ક્રિયા કરવાથી મોતી બનાવનાર કીડાઓ આસાનીથી કામ કરતા થયા અને એ મોતી જોઇએ તેવું તૈયાર થાય એટલે તેને કાઢી લેવાનું સુગમ બન્યું.

જ્યારે આ પ્રમાણે મોતી બનવાના કાર્યમાં મનુષ્યનો હસ્તાક્ષેપ થયો ત્યારપછી મોતીની પેદાશ વધવા લાગી અને ખાસ નજર આગળ તૈયાર થતાં આ પ્રકારનાં મોતીને 'પર્લ કલ્ચર' નામ આપવામાં આવ્યું. શોધકો આટલેથી નહિ અટકતાં આગળ વધ્યા. મોતી બનવાની ક્રિયામાં મદદ થાય, એ કીડો જલ્દી કામ કરતો થાય એ માટે વિજ્ઞાનને સામે રાખીને કેટલાંક રાસાયનિક દ્રવ્યોને ઉપરથી મૂકવાની ક્રિયાની પણ શરૂઆત થઇ. તેમ તેમ મોતી જે ઘણાં વર્ષોને અંતે તૈયાર થતાં તે જલ્દી થવા લાગ્યાં.

એમાં માત્ર ફરક એટલો રહ્યો કે કુદરતી રીતે મનુષ્યોના કોઈ પણ જાતના હસ્તાક્ષેપ વગર બનેલો માલ 'પ્રાકૃતિક મોતી' તરીકે ઓળખાયો, જ્યારે વિજ્ઞાનીઓએ વિજ્ઞાનની મદદ દ્વારા ઉત્પન્ન કરેલો માલ તે 'કલ્ચર મોતી' તરીકે ઓળખાવા લાગ્યો.

'કલ્ચર મોતી' અને 'પ્રાકૃતિક મોતી'માં કોઈ ખાસ ફેરફાર નથી હોતો. પ્રાકૃતિક મોતી બનવા માટે કુદરતી રીતે છીપની અંદર જરાક સરીખો પદાર્થ આવી પડે છે ત્યારે જ મોતી બનવા લાગે છે; જ્યારે કલ્ચર મોતીમાં મનુષ્યના હાથે એ કણ અંદર મૂકવામાં આવે છે. બાકી તો બન્ને પ્રકારનાં મોતી બનાવે છે કીડો અને તે બને છે છીપની અંદર જ. છતાં વેપારીઓ આજકાલ લોકોની અજ્ઞાનતાનો લાભ લઈ કલ્ચર મોતીને બહુ ખરાબ અથવા તદ્દન બનાવટી સમજાવી, મોંઘા ભાવ ઉપજાવવા માટે વાક્જાળ પાથરે છે.

બનાવટી મોતી

બાકી આજકાલ કેવળ બનાવટી મોતી અથવા કૃત્રિમ મોતી જેનાં આભૂષણો યુરોપ અને બીજા દેશોમાથી હિંદમાં આવવા લાગ્યાં છે એ તો તદ્દન ઇમીટેશન જ હોય છે અને તે અત્યંત સસ્તાં હોય છે. આ મોતી પ્રયોગશાળામાં બનાવવામાં આવે છે. પ્રથમ સાફ પોલો પાણો બનાવી, તેની અંદરના ભાગમાં સાચા મોતીની છીપનો અંદરનો ભાગ બારીક પાઉડર રૂપે ભરવામાં આવે છે. તેની સાથે મીણ અને બીજા પદાર્થો મિશ્રિત કર્યા હોય છે. કેટલાંક મોતીમાં માછલીઓની પાંખોની ઉપરનો ચમકતો પદાર્થ પણ ભરવામાં આવે છે. આવી રીતે કૃત્રિમ મોતી બનાવી વેચવામાં આવે છે. જ્યારે તે મોતી નવાં હોય છે ત્યારે તો કુદરતી મોતી કરતાં પણ ઘણું સરસ જણાય છે. પણ જેમ સમય જતો જાય છે તેમ તેની ચમક, રૂપ, રંગમાં ફરક પડતો માલૂમ પડે છે.

મોતી ક્યાં બને છે?

ભારતવર્ષમાં ઘણા લાંબા વખતથી રાજામહારાજા અને શેઠીઆ શાહુકારોમાં મોતી વપરાય છે. દક્ષિણમાં રામેશ્વરની પાસે મનારની ખાડીમાં મોતી બને છે. તેવી જ રીતે ફારસની ખાડીમાં અરબસ્થાનના કિનારે પ્રાચીન કાળથી મોતી બને છે અને ત્યાંથી આવતાં મોતીને બસરાઇ મોતી કહેવામાં આવે છે. બીજાં મોતીની હરોલમાં બસરાઇ મોતી ઉત્તમ ગણાય છે.

તેવી જ રીતે કાઠિયાવાડમાં જામનગરની દરિયાઇ ખાડીમાંથી પણ મોતી મળી આવે છે. આ મોતી ઘણા લાંબા કાળથી બને છે, છતાં રાજ્યના દરિયાઇ ખાતાની બેદરકારીને લઇને એ મોતી દાગીનામાં પહેરવા લાયક બનતાં નથી અને બાજરીના દાણાથી મોટાં ભાગ્યે જ બને છે. તેને લઇ એ મોતી દવાના કામમાં જ વપરાય છે. ત્યાં કદિ પણ કલ્ચર મોતી બનાવવાનો પ્રયાસ થયો નથી. આસ્ટ્રેલીયા, અમેરિકા, આફ્રિકા અને યુરોપના દેશોમાં બનતાં મોતી ઉપર ખૂબ ધ્યાન આપવામાં આવે છે અને એ દેશનાં મોતી પણ હિંદનાં બજારોમાં આવે છે.

મોતી પ્રાકૃતિક છે કે કલ્ચર તેની પરીક્ષા સાધારણ માણસથી થઇ શકતી નથી, એટલું જ નહિ પણ મોટા મોટા ઝવેરીઓ પણ ભૂલ ખાઇ જાય છે. માત્ર કલ્ચર અને પ્રાકૃતિક મોતીની પરીક્ષા એક જ છે. મોતીને બરાબર મધ્ય ભાગમાં કાપવામાં આવે તો પ્રાકૃતિક મોતીમાં સૂક્ષ્મ નિરીક્ષણથી વચમાં કોઇ પણ બીજો પદાર્થ જોવામાં આવતો નથી, જ્યારે કલ્ચર મોતીની વચમાં બહુ જ બારીક વિજાતીય પદાર્થ મળી આવે છે. આ સિવાય કોઇ પણ જાતનો બીજો ભેદ માલૂમ પડતો નથી.

મોતીનો ઉપયોગ

મોતીનો ઉપયોગ બે પ્રકારે થાય છે. એક તો તેનાં આભૂષણો પહેરવાના કામમાં આવે છે અને બીજો દવામાં ખાવાના કામમાં.

આભૂષણોમાં મોતી રાખવાથી અથવા કેવળ મોતીની જ માળાઓ પહેરવાથી તે સુંદરતામાં વધારો કરે છે એટલું જ નહિ, પરંતુ મોતી શરીર ઉપર પણ બહુ જ ઉત્તમ અસર નીપજાવે છે. જેમ સોનું અને તાંબું અથવા અન્ય ધાતુઓ શરીર ઉપર ધારણ કરવાને કારણે શરીરમાં ઇલેકટ્રીક પાવર અથવા વિદ્યુતશક્તિનો વધારો થાય છે તેવી રીતે મોતીમાં રહેલાં કેલસ્યમો અને અન્ય તત્ત્વો શરીરમાં વસતાં તત્ત્વોને આડકતરી રીતે મદદ કરે છે અથવા બીજા રૂપમાં કહીએ તો મોતી ધારણ કરનારને પિત્તપ્રાધાન્ય રોગો–રતવા, વિસર્પ, ઓરી, બળીયા, નૂરબીબી, કંઠમાળ જેવા રોગો થતા નથી અથવા ઓછા થાય છે. અર્થાત્ તે રોગહરા શક્તિને મોતી ડોકની આસપાસ રહીને મદદ પહોંચાડે છે.

જરી સંભાળ રાખો

સાથે મોતી પહેરનારે એ પણ જાણી રાખવું જોઇએ કે મોતી એ કોમળ અને બહુ જ નાજુક ઉત્તમ પદાર્થ છે. મોતીમાં રહેલી કુદરતી શક્તિ આમ્લ પદાર્થોથી નાશ પામી જાય છે. સુરકા, લીંબુનો રસ વગેરે ખાટા પદાર્થ જો મોતીના સંસર્ગમાં આવે તો તેમાં રહેલો ચૂનાનો અંશ અમ્લ પદાર્થના સંસર્ગથી રૂપાંતર પામી કાર્બન ડાઇ–ઓકસાઇડ ગેસ થઇ નીકળી જાય છે અને પરિણામે મોતીની સુંદરતા, તેજસ્વીતા અને સુઘટ્ટતા નાશ પામે છે.

કેટલીક સ્ત્રીઓના મોતીના દાગીના થોડાં વર્ષોમાં તેજહીન થઇ જાય છે, તેનું કારણ મોતી ખરાબ હોય છે તેમ નથી હોતું, પરંતુ સ્ત્રીના પસીનાની અંદર અમ્લ પદાર્થ (ખટાશ)નું પ્રમાણ વધુ હોય છે અને એ મોતીને લાગતું રહેવાથી મોતીની ચમક ધીમે ધીમે નાશ પામી જાય છે. એથી મોતી ધારણ કરનાર સુંદરીઓએ ખાસ ખ્યાલ રાખવો ઘટે કે ઉપયોગ હોય તેટલો સમય મોતીના દાગીના પહેરી પછી તેને કાઢી નાંખી મખમલની સુરક્ષિત પેટીઓમાં રાખી મૂકવાં જોઇએ. રાત્રિ અને દિવસ પહેરી રાખનારના મોતીના દાગીના

જરૂર બગડી જાય છે. ગરમીની મોસમમાં અને રાત્રિની નિદ્રામાં તો દાગીના કાઢી જ નાંખવા જોઇએ. તેમ જ મોતીના દાગીના સાથે સોના ચાંદીના દાગીના પણ નહિ પહેરવા જોઇએ.

દવાની બનાવટોમાં

દવાની બનાવટોમાં પણ મોતી ઘણી જગ્યાએ પડે છે. મોતી એ ઉત્તમ પ્રકારનું અદ્વિતીય કેલ્સ્યમ છે એ આપણે ઉપર જોઇ ગયા છીએ. મોતી ખાવાથી મગજ, હૃદય, જ્ઞાનતંતુ અને ચેતનાસ્થાનોમાં બહુ સારી અસર નીપજાવે છે.

આયુર્વેદના અનેક પાઠોમાં મોતીની યોજના જોવામા આવે છે. પરંતુ આજના વેપારી બજારોમાં શુદ્ધ, સાચી અને સારી વસ્તુઓ મળવી જેમ દુર્લભ થઇ પડી છે, તેમ મોતીની બાબતમાં પણ જોવામાં આવે છે. જે મોતી દાગીનાની અંદર સારીને પહેરી ન શકાય તેવાં મોતીઓ દવા માટે જુદાં કાઢવામાં આવે છે અને એને મોતીનો ખાખો કહેવાય છે. આજે મોતીના ખાખાના નામે મોતીની છીપના અંદરના પડના ટુકડા બનાવીને વેચવામાં આવે છે, તેને સાચાં મોતીનો ભૂકો કહી વૈદ્યોને અને મોતી લેનારને છેતરવાનો ધંધો ધીકતો ચાલે છે. લેખક અનેક વખત આવા ઉજળા વેપારીથી છેતરાયો છે અને ત્યારપછી આંખ ઉઘડી છે. ઉપરાંત દાગીનામાંથી નીકળી ગયેલાં તૂટેલાં મોતી પણ દવામાં નાંખવાના કામ માટે વેચાય છે. પરંતુ તેવાં સારેલાં મોતી તો દવા માટે નિરૂપયોગી છે. કારણ કે મોતી સારતી વખતે અંદરનો સત્ત્વવાળો ભાગ કેટલોક નીકળી ગયેલો હોય છે, તેમજ દાગીનામાં ઘણો વખત રહેવાથી પસીનાના સંસર્ગથી મોતીની તાકાત ઓછી થયેલી હોય છે, જેથી દવા માટે સાર્યા વગરનાં જ મોતી લેવાં જોઇએ.

મોતીની ત્રણ જાત

મોતી ઝવેરીઓને ત્યાંથી ત્રણેક જાતનાં મળે છે: બસરાઇ: જામનગરી: ઓસ્ટ્રેલીયા: બસરાઇ સાર્યા વગરનાં મોતી લગભગ

બાજરીના દાણાથી દોઢા કદનાં ૩૦ રૂપીએ તોલાથી મળે છે, અને મિશ્ર થયેલાં પીળી ઝાંયવાળાં જેમાં થોડા મોતીના ટુકડા પણ હોય તેવાં ૨૨ રૂપીઆથી માંડી અઠ્ઠાવીસ રૂપીએ તોલાથી મળે છે. આસ્ટ્રેલીયન ચણાના દાણા જેવડાં ચપટાં, બેડોળ અને તેજહીન હોય છે તે પાંચ, સાત કે દશ રૂપીએ તોલો મળે છે. છીપના ટુકડાને મોતી જેવા ઘાટના બનાવી વેપારીઓ બે, ત્રણ, પાંચ, પંદર રૂપીએ તોલો આપે છે! લેનારની આવડત અને બુદ્ધિના ભરોસે માલ મારે છે!

પહેલા નંબરે બસરાઇ છે. બીજા નંબરે જામનગરી છે અને ત્રીજા નંબરે ઓસ્ટ્રેલીયન છે. પછી તો પ્રતિનિધિ તરીકે બે-ચાર રૂપીએ તોલાનાં મોતી ખરીદવા કરતાં બે રૂપીએ શેર સાચા મોતીની છીપ લઇ, અંદરનું કવર જુદું પાડી લઇ, દવામાં વાપરવું ખોટું નથી. એ છીપની અંદરના કવરનો ગુણ પણ મોતીને મળતો જ છે.

મોતીની દવાના પાઠ ઘણા છે. પણ મોતીની પિષ્ટિ અને સુવર્ણ વસંત માલતી આ બે રીતે મોતી બહુ વપરાય છે. બન્ને પાઠો અત્રે આપીને આ વિષય પૂરો કરીશું.

મોતીની પિષ્ટિ :

સારી જાતનાં મોતીને પાણી ખરલમાં નાંખી વાટવા માંડવાં. દસ દિવસ સુધી સાચું ગુલાબજળ તેમાં નાંખતાં જવું અને વાટયા કરવું. સૂકાઇ જાય એટલે તેને ખરલમાંથી શીશામાં ભરી લેવું. આનું નામ મોતીની પિષ્ટિ અથવા મુક્તાપિષ્ટિ કહેવાય છે.

ઉપયોગ :

મગજની નબળાઇ, આંખોની દૃષ્ટિમંદતા, જ્ઞાનતંતુની નિર્બળતા, યાદશક્તિની ખામી, હીસ્ટીરીયા, ગાંડપણ, પાગલપણું, ધ્રુજારી, સ્નાયુનું ખેંચાણ, મગજ ઉપર અવાજ થવા, આકરી દવાઓથી મગજ ઉપર થયેલી ગરમાઇ, ક્ષયના તાવની ઉષ્ણતા, લોહીનો તપારો, વગેરે

દરદોમાં મુક્તાપિષ્ટિ ઘણું સુંદર કામ કરે છે. પ્રમાણ બે રતી માખણ અથવા મલાઇ સાથે.

સુવર્ણ વસંત માલતી

સોનાના વરખ અથવા ભસ્મ તો. ૧, મોતી તો. ૨, શુદ્ધ હીંગળોક તો. ૩, કાળાં મરી તો. ૪, ખાપરીયું તો. ૯. સઘળી વસ્તુને યુક્તિપૂર્વક પાકી ખરલમાં નાંખી, ઘૂંટી તેમાં બે તોલા માખણ નાંખવું અને ત્યારબાદ કાગદી લીંબુનો રસ નાંખી ઘૂંટતા જવું. જ્યાંસુધી માખણની ચીકાશ નાબૂદ થાય ત્યાંસુધી ઘૂંટવું. લગભગ ૨૧ દિવસ ઘૂંટવાથી તૈયાર થાય છે.

પ્રમાણ : ૨ થી ૪ રતી મધ, માખણ, અથવા મલાઇ સાથે.

ગુણ : ક્ષય, ઉધરસ, ખાંસી, નિર્બળતા, જીર્ણ જ્વર, સર્વાંગ મંદાગ્નિ, તેજોહીનતા, ભારે રોગ પછીની નબળાઇ, વગેરેમાં આ દવા અમૃત જેવું કામ કરે છે. શરીર ઉપર અલૌકિક અસર નીપજાવી જીવનતત્ત્વને વધારે છે. છતાં દવાની વિરૂદ્ધ અસર થતી નથી. બાળકોને ખીલવે છે, નબળી સ્ત્રીઓને બળ આપે છે, છાતી, ફેફસાં અને હૃદયને સજીવન બનાવી તેમનામાં આવેલી નિર્માલ્યતાને દૂર કરનાર જગતપ્રસિદ્ધ આ દવા પોતાની ઉત્તમતા માટે હમેશાં પ્રશંસા પામે છે.

બધાં દ્રવ્યો સારાં, સાચાં અને સંપૂર્ણ પ્રમાણમાં નાંખવામાં આવ્યાં હોય તો કોઇ પણ વખતે સુવર્ણ વસંત માલતી કામ નથી કરતી એમ બન્યું જ નથી. પછી સસ્તું બનાવવા ખાતર મોતી કે સોનું ન નાંખે અને નામ આપે સુવર્ણ વસંત માલતી! એવી રીતે બજારૂ માલતી ગુણ ન કરે તે દોષ આયુર્વેદનો નથી.

માટે ધનવાનોએ આવા પાઠોને અપનાવી તેજસ્વી ઔષધો ઘરઆંગણે વૈદ્યોને રોકી બનાવવા જોઇએ અને ગરીબોને મફત આપી ખરા પૂણ્યના ભાગીદાર બનવું જોઇએ.

卐

પ્રગાઢ-નિદ્રા

વિવિધ પ્રવૃત્તિઓથી, પ્રપંચી દોડધામ અને સંસારનાં પ્રચંડ આંદોલનોથી થાકેલા અને તનમનની શાંતિ ચાહતા હરકોઇ મનુષ્યને એટલી જ મીઠી ઉંઘની આવશ્યકતા છે, જેટલી શરીરને જીવંત રાખવા માટે આહારની.

શરીરની જાગૃત, સ્વપ્ન અને સુષુપ્ત અવસ્થાઓની કલ્પના ધર્મશાસ્ત્રો આપે છે. એ માંહેથી જાગૃત અને સ્વપ્નને બાદ કરતાં ત્રીજી અવસ્થા જે સુષુપ્ત ગણી શકાય તે જ આપણી પ્રગાઢ નિદ્રા.

એ તો દરેક માનવીએ કબૂલ કરવું જ ઘટે કે થોડા યા ઘણા કાર્યને અંતે જ્યારે શરીર અને મન થકાવટ અનુભવતાં હોય ત્યારે તેમને શાંતિ આપવા અને ફરી તાઝગી બક્ષવા પ્રગાઢ નિદ્રાની જરૂર પડે છે. કુદરતે પણ તે સારૂ યોજનાને રૂપે જાણે રાત્રિ અને દિવસ સરજી આપ્યાં હોય અને તે સૂચન કરતી હોય કે વહાલા માનવ-પ્રાણી !

તું સૂર્યના પ્રવૃત્તિપ્રેરક કિરણના આશ્રયે આગળ વધી ફુલે-ફાલે અને ચંદ્રનાં શીતળ તથા પોષક કિરણોથી અમીસિંચન ઝીલીને પુનઃ તાઝગી મેળવે.

અને જ્યારે માનવી દેહલતા પસારી દીર્ઘ શ્વાસપ્રશ્વાસને વહન કરતો, રાત્રિના સામ્રાજ્યમાં સુષુપ્તિની ગોદે, તનમનનો થાક મીટાવી રહ્યો હોય છે, ત્યારે શરીરમાંનાં વિષૈલી પરમાણુંઓ નાશ પામી, શરીર તંદુરસ્ત, તાઝગીભર્યું અને મન નિર્મળ ગંગાજળ સમું પવિત્ર બની ઉષાના પ્રાદુર્ભાવે જાગૃત થાય છે, ત્યારે તેની સઘળી પૂર્વ-પ્રવૃત્તિઓને ભેટે છે, છતાં નથી તેમાં તેને કંટાળો હોતો, નથી પૂર્વની થકાવટ રહેતી. એ તો બમણા ઉત્સાહે, ચૈતન્ય ભરેલા જ્વલંત પ્રોત્સાહને લાદેલા બોજાને વહન કરે છે.

એ પ્રભાવ છે પ્રગાઢ નિદ્રાનો. ત્યારે શું આપણે પ્રગાઢ નિદ્રા નથી લઇ શકતા ? હા, એ વાત સાચી છે, અને એમ જ છે, એની સાક્ષી રૂપ આપણું તન મન કહી આપે છે કે આપણે, સુષુપ્તિ નહિ, પણ તંદ્રા અથવા સ્વપ્ન-નિદ્રાજ લઇ શકીએ છીએ. આપણને જેની જરૂર છે, જે નિદ્રા મેળવવાથી આપણે પુનઃ પ્રોત્સાહિત, નિર્મળ થઇ શકીએ છીએ, તેવી પ્રગાઢ નિદ્રા આપણે નથી જ લઇ શકતા.

તેનું કારણ આપણા આહારવિહારની સાથે જરૂર અગત્યનો સંબંધ ધરાવે છે. છતાં તેનું સર્વોપરી અને મુખ્ય કારણ છે મન. જેમ મન સૃષ્ટિનું સર્જક છે તેમ પ્રવૃત્તિનું પ્રેરક પણ છે, તે નિર્વિવાદ વાત છે. ત્યારે રાગ, દ્વેષ, માન, અપમાન, ઇર્ષ્યા, ક્રોધ, વેર, અને ક્લેશાદિના વંટોળને મન ઝડપથી ગ્રહણ કરી નિદિધ્યાસમાં પચાવી લે છે અને પછી જ્યારે જ્યારે સમય મળે છે ત્યારે ત્યારે તેને મૂર્તરૂપ આપી, તેમાં પોતે સૃષ્ટિ ઉત્પન્ન કરીને, નિશ્ચળ નિર્વિ-

કલ્પતા અનુભવવાને બદલે ચંચળતા, અને રાગતા અનુભવે છે. એ છે આપણી સ્વપ્નસૃષ્ટિ અથવા અપૂર્ણ નિદ્રા.

આ વાતો છે યોગ અને સાંખ્યની. એને વળી પ્રગાઢ નિદ્રાના નામે આમ જનતાની સામે ધરવાની જરૂર શી?

ધીરા, ભાઇ! ધીરા, સંસારની જીવનયાત્રા ખેડી રહેલા માનવતનુને પ્રાપ્ત થયેલા બંધુ! ધીરા.

ગરીબ અને તવંગર, સુરૂપ અને કુરૂપ, ધીમાન અને અલ્પ બુદ્ધિમાન, એરોપ્લેનમાં ઉડનાર અને વિના ઉપાને પૃથ્વીપર પગ ઘસનાર માનવીને એક વખત જીવનમાં એવો સંકલ્પ તો જરૂર થાય છે કે આ ક્ષણે ક્ષણે પલટાતા રંગ રૂપવાળા, અસ્થીર, વિચિત્ર અને ગહન સંસારથી રહીત, કોઇ એવી સૃષ્ટિ હોય, જ્યાં રાગદ્વેષ ન હોય, કંકાસ ન હોય, આધિ, વ્યાધિ ન હોય, યૌવન કે જરા ન હોય, પૂર્વ–પર ન હોય કેવળ શાંતિ, કેવળ નિજાનંદ, કેવળ શાંતિ હોય.

એ છે આપણી તુર્યાવસ્થા-નિર્વિકલ્પ સ્થિતિ મનની.

અને એવી જ રીતે પ્રગાઢ નિદ્રાની ઇચ્છા ધરાવનારને એ મનના અભ્યાસની જરૂર છે. અર્જુનના વચન પ્રમાણે–**પ્રમાથી બલવદ્દૃઢમ મનને અભ્યાસેનતુ કૌંતેય વૈરાગ્યેણ ચ ગૃહીયતે.** ધીરે ધીરે અભ્યાસથી મન આંતરબાહ્ય સૃષ્ટિને ભૂલી જતાં શીખે, તેને શીખવાનો અભ્યાસ કરાવવામાં આવે તો હરકોઇ મનુષ્યપ્રાણી સ્વેચ્છાનુસાર પ્રગાઢ નિદ્રા સુખપૂર્વક લેનાર, દીર્ઘજીવી, બળવાન અને ધીમાન પણ થઇ શકે.

તેના બે પ્રકાર છેઃ (૧) કાર્યસહ, (૨) કાર્યાંતે :

(૧) કાર્યસહ

હરકોઇ ચાલતી ક્રિયાએ આપણે આપણા મનને રોકી લઇ તેની સામે પ્રશ્ન મૂકવો. આ ક્રિયા સાથે તારો સંબંધ શો? કાંઇ જ નહીં.

તો પછી તેના સંબંધમાં નિદિધ્યાસ અને ચિંતવન શા માટે ? નહીં જ, અને છતાં એ ઉપદેશને ભૂલી જઇ મન ચિંતવન કરવા લાગે ત્યારે ત્યારે તેને રોકી લઇ ફરી ફરી તેને તે ઉપદેશ આપી, જુદું પાડવા માટે કરવામાં આવતો પ્રયાસ એનું નામ તે અભ્યાસ.

આ અભ્યાસ જેમ જેમ આગળ લંબાવવામાં આવે છે તેમ તેમ મન ખોટા સંકલ્પ વિકલ્પને છોડી દઇ, નિર્વિકલ્પ બનતું જાય છે; અને જે કાર્ય માટે ચિંતનની જરૂર છે તે વિષે માત્ર એક વખતની અંદર મન તેનો નિર્ણય કરી લે છે. દિવસોના અંતે પણ અનેક ભાંજગડ પછીયે જે દૃઢતા મેળવી શકાતી નથી તે એક જ વખતના સંકલ્પે દૃઢતા મેળવી લેવાય છે અને પાછું મન નિર્વિકલ્પ બને છે. જેમ જેમ અભ્યાસ વધતો જાય છે તેમ તેમ આનંદ આવતો જાય છે. પ્રવૃત્તિ કરવા છતાં પણ મન જળકમળવત ન્યારૂં રહેતાં શીખે છે.

(૨) કાર્યાન્તે

બધી પ્રવૃત્તિના અંતે, રાત્રિના સમયે, જ્યારે આપણે નિદ્રાની ઇચ્છાએ શય્યાવશ બન્યા હોઇએ ત્યારે આ ક્રિયા–મનની નિર્મળતા અને નિદ્રાની પ્રગાઢ અવસ્થા માટે કરવાની જરૂર છે.

પૂર્વની માફક મનને સમજાવી દેવામાં આવે કે તારે અને આ ક્રિયાને કાંઇ પણ સંબંધ નથી, અને ત્યારપછી **શવાસન** પથારીમાં હાથ, પગ, મસ્તક, સઘળાં સીધી કક્ષામાં રાખી, આંખોની દૃષ્ટિને નાકની અણી ઉપર ઠેરવી, જેટલી બને તેટલી વાર સુધી એ દૃષ્ટિ ત્યાં જ સ્થીર કરી, આપોઆપ આંખો વીંચાય ત્યારે આંતરદૃષ્ટિ લગાવી, ચાલતી ગડભાંજને બંધ કરી, એની ઉપર પહેરેગીરની માફક **યતો યતો ધાવતિ**—જ્યાં જ્યાં મન દોડવા લાગે ત્યાં ત્યાંથી એને રોકી તેને નિર્વિકલ્પ બનાવવું, **સંકલ્પ** કરવા ન

દેવો. આ અભ્યાસ ચાલતો હશે તેમાં જ તમે સુષુપ્તિમાં જઇ પડશો અને તે ક્યારે બન્યું તેનો પણ તમને ખ્યાલ નહીં રહે. એથી તમે પ્રગાઢ નિદ્રા સેવવા લાગશો. આ અભ્યાસ પૂર્વે, તમારી નિદ્રાંની શરૂઆતથી જ તમે સીનેમાના પ્લોટની માફક સ્વપ્નસૃષ્ટિમાં, ક્રોધના, દ્રૂષના, ભયના, લાગણીના આવેશોથી હચમચી જતા હશો, તમારૂં મન-ચિત્ત વિહ્વળ, ડંખાયેલું, છેડાયેલું, અસ્થીર નિદ્રાની અંતે જે જણાતું હશે તે અભ્યાસ પછી પ્રસન્ન, શાંત, ગંભીર, સ્થીર, સ્ફુર્તિમાન જણાશે. અને એ આનંદ જ્યારે તમે અનુભવશો ત્યારે જ તમને આ કથનની સચ્ચાઇ પૂરવાર થશે.

આ તો ઉપાયો છે પ્રગાઢ નિદ્રા માટે માનસિક અભ્યાસના. પરંતુ એ માનસિક અભ્યાસને બળવત્તર બનાવવા માટે એટલી જ જરૂરીયાત શારીરિક બાબતની છે.

કારણ કે મનને નિર્મળ કે વિહ્વળ બનાવવાને બહારનાં કારણો ઓછાં સત્તાવાન નથી; અને એટલે જ દેશ, કાળ, ક્રિયા અને સંગ મન ઉપર પોતાની રંગબેરંગી પિછોડી ઓઢાડે છે ત્યારે મનની અકલ્પનીય સ્થિતિ ઉદ્દભવે છે.

ભાંડીનો કુલ ડોઝ ઉપાડી જઇ કે રાત્રિના રંડીના નાચ મુજરા પછી મનની ચંચળતા શમાવવા માટે અભ્યાસ કંઇ કરી શકે એમ મારૂં માનવું નથી. સ્થિતપ્રજ્ઞ કે પૂર્ણ સ્થિતિએ પહોંચ્યા પછી સ્વેચ્છાચારી બનવા છતાં આવી બાબતો કદાચ બાધક નહીં હશે. એ વાતમાં આપણે ઉંડા ન ઉતરી શકીએ, પરંતુ અભ્યાસથી આગળ વધવા અને પ્રગાઢ નિદ્રાની ઇચ્છા ધરાવનારાઓ માટે આહાર-વિહારનું નિયમન પણ જરૂરનું તો છે જ. અસ્તુ.

卐

રજસ્વલા

રજસ્વલાપણું તે ભાવી પ્રજોત્પત્તિનું ચિહ્‌ન છે. તેને માટે શાસ્ત્રકારોએ અમુક પ્રકારના ચોક્કસ નિયમો બાંધેલા છે. તે પ્રમાણે વર્તવાથી નીરોગી અને સદ્‌ગુણી બાળકો પેદા થાય છે, પરંતુ તેનાથી સર્વથા વિરૂદ્ધ અર્થાત સ્વચ્છંદી અને સ્વતંત્ર વર્તણુકથી અનેક અકથ્ય ઉપદ્રવો પેદા થતા જોવામાં આવે છે. કુટુંબની વૃદ્ધાઓ પોતાને એનું ઓછું જ્ઞાન હોવા છતાં પરંપરાથી રજસ્વલાને વર્તવાના નિયમો એવી સારી રીતે સમજી વ્યવહારમાં યોજતી કે પ્રથમ રજસ્વલા થતી વધૂઓ અને પ્રથમની પુત્રમાતાઓને કશી હરકત ન આવે. હાલ મીડવાઇફોની સલાહની જરૂર પડે છે, અને ગર્ભાશય જેવા કોમળ અંગમાં જીંદગી સાથે જડાયેલા વ્યાધિને વહોરી જે વિષમય પરિણામ ભોગવતી નજરે આવે છે, તે હાલની મનસ્વી વર્તુણૂંકને આભારી છે. આજનાં યુવતી–યુવાન વર્ગને વૃદ્ધની પરવા નથી. આજે તેઓ સ્વતંત્ર થવા માગે છે. જૂનાને દફનાવી નવી સૃષ્ટિ, નવું જીવન ભોગવવા ઇચ્છે છે– ઇચ્છયું છે. અમે સ્વતંત્રતાને વખોડવા માંગતા નથી. અમે પણ ચાહીએ છીએ કે અમુક હદ સુધી ભલે તે સ્વતંત્ર હોય, પણ સ્વતંત્ર એટલે સ્વચ્છંદતાથી વીંટાયેલું સ્વાતંત્ર્ય જરૂર ધિક્કારને પાત્ર છે. જેમાં પોતાના મનુષ્યત્વનો ધર્મ સચવાતો ન હોય, જેથી પોતાનો જીવનાનંદ ખતમ થતો હોય તેવા સુધારા અને તેવી સ્વતંત્રતાને તાત્કાલિક તિલાંજલી ઘટે છે. અને આવા સુધારાને હજારો વિદ્વાનો ધિક્કારે છે. એક વિદ્વાન લેખક જણાવે છે કે ઓરત જાતનાં દુઃખ અને દરદો આજથી પચાસ વર્ષ ઉપર જેટલાં નહીં હતાં તેના

કરતાં વધારે નવાં નવાં દર્દો આજે ઓરતોને થતાં માલૂમ પડ્યાં છે. એ ઉપરથી હું દેખાડવા માગું છું કે જેમ જેમ કેળવણી અને સુધારો આગળ વધતાં ગયાં તેમ તેમ નવાં નવાં દુઃખ અને દર્દો ઓરત જાતને લાગુ પડતાં ગયાં તેમાં જરાયે શક નથી. હું તમારી ખાતરી કરવા માગું છું કે સેંકડો બલકે હજારો ઓરતો આજે આપણી વચ્ચે એવાં કેટલાંક દરદોથી રીબાતી હોય છે કે તે મર્યાદાની ખાતર એ દર્દોની બીજા પાસે ફરિયાદ કરતાં પણ સંકોચાય છે. એનું એક જ કારણ આપણે વર્તી શકીશું અને તે એજ કે આપણી વચ્ચે વધતાં જતાં સઘળાં નવાં નવાં દુઃખ દર્દો દિનપરદિન આગળ વધતા જતા સુધારાની આશીષની સાથે સુધારાના શાપને લીધે છે. આવાં સુધરેલાં દર્દોથી એકલી આ દેશની ઓરતો નહિ પણ જ્યાં જ્યાં સુધારો ચાલી રહ્યો છે ત્યાં સઘળે ઠેકાણે ઓરત જાત સુધારાના શાપની ભોગ થઇ પડી છે. એક નવી ફેશન ઓરતોમાં દાખલ થાય છે તો તેની સાથે અનેક નવાં સુધરેલાં દર્દો એક યા બીજા આકારમાં પોતાનાં બીજ વાવે છે. એક નવી ફીશયારી ઓરતોમાં જન્મ પામે છે તો અનેક નવાં નવાં દરદો તે પોતાની સાથે લેતી જ આવે છે. એક નવો શોખ ઉભો થાય છે તો અનેક નવાં દરદો ઉભાં થાય છે. સાહિત્ય તેને વર્ણવી શકે તેમ નથી.' એટલા જ માટે આજની સમજુ અને શાણી જનતા બોલે છે કે આપણી ઉછરતી ઓલાદ તેમના વડીલો જેવી છે નહીં. આ બાબત શું ખોટી છે? સેંકડો બલકે હજારો કુંવારી કન્યાઓ અને હજારો યુવાન માતાઓ આ જગતમાંથી કવખતની ભરતીના પાણીમાં તણાઇને વસડાઇ જાય છે. તે સઘળી જો કુદરતના સ્વાસ્થ્ય-શાસ્ત્રના નિયમને જ અનુસરી ચાલી હોત તો આ સુધરેલાં દરદોનો કેટલો મોટો ફેલાવો થતો અટકત?

આટલા પ્રસ્તાવ પછી અમે રજસ્વલા સંબંધી કાંઇક જણાવીશું: સ્ત્રીઓને દરેક માસે ગર્ભાશયમાંથી જે રક્તસ્રાવ થાય છે તેને ઋતુ યા કોરે બેસવું–છેટે થવું કે રજસ્વલા વગેરે નામથી સંબોધાય છે. અને

કુમારિકામાંથી યુવાવસ્થાની શરૂઆતમાં તે પ્રકટ થાય છે. સુશ્રુતમાં બારના વર્ષથી શરૂઆત જણાવી પચાસ વર્ષે બંધ થવાનું સૂચવે છે. અપવાદ રૂપે આજના સ્વતંત્ર શોખીન જમાનામાં કદાચ નવ દશ વર્ષે ઋતુ આવી ગર્ભ ધારણ થતો હોય તો પણ ના ન કહી શકાય!

ગામડામાં રહેનાર ગરીબ અને ઉદ્યોગ કરી જીવન ગુજારનાર સાદા શાંત વાતાવરણમાં ઉછરેલ છોકરીઓને ઋતુ જરા મોડું આવે છે, ત્યારે શહેરમાં કામધંધા વગર મોજશોખ અને એશઆરામમાં દિવસ ગુજારનાર ધનવાન માબાપોની સ્વતંત્ર છુટ મેળવતી, નાચ મુજરા, નાટક, સીનેમા, નવલકથાઓની નિત્ય અભ્યાસી, નિરંતર ગરમાગરમ આહારવિહારમાં આનંદ માનનારી છોકરીઓ વહેલું ઋતુ પ્રાપ્ત કરે છે.

શુદ્ધ અને નિયમિત ઋતુ આવવું તેજ પ્રજોત્પત્તિની નિશાની છે. તેમાં જેટલી ખામી તેટલું પ્રજોત્પત્તિને હરકતકર્તા છે. શુદ્ધ ઋતુ ક્યારે ગણાય કે દર મહિનાના ૨૫થી ૨૮ દિવસે ઋતુ દેખાય અને બરાબર ચારથી છ દિવસ રહે. દરમ્યાન ખાસ કોઇ પણ જાતની ઉપાધિ કે વ્યાધિ થાય નહિ. પરંતુ ઋતુ આવવાનું હોય તે અગાઉ એકાદ બે દિવસ શારીરિક થાક જણાય, સ્તન, કમર અને પીડમાં સાધારણ દર્દ થાય, જાંગો અને સાથળ ભારે જણાય અને ત્યારપછી ઋતુ આવવું શરૂ થાય એટલે આ દર્દો ધીમે ધીમે બંધ પડી જાય. જે રક્ત બહાર આવે તેનો વસ્ત્ર ઉપર ડાઘ પડે પણ ધોવાથી નીકળી જાય. પ્રમાણમાં ૨થી ૪ ઔંસ સુધી પડે. આમાં દેશ, અવસ્થા, શિતોષ્ણ કટીબંધ પ્રદેશ, શારીરસ્થિતિ પ્રમાણે ઓછું વધુ ઋતુ આવે છે. કેટલીક સ્ત્રીઓને વધુ લોહી આવી હિસાબે વધુ રક્તસ્રાવ થાય છે. છતાં કોઇ પણ જાતનાં નબળાઇનાં ચિહ્નો જણાતાં નથી. અને કેટલીક સ્ત્રીઓને ફક્ત એકાદ બે તોલા જેટલો જ રક્તસ્રાવ થાય પરંતુ શરીરની તંદુરસ્તી સારી હોય છે. આ પ્રમાણે ઋતુસ્રાવ

સંબંધી અપવાદો ઘણા છે. આયુર્વેદ શાસ્ત્ર તો **ऋतुस्तु द्दष्टार्तवा द्वादश रात्रं भरति** ઇત્યાદિથી બાર દિવસ સુધી સ્ત્રીઓને ઋતુમતી ગણાવે છે. હવે આવી રીતે ઋતુમતી થયેલ સ્ત્રીને વૈદકશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર અપવિત્ર ગણી અસ્પર્શ્ય–એકાંતસેવી રાખવાને ભાવપ્રકાશમાં નીચે મુજબ જણાવેલ છે:

प्रथमेऽह्नि चांडाली द्वितीये ब्रह्मघातिनी
तृतीये रजकीपुसां यथा वर्ज्या तथां मना

અર્થાત રજોદર્શનના પહેલા દિવસે સ્ત્રી ચાંડાલી જેવી ગણવી, બીજે દિવસે બ્રહ્મઘાતિની, ત્રીજે દિવસે રજકી–ધોબણ જેવી ગણવી, ચોથે દિવસે શુદ્ધ ગણાય છે. અત્યારે આ વિચારને માનનારા બે વર્ગ છે: એક શુદ્ધ ધાર્મિક કહેવરાવતો વર્ગ અને બીજો સુધારાના શિખરે ચઢેલો વર્ગ. આ પ્રથમનો વર્ગ સ્ત્રી ઋતુમતી થઇ એટલે એને વર્જ્ય ગણી ચાલુ ઘરના કામકાજમાં ભાગ લેવા દેતો નથી. પરંતુ તેને માટે ખાસ કામકાજ જુદું તૈયાર રાખેલું હોય છે. તેમાંય બિચારી ઇર્ષ્યાગ્નિથી બળતી આજની સાસુઓને તો જાણે કે વહુને વશ કરવી એ જ ધ્યેય હોઇને, તેણે શું દળવું, ખાંડવું, ગારમાટી કરવી, વસ્ત્ર ધોવાના ગાંસડા વગેરેની આગમચથી તૈયારી કરી રાખી હોય છે. જે આડે દિવસે કદાચ થોડી પણ વિશ્રાંતિ મેળવતી હોય તેને આ વખતે શિક્ષા રૂપી કામ કરવું પડે છે અને એ પ્રચલિત રીવાજ પડી ગયો હોય છે. તેથી ગારમાટી કરતાં આખો દિવસ ભેજમાં રહેવું પડે કે કપડાં ધોતાં કલાકોના કલાક પાણીમાં બેસવું પડે. આથી ઋતુમતીની શી દશા થાય છે અને તેને કેવા જીવલેણ વ્યાધિ લાગુ પડે છે તેનું સાસુઓને થોડું જ ભાન હોય છે. તેઓ તો કહે છે કે–ના બા, બેસી તે કેમ રહેવાય? આવું આવું કામ કરીને તો અમે ઘરડાં થયાં! ઉપરાંત ઋતુમતીને પુરતા આરામની જરૂર છે, ત્યારે તેના માટે આવાં કામો તૈયાર કરી રાખેલાં હોય છે. ઋતુમતીને ભેજ, પાણી કે ઠંડક તો રોગના

ળમાં લઇ જનારાં દ્વાર છે. તેના માટે શિયાળા જેવી ટંડક હોય
નાં પુરતું ઓઢવા પાથરવાનું મળતું નથી. એકાદ ટાટ કે એકાદ
ામળાથી ચચ્ચાર દિવસ નીભાવી લેવાનું હોય છે. અને દિવસે
પડાં ધોવાં, વાસણ માંજવાં કે ગારમાટી કરવી, ઇત્યાદિ ખાસ શરી-
ને હવા લાગનારાં કામો કરવાનાં હોય છે. એને લઇ શરીરમાંથી
ત્યેક મહિને જે ઋતુસ્રાવ થઇ શરીરને ધોઇ સ્વચ્છ રાખે છે, તે
મા પ્રકારથી ઋતુ આવતું અટકાઇ જાય છે અને ગર્ભાશય જેવા
ામળ અંગમાં તે લોહીની ગ્રંથી બંધાય છે. એને પરિણામે અત્યાર્તવ,
ષ્ટાર્તવ, કષ્ટાર્તવ, પીડિતાર્તવ જેવા વ્યાધિ લાગુ પડવા ઉપરાંત
ના સંસારમાં સંતતિરૂપી વેલનું મૂળ વિદગ્ધ કરી મૂકે છે.

બીજો વર્ગ કહેવાતા સુધારાના પંથે પ્રવર્તેલો છે. તેઓ ઋતુ-
તીને અપવિત્ર ગણતા નથી, અર્થાત્ હંમેશના ગૃહવ્યવહારનાં કામ
માણે જ ઋતુ આવ્યાના વખતમાં પણ તેવો જ વ્યવહાર ચાલુ
ાખવામાં આવે છે. થોડો ભાગ બાદ કરતાં બીજો આ વર્ગનો કેટલોક
ાગ ઋતુમતી સ્ત્રીનો સંગ કરવામાં પણ અચકાતો નથી! હાલમાં
હિંદુસ્તાનમાં નહીં વસનાર અને હિંદુશાસ્ત્રને નહિ માનનાર યુરોપ
અમેરિકાવાસીઓ પણ વધતી જતી વિજ્ઞાનની શોધોથી પ્રાચીન
માન્યતાનુસાર ઋતુકાળના ચાર દિવસોને નિંદ્ય ગણવા લાગ્યા છે, ત્યારે
હિંદુસ્તાનમાં વસતા હિંદ માતાના તનુજો ખાલી સુધારાની ડંફાસમાં
ર્તવ્યધર્માભિમાની શારીરારોગ્યનાં સૂત્રોને નેવે ચઢાવી શો સ્વાદ
ાખતા હશે, તે તો તેઓ જાણે. ઠેઠ પ્રાચીન કાળથી જ આવા
પ્રકારની માન્યતા ચાલી આવે છે કે રજોદર્શન વખતે સ્ત્રીસંભોગ
રવો તે સખતમાં સખત ઇશ્વરી ગુન્હો છે અને જંગલીઓનું
જંગલીપણું છે, જે કરવાથી સ્ત્રીઓને પ્રદર લાગુ પડે છે અને
રૂષોને પ્રમેહ થાય છે. જે વર્ગ રજોદર્શન પાળતો નથી તેણે સારી

રીતે સમજવું જોઇએ કે તેનાથી કેટલું નુકસાન છે. જગતના ઉદ્ધારક મહાત્મા સુશ્રુત જણાવે છે કે :

तत्र प्रथमे दिवसे ऋतुमत्यां मैथुन गमनमनायुष्यं पुंसां भवतो पश्चातत्राधीयते गर्भः सप्रसव मानो विमुच्यते द्वितीयेप्येवं सूतिकाग्रदेवा तृतीयेप्येवम् सपूर्णाङ्गो अल्पायुर्वाभवति.

અર્થાત પહેલે દિવસે મૈથુન કરવામાં આવે તો પુરૂષના આયુષ્યની હાનિ થાય છે. અને જો તેમાં ગર્ભ રહે તો પણ જન્મતાં જ મરી જાય છે. બીજે દીવસે મેથુન કરવાથી પણ પુરૂષના આયુષ્યની હાનિ થાય છે અને ગર્ભ જન્મતાં જ મરી જાય છે અથવા દશેક દિવસનો થઇ નાશ પામે છે. ત્રીજે દિવસે સ્ત્રીસંગ કરવામાં આવે તો પણ એમ જ થાય અથવા જો જીવે તો અલ્પાયુષી અથવા અપૂર્ણ અંગવાળો થાય છે. ચોથે દિવસે સંભોગ કરવામાં આવે તો ગર્ભ સંપૂર્ણ અંગવાળો અને લાંબા આયુષ્યવાળો થાય છે.

આ પ્રમાણે રજસ્વલા સ્ત્રીનો સંગ જેમ અતિ નિષિધ છે, તેમ તેનો ઘરકામમાં ઉપયોગ કે સ્પર્શનો પણ નિષેધ છે. જેઓ આવી બાબતને વહેમ કહી હસી કાઢતા તેઓ પણ અખતરા કરી અજમાયશથી ખાત્રી કરી ચુક્યા છે કે ઋતુમતી સ્ત્રીના શરીર અને હાથમાંથી એક પ્રકારની ઔશ નીકળે છે. તે જે જે પદાર્થને અડકે છે તે વિરૂપ દશાને પામે છે. પ્લીની પોતાના 'નેચરલ હિસ્ટરી' નામના ગ્રંથમાં લખે છે કે રજસ્વલા સ્ત્રીના સ્પર્શથી દારૂ ખાટો થઇ જાય છે, ઝાડ ઉપરથી ફળો ખરી પડે છે, અસ્ત્રાની ધાર બુઠી થઇ જાય છે, પિત્તળ અને લોખંડ કટાઇ જાય છે, મધમાંખીઓ મરી જાય છે, ઘોડીઓને ગર્ભપાત થાય છે. અને નવા ફુટેલા ધાન્યના અંકુરો કરમાઇ જાય છે, ખીલેલાં પુષ્પો ચીમડાઇ જાય છે અને આવી વિજ્ઞાનદ્રષ્ટિને લઇને જ કદાચ દીર્ઘ દષ્ટિથી પૂર્વાચાર્યોએ આરોગ્યનાં સુત્રને ધર્મનો લેબાશ પહેરાવી ધર્મગ્રંથોમાં દાખલ કર્યાં હોય તો ના કેમ કહેવાય? બિચારી શીતેર એંસી વર્ષની વૃદ્ધાઓ કે જેને સુધારાના

વાયુએ સ્પર્શ કર્યો નથી તે નાની વહુ દીકરીઓને જાણે કે સ્ત્રીશારીરનું જ્ઞાન આપતી હોય તેમ બોલતી સાંભળી છે કે :—

બેટી, ઉભે ઉભે પાણી પીશ નહીં, ચણીયાને અતીશય તાણીને બાંધીશ નહીં, વિષમ આસને બેસીશ નહીં, અતિશય હસીશ નહીં, શીતળ જળથી નાહીશ નહીં, અતી ઠંડું જળ પીશ નહીં, તેલ, મરચું કે વિદાહી ખાઇશ નહીં.

બેશક આ સૂત્રો તેઓના પ્રેકટીકલ અનુભવના હશે પણ માનવાને કોણ તૈયાર છે? એટલે જ આપણે જોઇએ છીએ કે હાલમાં જન્મેલો અને નવો જન્મતો બાળક વર્ગ જોતાં આંધળો, બહેરો, વિરૂપાંગી અલ્પાયુષી, ખોડખાપણવાળો અને અકુદરતીનો મોટો ભાગ જોવામાં આવે છે. શું તે નથી સૂચવતું કે શાસ્ત્રમર્યાદાને ઓળંગવાનું જ આ ફળ છે? પોતાના વંશજોની પરિપાટી અને સિદ્ધાંતો ઉવેખનાર વિપથગામી પ્રજાની આવી રાક્ષસી સંતતિ નીપજે તેમાં આશ્ચર્ય શું? કેવળ જગતનું હિત સાધવું તે જ જેનું ધ્યેય હતું, યોગસાધનાથી પરામર અને દીવ્ય દીર્ઘદૃષ્ટિ જેણે પ્રાપ્ત કરી હતી તેવા ભગવાન સુશ્રુતના રજસ્વલાના નિયમો ટાંકી આ લેખ પુરો કરીશું. તેનું મનન અને આચરણ જીવનના વ્યવહારમાં ઉતારવાથી શારીરિક અને સાંસારિક સુખ મેળવવા ઉપરાંત દેશને ઉપકારી અને પ્રભાવશાળી સંતતિ આપી શકાય છે. તેવી જ સંતતિ દેશને આઝાદ અને સ્વતંત્ર બનાવી શકે છે.

૧ ઋતુ પ્રાપ્ત થાય ત્યારે રજોદર્શનના વખતથી ત્રણ દિવસ સુધી સ્ત્રીઓએ ઉત્તમ વિચારો સેવવા. ૨. સ્નાન ન કરવું. ૩ અલંકારો ધારણ ન કરવા. ૪ દર્ભની પથારી ઉપર સુવું. ૫ દુધમાં તૈયાર કરેલ જવનો ખોરાક ઘણા થોડા પ્રમાણમાં જમવો, (સાત્વિક શુદ્ધ આહાર કરવો) અર્થાત જે ખોરાક લેવાથી ઋતુસ્રાવ ઉપર અસર થઇ ઋતુ બંધ થાય કે અત્યાર્તવ આવે એવો ભારે, વિદાહી, ઠંડો કે અતિ ઉષ્ણ નહીં લેવો. કેટલીક જગાએ રજસ્વલાને દુધ નથી આપતા પણ

તેમાં અમને તો કાંઇ સમજાતું નથી. અમે તો દુધ લેવાની છુટ આપીએ છીએ. ૬ પાંદડામાં, માટીના વાસણમાં અથવા હાથમાં જમવું. ૭ પ્રથમ ત્રણ દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું, ચોથે દિવસે સ્નાન કરી સફેદ વસ્ત્ર ધારણ કરી સફેદ પુષ્પોની માળા પહેરવી. પુત્રની ઇચ્છાવાળી સ્ત્રીએ સ્નાન કર્યા પછી પોતાના પતિનું મુખ જોવું જેથી પતિના રૂપ, ગુણ, ધર્મવાળો પુત્ર થાય છે. (આ માન્યતા અત્યારે ઘણી જગાએ પ્રચલિત છે.) શ્રી. વાગ્ભટ્ટ.

૧ ઋતુકાળમાં પહેલા ત્રણ દિવસ બ્રહ્મચર્ય પાળવું. ૨ દિવસે ઉંઘવું નહીં. ૩ આંખમાં આંજણ આંજવું નહીં. ૪ આંસુ પાડવાં નહીં (રડવું નહીં). ૫ સ્નાન ન કરવું. ૬ ચંદનાદિ લેપ કરવો નહીં. ૭ શરીરે તેલ ન ચોળવું. ૮ નખો ન કાપવા. ૯ દોડવું નહીં. ૧૦ બહુ હસવું નહીં. ૧૧ બહુ બોલવું નહીં. ૧૨ બહુ કોલાહલ ન સાંભળવો. ૧૩ માથું ઓળવું નહીં. ૧૪ બહુ પવનમાં જવું નહીં. ૧૫ ઘણી મહેનત કરવી નહીં. ૧૬ દર્ભના આસન ઉપર સુવું. ૧૭ હાથમાં, પાતળમાં અથવા માટીના વાસણમાં હવિષ્યાનનું ભોજન કરવું.

ઉપર્યુક્ત નિયમો નહી પાળવાથી થતો ગેરલાભ.

૧ ઋતુકાળમાં રજસ્વલા સ્ત્રી દિવસે સુવે તો સંતાન બહુ ઉંઘણસી થાય. ૨ આંખમાં આંજણ આંજે તો આંધળું થાય. ૩ રૂવે તો આંખો ખરાબ થાય. ૪ નહાય કે લેપ કરે તો બાળક દુઃખી થાય. ૫ તેલ ચોળે તો બાળક કુષ્ટ રોગવાળું થાય. ૬ નખ કાપે તો ખરાબ નખવાળું થાય. ૭ દોડે તો બાળક ચંચળ થાય. ૮ બહુ હસે તો કાળા દાંત, કાળા હોઠ, કાળું તાળવું અને કાળી જીભવાળું થાય છે. ૯ બહુ બોલે તો બાળક બહુ બડબડાટ કરનારૂં થાય. ૧૧ માથું ચોળે તો તાલવાળું બાળક થાય. ૧૨ બહુ પવન સેવે કે ઘણી મહેનત કરે તો બાળક ગાંડું થાય.

卐

હેર ઓઇલ કે ઝેર ઓઇલ

આપણી આરોગ્યતાની આડે આવનાર એવી ઘણીએક વસ્તુઓ છે કે જે આપણે દરરોજ વાપરી રહ્યા છીએ પણ તેના ગુણદોષનો આપણને મુદ્દલ ખ્યાલ પણ હોતો નથી. એ વસ્તુઓ પછી તે ગમે તે દેશમાં ગમે તેવી રીતે તૈયાર થએલી હોય છતાં તેને આપણે નિર્ભય બનીને વાપરી રહ્યા છીએ એ એક બહુ જ શોચ-જનક બિના કહેવાય.

કેટલીક ચીજો માત્ર તેના ભપકા ઉપરથી જ આપણને પસંદ પડી ગએલી હોય છે. તેમાંની એક જ ચીજ કે જે હેર ઓઇલ અથવા માથામાં નાખવાનું તેલ. આ ચીજ આજકાલ બહુ જ વપરાતી જણાય છે. આ તેલ બનાવવામાં કયા પદાર્થો વપરાય છે અને તેના ગુણો શા છે તે જો આપણે જાણીએ તો તે કદી વાપર-વાને ઇચ્છીએ જ નહિ. પણ ફક્ત તેની સુગંધ, રંગ, ભપકાબંધ પેકીંગ વગેરે એવાં હોય છે કે જેને લીધે આપણે તે વાપરવાનું પસંદ કરી લીધું છે.

હાલમાં બજારમાં વેચાતાં આવાં સુગંધી તેલોમાં પહેલી મુખ્ય વસ્તુ ગ્યાસતેલ—વ્હાઇટ ઓઇલ એટલે કે વાસ વગર અને રંગ વગરનું બત્તીમાં બાળીએ છીએ તેવું જ ગ્યાસતેલ. આ વસ્તુનો ગુણ દરેક માણસો જાણતા હશે જ. તે જમીનમાંથી નીકળે છે, તે ઘણું જ ગરમ અને શરીરને હાનિકરતા છે. ફક્ત તેમાં સુગંધ લાવવા કોઇ પણ જાતના સુગંધીપુરક અત્તરની સ્પીરીટવાળી બના-વટનાં માત્ર થોડાંક ટીપાં જ મેળવવામાં આવે છે. બાકી કોઇ પણ વસ્તુ તેમાં હોતી નથી. આ તેલ માથામાં નાંખવાથી મગજના જ્ઞાનતંતુ-ઓને સારી રીતે હાનિ પહોંચાડી વાળ સફેદ કરી મૂકે છે. અને કુદરતી વાળનું તેજ તથા સ્નિગ્ધતા નષ્ટ કરી, ગરમી અને રૂક્ષતા

કરી મૂકે છે. જો કે ઘણા મનુષ્યોને ચીકાશ વગરનું તેલ વાપરવાનો શોખ હોવાથી તેઓ આ તેલને વાપરવાથી ખુશ થાય છે. પણ તેમને ખબર નથી કે તેલમાં ચીકાશ ન હોય તો પછી તે વાપરવાનું પ્રયોજન પણ શું છે!

આપણાં દેશી તેલ કે જેમાં અનેક પ્રકારની ગુણદાયક દવાઓ તથા સુગંધી પદાર્થો મેળવી તલનું, ખોપરાનું કે બીજી કોઇ વનસ્પતીનું તેલ લાવી, બનાવી વાપરવામાં આવે છે તેમાં ખરેખરો ગુણ રહેલો હોય છે, થોડી ચીકાશ પણ રહેલી હોય છે, તેથી તે આપણને ફાયદો કરે છે. આવાં તેલો વાપરવાનું જ આપણા શાસ્ત્રકારો આપણને ફરમાવે છે. તે છોડી દઇને આપણે જ્યારે આરોગ્યને નાશ કરનાર સુગંધી તેલ વાપરતાં શીખ્યા છીએ ત્યારથી આપણી માનસિક શક્તિઓ પણ ઘટી જવા આવી છે. હવે તો કમભાગ્યે શહેરમાં તો ખાવાના તેલમાં પણ આ વાસ વગરનું ગ્યાસતેલ મેળવીને મોટા પ્રમાણમાં વેચવામાં આવે છે. લોકો પણ સસ્તું મળતું હોય છે તેથી તેને ખાવામાં પણ વાપરી નાંખવાનું ભુલતા નથી.

આ ધંધામાં વ્યાપારીઓ આપણને ઠગે છે. એ વાત તો જાહેર થઇ ચૂકી છે કે કેટલાક વ્યાપારીઓ ખોટી જાહેર ખબરો આપીને લોકોને આવી ચીજો વાપરવા માટે લલચાવે છે. અને આપણે પણ આંખો મીંચી તેમના મોહક શબ્દોમાં લલચાઇ જઇ આપણી સત્યાનાશી આપણા પોતાના જ હાથે જ વાળીએ છીએ. આ વાતની ખરી રીતે આપણને ખબર પણ હોતી જ નથી.

આપણી દેશી રીત પ્રમાણે આપણા ઘરમાં બનતું ધુપેલ તેમ જ આપણા દેશી વૈદ્યોને ત્યાં બનતું મશાલાનું આંબળાનું તેલ, બ્રાહ્મીનું તેલ, મહા સુગંધી તેલ વગેરે બનાવટો વાપરવાનું છોડી દઇને આજે કેટલીક વિલાયતી બનાવટો વાપરતાં શીખ્યા છીએ તેથી પરિણામમાં તો આપણે સોનું મૂકી પિત્તળનો સંગ્રહ કરવાનું જ પસંદ કર્યું છે. આ વાતનો દરેકને અનુભવ થયો હશે અથવા તો હવે થઇ જશે.

આ સુગંધી તેલથી કે તેવા જ બીજા બહારના પદાર્થોથી જ આપણું આરોગ્ય દિન પ્રતિદિન ખરાબ થતું જાય છે. તે સ્થિતિને અટકાવવાનું સાધન આપણા હાથમાં જ છે. તે એ જ કે આપણે જે ચીજ વાપરતા હોઇએ તેના ગુણદોષ જાણીને જ પછી તે વાપરવી જોઇએ. આપણી દેશી ચીજો આપણને કદી હાનિ કરવાની નથી. તેનો સમજીને ઉપયોગ કરવામાં આવે તો તે અવશ્ય ફાયદો જ કરવાની છે. પણ જો તેનો યોગ્ય ઉપયોગ ન થાય તો તે હાનિ નહીં કરતાં ફાયદો પણ નહીં જ બતાવે. વિલાયતી હેર ઓઇલો તો હવે આપણાં ઘરોમાં ઘુસી ગયાં છે. તેમને પણ દૂર કરવાની જરૂર છે. આ ફેન્સી તેલમાં ચીકાશ નથી તેમ સુગંધ છે. આ બે બાહ્ય ગુણોથી તે આપણને પ્રિય થઇ પડે છે. પણ આ ગુણો કરતાં તેમાં જે મહાન અવગુણ રહેલા છે, તે જો આપણે જોશું તો ખાત્રી થશે કે તેને હાથ લગાડવો એ પણ જોખમભરેલું છે. એથી જ મારે આજે ભાર દઇને જણાવવું પડે છે કે તમે ગમે તેવું તેલ વાપરવાનું સાહસ કરશો નહિ પણ પ્રથમ ખાત્રી કરીને ચોખું વનસ્પતિનું તેલ હોય ને તેમાં દવાઓના ગુણ આપેલા હોય તે જ વાપરવાનું પસંદ કરશો. આવી બનાવટનાં તેલ આપણી દેશી ફાર્મસીઓમાં બને છે. તે તેલો વાપરવાથી પુરો ફાયદો થાય છે. પણ વિદેશી તેલ તેમ જ બીજા અજાણીતા દરેક પદાર્થો કે જેના ગુણદોષ સંબંધીનું જ્ઞાન આપણને નથી ;તેમ તેમાં શું પડે છે ને તે કેવી રીતે બને છે તે આપણે જાણતા નથી. તેવી કોઇ પણ ચીજ વાપરવી ન જ જોઇએ. આજકાલ તો વેજીટેબલ ઘી બજારમાં એવી જ રીતે, લોકોની તંદુરસ્તી બગાડનાર પણ છુટથી વેચાય છે. તે વાપરવું હાનિકારક છે કારણ કે તેમાં શું શું તત્વો આવે છે, તે જો આપણે જોઇએ કે વિચારીએ તો આપણને ખાત્રી થાય કે તેના કરતાં તો આપણું તલનું તેલ વાપરવું તે સારૂં ગણાય. આ પ્રમાણે બીજી બધી ચીજો માટે સમજીને તેનો મોહ ન રાખતાં દેશી વસ્તુ વાપરવાનો આગ્રહ રાખવો જોઇએ.

卐

વાળો અને તેની ચિકિત્સા

વાળો એ એક વિચિત્ર રોગ છે. હિંદુસ્તાનમાં કોઇ કોઇ ઠેકાણે તેના રોગી જોવામાં આવે છે. આ વાળાનો રોગ તે નવો રોગ નથી. વૈદ્યક ઇતિહાસમાં બે હજાર વરસ પહેલાંથી જ તે પ્રસિદ્ધિમાં છે. જો કે વાળો કાંઇ અતિ ભયંકર રોગ નથી, તો પણ દર્દી કે વૈદ્ય તેને માટે પ્રમાદ રાખે તો તે ઉગ્ર રૂપ ધારણ કરી રોગીના પ્રાણ હરણ કરે છે. તે વાળાનો ફેલાવો ગંદા તથા અસ્વચ્છ પાણીથી થાય છે.

જે જળાશયમાં પાણી આવવાનાં ઝરણ ન હોય, જે જળાશયનું જળ વહન કરતું ન હોય, જે જળાશયમાં કાયમ કપડાં વગેરે ધોવામાં આવતાં હોય, એવાં નાનાં તળાવો, કુંડો અને વાવો આદિનું પાણી ઉપયોગમાં લેવાથી આ રોગની ઉત્પત્તિ થાય છે. વાળો એ એક પ્રકારનો જંતુ છે, અને તેનાં બારીક ઇંડાં દુષિત જળમાં રહે છે. એવા પાણીને ગાળ્યા વગર પીવાથી તે જંતુ શરીરમાં પ્રવેશ કરી શરીરમાં રહેલા દોષોને કોપાવે છે. ત્યારપછી તે જંતુ શરીરમાં સ્નાયુનો

આશ્રય કરી વૃદ્ધિ પામે છે. એ પ્રમાણે વૃદ્ધિને પામી ત્વચાને ભેદી બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે, અને જે જગ્યાએથી તેને નીકળવાનું હોય છે તે જગ્યા ઉપર પ્રથમ સોજો આવે છે. તે સોજો પાકીને જ્યારે ફુટે છે, ત્યારે તેમાંથી એક ધોળો તંતુ બહાર આવે છે, અને તેને જ વાળો કહેવામાં આવે છે.

શરીરમાં સ્નાયુનો આશ્રય કરી રહેતો હોવાથી પૂર્વાચાર્યોએ એને સંસ્કૃતમાં 'સ્નાયુક' એ પ્રમાણે સંજ્ઞાવાચક નામ આપેલું જણાય છે. અને તેનું વર્ણન નીચે પ્રમાણે છે :—

शाखा सु कुपितो दोषः शोथं कृत्वा विसर्पवत्
भित्त्वैवँत क्षतं तत्र सोष्ममांस विसोष्य च ॥ १ ॥
कुर्य्यात्तन्तु निभंसूत्रं (जीवं) वृत्तंसित मूर्ति बहिः
शनैः शनैः क्षतादेति छेदात्तत्कोप भावहेत् ॥
तत्पाताच्छोभशंति स्यात्पुनः स्थानान्तरे भवेत्
सस्नायुरिति विख्यातः क्रियोक्ताऽत्र विसर्पवत् ॥
बाव्होर्यदि मगादेन त्रुटयते जङ्घ्योरपि
सङ्कोचंखंजतां चापि छिन्नोनूनं करोत्यसौ ॥

ભાવાર્થ—બહારના અસ્વચ્છ જંતુવાળા પાણીનું પાન કરવાથી હાથ પગ આદિ શરીરની શાખાઓમાં વાતાદિ દોષે કોપને પામી રતવાના જેવો સોજો ઉત્પન્ન કરે છે. અને તે સ્થાનકની ગરમી સોજાને ભેદીને માંસને સુકવી નાંખે છે. અને તે ઠેકાણે અત્યંત વેદના થાય છે. પછી ધોળો, ગોળ અને દોરાનો જેવો એક લાંબો જંતુ ધીમે ધીમે વ્રણની બહાર નીકળે છે. તેને ધીમે ધીમે બહાર કાઢવાનો

પ્રયત્ન કરવો જોઇએ. તે વચમાંથી તુટી ન જાય તેની ખાસ સંભાળ રાખવી જોઇએ. અસાવધતાથી વચમાં જ તુટી જાય તો ભયંકર પીડા ઉત્પન્ન કરે છે, અને બાકી રહેલો તેનો અંશ વળી બીજી જગ્યાએ સોજો અને વ્રણ પેદા કરી તે જગ્યાએ નીકળે છે. અને એ પ્રમાણે વારેવારે તુટી જવા પામે તો તે જ વાળો સ્થાનાન્તર પામી ક્યારેક રોગીના હાથ ઠુંઠો કરી નાંખે છે. અને જો વ્રણમાંથી સંપૂર્ણ નીકળી જાય તો સોજો શાન્ત થઇ રોગી સ્વસ્થ થાય છે.

વળી બીજા કેટલાએક શાસ્ત્રોના મત પ્રમાણે નાના પ્રકારના રૂપરંગ પરથી તેના આઠ ભેદ કલ્પેલા છે અને તે નીચે પ્રમાણે છે:

(૧) વાયુથી—રંગ તથા સોજો વગેરે શ્યામ હોય છે, અને વેદના-યુક્ત હોય છે.

(૨) પિત્તથી—પીળાશ પડતો લીલા રંગનો સોજો અને દાહ-યુક્ત થાય છે.

(૩) કફથી—સફેદ તથા જાડો અને મોટો સોજો આવે છે.

(૪) વાતપિત્ત
(૫) વાતકફ
(૬) પિત્તકફ
} એ ત્રણે પ્રકારમાં બબ્બે દોષો સાથે મળેલા હોય છે.

(૭) લોહીથી—એકદમ લાલ રંગનો સોજો આવે છે, ઘણો દાહ થાય છે.

(૮) ત્રિદોષથી—ઉપર કહેલાં સર્વ લક્ષણો હોય છે.

वातनेश्चावरुक्षः सरुगथदहनान्नीलपीतः सदाहोऽथश्वेतः श्लक्ष्णः स्यात पृथुगरिमयुतोथद्विदोषो द्विनागारोलिक्ते-मास्कंकान्ति समधिकदहथारिवलैः सर्वलींगोरोगोऽसाव-ष्टधेत्थंमुनिभिर-भिदितः स्नायुकः स्नन्तुकिटः

સારંગધર આચાર્યજીએ બીજા આભ્યંતર જંતુની માફક વાળાની ઉત્પત્તિ કફ અને લોહીથી માનેલી છે. જુવો:

तथान्यः कफरक्ताभ्याम् संजातः स्नायुक्तः स्मृतः

જુદી જુદી ભાષાઓમાં વાળો જુદા જુદા નામથી ઓળખાય છે. અને તે નીચે પ્રમાણે છે:

ગુજરાતમાં વાળો, મરાઠીમાં નારૂ, બંગાળીમાં સ્નાજુ, સંસ્કૃતમાં **स्नायुक** અને ઇંગ્રેજીમાં (Guineaworm) ગીનીવર્મ કહે છે.

પશ્ચિમના વૈદ્યોએ આ રોગની બહુ શોધખોળ કરેલી છે. અને તેઓનું એમ કહેવું છે કે જેવી રીતે પ્લેગ અને મેલેરીયાના ઉત્પાદક જંતુઓ પ્રથમ ઉંદર અને મચ્છરના શરીરમાં પ્રવેશ કરે છે. અને પછી જાણવામાં ન આવે એવી રીતે મનુષ્યના શરીરમાં પ્રવેશ કરે છે, તેવી જ રીતે વાળાના જંતુઓ પણ પ્રથમ 'સાયકલ્પસ' નામના જંતુઓમાં પ્રવેશ કરે છે. પછી સમય આવ્યે મનુષ્યના શરીરમાં પ્રવેશે છે. વાળાના જંતુઓની માદા એક જ વખતે લાખો ઈંડાં મૂકે છે અને તે સર્વે ઇંડાં જો જીવતાં રહે તો જગત પરનો એક પણ મનુષ્ય આવા રોગથી મુક્ત ન રહે. પણ ઇશ્વરની લીલા જ કોઇ અદ્‌ભુત છે. જેથી તેમાંથી હજારો ઇંડાં એની મેળે નાશ પામે છે, અને કેટલાએક 'સાયકલ્પસ'ના આશ્રયથી વૃદ્ધિ પામે છે. તે એવી રીતે કે કુદરતી રીતે નાશ પામતાં ઇંડાંઓમાંથી જે થોડાં ઘણાં રહ્યાં હોય તેને 'સાયકલ્પસ' ગળી જાય છે, અને ગળવા છતાં પણ તે ઇંડાં 'સાયકલ્પસ'ના પેટમાં મરતાં નથી પણ સાત આઠ દિવસ સુધી તેના પેટમાં આનંદથી રહે છે, અને તે દરમ્યાન વૃદ્ધિને પામી તે નિરભાગી 'સાયકલ્પસ'નું પેટ ફોડી બહાર નીકળે છે. હવે જો 'સાયકલ્પસ' તે ઇંડાંઓને ન ખાય તો એ ઇંડાંનું બહાર અકાળ મૃત્યુ જ થાય અને એ પ્રકારે વાળાના જંતુઓ વૃદ્ધિને ન પામે. પણ કુદરતની

એ પ્રકારની પ્રેરણા જ નથી. 'સાયકલ્પસ' વાળાના જંતુઓને દેખતાં જ ગળી જાય છે, અને તે પ્રકારે તેને આશ્રય આપી, તેની વંશવૃદ્ધિ કરી પોતે મરણને શરણ થાય છે.

ઉપર જણાવ્યા પ્રમાણે વાળાના જંતુઓને આશ્રય આપનારા 'સાયકલ્પસ' નામના જંતુઓ ઘણા સૂક્ષ્મ હોય છે. તે કાદવવાળા અને અસ્વચ્છ જળમાં વિશેષ હોય છે. હવે જે 'સાયકલ્પસ' જંતુઓએ વાળાના જંતુઓ ખાધા હોય છે, તે જંતુઓ ગાળ્યા વગરનું પાણી પીનાર મનુષ્યના પેટમાં પ્રવેશ કરે છે. અને તે મનુષ્યના શરીરમાં રહેલ હાયડ્રોકલોરીક એસીડથી મૃત્યુ પામે છે. પણ તેના શરીરમાં રહેનાર વાળાના જંતુઓ મરતા નથી. તે તો 'સાયકલ્પસ'ના શરીરમાંથી નીકળી મનુષ્યના શરીરમાં ચારે તરફ દોડાદોડ કરી મૂકે છે. તે વખતે તેની લંબાઇ $\frac{1}{25}$ ઇંચની હોય છે. ત્યારપછી થોડા કાળમાં પૂર્ણ વૃદ્ધિને પામી ત્વચાને ભેદી બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. કારણ કે તેને પોતાની વંશવૃદ્ધિ કરવાની ઇચ્છા હોય છે. તે ઘણા ભાગે હાથ કે પગમાં પ્રથમ સોજો ઉત્પન્ન કરે છે. અને એ પ્રમાણે વાળાના સોજાવાળો મનુષ્ય કોઇ કારણસર જળાશયની અંદર પ્રવેશ કરે છે તો તત્કાળ તે સોજાને ભેદી વાળો પોતાનાં ઇંડાં તે જળાશયમાં છોડી દે છે અને પોતે તો તેજ શરીરમાં રહે છે. હવે જ્યાં વાળાએ પોતાનાં જંતુઓ છોડયા હોય છે ત્યાં 'સાયકલ્પસ' પણ હોય છે અને તે તેને ગળી જાય છે. એ પ્રમાણે વાળાઓના જંતુ વૃદ્ધિ પામે છે.

ચિકિત્સા

વાળો જ્યારે પ્રત્યક્ષ જણાય ત્યારે તેના ઉપર શીતળ ઉપચાર કરવા જોઇએ. વાળાના ક્ષત ઉપર ઠંડું પાણી રેડવું અગર મેંદો અને છાશ ભેગાં કરી તેના ઉપર ચોપડવું જેથી વાળો બહાર નીકળશે.

દાક્તરો વાળાનો નાશ કરવા માટે ઇંજેકશન આપે છે અને કયારેક કલોરોફોર્મ સુંઘાડી ઓપરેશન પણ કરે છે. તો પણ ધારવા પ્રમાણે લાભકારક પરિણામ આવતું નથી. એટલે તેને માટે અનુભવેલા અને ઘણા ભાગે સફળ નીવડેલા પ્રયોગો લોકહિતાર્થે નીચે આપવામાં આવે છે:–

(૧) વાળો ફુટીને શરીરમાંથી જ્યારે બહાર નીકળે ત્યારે ગોળ અને અફીણ સરખા વજને લઇ અરીઠાના પાણીમાં મર્દન કરી એક ધતુરાના પાંદડા ઉપર રાખી બાંધવું. ત્રણ દિવસ સુધી છોડવું નહીં, જેથી અંદર વાળો બળી ખાખ થઇ જશે.

(૨) વંત્યાક કે જે દક્ષિણી વંત્યાક જેવાં પણ નારીએળના ગોળા જેવડાં મોટાં આવે છે અને જેને ભોટાં કહે છે, તેવું એક લઇ તેમાં ડગળી દઇ આમલસારા ગંધકનો છમાસા વજનનો કાંકરો નાંખવો. પાછી ડગળી બંધ કરી ઉપર ઘઉંના આટાની કણેકથી બંધ કરી છાણાના શીતળ થતા કોલસામાં તેને ખોસી દેવું. એક કલાક પછી કાઢવું–કણેક ઉખાડીને ગંધક કાઢી લેવો અને તે ગરમ ભોટાથી સોજા ઉપર શેકવું જેથી સોજો ઉતરી જાય છે. પછી ભોટામાંથી કાઢેલા ગંધકને ઝીણો મર્દન કરી હમેશાં બે માસા જેટલો સવારમાં ગાયના પાશેર દુધ સાથે પીવો. એમ ત્રણ દિવસ કરવાથી ચોથે દિવસે વાળાનું પાણી થઇ બહાર નીકળી જશે. ગંધક ખાવામાં આવે તેટલા દિવસ તેલ, મરચું તથા ખટાઇની પરેજી પાળવી.

(૩) બાવળનાં બીજ કે જેને પરડીયાં કહે છે, તેને ઠંડા પાણી સાથે બારીક પીસીને વાળાના સોજા ઉપર લેપ કરવો. એ પ્રમાણે દિવસમાં ત્રણ ચાર વખત કરવું. ખાવામાં નીચે લખેલ ચૂર્ણનો ઉપયોગ કરવો:–અતિવિષ, નાગરમોથ, ભારંગમૂળ, સુંઠ, પીંપર. તે છ ઓસડ સમભાગે લઇ ચૂર્ણ કરવું અને દિવસમાં બે વખત એથી ચાર માસા સુધી સેવન કરવાથી પણ વાળો નિર્મૂળ થાય છે.

卐

ક્વીનાઇનની કૃપા

એક વાર આ બાજુના પ્રદેશમાં અતિશય વર્ષાદ અને અતિ વૃષ્ટિ થઇ જમીનમાં નાના મોટા ખાડાઓ અને નદી નાળાઓમાં પાણી વધારે પ્રમાણમાં ભરાણું. કેટલીક ગંદી જગ્યાઓમાં પણ સૂર્ય-રશ્મિ નહીં મળવાથી વધારે ભેજ રહેવાથી પુષ્કળ હવામાં ફેરફાર થયો અને એક સાથે વાદળ ખુલ્લું થવાથી મેલેરીયા–પિત્તજ્વર ફાટી નીકળ્યો. લોકો ત્રાસ પોકારવા લાગ્યા. જેના ઘરમાં એક તે એક અને પાંચ ત્યાં પાંચે જ્વરથી પટકાઇ પડયા. આવા વખતે એક બીજાની સારવાર કરે તેવું બિનદરદી ભાગ્યે જ મળી આવતું. લોકોની કફોડી સ્થિતિ જોઇ, ધનાઢ્ય અને ઉછરતી વયના અને પાશ્ચાત્ય કેળવણી પામેલા કેટલાએ નવ યુવકને તેમની વહારે ધાવવાની વૃત્તિ થઇ, જનસેવામંડળો સ્થપાયાં અને એક જ સાથે જુદી જુદી દવા વેચનારી કંપનીમાંથી જુદા જુદા રૂપરંગ વાળું ક્વીનાઇન મંગાવાયું અને ઘણી જ છુટથી બધા જ્વરના વ્યાધિવાળાને વિના મૂલ્યે આપવાનું શરૂ થયું. લોકોએ પણ વિના મૂલ્યે અને તુરત ફાયદો કરનારી ક્વીનાઇનની કૃપાને શિરસાવંદ્ય કરી પોતાના કુટુંબમાં ચાર મહિનાના બાળકથી માંડી એંશી વર્ષના વૃદ્ધ સુધીનાએ નિર્ભય રીતે બહુ જ છુટથી વાપર્યું. એટલું તો ચોક્કસ કે ક્વીનાઇન તાવને તો જરૂર અટકાવતું. એથી તાવ ઉતર્યો અને જ્યાં ક્વીનાઇનની ટેબલેટ એક, બે કે ચાર ચઢાવી એટલે આવતી કાલ જે માટે દરદી ભયભીત હતો તેને બીજે દિવસે તાવની બીક રહી જ નહીં. બનતું પણ એમ જ. એથી બે ચાર દિવસ ચાલુ બન્ને વખત ક્વીનાઇન લેવું શરૂ રાખતાં અને હવે તાવ બીલકુલ ગયો છે, એમ સમજી કુપથ્ય સેવતા. પરિણામ

એ આવ્યું કે લોકોને ચાર આઠ દિવસ તાવ ન આવતો, પણ જ્યાં બેએક દિવસ વધુ ગયા કે તાવ ગયો છે એમ ધારી બેઠેલાને તે જ તાવ ફરી એ જ ઉપદ્રવો સાથે શરૂ થતો. કારણ કે દરેક જ્વર તેના દોષ પરિપકવ થયા સિવાય શરીરમાંથી સંપૂર્ણપણે જતો નથી. તદનુસાર જ્યારે ફરી ફરી તાવ આવી વિષમજ્વરનું રૂપ પકડયું ત્યારે પણ ક્વીનાઇનના ઉપાસકોએ ક્વીનાઇન શરૂ જ રાખ્યું અને વ્યાધિને ફેડવા માટે વધારે પ્રમાણમાં અને તાવની હયાતીમાં પણ લીધા જ કર્યું. તેથી તાવ મુદ્દલ તો ન ગયો પણ એ ચઢ ઉતર કરતો અને તે ટેમ્પરેચર ૧૦૨થી ૨ાા. અને ૩ સુધી ચઢી બીલકુલ ઉતરી જતો, તેના બદલે સાડીસો અને એક કાયમ થયો. સાથે લુખી ખાંસી, અનિદ્રા, છાતીમાં દાહ, ધગશ, અન્ન ઉપર અભાવ અને કાને બહેરાશ. આવા એક બે નહિ પરંતુ પાંચ પચીશ દર્દી એક પછી એક અમારા દવાખાનામાં દવા અર્થે આવતા. તેમને પૂછી ખાતરી કરી ત્યારે ચોકસ જણાઇ આવ્યું કે આ તો વિનામૂલ્યે મળતા ક્વીનાઇનની કૃપાનું પરિણામ છે.

મારા આટલા વિવેચનથી વાચકે એમ મત બાંધી લેવો નહીં કે હું માત્ર ક્વીનાઇનને વખોડવા માગું છું. પરંતુ એટલું તો ચોકસ છે કે દરેક ઔષધ પછી ભલે તે દેશી હોય કે વિલાયતી પણ તેના સંબંધમાં પૂરી રીતે દેશ, કાળ, માત્રા, વ્યાધિનિર્માણ વગેરેનો નિશ્ચય કર્યા સિવાય તે સો એ સો ટકા ફાયદો કરશે એમ માની આંખ્યો મીચી વપરાશ વધારવી તે હિતાવહ નથી જ. પણ અફસોસની વાત એ છે કે લોકોનાં તન, મનમાં એક જાતની એવી ફેશન પેસી ગઇ છે કે તેમને દેશી દવાના નામે જ સૂગ ચઢે છે; અને કડવા, કસાયા ઉકાળા, ફાકડાઓ બીલકુલ પસંદ આવતા નથી, તેમ જ જનસેવા અર્થે અગ્ર ગણાતાઓને પણ દેશી દવાઓ પ્રત્યે ભાવના વધતી નથી.

ચુસ્ત સનાતની હો, જૈની હો કે વૈશ્નવ હો–ગમે તે હો, તે જ્યારે પોતાની કે પોતાના વાલીવારસની અમુક રકમ ધર્માર્થે કાઢશે ત્યારે દવાખાનાનો સવાલ ઉપડતાં જરૂર વિલાયતી દવાશાળા સ્થાપશે; પણ

દેશી દવાશાળા માટે નહીં તો તેના મનમાં સંકલ્પ થાય કે નહીં તો કોઇના તરફથી દલીલ મુકાય. જનસેવા મંડળો તરફથી પણ એગ્યુ-મિક્ષ્ચર, ક્વીનાઇન પીલ્સ એવી અનેક વિલાયતી પેટંટ દવાઓનો લોકોને સુખ થવા બહોળા પ્રમાણમાં ફેલાવો થતો જોવામાં આવે છે. પણ ભાગ્યે જ આવી રીતે દેશી દવાનો છુટથી ફેલાવો થતો દેખાય છે.

ઓ ભારતવાસીઓ ! એક જ પાટા ઉપરે દોડવા જતાં તમારા મનને જરા અટકાવો. તમારા દેશની ખાતર, તમારા દેહની ખાતર, તમારા ધર્મની ખાતર પણ પાછું વાળી જુઓ કે તમારા જ પૂર્વજોએ જ્યારે એક પણ વૈધક પથિકા વિધમાન ન હતી ત્યારથી જ તમારા દેશમાં–અરે તમારા જ આંગણે ઉત્પન્ન થતી ઔષધીઓના ગુણદોષનું પ્રથક્કરણ કરી, અજમાયશ કરી, કેટલાએ પ્રયોગો તમારી આગળ મૂક્યા છે. તેનો શ્રદ્ધા અને ખંતથી ઉપયોગ કરો કે જેથી શરીર અજર અમર બનાવી શકાશે.

તમારા ઘરઆંગણે નિત્યે દષ્ટીગોચર થતા તુલસી તથા મુસલમીન ભાઇઓ જેને પવિત્ર માને છે તે ડમરાના ગુણદોષ કોઇ દિવસ તમે જાણ્યા છે ? અરે જાણવાનું મન પણ થયું છે ? શા માટે થાય ? તમારા શરીરમાં જરા ફેરફાર થતાં જ તમે ડોક્ટર સાહેબ પાસે દોડી જવાના અને સ્ટીમ્યુલન્ટની માંગણી કરતાં ડોક્ટર સાહેબ એ પાંચ મીનીટને માટે પણ તમને એવા ઉત્તેજીત બનાવશે કે તમે તે ડોઝ ઉપર આફ્રીન બનશો. પણ તે કેટલા સમય માટે ? તેને બદલે જ્યાં સ્ટીમ્યુલન્ટની જરૂર જણાય ત્યાં દશ તુલસીનાં પાન અને પાંચ મરી દાણા એક સાથે ચાવી જાઓ અને શરીરમાં જુઓ કે કેવા પ્રકારની જાગૃતિ આવે છે ! આવા અનેક દાખલા છે પણ વિષયાંતર થવાના ભયે લંબાણુ ચર્ચા ન કરતાં અહીંજ પુરૂં કરૂં છું.

卐

ચાલો હુતાશણી ખેલીએ

આ જગતમાં કાળને સ્વયંભુ, અનાદિ અને સમર્થ માનેલો છે. એટલે એ કોઇનો ઉત્પન્ન કરેલો નથી. એ આદિથી, મધ્યથી, અંતથી રહીત છે. રસવાળા પદાર્થોનું વધવું અથવા ઘટવું અને માણસોનું જીવવું અથવા મરવું એ સર્વ આ કાળને આધીન છે. એ પદાર્થ જરી વાર પણ થોભતો નથી. સંહારવાથી તે સર્વ પ્રાણીઓને એકઠાં કરી નાંખે છે તેથી, પ્રાણીઓને સુખદુઃખમાં જોડી દે છે તેથી, સર્વનો સંક્ષેપ કરી નાંખે છે તેથી, તે કાળ કહેવાય છે. સૂર્યનારાયણની ગતિના વિશેષથી એ વર્ષરૂપી શરીરવાળા કાળનાં ઘડી, નિમેષ, કાષ્ટા, કળા, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર અને યુગ—એ રીતે સ્વરૂપો મનાયાં છે.

આ કાળ ભગવાનની પ્રેમ–પટરાણી વસંત ઋતુ હીલોળા દઇ રહી છે. અશોક, આમ્ર, બોરસલી અને ખાખરો નવ પલ્લવ નવાંકુરો ફૂટાવી, વનશ્રીને મહેકાવી રહ્યાં છે. કોકિલ પંચમ સુરની મિલા-

વટથી સંગીતનો આહ્‌લાદ લૂટાવી રહેલ છે. ભમરાઓ પુષ્પોના ગથી મસ્ત બનેલા યોગીઓના બ્રહ્મનાદ શા ગુંજારવે નવોઢાનાં દિમાગ અને દિદારમાં પતિપ્રેમાલિંગનની ઉત્સુકતા વધારી ર દક્ષિણ દિશાનો પવન સમશિતોષ્ણ કાળની સરખાવટ સાચવી સુગંધ અને શીતળતાના ગુણ ધારણ કરી, પ્રાણીઓની રગે આનંદ-પર્ણનાં નવાંકુરો પ્રગટાવી રહ્યો છે. સાગ, સામર, લવીંગનાં ઝાડો ફળથી લચી રહી, વસંતઘેલા પ્રાણીઓને લલ રહેલ છે. નભ નિર્મળ છે. દિશાઓ શાંત છે. વાતાવરણ આ છે. એવે વખતે આવો મિત્રો! આપણે હુતાશણી ખેલીએ :

ત્યારે હવે આપણે જાણવું જોઇએ કે હુતાશણી-હોળી એટલે હોળી એ હિંદુઓનો પુરાણો તહેવાર છે. એ ક્યારથી પ્રચાર તેને માટે ઇતિહાસમાં જુદી જુદી કથાઓ છે. છતાં તેનો ચોક્કસ થઇ શકતો નથી. આજે હોલિકાનો ઉત્સવ સમાજ જે રીતે ઉજવે છે તે રીતે તો એ મનુષ્યજાતિને ભયંકર નુકસાન પહોંચાડી રહ સંસ્કૃતમાં 'હોલકા' અર્ધ પાકેલા અન્નને કહે છે. વૈદિક શ પ્રમાણે 'હોલા' સ્વલ્પ વાત છે.

વૈદિક દૃષ્ટિ-સૂર્ય ઉત્તરાયણના મધ્ય ભાગમાં આવે એટલે ઋતુમાં હોળી-હુતાશણીનું પર્વ આવે છે અને રાજા પ્રજા પ્રાચીન કાળથી જુદા જુદા રૂપમાં આ પર્વ ઉજવે, એટલે જોઇને સૃષ્ટિસૌન્દર્યથી આનંદ પામીને મસ્ત બનેલાં વનસ્પતિ સાથે લઇ, ગ્રીષ્મકાળના પ્રખર તાપમાં પ્રવેશ કરવા માટે પે શરીરને લાયક બનાવવા અર્થે તૈયાર કરી મૂકવા સારૂ, વસંત ઉજવવાની અને હોળીના નામે હવાશુદ્ધિ કરવા માટે ગામે ઠામોઠામ મોટા યજ્ઞો કરી, તેમાં હોમેલા હુતદ્રવ્યથી હવામાં આકાશના વાતાવરણમાં એવા પ્રકારનો ફેલાવો કરવો કે જેથી ઋતુમાં પિત્તનો પ્રકોપ ઓછો થવાથી મનુષ્યોનું બળ કાય એટલા માટે હોળીના સમીધ તરીકે યજ્ઞના સમીધને નહીં લેત

તુરણુ વનસ્પતિ કે જે ઉપલબ્ધ થઇ શકે તેનો તથા છાણાનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ યજ્ઞમાં અમુક દ્રવ્યોનો પુરોડાસ કરવામાં આવે છે અને તે દ્વારાએ આહૂતિઓ આપવામાં આવે છે, તેમ નહીં કરતાં તે ઋતુમાં ઉત્પન્ન થયેલાં ફળો, અન્નો, પુષ્પો ચઢાવવામાં આવે છે. મતલબ કે હોળીમાં ખાસ કરીને અબીલ એટલે શીંગોડાના લોટમાં મોગરાના તેલનો પટ દીધેલો અને ગુલાલ કે જે શીંગોડાના લોટને કસુંબાના રંગથી રંગેલો તે હદપાર ઉડાવવામાં આવે છે. તેથી શરીરને અને શરીરમાંનાં રસ અને રક્તને ગ્રીષ્મ ઋતુના તાપથી સુરક્ષિત થવાનું બળ ઉત્પન્ન થાય છે. તેવી રીતે વસંત ઋતુમાં કષાય (તુરા) રસવાળાં આંબાનાં ફળો (મરવા) અને જુવાર અને ઘઉંને શેકીને તેનો બનાવેલો સાથવો ખાવાનો રીવાજ હતો. તેને બદલે હાલમાં તો ધાણી-ચણા ખાવાનો રીવાજ છે. વસંતોત્સવમાં એક એવો રીવાજ જોવામાં આવે છે કે જે લોકોનો વાજીંત્ર વગાડવાનો ધંધો નથી એવા લોકો પણ વાજીંત્ર વગાડે છે. (દાખલા તરીકે મારવાડ દેશમાં અને મારવાડીઓમાં) તેનું મૂળ કારણ એવું છે કે મહર્ષિ સુશ્રુતાચાર્યે સુશ્રુતસંહિતામાં જણાવ્યું છે કે જ્યારે હવા એટલે વાતાવરણ વિષવાળાં થઇ જાય અને તે વિષથી પ્રજા મહામારી (કોલેરા) જેવા ભયંકર રોગમાં સપડાય ત્યારે વાજીંત્રો ઉપર અમુક વિષને હરવાવાળાં દ્રવ્યોનો લેપ કરી, તે વાજીંત્રના નાદની સાથે વિષારી દ્રવ્યો આકાશમાં ફેલાવાથી વિષવાળાં જંતુનો ઉપદ્રવ શાંત થાય. એટલા માટે હોળીના દિવસમાં એટલે વસંતના ઉત્સવમાં વાજીંત્ર વગાડવાનો ચાલ હાલ પણ જોવામાં આવે છે. કારણ કે વસંત ઋતુમાં બળવાન થયેલા રસોવાળી ઔષધીઓને સૂર્ય લોપ કરે તે પહેલાં વનસ્પતિઓના તત્ત્વને આકાશમાં ફેલાતું કરી દેવું કે જેથી ગ્રીષ્મ ઋતુના પ્રખર તાપથી વાતાવરણમાં ઝેરી હવા જ ઉત્પન્ન થાય નહિ. વળી મહોલ્લે મહોલ્લે હોળીમાં શ્રીફળ હોમવામાં આવે છે. એટલે ગ્રીષ્મ ઋતુમાં

કોપનારા પિત્તનું શમન થાય છે. કેમકે નાળીએર તેલવાળો
છે, અને તેલ હમેશાં ઝેરી જંતુનો નાશ કરનારૂં અથવા પિ
પ્રકોપને મટાડનારૂં છે. તેના પરમાણુઓને આકાશમાં ફેલાવવા
પુષ્કળ વાજીંત્રો વગાડવાં જોઇએ. એથી એ નાદ નાશ નહિ પા
અમર રહે છે અને જેમ વાયુ પોતાની સાથે બીજાં દ્રવ્યોને
વહે છે તેમ વાજીંત્રનો નાદ પણ હુત દ્રવ્યને લઇને જ્યાં
આકાશ હોય ત્યાં ત્યાં પ્રસરી વાતાવરણના છેલ્લા પડ સુધી જાર
છે. એટલે ગ્રીષ્મ ઋતુમાં ઉદ્ભવનારાં ઝેરી જંતુઓનો નાશ કરવ
એક મોટામાં મોટા સાધનનો ઉપયોગ કરવાને ઘણા પ્રાચીન કા
આ પ્રકારનો પ્રયોગ શરૂ કરવામાં આવેલો છે.

વિકૃતિ

કેટલાક હેતુપુરઃસરના પ્રચલિત થયેલા રીવાજો અને પર્વે
વિકૃતિ આવી ગઇ છે, તેમ હુતાશણી પર્વમાં પણ બનવા પામ્યુ
હોળી અથવા હુતાશણી શા માટે એ સમજવા સિવાય જનત
જેને જેમ ઇચ્છામાં આવ્યું તેમ સ્વેચ્છાચાર ઘુસી ગયો છે. અબ
અને ગુલાલની જગ્યાએ ગંદકીભર્યાં મૂત્ર, છાણ, ગંદવાડ એકબ
ઉપર ફેંકવાનો રીવાજ, અને બિભત્સ શબ્દોનો વપરાશ તથા
કોપાવનારા અથવા વધારનારા પદાર્થોનો ઉપયોગ એ સર્વ આ પર્વ
લાભને બદલે હાની વહોરવાનો માર્ગ લેવરાવનારાં બન્યા છે.

ધાર્મિક દષ્ટિ

આ ઉત્સવ પ્રાગૈતિહાસિક કાળમાંથી મળી આવે છે. ભક્ત
પ્રહલાદની અગ્નિપરીક્ષા ફાગણ સુદ પુનમને દિવસે થઇ હતી. પ્રહલા
પિતા દૈત્યરાજ હિરણ્યકશ્યપુએ પોતાની બહેન હોલીકા (જેને વર
હતું કે જ્યાંસુધી ભગવદભક્તને નહિ સતાવવામાં આવે ત્યાંસુધી
અગ્નિથી બળશે નહિ)ને આજ્ઞા કરી કે પ્રહલાદને અગ્નિથી બાળી
એ આજ્ઞા અનુસાર પોતાને વરદાન મળેલું હોવાથી ભગવદ્ભ
પ્રહલાદને પોતાના ખોળામાં લઇને હોલીકા ચિતા ખડકાવી ત

બેઠી. તે વખતે જેનું ચિત્ત પરમ કૈવલ્ય સાથે લાગેલું છે એવા પ્રહલાદ અગ્નિથી બચી ગયા અને હોલીકાનો નાશ થયો.

· એ ભક્ત પ્રહલાદ અને એમની વિશુદ્ધ ભક્તિના સ્મારકરૂપ આપણી હુતાશણી છે. હિંદુઓએ તો આવા પ્રસંગે ખાસ કરી ઉત્તમ ચરિત્રવાન્ ભક્તોનાં ગીત ગાવાં જોઇએ. તેને બદલે આજે મનુષ્યના માનસમાં જુગુપ્સા જાગે તેવા અત્યંત બિભત્સ ફાગ બોલાય છે.

હોળી એ ઐતિહાસિક ઘટના હોય કે વૈદકની દષ્ટિએ શરૂ થઇ હોય—ગમે તેમ પણ મનુષ્યજાતિના કલ્યાણને માટે એ પર્વ પ્રચાર પામેલ છે.

એ પ્રજાકલ્યાણનો પવિત્ર યજ્ઞ છે. એ જ રાત્રે હીમગિરિ-શિખરો ઉપર શંકર ભગવાને ત્રીજું લોચન ઉઘાડી કામને દહન કર્યો છે. એ જ પ્રભામય રાત્રિએ કહાનકુંવરે માશી પુતનાના પ્રાણ શોષી લીધા છે. એ જ રાત્રિએ પ્રહલાદની ભક્તિનું સામર્થ્ય બતાવી હિરણ્યકશ્યપુ જેવાને દિંગ બનાવી દીધો છે. ત્યારે ઓ ભારતના સંતાન ! તમારી ઘેલછાનો ત્યાગ કરી, કર્તવ્યપરાયણ બની, યૌવનના, ઉત્સાહના, શક્તિના પૂજારી બનો, વીરત્વની કસોટીનો સમય આવી લાગ્યો છે. માટે હોલીકાના યજ્ઞમાં સ્વદેશના સૈનિક બનવાના શપથ લઇ લો ! સૈનિક પદને લાયક બનવા, મહાવીર હનુમાન અને ભીષ્મ-પિતામહ માફક બ્રહ્મચર્યદીક્ષાના કટ્ટર હિમાયતી બની જાઓ. તમારો દેશ પ્રાણાર્પણની હોળીકા છે. છેવટે તો,

'રામનામ કે જાપક જન હૈ, તીનો લોકમેં નિર્ભય;
મીટતે સારે તાપ નામકી, ઔષધ સેં પક્કા નિશ્ચય !
નહિં માનતે હૈ તો મેરે તનકી ઔર નિહારો તાત,
પાની પાની હુઇ આગ હૈ, જલા નહિ કિંચિત ભી ગાત !'

卐

શીતળા સાતમ

શીતળા સાતમનો તહેવાર હિંદુસ્તાનના ઘણા ખરા ભાગમાં પ્રચલિત છે. આ દિવસે ઘરમાં અગ્નિ પ્રગટ નહી કરતાં આગળના દિવસે એટલે છઠના દિવસે તૈયાર કરી રાખેલો ખોરાક સાતમના દિવસે ટાઢો ખાવામાં આવે છે. આ શીતળા દેવીનું પૂજન જલાશયની જગ્યાએ મૃતિકાનું પુતળું બનાવી દરેક સ્ત્રીઓ કરે છે.

હિંદુઓના તહેવારો અને રીતરીવાજો ખાસ ઋતુને અને શરીરને સાનુકુળ સંજોગોમાં સમાન અવસ્થાએ રાખવા અને વાત, પિત્ત, કફના ઋતુઓના સંયોગથી થતા હીન, મિથ્યા અને અતિયોગને ટાળીને તેઓને સરખી સ્થિતિમાં રાખવા પ્રચલિત થયા હોય એમ જણાય છે. પરંતુ આ શ્રાવણ વદી સાતમ કે જેમાં સ્ત્રીઓની માન્યતાને માન આપી, પુરૂષ અથવા કુટુંબના દરેક વર્ગને શીતળા દેવીની પ્રસન્નતાની ખાતર આગલા દિવસે રાંધેલા વાસી અને વિદાહી પદાર્થોનું ભક્ષણ કરવું પડે છે. તે કેટલા વખતથી અને કેવા કારણે હિંદુ ધર્મમાં દાખલ થઈ પ્રચાર પામેલ હશે તે કહી શકતું નથી

આ તહેવાર વાસીભોજનને લીધે સંખ્યાબંધ માણસોની તંદુરસ્તી બગાડે છે. માત્ર પ્રચલિત રીવાજ પ્રમાણે એક સાતમના દિવસે ટાઢો ખોરાક ખાઈ જન્માષ્ટમીનો નકોરડો ઉપવાસ કરી નાંખવામાં આવે તો લંઘન અને પાચનક્રિયા વડે શરીર મૂળ પાયા ઉપર આવી જાય.

પણ આ તરફ લોકોની દષ્ટિ થોડી હોય છે. જ્યારે શરીર સારૂં હોય છે ત્યારે માણસ યથેચ્છ આહારવિહાર કરતા જરા પણ ડરતો

નથી અને સમજે છે કે સદા નીરોગી જ રહી શકાશે. પરંતુ માધવાચાર્યના મત પ્રમાણે મિથ્યા આહારવિહારથી આમાશયનો આશ્રય કરીને રહેલા દોષો પ્રકોપ પામી બહાર નીકળે છે, એ વાત પ્રત્યે લક્ષ નહીં હોવાથી સાતમ આવવાને બે ચાર દિવસ આગમચ તૈયારીઓ કરવામાં આવે છે. અને છઠ્ઠનો દીવસ તો ખાસ રાંધવા માટે જ રાંધણુ છઠ્ઠ તરીકે જ ઠરાવેલો હોય છે. તે દીવસે હોંશીલી બહેનો ખૂબ આનંદથી પાંચ પંદર દિવસ ચાલે તેટલાં માલપાણી બનાવી નાંખે છે. અને તે જ દિવસથી પેટ રૂપી ગોદામમાં માલની ભરતી થવા લાગે છે. અને વળી ઉપરથી અષ્ટમીના ઉપવાસના બ્હાનાથી કેળાં, પેંડા અને એવા જ ગરીષ્ટ પદાર્થોની ભરતી કરી ગોદામને ચીક્કાર કરે છે. અને પછી એનું પરિણામ શું આવે છે? વર્ષા ઋતુ સમાપ્ત થઇ હોય છે, શરદ ઋતુની શરૂઆત હોય છે. એથી ખૂબ આનંદથી કરેલ ભોજનનો હિસાબ ચુકવવા વૈદ્ય કે ડોકટરની પેઢીએ પહોંચવું પડે છે. માટે પોતાના આરોગ્યને હાનિ પહોંચાડનાર આવી ગતાનુગતિક જૂની રૂઢીઓને વિદાય કરી મનુષ્યો લાભ–હાનિને સમજતા થાય તો સહેજે અનેક વ્યાધિઓના ભોગ થતા અટકે અને નીરોગી જીંદગી ભોગવી શકાય.

પરંતુ સ્વાદની ખાતર જમનારા માણસોનું આવી બાબત તરફ બહુ ઓછું જ લક્ષ હોય છે. હિંદુ જાતિમાં જે કોઇ આવા રીત રીવાજો ઘુસી ગયા છે, તેનો આરોગ્યની દૃષ્ટિએ જો વિચાર કરવામાં આવે તો તેવા રીવાજ સદંતર બંધ કરવાને જ ગોગ્ય હોય છે.

દરેક મનુષ્ય તરીકેનો દાવો કરનાર વ્યક્તિએ જરૂર સમજવું જોઇએ કે આપણે જીવવા માટે ખાઇએ છીએ, કાંઇ ખાવા માટે જીવતા નથી.

卐

પદવી વગરનો ડૉક્ટર

આજાણા તાબાના અમારા ગામ શેદલાથી એક ગાઉ દૂર સીધર નામનું ગામ છે. ત્યાં ભાથીડા નામનો એક વાઘરી રહે છે. તે પોતાનું ગુજરાન શાકભાજી ઉત્પન્ન કરી વેચવાના ધંધાથી ચલાવે છે; પણ તેની પાસે એક અજબ ચમત્કારિક ઔષધિ છે, જેનાથી પોતે લીધેલા સોએ સો કેસને આરામ કરે છે. એના કેટલાક દાખલા નીચે નોંધું છું; જેને વાંચી વિચારવાથી ભારતવર્ષને તો નહિ પરંતુ દુનિયાભરને જે આયુર્વેદ (દેશી વૈદું) શાંતિ આપતું, અને હાલના આગગાડીના વેગે આગળ વધતા હડહડતા જમાનામાં કે જેમાં પાશ્ચિમાત્ય વૈદકની બોલબાલા થઈ રહી છે તેવા પ્રસંગે, પોતાના પ્રતિપક્ષી સામે હજુ પણ જે પગભર ટકી રહ્યું છે, તે આયુર્વેદને અશાસ્ત્રીય માનનાર ગૃહસ્થોને હું આમંત્રણ કરૂં છું કે એક વખત એ આયુર્વેદની અવાંતર રહેલી વનસ્પતી વડે એક ખૂણામાં પડેલ કે જેણે વૈદ્ય કે ડાકટરની પદવી પણ મેળવી નથી, તેવો એક માણસ જે કામ કરી રહ્યો છે તેનું આપ નિરીક્ષણ કરો અને તેના હાલતાંચાલતાં હજારો સર્ટીફિકેટો નિહાળો અને પછી કહેજો કે, આયુર્વેદ હંબક છે!

શેદલાના એક બાળકને 'બગલની અંદર નાળીએરના ગોળા જેવડું' ગુમડું નીકળ્યું અને તેનો સોજો ગળા સુધી અને તે જ હાથની આંગળીઓ સુધી એટલો ચઢયો કે જોનારને એમ જ લાગે કે હમણાં જ તે ફાટી જશે. તેના ઉપર ઘરગતુ અને ડોકટરી કેટલાક ઉપચાર કરવામાં આવ્યા, પરંતુ આરામ ન થયો, બલ્કે સોજો વધતો ચાલ્યો. છેવટે તે બાળકનો પિતા અકળાઇને પેલા વાઘરી પાસે ગયો. વાઘરીએ કહ્યું કે, 'ભાઈસાબ! મને રાજી કરો તો હું આવું.'

વચમાં એક વેપારીને રાખીને રૂપીઆની અંદર રાજી કરવાનું કરાવ્યું. નક્કી કર્યા બાદ તે વાઘરીની સ્ત્રી નાળીયેરની કાચલીની અંદર દવા લઇ આવી. તે કોઇ ભાજીપાલો વાટેલો હોય તેમ જણાતું હતું. તેણે આવી તે દવાની અંદર પાણી મેળવી પ્રથમ ગુમડાંની આસપાસ તેની આંતરી કરી, અને ત્યારપછી તે જ દવા ગુમડા ઉપર તથા સોજા ઉપર લગાવી, અને તે જરા સૂકાયા પછી દવાની થેપલી ગુમડા ઉપર મૂકીને તેને ઘેર ચાલી ગઇ. માત્ર એક જ રાત્રિમાં આશ્ચર્ય ઉપજાવે તેમ બધો સોજો સમાઇ ગયો અને ગુમડું પણ ચીમડાઇ અર્ધું બેસી ગયું. આ પ્રમાણે ત્રણ દિવસ દવા ચાલુ રાખવાથી ગુમડું તદ્દન વેરાઇ જઇને નામ નિશાન પણ ન રહ્યું.

તે ભાથી જ્યારે દવા ચોપડવા આવતો ત્યારે તેને બાજરીનો રોટલો ખવરાવતા; તેમ જ તેને રાજી કરવા પાછળથી અઢાર આનાની કિંમતનો જાડો સાડલો તેની સ્ત્રી માટે આપ્યો, ત્યારે તે ઘણો ખુશ થયો.

અત્રેના એક પચાશ વરસની ઉમરના લોહાણાના હાથના કાંડા પાસે કુતરૂં કરડયું અને તે પાક ઉપર ચઢયો. હાડકાની અંદર સડો ઉતર્યો અને એક પછી એક સાત નારાં પડયાં. બજાણા સ્ટેટના

ડૉક્ટરની સારવાર નીચે લાંબા દિવસ રહેવા છતાં આરામ થયો નહિ, પરૂ વહેતું જ રહ્યું. છેવટે આ ભાગી વાઘરીની તે જ દવાથી પંદર દિવસમાં અંદરથી રૂઝાઇને આરામ થઇ ગયો. તેને રાજી કરવામાં દશ આનાના પૈસા થયા.

દરદી તેની પાસે જાય છે ત્યારે 'તમે બાપલા ચાલતા થાઓ, હું દવા લઇને આવું છું.' એમ કહીને આવેલ માણસ વિદાય થયા પછી તે ઘર પાછળના વાડામાંથી દવા લાવી, પથરા પર વાટી, કાચલીમાં ભરી લાવે છે. તે દવા જોતાં તેમાં અમુક જાતનો ચળકાટ જણાય છે, જેથી ગમે તે જાતનો ક્ષાર કોઇ વનસ્પતિ સાથે ભેળવતો હોય એમ લાગે છે. ઉપર એ દાખલા લખ્યા તેવા તેણે તે જ દવાથી લગભગ સેંકડો કેસ સારા કર્યા હશે. અમારે અહીંના પંદર વીસ ગામના માણસોમાં તેની પ્રખ્યાતિ છે. અમૂંઢિયાં, પાક ઉપર ચઢેલાં, નહિ રૂઝાતાં, સડતાં અને ઘણા વખતથી નહિ મટતાં નાનાં મોટાં અનેક ગૂમડાં માત્ર એક જ દવાથી તે મટાડે છે. તે સિવાય દાઢ દુઃખતી હોય તો તે જ દવાનાં ટીપાં કાનમાં નાંખી પાંચ સાત નાના જીવડા કાનમાંથી કાઢી પીડા મટાડે છે. કાનના ચસકા તથા પાકમાં પણ તે જ દવા નાંખીને પીડા શાંત કરે છે.

વધારે આશ્ચર્ય ઉપજાવે તેવા દાખલા તો એ છે કે એક દશ વર્ષના છોકરાને કંઠમાળ થએલો, જેને મટાડવા માટે વૈદ–ડૉકટરોને હાંફવું પડે છે. તેને પણ માત્ર દશ પંદર દિવસના લેપથી મટાડ્યો છે. તે દવા બતાવવા માટે તેને અનેક લાલચો બતાવ્યા છતાં પણ તે કોઇને બતાવતો નથી. તેના ઘરમાં મોટી ઉમરની છોકરીને પણ જ્યારે દવા લાવવી હોય ત્યારે બહાર મોકલી દે છે.

એક કેસની હકીકત કે જે મને પણ આશ્ચર્ય ઉપજાવી રહી છે તે ટાંકવી રહી જાય છે. શેદલાના વનમાળી પ્રાગજી નામના માણસને

બરડામાં બાર માસથી પાકું થયેલું, લગભગ આઠ દસ આંગળનો ખાડો પડેલો, કોઇ પણ માણસ તે મટશે એમ કહેતું ન હતું, છતાં થોડા જ દિવસમાં તે વાઘરીએ આરામ કર્યો અને પછીથી તે ફરી ઉબળવા પામ્યું નથી. આ તો માત્ર અમારા ગામ શેદલામાં જ બનેલા કેસોની હકીકત જાહેર કરી છે. આ સિવાય બીજા ઘણા ગામના માણસો તેની પાસે જાય છે અને આરામ મેળવે છે.

આટલું વિવેચન કર્યા પછી વિદ્વાન અને અનુભવી વૈદરાજોને વિનંતી કરવામાં આવે છે કે, આપણા ભારતવર્ષમાં આવી વનસ્પતિઓ વિદ્યમાન છે કે જે વનસ્પતિથી, ડોકટરોનાં ઓપરેશન અને અનેક બીજા ઉપચારોના અંતે મહા મુસીબતે મટે તેવા વ્યાધિને માત્ર તેના લેપથી મટાડી શકાય છે. તેવી વનસ્પતિની શોધખોળ કરી તેને જાહેરમાં મૂકવામાં આવે તો પ્રજા ઉપર મોટો ઉપકાર થાય અને આયુર્વેદનું ગૌરવ વધે. વિશેષમાં આ ઔષધિ જે વૈદ્યબંધુને નજરે જોવાની ઇચ્છા હશે તેને આ વાઘરીએ લીધેલી કિંમત તથા ટપાલખર્ચ લઇને મોકલવામાં આવશે.

* આ લેખ વર્ષો પહેલાં એક માસિકમાં પ્રકટ થયેલો. ત્યારબાદ આ વાઘરી તો પરલોકવાસ પામ્યો છે. પરંતુ તેના ઔષધોપચારનું કામ તેની સ્ત્રીએ ચાલૂ રાખ્યું છે. આ સીધર ગામના ભાથીડાની દવા જ ‘બહુરૂપી’ના તંત્રી સાથેના મારા પ્રથમ પરિચયમાં કારણભૂત બની હતી. મહાન અને ગંભીર દરદોને સ્વલ્પ સમયમાં નાબુદ કરનારી આવી વનસ્પતિઓ આપણાં જંગલોમાં, બગીચાઓમાં અને ખેતરોમાં રહેલી છે તે આપણે કદી પણ ન ભૂલીએ.

卐

આ હા ર

લે જો રે કાબુલી મેવો

લીલી દ્રાક્ષ

વાહ કુદરત! તારી પણ બલિહારી છે! તારી કરામત ઘડીભર માનવપ્રાણીને વિચારમુગ્ધ કરી મૂકનારી, સ્થંભાવનારી છે જ છે.

વર્ષોનાં વર્ષો વિતી જશે, વિજ્ઞાનીઓ અને તત્ત્વચિંતકો પ્રસ્વેદનાં બિંદુઓ વાંકી આંગળીએ કપાળ ઉપરથી લૂછી નાંખી, વિશ્રાંતિનો સ્હેજ પણ દમ ભરવા નવરાશ નહિ લે, તો પણ શું તારી અગાધ કરામતને તેઓ પહોંચી શકશે? શું તેઓ તલસ્પર્શી વિચારોનો નિર્ણય લાવી શકશે કે? નહિ જ, હરગીજ નહિ.

એક જ ક્યારામાં રોપેલા ગુલાબ અને બાવળનાં બીજમાંથી, એક જ માળી ઉછેરનાર, એક જ જમીન, એક જ પ્રકારનું પાણી પાવા છતાં ઉછરતો છોડ: ક્યાં ગુલાબ અને ક્યાં બાવળ!

વાહ રે દયામય પ્રભુ! તારી અલૌકિક લીલા અને સૃષ્ટિસામગ્રી જીવપ્રાણીઓ માટે તેં શું નથી કર્યું અને શું શું કર્યું છે? કોઇ કમીના રાખી છે ખરી? કીટ અને પતંગથી માંડી માનવસમુદાય અને હાથી જેવા વિશાળકાય માટે પણ કેવી મઝાની સજાવટ! કેવી કેવી અલૌકિક ઘટમાળ? એક બીજાના આશ્રયે જીવનનિર્વાહ કરતાં સંસારયાત્રાને ખેડતાં, સામે તીરે જવા પ્રયત્ન સેવી રહ્યાં હોય ત્યારે વચમાં થોડી વાર થંભી જઇ, તારો ચાવી દીધેલો ચરખે તટસ્થ રહીને નિહાળે તો જ તારી બુદ્ધિ અને કરામતની યત્કિંચિત ઝાંખી કરી શકે.

ઝુમખાંબંધ લીલી દ્રાક્ષ–મીઠો મેવો-કાબુલી મેવો : લારીઓ ભર ભરીને બજારોમાં ફેરીયાઓ ' લેજો રે કાબુલી મેવો ' સંભળાવે છે ત્યાં સુંદર, અતીવ સુંદર, કાંચનવર્ણી કાયવાળો એ મેવો લેવા ખીસામ સહેજે હાથ પડી જાય છે. કેવું મઝેનું કલેવર! રસથી તરબોળ ભરેલ જાણે નાજુક કેરબાના દાણાની એક સાથે ગુંથણી કરી ઝુમખે બનાવ્યો હોય ને શું? તેની આરપાર દેખાતો તેમાં ભરેલો રસ અને એ ઉત્પન્ન કરનાર બહુ બારીક બીજો સંગ્રહી રાખી, મનુષ્યો માટે દેહાર્પ કરવા દેશાંતરથી આવેલી લીલી દ્રાક્ષ મૂક સંદેશો જાણે કહેવરાવત હોય : ઓ મનુષ્યો! ઓ ભાગ્યવિધાતાનાં લાડીલા બાળકો! લ્યે લ્યો, અમૃતથી ભરપૂર અમો તમારે માટે નિર્માણ થયાં છીએ પૃથ્વીમાંથી રસશોષણ કરી અમારૂં શરીર અમે ઘડયું છે તમારે મા અમને અપનાવો અને પુષ્ટિ મેળવો.

દ્રાક્ષ એ તો મેવાનો રાજા, નહિ મહારાજા. તેનો સ્વાદ અ તેના ગુણ–એનું વર્ણન ચંદ્રની શીતળતાથી જરા યે ઓછું ન ક શકાય. કેટલાં બધાં તત્ત્વોથી એ ભરેલી છે? અને એ તત્ત્વોની એ બીજાની સાથે એવી મિલાવટનું ઇશ્વરી કારખાનાનું મિશ્રણ છે તેનું પૃથક્કરણ આપણે નિહાળીએ છીએ ત્યારે વસુંધરાનો– ' અને

रत्नानि वसुंधरा'નો ગુણ–અઢારભાર વનસ્પતિમાં જુદા જુદા ગુણો મૂકવાની ખૂબી આપણને અજાયબી ભરેલ લાગે છે! તેમાં કયાં તત્ત્વો છે?

૧ શર્કરા (ગ્લુકોઝ)	૧૦ લોટ
૨ ગુંદર જેવો પદાર્થ	૧૧ સોડીયમ કલોરાઇડ
૩ ટેનીન	૧૨ ટાર્ટરિક એસીડ
૪ પોટાશીયમ	૧૩ સાઇટ્રીક એસીડ
૫ બાઇ ટાર્ટ્રેટ	૧૪ મેલિક એસીડ
૬ ટાર્ટ્રેટ ઓફ લાઇમ	૧૫ રસેમીક એસીડ
૭ મેગ્નેશીયા	૧૬ આલ્બ્યુમીન
૮ એલમ	૧૭ સ્નાયુવર્ધક તત્ત્વ
૯ પોટાશીયમ કલોરાઇડ	૧૮ પાણી

લીલી દ્રાક્ષમાં દર એક શેરે ત્રણ અધોળ નક્કર દ્રવ્યો અને બાકીનું નિર્મળ જળ છે. વળી દ્રાક્ષમાં ૨૧ થી ૨૭ ટકા ફોસ્ફેરિક એસીડ પણ રહેલો છે.

આટલાં બધાં કુદરતી દ્રવ્યોની સજાવટ અને મિલાવટ તમારા સામે રોજ આવી ઉભી રહેતી લીલી દ્રાક્ષમાં છે. એ દ્રવ્યો શરીરને કેટલાં ઉપયોગી છે અને તેની જરૂરીયાતો પૂરી પાડે છે, એ માણસ નહિ સમજતો હોય છતાં ખાઇ લે તો પણ સફળતા મળી શકે છે. એવી આ સુંદર દ્રાક્ષની સુરસતાનો તમે કદિ વિચાર કર્યો છે ખરો? તેના ગુણોની માહિતી મેળવવાનો કદિ યત્ન કર્યો છે ખરો?

દ્રાક્ષના ગુણો: પિત્તશામક, રક્તવર્ધક, રક્તશુદ્ધિકારક, બુદ્ધિવર્ધક હોઇ, દાહ, પિત્તજ્વર, ઉષ્મા અને ખોટી ગરમાઇને મટાડનાર છે. પરંતુ લીલી દ્રાક્ષના અખતરા અને પ્રયોગ કરી જોતાં તેનામાં રહેલા સમર્થ ગુણો અમને અજબ જેવા જણાય છે, જે જનસમાજની સામે મુકીએ છીએ:

કેન્સર—ગળામાં થતો કેન્સરનો વ્યાધિ જે અતિ દુઃખદાયક છે, જેને મટાડવામાં આજે જગતની વિદ્યમાન સઘળી થિયેરીઓએ હાથ ખંખેરી નાંખ્યા છે, દરદીથી દૂધ અને પાણી પણ મહા મુસીબતે ગળા નીચે ઉતારાતું હોય છે, તેવા દરદીને અન્નજળ બંધ કરાવી, લીલી દ્રાક્ષ ભરપેટ દરરોજ આપવામાં આવે છે અને દેશી દવાઓમાં કેલસ્યમોનાં તત્ત્વો જેમાં વધારે હોય એવી દવાઓ અપાય છે, તો ત્રણ મહિનાના આ પ્રયોગથી કેન્સર મટે છે, રૂઝાઇ જાય છે, નવા લોહીનો સંચાર થઇ, દરદી નવું આયુષ્ય મેળવે છે.

એવી જ રીતે હરસ અને મસાના દરદીઓ: જ્યારે મસામાંથી લોહી પડવાથી દરદી નિર્બળ થઇ રહ્યો હોય છે, દવાઓથી લોહી બંધ થતું નથી, તેવે વખતે દ્રાક્ષ—લીલી દ્રાક્ષ સારા પ્રમાણમાં આપવાની શરૂ કરવાથી અને જેમાં લોહનાં તત્ત્વો વિશેષ હોય એવી દવાઓ ચાલુ કરવાથી લોહી બંધ થાય છે, હરસ સુકાઇ જાય છે અને એકાદ મહિનામાં દરદીએ ગુમાવેલું લોહી ફરી મેળવી તે ટટ્ટાર બને છે.

એવી જ રીતે ખરજવાના દરદીઓ, વિદ્રથી અને માંસાર્બુદના દરદીઓને છૂટથી લીલી દ્રાક્ષ આપવામાં આવે છે તો તેમના વ્યાધિ જલદી નાબૂદ થાય છે, લોહી શુદ્ધ બને છે અને નવું ચેતન આવે છે. આવા દરદીઓને જેમાં ગુગળનું પ્રમાણ વધુ આવતું હોય તેવી દવા દ્રાક્ષની સાથે આપવી જોઇએ છે.

હમેશાં કબજીયાતના દરદવાળાને લીલી દ્રાક્ષ અમૃતીકરણનું કામ કરી બતાવે છે. બપોરે ત્રણ વાગતાના સુમારે પાશેરથી અરધો શેર દ્રાક્ષ જો લઇ લેવામાં આવે તો સવારે દસ્ત સાફ આવે છે. કારણ રક્તવાહિની શિરાઓમાં જે બરડપણું આવી ગયું હોય છે તે સ્થળે

લીલી દ્રાક્ષનો રસ કોમળતા લાવે છે અને આંતરડાંની આંતરત્વચાને કામ કરતી બનાવે છે. એટલે આંતરડાંમાં રસ ઝરવા લાગી, મળને એકત્ર કરી નીચે ધકેલે છે, જેથી સંકોચવિકાસ અવસ્થા ઉત્પન્ન થઈ મળ ધકેલાય છે. દ્રાક્ષમાં રહેલો ઉત્તમ એસિડ આંતરડાને પુનર્જીવન આપે છે. એટલે દ્રાક્ષ લેતી વખતે જ દસ્ત આવે છે એમ નહિ પણ નિયમિત એકાદ બે મહિના લેવામાં આવે તો કબજીયાતનું હમેશનું દર્દ નાબૂદ થઈ જાય છે.

ઉપરાંત પેટનાં ચપટાં કરમને તે નાબૂદ કરે છે, જે ફરી થતાં નથી. મૂત્રાશય-ગુર્દાને તાકાત આપે છે. મૂત્રપિંડને કામ કરતા બનાવી મૂત્રમાં જતા પદાર્થો રોકી લઈ, પેશાબ સાફ, નિર્મળ, સ્વચ્છ લાવે છે. પિત્તની ગરમાઈનો તો નાશ જ કરે છે. મગજને ભરે છે અને પિત્તાધિક્ય દોષને જીતે છે. પિત્તાસ્મરી (પિત્તની પથરી) ને નાબૂદ કરવામાં લીલી દ્રાક્ષ જેવું એકે હથિયાર નથી. લીવરનો વધારો કે લીવરદોષને લઈને થયેલી ફીકાશને મટાડી આપે છે.

જેવી રીતે મોટી ઉમરના માણસોને લીલી દ્રાક્ષ ઉપયોગી જણાઈ છે તેવી જ રીતે નાની ઉમરનાં ધાવણાં બાળકોને પણ જો છૂટથી આપવામાં આવે તો તેને કોઈ પણ જાતનું નુકસાન કરતી નથી અને ખાસ કરીને જ્યારે બાળકોને દાંત આવતા હોય તે વખતે તો લીલી દ્રાક્ષ બહુ ઉપયોગી છે. બે બે તોલા લીલી દ્રાક્ષ દાંત આવતાં બાળકોને આપવામાં આવે તો તેના દાંત જલદી નીકળી જાય છે. દાંત આવવાના કારણે થતા લીલા ઝાડા બંધ થાય છે. શરીરનું ગળવું બંધ થઈ લોહીની વૃદ્ધિ થાય છે. એ ઉપરાંત બાળકોને ચુ[illegible]ો રો[illegible] થાય છે, જેથી બાળકની જીભ ઉપર સફેદ છારી બાઝી જઈ હોય છે, મોઢું આવી ગયું હોય છે, તાળવું, ગળું, ગલોફાં અને શ્વાસનળીમાં એ જ હાલત થઈ હોય છે, બાળક ધાવી પણ શકતું

નથી. એ બાળકને લીલી દ્રાક્ષ અથવા તેનો રસ બે બે તોલા આપવામાં આવે તો તે જલદી સુધરી જઇ તદ્દન સારૂં થઇ જાય છે.

સ્ત્રીઓના રક્તપ્રદર, લોહીવામાં લીલી દ્રાક્ષ બહુ જ ઉપયોગી અને અતીવ ગુણકારી જણાઇ છે. દરરોજ અરધા રતલથી બે રતલ શુદ્ધ દ્રાક્ષ આપવાની શરૂ કરતાંની સાથે લોહીવા બંધ થઇને સ્ત્રી સ્વસ્થ બને છે, ખોટી ગરમાઇ નાબુદ થાય છે, અટકાવ નિયમીત આવે છે અને લોહીવાના કારણે શરીર નંખાઇ ગયું હોય તે ટટ્ટાર બને છે અને એકાદ મહિનામાં ચહેરો લાલ સુરેખ જેવો બનાવી આપે છે.

પરંતુ જેને ખાટા ઘચરકા આવતા હોય, છાતીએ દાહ બળતો હોય અને સંધીવા થયો હોય તેવા માણસોને માત્ર લીલી દ્રાક્ષ માફક આવતી નથી.

ઉપર તો જાણે દ્રાક્ષનો ઉપયોગ રોગ પરત્વે બતાવ્યો. પરંતુ તદ્દન નીરોગી અને સ્વસ્થ મનુષ્ય પણ આ ફળ ઉત્તમ મેવાની દૃષ્ટિએ બહુ મોજથી ખાઇ શકે છે અને તેમાં રહેલાં ઉત્તમ તત્ત્વોનો શરીરમાં સંગ્રહ કરી શકે છે. દ્રાક્ષ ખાવાનો ખરો સમય સાંજે ત્રણથી પાંચ વાગ્યાના અંદરનો છે. ઘણા સવારે નરણા કોઠે દ્રાક્ષ ખાય છે, પણ અમારા મત પ્રમાણે તો સાંજના વખતે દ્રાક્ષ લેવી ઘણી ઉત્તમ છે, કારણ કે બપોરના લીધેલા ખોરાકનું ત્રણ વાગ્યા પછી રસમય પ્રવાહી બન્યું હોય છે. એ રસ ઉપર રક્તવાહિનીઓ અને રસવાહિનીઓ શોષણક્રિયા ચલાવતી હોય તે વખતે દ્રાક્ષ એ રસમાં જઇ પડે છે, એટલે શોષણક્રિયામાં બહુ મદદ મળે છે, શિરાઓની થકાવટ દૂર થાય છે અને દ્રાક્ષનો એસીડ તેમાં ઝડપભેર ક્રમ ઉત્પન્ન કરે છે.

શરીર અને ચ્હેરા ઉપર લાલીમા અને લોહી વધારવાની ઇચ્છા-વાળાઓને અમે તો કેરીની માફક લીલી દ્રાક્ષ લેવાની પણ છુટથી ભલામણ કરીએ છીએ. એકાદ મહિનો અરધો શેરથી એક શેર દ્રાક્ષ કકડે કકડે આખા દિવસમાં લેતા રહો અને પછી ચહેરા સામે આયનો ધરો કે વજનના કાંટા ઉપર પગ મૂકો. જરૂર ફેરફાર થયો હશે જ. શરત એટલી કે દ્રાક્ષના પ્રયોગ વખતે ભુંસું અને ચવાણું ખાવાની સખ્ત મના સમજી લેવી. દ્રાક્ષના રસને અને ભુંસું–ચવાણાને બે શોકયો જેવાં વેર છે. ચવાણું કહે દ્રાક્ષ નહીં અને દ્રાક્ષ કહે ચવાણું નહીં. છતાં બન્નેને સાથે રાખનારની દશા બે ખારીલી પત્નીના પતિ જેવી જ થાય.

લીલી દ્રાક્ષ એ તો મોસમી વસ્તુ છે. એટલે મોસમ સિવાય છુટથી મળી શકે નહીં, માટે તેને હરહમેશાં લેવાની ઇચ્છા ધરાવ-નારે લીલી દ્રાક્ષના રસનો દ્રાક્ષાસવ બનાવી લેવો. એ દ્રાક્ષાસવ એટલો ઉત્તમ ગુણથી ભરપૂર અને તુરત અમલ કરનારો બને છે કે જેના ગુણથી આપણે આનંદિત થઇએ છીએ. હવે માત્ર દિલગીર અને હતાશ થવાનો સમય એ આવ્યો છે કે અમારી શાણી સરકારે અમારા ગુણથી ભરેલા, અમારા બહુમૂલ્ય સમા હથિયાર રૂપ આસ-વોને ખુંચવી લીધા છે. વ્યાધિ મટાડવાનું એક અંગ અમારૂં વિચ્છેદ થયું છે. હવે બીજું અંગ છે દવા. તેના પર ક્યારે, કેવી રીતે તરાપ મારશે અને ધીમે ધીમે, દેશની સેવા કરતી આયુર્વેદ પદ્ધતિનો ક્યારે વિનાશ કરશે તે તો જાણે દેશનાયકો! બાકી

ધીરે ધીરે જાયગા સબ દેવનકા સાથ,
રહેગી કાષ્ટકી પુતળી, ઓર દુસરા પારસનાથ.

卐

કાંદાનું કચુંબર

સોનું દુનિયા પરની ખાણમાંથી ઓછું મળતું હોવાને કારણે તેનો ભાવ એક તોલાના ૪૨ રૂપીઆ રહે છે અને લોઢું વધારે મળતું હોવાને કારણે તે સસ્તું મળે છે. પરંતુ ધાતુવાદની દૃષ્ટિએ કે ઉપયોગીતાની દૃષ્ટિએ લોઢું જરાએ સોનાથી ઉતરતું નથી, બલ્કે સોનાથી ચલાવી શકાય છે જ્યારે લોઢા વગર નથી ચલાવી શકાતું.

એવી જ રીતે કાંદા–ડુંગળી–પ્યાજ એ અણમોલી, મહા ગુણશાળી વસ્તુ પુષ્કળ સસ્તી હોવાથી મોટા લોકો તેની તરફ જરાક ઉતરતો પ્રેમ દાખવે છે; અને વિશેષમાં એ ભિખારી જગતની ખાનદાનીથી સેવા કરનારી ડુંગળી–પ્યાજને વધારે તો ધર્માચાર્યોએ તિરસ્કારી છે. એનો એવો શો અપરાધ છે તે તો પેદા કરંદો જાણે, પણ અમુક સંપ્રદાયના મહારથીઓ તો ડુંગળીનું નામ લેતાં પણ અભડાય છે. ભલે અમુક ઉદ્દેશની ખાતર જેણે બધા જ રાજસી–તામસી આહારોનો ત્યાગ કર્યો હોય, જે કેવળ સાત્વિક ભાવનાએ જગતથી પોતાનું લક્ષ્યબિન્દુ જુદું જ તારવી, કોઇ અલૌકિક ધ્યેય પાછળ ફના થવા બેઠા હોય, તે ડુંગળીમાં તામસી ગુણ છે એમ માની તેને તિરસ્કારે તે આપણે સહન કરી લઇએ; પરંતુ જેઓને ડુંગળીથી પણ વધારે તમોગુણપ્રધાન પદાર્થો ખાવાને હરકત નથી, જેમને કૉડલીવર ઓઇલ અને રેકટીફાઇડ સ્પીરીટથી બનેલા ડોકટરી ડોઝો કે દવાઓ અથવા વિદેશથી આવતી બેદાંની, જરદીનો બનાવટવાળી શક્તિની દવાઓ ખાવામાં વાંધો નથી, એવાં ભાઇઓ અને બ્હેનો ડુંગળી

ખાતાં કેમ અભડાતાં હશે તે સમજી શકાતું નથી ! હિંદની અંધ ધર્મપરંપરાનો આ પણ એક ફક્કડ નમૂનો છે ! ભગવાન એમનાં અજ્ઞાન ચર્મચક્ષુઓ ઉઘાડી, ડુંગળી ખાતાં બનાવે એમ ઇચ્છીએ. છતાં ડુંગળી–કાંદા ખાવાથી કોઇ પણ હિંદુ હિંદુત્વથી ટળી જાય છે એમ કોઇ ધર્મધુરંધર સિદ્ધ કરી બતાવશે તો આ લેખક ત્યારપછી ડુંગળીનાં ગુણગાન છોડી દઇ તેનો વિરોધી બનશે. આ લેખ વાચકોના હાથમાં હશે તે વખતે ડુંગળી–કાંદાનો નવો જન્મ પણ થયેલો હશે, તેમ તેની ખાવાની મોસમ પણ છે. સાથે તેની માશીની દીકરી બેન કેરી બાળસ્વરૂપમાં આવીને ઉભી હશે. એટલે જ લેખકનો પ્રયાસ, વાચકનો વિલાસ અને કાંદાનો વિનાશ એ ત્રણ કાર્ય એકી સાથે સિદ્ધ થશે, અસ્તુ. કાંદાને કોઇ ન ઓળખે એમ હોય જ નહીં, માત્ર દેશ પરત્વે તેનાં જુદાં જુદાં નામો છે. પણ એ સ્વરૂપસુંદરી પરાગમુગ્ધા, સ્વાદુ લલના આછી અનેરી સાડીઓ ધારણ કરી, બીજા સહયોગીઓની સાથે મારકીટ મધ્યે બિરાજતી હોય ત્યારે પ્રેક્ષકની પહેલી નજર એના ઉપર પડે છે. એ જ એનું આકર્ષણ, એ જ એની મહત્તા અને વિશેષતા છે. બીજા પદાર્થોમાં તો એકેકા ગુણ હોય છે, જ્યારે કાંદો તો ગુણનો ભંડાર છે.

ડૉ૦ લાખોવસ્કી નામના એક જબ્બર વિદ્વાને ડુંગળીમાંથી શક્તિશાળી રેડીઓ–એક્ટિવ નામનાં કિરણોની શોધ કરીને તેમાંથી ‘કેન્સર’ની દવા શોધી કાઢી છે, જે સોએ સો ટકા કામ કરે છે. આ ડૉકટર મહાશયે પ્રથમ એ નિર્ણય કર્યો કે જે વર્ગમાં કાચી ડુંગળી પુષ્કળ પ્રમાણમાં ખાવામાં આવે છે, તેમનામાં કોઇને પણ કેન્સરનો રોગ થતો નથી. પોલાંડમાં યાહુદી સાધુની જાત છે, જે રોટી અને પ્યાજ-કાંદાનો જ માત્ર ખોરાક ખાય છે અને તેમનામાં કોઇને પણ આ રોગ નથી, તેમ જ હિંદની કણબી, સતવારા, કોળી, ભીલ જેવી ગરીબ જાતમાં મુખ્યત્વે કાંદાનો ખોરાક છે. તેમને પણ આ વ્યાધિ થતો દેખાતો નથી.

ડુંગળીમાં એક એવી જાતનું તેલ છે કે જે એક મીનીટમાં ત્રીસ માઇલની ઝડપે વાતાવરણમાં પ્રસરી શકે છે. એટલે કોઇ પણ બેભાન થયેલા માણસને તાજી ડુંગળીને ચીરી સુંઘાડો તો તે જાગૃત થાય છે. આંચકીથી સ્નાયુ ખેંચાતા હોય કે હીસ્ટીરીયાની પીડાથી બેહોશ બનેલા દરદીની પાસે આખી ડુંગળી અને લીંબુની ચીરો કરી, નાક આગળ ધરો તો તે તરત સાવધ થશે.

અથવા કોઇ પણ માણસના પગનાં તળીયામાં ડુંગળીને છુંદી, પાંચ મીનીટ ઘસો અને બે મીનીટ પછી તેનો શ્વાસોચ્છ્વાસ સુંઘો તો તેમાં ડુંગળીની ખુશબો આવતી હશે.

ડુંગળીના ગુણ અને તેના વૈદકીય ટુચકા સેંકડો છે, પણ એની ચર્ચા અહીં નહિ કરવામાં આવે. આ તો કાંદાનું કચુંબર લખાય છે, એટલે આપને આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે કે તેની મોસમ ઉન્હાળો છે, માટે તાપથી બચવા, લુથી બચવા, લુકના તાવથી બચવા અને ઉન્હાળામાં ફાટી નીકળતા કોલેરા જેવા સંક્રામક અને જંતુપ્રાધાન્ય રોગથી બચવા, તમે તમારા ખોરાક સાથે કાંદાનું કચુંબર જરૂર વાપરજો. બને તો સફેદ વેરાવળની ડુંગળી જ પસંદ કરો. લાલ કરતાં એ ધોળી ડુંગળી વધારે વખાણવા લાયક, વધારે સ્વાદવાળી અને ગુણકારી છે. ભાવમાં એક શેરે એક દોઢીયાનો ફરક રહે છે, પણ વેરાવળની ગાયો ને ગધેડા પણ પ્રેમથી જે ડુંગળી ખાતાં થયાં છે તેનો તમે બહિષ્કાર ન કરશો.

વચમાં એક વાત કહું: ત્રણેક વર્ષ પહેલાં વેરાવળ જવાનો મારે પ્રસંગ બન્યો. વેરાવળ બહુ દૂર નથી. કાઠિયાવાડમાં વઢવાણ જંક્શનથી જુનાગઢ રેલ્વે જાય છે તેનું છેલ્લું સ્ટેશન દરિયાકીનારે વેરાવળ છે. હિંદુઓ પ્રભાસ પાટણના તીર્થે જાય છે તે સ્થળ. મારી સાથે બીજા બિરાદરો પણ હતા. અમે ધર્મશાળામાં ઉતર્યા. સાંજે ખાવા માટે દુધ લીધું, તે ગાયનું હતું. અમે ખાવા બેઠા અને દુધના સ્વાદમાં મને એક વિશિષ્ટ પ્રકારની વાસ આવવા લાગી. મારા સાથી-

દારોનું મેં ધ્યાન ખેંચ્યું. પણ અમારામાંથી એનો ખુલાસો કરનાર કોઇ ન મળે. બીજે દિવસે અમે બંદર ઉપર જોવા ગયા, અને ત્યાં હજારો ગુણીઓ ડુંગળીની ભરેલી જોઇ. પાસે જઇ તપાસ કરતાં એ ડુંગળીની ગુણીઓ પરદેશ ચઢાવવા વહાણુ ભરતાં વધેલી તે પડેલી હતી. નવી આવતી જતી અને વહાણુ ભરાતાં જતાં. પણ એ ચાર આને મણુથી નિકાશ થતી બિચારી ડુંગળી ઉપર કોણ ચોકીપહેરો ભરે? અને એ શહેરમાં જેની લાખ્ખો મણુની પેદાશ ત્યાં તેના રખોપા શેના હોય? એટલે જ ગામની ગાયો ત્યાં હળેલી. એક જ દાંતના આંચકે ગુણી તોડી, તેમાંથી ડુંગળી એવી સફાઇથી ખાય કે જોતજોતામાં પાંચ–દશ શેર ડુંગળી ઓછી કરી નાંખે. અને ગાયોને પોતાના ઘરધણીને ત્યાં ઘાસ પણુ ડુંગળીનું જ ખાવાનું. એટલે જ એ ગાયોના દુધમાં વાસ પણુ ડુંગળીની આવતી હતી, એ વાત અમને ચોખ્ખી જણાઇ. એટલે ઉપર જણાવ્યા અમૂલ્ય ગુણુ ડુંગળીના હોવા છતાં જે ભાઇ સીધી રીતે ડુંગળી ન ખાઇ શકે તેમણે મહિનો બે મહિના વેરાવળમાં રહી આવી, ત્યાંની ગાયનું દુધ ખાઇ આવવું એવી મારી ભલામણુ છે.

હવે કચુંબર કેમ કરવું? કાંદાના ચપુથી ટુકડા કરીને ખોરાક ભેગું ખાવું એ બરાબર કચુંબર નથી. તેના બે પાંચ પ્રકાર બહુ સરસ છે. તેની વિગત અહીં લખું છું:

ડુંગળીને ચપુથી સમારવી, ઉભી બારીક કચુંબર કરવી. આડી કરવાની મના છે. એથી સરસ કળીદાર કચુંબર થશે.

એ એક શેર હોય તો તેમાં સુરકો રૂપીયા એકભાર નાંખી, જીરૂ પાવલીભાર અને દળેલું મીઠું પાવલીભાર છાંટી તૈયાર કરો. આ જાણે એક પ્રકાર. આમાં સુરકો, જીરૂ, અને મીઠું એ સિવાય બીજું કાંઇ ન નાંખતા, નહિતર સ્વાદની મજા જશે, સુરકો ગાંધીઓને ત્યાં મળે છે. તે સ્વાદમાં ખાટો હોય છે.

કેરી કાચી શેર ૧, ડુંગળી શેર ૧ બન્નેને ખમણીથી જુ
જુદાં ખમણો, બન્ને હાથથી થોડાં નીચોવી રસ અલગ કરો. બાદ તે
એકત્ર કરી, ખાંડ રૂા, ૨ાા ભાર, જીરૂ રૂા. ૧ાા ભાર, મીઠું રૂા. ૧
ભાર, મરી રૂ. ૦ા ભાર મેળવો. જમવા બેસતી વખતે આ કચુંબ
તૈયાર કરાવવું. નહિ તો આગળથી તૈયાર કરવાથી પાણી થઇ જશે

કાચી કેરી નંગ ૧, ડુંગળી નં. ૩, સફરજન નં ૧, કાક
નં ૧, દાડમ નં ૧, કાચું બટાટું નં. ૧૦.

દાડમ સિવાયની ચીજો જુદી જુદી ખમણી નાંખી તૈયાર કર
દાડમના દાણા સાથે મેળવો. આવશ્યકતા પ્રમાણે જીરૂ, મરી, મી
અને ગોળ અથવા ખાંડ નાંખો, જમતી વખતે વાપરો. તમાર
શાકભાજી બધાં યે ભાણામાં પડ્યાં રહેશે.

તાપથી સીમમાં કામ કરી આવેલો ખેડુ છાશની સાથે પે
ભરી ડુંગળી ખાય છે અને તેને લુક લાગતી નથી. જેને લુક લાગ
હોય તેને ડુંગળીનો રસ અને ખડી શરીરે ભરવાથી લુક મટી જા
છે. ડુંગળી અને કેરી સાથે મળવાથી આતશ ઓછી કરે છે
ડુંગળીમાં ગેસ કરી પેટમાં દબદબો પેદા કરવાના સ્વભાવને કાર
કેરી રોકી લે છે, અને કેરીના ખટાશદાર સ્વભાવને ડુંગળી રોક
લઇ, બેઉ સાથે મળી, મનુષ્યશરીર ઉપર બહુ ઉમદા અસર પેદ
કરે છે. ઉષ્ણતાનિવારણ માટે કેરી અને ડુંગળીનું કચુંબર ખાવ
જરૂરી છે.

ડુંગળીમાં ફોસફરસનો મોટો જથ્થો રહ્યો છે. એટલે તે
કામોદ્દીપન ગુણ કરે છે. ગરીબ લોકોને શિયાળામાં વિવિધ પ્રકારન
પાકો ખાવાના હોતા નથી, છતાં તેઓનાં શરીર અલમસ્ત અને લોહીથ
તસતસતાં રહે છે તે ડુંગળીનો ગુણ છે. કોઇ પણ દરદી માંદગીમાંથ
ઉઠ્યા પછી સવારમાં એકાદ બે ડુંગળીનું ઘીમાં સાંતળેલું શાક અ
થોડો શીરો એકાદ બે અઠવાડિયા લે તો શક્તિ માટે અને ન
લોહી ભરવા માટે દવાની જરૂર રહે નહીં.

કામેચ્છાના ભૂખ્યા બનેલા ધનાઢયો જો છુટથી ડુંગળી ખાવા
ગે તો તેમને થોડા દિવસમાં કોઇ જાદુઇ ચમત્કાર જણાયા વગર
શે નહીં. જેમ તે કામોદ્દીપન છે, તેમ તે વીર્યવર્ધક પણ છે.
ગળીના યોગથી ધાતુપુષ્ટીની એક બહુ સરસ દવા બને છે, જેનો
મસો અહીં આપું છું: શક્તિ, પુષ્ટી અને સ્તંભન માટે ફાંફાં
રતા બંધુઓ જો આનો ઉપયોગ કરશે તો તેમને ઘેર ઘેર રખડવું
દવાની જાહેર ખબરો તપાસવી નહીં પડે. એક વખત નાસીપાસ
લાને પણ પુરૂષત્વ આપી, જવાંમર્દ બનાવનાર અને ખરૂં પુરૂષાતન
પનાર એ અમોઘ ઔષધી છેઃ

ઉત્તમ રૂમી હીંગળોકનો પાંચ તોલા વજનનો સમચોરસ કકડો
, એક માટીની મજબૂત ઠીબમાં મૂકી, આસપાસ અડોઅડ દશ
ોઆભાર લવીંગની પાળ કરવી. પછી એ ઠીબને ચૂલા ઉપર
ાવી, નીચે આગને સળગાવો અને ઉપરથી ડુંગળી–કાંદાને ખાંડી,
ો રસ કાઢી એ રસની ધાર ધીમે ધીમે હીંગળોક ઠીબમાં પડયો
ય તેની ઉપર કરવી. એ પ્રમાણે જેમ જેમ રસ બળતો જાય
મ તેમ રસ ઉપર રેડતા જવો હીંગળોકને કોરો પડવા દેવો
ડીં, એ પ્રમાણે આઠ મણ ડુંગળીનો રસ પાઇ દીધા પછી
ંગળોકને કાઢી લઇ તેમાંથી એક તોલો હીંગળો લઇ ત્રણ દિવસ
રો વટાવવો. બાદ તેમાં લવીંગ, જાયફળ, ભીમસેની બરાસ, સમુદ્ર-
ષનાં બીજ, રૂમી મસ્તકી, તુલસીનાં બીજ અને જુંજબેદસ્ત એ દરેક
ેક તોલો, કસ્તુરી અને અંબર દરેક પાવલીભાર નાંખી. નાગર-
નનાં પાન નંગ ૧૦૦નો રસ પાઇ, મગના દાણા જેવડી ગોળી વાળવી.

એ ગોળી સવારે તથા એ ગોળી સાંજે દુધ સાથે ગળી જઇ, ઘીથી
રબોળ ખોરાક ખાવો.

ગમે તેવો નબળો પડી ગયેલો કે માંદગીના બિછાનાથી ઉઠેલો દરદી,
તંભનની ખામીવાળો કે સ્વપ્નદોષથી પીડાતો અથવા પોતાની ભૂલ–

કુટેવને કારણે આવેલી શીથીલતા અને નબળાઇથી પસ્તાતો બંધુ આ ગોળીનો ઉપયોગ કરી નવી જીંદગી મેળવે.

ડુંગળી સંબંધી ઘણું લખી શકાય એવું છે. ડુંગળી અજબ ચમત્કારી, પુરૂષત્વદાતા ઉત્તેજીત ખોરાક છે. અત્યારે દેશને મર્દ અને સ્વત્વનું સંરક્ષણ કરે એવી પ્રજાની જરૂર છે. માત્ર હાથમાં માળા પકડી રાખી, પોતાની મા, બેન કે દીકરીનું શીયળ લૂટાતું હોય ત્યારે પ્રભુસ્તુતિ કરી સંતોષ માનનાર પોમલા ભક્તને હું સલાહ આપું છું કે તેઓ છુટથી ડુંગળી લસણ જેવા પદાર્થો ખૂબ ખાઇ, જોઇતી ઉત્તેજના પ્રાપ્ત કરે. જેમને ઈંડાં અને માંસનો આહાર ખપતો નથી તેમણે અવશ્ય ડુંગળી–લસણ ખાવાં જ જોઇએ. જે તાકાત અને પુરૂષત્વ માંસ–ઈંડાં આપે છે, તેટલી જ શક્તિ ડુંગળી–લસણ આપનાર છે. છતાં તે શુદ્ધ વનસ્પતિજન્ય આહાર છે. તે ખાવાથી ભક્તિથી કે ધર્મથી પતીત થવાતું નથી. તેમ જ તેથી ખોટી ઉશ્કેરણી આવતી નથી. માત્ર આપણે ધર્મના ઓઠા તળે આવો સરસ વિટામીનોથી ભરપૂર, શરીરને જરૂરીયાતવાળો ખોરાક-ઉત્તમ વનસ્પતિજન્ય ખોરાક ત્યાગ કરી, નિર્બળ અને નપુંસક થઇ બેઠા છીએ.

થરપારકર અને નગરઠઠ્ઠા ગામ જે સિંધ તરફ આવેલાં છે અને જ્યાં રેતીનાં રણ છે ત્યાં પીયાણ નામનું સાપની જાતિનું પ્રાણી થાય છે, જે રાત્રે મનુષ્ય ભરનિદ્રામાં સુતો હોય ત્યારે તેની છાતી ઉપર ચઢીને તેના નાક પાસે પોતાનું મોઢું રાખી, તેના શ્વાસોચ્છવાસ મારફત પોતાનું ઝેર તે મનુષ્યના શરીરમાં દાખલ કરે છે. એટલે ત્યાં રહેનાર કે મુસાફરી કરનાર માણસે જો ડુંગળી–કાંદા ખાધા હોય અથવા પોતાની પાસે કાંદા રાખીને તે સુવે તો એ પ્રાણી તેની પાસે આવતું નથી તેમ જ કશી ઇજા કરતું નથી. આવો અમૂલ્ય ગુણ ધરાવતી ડુંગળી–પ્યાજ એ તમારી સદા કાળની સાથી હોવી જ જોઇએ.

卐

ખારેક અને લગ્નપ્રસંગ

લગભગ બૃહદ્ ગુજરાતમાં સેંકડો વર્ષો થયાં પુત્ર અથવા પુત્રીના લગ્નપ્રસંગની શરૂઆતથી માંડી એ પ્રસંગ પૂરો થતા સુધીમાં ખારેક ખૂબ વપરાશ પામતી હતી. લગ્ન જોવરાવવામાં આવે ત્યારે મુહૂર્તમાં, શ્રીફળ, રૂપામહોર અને પાંચ ખારેકથી શરૂઆત કરી, મંડપારોપણ, ગણપતિસ્થાપન, વાસ્તુ, ગૃહશાંતિ, માટીમુહૂર્ત, સામૈયું, કલવો, માયરૂં, ચોરી, પંચવલું, ગૌરવ, પુરત, વિદાયગીરી, અને છેવટે ઉકરડી ઉઠે ત્યાંસુધીની દરેક ક્રિયામાં ખારેક, બીજા બધા શુભ પદાર્થો સાથે હોય જ, અને મંડપને દિવસે તો સર્વને સ્થિતિસંજોગ અને રીવાજ પ્રમાણે ખારેકની લહાણી કરવામાં આવે. જો કે સમય બદલાયો, તેમ મનુષ્યનાં માનસ પણ બદલાયાં. તેની સાથે રીવાજોનો

નાશ થવા લાગ્યો. બીજા પદાર્થોમાં જેમ સ્થાનાંતર થયું તેમ આજે ઘણી જગ્યાએ ખારેકનું સ્થાન પતાસાએ કે શ્રીફળ અથવા ગોળે લઇ લીધું છે. એટલે કેટલાક ગૃહસ્થાઇનો દેખાવ કરવા અને કેટલાક લોભના આશય ઉપર ઢાંકપિછોડો કરવા પતાસાં વહેંચે છે, વહેંચાવે છે. પરંતુ જો પાછળનો રીવાજ ખારેકનો શા માટે હતો તેનો જરા વિચાર કરે તો સમજાય કે ભાઇ! આટલા બધા પદાર્થો–કાજુ, લીલવા દ્રાક્ષ, કાળી દ્રાક્ષ, અંજીર, અખોડ, કીસમીસ, અને બદામ જેવા ઉત્તમ પદાર્થોમાંથી એકેની વરણી લગ્નમાં નહિ કરતાં ખારેકને આટલી મહત્તા અને અગ્રસ્થાન આપવાનું કારણ જરૂર કાંઇક હોવું જોઇએ. નહિ તો રીવાજપ્રચારકો એવા અને એટલા મૂર્ખા નહોતા કે આંખ વીંચીને પ્રચાર કરે. ત્યારે આપણે હવે ખારેકના શા ગુણ છે તે પ્રથમ તપાસીએ :

ખારેક વૃષ્ય, સ્વાદુ, ગુરૂ છે, અગ્નિમાંદ્ય, કૃમીનો નાશ કરનાર ધાતુવૃદ્ધિ, તૃપ્તિ, પુષ્ટિ કરનાર, હૃદયને બળ આપનાર, મધુર, દુર્જય છે. પિત્ત, દાહ, શ્વાસ, કફ, શ્રમ, ક્ષતક્ષય, વિષ, તૃષ્ણા, શોષ, અને અમ્લપિત્તનો નાશ કરનાર છે, વાન્તિ, ભ્રાન્તિ, મૂર્ચ્છા અને દાહનો ખારેક નાશ કરે છે.

ઉપરના ગુણો સૂત્ર રૂપે છે. પરંતુ એ ગુણો એમ સૂચવે છે કે એ ખારેકમાં એટલા બધા અને એવા ઉમદા ગુણો સમાયા છે અને એ ગુણો લગ્ન જેવા પ્રસંગ માટે એવા જ સરસ ઉપરાંત બંધબેસતા છે. એ જોઇને જ ખારેકને આટલું અગ્રસ્થાન આપવામાં આવેલું છે. આપણે તે ગુણોની છણાવટ કરીએ :

(૧) લગ્નપ્રસંગે ઘરધણી, ઇષ્ટ મિત્ર અને સગાં સહોદરને કાર્યપ્રસંગને અંગે ખૂબ દોડધામ, પુરૂષાર્થ, પ્રયત્ન અને પ્રયાસ કરવો પડે છે. એટલે લગ્નપ્રસંગે બહોળા પ્રમાણમાં ઘરમાં આવી પડેલી

ખારેકનો તેઓ અવારનવાર ઉપયોગ કરે છે. હાલતાં ચાલતાં ખારેક ખાય છે, એટલે એમને પડતો પરિશ્રમ જરા પણ તકલીફ આપતો નથી, કારણ કે ખારેક હૃદયને મજબૂત બનાવનાર (હાર્ટ ટોનીક) તેમ શ્રમહારક—પરિશ્રમ, થાકને મટાડનાર હોઇ, પગમાં કળતર કે મગજને થકાવટ આવવા દેતી નથી.

(૨) શુભ પ્રસંગ હોય, એટલે દરરોજ મિષ્ટાન અને ગરીષ્ટ પદાર્થનો વપરાશ પુષ્કળ વધી પડે છે અને તેનો સઘળાઓ યથેચ્છ આહાર કરે છે. છતાં તેઓ અવારનવાર ખારેક ખાતા રહે તો તેમને એ પદાર્થો બરાબર હજમ થાય છે. કારણ કે ખારેકમાં અગ્નિમાંદ્ય નાશ કરનારો ગુણ છે.

(૩) જાતભાતના ખોરાકમાં છુટથી મસાલાઓ અને તેલ વપરાય છે. તેમજ સપંક્ત ભોજનના રીવાજોને લીધે સારી રીતે રૂચી ઉપરાંત જમાય. એને લઇને પિત્તની વૃદ્ધિ થવા છતાં ખાટા ઓડકાર, અમ્લ-પિત્ત, અને દાહ થતો અટકે છે. કારણ કે ખારેકમાં પિત્ત, શોષ અને દાહને મટાડવાના ગુણ છે.

(૪) હજારો કે સેંકડોની સંખ્યામાં માણસો ભોજન લેતા હોય ત્યાં પાકશાળામાં જઇને જોઇએ તો જેટલી ચોખાઇ બે ચાર મનુષ્ય માટે થતા પાકમાં રહે છે તેટલી સ્વચ્છતા અને સાવચેતી ત્યાં રહી શકતી નથી. અનેક કીડી, મંકોડી, રાત્રે કુદાં અને અનંત નાના જીવો, અનિચ્છાએ અને કાળજી રાખવા છતાં પણ બહુપાકમાં આવી જવા સંભવ છે. તેમજ મોટાં વાસણો કે જે આવા કાર્યપ્રસંગે જ વપરાય છે, એવાં તાંબા પિતળનાં અવાવરૂ કે ઓછાં સ્વચ્છ વાસણમાં પાક થાય અને તેનો કાટ આવવા છતાં પણ એ વિષ નડતાં નથી. કારણ કે ખારેકમાં વાન્તિ, ભ્રાન્તિ અને વિષનો નાશ કરવાનો ગુણ છે.

(૫) પ્રભુતામાં પગલાં માંડનાર વરરાજા બ્રહ્મચર્યાશ્રમનો ત્યાગ કરીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. શરીરની નસેનસમાં વીર્ય ભર્યું

હોય છે. છતાં એ દૂધમાં રહેલા ઘીની જેમ અપ્રગટ હોય છે, અને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનારને સંસારસુખ ભોગવવાનો મોકો આવી લાગ્યો હોય છે. એટલે દરેક વખતે ગળ્યું મોઢું કરવા ખારેક ખવરાવવામાં આવે છે, અને એ પ્રમાણે દરરોજ ખારેકનો અમુક જથ્થો શરીરમાં જવાથી કામોત્તેજના શરૂ થાય છે. કામોત્તેજના એટલે મંથન; અર્થાત બ્રહ્મચર્યની નિગાહવાળો ગઇ કાલનો બ્રહ્મચારી આવતી કાલે સંસારસુખેચ્છુ બને છે. કેમકે ખારેક ધાતુવૃદ્ધિ કરનાર, કામોત્તેજક રસાયન છે.

(૬) કન્યા મટી ગૃહિણી બનનાર કન્યાને ઋતુપ્રાપ્તિ ન થાય ત્યાંસુધી ગૃહસ્થાશ્રમ ભોગવવા માટે શાસ્ત્રથી વિરોધ છે. તેમ જ એવી રીતે નવ વખત ઋતુ આવી ગયા પછી પ્રજોઉત્પત્તિ ઇષ્ટ છે. એટલે ખારેકનો ઉપયોગ કરનાર કન્યાની તૈયાર થઇ રહેલી ગ્રંથીઓ કામ કરવા લાગી જઇ, ઋતુ ઉત્પન્ન કરે છે અને થોડા ખારેકના જથ્થાના સેવનથી ગુહ્ય ભાગ સંપૂર્ણ પુષ્ટતા પામી, યથાવકાશવાળો થાય છે. ખારેક ઉત્તમ ઋતુઉત્પાદક ગુણ ધરાવે છે. એની ખાત્રી કરવી હોય તેમણે ખારેક ૫, સુવા ૦। ભાર, વાંસની ગાંઠો ૫ અને વડનાં પાતરાં ૫ નો ઉકાળો ત્રણ દિવસ પીવો. ગમે તે કારણે બંધ થયેલું ઋતુ ખૂલી જઇ ગર્ભાશય સ્વચ્છ, રોગ રહીત બને છે. ગર્ભાધાન કરનાર જંતુ નિર્મળ બને છે અને વળી તેના ઉપયોગથી સ્ત્રીની કાન્તિ અને તેજ વૃદ્ધિ પામે છે.

(૭) જ્યારે રેલ્વેગાડી નહોતી ત્યારે કન્યાને લેવા માટે વરપક્ષ તરફથી જાન જોડી, પગરસ્તે લાંબી મુસાફરી કરવી પડતી, અને એમાં સ્ત્રીઓ, બાળકો, અને વૃદ્ધ તથા જુવાન પુરૂષો પણ રહેતાં. સાવચેતીપૂર્વક પીવાનું પાણી મોટા જથ્થામાં રાખવામાં આવતું, છતાં પાણી ખુટ્યું અને તૃષાએ આકુળવ્યાકુળ જીવ થતો હોય ત્યારે ખારેકનો ઠળીઓ મોઢામાં રાખવાથી એ તૃષાની શાંતિ થાય છે. એ ગુણ

આગળના જમાનામાં લોકો જાણતા એટલે લગ્ન માટે ખારેક તો સાથે હોય જ. જરૂર પડતાં ઠળીઓ મોઢામાં આપી દેવાથી દૈવી ચમત્કારની જેમ તૃષા શાંત થતી અને એ ઠળીઆમાંથી અમી-ઝરણાં છુટતાં.

હાલમાં દૂધના પ્રયોગમાં તૃષા વધુ લાગતી હોય ત્યારે, સુવાવડી સ્રીને જ્યારે પાણી ઓછું આપવાનું હોય ત્યારે, જળોદરમાં પાણીનો જથ્થો વધારે નથી અપાતો ત્યારે, અમે તો દરદીને ખારેકનો ઠળીઓ મોઢામાં રખાવીએ છીએ અને તેથી ચમત્કાર માફક તૃષા શાંત થઇ જાય છે. બરફ ચૂસવાના આ જમાનામાં એ વાત ગળે ન ઉતરે તો ખેર, પણ જ્યારે જંગલમાં તૃષાથી જીવ વ્યાકુળ થાય ત્યારે ખીસામાં ખારેકનો ઠળીઓ રાખી મૂકી એકાદ લઇ જોજો, અને તમને શાંતિ, તૃપ્તિ આપે તો 'બહુરૂપી'ને યાદ કરજો.

ગુજરાતમાં લગભગ શિયાળાની ઋતુમાં લગ્ન થતાં હોવાથી જાનને માટે સગવડ પુરતાં પાગરણ ન હોય, છતાં ઠંડી સહન કરવાની શક્તિ ઉત્પન્ન થતી. તેનું કારણ પણ ખારેકનો આહાર હતો. ખારેક ઉષ્ણ હોવાથી એક સારામાં સારા ડોકટરના સ્ટીમ્યુલન્ટ ડોઝ કરતાં પણ પાંચેક ખારેક ખાઇ લેવાથી એટલી જ બલકે વધારે ગરમાઈ તે આપે છે.

ખારેકની ગુજરાતભરમાં ઘણી જાતો આવે છે, અને તે દરેક જુદાજુદા દેશની પેદાશને અંગે જુદી જુદી જાતો હોય છે. છોરી, હલવાઇ, મુસી, જરખ, મેનકા, એમ જુદી જુદી જાતો હોય છે. પણ એ બધીમાં વખાણવા લાયક અને ગુણોથી ભરપુર બે જાતો છેઃ (૧) છોરી, જે લાલ રંગની, પ્રમાણમાં મોટી અને સરસ દેખાવમાં પણ કડચલી પડેલી આવે છે. એ એક નંબર ગણાય છે. અને (૨) બીજી મુશી કાળા રંગની, સ્વાદમાં સાધારણ ખારાશપડતી અને જ્યારે ખાઓ ત્યારે નરમ જણાતી. આ બે જાતો વધારે ઠીક છે, છતાં

દવા તરીકે અથવા પૌષ્ટિક તરીકે વાપરવી હોય તેમણે છોરી ખારેક વાપરવી એ વધારે સલાહભર્યું છે.

ખારેક ખાદ્ય તરીકે જેમ ખાઇ શકાય છે તેમ તેના દવા તરીકે ઉત્તમ પ્રયોગો બને છે. તે મનુષ્યશરીરને એટલા ઉત્તમ અને બંધ બેસતા છે કે મોટી બનાવટોમાં ઉતરવા કરતાં દરેક વાચક બંધુ આવા પ્રયોગનો ઉપયોગ કરી જુએ તો અવસ્ય લાભ મેળવી શકે. એટલું જ નહિ પણ આ બનાવટો પોતાની હમેશની રુચી થઇ જાય તેવી, ગુરૂગમથી મળેલી, અનેક વખત વાપરી જોઇ, અજમાયેશ કર્યા પછી જાહેર-જનતાના કલ્યાણ માટે નીચે રજુ કરૂં છું, અને તે પ્રયોગો બનાવી લાભ ઉઠાવવા આગ્રહપૂર્વક ધ્યાન ખેંચું છું:

ધાતુસ્તંભક, શક્તિવર્ધક અને પૌષ્ટિક

ઉત્તમ છોરી ખારેક ૧૧ નંગ લઇને એક શેર દુધમાં પ્રથમ બાફી કાઢવી. બાદ એ ખારેકને ઉભી ચીરી નાંખી, અંદરથી ઠળીઓ કાઢી નાંખવો, તે જગ્યામાં ભાંગનું ચુર્ણ વાલ ૧ તથા બંગભસ્મ રતી ૨, જાવંત્રી રતી ૨ એક ખારેકમાં આવે એ પ્રમાણે અગીઆર ખારેકમાં ભરવું. (ભાંગને પ્રથમ લાવી ગરમ પાણીથી ધોઇ, તવામાં શેકી લઇ, ચૂર્ણ બનાવી વાપરવું.) અને દરેક ખારેક ઉપર સુતરનો દોરો બાંધીને રાખી મૂકવી. દરરોજ સવારમાં ગાયના અથવા ભેંસના અરધા શેર દૂધમાં દોરાથી બાંધેલી ખારેક ઉકાળવી. એકાદ ઉભરો દૂધનો આવી ગયા પછી નીચે ઉતારી, અંદરથી ખારેક કાઢી, ધીમે ધીમે ચાવીને ખાઇ જવી અને ઉપર દૂધ પી જવું.

ગુણ—ધાતુની ખામી, સ્તંભનની ખામી, સ્રીસંગમાં ટકાવ ઓછો થતો હોય, સ્રીઓને પ્રમેહ થઇ ગયા પછી ધાતુ સંબંધી નબળાઇ રહેતી હોય, અને એ સઘળાં કારણે શરીરમાં કમતાકાત રહેતી હોય, હાથ પગમાં કળતર અને સુસ્તાઇ, કામ ઉપર કંટાળો

અને પ્રમાદ એ સઘળાંને દૂર કરી અજબ શક્તિ આપે છે. કોઇ પણ જગ્યાથી જતી ધાતુને, સ્વપ્નદોષને નાબૂદ કરે છે. આ ખારેક એકવીશ દિવસ સુધી પણ લઇ શકાય છે. માત્ર ખારેક ચાલતી હોય ત્યારે આમલી અને અથાણાની ખટાશ ખાવી નહિ, ગરમ ખોરાક છોડવો. અજમાવવા જેવો અજબ નુખસો છે. વૈદો એ જ ખારેકને ઘુંટી ગોળી બનાવે તો તે ગોળીના ધાતુવર્ધક ગોળી તરીકે મનમાન્યા પૈસા મેળવી શકે. હું ઇચ્છું છું કે વીર્યની કે ધાતુની કે તાકાતની ઇચ્છા ધરાવતી હરકોઇ વ્યક્તિ આ અપૂર્વ ગુણશાળી પ્રયોગની જરૂર અજમાયેશ કરી, લાભ ઉઠાવે અને પેટ્ટે પાછળ થતા પૈસાના ખરચથી બચે, શિયાળામાં જ આ ઉપયોગ કરવો. (બંગભસ્મ ખાત્રી લાયક વાપરવી.)

મહા દીપન ચૂર્ણ

ખારેક તોલા ૧૦, જીરૂ તો,૧, સાકર તોલા ૧૦, મરી તો. ૨, સીંધાલુણ તો, ૧, સુંઠ તો. ૨, જાયફળ તો. ૧, પીંપર તો. ૧, તજ તો. ૧, સારાં તાજાં લીંબુ શેર ૧.

પ્રથમ ખાંડવા જેવી વસ્તુને ખાંડી નાંખી, તેને એક કરી, લીંબુનો રસ નાંખી, કલાઇ કરેલી પિત્તળની કઢાઇમાં નાંખી શેકવું, બરાબર ખુશબો આવવા લાગે અને દાણો પડે ત્યાંસુધી શેકી નીચે ઉતારી બરણી ભરવી.

ગુણ—ખોરાકને પચાવી, પેટના વાયુને છુટો કરી, પેટ હલકું ફુલ જેવું રાખે છે. ગેસ થતો નથી. અજીર્ણ, ખોટા ઓડકાર અને બદહજમીનો નાશ કરી, ભૂખ કકડીને લગાડે છે. એના સ્વાદના તો શા વખાણ કરવા ? બાળકો ચોરી કરીને ચૂર્ણ ખાય છે અને ભૂલે-ચૂકે એક વખત ઘરમાં બનાવ્યું એટલે બજેટમાં એક રૂપીઆનું મહિને દાડે ખરચ વધ્યું સમજો; તમે નહિ બનાવવા ચાહો પણ એ ચૂર્ણનો સ્વાદ તમને નહિ છોડે.

મદન કામેશ્વર ગુટિકા

સુંઠ તો. ૨, મરી તો. ૨, પીંપર તો. ૩, એલચી તો. ૨, નાગકેસર તો. ૧, તમાલપત્ર તો. ૧, જાયફળ તો. ૪, વાંસકપુર તો. ૪, કેસર તો. ૨, અક્કલકરો તો. ૪, બમ્મન સફેદ તો.૪, કસ્તુરી વાલ ૪, સોનાના વરખ વાલ ૪, રૂપાના વરખ તો. ૨.

સર્વને ખાંડી, ઘુંટી, વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી ખારેક છોરી શેર ૧ પ્રથમ પાણીમાં પલાળી રાખવી, તેને કાઢી અંદરથી ચીરો મૂકી ઠળીઓ કાઢી નાંખવો અને ઠળીઆની જગ્યાયે માય એટલો દાબીને શુદ્ધ ગુગળ ભરવો અને દરેક ખારેકને દોરાથી બાંધી બાદ દરેક ખારેક ઉપર ઘઉંની કણેક પાણીથી બાંધી તેનું પડ ચડાવવું અને દેવતા ઉપર શેકવી. ઉપરની કણેક કાળી પડી જાય એટલે ઉપરથી કણેક કાઢી નાંખી, ગરમ ગરમ ખારેકને છુંદવી અને ઉપરનો મસાલો નાંખતા જવું. બધું એક થઇ જાય એટલે ચણાના દાણા જેવડી ગોળી વાળવી.

ગુણ—વૃદ્ધ માણસને ટેકો છે. આંધળાની લાકડી જેમ તે ઘડપણમાં જુવાની આપે છે, અશક્તિ, કળતર અને વીર્યજંતુ સંબંધીના રોગ એકદમ નાશ પામી, શરીર ઉપર નવું લોહી અને ઓજસ પ્રગટે છે. ચહેરો લાલ સુરેખ જેવો બનાવી, જીવનતત્ત્વ વધારે છે. અતિસાર, સંગ્રહણી થઇ ગયા પછી નબળા પડી ગયેલા શરીરમાં નવું લોહી, નવું માંસ, અજબ ચેતન પ્રગટાવે છે. સ્ત્રીસંગ પછી જેને નબળાઇ જણાતી હોય, શ્વાસ ચઢી જતો હોય કે થકાવટ અનુભવવી પડતી હોય તેમને માટે આ ગોળી રામબાણ છે. એકાદ રોટલી પચવામાં પણ જેમને શંકા છે તેઓ ડઝનબંધી ઘીથી તરબોળ રોટલી પચાવી, અજબ સ્ફુર્તિ અનુભવે છે. કામદેવ જેવું સ્વરૂપ અને મદનમોહન જેટલી લાલાશ આ ગોળીથી પ્રગટ થાય છે. તેને વાપરી ખાત્રી કરવાથી ખારેકની ખરી ખૂબી સમજાશે.

卐

ટામેટાં—ટોમેટો

જેમ મનુષ્યની દશકાદશકી છે તેમ પદાર્થની પણ હોય છે. એક સમય એવો હતો કે સારાએ હિંદુસ્તાનમાં ટામેટા જેવા ઉત્તમ પદાર્થ સામે કોઇ મીટ પણ માંડી શકતું નહીં. મૂળ તો ટામેટાં નામની વનસ્પતિનો જંગલી સૂપની ગણતરીમાં અને શાકની કોટીમાં પેરૂ દેશમાં વપરાશ થયેલો અને ત્યાંના લોકોએ ખાવાની શરૂઆત કરી. ત્યારપછી અમેરિકામાં એ આવ્યાં અને એકાદ સૈકા સુધી બગીચામાં શોભાની વસ્તુ તરીકે રહ્યાં. મનુષ્યસ્વભાવ જ એવો છે કે એણે તો વનસ્પતિ, જળચર, સ્થળચર જીવો, ધાતુ, ઉપધાતુ, જડ અને ચૈતન્ય, વિષ અને ઉપવિષ, એ બધાય પદાર્થને ખાવા જેવા બનાવ્યા—બનાવતા ગયા છે. અને આવો મઝેનો ટામેટો! પાણીદાર મોતીની માફક ચમકતો, પારકરની પેન જેમ આરપાર જોવાથી શાહી ભરેલી જણાય છે એવો આ પારદર્શક પાકેલો ટામેટો ઉઠાવીને સૂર્યના પ્રકાશમાં ધરો તો અંદરનો ગર્ભ, સ્વાદદાર રસ, અને રસ સાથે લાગેલાં બીયાં પ્રથક પ્રથક જણાય છે! એનું સ્વરૂપ જ એવું છે કે તેને જોતાં વેંત જીભ ચળવળે, અને હાથ હળવે રહીને પછી મોઢા તરફ વળે. બાળપણથી જ સ્વાહા કરવા ટેવાયેલું મોઢું ધીમે રહી પહોળું થાય અને ટામેટો તેમાં હોમાય. પછીની ક્રિયા તો અનુભવી જ ઓળખે. આવો સરસ ટામેટો મનુષ્ય છોડે ખરો કે? લોકો પહેલાં તો માનતા

કે ટામેટા ખાવાથી ચાંદી અને વિષ્ફોટક થાય છે, પણ એ માન્યતાનો તો ધીમે ધીમે લોપ થતો ગયો અને અમેરિકાથી યુરોપ, અને ત્યાંથી એશીયા, અને પછી ધીમે રહીને દરિયાઇ મુસાફરીનાં દુઃખો વેઠીને પણ ટામેટા હિન્દુસ્તાનમાં આવી પડયા. હિન્દુસ્તાનની પ્રજા તો સ્વાદની શોખીનઃ અને ખરૂં પૂછો તો હિન્દુસ્તાનમાં વિવિધ રસો, રસપ્રદ વાનીઓ, રસાળ મેવાઓ અને પદાર્થને, યુક્તિપ્રયુક્તિથી, બુદ્ધિકૌશલ્યતાથી, મસાલાની મિલાવટથી લોકો એટલી સરસ રીતે ખાઇ જાણે છે—ખવરાવી જાણે છે કે બીજા દેશો એ માટે સાવ શૂન્ય છે એમ કહીએ તો પણ ચાલે.

એટલે એકાદ સૈકા પહેલાં ટામેટાં હિન્દુસ્તાનમાં આવ્યાં અને તેને લાવનાર ગોરાદેવોની સાથે સંસર્ગમાં આવનાર હિંદવાસીઓએ તેની વપરાશ શરૂ કરી. તેનામાં રહેલા ઉત્તમ ગુણ, વિશિષ્ટ રસાસ્વાદ અને થોડા પ્રયાસે પુષ્કળ થતી પેદાશ, તે લક્ષમાં લઇ તેનો મોટા પ્રમાણમાં પ્રચાર શરૂ થયો; અને આજે શાકબજારમાં નજર કરો તો ઉત્તમ ગુણોથી ભરપુર ટામેટાં બે રૂપમાં જોવામાં આવે છેઃ શાક માટે કાચાં ટામેટાં, અને કાચામાંથી પકવી તૈયાર કરેલાં પાકાં લાલ ટામેટાં. આજ તો કેટલીએ સંખ્યાબંધ વ્યક્તિને ખબર પણ નહીં હોય કે આ ટામેટા પરદેશથી આવી હિંદમાં ઘરધણી થઇ બેઠો છે. પણ પદાર્થના ગુણ દોષ તરફ જરા પણ જેને લક્ષ હોય છે તેવા ગૃહસ્થો ટામેટાને શાક તરીકે પહેલી પસંદગી આપે છે. જુવો ભાઇ! ત્યારે ટામેટાની દશકાદશકી ખરી કે નહીં?

અને ખરૂં છે કે ગુણઃ પૂજાસ્થાનમ્! ટામેટામાં રહેલા ગુણો જ એવા છે કે જે બીજા શાકતરકારીમાં મળવા મુશ્કેલ છે! એ માટે એણે તપશ્ચર્યા તો ગમે તેટલી કરી હોય પણ મારા જેવા વૈદ્ય-ડાકટરોએ ટામેટાના ગુણ માટે ઠીક ઠીક પ્રચાર કર્યો અને હમણાં એક દસકા થયા

જ આગાઉ પાકેલાં ટામેટાં બગડી ગયેલાં માની ફેંકી દેતા, તેમ કરવાને બદલે આપણા લોકો પાકાં ટામેટાં વધારે ઉપયોગી છે એમ સમજતા થયા અને તેનો ઉપયોગ વધ્યો.

ટામેટાંમાં પાચનશક્તિ વધારવાનો આટલો સરસ ગુણ સમાયો છે તેનું કારણ તેમાં રહેલો તીવ્ર એસીડ છે. જ્યારે હોજરીમાંથી એસીડ ઓછો થાય છે કે ઓછો થયો હોય છે ત્યારે ખોરાક બરાબર પચતો નથી. તેવાઓ જ્યારે ટામેટાં લે છે ત્યારે ખોરાકમાં એસીડનું પ્રમાણ વધવાથી ખોરાક જલદી સહેલાઇથી પ્રવાહીરૂપ બની સીધો લોહી બનવા ચાલ્યો જાય છે અને જ્યારે હોજરીમાં પહોંચાડેલા પદાર્થ નિયમીત પચે છે ત્યારે એ કારણે રૂચી પણ પેદા થાય છે, અને રૂચી પેદા થવી એ જઠરાગ્નિ પ્રદીપ્ત થવાની નિશાની રૂપ છે.

રોગી કોઇ પણ રોગના કારણે લાંબા વખતથી પથારીવશ હોય છે અને તેમાંથી માંદગી પછીની સુધરતી હાલતમાં માત્ર હલકા દુધ જેવા પદાર્થ જ લેવાની વૈદ્યોની ભલામણ હોય છે. કારણ તે આંતરડાને નિયમીત કામ કરતાં બનાવી, મળને રોકયા સિવાય શોષણ થવા લાયક પદાર્થને સીધી રીતે પોષવામાં મદદ કરે છે. ન્યુયોર્કની 'ધી કેન્સર હોસપીટલ'માં દરદીને ખોરાક તરીકે ટામેટાં પુષ્કળ આપવામાં આવે છે અને તેથી દરદી બહુ ત્વરિત ગતિએ સાજોતાજો બને છે. ડો. બુલ કે જે ન્યુયોર્કમાં પ્રસિદ્ધ ડોકટર ગણાય છે તેઓ પોતાના દરેક દરદીને ટામેટાં પુષ્કળ લેવાની ભલામણ કરે છે અને તેઓનો તો અનુભવ છે કે દુનિયાભરમાં પાચક યંત્રોને મદદ કરી નિયમીત બનાવવા માટે કોઇ પણ એવું ઔષધ નથી કે જે ટામેટાની બરાબરી કરી શકે.

લંડનની ગાઇઝ હોસ્પીટલના પ્રોફેસર ચાર્લ્સ વીકનહામ ચોક્કસપણે જણાવે છે કે હોજરીના દર્દીઓ માટે સ્વર્ગીય અમૃત સમો

પદાર્થ જો કોઇ હોય તો તે ટામેટાં છે. ડૉ. બરનાર મેકફેડન એક સરસ નૈસર્ગિક ઉપચારપદ્ધતિના નિષ્ણાત છે, અને એમણે સેંકડો દરદીઓને માત્ર ટામેટાં આપીને હમેશાં અજીર્ણ, બદહજમી, ગેસ થવો, પાચકતાની ખામી, ખોટા ઓડકાર, પેટમાં દબદબો, આફરી આવવી અને એના કારણે થતી બેચેની જેવાં લક્ષણો સદાયના માથી થઇ પડેલાં તેને નિર્મૂળ બનાવ્યાં છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે ટામેટાં એ એક ઉત્તમ પ્રકારનો રોચક, સ્વાદીષ્ટ ખટમધુરો, વીટામીન્સથી ભરપૂર ખાદ્ય પદાર્થ છે. તેનો જેટલો અને જેવો બહોળો ઉપયોગ કરવામાં આવે તેટલા પ્રમાણમાં શરીરના પોષણને તે મદદ કરે છે.

ટામેટાનું પ્રથક્કરણ કરતાં જુદાં જુદાં તત્વો નીચે પ્રમાણે મળે છેઃ

પોષક તત્ત્વો	સેંકડે ટકા
પાણી	૯૪.૩
માંસોત્પાદક તત્ત્વ	૦.૯
ચરબીતત્ત્વ	૦.૪
જલતત્વમયશર્કરા (કાર્બોહાઇડ્રેટ્સ)	૩.૯
ક્ષાર	૦.૯

ટામેટાં શાક માટે એટલાં ખાટાં પડે છે કે તેમાં ગળપણ તરીકે લગભગ ચોથા ભાગ ગોળ નાંખવામાં આવે તો જ તેનું શાક સુસ્વાદુ બને છે. ટામેટાં એકલાં શાકમાં લેવા કરતાં તેની સાથે, સમાન ભાગે કાંદા નાંખવામાં આવે તો શાકની લેહેજત, સ્વાદ અને ખુશબો કોઇ ઓર જ બને છે. જેમ કાંદા એ શાકમાં ભળે છે, તેમ રીંગણાં અને ટામેટાં, બટાટા અને ટામેટાં, વાલોળ અને ટામેટાં, કોબીજ અને ટામેટાં, એવાં જુદાં જુદાં મિશ્રિત શાક બનાવી શકાય છે. તુવરની દાળમાં ખટાશ તરીકે આમલી કે કોકમને બદલે ટામેટાં વાપરવામાં આવે તો ઘણી સરસ દાળ બનાવી શકાય.

આ બધી રીત કાચા ટામેટાંની છે. પરંતુ પાકા ટામેટાંને અગ્નિ ઉપર ચઢાવવાની જરાય આવશ્યકતા નથી. એને તો તમે ભોજનની સાથે તેની કચુંબર કરી, થોડું મીઠું, જીરૂ, મરી, છાંટી દરરોજ લ્યો તો વધારે સારૂં. એ કરતાં યે તમે જો બાર વાગે જમતા હો તો, ત્રણ વાગે, એકાદ બે પાકાં લાલ ટામેટાં જાણે કોઇ ફ્રુટ ખાતા હો એટલા પ્રેમથી આરોગો, તો તમારા ખોરાકનો હોજરીએ વલોણું વલોવી જે રસ પેદા કર્યો હશે તેમાં આ ટામેટાંનો રસ મળશે એટલે જરાય ગેસ નહીં થતાં, પેટ હલકું ફુલ જેવું બની જશે અને ફ્રુટસોલ્ટ કે એવું કશું લેવાની આવશ્યકતા નહીં રહે. ટામેટાં માત્ર પાચનશક્તિ જ વધારે છે એમ નથી, પણ તે લોહીનાં રજકણોને રંગે છે અને ફીકા, પીળા કે ધોળી પુણી જેવાં શરીરને જોતજોતામાં લાલ સુરમ જેવાં અથવા કહો કે પોતાના જ રંગ જેવાં બનાવે છે. ખોરાક લીધા પછી ઘણાને જાણે એવું લાગે છે કે ખાધું હોય તે છાતીએ હોય, કેટલાકને પેટ અને પેડુમાં બોજો થઇ, ચાર છ કલાક પછી ખોરાક એટલો અસહ્ય થઇ પડે છે કે, જમ્યા પછી તેઓ ગળીયા બળદની માફક ચૈતન્ય અને સ્ફુર્તિ વિનાના થઇ પડી રહે છે. એમને ખોરાક તો જાણે પેટને માટે આફત સમો જણાય છે. એવા ગૃહસ્થો રોજ બે ચાર પાકાં ટામેટાં લઇ લે તો એક જ અઠવાડિયામાં તેમની એ ઉદરની માંદગી મટી જાય છે, અને હીંગાષ્ટક કે લવણભાસ્કર લેવાની જરૂર રહેતી નથી. કારણ એ છે કે ટામેટાનો રસ ગેસ થવા જ દેતો નથી, અને કદાપિ થયો તો તે ઝપાટાબંધ પસાર થઇ જાય છે. હવે 'બહુરૂપી' એ તમને ટામેટાં ખાતા શીખવ્યા એમ તો નહીં પણ ટામેટાં તરફ વાળ્યા એટલું તો તમે કબૂલ કરશો ને ? ત્યારે રોજ ભોજન વખતે અને બપોરે—આજથી જ તમે લાલ, મધુર, રસદાર, પાકાં ટામેટાં લેવાનું શા માટે શરૂ ન કરો ? પણ તે એક સામટાં વધારે પ્રમાણમાં ન જમશો. જાણો છોને, **अति सर्वत्र वर्जयेत्**

卐

રાંકનું રતન યાને ગરીબનો મેવો

પોપૈયો! પોપૈયો! પોપૈયો!

આજે મારા મિત્ર વાચકોને એક એવા ઉમદા પદાર્થની ભેટ ધરવા માગું છું કે જેને લઈને તેઓ ખુશ ખુશ થઈ જાય. એથી એમ તો નથી માની લેવાનું કે હું મારા ખીસ્સામાંથી કોઈ અમૂલ્ય હીરા–માણેક કાઢીને આપને રજીસ્ટરપારસલથી મોકલી આપવા માગતો હોઉં! પરંતુ જેનો ઉપયોગ અવારનવાર તમે કરતા હશો જ, અથવા એ તમારા આંગણામાં કે ચોગાનમાં કિંવા તમારા બગીચામાં વડવાગોળની માફક, તમારી સેવા માટે પ્રભુભક્ત જેવી રીતે ઇષ્ટોઉપાસનાથી ખાતર ઉંધા માથે તપ કરે છે, તેમ મનુષ્યસેવા માટે પોતાનાં કાયા–હાડ તપાવી તપાવી, શિયાળાની ઠંડી સહન કરીને, દેવ સરીખા માનવ પ્રાણીને ઉપયોગી થવા માટે પોતાનાં અંગ પ્રત્યાંગને ભલેને ગમે તેવાં કષ્ટ સહન કરવાં પડે, પણ સ્થાનભ્રષ્ટ નહિ થતાં, સજ્જડ વૃક્ષને વળગી રહી, પૂર્ણપરિપકવ થયે જ, જ્યારે મુમુક્ષુ મુક્તાની કોટીમાં જાય છે તેમ પરિપકવ થતાં જ મને અપનાવશે—એમ સમજીને પછી પોતાના સ્થાનને છોડી, મનુષ્યસેવાની આકાંક્ષા સેવતાં એ જડ છતાં ચૈતન્ય, અલ્પ છતાં મહાન, ઉપકારક, અને ઉપયોગી, સસ્તા અને સહેલાઈથી સાંપડતા પોપૈયા–ફળ માટે લખવા ઇચ્છા ધરાવું છું:

વાહરે ભાઈ, પોપૈયું! એને માટે આવી લાંબી ચોડી પિઠિકા! કેમ ન હોય? એક કાલ્પનિક વાર્તાને મૂર્ત સ્વરૂપ આપતાં વર્ણનોના વમળમાં લાંબી લાંબી મુસાફરી વાચકને કરાવે, જેની સચ્ચાઈ માટે

શંકા હોય તેને ચલાવી લેવા વાચક તૈયાર હોય, તો પછી આ તેઃ મૂર્ત સ્વરૂપ સાક્ષત પોપૈયું! એ તમને કેટલીક વખત તો તમારા ખોરાક કરતાં પણ વધારે વહાલું થઇ પડે છે. તેને માટે આટલું જરૂર નિભાવી લેશો-અસ્તુ.

પોપૈયું–સર્વત્ર પ્રસિદ્ધ અને સહેલાઇથી મળી શકતું ફળ છે. દેશ દેશની ભાષાની ભિન્નતા પ્રમાણે ગુજરાતીમાં પોપૈયું, કાઠિયાવાડમાં અને કચ્છમાં પોપૈયું, એરંડકાકડી, ઝાડચીભડી, હિંદમાં અંડકાકડી અને બંગાલીમાં વાતાવિલેણુ કહેવાય છે. લગભગ બે ત્રણ માથોડાં ઉંચું એનું ઝાડ થાય છે. માત્ર એક જ સોટો વૃક્ષ તરીકે હોય છે. ફળ નાળીયેરની માફક તેના પાંદડાની નીચે બાઝે છે. વૃક્ષોમાં સ્ત્રી અને પુરૂષ બે જાત છે. પુરૂષોને પુષ્પ થાય છે, જ્યારે નારી જાતિનાં વૃક્ષોને જ માત્ર ફળ લાગે છે.

શાસ્ત્રની દૃષ્ટિએ પોપૈયું મધુર, જડ, રૂચીકારક, પિત્તનાશક અને ગુરૂ છે.

પોપૈયું પહેલાં ગુજરાતના અમુક પ્રદેશમાં થતું તેમજ સોરઠ પ્રાંતમાં થતું, દેશાવરમાં પણ એનો પાક થતો. પરંતુ છેલ્લાં વીશ વરસ થયા તો કાઠિયાવાડમાં એનું એટલું વાવેતર વધી પડયું છે કે મોસમ શરૂ થયા પછી એક પૈસે એક શેર જેટલી સસ્તી કીંમતે હાફુસ કેરીને પણ ઘડીભર ભુલાવી દે તેવું, દિલને પસંદ અને રોચક અફલાતુન પોપૈયું, આજે ભાવનગર અને જુનાગઢ, પાલીતાણા અને પોરબંદર, બોટાદ અને રાણપુરની વાડીઓમાં સેંકડો મણ પેદા થઇ ગુજરાત અને કાઠિયાવાડનાં બજારોને ભરી આપે છે. એ મુજબ કચ્છમાં પણ તેનો મોટો પાક છે. આજે કાઠિયાવાડના ગરીબ ખેડુતને દરરોજની કમાણી તરીકે હમેશાં રોકડા નાણાં અપાવનાર પોપૈયું થઇ પડયું છે. માગશર મહિનાથી તેની મોસમ શરૂ થઇ લગભગ વૈશાખ માસ સુધી ટકે છે અને તે સહેલાઇથી મળી શકે છે. પોપૈયાનું ફળ પાકું જેટલું

ઉપયોગી છે તેટલું જ તેનું કાચું ફળ અને જેને નિરૂપયોગી ગણું ફેંકી દેવામાં આવે છે તે તેનું થડ પણ ઉપયોગી છે.

પોપૈયું ઉત્તમ, પથ્ય અને અમુક વ્યાધિમાં તો અતિ ઉપયોગી ફળ છે. કારણ કે તેમાં બીજાં રહેલાં તત્ત્વોની સાથે પેપૈન નામનુ તત્વ હોય છે અને તેમાંથી તેને પ્રથમ કાઢીને પેપૈન દવા તરીકે તેનો ઉપયોગ થાય છે. જેની પાચનશક્તિ તદ્દન નષ્ટ થઇ ગઇ હોય, સંગ્રહણી જેવા વ્યાધિમાં અને જેમાં પિત્તાશય બિલકુલ કામ કરતુ ન હોય, ખાવામાં આવતા ખોરાકનો રસ નહીં થતાં મળ રૂપે જ નીચે ધકેલાતો હોય, તેમાં પેપૈન અજબ જેવું કામ કરી પાછી રૂચી પેદા કરે છે, ખોરાક પચવા લાગે છે. કારણ કે પેપૈન પાચન ક્રિયાને પુરતી મદદ કરે છે.

પાકું પોપૈયું ખાવામાં ઉષ્ણ છે. પાચનશક્તિ વધારનાર તેનામં રહેલાં બીજાં તત્ત્વોને કારણે પોતે પચે છે અને એની સાથે રહેલ બીજા ખોરાકને પણ પચાવે છે. અને એ લેવામાં આવતાની સા રંજક પિત્તમાં વધારો થવાથી લોહીનાં રજકણો લાલ થવા લાગે છે

જુદાં જુદાં દરદોમાં એટલે કે મોટે ભાગે લગભગ પેટના, આંતરડાના, હૃદયના, મગજના, શ્વાસનળીના બધા વ્યાધિઓમાં પોપૈયું પથ્ય છે. પરંતુ બરોલ, અને લીવર જેમાં વધ્યા હોય એવા વ્યાધિમં તો પોપૈયું ઔષધ છે. દવાની સાથે સાથે અન્ય ખોરાક બંધ કરી દુધ અને પોપૈયું લેવાનું રાખે તો ઘણી ત્વરિત ગતિએ લીવર અને બરોલ વિકૃત અવસ્થાનો ત્યાગ કરીને પોતાના મૂળ સ્વરૂપમાં આવી જાય છે. અને એના અંગે આવેલી ફીકાશ દૂર થઇ જાય છે. કારણ કે પોપૈયું એક પ્રકારની મધુરી ગરમાઇ આપે છે અને લીવર તથા બરોલને ગાળવામાં અતિ ઉપયોગી વસ્તુ છે.

પોપૈયું લીધા પછી તેના ગુરૂ સ્વભાવને લઇને તે લગભગ દસ્ત સાફ લાવે છે અને દસ્તમાં પણ પોપૈયાથી જ દસ્ત થયો છે એ ખાનારને ચોકસ ખબર રહે છે. છતાં એથી આંતરડાને જરા પણ

તકલીફ રહેતી નથી. માત્ર ગુરૂપણાને લઇને ઉંચે ચઢતા અપાનને ધક્કો આપી તેને અધોગતિનો બનાવે છે. એટલે કબજીયાતના દરદીઓ કે જેમનો અપાન વાયુ હમેશાં પદભ્રષ્ટ થઇ ઉર્ધ્વ જ રહ્યા કરે છે તેમનો અપાનવાયુ પોપૈયું સુધારી આપી મૂળ ગતિનો બનાવે છે. એટલે મુશ્કેલીએ પણ થોડો દસ્ત નહીં મેળવનારને પોપૈયું લીધા પછી સાફ પચીને દસ્ત થાય છે. કબજીયાતવાળાને તો એવો દસ્ત એટલે ગગનવિહારની મોજ જેટલો જ આનંદ! બે મિત્રો મળી ખીસ્સાનો ભાર હળવો કરવા કે મોજની ખાતર હોટલોમાં પેસી ખમણઢોકળાં કે બે ડીસપાંઉ ઉડાવી, અમથા અમથા આંતરડા અને હોજરીના બોજાને વિષમય બોજો વધારી આપે છે, તેને બદલે એકાદ સરસ પોપૈયું ખરીદીને, થોડું ખાઇ લે તો બપોરનો નાસ્તો પણ કુદરતી ફળથી પૂરો થાય, એમાંથી ઉત્તમ શરીરના પોષણની વસ્તુ પ્રાપ્ત થાય અને પાચનક્રિયાને મદદ પણ મળે. જો આપણે માનતા હોઇએ કે શરીરના પોષણ માટે અનાજની વિવિધ વાનીઓની સાથે થોડાં ફળો અને ફળરસોની જરૂર છે અને એથી શરીરને જોઇતાં ઉતમ દ્રવ્યો વિટામીનો પૂરાં પાડે છે તો તે ફળોમાં પોપૈયાનો ખાસ સમાવેશ થવો જ જોઇએ. કેટલાકની દૃષ્ટિએ સંતરાં અને મોસંબી, અનાર કે અંજીર જેટલું પોપૈયું મહત્ત્વનું નહીં લાગતું હોય, છતાં વૈદકની દૃષ્ટિથી તો તે મહત્ત્વની અને ઉપયોગી ચીજ છે.

પાકું પોપૈયું ભાગ્યે જ કોઇને વિરૂદ્ધ પડતું હશે. તેમાં રહેલા અતિ મધુર સ્વાદ સાથે વિશિષ્ટ પ્રકારના તુરા સ્વાદનો અણગમો કેટલાકને હોય છે. એ માટે પણ તેઓ નથી ખાઇ શકતા. છતાં એક બાબત અત્રે જણાવી દેવી જોઇએ કે જેને પ્રમેહ તણખાયો ચાલુ હોય તેમણે હમેશાં પોપૈયું લેવું ન જોઇએ. કોઇ વખત થોડું લેવામાં વાંધો નથી. તેમજ જેઓને અતિસારમાં લોહી આવતું હોય એટલે કે ઝાડામાં લોહી આવ્યા કરતું હોય તેમને ઓછું માફક

આવે છે અને અતિ ગરમાઇને લઇ જે સ્ત્રીઓને લોહીવા થયો હોય તેમને માટે પોપૈયું લેવું હિતાવહ નથી.

આટલી પ્રકૃતિવાળાને બાદ કરીએ તો પોપૈયું સઘળાને સરસ રીતે માફક આવે છે અને એને થોડા પ્રમાણમાં હરહમેશાં લેવામાં કોઇ પણ જાતનો વાંધો નથી. માત્ર, પ્રમાણસર લેવામાં સંયમ સાચવવો જોઇએ. કાચા પોપૈયાનું શાક અને અથાણું બેઉ બની શકે છે. કાચા ફળ ઉપરથી છાલ ને વચલાં બીજ કાઢી નાંખી થોડા પાણીમાં બાફી કાઢી તેના ઉપર ચાલુ મશાલાઓ અને સરસીયાથી બીજા શાકની માફક બનાવી અન્ય વાનીઓ સાથે લેવાથી સ્વાદીષ્ટ અને રૂચીકર બની શકે છે.

તેના નાના ફળના મરવાને ચીરી, મીઠું ભરવું-મરવા જેટલા પ્રમાણમાં હોય તેથી સોળમાં ભાગે મીઠું નાંખી, ત્રણ દિવસ લીંબુના રસમાં અથવા છાશમાં રાખી મૂકી. ત્યારબાદ એક દિવસ તડકો ખવરાવી, રાઇ, મેથી, સરસીયું ને ગોળ ચઢાવી, ઉત્તમ અથાણું બનાવી રાખવાથી સારી અવસ્થામાં તેમજ માંદગી કે નબળી તબીયતના વખતે આ અથાણું સરસ છે. કેરી અને લીંબુનાં અથાણાં જ્યારે કુપથ્ય ગણાય છે ત્યારે પોપૈયાનું અથાણું પથ્યથી ખાઇ શકાય છે. પોપૈયાના થડની ઉપરથી અરધો ઇંચ જેટલી છાલ કાઢી નાંખવાથી અંદરનો ભાગ મુલાયમ રેસા વગરનો અને સક્કરજનના દળ જેવો હોય છે. પોપૈયું વાવ્યા પછી બીજા વરસે ફળવા લાગે છે અને ત્રણ વરસ પૂરાં થયે તે ઝાડને કાપી નાંખે છે અને એ થડ બિલકુલ કોઇ પણ પ્રકારના ઉપયોગ વિના ફેંકી દેવામાં આવે છે. પરંતુ તેનું એટલું સરસ અથાણું બને છે કે આ લેખ વાંચ્યા પછી તેને બનાવી ઉપયોગ કરનારને તેના ઉપયોગીપણાની તથા સ્વાદ અને ગુણની ખાતરી થશે. કારણ કે થડનો અથાણા તરીકે આજ પહેલાં કોઇએ ઉપયોગ કર્યો નથી. લેખકે અનેક વખત એનું અથાણું બનાવ્યું છે, ખાધું છે અને ખવરાવ્યું છે. ઝાઝા ખરચ વગર બાર

મહિના ચાલી શકે તેવું અત્યંત સ્વાદીષ્ટ અને નુકસાન ન કરે તેવું આ અથાણું બનાવી વાપરવા માટે આગ્રહભરી ભલામણ પછી તેની રીત બતાવી પોપૈયાનો વિષય પૂરો કરીએ.

અગાઉ બતાવ્યા પ્રમાણે થડના ઉપરથી અરધો ઇંચ છાલ કાઢી નાંખી છોલીને અંદરથી સફેદ ભાગના માવાના ચપ્પુથી ઉભા એક એક ઇંચના ટુકડાઓ પાડવા અને એ પ્રમાણે બે, પાંચ કે દશ રતલ તૈયાર કરી જેટલો માવો હોય તેથી આઠમા ભાગે મીઠું નાખીને તેમાં રગદોળી એક માટલામાં નાંખી ત્રણ દિવસ ભરી રાખવું. દરરોજ તેને હલાવવું. એ અથાણાને ખટાશ કે સ્વાદવાળું બનાવવું હોય તો અઢી શેર લીંબુને ચીરી, મીઠું ભરી અંદર મૂકવાં. ત્રણ દિવસ પુરા થયે, કાઢી નાંખીને લીંબુ અલગ કરવાં અને એ ટુકડાને કપડામાં પહોળા કરી તડકે સુકવવા. એક દિવસ અને એક રાત્રિ ખુલ્લા રહેવા દઇ બીજે દિવસે દશ રતલ ટુકડામાં એક શેર સરસીયું, પાશેર શેકેલી મેથી, નવટાંક જીરૂ, અરધા રૂપીયાભાર હીંગ અને પોણો શેર નરમ ગોળ લઇ સરસીયાને જરા ગરમ કરી અંદર ગોળ અને બીજો મસાલો મેળવી, દશ રતલ ટુકડા મેળવી લેવા. અઢી શેર લીંબુને પણ જુદા મસાલાથી ભરી સાથે મુકવાં અને બરણીમાં ભરી લઇ રાખી મૂકવું. પંદર દિવસ એમ જ રહેવા દેવું. એકાદ બે દિવસે મોઢું ખોલી હલાવી ઉપર તળે કરી લેવું. પંદર દિવસે મસાલો ચઢી જઇ અથાણું ખાવા લાયક બને છે, અદ્‌ભુત સ્વાદ આપે છે, અન્ય ખોરાક ઉપર રૂચી ઉપજાવે છે. ખાધેલો ખોરાક હજમ થાય છે. જમ્યા પછી જેને ગેસ થતો હોય અથવા દમદમો રહેતો હોય, પવન ન સરતો હોય, વાયુના ખોટા ઓડકાર આવતા હોય, એવા પ્રકૃતિવાળાને ખોરાક સાથે આ પોપૈયાના થડનું અથાણું અતિ ઉપયોગી છે. ગરમર અને ડાળાના અથાણાને ભુલાવી દે તેવું સ્વાદીષ્ટ છે. કોઇ પણ દવા ચાલતી હોય તેમાં છુટથી ખાઇ શકાય. રાત્રે પણ ખાઇ શકાય. અથાણાના ખરચમાં મસાલાઓ સિવાય બીજું કાંઇ નથી. જેમની બરણીઓ મુરબ્બા,

મુંદા, રાયતાં, ગોળચાં અને મેથીયાં કેરીઓથી ભરચક હોય તેઓ ભલે આ તરફ લક્ષ ન આપે, પણ જેમને ઉત્તમ સ્વાદવાળું પથ્ય અને સસ્તું સુંદર અથાણું મેળવવું હોય તેમને આ પોપૈયાના થડનું અથાણું બનાવી ઉપયોગમાં લેવા માટે મારી ખાસ ભલામણ છે.

પોપૈયો ફ્રુટ તરીકે સ્વાદથી ખાઇ શકાય છે, તેમાંય વૃક્ષ ઉપર પાકેલો 'વનપક' પોપૈયો તો ખૂબ જ મધુર અને સ્વાદીષ્ટ હોય છે. પ્રમાણમાં તે સસ્તો હોઇ રાંકનું રતન છે, ગરીબોનો મહામૂલો મેવો છે. એ તો જાણે ઠીક પણ હમણાં હમણાં તો મોટાં શહેરોમાં કેટલાક લોજ અને વીશીઓવાળા બીજી રીતે પણ તેનો લાભ લેવા લાગ્યા છે.

આપણે જાણીએ છીએ કે મોટાં શહેરોમાં કેટલીક લોજોવાળા ફાગણ માસ ઉતરવા આવે તથા ચૈત્ર માસ બેસે ત્યારથી જ પોતાને ત્યાં જમનારાને રસપૂરીની કે રસ-પોળીની મોજ કરાવે છે.

આપણે એ પણ જાણીએ છીએ કે એ વખતે રસની કેરીઓ કાંઇ તૈયાર થયેલી હોતી નથી. હા, કોઇ કોઇ સ્થળે કલમી આંબાની હાફુસ કે પાયરી કેરી મોંઘી મળી શકે છે. તો પછી એટલો બધો રસ છુટથી તે લોકો કેવી રીતે આપી શકતા હશે?

મારા જાણવામાં આવ્યું છે તે વાત સાચી હોય તો-ઘણે ભાગે સાચી હોવાનો સંભવ છે-કેટલીક લોજોવાળા થોડી હાફુસ કે પાયરી કેરી મંગાવે છે, તેને છણી તેનો રસ કાઢે છે અને પછી વધુ પાકેલાં નરમ પોપૈયાં પણ મંગાવી, તેના ગરભને તેમાં છણી નાંખે છે. કેટલાક વળી તેમાં લાલ ચોળ ગરભવાળી સાકરટેટીના ગરભને પણ ભેળવે છે એ રીતે બધાંનું મિશ્રણ કરી, તેમાં કેરીના રસનો એસેન્સ નાંખવામાં આવે છે. એટલે સરસ મજાનો કેરીનો રસ બની જાય છે! અર્થાત્ કેટલીક લોજોમાં રસ-પોળી ને રસ-પૂરીના જમણમાં પોપૈયો મોટો ભાગ ભજવી, એ લોજ તરફ આમ્ર-રસના સ્વાદુ જમનારાઓને આકર્ષે છે.

કોઇ લોજમાં તમે જાઓ—ફાગણ—ચૈત્રમાં, અને રસ—પોળીનું ભોજન હોય, ત્યારે તમને વાડકી ભરી ભરીને લોજના પીરસનાર રસ પીરસશે તથા તેના મુખ્ય વ્યવસ્થાપક આગ્રહપૂર્વક પ્રેમથી જમાડશે, તેમાં જરીકે સંકોચ નહિ રાખે.

પરંતુ તમે તેમને કહો કે 'મને રસ પસંદ નથી, કેરી આપો.' તો તે તમને જોઇએ તેટલી કેરી નહિ આપે, માત્ર બે જ કેરીઓ વધુમાં વધુ આપશે. જો પુષ્કળ પાકી રસદાર કેરીઓ મળી શકતી હોય, તેમ જ તેઓ એ કેરીઓ લાવી તેનો રસ કાઢીને જોઇએ તેટલો પીરસતા હોય, તો એ રસને બદલે જોઇએ તેટલી કેરીઓ તમને કાં ન આપે ?

પરંતુ મારી ખાતરી છે કે ફાગણ—ચૈત્ર મહિનામાં જોઇએ તેટલો રસ પીરસનારા, તેને બદલે જોઇએ તેટલી કેરીઓ તમને આપશે નહિ. કારણ કે કેરીના રસમાં તો પોપૈયાનો છણેલો ગરભ ભળેલો હોય છે, જ્યારે આખી કેરીમાં એવી બનાવટ શી રીતે થઇ શકે ?

બધી જ લોજો કે વીશીઓ એ પ્રમાણે કરે છે કિંવા કરતી હશે એમ મારાથી ન કહેવાય, પરંતુ કેટલીક લોજો એવું કરે છે એમ મને જણાવવામાં આવ્યું છે. ભલેને કરે. જમનારને એથી નુકસાન નથી. પણ જો માત્ર પોપૈયાનું મિશ્રણ કરે તો જ. તેની સાથે સાકરટેટી ભેળવે તો તે ઇચ્છવા યોગ્ય નથી.

એ સિવાય પોપૈયોનો પણો પણ બનાવી શકાય છે. પોપૈયાની છાલ ઉતારી, તેમાંથી બી કાઢી નાંખી, તેના કકડા કરી તેમાં શીશી ખાંડનું મિશ્રણ કરવું. રોટલી કે રોટલા સાથે એ સરસ સ્વાદ આપે છે અને પાચનક્રિયાને પણ પ્રદીપ્ત કરે છે. એટલે પોપૈયાને અમૃત સમા ગુણમાં કેરીથી બીજા નંબરે જરૂર મુકી શકાય.

卐

ઉન્હાળો અને આંબો

જગન્નિયંતા પરમ કૃપાળુ પરમાત્માની પ્રાણીઓ ઉપર કેવી કૃપા છે તે તો જ્યારે તેનું સૃષ્ટિસર્જન નિહાળીએ ત્યારે જ જાણીને આનંદમસ્ત બનાય.

પ્રભાકર પ્રખર કિરણોથી વસુંધરાને ધખધખાવી રહ્યા હોય, પ્રાણી માત્ર અંતઃબાહ્ય શીતળતા શોધતા હોય, મનમોજીલાઓ કૃત્રિમ વિવિધ પીણાંઓથી તનબદનને શીતળતા આપવાને માટે મિથ્યા ઉપચારો કામે લગાડતા હોય, એવી ઉષ્માની અવધિરૂપ ગ્રીષ્મ ઋતુમાં સર્જનહારે આંબો–આમ્રફળ તૈયાર કરી મનુષ્ય ઉપર કેટલો અને કેવો ઉપકાર કર્યો છે–એથી ઈશ્વરની કેટલી દયા છે તેનો આપણને જરૂર વિચાર આવે.

હિન્દુસ્તાનના બીજા વિભાગો બાદ કરતાં બહદ ગુજરાતમાં દેશી આંબાનો મોટો પાક છે. આંબાના ઝાડ બહુ મોટાં અને દેખાવમાં સુંદર થાય છે. તેની છાંયા શિતળ અને મનને આહ્‌લાદ આપનારી હોય છે. તેમાં વસંત ઋતુની શરૂઆતથી મોર (ફુલ) આવવા માંડે છે અને તે શરૂઆતથી એટલી સુંદર ખુશબો આપે છે કે પંથે વિચરતા મુસાફરોને તેની નીચે જઇ બે ઘડી આરામ લેવાની ઇચ્છા જરૂર થાય છે. કામઘેલા પ્રાણીઓને એ મોહક ખુશબો બહેકાવે છે. મોર આવ્યા પછી બેથી ત્રણ મહિને તેમાંથી ફળ તૈયાર થાય છે અને આંબાની જાત પ્રમાણે તેની વહેલી મોડી વેડવાની ક્રિયા શરૂ કરાય છે. વેડી લેતાં પહેલાં કેરી તૈયાર થવાની ખાતરી રૂપે તેમાં શાખ પડે છે. અર્થાત લાગેલાં ફળો ઉતારી લેવા જેવાં થયાં છે તેની ખાત્રી માટે સુડા નામનાં પ્રાણીઓ (પોપટની એક જાત) એ આંબા ઉપરથી પ્રથમ તૈયાર થયેલા ફળને ચાંચથી ટોચા મારીને નીચે પાડી દે છે અને એ પ્રથમ પાડેલા ફળને શાખ કહેવામાં આવે છે. આ પ્રમાણે શાખ પડવા પછી આંબો વેડી લેવામાં આવે છે. વેડયા પછી એ કેરી પાકેલી તયાર હોતી નથી પણ પત્થર જેવી જ કાચી હોય છે. ત્યારપછી તેને મકાનમાં ભરીને ઘાસમાં ઢાંકવામાં આવે છે અને ધીરે ધીરે લીલાશમાંથી ઘેરા પીળા રંગની કેરી તૈયાર થાય છે, ત્યારે જ તેને ખાવાના ઉપયોગમાં લઇ શકાય છે. આ માત્ર આ દેશની ગામઠી કેરીની પેદાશની હકીકત છે. એ શિવાય પણ પાયરી, હાફુસ, લંગડો, મદ્રાસી, તોતા, જમાદાર વગેરે અનેક કેરીની જાતો આવે છે, છતાં શ્રીમંતથી માંડી ગરીબ સુધીના સઘળા વર્ગના લોકો ઉપયોગ કરી શકે તેવી સસ્તી અને સગવડવાળી તો માત્ર ગામઠી કેરી છે. તે બીજી કોઈ પણ જાતથી ગુણમાં ઉતરતી નથી. અને દરેક સ્થળે દરેક વર્ગને સહેલાઇથી મળી શકે છે.

આયુર્વેદના મત પ્રમાણે કેરી મધુર, શીતળ, જડ, બળ આપનાર, ધાતુવર્ધક, પુષ્ટિકર, કફકર, ત્રિદોષશામક અગ્નિદીપક, મળસ્તંભક, પ્રિય,

સુખકારક અને કાન્તિવર્ધક છે. વાયુ, તૃષા, દાહ, પિત્ત, શ્વાસ, અરૂચીનો નાશ કરે છે.

કેરી કોઇને પણ વિરૂદ્ધ પડતી નથી. પોતાની ખાવાની કઢંગી રીતને લઇને કેરી ઉપર વાયુ થવાનો કે આળસ આવવાનો અથવા પાછળથી સાંધા ઝલાવાનો દોષારોપણ થાય છે, પરંતુ તે દોષો પાકેલી મધુર કેરીમાં નથી.

સંપૂર્ણ ખાટી કેરી ખાવાથી સાંધા ઝલાય, કેરી સાથે બીજા વાયુકર વાલ, વટાણા, જેવા પદાર્થો અથવા મિષ્ટાન્ન જમવાથી વાયુ કે આળસ વરતાય, કેરીના રસને વધારે મધુર બનાવવા ખાતર રસ ઘોળીને કાઢયા પછી તેમાં સાકર કે ખાંડ મેળવીને જમનારને કેરીનો ખરો સ્વાદ અને તેના કુદરતી ગુણમાં ફેરફાર લાગે તો નવાઇ નહિ.

અમે અગાઉ જણાવી ગયા છીએ કે કેરી એ અલૌકિક વસ્તુ છે અને સાધારણ આહાર તરીકે લેવા ઉપરાંત નીચે બતાવેલા રોગ કે પ્રકૃતિવાળા એકાદ મહિનો છુટથી કેરીનો ઉપયોગ કરે તો ઘણો ઉંચા પ્રકારનો લાભ તેમને જરૂર થાય.

ખોરાકની બદહજમી (અજીર્ણ)

આવા દરદીને ખોરાકનું બરાબર પાચન થતું નથી અને તેને લઇને રસ-રક્ત નવાં સંચરતાં નથી. આવા ભાઇઓ કેરી રીતસર (અમે કેરી ખાવાની રીત આગળ બતાવીશું) લેવા માંડે તો કેરીમાં રહેલાં પાચક તત્વો બીજા ખોરાકને પચાવી, યંત્રોને વ્યવસ્થિત કરી આપે છે; કારણ કે તેમાં અગ્નિદીપક ગુણ છે.

ગરમાઇ-આંતરડાની મગજની, આંખની, બધાં અંગની

ચહા, કોફી, કોકો, મરચાં, દાહક, ઉત્તેજક, ઉષ્ણ પદાર્થોના હરહમેશાં સેવનથી શરીરનાં અંગપ્રત્યાંગમાં ખોટી ગરમાઇ વાસ કરીને રહી હોય છે, તે ગરમાઇને મૂળમાંથી કાઢી નાંખી શીતળતા આપવાનો ગુણ કેરીમાં છે. ઉષ્ણ ઋતુની ગરમાઇથી શરીરનાં અવ-

ચવો તપી રહેલાં હોય છે તેને ઠંડક આપે છે. બીનજરૂરી ક્ષણિક ઉત્તેજીત પીણાંઓથી સપ્ત ધાતુ જેના ગરમ બની રહ્યા હોય છે, એટલે કે શરીર તવાઇ ગયું હોય છે તેને કેરી પુષ્ટિ આપી શીતળતા બક્ષે છે. કારણુ કે કેરીમાં શીતળ અને પૌષ્ટિકર ગુણુ છે.

લોહીની ઉણપ

દુબળા પાતળા શરીરમાં લોહી વધારવાની તેવા શરીરવાળાને પ્રબળ ઇચ્છા હોય છે. તેને માટે તો કેરીની મોસમ જેવો એકે સરસ સમય નથી. ગુજરાતી કહેવત છે કે કેરીનો જેટલો રસ તેટલું લોહી પેદા કરે છે. આ કહેવત અક્ષરશઃ સત્ય તો નથી, પરંતુ કેરી રીતસર જમનારનું વજન અમુક વધેલું મેં જોયું છે; અને મારા વજન વધારવાની ઇચ્છા ધરાવતા દરદીઓને હું કેરીની મોસમ આવતા સુધી થોભાવું છું અને કેરીની મોસમમાં કેરી ઉપર જ અથવા થોડા અનાજ સાથે વધારે કેરી આપીને તેમની મનેચ્છા કેટલાક અંશે સંતુષ્ટ કરી છે. કેરીમાં લોહનાં તત્વો મોટા પ્રમાણુમાં છે. શરીરમાં રહેલા લોહીમાં પણુ લોહનાં જ તત્વો છે. જ્યારે સ્વજાતીય પરમાણુંઓ મળે ત્યારે કોઇ પણુ પદાર્થ વૃદ્ધિ અને પુષ્ટતા પામે તે નિર્વિવાદ વાત છે. અને એ જ હિસાબે જ્યારે કેરી છુટથી લેવામાં આવે છે ત્યારે કેરીમાંનાં લોહનાં તત્વોથી શરીરમાંનાં લોહીનાં તત્વો પુષ્ટી અને વૃદ્ધિ પામે છે. અને તેની સાથે મૂળ લોહીના જથ્થાને શુદ્ધ પણુ બનાવે છે. તે તો આપ કેરી રીતસર જમતી કોઇ પણુ વ્યક્તિના શરીર ઉપર એકાદ મહિનામાં થયેલા ફેરફારનું નિરીક્ષણુ કરશો તો જરૂર જણાઇ આવશે.

મળાવરોધ—કબજીયાત

આવા દરદીઓના લાંબા વખતના કબજીયાતના પરિણામે આંતરડાંઓમાં મળ ભરાઇ રહેવાથી આંતરડાંઓ નિષ્ક્રિય અને સુસ્ત બની ગયેલાં હોય છે, જેને લઇ પાચક રસો ઓછા પેદા કરી શકે છે. સાથે તેનામાં સુસ્તપણું હોવાથી પોતાની ક્રિયામાં આળસુ હોય

છે. તેમને સારાં બનાવવા માટે કેરી એક ઉત્તમ પદાર્થ છે. કેરી મળસ્તંભક હોવા છતાં પાકેલા મળને રોકતી નથી. તેનામાં ઉત્તમ પ્રકારનો (એસીડીટી) ખટાણુ પદાર્થ હોવાથી તે સુસ્ત થયેલી આંતરડાની અંદરની ત્વચાને કામે લગાડે છે, તેમ જ તેને લાગેલા થાકને પોતાની શીતળતાવાળા ગુણોથી શાંતિ આપી પુષ્ટિ આપે છે. તેનો રસ જલદીથી પચે તેવો હોવાને કારણે આંતરડાંઓ પોતાના ઉપરનો કામગીરીનો પાચન કરવા રૂપી બોજો અનાજના રસથી તદ્દન હલકો મળવાથી હોંશથી ઉપાડે છે અને પોતાની સંકોચ-વિકાસ રૂપ ક્રિયા શરૂ કરી દે છે, જેથી કબજીયાત મટીને રીતસર દસ્ત આવવા લાગે છે. અને એને લઇને જ, અનુલોમ ક્ષય કે જેમાં પ્રથમ કબજીયત થઇ શરીર ઘટવા માંડે છે તે થાય છે, અને આંતરડાં એટલાં નબળાં થઇ જાય છે કે જેમાં દહીંની છાશ કે દુધ પણ માફક નથી આવતાં, તેવાને માટે કેરી જરૂર માફક આવી તંદુરસ્ત બનવાના દાખલાઓ નોંધાયા છે.

અતિસાર, ઝાડો, મરડો, સંગ્રહણી

ઉપરના દરેક વ્યાધિના દરદીઓને બહુ જ આસાનીથી કેરી માફક આવે છે. કારણ કે તેનામાં રહેલા મળસ્તંભક ગુણને લઇને તે કાચા મળને રવાના નહિ થવા દેતાં રોકે છે અને તેને પચાવવામાં પોતાનાં ઉત્તમ તત્ત્વોને કામે લગાડે છે. સાથે આવા દરદીઓનાં પાચક અવયવોમાં પેદા થયેલા જંતુઓનો નાશ કરે છે, ચાંદાંઓને રૂઝવે છે, ઉષ્ણુતા અને સુજનને બેસારે છે, પાકેલા મળને ધકેલે છે, જેથી સંગ્રહણી જેવામાં ધીરે ધીરે લાભ થતો જોવામાં આવે છે.

એકંદર

દર વર્ષે મેલેરીઆની મોસમમાં જે કોઇને એકાદ વખત પણ તાવ જરૂર આવતો હોય, જેના હાથ પગનાં તળીયાં બળતાં હોય, આંખે તીમીર આવતાં હોય, નજીવી બાબતમાં ક્રોધાતુર થવાતું હોય, પેશાબ

થતી વખતે દાહ થતો હોય, પેશાબની પાછળ ધાતુ જવાનું દર્દ હોય, રાતના મીઠી ઉંઘ ન આવતી હોય, સ્ત્રીઓને માસિક બરાબર ન આવતું હોય, કમળો હોય કે પિત્તપાન્ડુ હોય, લીવર કે બરોલ વધેલાં હોય, લોહી પાતળું પડી ગયું હોય, આંખે ઝાંખાશ આવતી હોય, મસ્તક દુ:ખવાનો રોગ હોય, પેશાબમાં ફોસફરસ કે કેલસ્યમ જતું હોય, દાંતમાંથી લોહી કે પરૂ આવતું હોય, પાયોરીયા હોય, શરીર ઉપર ચકામાં ઉઠતાં હોય, ચીડીઓ સ્વભાવ હોય, રતાંધળાપણું હોય, એવા બધા દરદીઓને કેરી ખાવાની અમે સુચના કરીએ છીએ; એટલું જ નહિ પણ છુટથી કેરી જમવાની આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ.

ઉત્તમ કેરીની પરખ

ચૌટે જઇને કેરી લઇ આવવી એ જરા બુદ્ધિપૂર્વકનું કામ છે. માત્ર વેપારીનાં અવનવાં નખરાં કે તેના ભારોભાર વખાણથી કેરી ખરીદવી એ તો વિશ્વાસઘેલાનું કામ છે. જો કે જ્યાં કેરીનો પાક હોય છે તેવાં સ્થળોમાં તો અમુક આંબાઓ અથવા અમુક જંગલની નામાંકિત કેરી અવશ્ય મીઠી હોવાનું મનાય છે અને એ વાત કેટલાક અંશે સત્ય હોય છે. પરંતુ જ્યાં આંબાનો પાક નથી હોતો અને રેલ્વે રસ્તે ડબા ભરાઇને આવે છે ત્યાં ઉપરનું ધોરણ કામ લાગતું નથી. ત્યાં તો રાત દિવસ કેરી ખરીદનારનું અનુભવી જ્ઞાન બહુ કામ લાગે છે. ગામડી કેરીમાં પણ, ગોળ લાડવો, લંબગોળ, ચપટી, અણીવાળી, વગેરે અનેક આકૃતિની કેરી આવે છે. છતાં કેરી પાકી ગયા પછી તેમાંથી આવતી ખુશબો તેની મીઠાશને પુરવાર કરનારૂં ઉત્તમ સાધન છે. જેની ઘ્રાણેન્દ્રિય ચપળ અને પરીક્ષક હોય છે તે આખા ઢગલામાંથી પણ ઉત્તમ કેરી ખરીદી લાવે છે.

કેરી ખાવાની રીત

આ જમાનામાં કેરી અમુક રીતે ખાવાનું કહેવું એ કેટલાકને નવાઇ તો લાગે. પરંતુ આપણા આર્ય કુંટુબોમાં જે રીતે કેરી ખવાય છે તે

મિષ્ટાનની રીતે અથવા રસાસ્વાદને આનંદ આપવાની ખાતર ખવાય છે અને એવી રીતે કેરી ખાવાથી તેના ઉત્તમ ગુણો ઢંકાઇ જાય છે. પરંતુ તેના અલૌકીક ગુણોનો આસ્વાદ લેવો હોય તો કેરી નીચેની રીતે લેવી વધારે સારી છે:

સારી મીઠી જાતની કેરીને સૂર્યોદય પહેલાં પાણીથી ભરેલા વાસણમાં પલાળી રાખવી અને પ્રયોગ કરનારે કે વ્યાધિનિવારણ માટે લેનારે દંતધાવન ઇત્યાદિ કાર્યથી પરવારી કેરી ખાવાની શરૂ કરવી. એક કેરી લઇ તેને ધોળી, દીટું અલગ કરી તેને ચુસવા લાગવી. તે ચાહે તો બેઠાં બેઠાં ચુસો કે હરતાંફરતાં. કેરીનું દીટું અલગ કર્યા પછી તેમાંનો સઘળો રસ ચુસી લ્યો. ગોટલાને ચુસવા કે છોતરાં ચાટવાનો પ્રયત્ન ન કરો. એક કેરી ચુસતાં તેમાંથી પાંચ રૂપીઆભારથી રસ ઓછો નિકળ્યો હોય એમ લાગે તો તે જ વખતે બીજી પણ એક કેરી ચુસી લ્યો. બાદ હાથ મ્હોં ધોઇ ટુવાલથી લૂછી કામે વળગો. કેરી ચુસ્યા પછી પાણી ન પીવું. ફરી અરધા કે એક કલાકે બીજી કેરી ઉઠાવો અને ઉપર મુજબ ઉપયોગ કરો અને ફરી કામે વળગો. જમવાનો ટાઇમ તમારો અગીયાર, સાડાઅગીઆર કે બાર વાગતાનો હોય તે દરમ્યાન પાંચ, સાત કે દસ કેરીનો રસ તમારા પેટમાં જાય અને તે કયાં ગયો તેની ખબર નહિ રહે. રસ અંદર જશે તેમ પાચન થતો જશે. જમવાના વખતે બે ચાર કેરી ધોળી તૈયાર કરી, ઘઉંની રોટલી અને એકાદ શાક સાથે ચુસીને જમો. કેરીમાંથી વાડકી-વાડકામાં રસ કાઢીને જમવાની ઇચ્છા કરતા નહિ. એ પ્રમાણે રસ રોટલીની ત્રાપડ દેનારને જમવાની મજા કદાચ આવતી હશે, પણ તે પ્રમાણે રસ કાઢીને જમનારને આળસ જરૂર આવે છે અને તંદુરસ્તીની દૃષ્ટિએ પણ ફાયદો થતો નથી. માટે લાભ મેળવવા ખાતર હરહંમેશ ચુસીને જ જમો. જમવામાં પણ બને તેટલું અનાજનું પ્રમાણ ઓછું રાખો. ભાત મુદ્દલ ન લ્યો અથવા તો થોડો લ્યો. જમવામાં સાથે સુંઠ નાંખેલી કઢી લઇ શકાય. ભરપેટ નહિ

જમતાં રૂચીથી ઓછું જમો. બાદ દિવસમાં ત્રણ વાગ્યા સુધી કાંઈ પણ ખોરાક ન લ્યો, પાણી લેવામાં હરકત નથી. ફરી તમારૂં કેરી ચુસવાનું કામ ત્રણ વાગ્યાથી શરૂ કરો. કલાકે બે, ત્રણ કે ચાર કેરી શક્તિ પ્રમાણે વાપરો અને તે રાતના આઠ વાગ્યા પછી બંધ કરો.

કેરી ચુસવાનો પ્રયોગ ચાલતો હોય તે દરમ્યાન મીઠાઇ, ચણા, મમરા, ચેવડો, વાલ, વટાણા, ભજીયાં, પાતરાં અને દરેક વિદાહી પદાર્થનો અવશ્ય ત્યાગ કરો. તમારા નિત્યનિયમ મુજબ કામગીરી, નોકરી, કસરત ચાલુ જ રાખો, બ્રહ્મચર્ય પાળો, અને નિયમ કરતાં સાંજના ફરવા વધારે જાઓ તો વધારે સારૂં.

કેરી સાથે દવા

દવા તરીકે ખાસ ઉંચી જાતની સુંઠને ખાંડી શેકી રાખો. પાવલીભારની ફાકી દિવસમાં ત્રણ વખત જરૂર લ્યો. અથવા 'હીંગાષ્ટક' ચુર્ણ ત્રણ વખત લ્યો. ઉપરાંત ઝેરકોચલાની કોઇ પણ બનાવટ લેવાય. પેટમાં વાયુ જેવું નહિ લાગે અને કેરીનો રસ જલદી પાચન થશે. તેને માટે 'અગ્નિતુંડી' નામની ગોળી આયુર્વેદિક સારી છે.

ઉપરની રીતથી કેરીનો ઉપયોગ કરનારને અમારા આ લેખમાં બતાવેલા ઉત્તમ ગુણોની અવશ્ય ખાત્રી થશે અને શરીરની કાન્તિ તથા વજનમાં વધારો થયેલો જોઇ શકાશે.

આ સિવાય આંબાનાં તમામ અંગો દવા તરીકે ઘણા જ ઉપયોગમાં આવે છે. પરંતુ સ્થળાભાવે, માત્ર આંબાની ગોટલીનો એક પ્રયોગ ટાંકી આ લેખ પૂર્ણ કરૂં છું.

લગભગ આ જ ઋતુમાં એટલે કેરીના કાચા મરવા આવવા શરૂ થાય તે જ અરસામાં બાળકોમાં ઓરી અને અછબડાના પુષ્કળ વાયરા હોય છે અને તેમાં સપડાયેલાં બાળકોને ઓરી નમ્યા પછી ઝાડો અથવા મરડો થઇ આવે છે. તે દેશી-વિલાયતી અનેક

ઉપચારો કરવા છતાં મટતો નથી. પરંતુ તે આ સાધારણ વસ્તુથી મટે છે અને સેંકડો બાળકોને આરામ થયેલો અનુભવ્યો છે. એટલે જન-કલ્યાણની ખાતર આ પ્રયોગ ખુલ્લો મૂકવા આત્માની અતિ ઉત્કટ પ્રેરણા હોવાથી 'બહુરૂપી' જેવા બહુ ફેલાવો પામેલા પેપરમાં મૂકવાથી લાખો મનુષ્યો તેનો ઉપયોગ કરશે તેમ સમજી લખીએ છીએ :

(૧) આંબાની તાજી ગોટલી પથ્થર ઉપર બેઆની ભાર ઘસવી.

(૨) જાંબુનો ઠળીયો એ જ મુજબ પથ્થર ઉપર ઘસવો.

(૩) મોચરસ બે આનીભાર પત્થર ઉપર ઘસવો.

(૪) સાકર બે આનીભાર ઘસવી.

(૫) સુગંધી વાળો બેઆની ભાર લેવો.

ઉપરનું મિશ્રણ તૈયાર કરી એક ટંકમાં બાળકને પાઇ દેવું. અને એ પ્રમાણે દિવસમાં ત્રણ વખત આપવું. ઓરી પાછળના ભયંકર ઝાડા લોહીવાળા અથવા કાચા થતા હશે તેમાં એક જ દિવસમાં ફાયદો વરતાવા લાગશે અને ટુંક સમયમાં બાળક તંદુરસ્ત બનશે.

આંબાના સંબંધમાં પુષ્કળ લખી શકાય તેમ છે. આમ્રરસને અમૃતની ઉપમા આપી છે. લોહીને વિશુદ્ધ બનાવવામાં, વધારવામાં કેરીનો મીઠો રસ ભારે ઉપયોગી બને છે. પરંતુ દુઃખની વાત એ છે કે જે ભાગમાં આંબા થતા નથી અને જ્યાં બહારગામથી કેરી મગાવવામાં આવે છે, ત્યાં સરસ, રસદાર અને મધુર ફળો ભાગ્યે જ જોવામાં આવે છે.

આ વિષયમાં કાઠિયાવાડના મારા એક મિત્ર રમૂજી દૃષ્ટાન્ત આપે છે તે અહીં ઉતારૂં:

એ મિત્ર કાઠિયાવાડના છે. કાઠિયાવાડના દરિયાકિનારાના અમુક ભાગમાં જ આંબા થાય છે. અને તે એટલા થોડા હોય છે કે તેની ઉપર થતી કેરી એ ભાગના પ્રદેશને પણ પૂરી પડી શકતી નથી. અર્થાત્ આખો કાઠિયાવાડ તો ગુજરાતમાંથી જ કેરી મંગાવે છે.

એ કાઠિયાવાડના એક ગામમાં હું મહેમાન બનેલો. ઉન્હાળાનો સમય હતો. કેરીની મોસમ હતી. રસ કાઢેલો, અમે બધા જમવા બેઠા. રસ બિલકુલ ખાટો. અમે બધા જેમતેમ જમી ઉઠયા, જો કે જમવાની મજાહ તો મારી જ ગઈ.

મુખવાસ લેતી વખતે જમવામાં સાથે એક મિત્ર હતા તેમણે દૃષ્ટાન્ત આપ્યો : ગુજરાતમાં જ્યાં પુષ્કળ આંબા થાય છે ત્યાં આંબે શાખ બેઠા પછી તેનો માલિક આમ્રવૃક્ષની તપાસ કરવા નિકળે છે. એ તરફ વાંદરા પણ પુષ્કળ થાય છે. એ વાંદરા જાણે બાપનો માલ હોય તેમ આંબાની ડાળીઓ પર બેસીને કેરીઓનો આસ્વાદ લેતા હોય.

આંબાનો માલિક તે જોતો જાય. કોઈ આંબો એવો પણ જોવામાં આવે કે તેની ઉપર એક પણ વાંદરો બેઠો ન હોય. એ આંબાના થડ ઉપર 'રીઝર્વ્ડ ફોર કાઠિયાવાડ' એવું લેબલ લગાવી દે. એટલે કે આ આંબાની કેરીઓ ખાસ કાઠિયાવાડમાં મોકલવી. એવી રીતે નિરીક્ષણ કરીને પછી કેરીઓ વેડાવી, રવાના કરવાની વ્યવસ્થા કરે.

એનો અર્થ એ થયો કે જે આંબાની કેરીઓ એટલી બધી ખાટી હોય કે તેની ઉપર વાંદરા પણ બેસતા ન હોય–તેનું ફળ પણ ખાતા ન હોય, એ આંબા પરથી ઉતરેલી કેરીઓ ખાસ કરીને કાઠિયાવાડમાં મોકલાય છે. પછી કોઈ વાર કોઈ મીઠા આંબાની કેરીઓ આવી જતી હશે, પરંતુ મોટે ભાગે તો કાઠિયાવાડમાં આવતી કેરીઓ ખાટી અથવા 'ખટમધુરી' જ હોય છે.

એ ધ્યાનમાં રાખવું કે કેરીનો ખાટો રસ લાભને બદલે નુકસાન કારો જ નિવડે છે. માટે ખાસ કરી મીઠા રસવાળી કેરી મેળવવાની વ્યવસ્થા કરવી જોઈએ.

卐

ઉનાળામાં આમ્ર-પ્રયોગ

જીવનનિર્વાહ માટે પાંચ તત્ત્વોની અત્યંત આવશ્યકતા છે. તે પાંચ તત્ત્વો જ્યાંસુધી સમભાવે શરીરમાં વર્તતાં હોય છે અને એ સમતોલપણાએ જ્યારે ત્રણ ધાતુઓ ધાતુરૂપે રહે છે, ત્યાંસુધી શરીર સંપૂર્ણ નીરોગી અવસ્થા ભોગવતું રહે છે. પણ એ ધાતુઓ જ્યારે વિષમ રૂપ પકડી દોષના રૂપમાં ફેરવાઇ જાય છે ત્યારે શરીરમાં અવ્યવસ્થા ઉત્પન્ન થઇ અવનવા રોગનો જન્મ થાય છે. એ રોગનું જન્મસ્થાન શરીર છે.

આજે જગતમાં જાતીયતાની અને ઉદરની અમર્યાદિત તૃપ્તિ અર્થે જે સુખ ભોગવાઇ રહ્યાં છે તે સુખ દરેક મિનીટે નવો રોગ જન્માવે છે. દર વર્ષે ઇન્ફલ્યુએન્ઝા અને મેનીનજાઇટીસ જેવા રોગો જન્મ લેતા રહે છે! તે માણસ જાતની બેપરવાઇ, શારીરિક જ્ઞાનની ઉણપ અને પરદેશના રંગઢંગ પ્રમાણે અનુકરણ કરવાની ટેવને જ આભારી છે.

દરેક મનુષ્ય માત્રે એટલું તો સમજવું જોઇએ કે આપણા શરીરમાં આપણે જે ખોરાક ખાઇએ છીએ તે શરીરને જીવંત રાખવા

અને તેને તંદુરસ્ત રાખવા માટે જ; પણ સ્વાદની તૃપ્તિને માટે કે નવા રોગ જન્માવવા માટે નહિ.

તેમ થાય તો અત્યારે દરેક દેશ કરતાં હિન્દનું મૃત્યુપ્રમાણ જે વધી રહ્યું છે ત્યાંથી અટકી જાય. પરંતુ એ સમજણને બદલે જન્મથી જ પોતાનું પેટ એ જાણે સ્ટીમરની માલ ભરવાની દરિયા પરની ગોદામ ન હોય તેમ સવાર–સાંજ, રાત–દિવસ, વેળાકવેળા, સારા નરસા પદાર્થો તેમાં નાંખ્યે જ રાખે છે. તેમાં જગ્યા ન હોય, તેમાં સડો હોય કે અવ્યવસ્થિતતા હોય; તેમાં બોજો હોય કે જંતુ લાગી વિનાશ થવાની તૈયારીમાં હોય; છતાં આંખો વીંચી તેમાં ભર્યે જ છુટકો. ભર્યા પછી ભલે તે બોજો સહન નહિ કરવાથી ઉપર કે નીચેથી (ઝાડા કે ઉલટીથી) ફેંકી દે, છતાં પેટમાં ભર્યેજ છુટકો.

આવી બેસમજ જે દેશની પ્રજામાં સંપૂર્ણપણે મૂળ ઘાલી બેઠી હોય, એ સમજણને પોષનાર એલોપથી (ડાક્ટરી લાઇન) રાજ્યની પીઠ–થાબડતાં જે મનુષ્ય ઉપર અવનવા અખતરા અજમાવી રહી હોય, તે દેશની પ્રજામાં નવા રોગો જન્મ પામે અથવા તેનું મૃત્યુ-પ્રમાણ વધે અને પ્રજા માયકાંગલી, નિર્બળ, ઓજસહીન અને વીર્ય-હીન પાકે એમાં નવાઇ શી?

કુદરતની કૃપાનો પાર નથી અને માણસની બેપરવાઇનો પણ પાર નથી. ઇશ્વરી સંકેત અને તેનો આદેશ જગતનાં પ્રાણીઓ ઝીલતાં થાય, તેની સૃષ્ટિનું સરજન અને ઘટમાળની ગોઠવણીનું નિરીક્ષણ કરતાં શીખે તો એ કુદરતની અગાધ બુદ્ધિ બરાબર સમજાય.

જે ઋતુમાં જે જાતની આવશ્યકતા મનુષ્યપ્રાણીને હોય તે જાતના પદાર્થો એ કુદરત વગર મહેનતે સુંદર રીતે રજુ કરે છે કે જેનું અનુકરણ કોઇ પણ રીતે થઇ શકે નહિ.

એવી જ રીતે ઉન્હાળામાં આંબાની મોસમ બનાવી છે, તેમાં પ્રભુએ જગતના મનુષ્યો ઉપર મહદ ઉપકાર કર્યો છે એમ કહીએ તો ખોટું

નથી; પણ દિલગીરી એ છે કે એ જગતના જીવોએ ઇશ્વરી આદેશને ઠોકરે મારી પોતાની બુદ્ધિના બળે કૃત્રિમ પદાર્થો ઉત્પન્ન કરી, પોતાની તંદુરસ્તીનો સત્યાનાશ કાઢી નાંખ્યો છે.

પ્રભાકર પ્રખર કિરણોથી વસુંધરાને ધખધખાવી રહ્યો હોય, પ્રાણી માત્ર અંતઃબાહ્ય શીતળતા શોધતાં હોય, મનમોજીલાઓ કૃત્રિમ વિવિધ ઠંડા પીણાંઓથી તન–બદનને શીતળતા મળવા બરફ અને આઇસ-ક્રીમ જેવાં પરિણામે વિષ–ઝેર જેવી ક્રિયા કરતા પદાર્થોને કામે લગાડતા હોય, એવી ઉષ્માની અવધિરૂપ ગ્રીષ્મ ઋતુમાં સર્જનહારે આંબા ઉપર આમ્રફળને તૈયાર કરી, મનુષ્ય ઉપર કેટલી અને કેવી દયા વરસાવી છે !

કેરી એ આયુર્વેદના મત પ્રમાણે મધુર, શીતળ, જડ, બળ આપનાર, ધાતુવર્ધક, પુષ્ટિકારક, ત્રિદોષશામક, અગ્નિદીપક, મળસ્તંભક, પ્રિય, સુખકારક અને કાન્તિવર્ધક છે.

અનુભવથી કેરી એ અમને પૃથ્વીમાં અમીકુંપી સમી જણાઇ છે. કેરીની દરેક મોસમમાં અમે જુદા જુદા દરદીઓ ઉપર જુદી જુદી રીતે આજે વીસ વરસથી અખતરા અને અજમાયેશ–પ્રયોગ કરતા આવ્યા છીએ. કેરીને મોજશોખની ખાતર માત્ર એક ખાવા જેવી વસ્તુ તરીકે આપણે ઘડીભર ન માનીએ અને ચોક્કસ તથા અસાધ્ય વ્યાધિઓને તદ્દન નિર્મૂળ કરનારૂં એક અમૃત અથવા ઔષધ માની લઇએ તો પણ જરીકે ખોટું નથી.

એ વાતની અમારા અનુભવે ખાત્રી કરી આપી છે કે કોઇ પણ નીચે લખેલા દરદનો દર્દી મન ઉપર કાબૂ રાખી, એકાદ બે પખવાડિયાં કે અઠવાડિયાં બીજો બધો ખોરાક છોડી દઇ, કેવળ કેરી ઉપર અથવા કેરી ને દુધ અથવા છાશ ઉપર રહે તો તેને જે વ્યાધિ વરસો થયાં છુટતો નથી, જે વ્યાધિનો નાશ કરવા માટે છેલ્લામાં છેલ્લી શોધનાં ઇંજેક્શનો, પેટન્ટ દવાઓ અને કાળજીભરી સારવાર તથા ઉપચાર કામે લગાડયાં હોવા છતાં જે લેશ માત્ર પાછો હઠતો નથી,

તે વ્યાધિ આવા કેરી ઉપર રહેવાના પ્રયોગથી નાશ પામી જાય છે તેનું ખુલ્લું અને સચોટ કારણ એ છે કે કેરી શરૂ કર્યા પછી બીજે બધો ખોરાક લેવાનો બંધ હોય છે. તેને લઇ વરસો થયાં આંતરડાંમાં ભરાઇ બેઠેલા અને નવા નવા રોગને જન્મ આપતા મળ સાફ થઇ જાય છે–બળી જાય છે. કારણ કે તેને પોષણ માટે બહારથી ખોરાક મળતો હોતો નથી. એથી આપોઆપ કચરા રૂપી મળ નાશ પામી જાય છે. છતાં શરીરનું પોષણ તો કેરીનો રસ કરે છે–બલ્કે અનાજ કરતાં વધારે તે રસમાંથી લોહી અને માંસ પેદા થાય છે.

ઉપરાંત હોજરી, આંતરડાં, આમાશય, પકવાશય, જેવાં સ્થાનોમાં આપણા વરસોથી લીધેલા અને લેવામાં આવતા, દાહક, માદક ઉત્તેજીત, વિરૂદ્ધ પદાર્થોથી જે અંતરત્વચાઓ ખરાબ થઇ ગઇ હોય છે, તે ફરીથી કેરીના સહવાસથી પુનર્જીવન મેળવે છે અને એટલી સરસ થઇ જાય છે કે આ પ્રયોગ ખતમ થયા પછી તે પુનઃ પોતાનું બધું કામ કરવા લાગી જાય છે.

માટે જેઓ પોતાના વ્યાધિને નિર્મૂળ કરવા ઇચ્છા ધરાવતા હોય તેવા નીચેના દરદના હરકોઇ સ્ત્રી, પુરૂષ કે બાળક આ યજ્ઞનો જરૂર લાભ લે:–

કબજીયાત

કબજીયાત એ કેટલું અને કેવું દુઃખ દેનારૂં દરરોજનું દર્દ છે તે કબજીયાત ભોગવનાર સારી રીતે જાણે છે. અત્યારે સેંકડે પંચાણું ટકા જેટલા માણસોને કબજીયાત–મળાવરોધનો વ્યાધિ સતાવી રહ્યો હોય છે. ખૂબ ખાવા છતાં દસ્ત નહિ થવો અથવા થોડો થઇ શંકા રહ્યા કરવી, એ આ રોગનું મુખ્ય લક્ષણ છે. એ કબજીયાત થવાનું મુખ્ય કારણ વિરૂદ્ધ આહાર છે અને એને લઇને આંતરડાંઓ સુસ્ત તથા નિષ્ક્રિય બની ગયેલાં હોય છે. તેને લઇ તેઓ પાચક રસો પણ ઓછા પેદા કરી શકે છે. તે આંતરડાંને સારી સ્થિતિમાં લાવવા માટે કેરી–આમ્રફળ એ એક અજબ જેવું કામ કરે છે.

કેરી મળસ્તંભક હોવા છતાં તે પાકેલા મળને રોકતી નથી. તેનામાં ઉત્તમ પ્રકારનો (એસીડીટી) ખટાશ પદાર્થ હોવાથી તે સુસ્ત થયેલા આંતરડાની આંતરત્વચાને કામે લગાડે છે અને તેને લાગેલા થાકને પોતાની શીતળતાવાળા ગુણોથી શાંતિ આપી પુષ્ટિ આપે છે. તેમ જ તેનો રસ જલ્દીથી પચે તેવો હોવાથી આંતરડાં અને હોજરીને જરા પણ શ્રમ આપતો નથી. એટલે એ બોજો પાચકયંત્રો હોંશથી ઉપાડે છે અને પોતાની સંકોચ-વિકાસની ક્રિયા ચાલુ થાય છે. અપાનવાયુ જે કબજીયાતના કારણે સ્થાનભ્રષ્ટ થયેલો હોય છે તે આ પ્રયોગથી સુધરી જઇ પોતાનું કાર્ય બરાબર બજાવે છે. પછી કબજીયાત મટીને રીતસર દસ્ત આવવા લાગે છે અને એને લઇને જ અનુલોમ ક્ષય કે જેમાં કબજીયાત થઇ શરીર ઘટવા લાગે છે તેમાં અને આંતરડાં એટલાં ખરાબ થઇ ગયાં હોય છે કે છાશ લેવાથી કબજીયાત વધે છે અને દુધ લેવાથી પેટમાં વાયુ થાય છે-તેવા દરદીઓને કેરી બહુ માફક આવી, શરીર વળવા લાગે છે. આવા સેંકડો દરદીઓ કેરી ઉપર રહી કાયમની કબજીયાત ટાળી, તંદુરસ્ત થવાના દાખલા નોંધાયા છે. આશ્ચર્ય તો એ છે કે કેરીનો પ્રયોગ બંધ થયા પછી પણ તૈયાર થયેલાં પાચક યંત્રો બધી જાતનો ખોરાક પચાવી શકે છે અને વર્ષો થયાં કબજીયાતના કારણે અનેક રોગની ફરિયાદ કરતો દરદી નવું જીવન, નવું લોહી અને સંપૂર્ણ તંદુરસ્તી મેળવે છે,

લોહીની ઉણપ-દુબળાપણું

કેટલાંક આજકાલનાં યુવાન સ્ત્રી, પુરૂષ અને નાનાં બાળકોનાં શરીર એટલાં બધાં દુબળાં, લોહી વિનાનાં હોય છે કે જેમનું શરીર-વજન ૮૫ રતલથી પણ ઓછું હોય છે. આવા માણસો પોતાના શરીરનું વજન વધારવા માટે ઘણી ઘણી દવાઓ ખાય છે. પૌષ્ટિક પદાર્થો-ઘી-દુધની રેલમછેલ બોલાવવા છતાં નથી તો લોહી આવતું, નથી શક્તિ વધતી. તેવાં શરીરવાળા મનુષ્યોને લોહી વધારી શરીરને લાલ, ગુલાબી રંગનું બનાવવા માટે કેરીની મોસમ એ એક અપુર્વ

સાધન છે. કારણ કે કેરીના રસમાં લોહનાં તત્ત્વો બહુ મોટા પ્રમાણમાં છે અને શરીરમાંના લોહીને જ્યારે સ્વજાતીય પરમાણું મળે ત્યારે પુષ્ટિ અને વૃદ્ધિ પામે એ નિર્વિવાદ વાત છે. આપણા ગુજરાતમાં કહેવત છે કે કેરીનો જેટલો રસ તેટલું લોહી એ વાત અક્ષરશઃ સત્ય છે. અમે અમારા અનેક દરદીઓ ઉપર કેરી પુષ્કળ ખવરાવી, પ્રયોગ કરી, અજમાયેશથી આ વાત સિદ્ધ કરી છે. ૨૧ દિવસના પ્રયોગથી લગભગ દશ રતલ જેટલું વજન વધે છે અને ચહેરો લાલસુરેખ જેવો ભરાવદાર બને છે. સાથે આંતરડાં, હોજરી પણ સશક્ત અને ખૂબ મજબૂત બની જાય છે.

અજીર્ણ, બદહજમી, લીવર, બરોલ, આમાતિસાર, સંગ્રહણી, આંતરડાનો બગાડ, ગેસ થવો.

ઉપરના આઠ વ્યાધિઓ એક બીજાના ઉત્પાદકો છે અને એક બીજા સાથે સંકળાએલા છે. તે બધા વ્યાધિઓ કેરીના પ્રયોગથી બહુ જ આસાનીથી સારા થઇ જાય છે; કારણ કે કેરી લેવાથી અગાઉ જણાવ્યા પ્રમાણે પાચક યંત્રોને આરામ મળે છે અને તેને લઇ પાચક યંત્રો પોતાની અસલ સ્થિતિમાં આવી જાય છે. વિરૂદ્ધ આહારથી તેમના ઉપર જે બૂરી અસર થઇ હોય છે તે કેરીના રસના શીતળતાકારી રોપણ ગુણોને લઇને સારી સ્થિતિને પામે છે. એથી અપાન વાયુ સુધરે છે, ભૂખ ઉઘડે છે, દસ્ત પચીને આવે છે અને એ હિસાબે લીવર અને બરોલ પણ પોતાના મૂળ રૂપમાં આવી જઇ કામ કરવા લાગી જાય છે.

પ્રદર, તજાગરમી, પ્રમેહની ગરમી, આંખોની ગરમી, આંખોના ખીલ, સર્વાંગ ગરમી, મોઢામાં ચાંદી પડવી કે છાલાં પડવાં, મ્હોં આવી જવું.

આજના બધા ગરમીના રોગો નાના પ્રકારનાં પીણાં-ચહા, કાફી, કોકો, ચટણી, અથાણાં, પાપડ, મીઠાઇ, સેવમમરા આદિ ભુસાને

આભારી છે. એવા પદાર્થો ખાવાથી પ્રથમ આંતરડાંમાં ગરમી પેદા થાય છે અને પછી દરેક અંગમાં એક નહિ તો બીજા રૂપમાં પ્રગટે છે. તેવી ગરમી મટાડવા બહારના કે અંદરના ગમે તેવા ઉપાય કામે લગાડવામાં આવે પણ તે રોગોનું ઉત્પત્તિસ્થાન જ્યાંસુધી સુધરે નહિ ત્યાંસુધી ગરમીના ઉપરનાં વ્યાધિઓ મટતા નથી. કેરીના પ્રયોગથી આંતરડાં પોતાની ગરમી ત્યાગ કરી સારી અવસ્થા પ્રાપ્ત કરે છે, જેને લઇ બીજાં સ્થાનો આપોઆપ સુધરી જાય છે. કેરીના પ્રયોગથી બીજો ખોરાક મળતો હોતો નથી તેમ જ સાથે દવાની યોજના હોવાથી વર્ષો થયાં જે વ્યાધિ સતાવી રહ્યા હોય છે તે વ્યાધિ બહુ જ આસાનીથી સારા થાય છે.

પાયોરીયા

આયુર્વેદ શાસ્ત્રોમાં દંતપુય નામનો જે વ્યાધિ અને તેનું વર્ણન જોવામાં આવે છે તે આજનો પાયોરીયા રોગ છે. તે વ્યાધિમાં દાંતમાંથી પરૂ આવવા લાગે છે અથવા લોહી આવે છે; મોઢું બેસ્વાદ રહે છે, મોઢામાંથી સાધારણ દુર્ગંધ આવવા લાગે છે, ખોરાક હજમ થતો નથી, શરીરમાં નિર્બળતા આવવા લાગે છે. આ વ્યાધિ માટે દાક્તરો દાંત પડાવવાની માત્ર સલાહ આપે છે અને એ સલાહને માન્ય રાખી ઘણા લોકો જુવાનીમાં ઘડપણ વહોરી લે છે, છતાં એ પાયોરીયાનો વિનાશ થતો નથી. દેશી વૈદક પ્રમાણે પાયોરીયા એ સ્થાનિક વ્યાધિ નથી પણ આનુસંગિક વ્યાધિ છે. જ્યારે પ્રથમ હોજરી અને આંતરડાં બગડે છે અને તેમાં ગરબડ પેદા થાય છે, ત્યારે જ દાંતમાં આ જાતનો વ્યાધિ શરૂ થાય છે. કોઇ પણ દરદી દાંતનાં સ્થાનિક મંજનો અને એવા ગમે તેટલા ઉપાયો કામે લગાડે પણ જ્યાંસુધી આંતરડાંઓને અને પાચક યંત્રોને સુધારવામાં ન આવે ત્યાંસુધી દાંતની હાલત સુધરતી નથી.

પરંતુ માણસ જ્યારે બધા ખોરાકને બંધ કરીને માત્ર કેરી ઉપર રહે છે ત્યારે ઘણી જ ત્વરિત ગતિએ દાંતનો વ્યાધિ-પાયોરીયા સુધરી જાય છે અને આશ્ચર્યની માફક દાંતમાંથી આવતું લોહી ને પરૂ બંધ થઇ જાય છે અને કેરીના રસના સંસર્ગથી દાંતમાં થયેલા જંતુનો નાશ થઇ, દાંત સ્વચ્છ અને ચળકાટ મારતા બની જાય છે; તેમજ એ વ્યાધિને પોષણ આપનાર આંતરડાં તો સુધરી ગયાં હોવાના કારણે એ વ્યાધિ સદંતર માટે નાશ પામી ગયો હોય છે.

બ્લડ-પ્રેશર

આ વ્યાધિ પણ આજકાલ વધી પડેલો છે. લોહીનું દબાણ વધે છે અને તેને લઇને, હૃદયના થડકા પણ વધે છે; મગજ ઉપર લોહી જાય છે અને ક્યારેક દરદી બેભાન થઇ જાય છે.

આ વ્યાધિનું કારણ રક્તવાહિનીઓમાં મળનો સંચય અને હૃદયની કમજોરી ઉપર આધાર રાખે છે અને એ રક્તવાહિનીઓમાં મળસંચય પણ મળાશયમાં થતા મળાવરોધને આભારી છે. કેરી આ વ્યાધિ ઉપર બહુ સુંદર અસર કરે છે. કેરીના આહારથી પાચક યંત્રો ઉપર બિલકુલ પ્રતિકૂળ બોજો પડતો નથી. તેથી ધીમે ધીમે રક્તવાહિનીઓ સ્વચ્છ બને છે, હૃદય પૂર્વઅવસ્થા પ્રાપ્ત કરે છે અને દરદી સદા સર્વદા આ વ્યાધિથી મુક્ત થાય છે. તેમાં સાથે કેરીને મદદરૂપ ઔષધ લેવાનાં હોય છે.

જીર્ણજ્વર, ક્રોનિક મેલેરીયા, યાદશક્તિની ખામી, ચામડીના રોગ, રક્તવિકાર

મેલેરીયામાં કેરી અજબ કામ કરી આપે છે. કારણ કે મેલેરીયા એ આયુર્વેદનો પિત્તજ્વર છે અથવા વિષમજ્વર છે. જ્યારે પિત્ત વિકારને પામી શરીરની સપ્તધાતુમાં પ્રવેશ કરી ગયું હોય છે અને પછી દાકતરોએ કવીનાઇન જેવા-પરિણામે ઝેરી અસર નિપજાવનારા પદાર્થોથી તેનું પોષણ કર્યું હોય છે, તેમાંથી તેમને ક્રોનિક મેલેરીયા

નામનો વ્યાધિ જન્મે છે. તે વ્યાધિ માટે કેરી અજબ જેવું કામ કરી બતાવે છે. શરીરના અણુ અણુમાંથી પિત્ત અને પિત્તજ ગરમી ખેંચી કાઢી રક્તને સંપૂર્ણ શુદ્ધ બનાવી, તાજું અને તંદુરસ્ત બનાવે છે. એ માટે દર વર્ષે મેલેરીયા આવતો જ હોય તેવાઓને કેરીનો પ્રયોગ અત્યંત જરૂરી છે. તેમજ કેરીમાં ઉંચા કેલસ્યમો અને વીટામીન્સ–જીવનતત્ત્વો સમાયેલાં હોવાથી તે મગજને ભરી દઈ યાદશક્તિને વધારે છે અને કોઈ પણ કારણે આવેલી મગજની નિર્બળતાનો નાશ કરી નાંખે છે. લોહી કેરીથી શુદ્ધ થતું હોવાથી ચામડીના રોગો અને રક્તવિકાર પણ નાબુદ થાય છે.

કમળો, પિત્તપાન્ડુ

ઉપરના વ્યાધિમાં લોહી ફીકું પડી જાય છે, શરીર પીળું થઈ જાય છે, કારણ કે લોહી શુદ્ધ કરનારાં અને નવું લોહી બનાવનારાં યંત્રો કામ કરતાં હોતાં નથી, જેથી રજક પિત્ત પેદા થતું નથી. કેરીથી બહુ જ જલદીથી લોહી નવું બનવા લાગી જાય છે અને જોતજોતાંમાં શરીરનો રંગ બદલાઈ જઈ લાલ સુરેખ જેવો બને છે.

તદ્દન તંદુરસ્તી

ઉપરનો કોઈ પણ વ્યાધિ ન હોય પણ તદ્દન તંદુરસ્તી ભોગવનાર સ્ત્રી, પુરૂષ કે બાળકને પણ કેરીનો પ્રયોગ ઘણો જરૂરી છે. કેરીનો પ્રયોગ કરવાથી તેમનાં શરીર જીવનતત્ત્વવાળાં અને દીર્ઘાયુષી બને છે. ગુપ્ત રીતે શરીરની અંદર ભવિષ્યમાં રોગ ઉત્પન્ન કરનારાં પરમાણુઓનો જે સંચય થતો હોય છે તે કેરીના પ્રયોગ દરમ્યાન નાશ પામી શરીરયંત્રનો પસારો પુરાઈ જાય છે. અને વળી આ પ્રયોગ કરવાથી શરીરને કોઈ પણ જાતનું નુકસાન પહોંચતું નથી. બલ્કે શક્તિ, સ્ફુર્તિ, ઉત્સાહ અને યુવાની નવી જન્મે છે. ચૈતન્યના દીવડા પ્રગટે છે અને આપણે જાણે કોઈ નવી દુનિયાંમાં વિહાર કરતા હોઈએ એમ જણાય છે.

અમે આ પ્રકારના, કેરી ઉપર રાખીને વ્યાધિ મટાડવાના પ્રયોગો સેંકડો દરદી ઉપર કર્યા. અને ઘણાં વરસોની અજમાયેશ લીધા પછી, જાહેર પ્રજા આવા સુંદર, દીર્ઘજીવન બક્ષનારા, વિવિધ વ્યાધિહરણ કરનારા પ્રયોગ તરફ લક્ષ આપે, તો તેમને ઓછા ખરચે સહેલી રીતે વ્યાધિનિવારણ કરી શકાય એમ અમને લાગે છે.

અજમાયેશ તરીકે મેં આશો માસમાં 'નવરાત્રિમાં હરસ નિવારણ યજ્ઞ' એ નામે હરસનો વ્યાધિ મટાડવા માટે પ્રયોગ બહાર પાડયો. તેમાં હરસના દરદીને નવ દિવસ સુધી માત્ર સુરણ ઉપર રાખી હરસનો વ્યાધિ નાબૂદ કરવાની યોજના હતી. મારી પાસે ત્રણસો દરદીને થાય તેટલી દવા હતી, એટલે મેં એટલા જ દરદીઓ લેવાના છે એમ જાહેર કરેલું. મને ભરોસો નહોતો કે નવ દિવસ સુધી કેવળ સુરણ ઉપર રહી, મન મજબૂત બનાવનાર દરદી નીકળે; પણ મારા આશ્ચર્ય વચ્ચે માત્ર બે અઠવાડિયામાં ત્રણસો દરદી ભરાઇ ગયા અને વધારે દરદીની માગણી હોવા છતાં મારી પાસે દવા નહિ હોવાથી બીજે વર્ષે નવરાત્રિમાં પ્રયોગ કરવા માટે તેમને મારે લખવું પડયું.

એવી જ રીતે આ આમ્રપ્રયોગ માટે આંબાની સીઝન લગભગ વૈશાખ શુદમાં શરૂ થાય છે; જેથી '**વિવિધ વ્યાધિ નિવારણ યજ્ઞ–આમ્રપ્રયોગ**' એ પોતાના ઘેરબેઠાં સઘળાં સ્ત્રીપુરૂષો કરી શકે એવી ઇચ્છાએ યોજના કરી છે. અમારા અનુભવે જણાયું છે કે કેરી સાથે દવાની પણ એટલી જ જરૂર છે. જેથી મારા હાથે કેરીના પ્રયોગથી સારા થયેલા દરદીમાં વપરાયેલાં ઉત્તમ ઔષધોની પણ યોજના કરવામાં આવી છે. કેરી ઉપર કેટલા દિવસ રહે તો ઠીક એનો વિચાર કરતાં અમને બે હપતા ઠીક લાગ્યા. અગીયાર દિવસ અને એકવીસ દિવસ. જેમને લાંબો વખત ધીરજ ન રહી શકે એ શરૂઆતમાં અગીઆર દિવસનો પ્રયોગ શરૂ કરે અને એ દરમ્યાન ધીરજ જણાય અને ઠીક લાગે તો એકવીસ દિવસ સુધી લંબાવે,

અથવા ખાસ વ્યાધિવાળા દરદી એથી પણ વિશેષ દિવસ સુધી આ પ્રયોગ કરી શકે છે અને ઉત્તરોત્તર જેમ વધારે દિવસ કેરી ઉપર રહી શકે તેમ શરીર વધારે નિરોગી અને સ્વસ્થ બનતું જાય છે. છતાં અમે તો ૧૧ દિવસનો લઘુ અને ૨૧ દિવસનો બૃહત એમ બે પ્રયોગ રાખ્યા છે.

આર્દ્રા નક્ષત્ર બેઠા પછી આઠ દિવસ જાય છે એટલે કેરીના સ્વાદ અને ગુણમાં ફેરફાર થઇ જાય છે અને વરસાદની તૈયારીને કારણે તેમાં જીવાત પણ થઇ જાય છે. તેથી અમે પ્રયોગની શરૂઆત વૈશાખ શુદ ૧થી આશાડ સુદ ૫ સુધીની રાખી છે. તે બે મહિનાના ગાળામાં દરદી ગમે તે દિવસે દવા શરૂ કરીને ૧૧ કે ૨૧ દિવસનો પ્રયોગ કરી શકે છે. પણ એટલું ધ્યાન રાખવું ઘટે કે અમારી પાસે ત્રણસો દરદી પુરતી દવા તૈયાર થાય છે, એટલે જેમને પ્રયોગ કરવાની ઇચ્છા હોય તેમણે પોતાનું નામ નોંધાવીને દવા અને પ્રયોગ ઉપર રહેવાની રીતનું સાહિત્ય મેળવી લેવું.

પ્રયોગ માટે દેશી ગામઠી કેરી સારી છે. ઘણા ધનાઢ્ય માણસો હાફુસ, પાયરી, લંગડો, વાપરવા અમારી પાસે છુટ માગે છે; પણ અમને જે ગુણો દેશી કેરીમાં જણાયા છે તે બીજી કેરીમાં નથી. જેટલો જલદી ગામઠી કેરીનો રસ પચી જાય છે તેટલો અન્ય કેરીનો રસ કે કેરીના ટુકડા પચતા નથી. માટે કેરીનો પ્રયોગ કરવા ઇચ્છતા ભાઇએ કેરી દરરોજ તાજી મીઠી મળતી રહે તેવો બંદોબસ્ત અગાઉથી કરી રાખવો જોઇએ અને તે લગભગ પંદરથી વીશ રતલ દરરોજ સીલીકે હોવી જોઇએ.

કેરીનો પ્રયોગ કરવા ઇચ્છનાર ભાઇઓએ અમારી તરફથી તૈયાર કરવામાં આવેલ પ્રશ્નપત્ર મંગાવી, ભરી, તેની સાથે અમને અગિઆર દિવસનો પ્રયોગ કરનારે રૂ. ૩–૭–૦ અને ૨૧ દિવસોનો પ્રયોગ કરનારે રૂ. ૫–૧૧–૦ મનીઓરડરથી મોકલવા પડશે; અને એમનાં એ નાણાંમાંથી અનુક્રમે સાત આના અને અગિયાર આના તેમને

દવા મોકલવાના પારસલખરચમાં જશે. પાછળ બચેલી રકમ પેપરોમાં અને અન્ય જાહેરાતના ખર્ચમાં તથા ઔષધિના ખર્ચમાં જશે. આ રકમમાંથી નફો કરવાની અમારી બિલકુલ ઇચ્છા નથી.

ઉપર પ્રમાણે પ્રશ્નપત્ર અને મનીઓર્ડર અમને મળી ગયા પછી પ્રયોગ કરવાની રીત તથા દવા અમે પારસલથી મોકલી આપીશું અને ત્યારપછી પ્રયોગ શરૂ કરી શકાશે. પ્રયોગ દરમ્યાન સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું પડશે. કેરી સાથે ગાયનું દુધ, ભેંસનું દુધ, અથવા સારા દહીંનો મઠ્ઠો ઇચ્છા મુજબ લઇ શકાશે. કેરીનો રસ કાઢીને નહિ પણ ચૂસીને લેવો પડશે. કોઇ પણ પ્રસંગે રસ કાઢીને ખાવાની સખ્ત મનાઇ રહેશે. એ સઘળી હકીકત સૂચનાપત્રમાં મળશે. છતાં કેરી પેટ ભરીને જમી શકાશે.

જેનું મન નિર્બળ હોય અને જે કોઇ પણ કારણે કેવળ કેરી ઉપર ન જ રહી શકે તેને દિવસમાં બપોરે એક વખત ઘઉંની રોટલી લેવાની છુટ અપાશે. પણ આ છુટ અમારે નિરૂપાયે આપવી પડે છે. ખરી રીતે તો દરદીએ હિંમતથી માત્ર કેરી ને દુધ અથવા કેરી અને છાશ ઉપર જ રહેવું તે વધારે સારૂં છે. કેરી ઉપર રહેવાથી અશક્તિ આવતી નથી, દરરોજનું કામકાજ કે નોકરી કરી શકાય છે, તેની સાથે પાણી પીવાની છુટ રહે છે, માત્ર જ્યાં જ્યાં જવાનું કે રહેવાનું કે કામ કરવાનું હોય ત્યાં કેરી સાથે રાખવી પડે છે.

*** અગાઉ આ લેખ 'બહુરૂપી'માં પ્રગટ કરવામાં આવ્યો હતો. તેને આ ગ્રંથમાં પણ સમાવી લીધો છે. કેરીનો પ્રયોગ કરવા ઇચ્છનાર વાચક એ વિષયમાં જ્યારે કેરીની મોસમ હોય ત્યારે વધુ માહિતી મેળવવાને માટે મારી સાથે પત્રવ્યવહાર કરી શકે છે. સાચી અને પૂર્ણ નીરોગીતાની પ્રાપ્તિ માટે આમ્રપ્રયોગ સર્વોત્તમ, સુસ્સ, સરસ અને અકસીર છે, એમ હું અચૂકપણે માનું છું...

વૈદ્ય જા. ન. શાસ્ત્રી

卐

જાંબુ શા માટે ખાવાં ?

પ્રીત બે પ્રકારે થાય છે (૧) રૂપપ્રીત. (૨) ગુણપ્રીત. રૂપથ
થએલ પ્રીત વિનાશી છે, ગુણપ્રીત અવિનાશી છે. જ્યારે ગુણની
અસર આંતરિક મન ઉપર થાય છે ત્યારે તે કોઇ અવસ્થામાં ન
ભૂલી શકાય એવી હોય છે. આજના વિજ્ઞાનના જમાનામાં સમાજમ
શોધકબુદ્ધિ વધી છે. દરેકમાં ડીટેકિટવ તત્ત્વ દાખલ થતું જોવામ
આવે છે, એ મુજબ સાથે સાથે વ્યવહારમાં વપરાશમાં આવતી અને
ચીજો પ્રત્યે આપણી શોધકબુદ્ધિ તીવ્ર બને, જીજ્ઞાસાવૃત્તિ જાગૃત થાય
તો જાણવાની રૂચી પ્રગટે. દરેક વ્યક્તિ જો એટલું જ શાણપણે
સમજે કે આપણી દોડધામ, ધંધા, ઉદ્યોગ, પૈસા ટકા અને ચોવીસે
કલાકની સમગ્ર પ્રવૃત્તિ તંદુરસ્ત શરીરને જ આભારી છે, આપણે
ગમે તે હોઇએ પણ જ્યારે આપણું તન–મશીન અટકી પડે તેને
રીપેરીંગની ખાતર વૈદ્યો, હકીમ કે ડાકટર જેવા વિવિધ ઉપાધિએ
ધરાવતા શરીર–મશીનના એંજીનીયરોના હાથમાં સોંપતા પહેલાં એ
મશીન શા કારણથી અટકે છે તેની ડીટેકિટવ નજરે શોધ કરવ
તરફ જીજ્ઞાસા ઉદ્‌ભવે તો પછી ઘડી ઘડી અટકતું મશીન તેમાંથ
બચી જાય.

શરીરને નિભાવવા ખાતર–તેને સજીવ રાખવા ખાતર ખાસ ત્રણ વસ્તુ અગત્યનો ભાગ ભજવે છે. (૧) ખોરાક (૨) પાણી (૩) હવા. અને એ ત્રણમાં પણ ખોરાક ઉપર શરીરયંત્રનો મોટો આધાર છે. આપણે જે પદાર્થો કાંઇ ખોરાક તરીકે લઇએ છીએ તે આપણા દેશમાં સહેલાઇથી મળતા હોવાથી કે દેખાદેખીથી અગર રસાસ્વાદથી ખેંચાઇને જ. પણ દરેક ચીજમાં ગુપ્ત રીતે છુપાઇ રહેલા અલૌકિક ગુણની આપણને બધાને સમજ હોતી નથી અને તે ગુણ જાણવા માટે આપણે કોઇ વખત પ્રયત્ન સરખો પણ કર્યો નથી. ઉપયોગ કરાતી ચીજોનો જો યથાર્થ ગુણ આપના મન ઉપર દૃઢ અસર કરી રહ્યો હશે, અને જે વખતે આપ ગુણ સમજીને જે ચીજનો ઉપયોગ કરવા લાગશો, તે વખતે એ વસ્તુ આપના ઉપર જરૂર જુદા જ પ્રકારની અસર કરશે.

આપ આ લેખ 'બહુરૂપી'માં વાંચતા હશો એ જ વખતે જેની મોસમ ચાલુ છે એવા એક ખાદ્ય પદાર્થ–ફળ રૂપે આપની સામે શ્યામ રંગ ધારી તદ્દન સસ્તા ભાવથી વેચાઇ રહેલા જાંબુના નામથી તો ભાગ્યે જ કોઇ અજાણ હશે.

જાંબુ લગભગ બધા દેશમાં થાય છે, તેની ઓળખાણ આપી લેખ લંબાવવા અગર જુદા જુદા દેશમાં લેવાતાં તેનાં વિવિધ નામોની હારમાળા આપી વાચક બંધુનો સમય લેવા ઇચ્છતો નથી. માત્ર એટલું જણાવવું જોઇએ કે જાંબુ આ દેશમાં બે જાતનાં મળે છે અને થાય છે. નાની જાત અને મોટી જાત. મોટી જાતને કેટલીક જગ્યાએ રાજાંબુ પણ કહે છે. ખાવામાં સ્વાદની દૃષ્ટિએ અને સ્વરૂપની દૃષ્ટિએ એ મોટાં જાંબુ સારાં છે. છતાં ગુણમાં નાનાં જાંબુ વધારે સુંદર અને સગભડભર્યાં છે. જાંબુની મોસમ શરૂ થયા પછી આબાલવૃદ્ધ દરેક તેનો ઉપયોગ કરે છે. પરંતુ જો આપણને 'જાંબુ શા માટે ખાવાં ?' એમ પૂછવામાં આવે તો–ખાવામાં તે સ્વાદિષ્ટ લાગે છે તે માટે જ–એ સિવાય આપણે સાધારણ જનસમાજ

પાસેથી બીજા જવાબની આશા ન રાખી શકીએ; તો પછી આપણી જાંબુ પ્રત્યેની એ સ્વાદપ્રીતિ થઇ, પણ ગુણપ્રીતિ તો નહિ જ. હું આત્મપ્રશંસા કરવા નથી ઇચ્છતો, પણ મારો અગાઉનો 'ઉન્હાળો અને આંબો' એ લેખ 'બહુરૂપી'માં પ્રગટ થયો અને તેમાંથી અનેક પત્રકારોએ તેનો ઉતારો કર્યો, ત્યારપછી મને અનેક મિત્રોના સમાગમથી સૂચન થયું કે આવો લેખ તમે કેરીની સીઝનની શરૂઆતમાં લખ્યો હોત તો અમે કેરીના ગુણના પ્રેમથી તેનો પ્રયોગ કરત. એ પછી મને આત્મસંતોષ તો એ માટે થાય છે કે શારીરિક ઉન્નતિ માટે પણ અનેક વ્યક્તિઓ આવા લેખ પ્રત્યે પ્રેમ ધરાવે છે ખરી,

આયુર્વેદને આધારે જાંબુના ગુણ

રૂચીકારક, મધુર, સ્તંભક, ભારી, દોષશામક ઇત્યાદિ ગુણ જાંબુના જણાવ્યા છે; ત્યારે વિજ્ઞાન અને અનુભવથી સિદ્ધ થયેલ છે કે જાંબુ મધુમેહ, પથરી, લીવર, બરોલ, અને લોહીની અશુદ્ધિનો નાશ કરે છે, પેશાબની શુદ્ધિ કરે છે અને ખોરાકની સાથે દાખલ થયેલો હોજરી, આંતરડાં, મૂત્રાશય, અને અન્ય સ્થાનમાં જમા થયેલા માટી, કાંકરી, પથરીનાં પરમાણુઓને ગાળીને શરીર બહાર ધકેલે છે—એ ગુણોને આપણે વધારે સ્પષ્ટીકરણથી તપાસીએ.

મધુમેહ

પ્રમેહ જ્યારે જૂનો થાય છે ત્યારે અવશ્ય મધુમેહનું રૂપ ધારણ કરે છે. મધુમેહીને દિવસનાં અનેક વખત પેશાબ કરવા જવું પડે છે અને તેમને પેશાબ પણ મોટા પ્રમાણમાં આવે છે. એ પેશાબમાં ખાસ સાકરનો મોટો જથ્થો શરીરમાંથી બહાર જાય છે, અને દિવસે દિવસે શરીર ક્ષીણ થતું જાય છે. છતાં દરદી સાકર, ખાંડ કે સાકર–ખાંડના ગુણધર્મવાળા પદાર્થો સેવવા બંધ કરી શકતો નથી. તેને લઇ મધુમેહ જડ ઘાલી બેસે છે. તેમને માટે જાંબુ એ અપૂર્વ ઔષધ છે. જાંબુનો રસ શરીરમાં જઇ સીધી મૂત્રાશય ઉપર અસર કરે છે,

અને પહેલી તકે મૂત્રશુદ્ધિકરણ ક્રિયા શરૂ કરી દે છે તથા શરીરમાંથી જતી સાકરને બંધ કરી દે છે. તેમ જ શરીરમાંની વધારે પડતી સાકરને પોતાના રસ સાથે મેળવી દઇ રૂપાંતર કરી શરીરમાં પોષણના કામે લગાડે છે. તેની સાથે પોતાના સ્તંભક ગુણને લઇ વધુ પડતી હાજતને કબજે કરી પેશાબનું પ્રમાણ કમતી કરે છે. વળી જાંબુના ફળ ઉપરાંત તેના ઠળીયામાં મધુમેહને મટાડવાનો કોઇ અજબ અને ચમત્કારિક ગુણ રહ્યો છે. તે ઠળીયામાંથી બનતો અજબ ચમત્કારિક પ્રયોગ આ લેખને અંતે અમો બતાવી આપીશું.

પથરી

જાંબુમાં રહેલા એસીડનાં તત્ત્વો મૂત્રાશયમાં જમા થયેલી પથરી (અશ્મરી)ને ગાળી નાંખે છે. અમે આગળ જણાવી ગયા છીએ કે જાંબુની સીધી અસર મૂત્રાશય ઉપર થાય છે. તે મુજબ જાંબુનો રસ રૂપાંતર પામી મૂત્રાશયમાં જઇ છેદન-ભેદન ક્રિયા શરૂ કરી, પથરીને ગાળવા માંડે છે, અને તેનાં રજકણો ધીરે ધીરે બારીક બનાવી પેશાબની સાથે શરીરની બહાર ધકેલે છે તથા પથરીનું પ્રમાણ બહુ મોટું અગર લાંબા વખતનું નથી હોતું તો તે એકાદ મહિનાની જાંબુની સીઝનમાં હંમેશના જાંબુના સેવનથી જરૂર નાબૂદ કરી નાંખે છે. માટે પથરીના તાજા દરદી કે પથરી હશે એવી શંકા ધરાવતી વ્યક્તિને છૂટથી જાંબુનું સેવન કરવા વિનવીએ છીએ.

લીવર અને બરોલ

આ બે શરીરમાં બહુ જ અગત્યનાં અવયવો છે. ઘણી વાર મેલેરીયા જેવા વ્યાધિના હુમલાથી આ બન્ને અવયવો દુષિત થઈ પોતાના રૂપમાં અને કદમાં વૃદ્ધિ પામે છે, અને મેલેરીયા પછી દરેક દરદીઓનાં આ અવયવો થોડાં ઘણાં પણ દુષિત થયેલાં જોવામાં આવે છે. તેની સમયસર સંભાળ અને સારવાર થયેલી નથી હોતી તો પછી બન્ને અવયવ અથવા એકાદ એવું જ વૃદ્ધિ પામેલું અને હરહંમેશ દુઃખાવાની ફરિયાદ કરાવતું નજરે પડે છે, તથા એને માટે પાશ્ચિમાત્ય

શોધકો લીવર એક્ષ્ટ્રેક્ટ જેવાં અત્યંત મોંઘાં અને વિજાતીય દ્રવ્યે ઇન્જેક્શન દ્વારા શરીરમાં દાખલ કરી લીવર અને બરોલને મટાડવાની ઉમેદ રાખે છે. તેવા વ્યાધિમાં સસ્તાં, સ્વાદિષ્ટ અને અપૂર્વ ગુણશાળી ફળોનો અર્થાત્ જાંબુનો ઉપયોગ કરવામાં આવે તો કેવું મજાનું કાર્ય થાય?

પત્થર અને મૃતિકા વિદારણ

આપણા ખોરાકમાં વપરાતા આટાઓ મશીનમાં અથવા હાથથી ફરતી ઘંટીઓમાં પીસાય છે અને એ બન્ને રીતે પીસવાના કાર્યમાં પત્થરની ઘંટીનો ઉપયોગ થાય છે. ઘંટી–ચક્કી અનાજ પીસે છે સાથે પોતે પણ ઘસાય છે; અર્થાત્ આપણે જે આટામાંથી રોટલી પૂરી અને ભજીયાં અથવા બીજા પદાર્થો બનાવીએ છીએ. તે આટાના અંશેઅંશનું નિરીક્ષણ કરવામાં આવે તો પથ્થરના અમુક ટકા હંમેશ આપણા શરીરમાં ગએલા જણાશે અને તે સિવાય પણ—માટી, ધૂળ કાંકરા અનેક ખાદ્ય પદાર્થની સાથે સેળભેળ પામી હમેશાં શરીરમાં દાખલ થાય છે; તથા તે કુદરતી રીતે જ શરીરરૂપી મશીનમાંથી અમુક અંશે બહાર પણ નીકળી જાય છે, છતાં અમુક ટકા અંતરાવયવોમાં ભરાઇ પણ રહે છે અને રક્તવાહિનીઓમાં અંતરાય રૂપે દાખલ થાય છે. તે અવયવોને બગાડે છે પથરી પેદા કરે છે અને રક્ત–રસને અશુદ્ધ કરે છે. તે બધાંની શુદ્ધિ અર્થે અર્થાત્ મકાનમાંથી ઝાડી કાઢીને જેમ સફાઇ કરવામાં આવે તેમ જાંબુનો રસ આવા પદાર્થો ઝપાટાબંધ બહાર કાઢી નાંખવામાં એક મઝાના ઝાડુ સરખું કાર્ય કરે છે તથા જમા થયેલા કે હરકત કરતા આવા પદાર્થોની પાછળ પડે છે અને જ્યાં ત્યાં તેને સતાવી, છેદી, ભેદી, ધકેલીને રસ્તાઓ સાફ કરી મૂકે છે. નાનું બાળક દાંત આવવાની શરૂઆતથી જ પાંચ વરસનું થાય ત્યાંસુધીમાં તેને માટી ખાવાની બૂરી આદત તેના મા–બાપની બેદરકારીથી પડી જાય છે. હમેશની માટી ખાવાની આદતથી પેટ મોટું થવા લાગે છે, હાથ પગ ગળવા લાગે છે અ

ારીર પીળું પડી જાય છે. એ વખતે હાથમાં શીશી લઇ બાળકની ાતાઓ એ બિમારીથી મુક્ત કરવા વૈદ્ય ડાકટરોને ઘેર ધક્કા ખાવા ારૂ કરી દે છે. એક તરફ દવા શરૂ થાય છે, બીજી તરફ લાગ મળે ાળક પ્રેમથી માટીનો સદુપયોગ (!) ચાલુ રાખે છે. અને તેની બિમાર ાા લંબાય છે. તેવા સંજોગોમાં જે બાળકને આવી ટેવ પડી હોય ાથવા ટેવ મટી ગયા છતાં પણ પેટ મોટું રહી ગયું હોય, બાળકમાં ાવું લોહી ન ભરાતું હોય, તેવા બાળકને ધીમે ધીમે તે ખાઇ શકે અને ાને ભાવે તેટલાં પાકેલાં જાંબુને જરા મીઠાવાળાં કરીને ખવરાવે અને ાીઝન ખલાસ થતાં સુધી હમેશાં આપ્યા કરે તો તાત્કાલિક ફાયદો ાશે-પેટ તદ્દન નાનું થશે. અને પછી આશ્ચર્ય તો એ ઉપજે છે કે જાંબુ ાાનાર બાળક પોતાની મેળે જ માટી ખાવાની આદત ભૂલી જાય ાે અને તેની મૃતિકાભક્ષણ રૂચી બંધ થાય છે. વળી ખાવેલી માટીનો ાભાવ જાંબુ કેવી સુંદર રીતે નાબુદ કરે છે, તે જોઇ આપણને તેના ાણ પ્રત્યે શ્રદ્ધા પેદા થાય છે.

કતની શુદ્ધિ

આગળ કહેવાઇ ગયું કે જાંબુનો રસ લીવર, બરોલની વિક્રિયાને ાળી નાંખવાનું કામ કરે છે. શરીરમાંના રસમાંથી રકત બનાવવામાં ાન્ને અવયવો સંપૂર્ણ કામે લાગે છે; પણ જો તેઓ પોતે પોતાની ાંદુરસ્ત હાલતમાં હોય તો જ. તેઓને તંદુરસ્ત બનાવવા જાંબુ ાોતાની સઘળી તાકાત કામે લગાડે છે અને પૂર્ણ સ્વસ્થ થયેલાં ાે અવયવો નવું રક્ત બનાવવા લાગી જાય છે. તેને લઇ શરીર-ાાંના રક્તને નવા રક્તની મદદ મળવાથી આપોઆપ શુદ્ધિ થવા ાાગે છે.

ાાહામાં જુદી જુદી અસર

તમે કોઇ પણ ફળ જમશો પણ જાંબુની ચાલાકી તો તમને ાારત પમાડશે જ, દશેક જાંબુ જમ્યા પછી તમે તમારૂં મોઢું ાાયનાની અંદર તપાસો તો કાળાશ લેતો જાંબલી રંગ તમારી

આખી જીભ ઉપર, ગલોફામાં અને હોઠને બહુ મજબૂત રીતે લાગી ગયેલો જણાશે. ફળો પણ પોતાના રૂપ, ગુણ, ધર્મ જેવો બીજાને બનાવી નાંખવાની આદત ધરાવતાં હોય તેમ જણાશે, અને એ લાગેલો રંગ તત્કાળ દૂર કરવા ભલે ગમે તેટલા ઉપાયો કરો પરંતુ તે રંગ તેના ચોક્કસ ટાઇમ સિવાય જશે નહિ. રખે એ રંગ કાઢવા તમે પ્રયત્ન પણ કરતા. આ ફેશનેબલ જમાનામાં જાંબુ ખાધા પછી તમારૂં મુખ અંદરથી કોઇ જોઈ જશે અને મોઢામાં છવરાઇ રહેલી આછી ઘેરી કાલિમાથી શરમના શેરડા પડતા જણાય તો થોડા વખતને માટે તમારૂં મુખકમળ ખીલવતા નહિ પણ લાગેલા રંગનો તો આપોઆપ નાશ ન થાય ત્યાંસુધી તેનો નાશ કરવા પ્રયાસ તો ન કરશો. તે રંગ મુખમાં લાગીને શું કરે છે એ તમે જાણો છો ?

મોઢામાં થુંકને ઉત્પન્ન કરતા ગ્લાંડો જે તમતમા, વિદાહી, ગરમાગરમ પદાર્થોની હંમેશાંની ટેવથી બિચારા નિર્બળ થયેલા ને દાઝી રહેલા હોય છે તેને આ જાંબુની કાલિમા આચ્છાદિત થઇ, અગ્નિથી દાઝેલા ઉપર ઠંડા ઔષધનું પોતું જેવું કામ કરે છે, તેવી રીતે એ ગ્લાંડો ઉપર જાંબુનો આચ્છાદિત રંગ ઠંડક આપે છે, રૂઝવે છે—ઉશ્કેરાટને ઓછો કરે છે અને મૂળ સ્થિતિમાં લાવી મૂકે છે. એ દાંતના પારાઓમાં ઉંડે ઉંડે પેસી જઇ પાયોરીયાના કીટાણુઓનો ત્વરિત વિનાશ કરે છે, દાંત ઉપર લાગેલા દુષિત પદાર્થને ઉખેડી નાંખે છે, દુર્ગંધઉત્પાદક પદાર્થને હાંકી કાઢે છે—જીભ ઉપર રહેલા બારીક દાણાઓ અને અંકુરો ઉપર શીતળ આચ્છાદનથી શાંતિ આપે છે, જીભ ઉપરના મેલને—ચીકાશને ખેંચી લે છે—નિર્મળ બનાવે છે. ગળાના ચોરીયા ગરમીના હોય તો બેસારે છે. કંઠને નિર્મળ કરી આઘાતોથી બચાવી લે છે.

ત્યારે આપણે “ જાંબુ શા માટે ખાવાં ?” મધુમેહને મટાડવા, પથરીને નાબૂદ કરવા, લીવર બરોલને ગાળવા, પત્થર–મૃતિકાને વિદારવા, રક્તની શુદ્ધિ કરવા, મોઢાના અંદરના વિભાગને મદદ આપવા

માટે. આવું સચોટ જાણ્યા પછી પણ જાંબુ ખાવાથી રસાસ્વાદનો આનંદ તો તમારો જેમનો તેમ આબાદ રહેવાનો. પણ તમારી જાંબુ પ્રત્યે ગુણપ્રીત થવાથી અમારા અગાઉના કથન પ્રમાણે તેના ગુણનો નિશ્ચય દૃઢ થયા પછી જ એ વસ્તુ આપના ઉપર જરૂર જુદા પ્રકારની અસર કરશે.

આ કથનમાં શંકાને સ્થાન છે ખરૂં ? કોઇ પણ પદાર્થ ગુણ જાણવાથી જ તેની અસર કરે એમ હોય કે ? અજાણતાં પણ વિષ-ભક્ષણ કરવામાં આવે તો તેનો ગુણ શરીરમાં શું નહિ વ્યાપે ? પ્રતિઉત્તર રૂપે એટલું જણાવવું જોઇએ કે ગુણ જાણ્યા પછી, તમોને એ વસ્તુ મુકરર અવયવ ઉપર અમુક જાતની ચોક્કસ અસર કરે છે એવી દૃઢ શ્રદ્ધા બંધાયા પછી, તમારૂં તેમાંથી સંકલ્પબળ પ્રગટે છે અને એ સંકલ્પબળ (વિલપાવર) જરૂર સત્તાધીશ બની, જડ-ચૈતન્યને સ્વેચ્છાચરણ કરાવી શકે છે. વિચારને અંતે ઉદ્‌ભવતા સંક-લ્પબળની શકિત મામૂલી નથી હોતી. છેવટે જાંબુ નહિ ખાવા લાયક વ્યકિતની નોંધ કરી જાંબુના ઠળીઆમાંથી બનતો મધુમેહનો ચોક્કસ ફળદાયી નુસખો લખી આ લેખ પૂર્ણ કરીશું.

શરીરે સોજા આવ્યા હોય, રસકપુર, સોમલ જેવી દેશી દવાઓ ચાલુ હોય, સુવાવડમાંથી ઉઠયાં હોય, અત્યંત ઉપવાસી હોય, વમન થવાનો વ્યાધિ હોય, તેવાઓએ જાંબુ નહિ ખાવાં એ જ હિતકર છે.

પ્રયોગ બનાવટ—જાંબુના ઠળીઆનું ચુર્ણ તો. ૨૦, ગોખરૂ તો. ૨૦, બંગ ભસ્મ તો. ૨, લોહ ભસ્મ તો. ૧, રસસિંદુર તો. ০ાા, અભ્રક ભસ્મ તો ০ા પ્રથમની બંને ચીજોનું બારીક ચુર્ણ કરી બાકીની ચાર ચીજો તેમાં મેળવી બાર કલાક ખરલ કરવું. મધુમેહના દરદીએ દિવસમાં ત્રણ વખત બબ્બે વાલ મધ સાથે ચાટવું અને ખાંડ સાકર અને તેના ગુણધર્મવાળા પદાર્થની પરેજી કરવી.

卐

ભાદરવામાં ઘી—કેળાં

મનુષ્યોમાં જેમ જેમ બુદ્ધિનો વિકાસ થતો ગયો તેમ તેમ કુદરતી ચીજોને કૃત્રિમ બનાવી તેમના રસાસ્વાદને અણમોલો લ્હાવો લેવરાવવામાં વિવિધ પદાર્થોના યોગ કરી, વિવિધ વાનીઓ નીપજાવી, સ્વાદેન્દ્રિયને તૃપ્ત કરવા કમર કસી. એ સાથે મૂળ વસ્તુનો સ્વાદ અને વીટામીન્સનાં તત્ત્વો શરીરયંત્રને ઓછાં મળતાં થયાં ત્યારે જ અણચિંતવ્યા અજાણ્યા વ્યાધિઓએ સાર્વભૌમ સત્તા જમાવી અને મનુષ્યોને કુદકે અને ભુસકે પોતાના સપાટામાં લઇ મનુષ્યસંહારની બહુ ઉમદા રમત આદરી. છતાં આ અજ્ઞાનતાનાં પડળ ઉતારનાર ઉચ્ચ શ્રેણીનો સર્જક જગતને સાંપડયો નથી. એકેક અનાજ, એકેક વનસ્પતિ અને એકેક ફળ પોતાના રસ, ગુણ, વીર્ય વિપાકે પરિપૂર્ણ હોય છે અને કુદરતે તેને જે કાર્ય માટે સરજેલ છે તેનો યુક્તિપૂર્વક ઉપભોગ કરવામાં આવે તો અવશ્ય પોતે પોતાનો સ્વભાવ અને સત્તા ઉપભોગ કરનારના શરીર ઉપર અજમાવે છે, અસ્તુ.

કેળ એવી એક અપૂર્વ અને ઉમદા વસ્તુ છે અને એ રંભા ગર્ભવતી બની એવા સમયે ફળ આપે છે કે જગતને તેની તે વખતે સંપૂર્ણ આવશ્યકતા અને જરૂર હોય છે. જ્યારે વર્ષાનાં નીર નિર્મળ બની શાંત બન્યાં હોય છે, આકાશમાં મેઘરાજા પોતાના નિરાકાર સ્વરૂપ (વાદળાં) ને સંકેલી ભાનુરાજનાં તીવ્ર કિરણોને પૃથ્વી પર પ્રસરવા દે છે, જગતનાં મનુષ્યોનાં શરીરોમાં વાયુ શાંત બની પિત્તની વિકૃતિ પેદા થાય છે, અર્થાત્ મેલેરીયાના મહારથી જંતુઓ જીવ પ્રાણીને સતાવવા મોરચા માંડે છે, ત્યારે જ આપણી કેળ–કદળી–રંભા ફળવતી બને છે, અને પછી તે વેળાએ વિપુલ પ્રમાણમાં એ ઉમદા ફળની ભૂતળને ભેટ ધરે છે.

કેળ હિન્દુસ્તાનનું વૃક્ષ છે કે બહારનું તે કલ્પી શકાય તેમ નથી. પુરાણકાળથી તેનો ઉપભોગ ફલાહાર તરીકે અને દેવના નૈવદ્ય તરીકે થતો આવ્યો છે. સ્કંદ પુરાણના રેવાખંડમાં સત્યનારાયણ પ્રભુને પ્રસાદ ધરાવવાની ગણતરીમાં રંભાફળ સહુથી આગળ મૂકવામાં આવેલ છે. અને આજ પણ એ પ્રભુના ઉપાસકો સત્યનારાયણની કથા પ્રસંગે પ્રથમ રંભાફળની શોધ કરે છે. આયુર્વેદના નીઘંટુંઓમાં અને વનસ્પતિશાસ્ત્રમાં કદળીનું વર્ણન અને ઉપયોગ મળી આવે છે. દરેક દેશમાં કેળ થાય છે. જુદી જુદી જમીનને લઈને તેની ફળરુપતામાં અને મીઠાશમાં ફેર પડે છે. લાલ, એલચી, સોનેરી, કોકણી, પીળા, અને લીલાં એમ કેળાંની અનેક જાતો છે. પરંતુ ખાવામાં ઉત્તમ, સ્વાદમાં ઉત્તમ અને મોસમમાં ઉત્તમ લીલી છાલનાં કેળાં છે. હાલમાં જેની મોસમ છે તેનો ગોમાંતક, કર્ણાટક અને વસઈ પ્રાંતમાં મોટો પાક થાય છે, તેમ જ બીજા પ્રદેશોમાં પણ થોડોઘણો પાક થાય છે અને બજારમાં ઘણાં સસ્તાં વેચાય છે. અમદાવાદમાં તો અત્યારે રેલ્વે ઉપરથી ઉતરતાં કેળાં જુઓ તો કુદરતની લીલાનો કેવો ખ્યાલ આવે! એકાદ કેળ ઉપર લાગેલાં બસો

ચાંચસો પુષ્ટ કેળાંના ભારે લચી રહેલી રંભાને, નિરખો તો તમને યાદ આવે કે

नमन्ति फलीनो वृक्षा, नमन्ति गुणीनों जनाः।
शुष्क काष्टं च मूर्खं च, न नमन्ति कदाचन ॥

અર્થાત્-'ફળવાળાં વૃક્ષો અને સદ્‌ગુણી મનુષ્યો હમેશાં નમે છે—નમ્ર રહે છે. સૂકું કાષ્ટ અને મૂર્ખ હમેશાં અક્કડ હોય છે.

કેળનું પ્રત્યેક અંગ ઔષધના કામમાં આવે છે. કેળમાંથી નિકળતો ક્ષાર કદળીક્ષાર તરીકે વૈદ્ય હમેશાં વાપરે છે અને તે ઘણું સારૂં કામ આપે છે. પરંતુ આ જગ્યાએ કેળા માટે જ લખવાનું હોઈ કેળનાં બીજાં અંગોનું વિશેષ વર્ણન નહિ કરતાં મૂળ વિષય ઉપર આવીએ.

લીલી છાલનાં કેળાં—(આયુર્વેદની દૃષ્ટિએ)

બળકર, તુરાં, મધુર, ગુરૂ, શીત, વૃષ્ય, શુક્રવર્ધક છે, તેમ જ માંસ, કાન્તિ, રૂચીને વધારનાર, તૃષા, ગ્લાની, પિત્ત, રક્તવિકાર, મેહ, ક્ષુધા તથા નેત્રરોગનો નાશ કરે છે. અનુભવથી એ સિદ્ધ થયું છે કે કેળાં એ એક અત્યંત સ્વાદિષ્ટ, તૃપ્તિકારક, ઉમદો અને સસ્તો મેવો છે અને શરીર ઉપર તે બહુ ઉમદા અસર નીપજાવે છે.

કેળાં કેમ ખાવાં?—જેને જેમ ફાવે તેમ તે કેળાં ખાય છે, અને કેટલાક તો એકી વખતે પોતાની શક્તિનો વિચાર કર્યા સિવાય બે ચાર કેળાં ઉપાડી જાય છે. તેનું પરિણામ શરદી, સળેખમ, કે તાવના રૂપમાં ભોગવવું પડે છે. પોતાની અવિચારી રીતનો દોષ પછી કેળાં ઉપર મુકાય છે. ખાસ કફ પ્રકૃતિવાળા અને કફના વ્યાધિવાળાને બાદ કરીએ તો કેળાં દરેકને માફક આવે છે. તેમાંય પિત્ત પ્રકૃતિવાળા મનુષ્યોએ અને પિત્તની મોસમ ભાદરવામાં તો કેળા અવશ્ય ખાવાં જ જોઈએ. તેઓએ ડબલ રોટી ને પાંઉ, ચટપટો ચેવડો, ખુશબોદાર

જમણ, ભાત ભાતનું ભુંસું અવારનવાર આરોગ્યું હશે. પરંતુ અમારી સલાહ પ્રમાણે તમો તમારે આંગણે જ પેદા થતા ઉમદા આ ફળને અપનાવો અને તેના અલૌકિક ગુણની અજમાયશ કરો.

ફળ તરીકે—સવારમાં નાજુક પ્રકૃતિવાળી દરેક વ્યક્તિએ દાતણ-પાણી અથવા ચાહપાણી કર્યા પછી અરધું કેળું જે પાકીને બરાબર નરમ થઇ ગયું હોય અને લીલી છાલ ઉપર સાધારણ કાળાશ આવી ગઇ હોય તેવું લઇ, ધીમે ધીમે પાવલી પાવલીભાર દાંતથી ટુકડા કરી, ચાવતા જવું. સાથે 'હું જે આહાર લઇ રહ્યો છું તે કેવળ અમૃત છે અને મારા શરીરના અણું અણુંમાં તે અમૃતમય કાર્ય કરી સપ્ત ધાતુને પુષ્ટિ આપશે.' એવો સંકલ્પ કરતા જવું, નાના બાળકો જેટલા આનંદથી અને નિર્વિકારીપણે ખેલતાં ખેલતાં ફળાહાર કરે છે તેટલી જ નિર્વિકારી ભાવના સહીત આરોગો. તેની ઉપર તાજા ખાટા લીંબુની એક ફડાસ ચૂસી જાઓ. એ ઉપર બીજો કોઇ પણ જાતનો સવારનો નાસ્તો લેશો નહિ. મજબૂત અને પ્રદીપ્ત જઠરવાળાને આખું કેળું લેવાની છૂટ છે.

કેળાં અને લીંબુનો યોગ અમૃતિકરણ યોગ છે. કેળાને પચાવવામાં લીંબુનો રસ ચોક્કસ મદદ કરે છે. કેળાના ગુરૂત્વને લીંબુનો રસ લઘુત્વમાં બદલે છે. કેળાં પિત્તઘ્ન છે, લીંબુ પિત્તશામક છે. એ બેના યોગે એક ત્રીજું તત્ત્વ-પદાર્થ પેદા થાય છે અને એ મનુષ્ય શરીરના સંચાના ઘસારાને પહોંચી વળે છે.

ભોજનમાં—કેળાં રોટલીનું જમણ બહુ ઉમદા જમણ છે, પરંતુ શરીરની પ્રકૃતિ અને સમયનો વિચાર કરી રોટલી સાથે કેળાં લેવાં ખોટાં નથી. દરેક આહારમાં મિતાહારી થવું જેમ વધારે ઠીક છે, તેમ કેળાં રોટલીમાં પણ ઇચ્છાથી અરધું જમાય તો જ જલદી પચે અને બીજા દિવસે જઠર નિયમિતપણે ખોરાકનો બોજો લેવા તૈયાર થાય. પરંતુ એક સાઇકલ ઉપર ત્રણ જણા બેસી

સાઇકલ ચલાવવાથી જે પરિણામ આવે તે જ પરિણામ પેટભર કેળાં રોટલી જમનારને ભોગવવું પડે. તેમાં પણ કેળાં પચવાની ચાવી છે.

રોટલી સાથે કેળાં લ્યો. તેને ખૂબ છુંદી, અંદર સાકર કે ખાંડ ન નાંખો, અથવા બહુ જ ઓછી નાંખો. ઘી બને તેટલું વધારે નાંખો. જેટલું ઘી વધારે હશે તેટલાં જ કેળાં જલદી પચશે. કેળાં પચવામાં ઘી ઘણી મદદ કરે છે. કેળાં ભારે અને ઘી પણ ભારે, તે કેમ પચે? એવી શંકા રખે કરતા, કેળાં પચવામાં ઘીની જરૂર છે એ અનુભવસિદ્ધ વાત છે, માટે જો તમને મળે તો ઉડાવો. ' ઘી–કેળાં. '

બીજી રીતે કેળાંને છુંદી, એક કેળામાં એક લીંબુનો રસ નીચોવી, તેને સેળભેળ કરી રોટલી સાથે જમવાનું છે. પરંતુ તમને કેળામાં સાકર–ઘી નાંખી, જમવાની ટેવ હશે તો લીંબુના રસ સાથેનું કેળાનું મિશ્રણ જુદા પ્રકારનો સ્વાદ આપશે. તે તમને ગમવો જોઇએ. તો પછી પહેલી રીત કરતાં આ બીજી રીત જ તમે વધારે પસંદ કરશો.

બપોરના રોટલી સાથે કેળાં લીધાં હોય તો રાત્રે ન જમો તો વધારે સારૂં, અને બીજે દિવસે એટલે ચોવીસ કલાકે ફરી પણ તમે રોટલી સાથે કેળાં લઇ શકશો અને એ રીતે લેવાથી દરરોજ માપસરનાં કેળાં તમને હજમ થશે તેમ તેમ તમારા વજનમાં વધારો થશે, આંખોમાં અમી આવશે, પિત્તની શાન્તિ થશે, પેશાબની ગરમી ઓછી થશે, મગજ તર રહેશે અને શરીર સુદૃઢ બનશે. ઉપરની રીત પ્રમાણે તમો દીવાળીના પરોઢીયા સુધી અથવા ગુલાબી ઠંડી શરૂ થાય ત્યાંસુધી કેળાં લઇ શકશો. સાથે લીંબુ અને એલચીનું ચુર્ણ લેવું રખે ભૂલતા. કેરીનું સુંઠ અને કેળાનું એલચી મારણ છે તે આપના ખ્યાલ બહાર નહિ જ હોય.

ખાવામાં કેળાં ચાલતાં હોય ત્યારે કોઇ પણ મિષ્ટાન્ન જમો નહિ; જમવાની ઇચ્છા પણ નહિ થાય. કારણ કે કેળાં પોતે જ બહુ મિષ્ટ છે. એથી મિષ્ટ પદાર્થની આલોચના આપોઆપ બંધ થાય છે.

ઔષધ તરીકે—ઔષધ તરીકે સ્વતંત્ર કેળાંનો ઉપયોગ બહુ ઓછો થાય છે. પરંતુ મને એક હસ્તલિખિત પુસ્તકમાં એકાદ બે પ્રયોગ મળી આવેલા અને તે અનુભવતાં ઉમદા માલૂમ પડેલા તે અત્રે જણાવું છું :

(૧) પ્રદરવાળી સ્ત્રી અને પ્રમેહવાળા પુરૂષો માટે ખાસ—કેળાંને ફોલી તેના આખા ગરને બાવળના ગુંદરનો ભુકો, એલચીનું ચુર્ણ અને સાચા વાંસકપુરનો ભુકો એ ત્રણેમાં રગદોળી રાત્રે ચાંદનીમાં એવી રીતે ખુલ્લું મૂકવું કે તેને કોઈ પણ પ્રાણી રાતના ઓટી કે ચાટી જાય નહિ. સવારમાં ચાંદનીમાં મૂકેલું ઉપરનું કેળું સદરહુ દરદીએ ખાઇ જવું. તેલ, મરચું, ખટાઇની પરેજી પાળવી એવી રીતે સાત દિવસનો પ્રયોગ કરવો. એથી શ્વેત પ્રદરવાળી સ્ત્રીઓ જેમને ધાતુ જવાનો રોગ હોય છે તેમ જ ઓટી ગરમી હોય છે તેઓને સાત જ દિવસમાં પૂર્ણ લાભ થાય છે. તેમ જ પ્રમેહવાળાને પણ ઘણો સારો લાભ થતો અનુભવ્યો છે.

(૨) એવી જ રીતે બાળક ઉમરલાયક થવા છતાં પથારીમાં રાતના પેશાબ કરી જતાં હોય તેમને કેળાના ગરને કાળા તલ, આસંધ અને ગોખરૂનું સમાન ભાગે ચુર્ણ કરી, તે ચુર્ણમાં રગદોળી, રાતના ચાંદનીમાં મૂકી સવારે એ વ્યાધિવાળા બાળકને ખવરાવવું. સાત દિવસના પ્રયોગથી અવશ્ય લાભ થશે.

(૩) **સ્વપ્નદોષ**—વીર્યના પાતળા પડી જવાથી જેને રાતના નિદ્રામાં સ્વપ્નદોષ થતો હોય તેમણે મુસળી, રૂમીમસ્તકી અને કૌંચાનું બારીક ચુર્ણમાં કેળાના ગરને રગદોળી, રાત્રે ચાંદનીમાં મૂકી, સવારમાં ખાઇ જવું. એ રીતે પંદર દિવસ પ્રયોગ ચાલુ રાખવો.

ઉપરનો પ્રયોગ કરનારે બ્રહ્મચર્ય પાળવું, કુપથ્ય તજવું અને મિતાહારી થવું, જેથી પ્રયોગ અવશ્ય લાભ કરશે. ઇત્યોમ્

卐

શિયાળો અને વિધવિધ પાકો

'શ્રીમંતનો શિયાળો શિયાળો' એમ લોકોક્તિ ચાલુ છે, તેમાં તથ્યાંશ જરૂર છે. કારણ કે શિયાળામાં પડતી દારૂણ ઠંડીના અંગે શરીરના આચ્છાદાન માટે ઉનનાં ગરમ કપડાં, પથારી માટે પણ ઓઢવા પાથરવાનું પૂરતું સાધન, મકાન પુરતા બંદોબસ્તવાળું, હીમજીભાઇ (હીમ) પડવાની સંભાવના હોય ત્યારે ચાલુ ગરમી રાખવા માટે તાપ–સગડીઓ, ખાવામાં ગરમાગરમ પદાર્થ–સુંઠ, મરી, તુલસી, ફુદીનાની ચા, આ બધામાં શ્રીમંતાઇ અગર સાધનસંપન્નતા હોય તો જ ઉપરના લાભો લઇ શકાય છે અને શરીરસંરક્ષણ મઝેનું થઇ શકે છે.

વૈદકશાસ્ત્ર બતાવે છે કે દરેક ઋતુ કરતાં શીતકાળમાં એટલે શિયાળામાં જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, શક્તિનો સંચય કરાય છે, શરીરને પુષ્ટ કરનારા પદાર્થો એટલે ઘી, દૂધ, મલાઇ, માખણ વગેરે વિશેષ પચે છે. તેને લઇ ઘણા જૂના વખતથી શિયાળામાં ખાસ કાંઇક ખાવું એવી ભાવના પ્રગટે છે અને સ્ત્રી પુરૂષો વિવિધ વાનીઓ બનાવી ખાય છે. તેમાં ખાસ મુખ્યત્વે, ગુજરાત ખાતે અડદીઓપાક, સાલમપાક, બદામપાક વગેરે પાકો શક્તિ મેળવવા માટે; જ્યારે વ્યાધિના અંગે વા આવતો હોય તો મેથીપાક, શરીર ઝલાઇ જાય તો અશેળીયો વાળો, સ્ત્રીઓના ગુપ્ત રોગો માટે ચીમેડ વાળો, સુવાવડમાંથી ઉઠયાં હોય તો સુંઠ વાળો, કાં ગુંદ વાળો–આ બધીએ બનાવટોમાં જેટલી સ્ત્રીઓ માટેની છે તે વૃદ્ધ ડોસીઓની કલ્પનાથી પ્રચલિત છે, બીજી કેટલીક વૈદ્યોએ કરી આપેલા ઉતારામાંથી ચાલૂ થઇ છે, જ્યારે કેટલીક બનાવટો પોતાની બુદ્ધિથી પાકમાં ચીજો વધારે

ઓછી નાંખીને તૈયાર કરી ખાય છે. પરંતુ તેમાં પદ્ધતિ સચવાઇ હોતી નથી; જેને લઇ શરીર ઉપર જોઇએ તેવી અસર થતી નથી,

તેમ જ દરેક શહેરમાં કંદોઇ લોકો પાક બનાવી શિયાળામાં વેચતા જણાય છે, અને તેમાં ખાસ કરીને મોટા ભાગે વેપારી દૃષ્ટિએ બનેલા પાકો દેખાવમાં તો એવા સુંદર જણાય છે કે લેનારને ઉપલક નજરે પહેલી તકે લેવાનું મન થઇ જાય. પાકના ઉપરના ભાગમાં પા ઇંચ જેટલો ઘીનો થર, ઉપર બદામ, પીસ્તા, ચારોલીનો છંટકાવ અને એથીયે આગળ વધીને ચાંદી ને સોનાના વરખ છાંટી યુક્તિવાળી સજાવટ કરી હોય છે. પરંતુ ઉપરના જેટલો માલ પાકની અંદર હોતો નથી એવો અમારો ખાસ અનુભવ છે. માટે શક્તિ અને પુષ્ટિ મેળવવા ઇચ્છતાં ભાઇ–બહેનો પોતાના આંગણે ઉત્તમ પાક બનાવે અથવા અમે આપીશું એ પાક પ્રમાણે જ બીજા પાસે બનાવરાવી શિયાળામાં ખાય એવી શુભ ભાવનાથી આ લેખ લખવા ઇચ્છા થઇ છે.

આયુર્વેદના સંગ્રહમાં સેંકડો પાકો ભર્યા છે. તેના ઉતારા અત્રે કરવામાં વિશાળ સ્થાન રોકવું પડે, એટલે તેના અભાવે તેમ નહિ કરતાં ઉત્તમ નિવડેલા અમારા અનુભવસિદ્ધ, સરસ લાગેલા અને અમે અમારા શરીર ઉપર તથા કુટુંબ અને ઇષ્ટમિત્રો ઉપર ઉપયોગ કરેલા એવા ખાસ ચારેક પાકે જુદા જુદા શરીરસ્થાનની પુષ્ટતા આપતી સમજણ સાથે અત્રે આપીશું. તેનો જાહેર પ્રજા છુટથી બનાવી ઉપયોગ કરે એમ અમે ઇચ્છીએ છીએ.

(૧) બદામપાક (૨) વિજયાપાક (૩) ગોખરૂપાક (૪) ગુંદરપાક. ઉપરના ચારે પાક જુદી જુદી પ્રકૃતિની વ્યકિતઓને અનુકૂળ આવે છે, તેમ જ જુદી જુદી જાતની શારીરિક નિર્બળતા અનુભવતાં સ્ત્રી, પુરૂષ, બાળક અને વૃદ્ધના વર્ગીકરણથી આપેલા છે અને તે સહેલાઇથી સમજી શકાય એ માટે લખાણમાં, સંગ્રહ, બનાવટ, ગુણ, ઉપયોગ, નોંધ, એમ વ્યવસ્થાપૂર્વક લખવાથી, સાધારણ જનતામાં ગુંચવાડો ઉભો ન થાય એ રીતે સ્પષ્ટતાથી આ નીચે બતાવ્યા છે :

[૧] બદામપાક

સંગ્રહ–બદામ શેર ૨, કેશર તો. ૨, એલચી તો. ૫, કવચાં તો. ૫, એખરો તો. ૨, ગોખરૂ તો. ૫, શીંગોડા તો. ૫, દુધીનો મગજ તો. ૫, તરબુચનો મગજ તો. ૫, કમળકાકડીનો મગજ તો. ૫, સુંઠ તો. ૨, પીપર તો. ૨, લવીંગ તો. ૨, જાયફળ તો. ૧, તજ તો. ૧, જાવંત્રી તો. ૧, અક્કલકરો તો. ૧, આહન તો. ૨, શતાવરી તો. ૨, બળબીજ તો. ૨, ગાય અથવા ભેંશના દુધનો માવો શેર ૫, સાકર શેર ૫, ઘી શેર ૪, (બંગભસ્મ તો ૧, અભ્રક તો. ૧, રૂપાના વરખ નંગ ૫૦, સોનાના વરખ નં ૫૦).

બનાવટ–બદામને થોડા ગરમ પાણીમાં પલાળી, ફોતરાં ઉતારી, બારીક વાટવી અને ઘીમાં લાલ થાય ત્યાંસુધી સાંતળવી. તેની સાથે દુધીનો મગજ અને તરબુચનો મગજ પણ સાંતળવો; તેમ જ દુધના માવાને ઘીમાં શેકી લેવો. એ સિવાયનાં (ભસ્મો જુદી રાખવી) વસાણું બારીક ખાંડી, ઝીણી ચારણીથી ચાળી અલગ રાખવાં.

બાદ સાકરની ચાસણી કરી તેમાં માવો, બદામ, મસાલો, વગેરે મેળવી, તાસમાં ઠારી નાંખવું. ઠારતાં પહેલાં ભસ્મો તાસમાં નાંખી દેવી અને વરખ પણ અંદર નાંખવા. જરા ઠરે એટલે ચપ્પુથી નાના ટુકડા પાડવા.

પ્રમાણ–પાંચથી દશ તોલા સવારમાં ખાવો અને જેમ બને તેમ ધીમે ધીમે ચાવીને ખાવો. ઉપર ઇચ્છા મુજબ દુધ પીવું.

ઉપયોગ (ગુણ)

મગજ ખાલી હોય તે ભરે છે, યાદશક્તિ વધારે, શરીરના વજનમાં વધારો થાય, મગજશક્તિને તરે બનાવે, બાળક, વકીલ, વિદ્યાર્થી અને રાત દિવસ મગજ ખરચનાર વ્યક્તિએ અવશ્ય આ પાક ખાવો જોઇએ. આંખની નબળાઇ, મગજના દુઃખાવાવાળા,

પિત્ત પ્રકૃતિ અને ઉષ્ણુ સ્વભાવના માટે આ પાક ઉત્તમ છે. તેમ કટી ભાગથી ઉપરના પ્રદેશના વ્યાધિવાળા આ પાકનો છુટથી ઉપયોગ કરે.

નોંધ—ચાલુ ખોરાકમાંથી અથાણાં, બહુ તીખા પદાર્થો અને વાલ, વટાણા, ભજીયાં, પાતરાં બંધ કરવાં; તેમ જ સવારે પાક ખાધા પછી બરાબર ભૂખ લાગે ત્યારે જ બીજો ખોરાક લેવો.

(૨) વિજયાપાક (ભાંગ)

સંગ્રહ: ભાંગ (વિજયા) તો. ૨૦, સુંઠ તો. ૨, મરી તો. ૨, પીંપર તો. ૨, લવીંગ તો. ૨, એલચી તો. ૨, અક્કલકરો તો. ૨, જાયફળ તો. ૨, જાવંત્રી તો. ૨, આહન તો. ૨, સાટોડીનાં મૂળ તો. ૨, કવચાં તો. ૨, બળબીજ તો. ૨, દુધીનો મગજ તો. ૫, બદામ તો. ૫, દૂધ શેર ૧૦, ઘી શેર ૨, સાકર શેર ૫, (બંગભસ્મ તો. ૨, રસસિંદુર તો. ૧)

બનાવટ—પ્રથમ ભાંગને ગરમ પાણીથી દશ વખત ધોઇ, પાણી કાઢી નાંખવું. પછી તે ભાંગને દશ શેર દૂધમાં નાંખી ચુલે ચઢાવી માવો કાઢવો. તે માવાને ઘીમાં સાંતળી નાંખવો, તેમ જ બદામ અને દૂધીના મગજને વાટી ઘીમાં સાંતળવા. સાકરની ચાસણી કરી તેમાં બીજાં વસાણાં ખાંડી નાંખવાં. તેમાં માવો નાંખી, પછી ઉપરથી ભસ્મો નાંખી તાસમાં ઠારવું.

પ્રમાણ—અઢીથી પાંચ તોલા ખાઇ ઉપર સાકર એલચી નાંખેલું દૂધ પીવું.

ઉપયોગ (ગુણ)—ધાતુ પુષ્ટ થાય, જતી ધાતુ અટકે, સ્વપ્નદોષ મટે, ભૂખ લગાડે, કામશકિત જાગૃત કરે, સ્ત્રીસંગમાં ટકાવ થાય, સ્ત્રીઓના પ્રદર અને પુરૂષના પ્રમેહમાં ફાયદો કરે, લોહી માંસ વધારે, કામ કરવામાં કંટાળો અને જીંદગીની હતાશ વૃત્તિને બદલી ઉત્સાહ, આનંદ, સ્ફુર્તિ આપનાર અલૌકિક ચીજ છે. પાક ખાધા પછી મગજ એવું ખુશનમા

બને છે કે એરોપ્લેનમાં ઉડવાનું મન થાય તેવું ઉત્સાહિત રહે છે. એ ઉપરાંત શ્વાસ, નપુંસકતા, અને અતિ સ્ત્રીસંગથી આવેલી નિર્બળતામાં ઉત્તમ કામ આપે છે.

નોંધ: આંબલીની ખટાશ અને લીંબુ, કેરીનાં અથાણાં, પાક ચાલતો હોય તે દરમ્યાન બંધ રાખવાં. બની શકે તેમણે બ્રહ્મચર્ય પાળવું.

૩ કૌંચાં પાક

સંગ્રહ: કૌંચાને ફોડી તેનાં બીજ શેર ૨, અક્કલકરો તો. ૨, લવીંગ તો. ૨, સુંઠ તો. ૨, ગોખરૂ તો. ૨, અજમો તો. ૨, મોથ તો. ૨, તજ તો. ૨, તમાલપત્ર તો. ૨, એલચી તો. ૨, નાગકેસર તો. ૨, ચીનીકબાબા તો. ૨, વાંસકપુર તો. ૨, બળબીજ તો. ૨, આહન તો. ૧૦, શતાવરી તો. ૨, ધોળી મુસળી તો. ૨, ભોંયકોળું તો. ૨, કેશર તો. ૧, દૂધ શેર ૨૦, ઘી શેર ૨ા, સાકર શેર ૫, (રસસિંદુર તો. ૧, બંગભસ્મ તો. ૧, અભ્રકભસ્મ તો. ૧, ચાંદીના વરખ નં. ૧૦૦)

બનાવટ–કૌંચાનાં બીજને ખાંડી, દૂધમાં નાંખી, તેનો માવો કરીને ઘીમાં સાંતળી કાઢવો. કેશર અને ભસ્મો સિવાયનાં વસાણાં ખાંડી કાઢવાં. બાદ સાકરની ચાસણી કરી, માવો મેળવી. વસાણાં નાંખીને ઉપર ભસ્મો અને કેશર નાંખવાં. તેની ઉપર વરખ પાથરવો. ઇચ્છા હોય તો પીસ્તાં ચારોલી ઉપર છાંટવાં.

પ્રમાણ–પાંચથી દશ તોલા ખાઈ ઉપર ઇચ્છા મુજબ દુધ પીવું.

ઉપયોગ (ગુણ)—વીર્યનું ક્ષીણ થવું–પાતળું પડી જવું, હાડકાંની નબળાઇ, શરીરમાંથી કેલસ્યમ ઓછું થતું જતું હોય, બાળક બહુ દુબળું રહેતું હોય, જે સ્ત્રીને સફેદ પાણી જેવી ધાતુ જતી હોય,

તેને બંધ કરે છે. કેટલાકને પેશાબની આગળ પાછળ ધાતુ જાય છે, તેમ જ ધાતુ પાતળી પડી જઈ સ્ત્રીસંગના સંકલ્પ કે સ્પર્શથી ધાતુ-પાત થાય છે, તેમને તેમ જ વૃદ્ધપણાની નિર્બળતા, હાથપગની તોડ, વગેરેમાં આ પાક અવશ્ય કરવો-શરીરને સુદૃઢ અને શક્તિપ્રદ બનાવે એવો બહુ ઉમદા પાક છે.

નોંધ: અતિ તીખા, ખારા, ખાદ્ય પદાર્થો વર્જ્ય કરવા, બ્રહ્મચર્ય પાળવું.

(૪) ગુંદર પાક (ખાસ સ્ત્રીઓ માટે)

સંગ્રહ-બાવળનો ગુંદર શેર ૧, શીંગોડાનો લોટ શેર ૦।, દુધીનો મગજ શેર ૦।, તરબુચનો મગજ શેર ૦।, કમળકાકડીનો મગજ શેર ૦।, કોપરાં શેર ૦।, બદામ શેર ૦।, જવનો લોટ શે. ૦।।, ઘઉંનો લોટ શેર ૦।।, ચણાનો લોટ શેર ૦।।, સુંઠ તો. ૨, ગોખરૂ તો. ૨, ખસખસ તો. ૨, પીંપર તો. ૨, મરી તો. ૨, પીંપરીમુળ તો. ૨, જાયફળ તો. ૨, જાવંત્રી તો. ૨, એલચી તો. ૨, આહન તો. ૨, તેજબળ તો. ૨, નાગકેશર તો. ૨, અક્કલકરો તો. ૨, ઘી શેર ૪, ગોળ શેર ૨, સાકર શેર ૨.

બનાવટ-પ્રથમ ગુંદને એક શેર ઘીમાં સાંતળવો. તે ફુલી જશે. બાદ જવ, ઘઉં અને ચણાના લોટને ઘીમાં તળી લેવા. બદામ, દુધી અને તરબુચના મગજને પણ ઘીમાં સાંતળવા. બીજાં વસાણાં ખાંડીને ભુકો કરી રાખવાં.

વધેલા ઘીને ચુલે ચડાવી જરા ગરમ થાય એટલે અંદર ગોળ નાંખી, ઘી ગોળ એકત્ર થાય એટલે નીચે ઉતારીને સાકર, દરેક લોટ, ગુંદ, અને મસાલા નાંખી, તેની ઉપર ખસખસ નાંખી પાંચ અથવા દશ રૂપીઆભારના લાડુ વાળવા.

પ્રમાણ-દરરોજ સવારમાં એક અથવા બે લાડુ પચે તે પ્રમાણે ખૂબ ચાવીને ખાવા.

ઉપયોગ (ગુણ)—સ્ત્રીઓને કમરનો દુઃખાવો, શરીર ધોવાવું, અશક્તિ, હાથપગનું કળતર, તોડ, ધાતુનું જવું, અને ગર્ભ ન રહેવો, વગેરે વ્યાધિ મટી શરીર શક્તિશાળી બને છે.

દરરોજ હાથમાં બાટલી લઇ ડાકટરો કે વૈદ્યોને આંગણે હાજરી પુરતી બહેનો અને ધાતુના દોષથી રીબાતી બહેનો પેટંટ દવાઓની પાછળ નાણાં બરબાદ કરવાને બદલે આવો પાક બનાવી જરૂર શિયાળામાં ખાય અને તેના ઉમદા ગુણનો અનુભવ કરે.

નોંધ—સવારમાં એક અથવા બે લાડુ ખાધા હોય તો બપોરના બરાબર ભૂખ લાગે ત્યારે જમવું. બજારૂ મીઠાઇ અને ચેવડો—મમરા ગાંઠીયા બંધ કરવા અને તેમણે બ્રહ્મચર્ય પાળવું.

આવશ્યક

દરેક પાકમાં જે પદાર્થ મુખ્ય હોય અને જેનું મોટું પ્રમાણ હોય તે ઉપરથી પાકનું નામ પડયું હોય છે. પરંતુ ગૌણપણે બીજા પણ તે પદાર્થના સહયોગી પદાર્થો—પાચક પદાર્થો—દીપન પદાર્થો—સ્નિગ્ધ પદાર્થો અને ઉત્તેજીત્ત પદાર્થો હોય છે.

કેટલાક ગૃહસ્થો શિયાળામાં પૌષ્ટિક દવાઓ ખાવા પણ ઇચ્છા ધરાવતા હોય છે. તેમને માટે અમારો મત એવો છે કે સ્વતંત્ર દવાઓ ખાવા કરતાં આવા પાકમાં નાંખી ખાવાથી બહુ સારી રીતે અસર કરે છે અને પાકમાંના પદાર્થો સાથે તે દવાઓ પણ લોહીની સાથે શરીરમાં મળી જાય છે. જેને લઇ પાકની બનાવટની અંદર દરેક વસ્તુની પાછળ ભસ્મો આપવામાં આવી છે તે અવશ્ય નાંખવી. પરંતુ એટલું ધ્યાનમાં રાખવું કે તે સારા વિશ્વાસપાત્ર વૈદ્યના હાથે બનેલી હોવી જોઇએ. એમ ન હોય તો ન નાંખવી એ જ વધારે હિતકર છે.

卐

અનાર—દાડમ

પુષ્પોને તો કળીની ઉપમા અનેક વાર અપાય છે, પણ ફળની કોઇ વસ્તુને કળીની ઉપમા અપાઇ હોય તો તે દાડમના દાણાને અપાય છે. ગુજરાતીમાં કહેવત છે : 'દાડમના દાણા જેવા દાંત' 'દાંત જાણે દાડમની કળી.' આ કહેવાતો સાર્થક પણ છે. રસથી ભરેલું તાજુંમાજું દાડમ કાપી, એકાદ દાણાને ઉભો પકડી, સૂર્યના પ્રકાશમાં ધરી રાખીને જુઓ. તેની ઉપર અત્યંત બારીક પારદર્શક આચ્છાદન છે. વચમાં ભરેલો મધુર રસ, અને તેની વચ્ચે બારીક તથા કડણ બીજ. એકેક દાણાની આ રચના કરનાર કારીગરે કેવી કરામત ગોઠવી છે ! અને દરેક દાણો એક સરખો પણ નથી. જુદા જુદા દાણાની જુદી જુદી પડઘી, તથા હાંસો જોતાં જરૂર તમને એમાં કારીગરી ભાસશે.

હસમુખી સુંદરીનું મુખડું હસતું હોય અને તેના કુદરતી સ્વચ્છ અને શ્વેત દાંત ઉપર પ્રકાશ છવાય ત્યારે તેમાં એક પ્રકારનું ઓજસ–ચમક ભાસે છે. પાણીદાર મોતી સફેદ તો એટલું નથી, પણ તેના પાણીને લીધે તેમાંયે ચમક ભાસે છે. દાડમમાં એક એવી જ ચમકભરી સુંદરતા ભરી છે અને એ એની સુંદરતાની ઉપમા સુંદર, સ્વચ્છ તથા ચમકતા દાંતને અપાય છે.

દાડમ એ હિંદુસ્તાનની બહારનું ફળ નથી એમ જૂનો ઇતિહાસ વાંચવાથી જણાય છે. દેવોનાં નૈવેદ્ય કલ્પવામાં અનેક વખત દાડમની યોજના કરાઇ છે. એટલે એ ફળ આ દેશનું હજારો વર્ષનું જૂનું જણાય છે.

દાડમ એ આપણી બજારૂ લીલાં ફળોની ચીજ છે. દરેક શહેરમાં તે ઓછા–વધતા પ્રમાણમાં વેચાવા આવે છે. ગ્રીષ્મઋતુમાં તેની મોસમ

વહી રહી હોય છે. કુદરતે ઉષ્ણુકાળમાં માનવીઓને, ઉષ્ણુ તાપ નિવારવા માટે એ ફળની ભેટ ધરી હોય તેમ ભાસે છે.

બીજાં ફળવૃક્ષોની વાત બાજુ ઉપર રાખીએ, તો દાડમનું વૃક્ષ કાંઈ કલ્યાગરૂં ભાસે છે. બનતાં સુધી દરેક ભૂમિમાં એ ઉગી શકે છે. છતાં એને અનુકૂળ આબોહવા, જમીન અને પાણી મળે છે તો દાડમ વધુ ફળદ્રુપ બને છે. આપણા ગુજરાતમાં ધોળકા, અને ભાવનગર–એ શહેરો દર વરસે હજારો મણુ દાડમ કાઠિયાવાડ–ગુજરાતને આપે છે, અને મુંબઈ ઇલાકાના દક્ષિણુ થાણા જીલ્લાના વિભાગને અને સુરત જીલ્લાને બાદ કરીએ તો આખો મુંબઈ ઇલાકો આ ધોળકીયા અને ભાવનગરી દાડમ ખાય છે–વાપરે છે. ઉપરાંત હવે તો ઘણાં ગામના બગીચાઓ અને વાડીઓમાં દાડમ નિપજવા લાગ્યાં છે, પણ આ મુખ્ય બે શહેરોના જેટલો પાક બીજે થતો નથી. શરૂઆતમાં ધોળકાનાં દાડમે નામ રાખેલું, પરંતુ ભાવનગરે તેમાં સરસાઇ કરી બતાવી છે અને હમણાં ધોળકાની ખેતી બેદરકાર બની જણાય છે. ભાવનગરી દાડમના દાણાનું બીજ વધુ કોમળ છે અને તે ચાવતાં ચવાઈ જાય છે. ધોળકાના દાડમનું બીજ કઠોર છે અને એને મુશ્કેલીથી પણ ચાવી શકાતું નથી. એટલે આપણે ત્યાં શ્રેષ્ટ દાડમનું પદ તો હમણાં ભાવનગરે ખુંચવી લીધું છે.

બીજા પ્રદેશોમાંથી આવતાં દાડમ–કંદહારી દાડમ, મસ્કતી દાડમ વગેરે અતિ મોંઘા ભાવે અને મોટા નામે વેચાય છે. પણ એવાં અજાણ્યાં ફળોમાં ઠગાઇ જવાની ધાસ્તી રહે છે. મને તો આ મારા પ્રદેશોનાં દાડમ કરતાં બીજાં દૂરદૂરથી આવતાં દાડમોમાં કોઈ સરસાઈ જણાતી નથી. એ મારો સ્વદેશપ્રેમ પણ હોય. હા, કેટલાંક દાડમો રંગે આપણને ઘણાં રૂપાળાં લાગે છે, મજીઠીઓ રંગ લેતું ઘેરૂં ચમકદાર કંદહારી દાડમ એક વખત મુંબઇથી મેં લીધેલું. શું તેનું રૂપ! ઝટ ગાડી ઉપડે તો ચપ્પાથી તેને ચતુરવ્યૂહ બનાવી ખાવાની તાલાવેલી થઇ પડેલી!

પણ ઓ ભગવાન ! ચાર દાણા મ્હોંમાં નાંખતાં તો એની ખટાશ માથાના બાલ ઉભા કરે એવી. મને લાગ્યું કે દુનિયામાં જેમ કેટલાય ચમકદાર માણસોને ચાખતાં તે કડવાં વખ જેવાં હોય છે તેમ આ રંગે રૂપાળા કંદહારીથી તો તોબાહ !

આપણે કવચિત જ દાડમના ફળોનો ઉપયોગ કરીએ છીએ. આપણા દેશી રીવાજ પ્રમાણે ફળો કાં તો હોય બિમાર માટે, અથવા તો હોય પ્રભુની પુજા માટે કે સત્યનારાયણ ભગવાનના મહાપ્રસાદ અર્થે.

આપણા લોકો ફળો છુટથી ખાઇ શકતા નથી. તેનાં બે કારણ છે; એક તો આપણી અપાર ગરીબી છે અને બીજું ફળોમાં રહેલાં તત્ત્વો તરફ આપણી નીધા અને રૂચી નથી. હિંદુસ્તાનનો ગરીબ વર્ગ સાંજ પડે બહુ પરિશ્રમે રોટીદાળ મેળવતો હોય, ત્યાં તેની પાસે આવાં સાધારણ અને જેને આપણે સસ્તાં કહીએ તેવાં ફળો ખાવા માટે પણ પૈસા કયાંથી હોય ? પરંતુ જેઓ ઠીક ઠીક મહેનત અને ધંધાથી રોજગારી કરી શકે છે અને જેઓ પોતાના વ્યવહારમાં છુટક પૈસા ખરચી શકવાની ગુંજાશ ધરાવે છે, તેવાઓ પણ જેટલા પકોડી, દહીંવડા, ચવાણું અને ભેળ, રસ્તે ચાલતાં કે રેસ્ટોરાંની અંદર પ્રવેશી, દડીઆમાં ચાટતા જણાય છે, તેટલી તેમને આવાં લીલાં ફળો ખાવાની આદત જણાતી નથી.

થોડું ભણ્યોગણ્યો માણસ એટલું તો ચોકસ જાણતો હોવો જોઇએ કે આપણાં શરીરને પોષણકારક તત્ત્વો પૂરા પાડતા ખોરાકોમાં ફળો અને તેના રસો ઘણું ઉચ્ચ પ્રકારનું તત્ત્વ શરીરને આપી શકે છે. રાંધેલા અનાજો શરીરને જે મિષ્ટાન્નો અને તત્ત્વો પૂરાં પાડે છે અથવા શરીરને લાગતા ઘસારાને પહોંચી વળવા જે કાર્ય કરે છે, તેથી દશગણું વધારે કાર્ય ફળોના રસ કરે છે. એટલે દરેક માનવીએ ઋતુ ઋતુ પરત્વે કુદરતે આપેલાં આવાં મધુર અને

ઉત્તમ ફળો પોતાની કમાણીના બચત પૈસામાંથી પણ ખાસ ખાવાં જોઇએ.

દાડમના રસમાં જે અપાર અને અમાપ ગુણ રહેલો છે તે બીજાં ફળોમાં મળવો દુર્લભ છે. દાડમ સ્વભાવે ઠંડું છે, મીઠી છે, રોપણ છે અને શરીરની પિત્તોષ્માને દૂર કરવાનો એનામાં પિત્ત-શામક અજબ ગુણ રહેલો છે. એટલે જ પિત્તજ્વરનાં દરદીને દાડમના દાણા ચુસવાને આપવામાં આવે તો તેને વારંવાર લાગતી તૃષા શાંત થાય છે, પેટમાં બળતી આગમાં ઠંડક વળે છે, પિત્તના કારણે વારંવાર આવતા ઉલટીના ઉછાળા બંધ પડે છે, મોઢું સ્વાદવાળું અને સ્વચ્છ થાય છે.

મરડા અને સંગ્રહણીના દરદીઓ કે જેમનાં આંતરડાંની આંતર-ત્વચા ક્ષોભ પામી ખૂબ આળી થઇ ગઇ હોય છે અને જે દરદીઓને હરકોઇ પદાર્થ પેટમાં જતાં આંતરડાં તેને સહન નહિ કરી શકવાથી અમળાટ પેદા થઇ ઝાડા થાય છે, તેવા દરદીઓને દાડમનો રસ આંતરડાંની એ આળી ત્વચા ઉપર ગુણ કરે છે. ગુમડા ઉપર જેમ આપણે ઠંડો લેપ કરીએ અને ઠંડક મળે છે, તેમ એ ત્વચાને દાડમનો રસ અસલ સ્થિતિમાં લાવી મૂકે છે. કારણ કે તેમાં ઘણો જ ઉંચા પ્રકારનો અમ્લ પદાર્થ છે અને એ અમ્લતા પાંક્રિયાઝને પોષણ આપે છે, એટલે દરદીને રૂચી પેદા થાય છે અને એથી રૂચી પેદા કરનાર ગ્લેંડઝો (ગ્રંથીઓ) ચેતનવંતી બની, ફરી કામે લાગે છે; તેથી અરૂચીનાં પરિણામ—મોળ આવવી, બદહજમી, ખાટા ઓડકાર વગેરે બંધ થાય છે, મળ બંધાય છે અને આમરસનું શોષણ થાય છે.

જેવી રીતે દાડમનો રસ હોજરી અને આંતરડાં ઉપર સુંદર અસર નિપજાવે છે, તેવી જ રીતે એ રસ મોઢાની અંદર પણ પેઢાં (મસોડાં)ના આળા ભાગને રૂઝાવે છે, ગળાની બારી ઉપરના સોજાને ઓછો કરે છે, ટોનસીલના દાણાને બેસારી આપે છે, શ્વાસનળી ઉપર

લાગતી કફની આછી પાતળી પરપોટીને ખસેડી ગળાને સ્વચ્છ અને સફાઈવાળું બનાવી આપે છે. તેથી અવાજમાં રહેલી કર્કશતા દૂર થાય છે. એ આછી પાતળી કફની જમાવટને લઈને જેઓને ખાંસી, લુખ્ખી ખાંસી વારંવાર સતાવતી હોય છે અને જેઓ દિવસમાં અનેક વખત વાતવાતમાં ખોંખોં, ખોંખોં, કર્યા કરતા હોય છે, તેનું કારણ ખોરાકના ખાધેલા રસમાંથી ઉર્ધ્વગતિએ આવેલો કફ ગળાની બારી અને નળી ઉપર વારંવાર ચોંટે છે એ હોય છે; અને તેને ખંખેરી નાંખવા કુદરત ખાંસી રૂપે ઝાડુ ફેરવે છે. તે જગ્યાએ દાડમનો રસ લાગીને ગળાની સફાઈ એવી રીતે કરી લે છે કે એ ઉધરસ અથવા ખાંસીનો ખોંખોં બંધ થાય છે.

તેમ જ ગળાની બારી સુધરવાથી, અવાજની જાડાઈ અથવા કર્કશતા દૂર થવાથી, જેમને ગળાનો શોખ છે અને જેઓ હમેશાં સંગીતની તરજો સાથે સુરમીલાવટ કરી, જીવનના ચીમડાએલા બાગની ખીલાવટ કરવા ઇચ્છા ધરાવે છે, તેમના ગળાની બારી બરાબર ઉઘાડ–વાસ થઈ અવાજમાં સપ્ત સૂરની તરજો પેદા કરનારી સ્લીપને નિખારી, એવી બંધ બેસતી બનાવે છે કે એથી કાબર તે કોયલ બને છે, તથા પ્રજાપતિના હાથી જેવા સૂરીલાઓ પણ ટહુકતા મોરલા બને છે.

બીડીઓ પી પીને, સીગારેટો ચુસી—ચુસીને અને પાનના ડુચડા ભરી–ભરીને જેમણે ગળાને અને શ્વાસનળીને લુહારની ધમણ જેવાં બનાવી નાંખ્યાં હોય, તેમને માટે દાડમનો રસ અસલ સ્થિતિમાં લાવવા માટે સુંદર કાર્ય કરી બતાવે છે.

અનાજ ખાનાર માણસે હમેશાં જમ્યા પછી ખૂબ કોગળા કરી દાંતને સ્વચ્છ કરવા જોઈએ અને મસોડામાં લાગેલાં અન્નકણોનો નિકાલ કરવો જોઈએ. પરંતુ એવી કાળજી નથી રાખતા ત્યારે બહુ જ ધીમી રીતે દાંતના મૂળમાં રહી ગયેલાં અન્નકણોનો સડો પેદા થાય

છે, શરૂઆતમાં દાંતનાં પેઢામાંથી લોહી આવવા લાગે છે અને પછી પેઢાં દબાવવાથી સફેદ વાસ મારતો પદાર્થ જેને પરૂ અથવા રસી પણ કહી શકીએ તે નીકળે છે. એવા અસ્વચ્છ અને બલગમભર્યાં મોઢાવાળા માણસો જો નિયમિત દાડમના દાણા મોઢામાં નાંખી રસ ચૂસે છે તો તે રસ દાંતનાં મૂળમાં ઉંડે ઉંડે પહોંચી મૂળ જગ્યાએથી સડો બંધ કરે છે, રોપણગુણ બતાવી, સાધારણ સુજેલાં મસોડાં સ્વચ્છ અને નીરોગી બનાવે છે. તેથી દાંતમાંથી આવતી રસી બંધ થાય છે અને લોહી નીકળતું બંધ થાય છે અને પછી દાંત દિવસે દિવસે મજબૂત બનતા હોય તેમ જણાય છે.

આ તો જાણે વ્યાધિના અંગેનો દાડમનો ઉપયોગ જણાવી ગયા. પરંતુ સંપૂર્ણ તંદુરસ્ત અને નીરોગી માણસને પણ એ એટલું જ ઉપયોગી છે.

ઉપર બતાવી ગયા તે રોગી અવયવ ઉપર જેમ અસર કરીને તેને નીરોગી બનાવવાને દાડમનો રસ પ્રયત્ન કરે છે, તેમ નીરોગી અવયવ ઉપર રોગનું આક્રમણ ન થાય તે ખાતર તેની રક્ષા પણ કરે છે. તેમાં અનેક તત્ત્વો રહ્યાં છે. વિટામીનની દૃષ્ટિએ તો હું અહીં નહીં લખું, પરંતુ કહેવું જોઈએ કે દાડમના રસમાં અમ્લતત્ત્વ છે, ગ્લુકોઝ છે અને આયર્ન પણ છે. એટલે તે રસ શરીરના ઉપર્યુક્ત તત્ત્વને ઝડપભેર મદદ કરી વધારો કરી દે છે. ફળોનાં તત્ત્વો શરીરનાં તત્ત્વો સાથે જલદી મળી જાય તેવાં હોય છે, અને અન્ય રીતે ઉત્પન્ન કરેલાં ઔષધીય તત્ત્વો કરતાં ફળોનાં તત્ત્વો નિર્દોષ અને કુદરતી હોય છે.

અમારા માનવા પ્રમાણે તો દાડમ તંદુરસ્ત માણસને માટે ભૂખ્યા પેટે લેવા કરતાં જમ્યા પછી લેવું એ વધારે સારૂં છે. એટલે કે બપોરે ભોજન લીધા પછી ચાર કલાકે સાંજના ચાર પાંચ વાગે લેવાય એ જ વધુ લાભકર્તા છે. કારણ કે અનાદિક લીધેલા ખોરાકના

ટુકડા ચાર કલાકે વલોવાઇ હોજરીમાં રસ થાય, તે વખતે તેમાં દાડમનો રસ ઉમેરાય છે, એટલે એ રસ અન્નરસ સાથે હોજરી અને આંતરડાંમાંથી વહેલી તકે શોષાઇને લોહી સાથે મળી જવા પ્રયત્ન કરે છે.

મીઠા રસથી ભરપુર દાડમના દાણા કાઢીને ભુકડાવવા અને તેને ચાવી, રસ ઉતારી, ઠળીઆનો કુચો ફેંકી દેવો એ જ દાડમ ખાવાની સરસ રીત છે. ઠળીઆ ખવાય તો પણ ખાસ નુકસાન નથી, પરંતુ નબળી હોજરીવાળાને એ પેટમાં ખુંચે છે અને કયારેક ખુંચવાના કારણે મધુરી ચુંક આવે છે, તેમ જ ઠળીઆ કબજીયાત પણ કરે છે. એક માણસ અરધો શેર વજનના દાડમમાંથી નીકળતો રસ એક ટંકે લઇ લે તો કોઇ નુકસાન નથી. એટલો રસ તો જરૂરી પણ છે.

આજારી માણસ તો હરકોઇ વખતે દાડમ લઇ શકે છે. એનાથી દાડમના દાણા ચાવી ન શકાય તો કપડામાં નાંખી, દબાવી, રસ કાઢી, સહેજ મીઠું નાંખીને પણ આપી શકાય છે.

ઉપર કરેલું વર્ણન દાડમના ફળમાંના દાણા સંબંધમાં છે, પરંતુ ઔષધીની દૃષ્ટિએ તો દાડમનું વૃક્ષ આખું જ ઉપયોગી છે અને તેનો જુદી જુદી રીતે ઉપયોગ થાય છે, તેમજ એ જુદાં જુદાં દર્દોમાં ઘણું જ અકસીર માલૂમ પડયું છે.

દાડમના ઝાડના મુળની છાલ બાળકોને પેટમાં થતાં કૃમી અને તેમાં પણ ખાસ કરીને ચપટા કૃમીને મારી નાંખી બહાર કાઢવામાં ખરેખર સુંદર ગુણ ધરાવે છે.

'ઇંડીયન મેટેરીઆ મેડીકા'ના કર્તા ડો. નાડકર્ણી પોતાનાં સેંકડો દર્દીઓ ઉપર અજમાયેશ કરી, દાડમના ઝાડનાં મુળની છાલના ઉકાળામાં રહેલા ચમત્કારિક, કરમ અથવા કૃમીને નાશ કરવાના ગુણ માટે ઘણી તારીફ કરે છે. તેમ જ ડો. વામન ગણેશ દેસાઇ, એમ. બી. (લંડન) પણ આ દાડમના મુળના ગુણ માટે પ્રશંસા કરે છે.

અમોએ પણ સેંકડો વખત તેના ગુણુની ખાતરી કરી છે અને અમારા ચિકિત્સક ભાઇઓને ભારપુર્વક ભલામણુ કરીએ છીએ કે તમારી પાસે આવતાં નાનાં બાળકોના કેસ કે જેમને ચપટા કૃમી હોય છે, તેઓને પરદેશની કૃમીનાશક મોંઘી અને પરિણામે નુકસાનકારક દવા કે જે દવાઓ અત્યારે તો વિદેશથી આવવી મુશ્કેલ થઇ પડી છે અને એકના ચારગણા ભાવ ખરચતાં પણ મળવી મુશ્કેલ બને છે તે તમે આપો છો; બીજી બાજુ તમારા આંગણે ફળ આપીને નવરાં પડેલાં સેંકડો વૃક્ષો દાડમનાં ઉભાં છે, તેનાં મુળ બહુ સહેલાઇથી મેળવી, તેનો કવાથ કરી પ્રસ્તુત દરદવાળાં બાળકોને આપો તો તમારૂં બિરૂદ ઓછું નહીં થઇ જાય અને વિદેશી પદ્ધતિના ડોકટરની દેશી મુળીયાં વાપરવામાં આબરૂ પણ નહીં જાય. જો તે વાપરવાની ઇચ્છા થાય તો તેની રીત નીચે પ્રમાણે છે :

દાડમનાં મુળની છાલ **રૂપીઆ ૬ ભાર: પાણી તો. ૪૦.**

બન્નેનો ઉકાળો કરી, વીશ રૂપીઆભાર પાણી બાકી રહે એટલે કપડેથી ગાળી, શીશીમાં ભરી લેવું. જે બાળકને કૃમીનો નિકાલ કરવાનો હોય તેને આ ઉકાળો આપવાના આગળના દિવસે દીવેલનો જુલાબ આપવો અને બીજે દિવસે ખોરાકમાં કાંઇ પણ નહીં આપતાં વીશ તોલા ઉપરના ઉકાળાનું પાણી આપવું અને બીજે દિવસે ફરી જુલાબ આપવાથી ચપટાં કૃમી બધાં મરેલાં બહાર નીકળી જશે.

દાડમનાં ફુલ જે ઘણી જ સુલભતાથી મળી શકે છે તેમાં પણુ એવો જ ચમત્કારિક ગુણુ રહેલો છે.

ઘણા માણસોને વારંવાર નસકોરી ફુટે છે અને નાકમાંથી લોહી પડે છે, અને કેટલીક વખત માથા ઉપર પાણી રેડવાથી આ નસકોરી બંધ થઇ જાય છે. પરંતુ જ્યારે આ પ્રમાણે બહારના ઉપચારોથી નસકોરી બંધ નથી થતી ત્યારે દરદી મુશ્કેલીમાં આવી જાય

છે. તેવા દરદીઓ માટે ભારી ઉપાયો સારૂ ડોક્ટરો પાસે દોડધામ કરતા પહેલાં આ નીચેનો ગરીબ નુસખો અજમાવવાની અમારી જોરદાર ભલામણ છે :

દાડમનાં ફુલ તથા લીલી ધરો (ધરો નામનું ઘાસ) પત્થર ઉપર છુંદવાં અને સહેજ પાણી નાંખવું. ત્યારબાદ એક લુગડાના ટુકડામાં એ છુંદેલી લુગદી લઇ, દર્દીને સુવરાવી, તેનાં નસકોરાંમાં બન્ને પાંચ પાંચ ટીપાં એવી રીતે મુકવાં કે તેના મગજની અંદર તેનો રસ જાય. એથી લોહી તુરત બંધ થાય છે અને થોડા દિવસ નાંખવાથી વારંવાર થઇ આવતો નસકોરી ફુટવાનો વ્યાધિ નાબુદ થાય છે.

તેવી જ રીતે દાડમની છાલનો ઉકાળો કરી, તેની અંદર ફુલાવેલી ફટકડી નાંખી, સ્ત્રીઓને ગુપ્તભાગમાં જો ડુશ આપવામાં આવે છે તો તેનો શ્વેત પ્રદર અને લોહીવા નાબુદ થાય છે અને અંદરનો અત્યંત આળો ભાગ સુધરી જાય છે, તેમજ અંદર ગરમીને પરિણામે પડી ગયેલાં ચાંદાં મટી જઇ, ગુપ્તભાગ સંકોચાઇ સ્વચ્છ બને છે. આ ડુશ દરરોજ આપવો જોઇએ અને કેટલાક દિવસ સુધી ચાલુ રાખવો જોઇએ. પાંચ તોલા છાલને એક શેર પાણીમાં ઉકાળીને તેનો ઉપયોગ કરવો ઘટે.

ઉપરાંત એક મજાનો નુખસો છે, જે સ્ત્રીઓએ સેંકડો વખત વાપરી આશીષ વહેવરાવ્યા છે અને તે સ્ત્રીઓના સૌન્દર્યમાં વધારો કરનાર છે, જેની બનાવટ જંગલની જડીબુટ્ટીમાંથી પ્રાપ્ત થઇ છે, તે પણ અત્રે જણાવીએ છીએ :

જે સ્ત્રીઓને પોતાના સ્તન લટકી જઇ બેડોળ અને નરમ બની ગયાં હોય તેને યુવાનીની માફક ઉન્નત બનાવી, ભરાવદાર બનાવવા હોય તેઓ આ ઉપાયને અજમાવે, આશાતીત ફાયદો લાભ થાય છે :

સ્તન દૃઢ તેલ

બનાવટ—દાડમના ઝાડનું પંચાંગ, જેમાં છાલ, મૂળ, પાંદડાં, ફળ અને ફુલ આવી જાય–તે બશેર લઇ, ખાંડી–કુટી, તેને છશેર પાણીમાં બશેર સુરકો નાંખી, ચોવીસ કલાક પલાળી રાખવું અને ત્યારપછી તેને ઉકાળવો. જ્યારે બશેર પાણી બાકી રહે ત્યારે ગાળી લેવું અને લોઢાની કડાઇમાં નાંખી, તેમાં એક શેર બદામનું તેલ તથા દશ તોલા થોરનો લીલો ગર્ભ (ડાંડલીઆ થોર લેવા) ખુંદીને ઉમેરવો અને મંદાગ્નિથી પકવવું. જ્યારે પાણી અને ગર્ભનો ભાગ બળી જઇ તેલ માત્ર બાકી રહે ત્યારે ઉતારીને ગાળી લેવું અને ફરી બીજી કડાઇમાં નાંખી ચુલે ચઢાવી મંદાગ્નિથી ઉકાળવું. તેમાં હીરાબોળનું ચુર્ણ રૂા. ૧। ભાર નાંખી હલાવવું. તે સારી પેઠે મળી જાય એટલે ઉતારી લઇ બાટલીમાં ભરી લેવું.

જેને પોતાના સ્તન ઉન્નત, ભરાવદાર, ગોળ અને મજબૂત બનાવવા હોય તેમણે ધીમા હાથે પોતાના સ્તન ઉપર આ તેલનું માલીસ કરવું અથવા કરાવવું. દિવસમાં બે વખત સવાર સાંજ માલીસ કરવું. ઉપર એવું બોડીસ પહેરવું કે સ્તન ઉંચા રહે. કેટલાક દિવસો સુધી આ તેલનો ઉપયોગ કરવાથી પૂર્ણ લાભ થઇ સ્તન સુંદર તથા ગોળ, ઉન્નત અને કઠિન બને છે.

ઘણી સહેલાઇથી મળતા દાડમ અને તેના વૃક્ષનો જનતા લાભ લે અને પોતાના સ્વદેશની વનસ્પતિના અજબ ચમત્કારિક ગુણની જાણકાર બને એમ અમે ઇચ્છીએ છીએ.

卐

સંવત્સરની છ પટરાણી

ભૂમિકા

સમગ્ર પૃથ્વી ઉપરની વાત કરતાં કદાચ આ વસ્તુ વધુ ગુંચવાડાભરી નીવડશે. એટલે આપણે જે દેશ ઉપર વસીએ છીએ અને જે દેશમાં આપણો જન્મ છે, એ હિંદુસ્તાનને નજર સામે રાખી આ વિષય લખવાની જરૂર જણાય છે. આ વસ્તુનિર્દેષ અથવા નિરૂપણ અનેક ભાષાના ગ્રંથોમાં ઋતુચર્યા અથવા ઋતુવર્ણનના રૂપે થયેલ છે. ઘણું કરીને એ વૈદકનો વિષય છે અને જેમનો તેમ તેની રજુઆત કરવામાં આવે છે, એટલે સાધારણ જનસમાજ તેમાં રસ લેતો નથી; અને રસ લેતો નથી એથી જીવનના અતિ મહત્ત્વના જ્ઞાનથી પણ એ વંચિત રહી જાય છે.

દરેક જીવ પ્રાણી માત્ર ઉપર કાળની સત્તા બળવાન છે, એમ તો દરેક માણસને કબૂલ કરવું પડે છે. આપણે જોઇએ છીએ કે આપણે સમજી શકતા નથી છતાં સમજવા પ્રયત્ન કરીએ છીએ, જાણી શકતા નથી છતાં જાણવા માટે ઇંતેજારી રહે છે, એ પ્રમાણે કાળ બળવાનની ગતિ એવી રીતે અને એકધારી વહી રહી છે. દિવસનો ઉદય, રાત્રિનું આગમન, સૂર્યનો પ્રકાશ અને ચંદ્રની ચાંદની, ગરમીની ઉષ્મા અને વર્ષાની ઝડીઓ, વૃક્ષવેલી અને લતાઓનું કીલકીલ પ્રાગટ્ય અને તેનું સુકાઇને વિનાશ પામવું, ફરી સમયાનુકૂલે એ જ રીતે ખીલવું-આ બધું આપણી નજર સામે એક સરખું બની રહે છે-બનતું રહે છે. ત્યારે એક ચોક્કસ બાબત આપણે સમજી શકયા છીએ કે આપણી નજરથી અલક્ષ્ય રીતે એક એવું દોરીસંચાલન થઇ રહેલ છે કે એ

દોરીથી બંધાયેલી કુદરત સમય સમય પરત્વે પોતાના ગુણ અને સ્વભાવ પ્રમાણે સૃષ્ટિ ઉપર સામ્રાજ્ય બિછાવે છે.

કોઇ વખતે આપણને એટલી ગરમી થાય છે કે આપણે બારીક વસ્ત્રો પહેરવા લાગી, શીતળ વસ્તુઓની ઇચ્છા કરી, તે તરફ દોરવાઇએ છીએ. ક્યારેક આપણે ઘણી ઠંડીથી ધ્રુજી ઉઠી ગરમ કપડાં સેવવા અને ઉષ્ણતા મેળવવા પ્રયત્ન કરીએ છીએ. એથી સમજી શકાય છે કે આપણા જીવન સામે વારંવાર સૃષ્ટિનું સ્વરૂપ બદલાતું રહે છે. એ બદલાયેલા સ્વરૂપની આપણી ઉપર સીધી અસર નીપજે છે ત્યારે આપણે એ સ્વરૂપને સમજીને અથવા તો સમજ્યા વગર પણ અનુકૂળ બનવા પ્રયત્ન કરવો પડે છે. પરંતુ એ સ્વરૂપને યથાર્થ રીતે જો આપણે સમજી શકીએ તો આપણા જીવનને વધુ સરલ, વધુ નીરોગી અને વધુ સ્વાસ્થ્યપૂર્ણ બનાવી શકીએ.

આપણે અનેક વખત જોઇએ છીએ કે સાજો તાજો માનવી, હૃષ્ટપુષ્ટ શરીરવાળો હોવા છતાં ક્યારેક અચાનક પટકાઇ પડી રોગગ્રસ્ત થઇ જાય છે. કયારેક એક સરખો આહાર લેતો માનવી કોઇ પણ ખોરાકના ફેરફારનું કારણ બન્યા સિવાય પણ આહાર લેતો બંધ થઇ જાય છે, અને ' ભુખ નથી–ખોરાક ભાવતો નથી ' એમ કહી દે છે. અને કયારેક ગમે તેવી ઠંડીને સહન કરનાર માનવી થોડીક ઠંડી લાગતાં પણ કંપી ઉઠે છે. ભલા એમ કેમ બને છે, વારૂ ?

અને એ કેમ બને છે તે જાણવા આપણે પ્રયત્ન નથી કર્યો તેથી જ આપણે અણધારી રીતે વ્યાધિવાન બની જઇએ છીએ અને આપણી દિનચર્યા સ્થગિત બને છે.

કેટલીક વખત આપણને અતિ પ્રિય વસ્તુ ઉપર અભાવ થઇ જાય છે અને જેની ઉપર પ્રીતિ નહોતી તેવી વસ્તુ ખાવાને દિલ લલચાય છે. આવા તો આપણા શરીર ઉપર અને મન ઉપર અનેક ફેરફારો બને છે. છતાં તેને સમજવા આપણે પ્રયત્ન કરતા નથી, અને

તેથી જ આપણી અજ્ઞાનતા અથવા ભૂલનું ફળ જાતજાતના વ્યાધિ અથવા અસ્વાસ્થ્યના રૂપે આપણને ભોગવવું પડે છે અને આપણું જીવતત્ત્વ પણ એ કારણથી ઘસાય છે.

સ્વાસ્થ્યપૂર્વક લાંબું આયુષ્ય ભોગવવવાની ઇચ્છાવાળાઓએ વારંવાર થતા વ્યાધિના હુમલાઓ સામે બચાવ કરવા માટે કાળ અને ઋતુજ્ઞાનને ખરા સ્વરૂપમાં અવલંબવું એ હરેક માનવીની ફરજ છે.

બાહ્યદૃષ્ટિથી સ્વરક્ષણ કરતા માનવીઓ મકાનો બાંધે છે કે જેથી વર્ષાદથી બચાય: છત્રીઓ ઓઢે છે જેથી તાપ સામે રક્ષા થાય: ગરમ દુશાલાઓ ઓઢે છે કે જેથી ઠંડી લાગી શરદી ન થઇ જાય: પરંતુ એ સમય સમય પર બદલાતી ગતિની શરીર અને તેમાં રહેલા વાત પિત્તાદિ ધાતુઓ ઉપર થતી અસરને તેઓ સમજતા નથી. એથી તેમના વિવિધ રક્ષણના બાહ્ય ઉપાયો હોવા છતાં વાસ્તવિક રીતે શરીરરક્ષા થઇ શકતી નથી.

સૃષ્ટિના બંધારણની ગતિ તો અનિવાર્ય છે અને એની શક્તિ એટલી બળવાન છે કે એ હરેક પદાર્થ ઉપર પોતાની અસર નિપજાવી શકે છે. માટે જ માનવી તેને અનુરૂપ ઉપાયો કરીને પોતાની રક્ષા કરે છે. સમુદ્રની ભરતી ઓટના નિયમોને જાણનાર નૌકાના નાખુદાઓ પોતાના વહાણની રક્ષા કરી શકે છે અને એવી જ રીતે શરીરરૂપી વહાણની રક્ષા કરવા માટે સૃષ્ટિરૂપી સમુદ્રમાં આવતા ઋતુના ભરતી–ઓટના નિયમોને જાણી લીધા હોય અને એ સમુદ્રમાં થતા તુફાનો સંબંધી રક્ષા કરવાનાં સાધનોની પિછાન હોય તો પોતાના શરીરરૂપી વહાણને આસાનીથી નિર્ભય રીતે કિનારે પહોંચાડી શકાય છે.

સંવત્સર એક વર્ષના સમયને કહે છે. સૂર્ય ભગવાન પોતાની ગતિથી પૃથ્વીને ફરી વળે છે અથવા પૃથ્વી સૂર્યને જેટલા કાળમાં ફરી વળે છે એટલા સમયને એક વર્ષ અથવા એક સંવત્સર કહી શકાય છે. પૃથ્વી સૂર્યની ફરતી ફરે છે કે સૂર્ય પૃથ્વીની ફરતો ફરે છે

તે વિષયમાં આપણે માથું નહિ મારીએ તોયે ચાલશે. માત્ર એમાંથી એક ફરે છે એ વાત આપણે સ્વીકારીને આગળ વધીએ. હવે આ એક સંવત્સરના બે વિભાગ પાડવામાં આવ્યા છે. તેનાં જુદાં જુદાં 'આદાનકાળ' અને 'વિસર્ગકાળ' એવાં નામો હેતુપૂર્વક અપાયાં છે. એક વર્ષના બાર માસના બે ભાગો: ૭ માસનો વિસર્ગકાળ અને ૭ માસનો આદાનકાળ. વિસર્ગકાળ પ્રાણીઓને બળ આપનાર છે, આદાનકાળ બળ હરી લેનાર છે. વિસર્ગકાળનો આરંભ વર્ષાઋતુથી થાય છે અને આદાનકાળનો આરંભ શિશિર ઋતુથી થાય છે. વિસર્ગકાળમાં આપણે જે ભૂમિ ઉપર વસીએ છીએ તેથી સૂર્ય દૂર જાય છે એટલે ચંદ્ર બળવાન બને છે. એથી આપણા બળની વૃદ્ધિ થાય છે અને આદાનકાળમાં સૂર્ય વધુ નજીક રહે છે એટલે એનું બળ વધારે હોઇ આપણા બળને હરી લે છે.

એક વર્ષની આ રીતની સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીની ગતિ ઉપરથી વર્ષના બાર માસ અને બબ્બે માસની એક ઋતુના હિસાબે ૭ ઋતુ કલ્પાએલી છે. એ છએ ઋતુમાં સૂર્ય ચંદ્રની ગતિઓ સાથે પૃથ્વીને સંબંધ હોવાથી ફેરફારો થાય છે. એ ફેરફારો પૃથ્વી ઉપરનાં હરેક જડ અને ચૈતન્ય ઉપર પોતાની સત્તા જમાવે છે.

પૃથ્વીની મધ્ય રેષા (વિષુવવૃત) થી સૂર્ય ૭ માસ સુધી દક્ષિણમાં અને ૭ માસ સુધી ઉત્તરમાં રહે છે અને એ ઉપરથી જ્યોતિષ શાસ્ત્રમાં ઉત્તરાયન અને દક્ષિણાયન એમ વર્ષના બે ભાગ પાડેલા છે.

આપણો દેશ પૃથ્વીની મધ્ય રેષાથી ઉત્તરમાં હોવાથી જ્યારે સૂર્ય ઉત્તર તરફથી વિષુવવૃતની વધુ નજીક આવે છે ત્યારે તેનાં સીધાં કિરણો પડવાથી અહીં વધુ ગરમી પડે છે અને આપણાં રસકસ ચૂસી લે છે. જેમ જેમ તે દક્ષિણ તરફ વધુ ને વધુ જતો જાય છે તેમ તેમ ગરમી ઓછી થાય છે અને વાતાવરણમાં ફેરફાર થતો જાય છે; અને તેની અસર આપણા શરીર ઉપર જુદા જુદા રૂપે નીપજે છે. પ્રત્યક્ષ રીતે જણાતા આ ફેરફારને સમજી, તેને ૭ રીતે વહેંચી દેવામાં આવેલ

છે. તેનું નામ છે ઋતુઓ. આ ઋતુઓનાં નામ શરદ, હેમંત. શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા : એ છ એ ઋતુઓ એક વર્ષમાં પૂરી થાય છે. એટલે એ સંવત્સરની પટરાણીઓ ગણાય છે. સંવત્સર પોતાની પટરાણીઓ મારફત પૃથ્વીની સૃષ્ટિ ઉપર સામ્રાજ્ય અને સત્તા જમાવે છે. ઋતુઓના સ્વભાવ અને ગુણ જુદા જુદા હોઈ તેની અસર તે હરેક પદાર્થ-પ્રાણી ઉપર પાડે છે, અને તે તે પદાર્થો તથા પ્રાણીઓમાં રહેલાં તત્ત્વોમાં એને કારણે ભરતી-ઓટ આવે છે. અને પછી એને પરિણામે પદાર્થ અને પ્રાણીના રૂપ, સ્વભાવ, ગુણ, બદલાય છે. એ ઋતુની સત્તા અને પરિવર્તનનું જ પરિણામ છે. એને સમજી, વિચારી, તેને અનુરૂપ આપણી ક્રિયાઓ રાખીએ તો ઋતુઓ આપણને પ્રતિકૂળ નહિ બનતાં અનુકૂળ બને છે.

આ ઋતુવર્ણન અનેક વિદ્વાનોએ પોતાની શૈલીમાં કર્યું છે, પરંતુ તેનું હું અનુકરણ કરવા માગતો નથી. એટલે હું તો મારી રીતે એને રજુ કરીશ. તે વાચકને રસપ્રદ બનશે અને તેને સાચા જ્ઞાનનો ભોક્તા બનાવશે.

આ વિષય છેડવામાં મેં પાત્રોની કલ્પના કરી છે. જીવરાજના સંબોધનથી દેહધારી જીવ સમજી લેવો ઘટે. પછી તેની સામે આવતાં જુદાં જુદાં પાત્રો, વસંતરાણી, ગરવી ગ્રિષ્મા, વર્ષા, શરદરાણી એ રીતે છયે ઋતુઓને બંધ બેસતાં નામો આપ્યાં છે. મુસાફરીએ નીકળનાર જીવરાજ સૂર્યના રથદ્વારા મુસાફરી કરે છે અને પછી તો સિદ્ધાંતોની રજુઆત ખાતર મારી કલ્પનાની સૃષ્ટિ હું બનાવી લેઉં છું. છતાં વાચકને વસ્તુનો નિર્દેષ બરાબર સમજાશે અને એ સમજાય એ ખાતર આટલી ભૂમિકાની પ્રથમ રજુઆત કરી છે.

એક ઋતુ બે મહિના ભોગવે છે એ પણ જણાવી દેવું જોઈએ. મહિનાઓ ભોગવતી ઋતુ સંબંધમાં પણ બે મત છે. કયા કયા મહિના ઉપર કઈ કઈ ઋતુ હોય છે તેની અહીં સ્પષ્ટતા કરી લેવાની

જરૂર છે. સામાન્ય રીતે વધુ મત જે તરફ પડે છે તે રીતે આ મહિનાઓ ઋતુ ભોગવે છે.

	માસ		ઋતુ
૧	પોષ તથા મહા	...	શિશિર
૨	ફાગણ તથા ચૈત્ર	...	વસંત
૩	વૈશાખ તથા જેઠ	...	ગ્રીષ્મ
૪	અશાડ તથા શ્રાવણ	...	વર્ષા
૫	ભાદરવો તથા આસો	...	શરદ
૬	કાર્તિક તથા માગશર	...	હેમંત

આ રીતે હરેક ઋતુ બબે મહિના ભોગવી લે છે. છતાં તેના ઉતરવાના કાળમાં તેની પછી બેસતી ઋતુની અસર શરૂ થઇ જાય છે અને આ રીતે તેની સંધીમાં શરીર અને બ્રહ્માંડમાંના ફેરફારો થઇ જાય છે. છતાં કેટલીક વખત પોતાનો સ્વભાવ તે બદલતી નથી. ત્યારે તે તે ઋતુમાં હીનયોગ, મિથ્યાયોગ અને અતિયોગ, કહેવાય છે. અને આ પ્રમાણે જ્યારે તેમાં હીનયોગાદિ થાય છે ત્યારે સર્વ જીવ પ્રાણી માત્ર ઉપર તેની વધુ ખરાબ અથવા અસ્વાભાવિક અસર નીપજે છે અને સંક્રામક રોગો ઘણું કરીને ઋતુના આ અતિયોગ, મિથ્યાયોગ અને હીનયોગના કારણે ફાટી નીકળે છે. અર્થાત જે ઋતુ પોતાના સ્વભાવ અને ગુણને તેનો સમય આવી જવા છતાં ભોગવે નહીં ત્યારે તે હીનયોગ ગણાય છે. બીજી રીતે અથવા એક ઋતુ ચાલતી હોય તેના બદલે બીજી ઋતુના જેવી અસર થાય તેને મિથ્યાયોગ કહેવાય છે અને એક ઋતુનો કાળ પૂરો થવા છતાં તે પોતાનો સ્વભાવ અથવા સત્તા વધુ વખત ભોગવે ત્યારે અતિયોગ ગણાય છે.

હમેશાં આમ બનતું રહે છે તેમ તો નથી. માત્ર અપવાદ રૂપે જ ઋતુઓમાં આવું પરિવર્તન જન્મે છે અને ઝીણવટભરી નજરે તેનું જ્ઞાન ધરાવનાર માનવી તેના આ વિકારને સમજી લઇ, એથી કઇ

જાતના વ્યાધિઓ ફાટી નીકળશે અથવા તેની ખરાબ અસર થશે તે આગળથી સમજી લઇ, તે સામે પોતાની જાતને રક્ષે છે અને સમાજને પણ રક્ષણ કરવા સૂચના આપે છે.

પૂર્વકથન તરીકે આટલી ભૂમિકા આપ્યા પછી હવે વસ્તુપ્રવેશ કરી આપણે આગળ વધીશું.

*　　*　　*

પ્રવેશ

મારું ટુંકું નામ 'જીવ' છે. છતાં મને એટલા ટુંકા નામે ઓળખે કે સંબોધે એ મને નથી ગમતું. એટલે જ મેં હુલામણાનું નામ અથવા માનભર્યું નામ 'જીવરાજ' રાખ્યું છે. પોતાના નામને સુંદર અને સુશોભિત તથા હલકદાર રાખવાનો હરેકને હક્ક છે. અને એ રીતે મેં પણ રાખી લીધું છે તેથી કોઇને નારાજ થવાનું કારણ પણ ન હોય ને!

મારી ઓળખાણ આપવાનું દિલ તો થાય છે. પણ પ્રથમ મને જ એ વિચાર આવે છે કે હું કઇ રીતે તમને ઓળખાણ આપું? હું છું તો એક, પણ મારાં સ્વરૂપો અનેક છે. 'બહુરૂપી' વેશ ધારણ કરનાર ક્યારેક શગાળશા શેઠ જેવો બને, અને ક્યારેક અહમદશા પઠાણ જેવો બને. છતાં તે જેવો છે તેવોને તેવો જ રહે છે. વેશ-પલટાથી તેનાં સ્વરૂપો બદલાઇ જાય છે અને બહારના અંચળા-ફેરને લઇને તેને જુદા જુદા સ્વરૂપે ઓળખે છે. તેમ હું જીવરાજ છું અને 'બહુરૂપી'ની માફક મારો અંચળો બદલાય છે ત્યારે ભુલાવો ખાનાર મને જુજવા રૂપે જાણે છે. છતાં ખરૂં ઓળખાણનું જ્ઞાન ધરાવનાર જાણી લે છે કે હું એ જ જીવરાજ છું કે જે પૂર્વે હતો; અને મારા વેશપલટા ક્યારેક એટલા મહાન હોય છે કે ત્યારે હું સ્વતઃ પણ ભુલાવામાં પડી જાઉં છું, અને મારા સાથીદારો (જીવ,

ઇશ્વર, માયા, બ્રહ્મ, પરિબ્રહ્મ)ને વિસરી જાઉં છું. એવો મારો જબ્બર વેશપલટો સહેતુક થાય છે.

મારા જન્મના સંબંધમાં અને જે ઉદરમાંથી હું આ ભૂમિ ઉપર આવ્યો તે સબંધમાં મારૂં કહેવાનું દિલ નથી. માત્ર એટલું કહીશ કે અત્યારનો મારો વેશપલટો એ માનવીશરીર છે. પાંચ જ્ઞાનેંદ્રિય તથા પાંચ કર્મેંદ્રિય મળી દશ ઇંદ્રિયો તથા મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર એ અંતઃકરણચતુષ્ટય સાથેનો મારો અંચળો છે. એટલે જીવરાજ તરીકે હમણાં હું માનવ-શરીર ધારણ કરી રહ્યો છું અને આ અંચળો એટલો દેદીપ્યમાન છે કે તેના આધારે હું સારાસારનો ભેદ પૂરેપૂરો કલ્પી શકું છું, મારા સાથીદારોને યાદ કરી શકું છું. હું કોણ એ હું ધારૂં તો સારી રીતે સમજી શકું છું, અથવા સમજવા પ્રયત્ન પણ કરી શકું છું. પરંતુ જ્યારે આળસ અને પ્રમાદ જેવા તામસી સ્વભાવો મારી ઉપર સવારી કરી જાય છે ત્યારે હું, ખાણમાં પહેલ પાડયા વગરનો હીરો તેજઃપુંજ હોવા છતાં યે પત્થર જેવો પડી રહે છે તેવો, બની જાઉં છું!

આવું બધું કહીને હું મારી ઓળખાણ આપું છું. તમે મને ઓળખો, મારી ઓળખાણ રાખો કે સાચા સ્વરૂપમાં મને સમજો એ મારો હેતુ છે. નહિ સમજો તો ય મને તેની ચિંતા નથી. માત્ર મારૂં નામ 'જીવરાજ' એટલું પણ તમે યાદ રાખો તો મને એ ગમશે.

જરા માફ કરજો, હું વાતુડીઓ વધારે છું, એટલે વાતવાતમાં કે બધું કહેવાનું કહી દઇશ. પરંતુ મારે જે મુખ્ય વાત કહેવાની છે તે એ છે કે મેં એક મુસાફરી કરી છે અને તેનું વર્ણન મારે કરવું છે. તમે તે સાંભળશો એ મારી ભાવના છે. એ સાંભળવાથી તમને ઘણુંયે જાણવાનું મળશે અને તમારી આવી મુસાફરીમાં મારા અનુભવનું જ્ઞાન તમારૂં સાથીદાર બનશે. ઘણાંયે માનવી તીર્થ કરવા જાય છે ત્યારે 'તીર્થનો ભોમિયો' સાથે રાખે છે. એમ કરવાથી એમને કેટલીક સરળતા સાંપડે છે. તેઓ જે જે તીર્થમાં જાય છે

તેનું રહસ્ય અને મહાત્મ્ય આગળથી જાણતાં હોય છે. ધર્મશાળાનાં ઠેકાણાં અને સગવડોની તેમને ખબર હોય છે. ઠંડા-ગરમ જળના કુંડોને જાણતા હોય છે. ગાડી બદલવાની અને થોભવાની પણ એમને આગળથી ખબર હોય છે. એથી એમની સગવડતા અને સરળતા અનેકગણી વધી જાય છે. આવો સાથીદાર નથી હોતો તેને વારંવાર પૂછવું પડે છે અને તીર્થના પંડયાઓ (ઋતુ-ગુણદોષ જાણનાર વૈદ્યો)ને વારંવાર પૂછગાછ કરી કરીને કંટાળવું પડે છેઃ ભાઈ આ કયું તીર્થ? હવે પછી કયાં જવાનું? કેવી સગવડ હશે? વગેરે. માટે આપના સાથીદાર તરીકે પણ મારી મુસાફરીનો પરિચય આપને ઘણો ઉપયોગી અને અગત્યનો નિવડશે. અને મારી મુસાફરી એ તમે તમારી સમજો તોયે ખોટું નથી. તમે પણ મુસાફરી કરી રહ્યા જ છો-કરવાના છો. માત્ર મારે તો તેની ઉપર પ્રકાશ પાથરવાનો છે-તેનું રહસ્ય તમને સમજાવવાનું છે.

મને એક વખત ઇચ્છા થઇ કે હું પૃથ્વીની પરિક્રમા કરૂં. પણ મારી પાસે કાર્તિક સ્વામી જેવું મયુરનું વાહન નહીં, કે જે માબાપની આજ્ઞાને લઇ ફરવા નીકળ્યા હતા; અને ગણપતિની માફક ઉંદર ઉપર બેસી માબાપને ફેરો ફરી પૃથ્વીની પરિક્રમા થઇ ગઇ, એમ માનવાની મારી રૂચી નહોતી. અને આ મુસાફરી એટલી લાંબી હતી કે હાલમાં વપરાતાં દેશવિદેશનાં વાહનો મને ઓછાં વેગવંતાં જણાયાં. કેમકે મારે તો આખી પૃથ્વી ફરવી હતી ને!

મંગળમય પ્રભાત થતું. એ ભાનુરાજના છડીદારો કુકરેકુક કરતા અને પ્રકાશના આવિર્ભાવ અંધારાના પડદા ચીરીને મારાં આંગણીઆં અંજવાળતા હતા. આંખ ખોલું ના ખોલું ત્યાં તો રથ ખેડતો સારથી સપ્ત અશ્વોને વાયુથી યે અનંત વેગે દોડાવતો. જોતજોતામાં મધ્ય આકાશે એ પહોંચી જતો. મારા પાડોશી કહેતા કે સૂર્યનારાયણ પોતાના રથમાં બેસી પરિક્રમા કરે છે પૃથ્વીની. એ વિંધ્યાચળ ઓથે ભરાય છે અને રાત્રિ પડે છે. એ બહાર ડોકીયું કરે છે ને દિવસનો

ઉદય થાય છે. અવિચળ ગતિથી એ ફર્યાં કરે છે. એ તેજરાશી અને નક્ષત્રપતિએ સ્વશક્તિ અને સત્તાને રથઘોડે અર્પ્યાં છે. એમનો વેગ મહાન છે, એમનું તેજ અનંત છે, એમની શક્તિ અમાપ છે.

અને તે દિવસથી મેં નિશ્ચય કર્યો કે જો હું પરિક્રમા કરૂં તો સૂર્યની સાથે રહીને. એ અનંત તેજ અને અમાપ શક્તિ સાથે શા માટે ન જોડાઉં, કે જ્યાં અંધકાર સ્પર્શે નહીં, નિર્બળતા નિરાશ કરે નહીં!

અને ત્યારથી મેં દૃઢ મનથી પ્રાર્થના કરવા માંડી કે હે સવિતા-નારાયણ! મારો સંકલ્પ સિદ્ધ કરો. આપ મહાન છો, હું અલ્પ છું, પણ મહાન તે અલ્પને મહાન ક્યાં નથી બનાવી શકતા? કહે છે કે પારસમણી લોઢાને સોનું બનાવે છે. ચંદનવૃક્ષ લીંબડા–પીંપળા જેવાં વૃક્ષોને માત્ર વાયુલહરી સાથે પોતાની ખુશબો અને શીતળતા વહાવી ચંદન બનાવે છે. હું ચાહું છું, મને એક પરિક્રમા પૃથ્વીની આપ કરાવો.

આ મારી પ્રાર્થના અને સંકલ્પ દિવસે દિવસે વધુ ને વધુ સબળ બનતા જતા હતા. કેટલીક વખતે તો હું જાગૃત અને સ્વપ્નનો ભેદ ભૂલીને મારા સંકલ્પ અને પ્રાર્થનામાં એટલો તલ્લીન બની જતો કે વાસ્તવિકતાનું ભાન ભુલી જતો. એક વાર રાત્રિએ દૃઢ પ્રાર્થનામય સંકલ્પ સાથે હું નિદ્રાધીન થયો અને મેં એક દૃશ્ય નિહાળ્યું. એ હતું પરોઢની નિદ્રાની સ્વપ્નાવસ્થાનું કે જાગૃતિ પછીની સભાનતાનું, એ બાબતનો નિર્ણય હું જ નથી કરી શક્યો, પણ પ્રથમ મેં અવાજ સાંભળ્યો :

'જીવરાજ! ઓ જીવરાજ!'

અને સફાળો હું ચોંક્યો. જોઉં છું તો મારાં આંગણીયાં અજવાળતા ભાનુરાજ મને બોલાવી રહ્યા હતા. રથ તો વેગમાં વહેતો હતો અને દૂર તો એ એટલા જ હતા કે હમેશાં હું નિહાળતો. છતાંયે આપણા આંગણાની નજીક કોઇ ટહુકો કરે તેટલો નજીક એ શબ્દ મેં સાંભળ્યો અને મેં તેમને સામો પ્રશ્ન કર્યો :

'જી, આપ કોણ મહાનુભાવ છો ?'

'હું છું ભાનુદેવ. ચાલ, જલદી કર. રથમાં આવી જા. તારી અખંડ પ્રાર્થનાથી તને હું બોલાવવા આવ્યો છું.'

'પ્રભુ, પણ કેવી રીતે ?

'તું ચિન્તા ન કર. તારા બન્ને હાથ ઉર્ધ્વ બનાવી જેમ દ્વિજો મારૂં–સૂર્યનું આવાહન કરે છે એવી રીતે ધરી રાખ. મારાં કિરણોની શક્તિથી હું તને ખેંચી લેઉં છું.' મને આજ્ઞા થઇ.

'ભગવાન્ નારાયણ, અસ્તુ !'

હાથની ઉર્ધ્વ ગતિ કરી ઉપરનાં વાક્યો બોલતાં હું પૃથ્વી છાંડી આકાશના અનંત અવકાશમાં સૂર્યભગવાનના રથમાં મારા દેહને જોઇ શક્યો. સૂર્યનારાયણનાં કિરણો અવિચ્છિન ધારાએ મારા માયિક દેહમાં પ્રવેશી મને દીવ્ય બનાવી રહ્યાં હતાં; અને મર્યાદિત મારી ઇંદ્રિયોની શક્તિને વિશાળતા પ્રેરી રહ્યાં હતાં. ફરી એક વખત આજ્ઞાવાહક ઉચ્ચાર ભગવાન તરફથી થયો :

'જીવરાજ !'

'પ્રભુ !'

'પંચભૌતિક દેહધારી તારી શકિત મર્યાદિત છે અને તું સૂર્ય-રથમાં મુસાફરીએ નીકળ્યો છે. એથી તારી એ શકિતને ઢાંકી મારી તેજસ્વીતાના ચોક્કસ અંશો તને અર્પણ કરૂં છું. એથી તું પૃથ્વીના હરકોઇ ભાગમાં જોઇ શકીશ અને સાંભળી શકીશ. તે ઉપરાંત તું દૈવી વિભૂતિઓ સાથે વાતચીત પણ કરી શકીશ. મારા પર્યટનના જ્ઞાનથી પૃથ્વી ઉપરનાં જીવપ્રાણીઓ ઉપર થતી જુદી જુદી જાતની અસરને તું સમજી શકે એ જ્ઞાન તને અપાવવું છે, કે જેથી સઘળા જીવો એ જ્ઞાનના આધારે દીર્ઘજીવી અને શતવર્ષાયુ: બની શકે. સાંપ્રત સમયમાં અજ્ઞાનતાને વશ બનેલા જીવો સારાસારનો ભેદ સમજ્યા વગર પંચ વિષયના વેગમાં વહેતા બની, આયુષ્યને ઘટાડી રહ્યા છે. તેમને ફરી જ્ઞાન પ્રાપ્ત થાય, એ માટે મારી ઇચ્છા હતી કે કોઇ

જીવધારી આ જ્ઞાન મેળવીને જગતમાં તેનો પ્રચાર કરે. અને એ સમયે જ તારી ભાવના મારી ઇચ્છાને અનુકૂળ બની, મેં તને સાથે લીધો. એક વર્ષ સુધી તું મારા રથમાં રહી શકીશ. તને કાળ ભક્ષી નહીં શકે, માયિક દેહના આવેગો–ભૂખ, તરસ, હાજતો સતાવી નહીં શકે. તું થોડા વખત માટે દીવ્ય દેહધારી બન્યો છે. તારી બેઠક તું રથમાં પાછળ રાખ અને રથે છોડેલા પ્રદેશોનું નિરીક્ષણ કરી જ્ઞાન પ્રાપ્ત કરી લે.'

અવાજ બંધ થયો અને મેં પ્રત્યુત્તરમાં કહ્યુંઃ

'પ્રભુ, આપે મારી ભાવનાને મૂર્તિમંત કરી.'

'અસ્તુ.'

વેગ સાથે રથ વહી રહ્યો હતો. મારૂં સ્વરૂપ મને બદલાયેલું જણાતું હતું. પૃથ્વી ઉપર સત્તા જમાવતા અને અસર નીપજાવતા અનેક જડ પદાર્થ અને ચૈતન્ય જીવો, ગ્રહો, નક્ષત્રો અને પંચમુત (પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ) જેવી વિભૂતિઓ મને હવે હસ્તામલકવત્ સમજાતી અને જણાતી હતી.

માર્ગમાંથી મહા નદીઓ, ગિરિરાજો અને ઉદધિ આવતાં અને જતાં હતાં. આવતાંને જોઈ શકતો અને ગયેલાંને–ઘણે દૂર ગયેલાંને જોઈ શકવાની શક્તિ પણ મારામાં આવી હતી. એટલે ખરી વાત કહું તો જાણે મને વિશ્વદૃષ્ટિ પ્રાપ્ત થઇ હોય એમ જણાતું હતું.

વહેતા રથમાંથી એક અનેરૂં દૃશ્ય મેં જોયુંઃ અહાહા! તેમનાં મનોહર સ્વરૂપ, આનંદની મસ્તી, અને ખેલખેલતી ભરયૌવના સમી ૭ સુંદરીઓ! જુદા જુદા સ્વરૂપની, જુદાં જુદાં પટકુળો ધારણ કરેલી, મદમસ્ત ચાલે ચાલતી, અનુક્રમે સરખા અંતરે વિહાર કરતી એ ૭ રમણીઓ પોતાના સ્વભાવયોગ્ય પહેરેલાં પટકુળોથી જાણે પોતાની છાયાથી પૃથ્વીને આવરી લેતી હોય એમ સત્તાધીશ ચાલે એ અનુક્રમે રથની પાછળ પાછળ આવી રહી હોય એમ મેં જોયું અને મારી ઉત્કંઠા વધી. કોણ હશે એ?

પણ મારે એમ અનુમાનો કરવાની જરૂર જ ક્યાં હતી ? ભગવન ભાનુરાજના કૃપાપાત્ર જીવરાજને તો એ દેવની દયાથી હરેક વિભૂતિને બોલાવવાની શક્તિ પ્રાપ્ત થઇ હતી. અને એમની આજ્ઞા પણ હતી કે હું હરકોઇ વિભૂતિ સાથે આસાનીથી વાર્તાલાપ કરી શકું છું, મારી જાણવાની ભાવનાને પૂછીને પોષી શકું છું.

અને એ સ્વભાવની સાથે મેં મારી નીધા સીધી અમારી પાછળ આવતી બાળા તરફ ફેરવી અને એ પણ જાણે મારી સાથે વાત કરવા તત્પર હોય તેમ મારી સાથે તેણે દૃષ્ટિ મેળવી.

મેં પૂછ્યું: 'તમે કોણ છો ?'

'અહો, જીવરાજ ! મને તમે ન ઓળખી કે ?'

'નહીંજી.'

'હું છું સર્વમાન્ય સત્તાધીશ સૂર્ય ભગવાનના પેગંબર સંવત્સર-રાજની માનીતી રાણી હેમંત.'

'ઓહો ! હેમંતરાણી ! વાહવાહ, ત્યારે તો આપ પૃથ્વી ઉપર પધારો છો, નહીં વારૂ ?'

'જી હા. પૃથ્વીનાં જીવો–સર્વ પ્રાણી માત્ર ઉપર મારી સત્તા ચાલવાની છે. અર્થાત સત્તા તો સંવત્સરરાજની છે. પરંતુ સંવત્સર રાજ મારા આશ્રયે કરી સત્તા ભોગવશે. એટલે મારી મારફત પૃથ્વી ઉપર અમલ થશે. મારી બહેન શરદરાણીની સવારી હવે વિદાય લે છે અને ત્યારપછી મારી સત્તા રહેવાની છે. એટલે હું નિકળી ચૂકી છું.'

'ખરેખર તમારી ગતિ (ચાલ) છે તો મજાની, પરંતુ તમે જાણે અતીવ મંદ ગતિથી ચાલો છો ?'

'બરાબર છે, જીવરાજ ! તમારી માન્યતા ખોટી નથી. મારી પૂર્વની બહેન શરદ કરતાં મારી ગતિ મંદ છે. કારણ કે સ્વભાવે હું ઠંડી છું. એટલે મારી ગતિ પણ તેવી જ હોય. અને મારા સ્વભાવ

પ્રમાણે, શરદરાણીના સ્વભાવથી આતશ ભોગવતાં અને તપી ગયેલાં–પિત્ત પ્રકૃતિનાં બની ગયેલાં સર્વને હું ઠંડા બનાવીશ–શીતળતા આપીશ.'

'ત્યારે તો માનવી–પ્રાણી ઠંડાં બનશે એટલે આપના પ્રતાપે નબળાં પડશે ?'

'નહીં, નહીં. મારો કહેવાનો હેતુ તમે ન સમજ્યા, જીવરાજ ! ઠંડક એ કાંઇ નબળાઇની નિશાની નથી. મારી સત્તા શરૂ થવા પછી તો સૂર્યનારાયણ પૃથ્વીથી સહેજ વક્રતાભરી ગતિએ પ્રદક્ષિણા લે છે અને ટંડી પડવી શરૂ થાય છે. અને એને લઇને માનવીઓનાં શરીરની ચામડીનાં છિદ્રો સંકોચાઇ જાય છે. એથી શરીરમાં પેદા થયેલી ગરમી બહારની ઠંડીને લઇ શરીરમાં સચવાઇ રહે છે, અને તે દિનપ્રતિદિન વધતી જાય છે. એ સાચી ગરમાઇ સચવાવાથી જઠરાગ્નિ બળવાન અને વિશેષ સતેજ બને છે, અને જઠરાગ્નિ બળવાન બનવાથી મનુષ્યોએ ખાધેલા ખોરાકો વધુ હજમ થાય છે.

'અને તે ખોરાકોમાં સ્નીગ્ધ પદાર્થો, સુકા મેવાઓ અને વસાણાં વગેરે વિધવિધ ખોરાકો જો માનવીઓ મારા અમલ વખતે લેવાની શરૂઆત કરે છે તો તેમને તે પચે છે. અને તે પચવાના કારણે શરીરમાં બળની વૃદ્ધિ થાય છે. તેને બદલે જે આવા પૌષ્ટિક ખોરાકો નથી મેળવી શકતા તેમના બળની હાનિ થાય છે.'

'ત્યારે તો હેમંતરાણી ! તમે ગરીબ માનવીઓનાં નહિ. તમે કહેલા ખોરાકો તો ધનવાન કે ગૃહસ્થ જ લઇ શકે.'

'એવું કાંઇ જ નહિ. પૌષ્ટિક તત્ત્વો માત્ર" મોંઘી ચીજોમાંથી મળી શકે છે એવું કાંઇ નથી. ઘણી સસ્તી ચીજોમાં પણ શરીરને પુષ્ટિ આપનાર પુષ્કળ દ્રવ્યો હોય છે.'

'ત્યારે એવાં દ્રવ્યો સંબંધે કાંઇ તમે સમજાવશો ?'

'વિગતવાર તો હું એવું સમજાવી શકતી નથી, પરંતુ મારી હાજરી વખતે માનવી તરફથી ઉપભોગ કરાતા પદાર્થોમાંથી જે પદાર્થોમાં મીઠો, ખાટો, અને ખારો રસ છે, એ ત્રણ રસનું સેવન

કરનાર વધારે તંદુરસ્તી મેળવી શકે છે. એટલે એ રસો મારા અમલ વખતે વધુ પથ્ય છે.'

'એટલે આપના અમલ વખતે મનુષ્યના શરીરને આ ત્રણ રસની જ જરૂર છે, એમ જ ને?'

'તમે ન સમજ્યા, જીવરાજ! મનુષ્યના શરીરમાં તો હરદમ છયે રસોની નિયમિત જરૂર હોય છે. પરંતુ અમે છ ઋતુરાણીઓ જુદા જુદા વખતે અમલ ભોગવીએ ત્યારે અમારા સ્વભાવ અને ગુણની અસર મનુષ્યો ઉપર થાય છે, અને તે અસરના પરિણામે શરીરને ન્યૂનાધિક રસોની ખોટ પડે છે. કારણ કે તમે જુઓ છો ને કે અમારા સ્વભાવ હરેકના જુદા જુદા છે. અમે કેટલાક રસોનું શોષણ કરીએ છીએ અને કેટલાકનું પોષણ કરીએ છીએ. એટલે મારી જ વાત લ્યોને. હું હેમંત. મારી હવા વખતે માણસ જો મીઠો, ખાટો અને ખારો આ રસવાળા પદાર્થ સેવન કરે તો તેના શરીરને પોષણ અને વૃદ્ધિ સારી મળે અને આ ત્રણ રસ તેને વધુ માફક પણ આવે.'

'બરાબર, હવે સમજ્યો. તમારા અમલ વખતે જો માનવી મીઠો, ખારો ને ખાટો રસ જે પદાર્થમાંથી વધુ મળે છે તે પદાર્થોનું સેવન કરે તો તેને વધુ સુંદર અસર થાય, એમ જ ને?'

'હા, એમ જ. પણ જરાક હજી થોડું વધુ સમજાવું. તમે એ તો સમજ્યાને કે મેં ત્રણે રસોનો નિર્દેષ કરતાં પ્રથમ મીઠો, પછી ખાટો અને પછી ખારો મુકયો. એ અનુક્રમમાં પણ કાંઇ સમજવા જેવું છે, તે સમજી ગયા છો ને?'

'ના બાઇસાહેબ, હું તો સમજેલો કે એ ત્રણ રસો વધુ મળે તે પદાર્થ વાપરવા.'

'એમ નથી. જુઓ, મીઠો રસ વધુ જરૂરી છે. ખાટો રસ એથી ઓછો અને ખારો એથી પણ ઓછો. એટલે જે પ્રથમ મુકાય તેનું પ્રમાણ વધુ સમજવું જોઇએ. વળી એ પણ તમને સમજાવું કે મારા અમલના દિવસો ૬૦ છે. તેના ત્રણ ભાગ પાડી નાંખતાં વીશ

વીશ દિવસો દરેક ભાગે આવે. એટલે પ્રથમ વીશ દિવસમાં મીઠો રસ વધુ સેવન કરવામાં આવે તો મારી બહેન શરદના પ્રતાપે રહ્યું સહ્યું પિત્ત પ્રકોપ પામેલું હોય તેનું મીઠા રસથી શમન થઇ જાય; અને ત્યારપછી ખાટો અને છેલ્લા વીશ દિવસમાં ખારો, એમ ઉત્તરોત્તર રસોને પ્રાધાન્ય આપી સેવન કરવાની રીત સમજે તો પિત્ત–વાત–કફનું શમન થાય. તેની સાથે આ ત્રણ રસોની યુક્તિ એક બીજી રીતે પણ સમજવા જેવી છે. તમે મનુષ્યો ભોજન કરવા બેસો, તેમાં મીઠો રસ–મિષ્ટાન પ્રથમ ખાઓ, ખાટી ચીજો વચમાં લ્યો અને છેવટ ખારી ચીજો ખાઓ. એ રીતે પણ મીઠો, ખાટો, ખારો રસ મેળવી શકાય છે.

'મધુર પદાર્થથી કફ વધે છે અને કફ વધે તો જ બળવાન જઠરાગ્નિ અને વાયુને સમાનતામાં રાખી શકે અને રસાદિક સપ્ત ધાતુને બાળી શકે નહીં. કારણ કે મારા અમલમાં જઠરનો અગ્નિ વિશેષ બળવાન હોવા છતાં મધુર રસ ઉપરાંત ખાટા અને ખારા રસ ખાવાનું કહ્યું છે તેનો હેતુ એ છે કે ખાટા અને ખારા રસ સિવાય એકલો મધુર રસ રૂચી કરતો નથી. એટલે જ મધુર રસ પ્રધાન રાખી સાથે ખાટા–ખારા રસને સેવવાનું કહેવામાં આવે છે.

'અને એમ કરવામાં આવે તો શરદ ઋતુમાં પેદા થયેલ અને પછી બાકી રહેલા શરીરના પિત્તનું શમન થાય. તે પિત્તશમન મધુર રસ કરે છે. ખાટા રસથી શીતકાળને લીધે પ્રકોપ પામતા વાયુની શાંતિ થાય છે અને ખારો રસ મધુર રસના સેવનથી વધેલા વધુ પડતા કફને શાંતિ આપે છે.

'આ ક્રમને નહિ સમજનાર મધુર રસનો ત્યાગ કરી સીધા ખાટા–ખારા રસોનું સેવન કરવા લાગે છે તો પછી એથી મનુષ્ય-શરીરમાં હાનિ થાય છે અને શરદનું શમન કરવા યોગ્ય પિત્ત ઉશ્કેરાય છે, અને એના પરિણામ રૂપે તમે જોયું હશે કે ભાદરવા-આશોમાં પિત્તજ્વર પ્રસર્યો હોય છે, તેમાં સપડાયેલા માણસો કાર્તિક

માસ બેસી જવા છતાં તેમના પિત્તજ્વરથી છુટતા નથી. અને અમારી સત્તાનો બદલો થવા છતાં જ્યારે પિત્તપ્રકોપ બાકી રહે છે ત્યારે માનવીઓ મુંઝાય છે : 'ભાઇ, આ શરદ ઋતુ તો ગઇ અને હેમંત આવી, તો પણ લોકોમાં તાવના વાયરા મટયા નહિ ?' કયાંથી મટે ? અમે બદલાઇએ તેમ આહારવિહારમાં પણ અમારા આગમન સાથે ફેરફાર કરવો જ પડે. એ જે સમજે નહિ તે દુઃખી થાય.'

'ઠીક કહ્યું, હેમંતરાણી ! હવે તમારી રસોની સમજાવટ બરાબર સમજાય છે. પરંતુ આ રસો એ શરીરના વાત, પિત્ત, કફ ઉપર સીધી અસરો નીપજાવે છે એ વાત ચોક્કસ થઇ. ત્યારે તમે કહેલ મધુર, ખાટો અને ખારો એ ત્રણે રસ સીધી રીતે શરીર ઉપર જે ફેરફારો નીપજાવે છે તેને જરા સમજાવશો ?'

મીઠો રસ

'જરૂર તમને સમજાવું. પ્રથમ આપણે મધુર રસ લઇએ. મધુર રસ એટલે મીઠો, રસ ઠંડો છે, ધાતુને, સ્ત્રીના દુધને અને બળને વધારનાર છે, આંખોને હિતકર્તા છે, વાત તથા પિત્તનો નાશકર્તા છે, શરીરને ભરે છે, ક્ષીણ થયેલાને—વૃદ્ધને ફાયદો કરનાર છે, શરીરના વર્ણને સુધારે છે, ઓજ, ઇંદ્રિયો, વાળ, વગેરેને ઉત્તેજન આપે છે, પુષ્ટિ આપનાર છે, કંઠને સારો કરે છે, ભાંગેલા હાડને સાંધે છે, વિષને હરે છે, સ્નેહ, પ્રીતિ તથા આયુષ્યને આપનાર છે.

'આ મધુ રસના ગુણો અને માનવી ઉપર થતી તેની અસર. પરંતુ એ પણ સમજવું જરૂરી છે કે જેમ હરકોઇ પદાર્થ ગુણ કરે છે તેમ તેનામાં દુર્ગુણ પણ હોય છે. હદ વટાવી કીધેલું અમૃતનું સેવન પણ ઝેરરૂપ બનવાના દાખલા બને છે. એટલે મધુર રસમાં આવા ગુણો હોવા છતાં તેનું યુક્તિયુક્ત અને પ્રમાણમાં રહી સેવન કરવું ઘટે. નહિ તો મધુર રસ વધુ પડતો સેવન કરવાથી જ્વર પેદા કરે છે, શ્વાસરોગ થાય છે, ગળગંડ, અર્બુદરોગ, કૃમી,

મેદ, અગ્નિમાંધ, પ્રમેહ અને વીશ જાતનાં કફનાં દર્દોને પેદા કરે છે. જેમ વધુ પડતો મધુર રસ સેવનારને ઉપર કહેલાં દર્દો થવાનો સંભવ રહે છે તેમ એવાં દર્દોથી પીડાતો હોય તેવા માનવીએ પણ મધુર રસ સેવવો ન જોઇએ.

ખાટો રસ

'ખાટો રસ પાચનશક્તિ વધારનાર, રૂચી ઉત્પન્ન કરનાર, લોહી વધારનાર, હલકો, શરીરમાં ચોટેલા પદાર્થોને ઉખેડનાર, ખાવામાં ઉષ્ણ, સ્પર્શ કરવામાં શીતળ, શરીર માંહેના પદાર્થોને ગાળવાવાળો, પવનને હરનાર, જલદ તથા પેટના દુઃખાવાને મટાડનાર અને મળબંધને દૂર કરનાર છે.

' અને જયારે એ ખાટા રસવાળા પદાર્થનું વધુ સેવન કરવામાં આવે છે ત્યારે તે દુર્ગુણ કરે છેઃ શુક્ર અને ધાતુનો નાશ કરે છે, આંખની શક્તિને ઓછી કરે છે, દાંતને અંબાવે છે, રૂવાંટી ઉભી કરે છે, ભ્રમ, તૃષા, દાહને પેદા કરે છે, આંખે અંધારાં લાવે છે, શરીર ઉપર ખુજલી પેદા કરે છે, ફીકાશ વધારે છે, તાવ લાવે છે, રતવા પેદા કરે છે, રસીવાળાં ગુમડાં અને ચામડીના રોગ, વિસ્ફોટક, અઢાર પ્રકારના કોઢ અને શરીરના સડા પેદા કરે છે.

ખારો રસ

' આ ખારો રસ શોધન કરનાર, રૂચી ઉત્પન્ન કરનાર, વાત, પિત્ત તથા કફ ત્રણે દોષને હરનાર અને શરીરને કોમળ કરનાર છે.

' પરંતુ એ જ ખારા રસનું વધુ સેવન કરવાથી તે પુરૂષત્વને હરી લે છે, શરીરને શીથીલ અને મંદ બનાવે છે, બળને હરે છે, કંઠમાં તથા માથામાં દાહ પેદા કરે છે, આંખોને પકવનારો અને રક્તપિત્ત એટલે શરીરનાં છિદ્રો વાટે લોહી પડવાનો રોગ પેદા કરે છે તથા શરીરે શીળશ જેવાં ઘ્રામઠાં ઉપડે છે એવા રસવિકારને ઉત્પન્ન કરનાર છે. ઘા વાગ્યો હોય તેમાં પીડા કરનાર, ચામડીમાં વળીયાં પાડનાર,

વાળને વહેલા ધોળા કરનાર, માથામાં ટાલ પાડનાર, અઢાર જાતના કોઢ પેદા કરનાર, તૃષાનો રોગ પેદા કરનાર, ખાટા રસનો અનીયોગ બને છે.'

'હેમંતરાણી, આહાર સબંધમાં રસોની યોજના વિષે તમે સરસ સમજુતી આપી, પરંતુ તમારા સામ્રાજ્ય વખતે કાળજી રાખવા જેવા સઘળી જાતના નિયમો તરફ તમે જો આંગળી ચીંધો તો માનવીઓને તે સમજવું અને આચરવું વધારે અનુકૂળ બને.'

'બરાબર છે, જીવરાજ! કેટલીક વખત અજ્ઞાનતા એ જ ઉપાધિનું મૂળ હોય છે અને એ ઉપાધિ કેટલીક વખત જાણવા છતાં પ્રમાદ કરવાથી પણ આવે છે. એટલે અજ્ઞાનતા ઉપર પ્રકાશ તો હું જરૂર પાથરી આપું. અને જો પ્રમાદરહીત બની માનવીઓ તેને આચારમાં મૂકે તો સુખી થાય.

'મારો—હેમંતનો આવિર્ભાવ થતાં સવારમાં દરરોજ મળમુત્રનો ત્યાગ કરી માનવીએ તૈલાભ્યંગ કરવું જોઇએ. 'તૈલાભ્યંગ કરવું' એ મારો કહેવાનો હેતુ છે. પરંતુ મળમૂત્ર ત્યાગ કરવાની એટલા માટે સૂચના આપું છું કે વિના મળત્યાગે તૈલાભ્યંગ કરવું નુકસાનકર્તા છે. એટલું સૂચન કરીને તૈલાભ્યંગ કરવા સૂચવું છે.

'તૈલાભ્યંગ એ તો સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ થાય છે તેલ શરીરે ચોળવું તે. બીજી ઋતુઓ કરતાં ઠંડીની ઋતુમાં ઠંડીના હિસાબે નાડીઓનાં મુખ સંકોચાય છે અને રોમછિદ્રો સાંકડાં થાય છે. તે વખતે એટલે ઠંડીની મોસમમાં તેલમાલીસ ઘણું ઉપયોગી છે. જો કે દુનિયાના ઘણા પ્રદેશોમાં તૈલાભ્યંગ સારી રીતે થાય છે અને ગુજરાત જેવા પ્રદેશમાં તૈલાભ્યંગ તરફ બીલકુલ નજર ગઈ હોય તેમ જણાતું નથી. એટલે તૈલાભ્યંગના ફાયદા હું તમને જરા છૂટથી સમજાવીશ.

'તેલ શરીરે માલીસ કરવાથી ચામડીને મુલાયમ બનાવવી અથવા ચમકદાર એ જ માત્ર તેનો હેતુ નથી. પરંતુ તૈલાભ્યંગથી ઘણા રોગો

પણ મટી જાય છે. તેલમાલીસ સમજી–વિચારી કરવામાં આવે તો તે આયુષ્યવર્ધક અને જીવનતત્ત્વનું સ્થાપક મનાય છે. પ્રાચીન કાળમાં તેલમાલીસ કરવું એ હરેક માનવીના નિત્યકર્મ તરીકે નિયુક્ત હતું, અને પ્રાચીન ગ્રંથો તો અન્નભક્ષણથી જે બળ પ્રાપ્ત થાય છે તેના કરતાં તેલમાલીસથી ચાલીશગણું બળ પ્રાપ્ત થવાનું જણાવે છે. જેમકે

'अन्नादष्ट गुणं मिष्टं मिष्टादष्ट गुणं पयम् ।
पयादष्ट गुणं मांसं मांसादष्ट गुणं घृतम् ।
घृतादष्टं गुणं तैलं मर्दयेन्नतु भक्षयेत् ॥'

'અર્થાત અન્નથી આઠગણો ગુણ આટામાં છે. આટાથી આઠ-ગણો ગુણ દુધમાં છે. દુધથી આઠગણો ગુણ માંસમાં છે. માંસથી આઠ ધણો ગુણ ઘીમાં છે અને ઘીથી આઠ ગણો ગુણ તેલમાં છે. પરતુ તેલ ખાવામાં નહીં પણ મર્દન–માલીસ કરવામાં છે. તેલમાલીસના ફાયદા સબંધમાં 'અષ્ટાંગ હૃદય'માં લખે છે :

'विष मूर्छा मदाती नाम पथ्यं शोषणामपि ।
अभ्यंगमाचरेन्नित्यम सजरा अमवातहा ॥
दृष्टिः प्रसाद पुष्टायुः स्वप्न सुत्वक दाढयकृत् ।
शिरः श्रवण पादेषु तं विशेषेण शीलयेत ॥'

'અથાત તેલમાલીસથી વૃદ્ધાવસ્થા, વાતરોગ અને પરિશ્રમનો નાશ થાય છે, આંખની જયોતી, આયુષ્ય અને સૌંદર્યની વૃદ્ધિ થાય છે અને બળ વધે છે. માલીસ સર્વાંગે કરવાની જરૂર છે. પરંતુ શિર, કાન અને પગે ખાસ કરવું જોઇએ.

'જ્યારે શરીરમાં નત્રજનીય પદાર્થ વધી જાય છે, ઓસજન–ઓકસીજન (પ્રાણવાયુ)નો અભાવ થાય છે, તેમ જ લવણ અતિ અધિક થવાથી બુઢાપો આવે છે, ઓસજન (ઓકસીજન) ફેફસાંદ્વારા

શરીરમાં જાય છે, તે સમયે તેલ માલીસ કરવાથી ચામડી દ્વારા ઓક્સજન ગ્રહણ કરનારી શક્તિ વધે છે અને શરીરનાં ' સેલો 'ને નવી શક્તિ અથવા ભોજન પ્રાપ્ત થાય છે અને તે શરીરને બુઢાપાનું શિકાર બનવા દેતું નથી. કારણ કે તેલમાં ' પોરસ ' (Porous) નામનો ગુણ છે. આ ગુણ ચામડીનાં રોમ–કુપ દ્વારા પ્રવેશ કરીને અવયવને મદદ પહોંચાડે છે.

' મનુષ્યશરીરમાંનાં જે ' સેલો ' પરિશ્રમ કરવાથી તુટી જતાં હોય છે અથવા મૃતપ્રાયઃ બનતાં હોય છે તે ' સેલો ' તેલમાલીસથી પુનર્જીવન મેળવે છે. તેમ જ શરીરની આવશ્યક ચીકાશ તથા શર્કરા પરિશ્રમથી ઘટતી જાય છે તે પણ તેલમાલીસથી ફરી પ્રાપ્ત થાય છે. તેમ જ ઠંડીની મોસમમાં ચામડીમાં આવેલી રૂક્ષતા તથા ચામડીમાં પડતી ફાટને તેલમાલીસ બંધ કરે છે.

' પૂર્વકાલીન અભ્યંગ ચિકિત્સામાં જણાવવામાં આવ્યું છે કે સ્ત્રીઓનાં ડીમ્બકોષોની પુષ્ટિ માટે તેલ માલીસ કરવું અને પુરૂષોનાં વીર્ય કીટાણુંની પુષ્ટિ માટે ઘી માલીસ કરવું. આ ચિકિત્સાનો ઉદ્દેશ સમજીને પુરા ઢંગથી માલીસ કરવામાં આવે તો ખરેખર આવશ્યક લાભ ઉઠાવી શકાય છે.

' માલીસનાં સ્થાન મસ્તક, કાન અને પગ ખાસ કરીને બતાવ્યાં છે તેમાં પણ ખાસ હેતુ છે. શિરના બાલોમાં જ્યારે ' ફોસફેટ ઓફ લાઇમ ' વધવા લાગે છે ત્યારે બાલ સફેદ બનતા જાય છે અને ' ઓક્સજન ' તથા ' સલ્ફર 'ની કમી પડતી જાય છે. જ્યાંસુધી 'ઓક્સજન' અને 'સલ્ફર' યથેષ્ટ પ્રમાણમાં હોય છે ત્યાંસુધી બાલ કાળા રહી શકે છે અને મસ્તિષ્ક સારૂં કામ કરી શકે છે. તેલ-માલીસથી ઓક્સજનની પુરતી થતી રહે છે, રક્તનો પ્રવાહ ઠીક પ્રમાણમાં વહન કરતો થાય છે.

' કાન ઉપર તેલ માલીસ કરવાથી એ લાભ થાય છે કે કાનની આસપાસમાં રક્તકેશિકા અથવા રક્તવાહિની શિરાઓ વધુ પ્રમાણમાં

છે અને તે ઘણી ઝડપી રીતે માલીસનો લાભ ઉઠાવીને કાન, નાક, અને આંખનાં અંતરાવયવને મદદ પહોંચાડે છે. કારણ કે કાન, નાક અને આંખને પરસ્પર ઘણો નજીકનો સંબંધ છે.

'પગ ઉપર માલીસ કરવાથી હૃદયને તાકાત મળે છે. કારણ કે પગમાં શિરાઓનો સમુહ છે તેને હૃદય સાથે સંબંધ છે. હૃદય રોગમાં પગના સોજા આવે છે. એ ઉપરથી પગ સાથે હૃદયનો કેટલો નજીકનો સંબંધ છે તે જાણી શકાય છે.

'માલીસના પણ બે પ્રકાર છે. સુખી–સુકી માલીસ અને તર માલીસ.

'તેલ માલીસ કરનાર પ્રથમ જો સુકી માલીસ કરી તેલ માલીસ કરે તો અનેક ગણો લાભ થાય છે. સુકી માલીસ એટલા માટે કરવાની જરૂર છે કે માનવીની ઉપરની ચામડીનો કેટલોક ભાગ નિર્જીવ તથા બહારનાં દ્રવ્યોથી વેષ્ટિત બનેલો હોય છે અને તેની નીચે રોમકુપ અને છિદ્રો આવેલાં હોય છે. એટલે પ્રથમ સુકી માલીસ અને ત્યાર પછી તેલ માલીસ કરવું એ વધુ હિતકારી છે.

'સુકી માલીસ એને કહેવામાં આવે છે કે પ્રથમ જાડો ખાદીનો સ્વચ્છ કપડાનો ખડબચડો ટુવાલ અથવા ટુકડો લઇ શરીરના દરેક ભાગ ઉપર ધીરે હાથે ઘસવો, અને તે ઝડપથી ઘસવો કે જેથી ચામડી ઉપરનો કેટલોક નિર્જીવ ભાગ દૂર થઇ જઇ અંદરનો ભાગ ખુલ્લો થાય છે અને ચામડીમાં આવશ્યક ગરમી આવી જાય છે. ત્યારપછી તેની ઉપર તેલ માલીસ કરવું જોઇએ.

'સુખી માલીસથી ઘણા ફાયદા થાય છે અને લોહી ઝડપથી વહેવા લાગે છે. તે દીર્ઘાયુઃ બક્ષનાર છે અને શરીરમાં પુષ્ટિ આપે છે.

'સાપ એક હજાર વર્ષ જીવે છે એમ મનાય છે. એ શા માટે? એ પોતાની નિર્જીવ ચામડી બદલી–કાંચળી ઉતારીને કાયાકલ્પ કરે છે અને દીર્ઘ શ્વાસોચ્છવાસ લેવાની ક્રિયા સારી રીતે જાણે છે.

તેમ જે માનવી પોતાની કાંચળી ઉતારવાની ક્રિયા સુકી માલીસ દ્વારા કરતો રહે તો એ પણ લાંબું આયુષ્ય ભોગવી શકે છે.

'તેલ માલીસ માટે કયું તેલ ઉત્તમ એ એક પ્રશ્ન સહેજે ખડો થાય છે. તલનું તેલ, સરસીયું તેલ, કોપરેલ તેલ અને બદામનું તેલઃ આ ચારે તેલો માલીસ માટે લેવાં ઠીક છે. પરંતુ બદામનું તેલ ઉત્તમ હોવા છતાં મોંઘુ પડે છે એટલે બાકી રહેલાં તેલ સહેલાં અને સસ્તાં છે.

'અને સામાન્ય નજરે બધાંથી સારૂં તલનું તેલ છે. હરેક પ્રકૃતિનો વિચાર કરતાં તલનું તેલ વધુ અનુકૂળ જણાય છે. છતાં બંગાળ પ્રાંતમાં બંગાલીઓ ખાસ કરીને સરસીયું તેલ ખાય છે અને તેનું માલીસ પણ છુટથી કરે છે. બિહારમાં પણ સરસીયા તેલનો વધુ ઉપયોગ છે; જ્યારે ત્રાવણકોર અને મલબારના પ્રદેશોમાં કોપરેલ માલીસ માટે વપરાય છે. બાકીના પ્રાંતોમાં તલના તેલનું માલીસ કરવાનો રીવાજ છે. આ તો જાણે પ્રાંતીયતા થઇ. કદાચ તે તે તેલોની વધુ પેદાશને અંગે એ તેલોની વપરાશની રૂઢી દાખલ થઇ ગઇ હશે. પરંતુ આપણે સામાન્ય નજરે તો તલના તેલને વધુ પસંદ કરી શકીએ. સરસીયું તેલ ઉષ્ણુ છે અને વાતવ્યાધિ કે વાયુ-પ્રકૃતિવાળાને તલના તેલ કરતાં તે વધુ અનુકૂળ બને. કોપરેલ તેલ પણ ગરમ તો છે જ. એટલે તેલની પસંદગી માનવીની ઇચ્છા ઉપર છોડી આપણે બીજો એક વિચાર કરીએ.

'માલીસ માટે વાપરવામાં આવતા તેલને વનસ્પતિઓ નાંખી તૈયાર કરીને તે માલીસ કરવામાં આવે તો ?

'જો કે આયુર્વેદમાં લાક્ષાદિ તેલ, નારાયણુ તેલ, અને મહા નારાયણુ તેલ, જેવી તેલોની અનેક બનાવટો તૈયાર કરવાની રીતો છે. પરંતુ એ તેલો તો ખાસ વ્યાધિ પરત્વે સૂચવાયાં છે. એટલે હમેશના માલીસ માટે વાપરવાના તેલમાં કોઈ વનસ્પતિ નાંખવાની ખાસ જરૂર નથી, અને જેટલા ગુણો તેલમાં જોઇએ તે તો તેમાં સ્વતંત્ર રીતે જ વિદ્યમાન હોય છે. બીજો એક પ્રશ્ન તેલને સુગંધયુક્ત

બનાવી માલીસ માટે વાપરવા સંબંધે ઉભો થાય છે. ખરી રીતે માલીસના તેલમાં સુગંધની જરૂર નથી. છતાં જેમની ઇચ્છા સુગંધયુક્ત તેલમાલીસ કરવાની હોય તેમને એ સૂચના કરી શકાય કે તેલમાં સુગંધીમાન ગુલાબ, ચંબેલી, મોગરો, જુઇ–જેવાં પુષ્પો નાંખી તડકામાં કેટલોક વખત એ તેલ રહેવા દઇને પછી ગાળીને ઉપયોગમાં લેવાથી મીઠી અને ઘેરી ખુશબો તેલમાં આવી જાય છે. છતાં ખાસ તેલમાલીસ માટે જ વિશિષ્ટ પ્રકારનું તેલ બનાવી વાપરવાની ઇચ્છા હોય તેમને નીચે પ્રમાણે તેલ બનાવી વાપરવાથી ખુબ આનંદ મળશે અને સોનામાં સુગંધ ભળશે.

માલીસ તેલ

'છડીલો, મોથ, કચુરો, પાંદડી, ગુલાબ ફુલ, ચંદનનો ભુકો, નાની એલાયચી, ચંપાની કળી, ધાણા, ખસ, સુગંધી વાળો, કપુર, ભાંગરો અને બ્રાહ્મિ, આ સર્વે ઓસડીઆં એક એક તોલો અને તલનું તેલ રતલ ૩.

'પ્રથમ ઉપરનાં ઓસડીઆં આખાં પાખાં બોરકુટ જેવાં ખાંડી તેલમાં મેળવીને, તે તેલ એક મોટા બાટલામાં ભરી બાટલાનું મોઢું બરાબર પેક કરવું કે જેથી અંદર હવા દાખલ થાય નહીં. અને પછી તેને અગાસીમાં કે જ્યાં દિવસનો તાપ અને રાત્રિનાં ચંદ્રકિરણો પડી શકે તેવી જગ્યામાં ૪૦ દિવસ રાખી મુકીને પછી કપડે ગાળી આ તેલનું માલીસ કરવું.

'સુગંધ ભેળવવાની લાલચે કદાપિ બજારમાં મળતાં હેર ઓઇલની શરીર ઉપર કે મસ્તક ઉપર માલીસ કરવા લલચાવું નહીં. કારણ ક સુગંધ ઉત્પન્ન કરવા માટેનાં એસેન્સ જેવાં દ્રવ્યો શરીરને ઘણી હાનિ પહોંચાડે છે

'તેની સાથે તેલમાલીસની રીત પણ જણાવવી જરૂરી છે. કેટલાક કસરતબાજો અને પહેલવાન કહેવરાવતા માનવીઓ જે રીતે

માલીસ કરે છે તે રીતનું માલીસ સામાન્ય માણસને હાનિકર્તા છે. પ્રબળ જોરથી કરેલું માલીસ સહન થતું નથી અને તે રક્તાભિસરણમાં ખલેલ પહોંચાડે છે. કદાચ વધુ પડતી કસરતના પરિણામે સખત મસલ્સ (સ્નાયુ) ધરાવનાર પહેલવાનોને સખત હાથે માલીસ કરવાની જરૂર રહેતી હશે. પરંતુ સામાન્ય માલીસનો ઉદ્દેશ એ છે કે ચામડીનાં છિદ્રો દ્વારા તેલને શરીરની અંદર પચાવવું. એટલે સ્વયં અથવા બીજા માનવી દ્વારા, અતિ ધીમે નહીં તેમ અતિ જોરથી નહીં, એમ શરીર ઉપર ઉલટ–સુલટ, ચઢ ઉતરથી માલીસ કરવાથી ચામડીમાં ગરમી આવે છે અને લોહી વેગથી શરીરમાં ફરવા લાગે છે.

'માલીસ કરવું ઘણું કરી સવારે શૌચાદિ ક્રિયા કર્યા પછી ભૂખ્યા પેટે જ વધારે હિતકર્તા છે. કયારેક ખોરાક લીધાને ચારથી છ કલાક વીતી ગયા હોય એટલે બપોરે ખોરાક લીધા પછી લગભગ સાંજે માલીસ કરાવે તો પણ ચાલે.

'માલીસ કર્યા પછી તુરત જ સ્નાન કરવું ઠીક નથી. પરંતુ માલીસ કર્યા પછી અર્ધાથી એક કલાક વીતી જાય ત્યારપછી સ્નાન કરી લેવું એ સારૂં છે. તેલની સરીર ઉપર રહી ગયેલી ચીકાશને દૂર કરવા માટે ચણાનો લોટ શરીર પર મસળીને સ્નાન કરવું એ વધુ ઠીક છે. એથી શરીર ઉપરનો મેલ પણ દૂર થાય છે.

'માત્ર ચણાનો લોટ લગાડવાથી સંતોષ ન થાય તો ચણાનો લોટ, વાળો, સુખડ, કપુરકાચલી અને કચોરો–આ વસ્તુ પૈકી ચણાનો આટો ચાર ભાગ અને બીજી ચીજ એક ભાગ એ રીતે મેળવી પાઉડર કરી તેને જરી તેલનો કરમો દઇને ડબ્બામાં ભરી રાખી. સ્નાન કરતી વખતે આ પાઉડર લગાડી સ્નાન કરવાથી તેલની વધુ પડતી ચીકાશ ચામડી ઉપર હોય તો તે દૂર થાય છે, ચામડી કોમળ–સુંવાળી બને છે, તેની ઉપર થતા ખીલ અને ફોલ્લી–ફુનસી દૂર થાય છે. તેની સાથે સાબુ લગાડવાને કારણે ચામડી ઉપર થતા

ગેરફાયદાથી પણ શરીરનું રક્ષણ થાય છે, તેવો આ ગુણકારી અને સસ્તો પાઉડર બને છે.

'તૈલાભ્યંગની બાબતમાં ઘણા માણસોનું બહુ લક્ષ નથી એટલે મારા અમલમાં તેની જરૂરીયાતો સંબંધમાં મારે આટલી છૂટથી તૈલાભ્યંગ સંબંધમાં વિવેચન કરવું પડયું છે.

'હવે જીવરાજ ! હું તમને આગળ જણાવું. મારી સત્તા જયારે પૃથ્વી ઉપર પ્રવૃત્ત હોય ત્યારે જેટલી તૈલાભ્યંગની જરૂરીયાત સમજાવી તેટલી જ કસરત અથવા વ્યાયામની જરૂર છે. બીજી બધી ઋતુ કરતાં મારા અમલમાં જે માનવી સમજી-વિચારી કસરત શરૂ કરે છે અને તેને અભ્યાસપૂર્વક આગળ વધારે છે તો તેનું શરીર વધુ સુદઢ અને વધુ નીરોગી બને છે. શ્રોત્રોને કુણાં કરવા માટે, રક્તાભિસરણ સારી રીતે થાય તે માટે અને સ્નાયુબદ્ધ શક્તિશાળી અને પ્રભાવશાળી શરીર બનાવવા માટે, હરેક માનવીને કસરતની અનિવાર્ય આવશ્યકતા છે. જયારથી માનવીઓ બેઠમલીઆ થઇ ગયા અને શારીરિક મહેનત અને પરિશ્રમ ઓછો થઇ ગયો ત્યારથી જ લોકોનાં શરીર વધુ રોગગ્રસ્ત બનતાં ગયાં; તથા શરીર વધુ નાજુક, શક્તિહીન અને માયકાંગલાં થઇ ગયાં. પડછંદ, પહાડી અને બળવાન શરીરધારી જ સંસારમાં પોતાના પ્રભાવને જમાવી શકે છે અને આત્મરક્ષા કરી શકે છે. વૈભવ અને દૌલત ગમે તેટલાં હોય પરંતુ જેમનું શરીર પ્રભાન્વિત નથી, એવાં બટુકડાં શરીરધારી માનવીની કોઇ કીંમત નથી. એટલે શરીરને, બાંધાને તથા ઋતુને અનુકૂળ કસરત હરેક મનુષ્યે કરવી જ જોઇએ. દંડ, બેઠક, મુદગળ, તેમ જ પાણીમાં તરવા જેવી કસરતો મારા અમલમાં થઇ શકે છે.

'સ્નાન કર્યા પછી કપાળમાં કેશર, સુખડ, અગર, કસ્તુરી જેવા પદાર્થોથી તૈયાર કરેલું ચંદન ભાલપ્રદેશમાં લગાડવું.

'તમે પૂછશો, જીવરાજ ! કે હેમંતરાણી, આ ધાર્મિક ટીલાં ટપકાંની બાબત વળી તમે આ તંદુરસ્તીની ચર્ચામાં ક્યાં ઉમેરી? પણ એમ નથી.

'કપાળમાં ચંદનનાં તીલકો કરવા પાછળનો ખરો હેતુ તો ઘણું કરીને જુદા જુદા ધર્મના અનુયાયીઓ પણ સમજતા નથી હોતા. અને ટ્રેડમાર્કો જેમ ધર્મના હોય તેમ કોઈ ઉભું ગાજરીયું કે આડો ચીપીઓ તાણવા પૂરતું જ સમજી બેઠા છે! ચંદનની શરૂઆત સંપ્રદાયની ઓળખ માટે નથી પણ તેની પાછળ તંદુરસ્તીની શુભ ભાવનાનો હેતુ પડયો છે.

'મનુષ્ય માત્રનાં જ્ઞાનતંતુઓ ભાલપ્રદેશમાં રહેલાં છે, અને એ જ્ઞાનતંતુની વિચિત્રતા પ્રમાણે માનવીઓની બુદ્ધિ પણ ચિત્રવિચિત્ર પ્રકારની જોવામાં આવે છે. આ જ્ઞાનતંતુને આપણે વિધાતાના આંક કહીએ છીએ, અને સામાન્ય રીતે એની ઉપર માનવીની બુદ્ધિનો આધાર છે. આ જ્ઞાનતંતુઓમાં વારંવાર ફેરફાર થતા રહે છે અને એને પણ શરીર ઉપર થતી ભાતભાતની અસરનાં આંદોલનો મળે છે. એટલે કેટલીક વખત એ જ્ઞાનતંતુઓમાં વિકળતા આવી જાય છે, ત્યારે માનવીની બુદ્ધિ કુંઠિત થઈ જાય છે. અને આપણે કેટલીક વખત કહીએ છીએ કે 'તેની બુદ્ધિ બહેર મારી ગઈ છે.' એટલે મારા અમલમાં ઠંડીના લીધે આ જ્ઞાનતંતુઓ સજ્જડ થઈ જવાથી બુદ્ધિ જ્ઞાનહીનતાવાળી જણાય છે. પરંતુ એ અસરમાંથી બચાવી લેવા માટે ભાલપ્રદેશમાં ઉપર કહેલી ચીજો નાંખીને તૈયાર કરેલું ચંદન લગાવવાથી તેની સુંદર અસર થાય છે.'

'હાં બરાબર છે, હેમંતરાણી! પરંતુ જ્યારે તમારા અમલમાં ઘણી ઠંડીના પરિણામે જ્ઞાનતંતુ સજ્જડ થઈ જાય છે ત્યારે ઘણી ગરમીની અંદર જ્ઞાનતંતુ ઉપર કોઈ બીજી જ અસર થાય છે, તે વખતે તમે બતાવેલું ચંદન કેમ લગાડી શકાય?'

'તમારી શંકા બરાબર છે, ભાઈ જીવરાજ! પરંતુ ચંદન-સુખડ એક હોવા છતાં તેની અંદર, ઉપરથી નાંખવામાં આવતાં બીજાં દ્રવ્યો પ્રમાણે એના ગુણમાં ફેરફાર કરી શકાય છે. જેમ મારા અમલમાં કસ્તુરી, કેશર અને અગર મેં સુચવ્યાં, તેવી રીતે બીજી ઋતુઓના આવિર્ભાવમાં એ જ ચંદનમાં બીજાં દ્રવ્યો નાંખવાથી તેનો ગુણ તે ઋતુને અનુકૂળ બને છે અને એથી જ હરદમ ચંદન ભાલપ્રદેશમાં કરવાની પ્રથા ધાર્મિક રીતે પ્રચાર પામી ગઈ છે. છતાં ધાર્મિક રીતે કરાતાં તીલકોમાં તીલક કરવાનો સાચો હેતુ ધર્માચાર્યો નથી સમજાવતા, તેમ જ ધર્મઅવગાહકો પણ નથી સમજતા એ જ મોટા વાંધો છે.

'તમોને ચંદન લગાડવાનો હેતુ હવે તો બરાબર સમજાયો હશે. વારૂ ત્યારે હવે આગળ વધીએ.

'મારા અમલમાં રાત લાંબી હોય છે અને જઠરાગ્નિનું બળ વધુ હોય છે. એટલે સવારમાં વહેલી ભૂખ લાગે છે. તમારી દુનિયામાં એ સાચી ભૂખને મારી નાંખનારા ચહા અને કોફી જેવા ઉકાળા લોકો પીએ છે, એ મને તો જરાયે ગમતું નથી. એથી તો ખરી ભૂખ નાશ પામે છે અને આંતરડાંની શક્તિને દુષિત કરે છે. એ કરતાં તો તેઓ વહેલાં જમવાનો રીવાજ રાખે તો ઘણું સારૂં. ખોરાક તુષ્ટિકારક, પોષણ મળે તેવો, રસદાર અને ચિકાશવાળો જો ખાવામાં આવે તો તેથી પોષણ સુંદર મળે. અડદીઆ, મગદળ, મગજ, ધારી, દુધપાક, ગુલાબજાંબુ કે રસગુલ્લા રોજ થોડા પ્રમાણમાં પચે તે પ્રમાણે લેઈ શકાય. કોઈ વખત બાસુદી પણ મારા હવામાન વખતે લેવામાં વાંધો નથી. પુરણપોળી અને બીરંજ લઈ શકાય. પરંતુ આગળ મીઠા, ખાટા અને ખારા રસના સેવનની વિગત કહી છે તે ધ્યાનમાં રાખવી.

'કપડાં ગરમ પહેરવાં એ સરસ છે. પગ ઠંડા ન રહે તે માટે દિવસે મોજાં પહેરવાં, પણ રાત્રે સુતી વખતે કાઢી નાંખવાં જોઈએ.

ઘણી ઠંડીમાં સગડીની જરૂર પડે તો ઓરડાની અંદર એક ખૂણે તેને સળગાવીને હવાને ગરમ કરે એ રીતે તાપ લેવો સારો. હૈયા ઉપર સગડી રાખવી ઠીક નથી. એટલે કે સગડી પાસે બેસીને તાપવાની પ્રથા બરાબર નથી. સૂર્યનાં બાળકિરણોમાં બેસવું, સૂર્ય વધારે સેવવો હોય તો પીઠ ઉપર સેવવો, આંખોને સૂર્યનાં કિરણોથી બચાવવી.

'મારા અમલમાં શૃંગાર કરવા. જેમ ખોરાકમાં રસો માટે મેં જણાવ્યું છે, તેમ હાસ્ય, કરૂણા, વીર અને શાંત રસ ઉદ્‌ભવે તેવો વિનોદ કરવો, તેવાં પુસ્તકો વાંચવાં અથવા નાટયપ્રયોગો જોવા.

'દવામાં પૂર્ણ ચંદ્રોદય રસ કે જે પારદમાંથી બને છે તે પરિપકવ અને યથાર્થ શાસ્ત્રપદ્ધતિથી બનાવેલો હોય તેમાં અનુ-પાન મેળવી તેનું સેવન કરવું. તે બળ, બુદ્ધિ, જ્ઞાન અને જીવનતત્ત્વને વધારે છે, સાચું પુરૂષાતન બક્ષે છે અને જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોને પુષ્ટિ આપે છે.

'દુધ અને તેમાં સાકર–બદામ નાંખી સેવન કરવાનું માનવીઓને મારી હવામાં હું ફરમાન કરૂં છું, અને તે જ પ્રમાણે સ્ત્રીએ પુરૂષ સાથે યથેચ્છ રતિક્રિડા કરવી, મિત્રમંડળમાં હાસ્યવિનોદ ફેલાવવો, દુઃખીઓનાં દુઃખ મીટાડવાં અને ગરીબોને મદદ કરવી. લાંબી રાત્રિ હોવાથી સવારમાં આંખ વહેલી ખુલી જાય તો સવારે ઇશ્વરસ્તવન કરવાની ટેવ રાખવી.

'મારા અમલમાં જુલાબ કે ઉલટી કરે તેવાં ઔષધો લેવાં નહિ, ખુલ્લા ચોગાન કે અગાસીમાં સુવું નહીં કે બેસવું નહીં, ઠંડા પાણીથી નહાવું નહીં, કારણ કે શીતકાળમાં ઠંડી વધુ લાગે છે. પરંતુ જે હમેશનાં અભ્યાસી છે અને જેમનાં બદન ઠંડી સહન કરી શકનારાં છે તેમને ઠંડા જળના સ્નાનથી વાંધો નથી.

'ઠંડીમાં સાધારણ ગરમ કપડાં વાપરવાં અને પથારીમાં ગરમ દુશાલા ઓઢવા એ જરૂરી છે. પણ એટલું યાદ રાખવું કે ઉનનાં એકલાં વસ્ત્રો શરીરમાં પેદા થયેલી ઉષ્માને સંગ્રહી શકતાં નથી.

એટલે બદન ઉપર ગરમ કપડાં પહેરનારે પ્રથમ શરીર ઉપર એકાદ પાતળું સુતરાઉ કપડું પહેરી તેની ઉપર ગરમ પહેરવાથી ઓર હૂંફ આપશે, અને પથારીમાં પણ કાંબળ, ધાબળો, બનુસ ઓઢનાર જો તેની નીચે પાતળી પણ સુતરાઉ પછેડી ઓઢી, ઉપર ગરમ વસ્ત્ર ઓઢી તેની ઉપર રૂવલ રજાઈની સોડ લેશે તો તેને ગમે તેવી ઠંડી નડશે નહીં.

'આગળ કહેવાઈ ગયું કે મારા અમલમાં સ્ત્રી–પુરૂષે યથેચ્છ રતિક્રિડા કરવી. પરંતુ એનો અર્થ એ નથી થતો કે શરીરની શક્તિ ઉપરાંત અને આંકેલી મર્યાદા ઓળંગી શ્વાનવિહાર કરવો! માત્ર એટલું ખરૂં કે બીજી ઋતુઓ કરતાં મારી આબોહવામાં સ્ત્રી–પુરૂષ સમાગમમાં આવે છે તો તેમને આનંદ વધુ પ્રાપ્ત થાય છે અને હાનિ ઓછી થાય છે.

'શગડીઓથી જે રૂમની હવા ગરમ કરી હોય તે રૂમમાં જુવાન લોહીઆળ પત્નીની સોડમાં, અગર, કસ્તુરી અને ચંદનના ધુપથી ધુપાયમાન અને ચંદ્રોદયની ગોળીનું સેવન કરી ઉપરથી કઢેલું દુધ પીને સૂઈ જનારને મારી ઠંડી અસર કરતી નથી, જેમ કમળના પાંદડાને સરોવરનું પાણી અડતું નથી.'

'અહો હો હો, ભારે કરી, હેંમતરાણી! તમે પાછળની વાત તો માનવીને ગલીપચી કરી નાંખે તેવી મૂકી દીધી, બાઈસાહેબ!'

'નહિ, નહિ, જીવરાજ! એમ તમે કેમ માનો છો? માનવીને બહેકાવવાની થોડી જ મારી ભાવના છે. પરંતુ સારૂં નરસું જાણાવવું તો ઘટે. ઠીક, જીવરાજ! મને પૃથ્વી ઉપર જવાની ઉતાવળ છે. હવે તમારી સાથે વધુ વાર્તાલાપ કરી મારો સમય હું બગાડીશ નહિ. મેં તમોને ઘણું ઘણું સમજાવ્યું છે. વળી ફરી કોઈ વાર મળીશું. નમસ્તે.'

'નમસ્તે, હેંમતરાણી! નમસ્તે.' હેમંતરાણી વિદાય થયા પછી તેમની પાછળ ચાલી આવતી સ્ત્રી રૂપે શીતળ સ્વભાવની અને ઠરેલી રમણી નજરે પડી–અને એમને ઉદ્દેશીને મેં પૂછ્યું :

'આવો, બાઇ! તમે કોણ છો?'

'જીવરાજ, મારૂં નામ છે શીશીરરાણી. મને શીશીર ઋતુ પણ કહે છે. હું સંવતત્સરની પટરાણી છું અને આગળ તમારી સાથે વાત કરી ગયેલી હેમંતરાણીની જોડાજોડ હું રહું છું. કારણ કે મારા અને હેમંતના સ્વભાવનું મળતાવડાપણું છે અને અમે જાણે સગી માજણી બહેનો હોઇએ તેવું અમારી વચ્ચે બને છે. હેમંતરાણીનો અમલ ઉતર્યા બાદ મારો પૃથ્વી ઉપર અમલ સ્થપાશે.'

'વાહરે વાહ, શીશીરરાણી! ચાલો ઠીક થયું. તમે ઘણાં ઠાવકાં બાઇ છો. હેમંતરાણીએ તો મારી સાથે ઘણી મજાની વાતો કરી. એમના અમલ વખતે માનવીઓએ કેમ વર્તવું તે પણ મને સમજાવ્યું અને તંદુરસ્તી ચાહતા મનુષ્યોને એમના એ વક્તવ્યમાંથી ઘણું જાણવાનું મળશે. પણ તેમની પાછળ જ્યારે તમારો અમલ શરૂ થવાનો છે તો પછી તમે પણ કાંઇક અમને આપતાં જાઓ, સમજાવતાં જાઓ, તો તમારો સંદેશો પૃથ્વી ઉપર સમજાય, માનવીઓ આચારમાં મૂકે અને સુખી થાય.'

'ખરી વાત છે, જીવરાજ! તમારૂં કહેવું સત્ય છે. પરંતુ મેં તમને શરૂઆતમાં જ કહી દીધું છે કે હેમંતરાણી અને મારો સ્વભાવ સમભાવ રૂપે જ વર્તે છે. એટલે અમારી સત્તા અને અમલમાં ખાસ કોઇ ફેરફાર થતો નથી. હેમંતરાણીના વખતમાં અને મારા અમલ દરમ્યાન હવામાન અને માનવી ઉપર તેની થતી અસર લગભગ સરખાં જ છે. એટલે હેમંતે જે કાંઇ તમને કહ્યું છે અને સમજાવ્યું છે તેથી મારા કાળમાં કોઇ ખાસ વિશિષ્ટ ફેરફાર થતો નથી. તેના પગલે જ હું ચાલનારી છું. છતાં તમારી ઇચ્છા છે તો મારા અમલ વખતે જે થોડાક ફેરફારો થાય છે તે જણાવું.

'મારા અમલમાં સૂર્ય ઉત્તરાયનના થાય છે, છતાં ઠંડી વિશેષ પડે છે અને પવન જોરદાર ફુંકાય છે. કેટલીક વખત માવઠાંનો વરસાદ થવાનો પણ સંભવ છે અને જો માવઠું થાય છે તો માનવ-

શરીરમાં વાયુનો ઉપદ્રવ થઇ આવે છે. આવી રીતે જો થાય તો માનવીઓએ સાવચેતી રાખીને શરીરની વધુ રક્ષા કરવી પડે છે. ગરમ અને પુષ્ટિકારક ખોરાક વધુ પચે છે, છતાં આગળની મહારાણીઓના અમલના વખતમાં પાળવા યોગ્ય નિયમ અને હુકમ જેમણે પાળેલ નથી હોતા અને વળી જેઓ વાસ્તવિક નિયમોનું ઉલ્લંઘન કરી વર્ત્યા હોય છે તેવા શ્વાસ અને દમનાં દરદીઓને મારે શિક્ષા કરવી પડે છે અને તેઓ મારા અમલ વખતે જ માનવશરીર છોડી જાય છે. એવો જરા મ.રો કડક અમલ છે ખરો. બાકી તો સંયમ અને નિયમ પાળીને રહેનાર માનવીઓનાં શરીરમાં મારા અમલ વખતે તેજ અને બળનો વધારો થાય છે, શક્તિ પણ વધે છે.'

'પણ શીશીરરાણી! પેલા ગુન્હેગારો કે જેમણે વાસ્તવિક નિયમોનું ઉલ્લંઘન કર્યું હોય છે અને જેમને દમ અને કફનાં દર્દો હોય છે તેમને તમે શિક્ષા જ કરી દ્યો છો કે એમને માટે કોઇ ઉગરવાની બારી હોય છે ખરી?'

'નહિ, એમ કાંઇ નહિ. એ તો અમારી પાસે એવા કેસો કોર્ટમાં આવે છે ત્યારે તેમની વકીલાત કરનારા વૈદ્ય-ડોકટર-હકીમો તે ગુન્હેગારોનો બચાવ વાજબી રીતે કરે છે અને એમનો બચાવ ન્યાયસંમત જણાય છે તો તેમની મોત જેવી આકરી શિક્ષા હળવી પણ બને છે અને તેથી કેટલાક છુટી પણ જાય છે. અમારી અમલશાહીમાં કેટલાક વાતવ્યાધિના દરદીઓ પણ ચઢી આવે છે અને આગળના ગુન્હેગારોના કેસો જે ફાઇલે ચઢેલા હોય તે પાછા નીકળે છે, અને તેની તપાસ પણ થાય છે.'

'આ મને ગમ્યું, શીશીરરાણી! તમારા અમલમાં કાયદા કાનુનો હળવા બનાવવા માટે વકીલો છે, એટલે ગુન્હેગારો ધારે તો એ શિક્ષામાંથી છુટવા માટે આકરી ફી વકીલોને ભરીને પણ તેમનાથી શિક્ષામાંથી છુટી શકાય તેમ છે ખરૂં.'

'જરૂર.'

'ચાલો, ત્યારે હવે આપ બીજું શું જણાવો છો?'

'હા, જીવરાજ! તમને એક અગત્યની બાબત જણાવવા માગું છું. અને એ છે બીજારોપણ બાબત. તમે પૂછશો કે બીજારોપણ શું? તો પ્રજોત્પત્તિ માટે ગર્ભધારણનો કાળ. બીજી બધી ઋતુઓ કરતાં મારા સમયમાં એ કાળ અતિ ઉત્તમ છે.

'કોઇ એમ કહે કે પ્રજોત્પત્તિ માટે સ્ત્રીની ઋતુસ્નાતા થયા પછી પુરૂષસમાગમે તૈયારી હોય તો ગમે ત્યારે ગર્ભાધાન અથવા બીજારોપણ થઇ શકે. એમાં ઋતુની વિશિષ્ટતા શી છે?

'પરંતુ આ માન્યતા બરાબર નથી. માનવીનાં બીજની વાત બાજુ ઉપર રાખો તો પણ જમીન માટે બીજારોપણનો પણ સમય હોય છે, અને ઋતુ તથા સમયને સમજી બીજ વાવવામાં આવે તો એ જમીનમાંથી ઉત્તમ પ્રકારનો મોલ નીપજાવી શકાય છે. કેટલીક વખત ઋતુ વગર પણ પૃથ્વી ઉપર વરસાદ પડે છે, છતાં વાવણી થતી નથી, અને જો વાવણી કરવામાં આવે તો મોલ નીપજતો નથી. તેમ જ ગર્ભધારણ અથવા બીજારોપણની પણ ઋતુ સાનુકૂળતાવાળી હોય છે, તો જ તેમાંથી મીઠાશ આપતાં ફળો મેળવી શકાય છે.

'ઠંડી પ્રકૃતિ, ઠંડી ઋતુ અને ઠંડા દેશનું બીજ પ્રજા પેદા કરવા માટે વિશેષ સારૂં હોય છે, એમ એ વિષયના વિજ્ઞાનવિશારદો કહે છે.

'જે માતપિતાની પ્રકૃતિ શાંત છે અને જેમનાં વીર્યમાં ઠંડક છે, તેમનાં સંતાનો સુદૃઢ, બુદ્ધિમાન તથા બળવાન હોય છે, અને જેમની પ્રકૃતિ ગરમ અથવા વાતલ હોય છે, તેમનાં સંતાનો કૃષ, ક્રોધી અને અસ્થિર મનનાં હોય છે. વળી જુઓ, જે દેશ આબોહવામાં ઘણો ઠંડો છે ત્યાંની પ્રજા વધારે બળવાન, વધારે બુદ્ધિશાળી અને વધારે મનોબળવાળી તથા ઉજ્જવળ હોય છે; જ્યારે જે દેશમાં પુષ્કળ ગરમી અને ઉષ્ણતા છે ત્યાંની પ્રજા તેથી તદ્દન વિરૂદ્ધ પ્રકૃતિની નીપજે છે.

'હિંદુસ્તાન સામાન્ય રીતે સમશીતોષ્ણ દેશ છે. ભલે આ દેશમાં પણ શીત પ્રકૃતિનાં મનુષ્યો હશે, પરંતુ પૂર્ણ શીતળ દેશ આ નથી. એટલે જો સમયનું જ્ઞાન પ્રાપ્ત કરી શીતકાળમાં બીજારોપણ અથવા ગર્ભધારણ કરવામાં આવે તો સુદૃઢ અને બળવાન તથા બુદ્ધિશાળી પ્રજા નીપજાવી શકાય.

'મારો કાળ એટલે પોષ તથા માઘ માસ. આ સમયમાં શાણાં મનુષ્યો સમયને માન આપી, પૂરા સંકલ્પબળથી પોતાની સ્ત્રીમાં ઉત્તમ પ્રજાની કામનાથી ગર્ભારોપણ કરે છે, તેના ઉદરમાં ઉત્તમ સંતાન પ્રાપ્ત થાય છે. એટલે જ અગત્યની બાબત તમને સમજાવું છું કે બીજી ઋતુઓના સામ્રાજ્ય કરતાં મારા સમયમાં બીજારોપણ કરવું તે વધારે સારું છે. અને મારાથી ઉતરતો સમય વસંત, હેમંત, શરદ, વર્ષા આદિનો છે. તે ઋતુઓમાં પણ ગર્ભધારણ ઉત્તરોત્તર સાધારણ કરી શકાય છે. માત્ર ગર્ભધારણ માટે ગ્રીષ્મ એટલે વૈશાખ અને જેઠ માસ તદ્દન નકામા છે. છતાં સર્વોપરી બીજારોપણનો સમય મારા અમલ વખતે જ છે એ તમારે ન ભૂલવું જોઇએ.'

છેલ્લાં વાકયો બોલતી શીશીરરાણી બહુ દૂર દૂર ચાલી ગઇ, ત્યાં તો તેની પાછળ આનંદની છોળો ઉછાળતી, રંગબેરંગી સાડીના છેડા વાયુલહરીમાં સંકોરતી, ધીમું પણ મદભર્યું અને દિલના તારોને ઝંઝણાવી નાંખતું મીઠું સંગીત આલાપતી, કોઇ રાજનર્તકી હોય યા કોઇ ઇંદ્રના ઘરની અપ્સરા સરકતી હોય એમ ચાલી આવતી, વિવિધ પુષ્પો અને વનલતા–વૃક્ષોનાં પુષ્પોનાં નવાંકુરોની માળા પહેરેલી, રૂપ લાવણ્યવતી સુંદરીને મારી નજીક આવતી મેં જોઇ.

એનું આવાગમન જ જાણે મારી પ્રસન્નતાનું કારણ હોય, જાણે મારું હૈયું એને જોઇને નાચી રહ્યું હોય, દિલ જાણે બાગબાગ બનતું હોય, હર્ષોલ્લાસ જાણે થૈ થૈકાર કરી રહ્યો હોય, તેમ તેની સામે ખૂબ પ્રફુલ્લ હૃદયે જોઇ, તેને દિલથી મેં સત્કારી અને પૂછયું :

"આવો, યૌવન મદઝરતી, નયનમનોહારિણી દેવી! આપનું નામાભિધાન જણાવો.'

"વાહરે, જીવરાજ! મારૂં નામ પુછવાની શું જરૂર રહે છે ખરી કે? મને તમે ન પિછાની? હું છું સંવત્સરરાજની અત્યંત પ્યારી લાડિલી રાણી વસંત. માનીતી તો સંવત્સરરાજને છએ રાણીઓ છે. પરંતુ મારી સાથેનો પ્રેમ એ અનોખી રીતનો છે.

'બસ, હું આનંદી છું. મારો સ્વભાવ, મારી વર્તણુંક અને મારૂં સર્વાંગ આનંદ, આનંદ અને આનંદની પરીસીમા છે, જીવરાજ!

'જ્યાં આનંદ છે ત્યાં સમભાવ છે, જ્યાં આનંદ છે ત્યાં કીલ્લોલ છે, જ્યાં આનંદ છે ત્યાં સુખચેન છે અને રંગરાગ છે. મારૂં આગમન સર્વ જીવપ્રાણી માત્ર, વનવેલીઓ, પ્રકૃતિ અને વસુંધરાને નાચ નચાવનારૂં આહ્લાદક બને છે.

'મારો સ્વભાવ સામ્ય છે. એટલે મારો અમલ થતાં પ્રાણીઓમાં સમાનતા આવી જાય છે. કારણ કે મારા સમયમાં ગરમી અને શરદી સરખા પ્રમાણમાં રહે છે, તેમ જ વળી રાત્રિ અને દિવસનો સમય પણ બરાબર સરખો જ રહે છે, અને સામાન્ય રીતે હું મારા દેહમાંથી પ્રાણવાયુ ફુંકું છું, તે પ્રાણવાયુ અઢારભાર વનસ્પતિઓને નવપલ્લવિત બનાવે છે, પુષ્પો સુવાસિત બને છે. એ પ્રાણવાયુથી માનવીઓનાં લોહી અને વનસ્પતિઓના રસોમાં નવચેતન આવે છે અને એ નવચેતનના વહનમાં કીલ કીલ નિનાદ ઉઠે છે: 'વસંત આઇ, રી વસંત આઇ!'

'હું વસંત છું. મારો મિત્ર કામદેવ છે અને તે મારી હવા સાથે વ્યાપક બનીને પશુઓ, પક્ષીઓ, મનુષ્યોમાં વ્યાપ્ત બને છે. એટલે હરેક સજીવ સૃષ્ટિનાં નર અને માદા પરસ્પર મારા વખતમાં આકર્ષાય છે અને પરસ્પરને ભેટવા–સંબંધ કરવા પ્રેરાય છે.

'એટલે જ હું કહું છું કે જડ ચૈતન્યમાં પ્રેરણા આપનાર, તેમને થનગનાવનાર અને ઉત્સાહ પ્રેરનાર હું વસંત છું. કુદરતનું

નવું વર્ષ માગથી શરૂ થાય છે, અને એથી જ વિદ્વાનો ચૈત્રી વરસ શરૂ કરે છે, પારસીઓ તેમનો તહેવાર ઉજવે છે, પ્રાચીન આર્યો વર્ષારંભ મારા સમયથી જ માનતા. વિક્રમરાજાએ વર્ષારંભ બદલ્યો ભલે હોય, કુદરત રાણીનો પ્રાકૃતિક–નૈસર્ગિક વર્ષારંભ તો મારા સમયમાં જ થાય છે.

'અને મારા સમયમાં આવતી ફાલ્ગુનની ધવલ રાત્રિમાં જ્યારે નર માદા, મંદ લહરીનો સમશીતોષ્ણ વાયુ સેવે છે ત્યારે જેમ હસ્તીના પુદગળમાંથી મદ ઝરતાં તે હસ્તિની માટે ઘેલો બને છે, એમ મારી ફાલ્ગુન સુદી પુર્ણિમા મદપ્રચારિણી રજની બને છે, અને તે વેળાએ પ્રેમીઓ વિયોગ સહન કરી શકતાં નથી; અને જ્યાં તેઓ સાનિધ્યમાં મળે છે ત્યારે વસંતોત્સવ ઉજવવા પ્રેરાય છે. બીજી રીતે કહું :

'अच्छाच्छ चन्दनरसार्द्रे करा मृगाक्ष्यो।
धारा गृहाणि कुसुमानी च कौमुदी च॥
मन्दो मरुत्सुमनसः शुचि हर्म्यपृष्टं।
ग्रीष्मे मदं च मदनं च विवर्द्धयन्ति॥'

'અર્થાત–ઘણા જ સુગંધીમાન ચંદનથી જે સ્ત્રીના હાથ ભીંજાયેલા છે, ધવલ ઘરમાં ફુવારાની ધારાઓ ધીમે ધીમે સુવાસિત પુષ્પનાં કુંડાંઓ ઉપર પડી તેમાંથી મંદ શીતળ વાયુલહરી વહન કરે છે, તેવા મકાનની અગાસીમાં યુવાન જોડલું ચંદ્રનાં શ્વેત કિરણોમાં બેઠું હોય ત્યારે તેમને કામ વિહ્વળ કરે છે.

'મારી હવા, મારૂં આવાગમન, મારૂં સામ્રાજ્ય ગમે તેવા સુસ્તને ઉત્સાહ આપનારૂં, નિરસને રસઝર બનાવનારૂં, ઉદાસીનમાં હાસ્ય રેલાવનારૂં, ગંભીરને કીલકીલ હસાવનારૂં અને જડને ચેતન પુરનારૂં બને છે.

'જે કર્મહીન છે, જે નપુંસકતાના રોગથી પીડિત છે, જે ભાગ્યહીન છે, જે સ્વપત્ની છોડીને વ્યભિચારના પંથે પળનાર છે

અને જે પુરૂષ ગૃહસ્થજીવનનો ભાર ઉઠાવવામાં કાયર બની, મુંડ મુંડાવી અને વસ્ત્રને ગેરૂ રંગે રંગી, ભસ્મ લગાડી ત્યાગી બની, ઘર છોડી ભાગી નીકળેલ છે તેની ઉપર મારી-વસંતરાણીની છાયા અને હવાની અસર થતી નથી.

'ભર્તૃહરિ કહે છે કે સ્ત્રી કામદેવની મુદ્રા છે અને લક્ષ્મીસ્વરૂપ તથા સંતતિને ઉત્પન્ન કરનારી છે, અર્થાત સર્વ સુખને દેનારી છે. પણ મૂઢ, કુબુદ્ધિ એને છોડી સ્વર્ગ મેળવવાની ઇચ્છાએ સંસાર ત્યાગે છે તેને વિરક્ત ન સમજો, પરંતુ કામદેવનો એ દંડાયેલો છે એમ સમજો, અને એ દંડે દુ:ખી થયેલા કોઇએ મુંડ મુંડાવ્યું, કોઇએ જટા રાખી, કોઇએ તુંબીપાત્ર લઇ ભિક્ષા માંગી, એ સ્વર્ગ-વસંત અને યુવાન પત્નીનું સ્વર્ગીય સુખ છોડી, સ્વર્ગની વ્યર્થ કામનાએ કામદેવના દંડને પાત્ર બન્યો

'વસંતની સમી સાંજે જ્યારે ચંદ્ર ઉદય થયો હોય તે વખતે વીણા સાથે લઇને ચંદ્રમુખી પત્નીને પડખે બેસારી, નૌકામાં વીણા સાથે રાખી, જળવિહાર કરનાર અને વસંત આલાપી, સુકોમળ પત્ની-કંઠમાંથી નીકળતા રૂપેરી ઘંટડી જેવા આલાપથી વીણાના નાદ સાથે સમ મેળવીને, જળહીલોળે જે ઝીલી રહ્યાં હોય; મોગરા અને કેતકીની માળા અને વેણીમાંથી પરાગ પસરતો હોય, વાયુલહરી જળતરંગો સાથે અથડાઇ શીતળ અને મંદ બની સ્પર્શસુખ ઉપજાવી રહી હોય એ વસંતના આવાહનને ધન્ય ધન્ય.

'કપુર, ચંદન અને અગરથી ધૂપદાની શયનખંડને ભરી દેતી હોય, જાળી દ્વારા ચંદ્ર એકાંતમાં ડોકીયાં કરતો હોય, તીરછી નજર કરી, પલંગ પર પગ રાખી પતિને કુંફાળું હૃદય અર્પવા મૃગનયની નયનો નચાવતી, મીઠું મીઠું હસતી હોય તે વસંતોત્સવની રાત્રિને ધન્ય.

'હર્મ્યની પડખે ઉપવન-વાટિકા નીપજાવી હોય, પુષ્પો ને વેલીઓ લચી રહેલાં હોય, સુગંધભર્યા ફુવારા ફુત્કારથી જળબાષ્પ ઉડાડતા હોય, એવા સ્થળે મસ્તકથી વસ્ત્ર ખસી ગયેલું છે અને ઉર ઉપરથી

વસ્ત્રને વાયુ ઉચકી લે છે, તેવી યુવાન પદ્મણી જાતિની સ્ત્રી સાથે ઝુલા ઉપર જે નર–મર્દ હીંચકી રહેલો છે, એવા વસંતોત્સવને ધન્ય.

'અને વસંતોત્સવના આહ્‌લાદમાં ઉછળતી યુવતિઓમાં નવી પ્રજાનાં બીજ રોપાઈ જાય છે. વસંત અને હોળીના તહેવારો આર્યોમાં બહુ ઉંચા અને આદર્શ ભાવનાથી ઉજવાતા. કાળે કરીને તેમાં પરિવર્તન થયું. નિર્મળ આનંદ અને સાત્ત્વિક ભાવોને લઈ આવનારી હું વસંત રાણી–તેનો હેતુ નહીં સમજનારા માનવીઓએ ભાવપરિવર્તન કર્યું અને તેઓ તામસ માર્ગ ઉપર ચાલ્યાં ગયાં. અને પછી બિભત્સ રસ પ્રાધાન્ય થવા લાગ્યો. પરંતુ સમજુ અને વિવેકી ભારતનાં સંતાનોએ તામસ અને બિભત્સ બાબતોનો ત્યાગ કરી, વસંતોત્સવ ઉજવતા થઈ જવું જોઇએ; અને જેથી શારીરિક અને માનસિક શક્તિનો વિકાસ થાય તથા રાષ્ટ્રીય એકતા તેમ જ રાષ્ટ્રીય ભાવોનું રક્ષણ કરવા માટે શારીરિક કસરતો, અખાડાની પ્રવૃત્તિઓ, વનઉપવન પરિભ્રમણ જેવા આનંદો જાગૃત કરવાની જરૂર છે.'

'અહો હો, વસંતરાણી! તમે તો બાઈ ઘણાં ચંચળ અને આનંદી સ્વભાવનાં લાગો છો. માત્ર તમારૂં નામ પૂછતાંની સાથે તમારી ઓળખાણ આપી, ઉપરાંત તમારા સ્વભાવ વિષે, તમારા આવાગમનથી વાતાવરણ ઉપર થતા પરિવર્તન વિષે તમે ઘણું ઘણું કહી નાંખ્યું અને મને ગમ્યું પણ ઘણું. પરંતુ વસંતરાણી! માનવીઓનાં શરીર ઉપર તમારા આવવાથી થતી ચોક્કસ અસરો કે જે જાણવાથી તંદુરસ્તી સાચવવા શું કરવું તે ખ્યાલમાં રહે, તેનું હવે જરા ડાવકાઈથી જણાવશો કે?'

'કેમ નહિ, જીવરાજ! એ હેતુથી તો હું અહીં થોભી છું અને તમારી સાથે વાર્તાલાપ કરવા રોકાઈ છું. હું અગાઉ જણાવી ગઈ છું કે મારા આવવાથી વૃક્ષોમાં જેમ રસની વૃદ્ધિ થાય છે તેમ પ્રાણીઓમાં પણ રસની વૃદ્ધિ થાય છે. વૃક્ષોમાં થયેલી રસવૃદ્ધિ વૃક્ષોને

ફળદ્રૂપ બનાવે છે, જ્યારે પ્રાણીઓમાં થયેલી રસવૃદ્ધિ કેટલીક વખત ઉપદ્રવનું કારણ પણ બને છે.

'મારી બીજી બહેનો હેમંત અને શીશીરના વખતમાં શરીરમાં ઠંડી ઋતુને લઇ રસ–કફ જે જામેલો હોય છે તે મારા અમલની શરૂઆતમાં તાપ શરૂ થવાથી પીગળે છે અને તેથી શરીરમાં નાના પ્રકારના ફેરફારો થાય છે અને શરીરમાં રહેલી અસંખ્ય નાડીઓમાં કફ ભરાય છે. આ કફ પીગળવા તરફ માનવી ખ્યાલ નથી રાખતો તો કોઇ મહા વ્યાધિને તે નોતરી લે છે. કારણ કે નાડીઓમાં જામેલો અને રહેલો કફ અનૂકુળ સમય મળતાં રોગ પેદા કરવામાં કારણભૂત બને છે.

'એટલે જ આયુર્વેદને જાણકાર પુરૂષો મારા અમલમાં વધેલા કફને કાઢી નાંખવા સલાહ આપે છે. વૈદકની સલાહ તો તંદુરસ્તી સાચવવાની હોય છે. રોગ થાય નહિ તે માટે અગમચેતી દર્શાવી આયુષ્યનું રક્ષણ કરવું તે દેશી વૈદકનો મુખ્ય સિદ્ધાંત છે અને શરીરને બિગાડનારાં કારણો તરફ અગાઉથી આંગળી ચીંધવી અને રોગરહીત બનવું તે તેનો ઉજ્જવળ માર્ગ છે.

'કફનું પ્રશમન ત્રણ રીતે કરી શકાય છે. રેચ લેવો, ઉલટી કરાવવી અને ખોરાકમાં ફેરફાર કરી નાંખવો. આ ત્રણ રીતે શરીરમાં છૂપી રીતે શીતકાળમાં જામેલા કફનું પ્રશમન થઇ શકે છે.

'જો કે હરેક માનવી ઉપર સાધારણ રીતે મારા અમલમાં કફ પ્રકોપ પામે છે. પરંતુ જેઓ કફની પ્રકૃતિવાળા છે અને જેમને કફ-પ્રાધાન્ય વ્યાધિ છે તેવા માનવીએ તો પ્રથમથી જ ચેતી જઇને સાવચેત રહેવું જોઇએ.

'મારો કહેવાનો હેતુ જેઓ બરાબર સમજતા નથી તેઓ મારા કથનમાં શંકા કરે છે, અર્થાત મારા આવાગમન વખતે અમુક માણસને કફનો ઉપદ્રવ થઇ પડે છે; જ્યારે અમુક માણસ

જેઓ બેદરકાર રહેતા હોવા છતાં તેમને કાંઇ થતું નથી તેઓ આવા જ્ઞાનને નિરૂપયોગી સમજવા તરફ વળી જાય છે.

'પરંતુ સત્ય વસ્તુ એ છે કે કોઇ પણ માનવી આજે અમુક વ્યાધિથી પટકાઇ પડયો, તેને તાવ આવ્યો, ખાંસી થઇ ગઇ અથવા બીજો ઉપદ્રવ થઇ આવ્યો, ત્યારે એના માટે માત્ર એમ જ સમજવામાં આવે છે કે 'ગઇ કાલે તેણે અમુક પ્રકારની ભૂલ કરી એથી આજે રોગ થયો.' આમ માનવું તે ભૂલ ભરેલું છે.

'માનવીશરીરમાં દોષોનો સંચય વખતોવખત થયા કરતો હોય છે. પરંતુ જ્યાંસુધી પુરા રૂપમાં તે સંચય થઇ ન રહે અને તેને બહારથી સ્વજાતીય પરમાણુઓ મદદ ન કરે ત્યાંસુધી એ ચોક્કપણે વ્યાધિના રૂપમાં બહાર આવતો નથી. એથી જ ઘણા મનુષ્યો તંદુરસ્તી માટેના ઉપાય તરફ બેદરકાર બની રહે છે.

'પરંતુ જ્યારે દોષસંચય પુરા રૂપમાં થઇ જાય છે અને બહારથી તેને મદદ કરનાર ઋતુ-હવા-વાતાવરણ-કારણ મળે છે ત્યારે પછી તે મહા વ્યાધિના રૂપમાં પ્રગટે છે.

'એટલે જ એક કુટુંબમાં વસતા સાત માણસમાં એક જ દિવસમાં ત્રણ જણા કોઇ ઝેરી રોગથી પટકાઇ પડે છે અને ચાર જણા બચી જાય છે, ત્યારે એ વાત માનવાને ચોક્કસ કારણ મળે છે કે જે પટકાઇ પડયા તેમનાં શરીર ઉપદ્રવનાં પરમાણુ ખેંચી લેવાને તૈયાર થયેલાં હતાં, અને બાકીના માનવીઓનાં શરીરમાં એ જાતનાં પરમાણુ અથવા દોષનો સંચય નહીં હોવાથી તેઓ બચી ગયા.

'માટે એ તરફ હરેક માનવીએ લક્ષ રાખવાની જરૂર છે કે આપણા શરીરમાં દોષનો સંચય હરદમ, હરઘડી થતો રહે છે. જો કે કુદરતની એ ખુબી છે કે જેમ દોષનો સંચય થાય છે તેમ આપોઆપ કેટલાક દોષોનું શમન પણ થઇ જાય છે. આ રીતે સંચય અને શમન થઇને કુદરત આપણને તંદુરસ્ત રાખવા પ્રયત્ન કરી રહી

હોય છે. તેમાં પણ જે જાગતા રહે છે તે વધુ જીવે છે અને જેઓ આ જ્ઞાન પ્રત્યે ઉંઘતા છે તેઓ વહેલા મરે છે યા હેરાન થાય છે.

'આટલું વિવેચન કરીને મારો કહેવાનો હેતુ એ છે કે મારો— વસંતનો અમલ શરૂ થતાં, કફપ્રકોપની આ ઋતુ છે એમ સમજી લઇને કફના શમનના ઉપાયો પ્રત્યે જેઓ વળે છે તેઓ દોષરહીત બનીને તંદુરસ્ત જીવન જીવી શકે છે.

'ઉપાય તરીકે આગળ બતાવી ગયા કે ઉલટી કરીને ઉપરથી અને રેચ લઇને નીચેથી સંચય થયેલા કફનો નીકાલ કરવો જોઇએ. તેની સાથે રસદાર ચીકણા પદાર્થો—અન્ન વગેરેનો ત્યાગ કરી, થોડો વખત સુક્કા અન્નનો—જૂના અન્નનો આહાર લેવાનો શરૂ કરવો.

'ધર્માચાર્યોએ ધર્મનાં બંધન, ધર્મઉથાપન અને નિયમપાલનમાં વૈદકનાં ખાસ સૂત્રોને ગુંથી લીધેલાં જણાય છે.

'વસંતના હીંડોળાના ઓચ્છવમાં ભગવાનને આંબાનો મોર અને કાચી કેરીના મરવા ધરાવાય છે અને જુવારની ધાણી તથા શેકેલા ચણાનો સાથવો ધરવાનો રીવાજ છે. આંબાનો મોર અથવા મરવા કે જેમાં કષાય રસ ભરેલો છે તે કફનું શમન કરનાર છે, અને ધાણી—ચણા જેવાં શુષ્ક અન્ન કફનું શોષણ કરનાર છે. વળી તેની સાથે હુતાશણી જેવું પર્વ દાખલ કરી, હુતાશણી પ્રગટાવી તેને તાપવાના ધાર્મિક રીવાજની પાછળ શરીરની નાડીઓમાં ભરાયેલા કફને પીગળાવી નાંખી, શોષી નાંખી, નષ્ટ કરવાનું રહસ્ય પણ રહેલું છે. એ માટે જ આવાં પર્વો હેતુપુરઃસર દાખલ કર્યાં છે. હુતાશણીને વધાવવા ધાણીચણા જ કામ આવે છે. તેમ જ તેમાં શ્રીફળ હોમી, તૈલી પદાર્થ બાળી, આકાશમાંનાં ઝેરી જંતુનો નાશ કરવાનો હેતુ રહેલો છે. તેની સાથે વાજીંત્રો વગાડી તેના નાદ દ્વારા હોળીમાં હોમેલા હુતદ્રવ્યને આકાશના છેલ્લા પડ સુધી ઉંચે પહોંચાડી, ભવિષ્યમાં ગ્રીષ્મ ઋતુમાં ઉત્પન્ન થનારાં ઝેરી જંતુનો નાશ કરવાની પણ અગમચેતી વાપરેલી છે.

'એક ઋતુ ચાલી જાય અને બીજી ઋતુ આવવાનો સંધીકાળ, કે જે સંધીકાળમાં જ માનવી તંદુરસ્તી ગુમાવી બેસે છે તેને નહિ પિછાનનાર ઘણો હેરાન થાય છે. શીશીર સમાપ્ત થતાં અને મારો પગ જામતાં શરીરમાં જામેલો કફ જ્યારે ઓસરે છે ત્યારે તે નાડીઓમાં ભરાઈને વહન થવા લાગે છે, અને જો તે મસ્તક ઉપર જાય છે તો મસ્તક ઉપર દર્દ અને દુઃખાવો પેદા કરે છે, ગળામાં આવે છે તો શરદી, સળેખમ, ખાંસી અને કફ પેદા કરે છે. છાતીમાં જતાં છાતીને જડ અને ભારે બનાવે છે અને પેટમાં ઉતરવાથી મરડો અથવા કફજ્વર પેદા કરે છે.

'એથી ચેતીને અગાઉ જણાવ્યા પ્રમાણે એકાદ હલકો જુલાબ એકાદ વખત લઈને ખોરાકોમાં ફેરફાર કરી નાંખવો, ભારે અન્ન, ટાઢું અન્ન, ચીકણા પદાર્થો, મિષ્ટાન્ન, નવું ધાન્ય, દિવસની નિદ્રા—એટલાં વાનાંનો અવશ્ય ત્યાગ કરવો.

જૂનાં, આગલા વરસનાં પાકેલાં અનાજ, મધ, તેલમાલીસ, શરીરની ચંપી તથા કસરત કરવાથી શરીરની નાડીઓમાંથી કફ છુટો પડી નાશ પામે છે.

જેઓ મહેનત મજૂરી કરનાર છે, જેમને સૂકો રોટલો ખાવા મળે છે અને જેઓ ગરીબ વર્ગના છે તેમને મારા અમલ વખતે વધુ સહન કરવું પડતું નથી. પરંતુ જે શ્રીમંત વર્ગ છે, જેના શરીરથી જરી પણ મહેનત થઈ શકતી નથી, અને જેઓ પોતાના શરીરને પરિશ્રમ પડે તેવું કોઈ પણ કાર્ય કરી શકતા નથી, પણ રોજ—મલીદા અને મિષ્ટાન્નો જેમને ખાવા જોઈએ છે અને જેઓ બેઠાડુ જીંદગી ભોગવનારા છે તેમને મારા સમયમાં જરૂર સહન કરવું પડે છે.

'મારા સમયમાં એટલે વસંત ઋતુના વહનકાળમાં સુશ્રુત આચાર્ય આસવ પીવાની આજ્ઞા કરતાં એક રસપ્રદ શ્લોક આપે છે:

सहकार रसोन्मिश्रा नास्वाद्य प्रिययार्पितान् ।
प्रियास्य संग सुरभीन प्रियानेत्रोत्पलांकितान ॥
सोमनस्य कृतो हृद्यान्वयस्थैः सहितः पिबेत ।
निर्गदानासवारिष्ट सिंधुमाद्वीक माधवान ॥

'**અર્થ**: આસવ, અરીષ્ટ, સીન્ધુ, કેલડીનો રસ, સુરેકો, દ્રાક્ષ-રસ અને માધવ એટલે મધનો આસવ ઇત્યાદિ આસવો કે જેમાં કેરીનો રસ મેળવેલો હોય તથા પોતાની પ્રાણપ્યારી—પ્રિયાએ—સ્ત્રીએ ચાખીને આપેલો હોય, અને તેથી પ્રિયાના મુખનો સ્પર્શ થવાથી, તેણીના શ્વાસથી વધારે સુગંધિત થયો હોય, અને તેણીનાં નેત્ર-કમલથી અંકિત થયેલો હોય, એવા મનને પ્રસન્ન કરનારા તથા હૃદયને હિતકારક આસવો સમાન વયના મિત્રો સાથે બેસીને પીવા.'

'વસંતરાણી, તમે આલંકારિક ભાષામાં ઘણું સરસ સમજાવ્યું, અને તમારા સમયમાં માનવીએ કેમ આચરવું તે પણ કેટલુંક જાણવા મળ્યું. પરંતુ ક્રમબદ્ધ જો તમે અલંકારરહીત, સ્પષ્ટ રીતે કહી નાંખો તો અમને વધુ સમજ પડે.'

'ઓહો હું સમજી. તમને મારી ભાષાથી જ્ઞાન સાથે આનંદ મળે તેમાં જ અલંકારી ભાષા મેં વાપરી હતી. ચાલો, ત્યારે તમને નિશાળીઆ મોપાટ લે તેમ કહી દેઉં:

'(૧) મારા અમલમાં કફ પીગળે છે અને કોપે છે, માટે તેવા રોગીઓએ વધુ સાવચેત રહેવું અને કફની શાન્તિ માટે પ્રયત્ન કરવો.

'(૨) કફ પ્રકોપ પામ્યા પછી ઉલટી કરવા માટે મીંઢળના છોલટાની ભુકી ૦ા તોલો ગરમ પાણી સાથે ફાકવી, જેથી ઉલટી થશે. જેને ફાવે તેણે ગળામાં આંગળી નાંખી અથવા ગળામાં પીંછું ફેરવી વમન કરવું, અથવા ગરમ પાણીમાં ૨ તોલા મીઠું નાંખી પીવું. તેથી પણ વમન થશે અને કફ દૂર થશે.

'રેચ માટે ાા તોલો હરડેનુ ચુર્ણ અથવા હીમેજનું ચુર્ણ રાત્રે ફાકવું, અથવા મીંઢીયાવળ, ગુલાબનાં ફુલ અને નસોતર—તેને ખાંડી બનાવેલી ફાકી ાા તોલો લેવી. તેથી પણ દસ્ત થઇ કફનો નીકાલ થશે.

' ઉલટી દ્વારા ગળાનો અને ફેફસાંનો કફ દૂર થશે. રેચ દ્વારા આંતરડાં અને પાચક અવયવનો કફ દૂર થશે. છતાં અશક્ત, બાળક જીર્ણ રોગી અને સગર્ભા સ્ત્રીને ઉલટી ન કરાવવી જોઇએ, તે પણ ભૂલવું ન જોઇએ.

' (૩) ઉપર પ્રમાણે કફનો નીકાલ કર્યા પછી પણ આહારમાં કફની વૃદ્ધિ કરે તેવા પદાર્થો છોડી, સૂકું અન્ન લેવું. ગરીષ્ટ, ચીકણા રસવાળા પદાર્થો ન લેવાં. દાળીયા તથા ધાણીને શેકી તેનો લોટ બનાવી, થોડું ગોળનું પાણી અને જરાક ઘીનો કરમો દઇ બનાવેલો સાથવો, ધાણી, ચણા, મમરા, બાજરી, મગ, જૂનો ગોળ આ બધા કફનું શોષણ કરનારા છે, પણ નવો કફ બનાવતા નથી.

' (૪) બને તેટલી કસરત કરવી. કસરત કરી શકાય એવું શરીર ન હોય તેણે હમેશાં સવાર સાંજ ફરવા જવું અને બે-ત્રણ માઇલ ચાલવું. બાગબગીચા, જંગલી પહાડી મુલક, તેમ જ નદીના કાંઠા હોય ત્યાં જરૂર ફરવું અને વસંતની સોહામણી કળાને જોઇને આનંદ માનવો. ઘોડા ઉપર સવારી કરવાની સગવડ અને આવડત હોય તો જરૂર ઘોડે બેસી ફરવા જવું અને સ્નાન કરતા પહેલાં અથવા ફરી આવ્યા પછી પસીનો લૂછી સુકાઇ જાય ત્યારે તલના તેલનું માલીસ કરાવવું. મોટર—સાઇકલ જેવાં વાહનો ફરવા જવા માટે નકામાં છે. પગે ચાલીને ફરવું સારૂં છે.

' (૫) દિવસે સુવાથી આ સમયમાં કફની વૃદ્ધિ થાય છે.

' (૬) રાત્રે જાગરણ કરવાથી સારો લાભ થાય છે. તેમાં ય પ્રિયતમાની સાથે ચાંદનીમાં નદીકિનારે કે ઉપવનમાં ફરવું એ તો ઘણું જ સુંદર અને મનને પ્રસન્ન કરનારૂં છે.

'(૭) બાળસૂર્યનાં કિરણો બદન ઉપરથી વસ્ત્ર હઠાવી સેવવાં, અર્થાત સૂર્યસ્નાન પ્રાતઃકાળે કરવું એ પણ હિતકર્તા છે.

'(૮) કોકરવરણા જળ વડે સ્નાન કર્યા પછી કપુર, કેશર, કસ્તુરી, આદિ મેળવી તૈયાર કરેલા ચંદનનું લેપન કરવું.

'(૯) ક્ષારયુક્ત એટલે ખાર મેળવેલા પદાર્થો ખાવાનું વધારે અનુકૂળ છે. કારણ કે ખાર કફનો નાશ કરે છે.

'(૧૦) આરસપહાણથી બનેલી અને વિવિધ રંગીન ચિત્રોથી ઓપતી હવેલી, કે જ્યાં દક્ષિણ દિશાનો પવન સુગમતાથી આવતો હોય, જે હવેલી ઉપર આમ્રવૃક્ષો પોતાની ડાળો ફેલાવી, અભય વચન આપતા સંત પુરૂષની માફક છાઇ રહ્યાં હોય, જે ડાળો ઉપર કોયલ પંચમના સુરથી આલાપ કરી રહી હોય, અને મયુર મયુરીની નજીક જઇ કલા કરીને નાચતો હોય, જ્યાં વૃક્ષોની ગીચતાને કારણે સૂર્ય પોતાનાં પ્રતિબિંબોને સંતાકુકડીની રમત માફક ફેંકતો હોય, તેવા સ્થળે પ્રિયતમાની સાથે પ્રિયતમે બપોરા ગાળવા અને ગાવું : 'વસંત આઇ, રી વસંત આઇ!''

'અરે પણ વસંતરાણી! વાત કરતાં કરતાં તમે કેમ ચાલવા લાગ્યાં? હજુ તો મારે થોડુંક પૂછવાનું છે.'

'હા, જીવરાજ! હવે હું જાઉં છું. મારો વખત થઇ ગયો એટલે રોકાઇ શકું નહીં. ભલે તમે પૂછો, શું જાણવાની તમારી ઇચ્છા છે?'

'વસંતરાણી! આપના સમયમાં એવું કોઈ કાર્ય છે કે માનવી પોતાનાં શરીરને બળવાન બનાવી શકે, તંદુરસ્ત બનાવી શકે. જુઓ, હેમંતે તૈલાભ્યંગ વિષે પોતાના સમયમાં વિશિષ્ટ કાર્ય સમજાવ્યું. શીશીરે પણ કેટલીક બાબતો વિષે ઘણું સુંદર સમજાવ્યું. જો કે તમે પણ માનવીને આહ્લાદ થાય તેવું ઘણુંએ વર્ણવ્યું. પણ ખાસ વિશિષ્ટતા આપના સમયમાં કોઇ હોય તો જણાવો.'

'બરાબર છે, જીવરાજ ! જુઓ ત્યારે, મારા સમયમાં કોઈ પણ માનવી ધારે તો એક સરસ પ્રયોગ કરી શકે તેમ છે. એ પ્રયોગ કરવાથી આયુષ્ય વધે, બળ અને બુદ્ધિ વધે, મેધા વધે, જીર્ણ વ્યાધિ નાબૂદ થાય અને શરીર કાયાકલ્પરૂપે ફેરફારવાળું થાય તેવો એ સુદર પ્રયોગ છે. એ પ્રયોગ મારા નામ સાથે જોડાયેલો છે અને એનું નામ છે : 'વસંત વૃત' અથવા કાયાકલ્પ કરવા માટેનો 'વિડંગતાંદુલ'નો પ્રયોગ. બીજી ઋતુઓના સમય કરતાં મારા સમયમાં આ પ્રયોગ કરવો ઘણો જ શ્રેયકર છે.

વિડંગતાંદુલનો પ્રયોગ

'ચામડીના બધા વ્યાધિવાળા જેઓ જૂના વ્યાધિથી કંટાળેલા હોય, અર્થાત કુષ્ટ અને મહા કુષ્ટના દરદીઓ, લોહીવિકારના દરદીઓ, અકાળે વૃદ્ધાવસ્થા ભોગવતા માનવીઓ, અને દમના દરદીઓ, પાચનશક્તિની ખામીવાળા માનવીઓ, મનની નબળાઈવાળા માનવીઓ, આયુષ્યને લંબાવવાની ઇચ્છા ધરાવનારાઓ અને બિલકુલ તંદુરસ્ત હોય છતાં પોતે પૂર્ણ નીરોગી રહી લાંબું આયુષ્ય ભોગવવા ઇચ્છા ધરાવનારાઓને આ 'વસંત વૃત'નો પ્રયોગ કરવાની હું સલાહ આપું છું.

'પૂરા પ્રયોગનો લાભ લેવાની જેમને ઇચ્છા હોય તેમણે પોતાની ચાલૂ પ્રવૃત્તિ. બંધ કરવી જોઈએ અને ત્રણ મહિના માટે શરીર અને મનને શ્રમ પડે તેવાં તમામ કાર્યો બંધ કરી તદ્દન શાંતિમય અને એકાંત જીવન જીવાય એવા સ્થળની તેમણે પ્રથમ પસંદગી કરવી જોઈએ.

'પૂરો પ્રયોગ કરી શકવાને માટે મનની હિંમત અને દઢ નિશ્ચય કરવો ઘટે. અધૂરે પડતું મૂકવાથી પૂરો અને ધારેલો લાભ થતો નથી. જો પ્રથમથી જ પ્રયોગ માટેની ગોઠવણ કરવામાં નથી આવતી તો સંસારનાં માનવીઓને વચમાં જ અનેકવિધ ઉપાધિ આવી પડે છે.

'ઉપર લખ્યા પ્રમાણે ગોઠવણુ થઇ ગયા પછી પ્રયોગ દરમ્યાન લેવામાં આવતાં ઔષધની તૈયારી કરી રાખવી. ઔષધ ઘણી જ ઓછી કીંમતમાં અને સહેલાઇથી હરેક માનવી પોતાની જાતે બનાવી શકે તેવું જ છે. પરંતુ એટલું યાદ રાખવું કે એ તાજું બનાવવાથી જ સારો ગુણુ કરે છે.

વિડંગતાંદુલ રસાયન ચુર્ણ

'વાવડીંગ અને જેઠીમધ તેમાં પ્રથમ વાવડીંગને ખાંડી તેની અંદરના દાણા કાઢવા અને તેના વજન પ્રમાણે જેઠીમધનું પરિપકવ, અતિ પાતળું નહિ તેવું મુળ લાવવું. એ બન્ને સરખા વજને ખાંડી તેનું ચૂર્ણ કરી રાખવું.

'પ્રયોગ કરનારે પ્રથમ શરીર ઉપરથી મૂંડન કરાવવું, એક રેચ લેવો. હરડે એ માટે સારી છે, અથવા સ્વાદીષ્ટ વિરેચન ચૂર્ણ લેવું.

'એક ઉલટી કરવી, જેને માટે મીંઢળ ગરમ પાણીમાં નાંખીને પી જવાથી સુખપૂર્વક ઉલટી થઇને ઉપરના ભાગનો મળ નાબૂદ થાય છે.

'બે દિવસ લાગઠ ત્યારપછી ચોખામગની ખીચડીમાં પુષ્કળ ઘી નાંખી માત્ર તેનો જ આહાર કરવો.

'આટલું પ્રયોગ પહેલાં શુદ્ધિકર્મ કર્યા પછી આ પ્રયોગ શરૂ કરવો. સવારમાં દેવ–ગુરૂનું પૂજન કરી, ઉપર બતાવેલું ચુર્ણ તો. ૦। ફાકી ઠંડું પાણી પીવું અને તેવી રીતે સાંજે પણ ૦। તોલો ફાકી પીવું. ૦॥ તોલો જેમનાથી લઇ શકાય તો તેટલું લેવું તે વધારે સારૂં. ઔષધનું પ્રમાણુ સામાન્ય રીતે ૦॥ તોલાનું છે.

બીજી રીત

'ઉપરનું ચુર્ણ ફાકી, તેની ઉપર પાંચ તોલા કાળી દ્રાક્ષને પાણીમાં ઉકાળી તેનો કાઢો બનાવીને પીવો. કાળી દ્રાક્ષ સાથે ચુર્ણ લેવું હોય તો એ ચુર્ણને મધ સાથે ચાટવું.

ત્રીજી રીત

'૦ા થી અરધો તોલો ચુર્ણ મધ સાથે ચાટીને તેની ઉપર એક ભીલામાનો બનાવેલો ક્વાથ પીવો.

ભીલામાનો ક્વાથ પીવાની રીત

'સુડીથી ભીલામાની આગળનું દીંટીયું કાઢી નાંખી તેના ચાર ટુકડા કરવા, અને તેને ૨૦ તોલા પાણીમાં ઉકાળવા. જ્યારે પાંચ તોલા પાણી બાકી રહે ત્યારે કપડેથી ગાળીને આ ઉકાળો લેવો. પણ આ ઉકાળો પીતા પહેલાં તાજા ઘીનો કોગળો મોઢામાં પાંચ મીનીટ રાખી પછી થુંકીને ક્વાથ પી જવો. એથી ભીલામું ગળામાં લાગશે નહીં. જો ઘી આ પ્રમાણે કોગળાના રૂપમાં મોઢામાં નહીં ભરવામાં આવે અને ક્વાથ પીવામાં આવશે તો મોઢામાં ફોલ્લા થઇ જશે.

'કોઇ પણ કારણ વગર પ્રયોગ કરનારે પાણી સાથે વિડંગતાંદુલ લેવું સારૂં છે.

'કુષ્ટના વ્યાધિવાળાએ દ્રાક્ષના પાણી સાથે તેનો પ્રયોગ કરવો સારો છે

'વયસ્થાપન અને બળ વધારવા તેમ જ આંતરડાં તથા પાચનશક્તિ સુધારવા, દમ–ખાંસી નિર્મૂળ કરવા માટે ભીલામા સાથે પ્રયોગ કરવો સારો છે.

'દ્રાક્ષની માફક આ ચૂર્ણની સાથે આંબળાને ઉકાળી તેના પાણી સાથે પણ પ્રયોગ કરી શકાય છે.

'જેમની ગરમ પ્રકૃતિ છે અને જેઓ પિત્ત પ્રકૃતિવાળા છે તેમણે ભીલામાના ક્વાથ સાથે આ દવા નહીં લેતાં દ્રાક્ષ અથવા આંબળાં સાથે લેવી એ વધારે સારૂં છે, ભીલામા તેમને માફક આવતાં નથી.

'બે વખત દવા લેવાની જેમની ઇચ્છા ન હોય તેમણે માત્ર સવારે એક વખત લેવી.

'સવારમાં દવા લીધા બાદ બપોર સુધીમાં તે બરાબર પચી જાય ત્યારપછી ખોરાક લેવો.

ખોરાક

દશ તોલા આખા મગને બશેર પાણીમાં બાફવા અને તે બફાઇ રહેવા આવે ત્યારે તેમાં સુકાં આંબળાં તો. ૧ નાંખવાં અને બફાવા દેવું. ત્યારપછી તેને નીચે ઉતારી, ચોળીને ગાળી લેવું.

'આ ઓસામણને ઘીનો વઘાર કરવો. અંદર ધાણજીરૂં–કોથમીર નાંખવાં, પણ મીઠું, મરચાં તથા બીજી કોઇ ખટાઇ નાંખવી નહિ.

'તેની સાથે લાલ ચોખા જેને સાંઠીચોખા કહેવામાં આવે છે તે પુષ્કળ પાણીમાં નરમ રાંધી તૈયાર કરી ઉપરના ઓસામણ સાથે જમવું. બપોરે એક જ વખત જમવું.

ખોરાકમાં આ સિવાય બીજી કોઇ ચીજ લેવી નહિ. નમક–મીઠું લેવાની ખાસ મનાઇ છે. છતાં ખારાશ વગર ન જ રહી શકાય તેમણે સહેજ સીંધવ–સીંધાલુણ લેવું, પણ યાદ રાખવું ઘટે કે નમક કે સીંધવ વિના પ્રયોગ જેટલો સફળ થાય છે તેટલો ક્ષાર સાથે લેવાથી થતો નથી, એટલે મન મક્કમ રાખીને મીઠા વગર મોળું લેવું વધારે સારૂં છે.

'પ્રયોગમાં એક સૂચના એ આપવાની છે કે જો દવા સાથે ભીલામું લેવાનું હોય તો મગનું ઓસામણ બનાવતી વખતે તેની અંદર આંબળાં નાંખવાં નહિ. ભીલામા સાથે લેશ પણ ખટાઇ ન જોઇએ.

પ્રયોગ દરમ્યાન દસ્ત બરાબર થાય છે. છતાં કબજીયાત રહે તો રાત્રે હરડે ૦| તોલા જેટલી લેવી એ વધારે સારૂં છે.

'પ્રયોગ છોડતી વખતે બીજા ખોરાકો ધીરે ધીરે ક્રમવાર વધારીને બધા ખોરાક ઉપર આવવું.'

'નવું જીવન આપી, તેજસ્વીતા લાવી, બુદ્ધિ અને મગજને ખીલવી ગામડીને સુંવાળી બનાવી, ચહેરાને તેજસ્વી બનાવનાર ઉત્તમ 'વસંત વ્રત'નો આ પ્રયોગ જેમનું મન સબળ હોય તેમણે જરૂર કરવો. વિશેષ માહિતી માટે કુશળ ચિકિત્સકોની સલાહ લેવી.

'જીવરાજ! નમસ્તે–હવે જાઉં છું.'

'નમસ્તે, વસંતરાણી!'

અને એ અનોખી, ઢબથી ભરેલી સ્વરૂપસુંદરી હજી તો નજરથી દૂર નથી ખસી, ત્યાં તે જ જગ્યાએ અતિ વેગવાળી, લાલ રક્તવર્ણીય વસ્ત્રોથી આચ્છાદિત અને રૂવાબદાર કરડી મુખમુદ્રા ધારણ કરનારી, પોતાની સત્તાથી જાણે સર્વ જગતને ડારતી હોય તેવી જાજરમાન યુવતી આવી. એનું આવાગમન સર્વ પ્રાણી માત્રને ગરમ બનાવનારૂં જણાતું હતું. પક્ષીઓ વૃક્ષોની ઓથ શોધતાં હતાં. મુસાફરો આશ્રયસ્થાનમાં જઇ ભરાતા હતા. કુવા, વાવ, આદિ જળાશયો પાણી સંકેલી લેતાં હોય તેમ ઉંડાં ઉતરતાં હતાં. વૃક્ષ અને વેલીઓ ઉષ્ણતાથી સુકાતાં હોય તેમ જણાતાં હતાં. આવી ઉગ્ર સ્વરૂપવાળી બાઇને જોઇને મેં તેને પૂછ્યું :

'આવો દેવી! આપ કોણ છો?'

'હા, જીવરાજ! મારૂં નામ ગ્રીષ્મારાણી. હું પણ આપણા સંવત્સરરાજની માનીતી રાણી છું. પરંતુ મારો સ્વભાવ ગરમ છે. તેમની બીજી રાણીઓની માફક મને મીઠું મીઠું બોલતાં અને મીઠી મીઠી વાતો કરતાં નથી આવડતું. મારો સ્વભાવ કડક છે અને મારૂં વર્તન ગરમ છે. મારી હકુમતમાં હું સર્વેને પાંસરા દોર કરી મૂકું છું અને માનવીઓના મદ તથા તેમની ચરબીને હું મારી ગરમાઇ દ્વારા ઓગાળી નાંખું છું.

'હેમંત અને શીશીરમાં ખાઇ બદેલા અને માતેલા, તથા વસંતમાં પુલકૂટાકીઆ બની, રાગરંગ ઉડાવનાર તમામ માનવીઓની હું

ખબર લઇ નાંખું છું, અને તેમની વધારે પડતી ચરબી (શક્તિ)ને ઓગાળીને મારી સત્તાથી પાંસરા દોર કરવાની મારામાં હિંમત છે.

'મારા જેવા સ્વભાવની જો એકાદ વખત સત્તારૂઢ ન થાય તો માનવીઓને સંસારની ખરી લીલા અને ખૂબીની ખબર પણ કેવી રીતે પડે? શાંતિમાં અને છાંયડે મહાલેલાને તડકો કેવો છે તેની જો ખબર ન પડતી હોય તો આંખ કેમ ખુલે? એટલે જ તડકા છાંયાની આ દુનિયામાં અમારા રાજવીએ મારા સ્વભાવની રાણીની પસંદગી કરી છે. અને એ તો તમે સમજો છો ને કે દુઃખ વિના સુખ ક્યાં છે? રાત્રિ ન હોય તો દિવસ તેજસ્વી કેમ જણાય? ગરીબો છે ત્યારે જ તવંગરો જુદા તરી આવે છે ને! અને પ્રખર તાપ વિના છાંયડો શોભવા કોણ જાય? અગ્નિના તાપ વગર સોનું શોધાઇને સોળવલ્લું કેમ બને?

'એટલે જ મારી ગરમી–તાપ–ઉષ્માની જગતને જરૂર છે. મારો પ્રતાપ માત્ર પ્રાણીઓને અકળાવવા પુરતો જ છે એવું તમે નહિ માની લેતા, હો કે! કેટલીક વસ્તુઓ ઉપરથી અકળામણ આપતી હોવા છતાં પણ ભીતરથી એ શાંતિસર્જક હોય છે. એટલે જ મારી ઉષ્મા અને ગરમાઇ હવે પછી આવનારી વર્ષાઋતુ–વર્ષારાણીનો પ્રભાવ જમાવવા અને એનો અમલ પૂરેપૂરો સ્થપાવા માટે ખાસ ઉપયોગી છે. મારો અમલ અને સ્વભાવ હું પૂરા રૂપમાં ન દાખવું તો પાછળ આવનાર વર્ષારાણી તદ્દન નકામી બની જાય. એટલે જગતને અકળાવા દઇને પણ, પૃથ્વીને તપાવા દઇને પણ, જળને શોષાવા દઇને પણ, પ્રાણીઓનાં શરીરની શક્તિ હરી લઇને પણ, હું મારા અમલમાં મારી સત્તાનો પૂરેપૂરો ઉપયોગ કરૂં છું.

'છતાં અમારા કરડા અમલમાં પણ મનુષ્યો એ અમલની હળવાશ કરી શકે છે. અમે અમારા સ્વભાવ પ્રમાણે ઠંડી કરીએ, વરસાદ વરસાવીએ અને તપાવીએ, પણ એથી અમે એવી કોઇ પણ ઉપર ફરજ નથી પાડતાં કે તમે ઠંડીનાં મોજાં ઝીલીને ઠરી જાઓ,

તમે વર્ષાનાં વાવાઝોડાં શિર ઉપર લ્યો, તમે તાપમાં ગરમી મસ્તક ઉપર ઝીલો !

'માનવી બુદ્ધિથી પોતાની જાતનું રક્ષણ કરી શકે છે અને કડક અમલદારના મારશલ લૉમાંથી પણ બુદ્ધિ–બળે બચી જઇ શકે છે.

'જેઓ કુદરતના કાયદા કાનુનો જાણતા નથી તેઓ અપરાધ કરે છે અને એવા અપરાધીને શિક્ષા પણ થાય છે. અમારો અમલ કડક છે છતાં પ્રાણીઓના ભલા ખાતર મારા અમલમાં જ એવા પદાર્થો ઉત્પન્ન થાય છે કે તેનો ઉપયોગ કરવાથી મારી ગરમીથી બચી શકાય છે. એ જ અમારો ઋતુરાણીઓનો મનુષ્ય પ્રત્યેનો સાચો પ્રેમ છે.

'પાકી કેરી, ફાલસાં, તરબુચ, સકરટેટી, મોસંબી, નારંગી અને શેતુર, મીઠી આંબલી, વગેરે.

'આ પદાર્થો–ફળો મારા અમલ દરમ્યાન જ તાજાં મળી શકે છે. જેમનાથી મારી ગરમી સહન ન કરાતી હોય તેઓ આવાં ફળોનો છૂટથી ઉપયોગ કરી શકે છે.

'વળી મારી ગરમાઇથી શરીરમાંનો કફ ક્ષીણ થતો જાય છે અને વાયુની વૃદ્ધિ થાય છે. એટલા જ માટે મીઠા પદાર્થો, ચીકણા, હળવા અને પાતળા પદાર્થોનું સેવન વધુ યોગ્ય છે.

'દુધ, ભાત, સાકર, ગુલકંદ, શીખંડ, લસી, શરબતો, આંબલવાણું (મીઠી આંબલીને પાણીમાં ચોળી તેમાં ગોળ કે ખજુર મેળવી તૈયાર કરવામાં આવે છે તેને આંબલવાણું કહેવાય છે. ખૂબ ગરમીમાં રોટલી સાથે આ આંબલવાણું ખાઇ શકાય છે), લીલો મેવો વગેરેનો ઉપયોગ શરીરને સરસ શાંતિ કરે છે.

'સાંઠીચોખા, જૂના ઘઉં અને જવ, મગ અને મટરની દાળ, મસુરની દાળ, કારેલાં, બથુવો, પાલક, પરવર, ચોળાઇનાં શાકો ઘીમાં વઘારેલાં અને અત્યંત મસાલા કે લાલ મરચાં વગરનાં ખાવાં તે હિતકર છે.

'સાકર મેળવેલું દુધ, ગાય અને ભેંશનું તાજું મીઠું દહીં, જેમાં સાકર નાંખી પાતળું બનાવ્યું હોય તે તથા તાજી છાશ, આદિ હિતકર છે.

'સીંઘોડાના બનાવેલા પદાર્થ, લાબસી ને દુધનું સેવન કરવું હિતકર છે.

'ચંદ્રમાની ચાંદનીનું સેવન, બપોરની થોડીક નિદ્રા, શરીર ઉપર ચંદનનો લેપ, જળવિહાર અને રાત્રે ગોળ મેળવેલી હરડેનું સેવન પણ હિતકર છે.

'સુગંધિત જળથી ભીંજાવેલી ખસની ટટ્ટીઓ બારી બારણાં ઉપર લટકતી હોય, મધ્યમાં ફુવારામાંથી જળ ઉછળી તેની ફરતાં મૂકેલાં બટમોગરાનાં કુંડાં ઉપર પડતાં હોય, બાજુમાં જ હાથીદાંતના પલંગ ઉપર મલમલના ઓછાડોથી ઓપતી પથારી ઉપર, ખસના પંખા ઉપર ગુલાબનું અત્તર ચોપડી અને ગુલાબજળથી ભીંજવેલા એ પંખાને ધારણ કરનારી પદ્મિણી જાતિની સ્ત્રી સાત હીરા અને એક લીલમજડીત અંગુઠી ધારણ કરેલા હાથે વાયુ વહાવતી હોય, એવા અંતઃપુરમાં પ્રવેશ કરીને વસતા માનવીને મારી–ગ્રીષ્મ-ઋતુની ઉષ્માની અસર શું કરવાની હતી ?

સાયંકાલ, અને ચંદ્રદર્શન વખતે આંબાવાડીઆમાં, હાથથી બનાવેલા બટમોગરાના હાર ગળામાં ધારણ કરીને, જે આંબાવાડીયાની પશ્ચિમે નદી જળથી વહેતી હોય, યા તડાગ જળના હીલોળા લેતું હોય ત્યાં, તાજું ચંદન ઘસી, દ્વાદશાંગે લેપન કર્યું હોય, ડાળપર કોકીલ પંચમ સ્વરનો નાદ ગજવતા હોય, અને ચંદ્રમુખીની સાથે બેસી આનંદના ઝુલે ઝુલતાં જોડાંઓને ગ્રીષ્મનો તાપ કેમ તપાવી શકે ?'

'ઓહો ! ગ્રીષ્મારાણી ! આપના આગમન સાથે જ આપે તો ઘણું સંભળાવ્યું. તમારા સ્વભાવ સાથેનું પૃથ્વી ઉપરનું પરિવર્તન તથા રાખવી જોઇતી સાવચેતી, અને તમારી અસર ન અડે એ માટે સુગમ અને રસપ્રદ માર્ગ પણ બતાવ્યા. પણ એ બધું ઠીક

રીતે અનુક્રમબદ્ધ ગોઠવીને કહો તો અમોને આચારમાં મૂકવું વધુ અનુકૂળ બને. અમે માનવીઓ તો સરલતાને વધુ આચરીએ છીએ.'

'વારૂ, જીવરાજ! ત્યારે જુવો: મારા સમયમાં મધુર રસનું માનવીએ સેવન કરવું ઉત્તમ છે. મધુર રસ એટલે મીઠો રસ એ ઠંડો છે, ધાતુને તથા ઓના ધાવણને બળ આપનારો છે, આંખોને હિતકર છે, વાયુ અને પિત્તને શમાવનારો છે, ક્ષીણ થયેલાને અને વૃદ્ધને ફાયદો કરે છે, શરીરના વર્ણને સુધારે છે, બાલ, ઇંદ્રિયો અને ઓજને ઉત્તેજન આપે છે, કંઠને સુધારે છે.

'એ મધુર રસ સાકર, શીખંડ, શેરડીનો રસ, દ્રાક્ષ, દુધ, તરબુચ અને બીજાં એવાં મધુરાં ફળોમાંથી તેમ જ આંબલી અને લીંબુના શરબતમાંથી મેળવી શકાય છે. એટલે આ પદાર્થોનો મારા કાળમાં ઉપયોગ કરવો.

'તેની વિરૂદ્ધ ખાટા, ખારા, તીખા રસ ગરમી કરનારા છે અને પિત્ત વધારનારા છે. મરચાં, તેલ, લસણ, કાંદા, અથાણાં, પાપડ, રાયતાં અને તેલમાં તળેલા—આ બધા પદાર્થો જો કે અહિત કરે છે, છતાં વિશેષે મધુર રસ લેવાનો હોય તેની સાથે બહુ સાધારણ પ્રમાણમાં ખાટો–ખારો–તીખો રસ લેવામાં વાંધો નથી. જેમનાથી બની શકે તેમણે મારા ઉગ્ર તાપથી પોતાનું રક્ષણ કરવું. પહાડોનાં શિખર પર, હવા ખાવાનાં સ્થળો, બાગબગીચા, પાણીનો છંટકાવ, ખસની ટટ્ટીઓ, જવાસાની ટટ્ટીઓ, હોજ, ફુવારા, ઉન્હાળામાં ખાસ ખીલતાં પુષ્પો–બટમોગરો કે રાતરાણીના હારો, ગુલાબ અને કેવડાનું અત્તર, ગુલાબજળનો છંટકાવ, કમળપુષ્પની પત્તીની પથારી, આ બધાંનો ઉપયોગ મારા સમયમાં પોતાની શક્તિ પ્રમાણે જો માનવી કરી શકે છે તો સુખ મેળવે છે.

'બને તો મધ્યાહ્નના સૂર્યનો બહાર નીકળવા માટે ત્યાગ કરવો. સવારે અને સાંજે બહાર નીકળનારે પણ પગમાં ઉપાન અને માથાને ઢાંકવા છત્રીનો ઉપયોગ કરવો.

ગરમી વખતે માનવી દહીં અને છાશ લેવાથી ઠંડક થશે એમ માને છે. પરંતુ તે બરાબર નથી. દહીં અને છાશ પિત્તનો વધારો કરે છે અને પિત્તનો વધારો ગરમી પેદા કરનાર છે. એટલે દહીંનું ઘોળવું અથવા દહીં સાથે સાકર મેળવી લેવાથી તેની ખટાશ (જે ખટાશ પિત્ત પેદા કરે છે) દૂર થાય છે અને સુંદર ફાયદો કરે છે, અને એથીજ ઠંડા પદાર્થો લેવાની ગણનામાં આગળ શીખંડની ગણના કરવામાં આવી છે. પણ અમદાવાદ–મુંબઇ જેવાં મોટાં શહેરોમાં બનાવવામાં આવતો શીખંડ બરાબર નથી. એ શીખંડ બનાવતી વખતે દહીંમાંનું પાણી નીતારી–નીચોવીને કાઢી નાંખવામાં આવે છે. એથી તે ખાવામાં ઘટ્ટ બને છે ખરો, પણ તે ખાવાથી ખાનાર માણસને પુષ્કળ ગરમી કરે છે અને વળી જમ્યા પછી પાણીનો સખત શોષ પડે છે. તેનું કારણ છે દહીંમાંનું પાણી તદ્દન કાઢીને શીખંડ બનાવવાની રીત. એક તો દહીંમાંથી પાણી નીકળી જવાથી પાણીમાં રહેલાં પાચનશક્તિને મદદ કરનારાં ઉપયોગી તત્વો નાબૂદ થાય છે અને દહીંનાં પાછળ રહેલાં ઘટ તત્વો પચવામાં ભારે બની જાય છે. તે માટે હોજરી શીખંડને પચાવવા માટે ઉપરથી પાણી માગે છે અને શીખંડ પાણીનો શોષ કરે છે.

'એટલે શીખંડ બનાવવા માટે દહીમાંથી પાણી જો ન કાઢો અને પાણી સાથે જ દહીંનું ઘોળવું કરી તેમાં જોઇતી સાકર–ખાંડ મેળવી, એનું નામ શીખંડ રાખો તો વૈદકીય દષ્ટિએ સારી ઠંડક કરશે.

'એક તો મારો સમય, શક્તિ હરી લેનારો તો છે જ. એમાં જો માનવી વધુ પડતી મજૂરી–મહેનત કરે છે અથવા કસરત કરે છે તો બળનો વધુ ક્ષય થાય છે અને શરીરમાં તથા સાંધાઓમાં રહેલા ઉપયોગી કફનો વધુ પડતો નાશ થાય છે.

'જેમ સંચાઓને સુગમતાથી ચાલવા માટે તેલની જરૂર છે, તેમ શરીરના ચલન હલન માટે ઉપયોગી એટલા કફની પણ જરૂર છે. જો એ વધુ પડતો વિનાશ પામે તો સાંધાઓ તદ્દન નબળા

પડી જાય છે. એથી જ મધુર રસ લેવાની ભલામણ કરી છે. એ સાથે શરીરને પરિશ્રમ પણ મારી હવા વખતે ઓછો કરવો.

'પુષ્કળ ગરમીના હવામાનના પરિણામે શરીરમાંનાં બધાં તત્વો જેમ તપેલાં રહે છે તેમ પુરૂષનું વીર્ય અને સ્ત્રીનું રજ પણ તપાયમાન બને છે. વળી શક્તિક્ષયના સમયમાં સ્ત્રીસમાગમથી ઉભયની શક્તિ ક્ષીણ થાય છે. એટલે આ કાળમાં સ્ત્રીસેવન બંધ કરવું હિતકર્તા છે. છતાં આ સમયમાં સ્ત્રીસમાગમ કરવામાં આવે અને તપાયમાન રજ–વીર્યથી ગર્ભ રહે તો બાળક સારૂં થાય નહીં. એ હેતુ નજર સામે રાખીને જ સ્ત્રીસમાગમની મના કરવામાં આવે છે

'રાત્રિએ ઉજાગરો કરવો નહિ અને બપોરે થોડુંક સુવું એ જરૂરી છે. આસવ અને મદ્યપાનનો આ સમયમાં નિષેધ છે. ગરમીમાં વધુ મદ્યસેવન કરનારને કેટલીક વખત યકૃત (લીવર) બગડી જાય છે. તેમાંથી સોજા, અંગની શીથીલતા, મગજની ગરમી અને ગાંડપણ જેવા વ્યાધિના તેઓ ભોગ થઇ પડે છે.

'પાણી પીવાનાં પાત્રો વિશેષે કરી મૃતિકાનાં વાપરવાં. ભોજન કરવાનાં પાત્રો વનસ્પતિનાં પાંદડાંમાંથી બનાવેલાં વાપરવાં. રહેવાનાં સ્થળો આંબાવાડીઆં અને ઉપવનમાં બનાવવાં. સુવાની પથારી કોમળ અંકૂરો, કુમળાં પાતરાં અને ગુલાબ કે કમળપુષ્પની પત્તીથી બનાવી, ઉપર પાણી છાંટી, ઠંડી બની ગયા પછી તેનો ઉપયોગ કરવો. પહેરવાનાં વસ્ત્રો બારીક અને સુતરાઉ બનાવવાં. ખુલ્લી અગાશીમાં બાળકો સાથે વિનોદથી ચંદ્રનાં કિરણો ઝીલતાં બેસવું. નાસ્તામાં પૌંઆ ને દુધ સાકર મેળવી ખાવાં. સુગંધમાં ચંદન અને ગુલાબનું અત્તર વાપરવાં. હવા તાડનાં પાંદડાંથી બનાવેલા પંખાથી ખાવી. સાચાં મોતીનાં આભૂષણો પહેરવાં. પુલોમાં બટમોગરો વાપરવો. વાણી મેનાની સાંભળવી. રાગ વસંત ગાવો અથવા સાંભળવો. ચુંબન પ્રિયાની ગરદન ઉપર કરવું અને ગ્રીષ્મારાણીનો અમલ સંભાળથી વહન કરવો.'

'ઓહો ગ્રીષ્મારાણી ! તમે તો ચાલતાંયે થયાં. તમારો ઉકળાટ ભારે. પણ વાતો બહુ રસિક તમે સંભળાવી.'

'હા, જીવરાજ ! નમસ્તે. મારાથી તમે અને સર્વે અકળાઇ જાઓ ત્યારે પછી મારે જવું જ જોઇએ. યાદ રાખજો, જેવી હું ગરમ છું તેવી જ હિતકારી પણ છું એ ન ભૂલતા.'

'વારૂ.'

મારી નજર ફેરવું છું ત્યાં તો વાયુ–વંટોળથી દિશાઓ ધુંધળી બનેલી જોઇ. આકાશ ઘટાટોપ વાદળથી છવાઇ ગયું. પશ્ચિમનો પવન જોરથી ફુંકાવા લાગ્યો અને આ ધમાલ વચ્ચે પણ શરીરને સુખમય સ્પર્શ કરતો વાયુ તેની દરેક લહરી દ્વારા તનબદનને પ્રસન્નતા ઉપજાવતો હોય તેમ જણાયો. અને તેની વચમાં નીલમ રંગી સાડી ધારણ કરેલી, જોબનના મદે ઘેરાયેલાં નયણાં નીચાં ઢાળીને મંદાક્રાન્તા સમી ચાલે ચાલતી એક રમણીય છતાં પ્રભાવશાળી સુંદરી મારી સામે આવતી જણાઇ. એની દૃષ્ટિ મારી સામે જ હતી, અને એથી જ મેં માનપૂર્વક એને સંબોધીને પૂછ્યું :

'આવો, નયનમનોહારિણી દેવી ! તમે કોણ છો ? તમારૂં નામાભિધાન જણાવો.'

'હાં, જીવરાજ ! હું સંવત્સરરાજની માનીતી પાંચમી રાણી–વર્ષા છું. પૃથ્વી ઉપર મારો અમલ શરૂ થાય છે, અને મારા અમલથી સર્વ મનુષ્ય માત્ર, જીવ પ્રાણી માત્ર–જળસ્થળ ઉપર મારો હુકમ જમાવવા હું હાજર થઇ છું.'

'અરે વાહરે, વર્ષારાણી ! તમે ભલે આવી પહોંચ્યાં. તમારી બહેન ગ્રીષ્માએ તો અમને ત્રાહી ત્રાહી કરી મૂક્યાં હતાં. તોબાહ, બાઇસાહેબ ! એનો તાપ અને ઉકળાટ, અને એનો સ્વભાવ બડી મુશ્કેલીથી જીરવાય એવો. એનો અમલ ભારે કડક. એ તમારી જ બહેન છે, હો !'

'બરાબર છે, જીવરાજ! સહુના સ્વભાવ જો સરખા હોય તો જગતનું નિયમન કેમ ચાલે? જુઓને, એક ઘરમાં સર્વે માનવી ક્યાં સરખાં હોય છે? તમને ભલે એની કડકાઇ અપ્રિય લાગતી હોય, પરંતુ એનો કડપ ઘણો ઉપયોગી પણ છે. ખરી રીતે એના પ્રભાવના પરિણામે જ મારૂં આવાગમન નિર્માય છે, એ તો તમારી જાણ બહાર નહિ જ હોય. પેલી કહેવત તમે સાંભળી છે ને?

''જબ સૂરજ ગરમી કરે તબ બરસનકી આશ.' એટલે ગ્રીષ્માનો ઉકળાટ એ જ પ્રાણીઓનું શ્રેય સાધનારો છે.'

'બહુ સારૂં, હવે મેં જાણ્યું. ત્યારે તો તમારી ગ્રીષ્માબહેન બહુ ભલી. પણ સાચાં અને કડક માનવીઓ જેમ પ્રીતિપાત્ર નથી બનતાં એવું ગ્રીષ્મા માટે બને છે. વારૂ ચાલો, હવે તો તમે આવ્યાં એટલે જગતમાં શાંતિ સ્થાપશો, ઠંડક વહાવશો અને દુનિયાનાં સુખ સર્જશો, ખરૂં ને?'

'જરૂર, આતપ્ત ભૂમિ મારા આગમનથી તરબોળ અને જળમય બનશે, નદીઓ અને સરોવરો જળથી ઉભરાશે, પૃથ્વી નવાં પટકુળ પહેરેલી નવોઢાની માફક વનસ્પતિ—વેલી અને લતાઓનાં નવાંકુરોથી આચ્છાદિત બનશે. કૃષિકારો હર્ષથી બીજારોપણ કરશે અને જગતનાં સર્વ જીવોના જીવનનિર્વાહ માટે અન્ન, કપાસ અને ફળોનાં અવનવાં ઉત્પન્નની ભૂમિકા રચાશે. મારૂં આવાગમન માનવી અને જીવોને આનંદ ઉદ્‌ભવારૂં બને છે, ઉત્પાદનનું કારણ બને છે, સૃષ્ટિનું રૂપ બદલી નાંખે છે, શુષ્કમાંથી હરિયાળું બનાવે છે, નિરૂત્સાહમાંથી ઉદ્યુક્ત બને છે. પ્રમાદમાંથી પ્રેરક છે, નિરસમાંથી રસિક બને છે અને બીજકમાંથી રૂપક બને છે.'

'હળવાં, વર્ષારાણી! જરા હળવી ભાષામાં બોલો, દેવી! સૂત્રરૂપ વાણી કદાચ અમે નાએ સમજીએ. અમે મૃત્યુલોકનાં માનવી—કાંઇ સઘળાં માનવી આવી વાણીને સંપૂર્ણ સમજવા શક્તિમાન નયે હોઇએ. માટે અમને સમજાય અને પચે એવી રીતે વાત કરો.'

'જીવરાજ! તમે પણ જબરા છો. મને ઠીક તમે વેગમાંથી રોકી લીધી. મારો વેગ બહુ જબરો છે. હું તો બહુ પરિવર્તન કરી નાંખું છું–માનવીઓનાં શરીરમાં અને સૃષ્ટિના દિદારમાં.

'મારી સવારી મૂગી નથી. બડી ધામધૂમ સાથે હું પૃથ્વી ઉપર ઉતરૂં છું. મારા દુંદુભી–ડંકા કોઈ પણ સંગીતના ધ્વનિથી અનોખા છે. અને એના તાલ સાથે મયુરોને નાચતા હું બનાવી દઉં છું. મારા સ્વરૂપ સાથે મારી સાહેલી વિદ્યુત તેનો નાચ આરંભે છે અને તેના પડઘા માનવીઓનાં મન ઉપર પડે છે. જ્યારે પૂરા રૂપે હું પૃથ્વી ઉપર ઉતરૂં છું ત્યારે જળ અને સ્થળને પારખવામાં ભ્રાંતિ આવી જાય છે. મારો સ્વભાવ સેવાભાવી છે. આઠ આઠ માસથી પૃથ્વી ઉપર છવાયેલો બલગમ–કચરો હું ખેંચી લઈ, સર્વત્ર સ્વચ્છતા લાવું છું. સરોવર–નદીઓ મેલા અને ગંદા વારીથી ઉભરાય છે. હંસો માનસરોવર તરફ વહેતા થાય છે. કમળ કયારેક અહોરાત્રમાં એ સરોવરીઆનાં ઉદર ઉપર પોતાની કમળકળી, 'ઝંડા ઉંચા રહે હમારા'ની માફક ઉપર લાવી દે છે. નવોઢા નારીઓ લાજના ઘુંઘટમાંથી કાજળ આંજેલી તીરછી આંખડીએ પતિને નિરખી રહે છે અને કયારેક મીઠાં રીસામણાં રાત્રિને સમયે લઈ લે છે. પણ મારી ગર્જના જ્યારે સાંભળે છે અને વીજળીના ઝબકારા આલોકે છે, ત્યારે એ રીસાયેલી જોબનવંતી વામાઓ પતિની સોડમાં જઈ ભરાય છે.

मानं विधाय परिहृत्य परांङमुखीभिः ।
कादम्बिनी समय गर्जित कातराभिः ॥
आलिंगुताऽतिरभसातुर कामीनीभि ।
धन्यः स्वहर्म्ये समये विचिनोति निद्राम् ॥

'અર્થાત : માનિતી સ્ત્રી પોતાના પ્યારા પતિથી રીસાણી અને અલગ બની અવળું મુખ કરી બેસી ગઈ. તે જ વખતે આકાશમાં

મેઘ ચઢી આવ્યો અને એણે ગર્જના કરી, વીજળી ચમકી. એ વખતે રીસાયેલી નવોઢા પ્યારા પતીને આલિંગન આપી સોડમાં ભરાણી. ધન્ય છે એ વર્ષાના કાળનાં રીસામણાં અને મિલનને.

'વર્ષાકાળમાં પતિનો વિયોગ પત્નીને બહુ સાલે છે. પત્નીને સાલે છે એમ થોડું જ છે. પતિ પરદેશ હોય તો તેને પણ પત્ની યાદ આવે છે. એ લક્ષમાં રાખીને સીતા–વિહોણા બનેલા રામના મુખે તુલસીદાસ કવિએ લક્ષ્મણને સંબોધીને કહેવરાવ્યું છે ને:

'ઘન ઘમંડન ગર્જત ઘનઘોરા, પ્રિયા હીન ડરપત મન મોરા.'

એટલે જ કહું છું કે જુવાન પતિ–પત્નીએ મારા સમયે જુદું ન પડવું અને પડયાં હોય તો ભેગાં આવી વસવું. કદાચ ગર્જના અને વિદ્યુતના ચમકારાએ પત્ની ડરી પણ જાય. અને તે વખતે એ કોની સોડયમાં ભરાય? પત્ની વગર પતિ પણ ડરી જાય. પત્ની હાજર હોય તો હૈયું હાથમાં રહે ને?'

'વર્ષારાણી! તમે તો ખૂબ રસિક વાતોએ ચઢી ગયાં. પછી જવાની તમે ઉતાવળ કરશો અને મારે જાણવાનું કેટલું ય બાકી રહી જશે. જો કે તમારી રસિક વાતો મને ગમે છે તો ઘણી, પણ હવે તમારા સમયના ગુણ ગાયા, તેમ તમારા સમય દરમ્યાન સાવચેતી રાખવી પડતી હોય, માનવીશરીરો પર તમારા આવાગમનથી જે ફેરફારો થતા હોય તે પણ સમજાવો, કે જેથી અમે તંદુરસ્તી અને સુખ મેળવી શકીએ.'

'જીવરાજ! મારૂં આવાગમન જેટલું સુંદર છે એટલું જ માનવીશરીર ઉપર પરિવર્તન કરનારૂં અને રોગનાં બીજ રોપનારૂં પણ છે એ તમારે ખાસ સમજી લેવું જોઈએ.

'ગ્રીષ્માએ તપાવેલા અને રસકસ ચુસેલા સંસાર ઉપર મારી ઓચિંતી પધરામણી થાય છે અને ગરમાઈમાંથી વર્ષાની ઠંડક આવી પડે છે. એથી માનવીઓનાં શરીરમાં મોટા ફેરફાર થાય છે.

'કારણ કે આકાશમાં પાણીથી ભરેલાં વાદળ વ્યાપી રહેલાં હોય છે, તેથી જળનાં બુંદથી મિશ્રિત શીતળ વાયુ એકાએક વાવા માંડે છે અને પૃથ્વી અંદરથી તપેલી હોય છે તે પોતાનો બાષ્પ છોડે છે. પાણી મેલાં થઇ ગયેલાં હોય છે, અને ઉદર માંહેનો વિપાક ખોટો થઇ જાય છે, જઠર મંદ પડી જાય છે અને વાયુ પ્રકોપ પામે છે,

'મૂળે ગરમીની ઋતુમાં અગ્નિ મંદ તો થયેલો હોય છે, અને સહસા વાતાવરણમાં ફેરફાર થવાથી જઠરાગ્નિ વધુ મંદ બની જાય છે, એટલે અગમચેતીના અભાવે જઠરની મંદતાને નહીં પીછાનનારના શરીરમાં મારા સમયથી જ વ્યાધિનાં બીજ રોપાય છે અને એ પછી મારી પાછળ આવનારી શરદરાણી જે રોગની માતા કહેવાય છે તેમાં, એ વવાયેલાં બીજ વૃક્ષ રૂપે-વ્યાધિના વૃક્ષરૂપે ફાલેફુલે છે.

'એટલે મારા સમયમાં વાયુ પ્રકોપ પામે છે એ નજર સામે રાખીને આહારવિહારને સમજીને તેમાં ફેરફાર કરી નાંખવામાં આવે તો માનવી બચી જાય છે. નહીંતર પછી વાયુથી તાવ, મરડો, ઉલટી, અતિસાર જેવા વ્યાધિ લાગુ થાય છે.

'વાયુ બળવાન બની પિત્તનો સંગ્રહ કરે છે અને એ પિત્ત પછી શરદઋતુના વખતમાં કોપે છે. એટલે સમજી-વિચારી વાયુથી મંદ પડેલ જઠરાગ્નિને સતેજ બનાવવા માટે પ્રથમ તો કોઠો સાફ કરવાને અને મળાશયમાં ભરાયેલો કચરો દૂર કરવાને એકાદ સારો રેચ લઇ લેવો જોઇએ કે જેથી આંતરડાં અને મળાશય જૂનો મેલ બહાર ફેંકી ચોખ્ખાં થઇ જાય

'આહારમાં જૂનું ધાન્ય વાપરવું. મગનું ઓસામણ અને મગની પાતળી દાળ, દાડમ નાંખી ખટમધુર બનાવેલ લેવું. જૂનો દ્રાક્ષાસવ વાયુને હણે છે. થોડા પ્રમાણમાં તે ભોજન બાદ લેવો. વળી પીંપર, પીંપરીમૂળ, સુંઠ, ચિત્રક, ફુદીનો, સંચળ જેવી અમ્લતાવિરોધી

અને વાયુને હરનારી તથા જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારી ચીજો ચોખા પાણી સાથે અથવા દહીંના પાણી સાથે લેવી. પાણી કુવાનું પીવું. જો તાજું વરસાદનું પાણી પીવું પડે તેમ હોય તો ઉકાળીને ઠારીને જ પીવું. વળી વરસાદની હેલી હોય અને આકાશમાંથી વાદળ ખસતાં ન હોય તેમ જ આઠ કે પંદર દિવસ સુધી ઝરમર ઝરમર વરસાદ પડી જતો હોય, તે વખતે વાયુ ખાસ પ્રકોપે છે. એથી એવા વખતે ખાટું, ખારૂં, તેલમાં તળેલું, સુકું અને મદ્યમિશ્રિત અન્ન, દહીંવડાં, ભજીયાં, કચોરી, પાપડ, લસણુની ચટણી અથવા ફુદીનાની ચટણી, એવા પદાર્થો વાયુને ઓછો કરે છે.

'રહેવાના મકાનને ઉપર માળ હોય તો સુવાનું ઉપરના માળમાં રાખવું. વરસતા વરસાદ અને કીચડમાં ઉઘાડા પગે ફરવું નહિ. છત્રીનો ઉપયોગ કરવો. બહાર જઇ આવ્યા બાદ વરસાદથી કપડાં ભીંજાયાં હોય તો તેને તુરત બદલી નાંખી કોરાં પહેરવાં. વાદળીઓ તડકો ખાવો નહીં, દિવસે ઉંઘવું નહિ.

'ઉપર આહાર કરવામાં ભજીયાં, વડાં, ચટણી, વગેરે ખાવાની છુટ આપી છે. પરંતુ એ સામાન્ય રીતે અને ઓછાં જ ખાવાં. વધુ પડતાં ખાવાથી પિત્તનો અતિ સંગ્રહ થઇ ન જાય તે પણ જોવું. તાજા લીંબુનો રસ આ સમયમાં ગુણકારી છે. તે ખોરાક સાથે મેળવીને લેવો. છાશ, કેરી, લીંબુ, આંબલી, વગેરે ખાટા પદાર્થો. મિજાનસર સેવવાથી લાભ થાય છે. કારણ કે ખાટા પદાર્થો વાયુનો નિગ્રહ કરનારા છે. ઘણા માનવીઓ ઉન્હાળામાં ખાટી ચીજો ઘણી ખાય છે તે બરાબર નથી. ખરી રીતે મારા સમયમાં એટલે વર્ષા-કાળમાં જ ખાટી ચીજો વધુ પથ્ય છે.

'ઓસંગ ઘણા ઓછા પ્રમાણમાં સેવવો. વરસાદની વાછંટ આવતી હોય તેવા સ્થાનમાં બેસવું નહિ. ઘરમાં અને આંગણાંમાં કાદવ અને ગંદકી થવા દેવી નહિ. વરસાદનું પાણી આંગણાંમાં

ભરાઇ રહે એ સારૂં નથી. વરસાદ વરસતો હોય તે વખતે, શરીર ઉપર જેમને ગરમાઇને લીધે અળાઇઓ નીકળી હોય તેમણે સ્નાન કરવું, અર્થાત્ ખુલ્લું શરીર કરીને વરસાદ ઝીલવો, જેથી અળાઇ મટી જાય છે. પરંતુ વરસાદનું પાણી એકઠું થયું હોય તેવા તળાવ કે નદીમાં નહાવું નહીં. શરીરે સુગંધી પદાર્થો—અગર, ચંદન, કપુર-કાચલી, વાળો—આવી ચીજોનો પાઉડર બનાવી, તે ચોળીને સ્નાન કરવું. જેમને સગવડ હોય તેમણે અત્તરો ખાસ આ સમયમાં વાપરવાં. જૂનું મધ અને જૂનો દ્રાક્ષાસવ હિતકારી છે.

'શરીરબળ સાચવી રાખવા માટે આ કાળમાં ચંદ્રોદય જેવાં વાજીકર ઔષધો સેવવાં. વરસાદની એલી વખતે વાજીંત્રો લઇને સંગીતનો જલસો કરવો. સ્ત્રીઓએ દરરોજ માથામાં સુગંધી તેલો નાંખવાં અને આંખમાં કાજળ આંજવું. મારો સમય એટલે અશાડ અને શ્રાવણ માસ.

'જીવરાજ ! હવે મને બરાબર તમે પિછાનીને ? બધી સંવત્સર-રાજની રાણીઓ કરતાં હું ખૂબ આનંદી છું, ખુબ ખીલતી છું. મારો પ્રભાવ ઘણો બળવાન છે. હું જગતમાં નવું સર્જન આણું છું.

'મારૂં આવાગમન છૂપું નથી. મારા આવવાની સાથે પવનની દિશામાંથી ખેંચી આણેલાં વાદળાંનો ઘટાટોપ બને છે, વીજળી ચમકાટ મારી ઉઠે છે, ભારી ગર્જનાઓ થવા લાગે છે, કસુંબા રંગની જીવાત (બીરબોટી)થી, પૃથ્વી ઓકળીથી સાથીયા પૂરેલા હોય તેવી જણાય છે. કદંબ અને કેતકી ખીલી ઉઠે છે, કેવડાના દોડા સુગંધીમાન બની વાયુમાં ખુશબો ભરી દે છે. ચકલીઓ ધૂળમાં નહાવા લાગે છે. પક્ષીઓ ઘાસના માળા બાંધે છે. કાચીડાઓ શરીરનો રંગ બદલી રાતા થાય છે. પાતાળ દેડકી બોલવા લાગે છે. મીઠાના પાત્રમાં પાણી છૂટે છે. લોખંડ અને ધાતુપાત્ર ઉપર કાટ ચઢે છે. વાદળાં લાલ ક્યારેક જણાય છે. આકાશમાં મેઘધનુષ્ય ખેંચાય છે. ટીંટોડી ઇંડાં

મૂકે છે. ઇશાનમાં વીજળી વધુ ચમકે છે. ચંદ્ર ફરતું કુંડાળું દેખાય છે. મોર ટહુકા કરે છે. મયુરી મોર પાસે દોડી જાય છે. કેરી (આંબા)માં ગળપણ વધે છે. મરીકંથાર અને જાંબુ પાકે છે. સારસ પક્ષી સરોવર છોડી ચાલ્યાં જાય છે. બગલાં ઝાડ ઉપર ચઢે છે, બપૈયાને ઘણી વાચા આવે છે.

સુરજમુખી, ગુલાબ, બટમોગરો, પારિજાતક, ધંતુરો, વનકેશરી, અગથીઓ, જાસુદ, કદંબ, બકુલ, ચંમેલી, આ પુષ્પો મારા આવવાથી ખીલ્યાં હોય ત્યારે સમજવું કે વર્ષારાણી આવી અને કવિઓ ગાવા લાગ્યા :

વર્ષાના વાયરા વાયા... મોંઘેરા મેહુલા આવ્યા.
વાદળથી સુરજ ઢંકાયા...મોંઘેરા.
ઉત્તર આકાશમાં ચમકે વીજલડી,
મેઘરાજા નવી વહુ લાવ્યા...મોંઘેરા.

'નમસ્તે, જીવરાજ ! હું હવે જાઉં. મારો સમય થઇ ગયો છે. હવે તો મને ઓળખવામાં તમને જરાએ મુશ્કેલી નહિ પડે ને ?'

'નારે ના, વર્ષારાણી ! તમને ન પિછાને એવું કોણ દુનિયામાં હોય ? તમે ભારી રસીલાં અને રંગીલાં છો, હો દેવી ! આવજો, નમસ્તે.'

મારી નજર ફેરવીને જોઉં ત્યાં તો રીસાળ મુખમુદ્રા, સ્વભાવે ક્રોધી અને આકૃતિ કરડી, જાણે તેના શરીરમાંથી જ ઉષ્માની વરાળો છૂટતી હોય, તેવી એક સ્ત્રી મારી સામે નજર મેળવીને વાત કરવા આતુર હોય તેમ મેં જોઇ. એના દિદારમાં જરાયે આનંદ નહોતો જણાતો. કોઇ મુત્સદ્દી અને કરડા અમલદારના ચહેરાની આપણે ઝાંખી કરીએ અને આપણે સહેજે ડરી જઇએ, એમ તેને જોઇને જ મારૂં દિલ સંકોચાયું. તોયે મેં જરીક હસતું મુખ કરીને પૂછ્યું :

'આવો, દેવી ! આપ કોણ ?'

'હાં, ભાઇ જીવરાજ! હું પણ સંવત્સરરાજની માનીતી રાણી શરદ છું. પરંતુ મારી પહેલાં આવી ગયેલી પોપટીની માફક ચપ ચપ બોલતી અને મીઠી મીઠી રાગરંગની વાતો કરનાર જેવી હું નથી. હું મારા સ્વભાવે જ બહુ નિયમબદ્ધ છું અને મારો અમલ પણ એટલો જ કડક છે. જરી જેટલી પણ કસુર કરનાર હરેક મનુષ્યપ્રાણી ઉપર મારો સત્તાનો કોરડો વાગ્યા સિવાય રહેતો નથી. બીજી રાણીઓના અમલમાં મોજથી કરેલા રાગરંગ અને ઉડાવેલી મોજોના પરિણામે થયેલી અને સંગ્રાહેલી ભુલોવાળાની ખબર હું લઇ કાઢું છું. એટલે......'

'ઓહો! ત્યારે જ, ખરૂં કહું તો શરદરાણી! તમને દીઠાં તેવો જ હું પણ ગાભરો બની ગયેલો, હો કે! તમારો દેખાવ એવો છે ને કે તે ભલભલાને પણ ડરવી મૂકે.'

'નહિ, નહિ, જીવરાજ! મને જોઇને ડરવાનું કોઇ કારણ નથી. પ્રકૃતિના નિયમો સમજી ઋતુના કાયદાનું પાલન કરનાર કોઇને પણ મારો ડર રાખવાની જરા જેટલી પણ જરૂર નથી. કોઇ પણ નિરપરાધી પ્રાણીને કદાપિ હું દંડતી નથી. તેમ સહેજ પણ ગુન્હો કરનાર ગુન્હેગારને હું છોડતી પણ નથી. પછી ગુન્હો કરે એ શિક્ષાને પાત્ર અને તે સ્વાભાવિક છે. ગુન્હેગારો પ્રત્યે દયા રાખવી એ મારી કાયદાપોથીની બહારની વાત છે, સમજ્યા?

'એટલે જ મારૂં આવાગમન કદાચ ઘણાં પ્રાણીઓને નહિ પણ રૂચતું હોય. વર્ષાની હેલી, ઠંડકના વાયરા અને જળપલ્લવિત શીતળતાનો આનંદ તો મારા આવવાની સાથે ચાલ્યો જાય છે અને પ્રખર સૂર્ય મારા આવવા સાથે તપવા લાગે છે. પૃથ્વીની અંદર પાણીની ભીનાશ તો ભરી હોય છે અને ઉપરથી સુર્ય પોતાનો તિક્ષ્ણ તાપ વરસાવે છે. એટલે પૃથ્વીમાંથી ભેજમિશ્રિત ગરમ બાષ્પ-વરાળ બહાર ફેલાવા લાગે છે. પૃથ્વીમાં અહીં તહીં ભરાઇ

રહેલાં પાણીનાં નાનાં નાનાં ખાબોચીયાંમાંથી અને ગંદી જગ્યાએથી પુષ્કળ ઝીણી ઝીણી જીવાત પેદા થાય છે, અને તે પૃથ્વીમાં વ્યાપક બનવા લાગે છે. માંખી, મચ્છર, માંકડ, ડાંસ, કીડી, મંકોડી, કુદાં અને અસંખ્ય ઝીણી જીવાત ઉત્પન્ન થઇને માનવીઓનાં શરીર ઉપર આક્રમણ કરે છે. પહેરવાનાં વસ્ત્રોમાં જૂ અને વાપરવાની પથારીઓમાં તથા ખાટલાઓમાં માંકડ એ મારા વખતે ઉત્પન્ન થાય છે. પૃથ્વીમાંથી ગરમી વહે છે, ઉપરથી સૂર્ય તપે છે. શરીરમાં વર્ષાઋતુમાં સંગ્રહેલું પિત્ત પ્રકોપ પામે છે. કહો પછી કેવી મજા?

'પવન વાય નહિ, બાફ મારી નાંખે, દહાડે માંખીઓ કરડી ખાય. રાત્રે કાળજું મચ્છર ફોલે અને પીઠે માંકડ બટકા ભરે, શરીરમાંનું પિત્ત ઉછળવા માંડે અને માનવી ત્રાહી ત્રાહી બને! મારા આવાગમનનો આ આનંદ અને મારા રાગરંગનું આ રસભીનું વર્ણન! તમને કોઇ હેમંત કે વસંતે આવું વર્ણન સંભળાવેલું?

'છતાંયે મારા અમલમાં આ દુઃખ અને રોગ અથવા કડપથી બચવાના ઉપાય જરૂર છે. પરંતુ જેઓ પિત્ત પ્રકૃતિના છે અને જેમને પિત્ત વધારનાર પદાર્થો ખાવાની ઘણી આદત છે તેઓ મારા સમયમાં સુખી થઇ શકતા નથી. માત્ર સુખી થઇ શકતા નથી એટલું જ નહીં, પણ રોગથી–તાવથી પટકાઇ પડે છે.

'એટલે જ મારા અમલમાં પાણી ભરાતાં હોય તેવો પ્રદેશ, ઝાડીવાળો પ્રદેશ, ગંદકી ઘણી કરતાં હોય તેવાં સ્થળો, ખાવામાં નિયમ અને સંયમ પાળી ન શકતા હોય તેવા માનવીઓમાં સખત ખબર લઇ નાંખે તેવી અસર થાય છે. અને ત્યાંના વસનારા હરેક માનવીનાં શરીરમાં પિત્ત ધસારાબંધ જોર કરીને વહેવા લાગે છે. આ પિત્તને મૂર્ત સ્વરૂપ આપવા માટે માંકડ–મચ્છર મદદ કરે છે અને એમને પિત્તજ્વર (મેલેરીયા) પેદા થાય છે, પછી જોઇ લો મજા!

'તમે કહેશો કે પિત્તપ્રકોપ એ શું છે? પિત્ત એ ખાટો પદાર્થ છે. આમ તો શરીરમાં એની પણ જરૂર છે. પરંતુ એ વધારે પ્રમાણમાં એકઠો થાય છે ત્યારે મારા સમયમાં જરૂર ઉપદ્રવ કરે છે. અને તેનો પુરાવો એ છે કે પ્રથમ માનવીઓને તાવ સાથે ઉલટીઓ થાય છે અને ઉલટીમાં પિત્ત પડે છે. બહુ ખારાં, બહુ ખાટાં, ઘણાં ગરમ અને તાજાં ચોમાસામાં પેદા કરેલાં શાકો—ભીંડો, ગલકી, ગુવાર, ચીભડું, તુરીઆં, તેમ જ દહીં, મુળા, ખાટી છાશ, ટાઢું અન્ન, વિદાહી અન્ન, ફરસાણ—અને તેલમાં તળેલા પદાર્થો, મેંદો અને ખાંડની બનતી મીઠાઇઓ, આ બધાં પિત્તને કોપાવે છે અને વધારે છે. તેમાંથી તાવ ઉત્પન્ન કરે છે.

'વળી ધરાયા કે ભૂખ્યાને નહી સમજનાર તથા અકરાંતીયા બનીને ભોજન કરનાર તો જરૂર પિત્તના તાવથી પટકાયા વગર રહી શકતા નથી. કારણ કે મારા સમયમાં જ યમરાજાની દોઢી ખુલ્લી થાય છે અને અનંત રોગનાં બીજ શરીરમાં મારા સમયમાં જ વવાય છે. ભાદરવો અને આસો આ બે મારા અમલના મહિના છે. એ બે મહિનામાં ચેતીને ચાલે અને શરીર સાચવી લે, તો પછી એ અમરે ચડયો સમજો ને. પણ એવી ચેતવાની વાત બહુ ઓછા માનવીઓ સમજે છે.

'મારો અમલ શરૂ થતાં માનવી ચેતે અને પ્રથમ એકાદ હલકો જુલાબ લઇ કોઠો સાફ કરી નાંખે. જમવાની ટેવ હોય તેનાથી અરધો ખોરાક લે. અજીર્ણ અને બદહજમી ન થાય તેની કાળજી રાખે. રાત્રિનું ભોજન લેવાનું બંધ કરે અને સવારમાં દસ્ત બરાબર આવે છે કે નહિ તેનું ધ્યાન રાખે. જ્યારે બરાબર ન આવતો હોય તે રાત્રે હીમેજને ખાંડીને તેની ફાકી લે અને કોઠો સાફ રાખે.

'ખાવાના પદાર્થોમાં સમજી વિચારી બરાબર ભૂખ લાગે ત્યારે શાળના ચોખા, મગનું ઓસામણ, સાકરમિશ્રિત પદાર્થો, આંબળાં, પટોળ, પરવર, મધ, મોસંબી, ખાટા લીંબુનો રસ, એકાદ કેળું, હલકું અન્ન અને તે પણ ઠાંસીને નહિ પરંતુ તૃપ્તિને અનુલક્ષીને

આહાર કરે. દિવસની નિદ્રા છોડી મૈથુનનો ત્યાગ કરે. દહીં ભૂલથી પણ ન ખાય. દારૂ ન પીએ. પૂર્વ દિશાનો પવન કદાપિ ન સેવે. મારા વખતનો તાપ ઘણો ઝેરી છે. માટે તાપમાં ન ફરે. કદાચ ફરવાનો પ્રસંગ આવે તો માથા ઉપર ગરમી ન લાગે તેની કાળજી રાખે તો તે ઉપદ્રવોથી જરૂર બચી શકે છે.

'પરંતુ આજના બહુ શાણા થઇ ગયેલા માનવીઓ અમારી આજ્ઞાનું પાલન કરતા નથી, અને અમારી આજ્ઞાને અમલમાં મૂકવા સારૂ આગળના ધર્માચાર્યોએ કેટલાક નિયમો અમારા કડક અમલ-માંથી બચવા માટે ધર્મના રૂપે યોજેલા છે તેને પણ ગણકારવામાં આવતા નથી.

'દાખલા તરીકે, મારા ખરા અમલમાં શ્રાદ્ધ પક્ષની યોજના કરી છે. અને તે પણ બીજી ઋતુમાં નહિ અને મારા વખતે જ! તે પણ ભાદરવાના પાછળના પખવાડીઆમાં કે જે વખતે મારો કડક અમલ પૂરા જોસમાં ચાલતો હોય છે તે વખતે. એ શા માટે?

'એનો હેતુ એક જ છે કે આહાર મારફત પિત્તની શાંતિ કરવાને ખાતર. ભલે એમાં કોઇને એમ લાગતું હોય કે શ્રાદ્ધ કર-વાથી પિતૃઓને કાંઇ પહોંચતું નથી, એ તો હંબગ છે! તો તેમની એ માન્યતાને ફેરવવા માટે મારે ચર્ચામાં નથી ઉતરવું. પરંતુ શ્રાદ્ધ પક્ષના પંદર દિવસ સુધી હરેક મનુષ્ય જો શ્રાદ્ધ કરે અને શ્રાદ્ધ-ભોજનમાં ખાસ બનાવવામાં આવતી ખીરનું ભક્ષણ કરે તો તેમના શરીરમાં પિત્તની શાંતિ અવશ્ય થાય.

'બહુ જૂના કાળથી શ્રાદ્ધના દિવસોમાં સગાંસંબંધીને નોતરવામાં આવે છે અને સહભોજન થાય છે. આવો રીવાજ અત્યારે પણ પાળતા હોય છે તો પૂરા પંદર દિવસ સુધી. દરેકને આજ પોતાને ત્યાં તો કાલે બીજાને ત્યાં જમણ મળે છે અને જમણમાં ખીર ખાવા મળે છે.

'પરંતુ ધીરે ધીરે શ્રાદ્ધ પ્રત્યેની શ્રદ્ધા ઘટતી જતી જણાય છે. જો કે શ્રાદ્ધ તદ્દન ઘટી ગયાં નથી, પણ શ્રાદ્ધમાં ભોજનો જે બનતાં જોઈએ છીએ તેમાં તો ઘણો ફેરફાર થઈ ગયો છે.

'દુધને ઉકાળી રાંધેલા ભાતની અંદર નાંખી, એની અંદર ગળ્યું લાગે એટલી સાકર નાંખી, ઠીક પ્રમાણમાં ઘુંટી નાંખવામાં આવે તેનું નામ તે ખીર. આ રીતે થોડા જ પ્રમાણમાં ઉકાળેલું દુધ અને પ્રથમથી રંધાઈ તૈયાર થઈ ગયેલા ભાત તથા એની અંદર સાકર પડવાથી બનેલી ખીર પચવામાં તદ્દન હલકી અને પિત્તને મટાડનારી છે.

'જ્યારે ખીરના સ્થાને દુધપાક બનાવવામાં આવે છે, તેમાં દુધને ઘુંટી ઘુંટીને એટલું ઘાટું બનાવે છે કે જે હોજરીથી મુશ્કેલીથી પણ પચે નહીં. તેમાં વળી ઉપરથી બદામ–પીસ્તાં નાંખીને તેને વધુ દુર્જર બનાવી દે છે. અને આટલેથી પણ અટકતું નથી. કેમ કે તેની સાથે મેંદાની પુરી અને ખૂબ તેલમાં તળેલાં પાતરાં તથા તેલો વહેતાં હોય તેવાં શાકો અને ભજીયાં-આવા પદાર્થો બનાવીને ગળા સુધી ઠસાય એમ ઠાંસીને ખાવામાં આવે છે. એથી પિતૃઓ તો પ્રસન્ન થતા નથી, પણ શ્રાદ્ધ પૂરાં થયા પછી પિત્તજ્વર જરૂર પ્રસન્ન થઈ જાય છે. અને પિતૃઓને નારાજ કરવામાં આવે છે!

'પૂર્વાચાર્યોની દૂરંદેશી તો જુઓ. શ્રાદ્ધમાં જે પદાર્થ બનાવવામાં આવે તેમાં મોણ નાંખવું હોય તો ઘીનું જ નંખાય, પણ તેલનું ન નંખાય. તેલ કાંઈ પિતૃઓના ગળે ઠસાઈ રહેતું નથી. પરંતુ તેલની જાણી જોઈને જ મનાઈ એટલા માટે કરવામાં આવી છે કે જીભના સ્વાદીયા માનવીઓને જો તેલની છુટ આપી તો શ્રાદ્ધને તીખું ભડકા જેવું બનાવી મુકશે. પણ એ હેતુનેય ક્યાં લોકો સમજે તેમ છે? કાગડાને વાસ નાંખવા જેટલી કે શ્રાદ્ધમાં ખાસ

જોઈએ તેટલી ચીજો ઘીમાં બનાવી નાંખે, અને પછી બીજી રસોઈમાં ઉડે તેલ-મરચાં!

'અને શ્રાદ્ધ પુરાં થયે નવરાત્રિના માતાજીના તહેવારો પણ ઘણી બુદ્ધિપૂર્વક ગોઠવવામાં આવ્યા છે. તે તહેવારોમાં માતાજીને નૈવેદ્યમાં મુખ્યત્વે ખીર ધરવામાં આવે છે. એ ઉપરાંત નવરાત્રિમાં માતાજીના હવન-હોમ કરવાની ખાસ આજ્ઞા છે. કારણ કે અગ્નિની અંદર હોમેલાં હુત દ્રવ્યો, ઘીની આહુતિ, જવ અને તલ, સમીધનાં લાકડાં, આકડો, અઘેડો, ખેર, દુર્વા, ખીજડો, જાંબુડો-આ બધી વનસ્પતિઓ કે જેનો હોમ કરવાની ખાસ આજ્ઞા છે, અને જે હોમવાથી તેમાંથી થયેલ ધૂણી અને ધૂમાડો આકાશના અવકાશમાં પ્રસરીને અનંત જીવાણુઓનો નાશ કરી નાંખે છે અને હવાને શુદ્ધ કરે છે: એ જ હોમનો ખરો હેતુ છે. દુનિયા શરીરસ્વાસ્થ્યના નિયમો પાળવામાં ઘણી પાંગળી જણાય છે અને ધર્મના નામે કેટલુંક આચરણ કરતી હોવાથી જ આ નવરાત્રિના તહેવારો દ્વારા નૈવેદ્ય અને હોમના રૂપે વાતાવરણને શુદ્ધ અને નિર્મળ કરવાનો આદેશ છે.

'મારા કરડા અમલમાં પણ એક મોજની વસંત આવે છે અને તે મારા અમલનો ઉત્તરતો કાળ છે. એને લોકો શરદપુર્ણિમા અથવા માણેકઠારી પુનમ કહે છે. એટલે આશો સુદ પુનેમ એ શરદ પુર્ણિમા.

'શરદપુર્ણિમા અને શરદની રજની ચંદ્રના નિર્મળ રજને વર્ષાવી જગતને પોષે છે અને એ રાત્રિઓમાં સ્ત્રી-પુરૂષનાં શરીર બળવાન થાય છે. એથી જ શરીરને પોષવાવાળાં અન્ન (પૌંઆ-દુધ) અને ફળો-સંતરાં, મોસંબી, દાડમ વગેરે શરીરને પોષણ આપે છે.

'રજની (રાત્રિએ)માં વરસતા રજને મનુષ્યોનાં શરીરમાં દાખલ કરવા માટે નવરાત્રિમાં અને શરદપુર્ણિમાની રાત્રિમાં સ્ત્રી-પુરૂષોએ

ગરબા ગાવા તથા તે જોવાને બહાને ચંદ્રનાં કિરણોમાં ફરવું એમ ઠરાવવામાં આવ્યું છે.

કોઈ પણ દિવસે બહાર નહીં નીકળતાં સ્ત્રી, પુરૂષો અને બાળકો આશો સુદ પડવાથી તે આશો વદી પાંચમ સુધી ગરબા નિમિતે બહાર નીકળી ચંદ્રનાં કિરણ પોતાનામાં ધારણ કરે છે અને છેલ્લે આશો સુદ પુનમ–માણેકઠારી પુનમ કહેવાય છે તે દિવસની રાત્રિએ રહ્યા સહ્યા પિત્તની શાંતિ કરવાને માટે પૌંઆ દુધમાં પલાળી, સાકર નાંખી, ચાંદનીમાં બેસી ખાય છે, અને મારા કડક અમલમાંથી નિર્વિઘ્ન પાર ઉતરી ગયાં તે માટે પરમકૃપાળુ પરમાત્માનો પાડ માને છે.

'આ રીતે શરદપુનમની રાત્રિમાં ચંદ્રનાં કિરણો ઝીલી તયાર કરવામાં આવેલા પૌંઆ અને દૂધ ચાંદનીમાં જ બેસીને ભક્ષણ કરવાથી શરીરની ભિતર અને બહાર અંગોઅંગમાં શીતળતા પ્રસરી પિત્તની અને વિષની શાંતિ થાય છે. અને પછી દીવાળી આવે ત્યારે પ્રભુને અન્નકુટ ધરાવી. તેમાં નવાં લીલોતરી શાકો પ્રભુને આરોગાવી, તે પછી માનવી એ પ્રસાદ લે છે. અન્નકુટ પહેલાં નવાં લીલાં શાકભાજી કેટલાય વૈષ્ણવો ખાતા નથી. ભલે એ પ્રભુને અર્પણ કર્યા વગર ન લેવાય એવી દઢ માન્યતા હોવા છતાં હું કહું છું કે આ રીતે પણ એ ધર્મના વિધાયકની પોતાના ભક્તોને લીલોતરી ભાદરવા–આશોમાં નહિ ખાવા દેવાની બુદ્ધિપૂર્વકની ચતુરતા જરૂર છે.'

'અરે શરદરાણી! જરા થોભો, થોડુંક વચમાં પૂછી લઉં. તમારા વખતમાં આવતા તહેવારોમાં ભલા દૂધ પીવાનો જ ખૂબ મહિમા જણાય છે. જુઓને તમે કહી ગયા કે શ્રાદ્ધમાં ખીર, નવરાત્રિમાં ખીર, શરદ પુર્ણિમાને દિને પણ પૌંઆ ને દુધ–ત્યારે શું દુધનો એટલો મોટો મહિમા છે તમારા વખતમાં?'

'હા, જીવરાજ! કારણ કે દુધ પિત્તશામક છે અને સપ્ત ધાતુને પોષક છે. પિત્ત જ્યારે ધાતુઓને નબળા બનાવે છે ત્યારે દુધ એને પોષે છે અને પિત્તથી રક્ષા કરે છે, એટલે જ મારા સમયમાં દુધ એ અમૃત છે. બીજી રીતે કહું તો

ज्येष्ठाषाढे च यत सुप्तं
यद भुक्तं पौष माघयोः
शारदं च पयः पीतं
तेन जीवंति जंतवः

'અર્થાત: જેઠ અને અષાડમાં ખુબ ઉંઘવું, પોષ અને માઘ માસમાં પેટ ભરીને પૌષ્ટિક અન્નનો આહાર કરવો, ભાદરવા અને આશોમાં (શરદ ઋતુ) ખુબ દુધ પીવું, અને એ નિયમો પાળનાર લાંબું આયુષ્ય ભોગવી શકે છે.

'દુધ ઉપરાંત કડવા પદાર્થથી પણ પિત્તની શાંતિ થાય છે. લીંબડા ઉપર ચઢેલી ગળોને પલાળીને દવા તરીકે નહીં તો ખોરાક તરીકે—પીણા તરીકે પીવી સારી છે.

'લીંબડાની અંતરછાલ, ખડસલીઓ પિત્તપાપડો, મામેજવો, કરીયાતુ, કડુ—આ વનસ્પતિઓ પિતશામક છે અને પિત્તથી પેદા થયેલા તાપને પણ ફાયદો આપનાર છે. તેનું સેવન થોડા પ્રમાણમાં ચાલુ રાખે તો તે લાભ કરે છે.

'કેળાં પણ પિત્તની શાંતિ કરનાર છે. નરણા કોઠે એકેક લીંબુનો રસ કેળાં ભેગો નાંખીને જો સવારમાં ખાય તો પિત્તને શમાવે છે અને લાભ કરે છે. મોસંબી પિત્તશામક છે. ખાટાં લીંબુ પિત્તને મટાડે છે. લીંબુની ફડાસમાં મરી, સીંધવ અને દેકામાળી, ભરી, જરા ખદખદાવી—એટલે કે કોલસા ઉપર ફડાસને મુકી ગરમ કરીને સવારમાં નરણા કોઠે ચૂસવાથી વાયુ અને પિત્તની શાંતિ થાય છે. આમળો પણ

લીંબુનો રસ જરી સાકરના પાણી સાથે લેવાથી પિત્તની શાંતિ થાય છે અને પિત્તજ્વરવાળા તાવ અને તૃષાદાહમાં ફાયદો કરે છે. કાળી સુકી દ્રાક્ષ અથવા લીલી દ્રાક્ષ પણ પિત્તશામક છે અને ફાયદો કરનાર છે.

'કોઠો સાફ રાખવાની સૂચના તો પ્રથમ જ અપાઇ ગઇ છે. પરંતુ મારા સમયમાં પિત્તને વિશેષ બહાર કાઢે એવો રેચ હોવો જોઇએ. હરડે, હીમેજ અને નસોતરની સરખા વજને કરેલી ફાકી લેવી સારી છે અથવા કડુને શેકી તે તોલો ૦। તથા સાકર તો. ૦॥ મેળવી ફાકી જવાથી દસ્તમાં પિત્ત વધુ નીકળી જાય છે. એલોપથીની દવા મેગનેશીયા સીલ્ફ (વિલાયતી મીઠું) પણ ઘણું કરીને આંતરડાંમાંથી પાણીને અને પિત્તને જ બહાર કાઢે છે. એમાંથી કોઇ પણ એક વસ્તુ લઇ કોઠામાંથી પિત્તને ઝાડા વાટે કાઢી નાંખવું એ ઘણું સારૂં છે.

'નદી, કુવા, તળાવનું પાણી પીવામાં વાંધો નથી. ટાંકાનું પાણી પીવું નહિ. તીખા, ખારા, ખાટા પદાર્થો અતિશય ખાવા નહિ, અને દહીં ને છાશ તો બીલકુલ ખાવાં નહિ. સવારની ઝાકળ ખાવી નહિ. અતિ ભોજન કરવું નહિ. ચરબીવાળા પદાર્થો ખાવા નહિ.

'ઉપરના આપેલા ક્રમ પ્રમાણે વર્તન કરવાથી મારા સમયમાં પણ તંદુરસ્ત અને રોગરહીત રહી શકે છે. સમજ્યા, જીવરાજ?'

'બરાબર સમજ્યો, શરદરાણી! આપનો સમય સંપૂર્ણ કાળજીપૂર્વક પાળવા અને નિયમસર વરતવા જેવો છે. હા, પણ બસ, શરદરાણી! તમે ચાલતાં પણ થયાં?'

ઓહો, હું તો હજુ શરદરાણીની સાથેનો વાર્તાલાપ પૂર્ણ કરૂં તે સાથે જ અતિ ગંભીર અને પ્રતાપી અવાજ મને સંભળાયો. એ ભાનુરાજનો અવાજ હતો :

'જીવરાજ! તારી ઇચ્છા પ્રમાણે તને પૃથ્વીની પ્રદક્ષિણા કરાવી, તને પૃથ્વી ઉપર રાજ્ય કરતા સંવત્સરરાજવીની મહાન સત્તાધિકારી

છ રાણીઓની મુલાકત થઇ. તેમની પાસેથી તને ઘણું જાણવાનું મળ્યું. અનંત આકાશમાં રહીને પૃથ્વીતલ નિહાળી જોયું. અઢારભાર વનસ્પતિ, ચાર ખાણુના જીવો, સૃષ્ટિનું સૌંદર્ય અને પૃથ્વી ઉપર થતા ફેરફારો એ તેં તારી દીવ્ય દૃષ્ટિ(જ્ઞાન)થી જાણ્યું. હવે તું સ્વસ્થાને જા. ત્યાં જઇ સર્વ જગતનાં માનવીઓમાં આ જ્ઞાનનો પ્રચાર કરજે. જગતનાં માનવીઓ આહાર વગર જેટલાં દુઃખી થાય છે તે કરતાં અનંતગણું દુઃખી જ્ઞાન વગર થાય છે. માટે તને મળેલું જ્ઞાન ખૂબ ખુલ્લા દિલે, વગર લોભે, સર્વ મનુષ્યને તારા પોતાનાં સ્વરૂપો–આત્માનાં સ્વરૂપો સમજી વહેતું કરજે. તેમાંથી જે એ જ્ઞાનનો ભોક્તા બની પોતાના આચરણમાં મૂકશે તે શતંજીવી, દીર્ઘાયુષી બનીને તંદુરસ્ત જીંદગી ભોગવી શકશે.

‘ જા, હું આજ્ઞા કરૂં છું. તું હવે તારા સ્વસ્થાનમાં જઇ શકે છે.’

અને......એ જ હું, એ જ મારૂં આંગણું–રળીઆમણું આંગણું : અને સૂર્યપૂજન વખતે ઉંચા હાથ કરીને સૂર્યનું આવાહન કરતો ઉભેલો મારી જાતને જોઇ રહ્યો.

એ દીવ્યાકાશ, એ અમર વાણી, એ સ્વરૂપ–સુંદરીઓ, અને પ્રતિભાશાળી તેમનો અવાજ અને મારી જોવાની શક્તિ–એ સર્વ મારામાં કાંઇ જ નહોતું. પણ હા, મારા આત્મામાં ખૂબ દીવ્યાનંદ પ્રકટેલો હતો. તે સમાતો નહોતો. કારણ કે જીવ પ્રાણી માત્રના કલ્યાણને કરનારૂં જ્ઞાન જે મને મળેલું તે હજી મને આનંદ આપી રહ્યું હતું અને એ આનંદે હું ફુલ્યો પણ નહોતો સમાતો. એ જ આનંદનાં ભોક્તા મારા ભારતવર્ષનાં સર્વ બંધુ–ભગિનીઓ બને અને સંવત્સર-રાજની છ પટરાણીઓની આજ્ઞાનું પાલન કરી, સર્વ પ્રકારે સુખી બને એવી ભાવના હું અહર્નિંશ સેવી રહ્યો છું.

卐

સખી! આવો મેંદી આપું!

કલ્પનાનું સર્જન

વાદળીએ વસરાવેલ બુંદ બુંદ ખેરવીને ભીંજાયેલ પાંદડીઓ હમણાં જ શુષ્ક બની હતી. એની સાથે મોરલાએ પણ પિંછાંઓને અલગ કરીને ઝાપટી સુકવી લીધાં હતાં. તોયે હજી એની આર્દ્રતા ગઈ નહોતી. ચાંદીના પાટલા એક ઉપર એક લદાઈને ગોઠવાયા હોય તેવાં વાદળાં જુજવા ઘાટનાં બની, સઢ વગરના વહાણુ માફક આકાશે તરતાં હતાં. કંદરાઓમાંથી વહી જતાં ઝરણાં એકેકને મળી સરિતાનું રૂપ લેવા લાગ્યાં હતાં. એ સરિતા પતિને ભેટવા જતી વિયોગી નારીની માફક વહી રહી હતી. પ્રિયતમાને રીઝવવા કલા કરી રહેલો કલાપી અને પંચમ સૂરની મિલાવટે કુહુકારા કરનાર કોયલથી તાલ-બદ્ધ કુદરતનું સંગીત છવાયું હતું. એ ઉપવન હતું કૈલાસનું. આજે દિલ નહિ લાગવાથી સતિ પાર્વતી દાસીઓથી અલગ પડીને કોમળ કળીઓથી મુસ્કરાતાં પુષ્પવૃક્ષોને નિહાળતી, પરિભ્રમણ કરી

રહી હતી. ધ્યાનસ્થ શિવજીની પાસે જવાનું તેમને ઘણું યે મન હતું, પરંતુ હજી એ જગપિતાએ સમાધિ ત્યાગી નહોતી. સમય તો સમાધિ-ત્યાગનો થઇ ગયો હતો, છતાં દાસીએ આવીને સમાચાર આપ્યા હતા કે હજી શિવજી ધ્યાનસ્થ છે.

દ્વિધા બનેલું પાર્વતીનું મન ન તો ઉપવનની શોભામાં લાગતું, ન ધ્યાનસ્થ પતિ પાસે લઇ જતું. કિંકર્તવ્યમૂઢની માફક વિચારો કરતી ફરતી પાર્વતીની ઘ્રાણેન્દ્રિયમાં કોઇ અલૌકિક ખુશબોનો વાયુ અથડાઇ ગયો. વાહ ! કેટલી મજાની એ ખુશબો ! ન ચંપાની એ ખુશબો છે, ન મોગરાની. ગુલાબ તો હમેશનો સાથીદાર, અને રાતરાણી તો રાત્રિએ મહેકે. ભલા, આ ઉષાના આવિર્ભાવે આટલી મજાની ખુશબો ક્યાંથી ? અને એ ખુશબોએ મુગ્ધ કરેલું મન તેના બીજા વિચારોને છોડાવી, તેને ખુશબો તરફ ખેંચી રહ્યું હતું. જે દિશા-માંથી વાયુલહરી મધુરી ખુશબોને આ બાજુ ખેંચી લાવતી હતી તે તરફ પાર્વતીએ ડગ ભરવા માંડયાં, તેમ તેમ એ આહ્લાદક ખુશબો વધુ અને વધુ ખેંચતી જતી હતી. તે જેમ જેમ આગળ વધતી હતી, તેમ તેમ ખુશબો સાથે સંગીતની ગુંજ એના કાને અથડાવા લાગી. તેમાં રહેલા તુટક અવાજો ઉપરથી સમજાતું હતું કે દાસીઓ એક સાથે મળીને ગાઇ રહી હતીઃ

સખી ! આવો મેંદી આપું !'

મેંદી ! ખરેખર, પાર્વતિની પરિચારિકાઓ સાથે મળીને વનમાં વર્તુલાકાર ઉભેલી મેંદીની કતાર વચ્ચે ગાઇ રહી હતી, એટલું જ નહીં પણ કેટલીક યૌવનાઓ મેંદીનાં પાતરાંને શીલાઓ ઉપર કચરી રહી હતી.

પરંતુ પેલા મુગ્ધ બનાવનાર પમરાટ—ખુશબોને જાણવા નીકળેલ પાર્વતિને મેંદીનાં ફુલે ખુશબોથી ભરી આપી હતી! શું મેંદીનાં ફુલ આટલાં મહેકે છે?

સમીપમાંથી એણે ફુલોનો એક ગુચ્છ ઉપાડીને નાસિકા ઉપર ધર્યો અને બાજુમાં દોડતી આવતી દાસીએ કહ્યું: 'માતા!'

'કેમ, અલી! શું કહે છે?'

'સ્વયંભૂ ભગવાન ધ્યાન ત્યાગીને આપની રાહ ઇન્તેજારીપૂર્વક જુએ છે.'

'ઓહો, ધન્યવાદ! હું હમણાં જ દેવના ચરણ સ્પર્શું છું. પણ આ શું? મારી આતુરતાને ખાળનાર મારા પાલવનો છેડો પકડનાર કોણ?

'ઓહો! આ તો મેંદીનો છોડ! તારા પુષ્પગુચ્છના બદલામાં તેં મારો પાલવ સાહ્યો! લે તારો ગુચ્છ! હું મારા પતિ પાસે જવાને આતુર છું. નહીંતર તુજ સાથે કંઇક વાત કરત.'

ત્વરિત ગતિથી—પતિને મળવા જતી પાર્વતિના કાન ઉપર હજી સખીઓનો ગુંજારવ અથડાઇ રહ્યો હતો:

'ઉષ્મા આવિર્ભાવ સમયમાં
શીતળ શાંતિ સ્થાપું......સખી.'

'મેંદી! ચબાવલી મેંદી! ખુશબો વહાવતી મેંદી! ધૃષ્ટતા કરતી મેંદી! પાલવ પકડી, આતુરતાને ખાળતી મેંદી! ઉંહું! મેંદી ન જોઇએ!' એમ ગણગણતી સતી આગળ ચાલી.

'જય હો, વંદના હો, જગતના પિતા, કલ્યાણકારી શંકર!'

'આવો, દેવી! ઉદ્યાનોમાં વિહાર અર્થે વિચરેલાં પાર્વતિ! કારી સમયથી હું તમારી માર્ગપ્રતીક્ષા કરી રહ્યો છું.'

'હા, દેવ ! હું આતુર હતી આવવાને, પણ મારો સમય મેંદી...ઉંહું, ખુશબો......નહીં, નહીં, સખીઓના સંગી...હાં હાં, સખીઓના સંગીતે લીધો.'

'ગભરાઓ નહીં, દેવી ! હું જાણું છું કે તમારી વનવાડીને શોભા અને શીતળતા બક્ષનારી આ જાતિની મેંદી છે. એ તમોને ખેંચે છે, તમે એને તરછોડો છો શાને માટે? અપનાવો એને. જાઓ, સખીઓ તેનો ઉપયોગ કરી રહી છે, તમે પણ કમળરંગી હથેલીને માણેકરંગી બનાવો, અને તેથી એ કોમળ હથેલીની શીતળતાના સ્પર્શે ભાંગ–ધતુરાની ઉષ્માથી ઉશ્કેરાટ અનુભવતું મારૂં મસ્તક પણ શીતળ બનશે. જુઓ તમારા હાથે સ્પર્શ કરેલા મેંદીના પુષ્પગુચ્છનો પમરાટ મારી નાસિકાને સ્પર્શી રહ્યો છે. જાઓ, યૌવન અનુભવતી મેંદીને નારાજ ન કરો.'

'મેંદી !'

'માતા !'

'તને શિવજીનાં વરદાન મળ્યાં.'

'અનુકંપા કરી, દેવી !'

'હા, તારી પર અનુકંપા છે કલ્યાણકારી શિવજીની. હું રીઝી છું તારી નમ્રતા પર. મારા પુજને આવનારી બાળાઓ તને ધારણ કરીને આવશે, તેના પર મારાં આશીર્વચન છે, તુને વરદાન છે, વહાલી મેંદી ! તારા આચ્છાદનથી, બનેલા રક્તાવર્ણા હાથોની હું હોંશે સેવા સ્વીકારીશ.'

અને સખીઓ ગાઇ રહી હતી :

'માણેકરંગી હાથ હથેલી
મેંદીથી કરી આપું......સખી આજો.'

વાસ્તવિક વર્ણન

વિદેશમાંથી આવીને વસી ગયેલી મેંદીને હવે તો હિંદુસ્તાન ગોઠી ગયેલું છે. એટલે એને હિંદની ભૂમિ અતડી નથી લાગતી અને હિંદની પ્રજા તો ઉજળું એટલું દુધ ભાળનારી. કદાપિ એણે જાતભાત કે મારૂં તારૂં અને સ્વદેશી પરદેશીના રંગભેદને દિલમાં નથી વસવા દીધા. ભાઇચારાએ દિલ મોટું અને પેટ વિશાળ રાખી, એણે બધાને અપનાવ્યા છે. મેંદી હિંદની નહીં હોવા છતાં એને કોઇ પરદેશી તરીકે પિછાનતું નથી.

હા, માત્ર એટલું કહેવું પડશે કે મેંદી બિચારી પોતાનું સ્થાન નથી લઇ શકી ફળમાં, ન લઇ શકી ફુલમાં. એટલે આજે એનો વધુ વપરાશ હોય તોય દ્વારપાલ જેટલો દરજ્જો તેને મળ્યો છે. બગીચાને ફરતી વાડો રોપવામાં, બંગલાઓ ફરતા કોટ રૂપે રાખ-વાના કામમાં એ આવી છે. ઘણુંયે સેવાનું કાર્ય એ બજાવે છે, તોયે આજે સેવકનાં માન નથી હોતાં પણ તેની જરૂર હોય છે; તેમ મેંદીને માન નથી—પણ તેની જરૂર છે. મેંદીની ઓળખ આપવામાં વધારે સ્થાન રોકવાની જરૂર નથી લાગતી. કારણ કે મેંદીને સઘળા ઓળખે છે. અત્યારે જ્યાં જુઓ ત્યાં બગીચાઓને ફરતી વાડોને સ્થાને, બંગલાઓને ફરતા કોટના સ્થાને અને કેટલેક સ્થળે સડકોની બન્ને કિનારો ઉપર મેંદી વાવેલી હશે. સંસ્કૃતમાં એને 'નખરંજન'ના નામથી ઓળખાવવામાં આવી છે, હિન્દીમાં ' મેહદી ' અને તેને ફારસીમાં 'હીના' કહે છે.

હમેશાં તેને પાણી મળતું રહે તો એ સદાય નવપલ્લવિત રહી શકે છે. છતાં તેની યુવાની જેઠ, અશાડ અને શ્રાવણમાં આવે છે. તે વખતે તે પૂર જોશથી વધે છે. તેની ઉપર ફુલના ગુચ્છા અને તેમાં બારીક ફળો થાય છે, જેને ભેગાં કરી, સુકવીને પછી બજારમાં આંધી લોકો તેને નાગકેશરનાં નામે વેચે છે.

ફુલના ગુચ્છા આવ્યા પછી મેંદીની કનાતોંથી તમે દૂર દૂર ચાલ્યા જતા હો તો પણ પ્રાતઃકાલ અને સાયંકાલે એમાંથી એટલી મીઠી ખુશબો મહેકે છે કે આપણાં મગજ અને મનને તે પ્રફુલ્લિત બનાવી આપે છે. પરંતુ કમનસીબી બગીચાઓ ધરાવનાર શ્રીમંતોની છે કે તેઓ મેંદીને કદાપિ ફુલ આવવા દેતા નથી. જેમ દીવાળું કાઢવાની તૈયારી હોય તોય બહારથી મોટર–બંગલા એ છોડતા નથી, તેમ મેંદી શિખાઓ વિસ્તારી ફુલ ધારણ કરતાં પહેલાં તેમના માળીઓની કાતર તેની ગરદન ઉપર ફરી વળી, તેને બોડકી બનાવી આપે છે. કારણ કે તેમને સાચી ખુશબો કરતાં બાહ્ય દેખાવ વધુ ગમે છે. સાચા શ્રીમંત કરતાં બાહ્ય દેખાવવાળા મોટર–બંગલાવાળાની આબરૂ જેમ વધુ હોય છે તેમ !

મેંદી આપણા દેશમાં આવી છે અરબસ્તાન અને ઇરાનમાંથી. એટલે તો હિંદુ જાતિ કરતાં મુસ્લીમ કોમ તેનો વધુ ઉપભોગ કરે છે, અને એ કોમની સ્ત્રીઓ ઉપરાંત કેટલાક મુસ્લીમ પુરૂષો પણ પોતાના નખ રંગવામાં અને સફેદ દાઢીને રંગવામાં મેંદીનો ઉપયોગ કરે છે.

અને વળી એથી જ મેંદીનો ઉપયોગ આયુર્વેદના વૈદકીય પુરાતન ગ્રંથોમાં જોવામાં આવતો નથી. પરંતુ શરૂઆતથી યુનાની હકીમો તેના ગુણ–દોષ જાણતા આવ્યા છે, અને પછી ધીરે ધીરે દેશી વૈદ્યોએ તેનો વપરાશ શરૂ કર્યો છે. છતાં બીજાં વનસ્પતિ-ઔષધોના જેટલું મેંદી પાસેથી કામ લેવામાં આવતું નથી, પણ મેંદી સ્વતંત્ર રીતે વપરાય છે.

વૈદકની દૃષ્ટિ કે રોગનિવારણની રીતે નહિ, તો યે મુખ્યત્વે મેંદી રંગ લાવવાને ખાતર સ્ત્રીઓ વાપરે છે. મેંદીનાં લીલાં પાતરાંને પત્થર ઉપર છુંદી, તેની સાથે હરકોઇ પ્રકારની સહેજ ખટાઇ–ફટકડી, છાશ, લીંબુનો રસ, સુરકો, ગમે તે એક નાંખી,

તેને વાટી, પછી નખ ઉપર અથવા હથેલી ઉપર, અથવા પગનાં તળીએ, યા પગની કિનારી ઉપર તેને મૂકી રાખી, અરધા કલાક પછી ધોઇ નાંખવાથી, તે જગ્યાએ લાલ-પીળો મિશ્રિત સુંદર રંગ થઇ જાય છે. એથી તે શોભામાં વૃદ્ધિ કરે છે. આ રીતે સ્ત્રીઓ નખ રંગવામાં, હથેલી રંગવામાં તેનો ઉપયોગ કરે છે. પરંતુ હવે તો નખ રંગવા માટે તૈયાર રંગની શીશીઓ આવવા લાગી, ત્યારથી મેંદીના રંગની ઝાઝી પરવા કોઇ કરતું હોય તેમ જણાતું નથી. હા, નાનાં ગામો અને શહેરોમાં જેઠ-અશાડમાં કન્યાઓનાં મોળાકૃત આવે છે અને ગૌરી (ગોરમા)નાં વ્રતો હોય છે ત્યારે કુમારિકાઓ ભેગી મળી, મેંદી લઇ આવી, હાથપગ રંગે છે અને એનું અનુકરણ કરતી યુવાન સ્ત્રીઓ પણ શિવપાર્વતિનાં વ્રતમાં બહુધા મેંદી મૂકતી જણાય છે. આ ઋતુમાં મેંદીને જેમ જુવાની હોય તેમ શરીરમાં ઉષ્ણતાના જેઠ-અશાડમાં ઓઘ ઉમટયા હોય છે, એ સમયે મેંદી શરીર ઉપર સુંદર અને સરસ અસર કરે છે.

મેંદીનો ગુણ

પિત્તની ઉષ્ણતા જ્યારે શરીરના છેડા ઉપર અસર કરે છે ત્યારે તેને નિવારવાનો મેંદીમાં અજબ ગુણ છે. મેંદી બાહ્ય ઉપચાર તરીકે પિત્તશામક છે. શરીરની અંદર લેવાથી તે ગ્રાહી અસર નીપજાવે છે, અને એથી પેસાબમાં ધાતુ જતી હોય તો તેનાં પાંદડાંનો રસ અરધો તોલો તથા તેની સાથે દુધ અને સાકર મેળવી આપવાથી ધાતુ જતી બંધ થાય છે. તેવી જ રીતે હરસમાંથી પડતા લોહીને પણ મેંદીનો રસ બંધ કરે છે. પરંતુ આ ઉપચાર ફકીરી નુસખા તરીકે વપરાય છે. વૈદ્યો તેનો પદ્ધતિપૂર્વક ઉપચાર કરતા નથી.

બાહ્ય ઉપચાર તરીકે મેંદી ઘણું સરસ કામ આપે છે. હાથ પગનાં તળીયાંનો દાહ કે જે દાહ ખાસ કરીને આહારમાં ઉષ્ણતાપ્રધાન પદાર્થો લેવાથી પિત્તાધિક્ય દોષને લઇને થાય છે,

તેવા દરદીને હાથેપગે મેંદી મુકવાથી અને દરરોજ થોડા દિવસ નિયમિત એમ કરવાથી હાથપગનાં તળીયાનો દાહ શાંત થાય છે.

આંખો સખત દુઃખવા આવી હોય અને આંખની રેશાઓમાંથી લાલાશ ન ટળતી હોય તો મેંદીની થેપલીઓ બનાવી, આંખપર મુકી, એકાદ કલાક સુઇ જવાથી આંખ ઉપરની ગરમી નાબુદ થાય છે.

નાકમાંથી વારંવાર લોહી પડતું હોય તેવા દરદીને મેંદીનાં પાતરાંનો રોટલો બનાવી તાળવાના ભાગમાં વાળ દૂર કરીને રાખવાથી, તાબડતોબ નાકમાંથી પડતું લોહી બંધ પડે છે અને મગજને ઠંડક આપે છે.

ઘણી ગરમીમાં ફરવાથી કયારેક મગજ ઉપર લોહીનો ધસારો વધી જાય છે અને માણસની આંખે લાલપીળાં દેખાઇ ચક્કર આવવા જેવું જણાય છે ત્યારે મેંદીની થેપલીને મગજ ઉપર તથા બીજી બે થેપલીઓને કાનની બાજુમાં લમણા ઉપર કે જ્યાંથી ધોરી નસો મગજ ઉપર જાય છે ત્યાં મુકવાથી મગજ ઉપર એકદમ ઠંડક આપી શાંતિ આપે છે.

કેટલીક વખત હરસના દરદીને હરસમસામાંથી ગુદા વાટે ઘણું લોહી પડી ગયા પછી ગુદાનો માર્ગ એટલો આળો બની જાય છે કે ત્યાં કપડું પણ અડકાડી શકાતું નથી. તેની સાથે અસહ્ય બળતરા અને વેદના હોય છે અને ગુદા જુઓ તો લાલ થઇ ગઇ હોય છે. તેવા વેદનાવાળા દરદીને મેંદી સાથે થોડી ફુલાવેલી ફટકડી મુકી, વાટીને લુગદી બનાવી ગુદા ઉપર મુકી દેવાથી ઘણી જ ઠંડક થાય છે. બળતરા, વેદના બધું જ નાબુદ થઇ લોહી પડતું બંધ થાય છે અને થોડી મીનીટો પહેલાં તરફડતો દરદી માત્ર મેંદીની થેપલીથી દુઃખથી મુક્ત બની જાય છે.

અરબસ્તાનના હકીમો માને છે અને ઉપચાર પણ કરે છે કે નાનાં બાળકને બળીયા આવે છે ત્યારે તેના દાણા બચ્ચાંની આંખમાં

પડે છે અને તેમાંથી આંખમાં ફુલ પડી જાય છેઃ તેવાં બાળકોને શીતળા-બળીઆ વખતે મેંદીનાં પાતરાં વાટી પગના તળીએ લગાવવામાં આવે તો તે બાળકને આંખમાં ફુલ પડતું નથી અને આંખનું રક્ષણ થાય છે.

આ ઉપરાંત મેંદીનાં ફુલનું ઓશીકું ભરી રાત્રે માથા નીચે રાખવામાં આવે તો અનિદ્રાથી પીડાતા દરદીઓ અને પાસાં બદલી બદલી રાત્રિ ગાળતા વિચારોનાં દુઃખીયાં માનવીઓને તુરત પ્રગાઢ નિદ્રા આવી જાય છે. ઉંઘની ગોળીઓ અને સુશુપ્તિમાં હડસેલી દેતી લાલ પીણાવાળી દવાઓ પીને પરાણે નિદ્રાદેવીની આરાધના કરનારને અમે એક વખત મેંદીના ફુલનો પ્રયોગ અજમાવી જોવાની ભલામણ કરીએ છીએ.

આ તો જાણે મેંદીમાં રહેલા ગુણો અને તેનો સાધારણ રીતે હરેક માનવી ઉપચાર કરી શકે એ રીતે અમે નિર્દેશ કર્યો છે. પરન્તુ વૈદકની દૃષ્ટિએ પણ મેંદી અતિ ઉપયોગી હોવાથી, દેશી ચિકિત્સકોનું ધ્યાન ખેંચવાની રજા લઇએ છીએ.

ચાંદીની સફેદ ભસ્મ

ઘણી સહેલાઇથી અને નિર્દોષ રીતે ચાંદીની ભસ્મ બનાવવા માટે નીચે પ્રમાણે વિધિ કરોઃ

ચોખ્ખી ચાંદી લઇ પ્રથમ તેની શાસ્ત્રોક્ત રીતે શુદ્ધિ કર્યા પછી અતરડાથી તેનો બારીક પાઉડર (રેત) બનાવો. બાદ મજબૂત પત્થરની ખરલમાં પાંચ તોલા ચાંદીનો ભુકો નાંખી આખો દિવસ મેંદીનાં પાતરાંને ખુંદીને કાઢેલા રસમાં ઘુંટો. તે સુકાઇ ગયા પછી રૂપીઆ જેવડી પાતળી ટીકડી બનાવી સુકવો. માટીના શરાવલાં (રામપાત્ર)માં ખુંદીને રસ કાઢી લીધા બાદ પાતરાં બચ્યાં હોય તે મૂકો અને તેની ઉપર આ ટીકડીઓ મૂકો. તેની ઉપર બીજી ખુંદેલી

મેંદીનાં પાતરાં દાબી, સંપુટ બનાવી, દશ છાણાની મંદ આંચ ભઠ્ઠીમાં આપો. બીજે દિવસે કાઢી લઈ ઉપરના વિધિથી પુનઃ ભઠ્ઠી આપો. આ રીતે દશ ભઠ્ઠી આપવાથી એકદમ સફેદ કલરની ચુના જેવી ચાંદીની ભસ્મ થશે. એ તદ્દન નિર્દોષ બને છે અને યોગ્યતાપૂર્વક એનો ઉપયોગ કરી શકો છો.

કલાઈ—બંગની ભસ્મ

કલાઈને વિધિપૂર્વક શુદ્ધ કર્યા પછી તેને ટીપીને તેનું પાતળું પતરૂં બનાવી, કાતરથી મમરા જેવડા ટુકડા બનાવી લ્યો. બશેર મેંદીના પાતરાને છુંદી તેના બે રોટલા કરો. એક રોટલા ઉપર તૈયાર કરેલા કલાઈના બારીક ટુકડાને છુટા છુટા પાથરી, ઉપર બીજો મેંદીનો રોટલો મુકી દો, અને ગોબરનાં બે છાણાં વચ્ચે આ રોટલાને રાખી બીજાં છાણાં ફરતાં મુકી સળગાવી આપો. એ ભઠ્ઠી તદ્દન ઠંડી થઈ ગયે ધીમેથી સાચવીને ખોલો. બે છાણાના કોલસા વચ્ચે કલાઈના ટુકડા મમરા જેવા થઈ ગયા હશે. હાથની આંગળીથી ચોળવાથી તેનો ભૂકો થઈ જશે. એ મમરા જેવી બની ગયેલી કલાઈની ભસ્મને ખરલમાં નાંખી, બારીક વાટી, કપડે ચાળી શીશીમાં ભરી દો. ધાતુ જતા કોઈ દરદમાં, તેમ જ પરમાની અંદર પરમાની જૂની રસી બંધ ન થતી હોય તેમાં પણ આ કલાઈની ભસ્મ ઘણું ઉમદા કામ કરે છે, ગરમી મટાડે છે, વીર્યને ઘટ્ટ કરે છે, તાકાત આપે છે. સ્ત્રીઓના પ્રદરમાં આ કલાઈ આપી શકાય છે. આ રીતે મેંદીના યોગથી તૈયાર કરેલી ચાંદી તથા કલાઈ શીતવીર્ય બને છે અને હરકોઈ ગરમીપ્રાધાન્ય તથા ધાતુદૌર્બલ્ય આદિમાં વાપરી શકાય છે.

મેંદીમાં અનેક ચમત્કારિક ગુણો છે અને તેના આશ્રયે અનેક નુસખાઓ તૈયાર કરી વ્યાધિ નાબૂદ કરી શકાય છે. પરંતુ સ્થાનાભાવે અહીં તેનું વિસ્તૃતપણે વર્ણન નહિ કરૂં.

હવે અહીં મેંદીને માટે બનાવેલું નાનકડું કાવ્ય રજુ કરીને આ વિષયને પૂરો કરીએ :

સખી ! આવો મેંદી આપું

જેઠ અશાડના વાયુ વહેતા,
નભમાં વાદળ વાતું કહેતા,
ઉષ્મા આવિર્ભાવ સમયમાં,
શીતળ શાંતિ સ્થાપું......સખી.

સખી, હું છું વનની મનમાલન,
સભર ભર્યાં મુજ વનનાં જોબન,
ગૌરીપૂજન જાતી બાલા,
તવ નખમણિને રંગાપું......સખી.

નવરંગ ચુંદરી શિર પર ઓઢી,
દિલમાં ભરી ભરી નવલા કોડ,
સહીયરનાં વૃંદો માંહી તને,
રંગીલી કરી હું સ્થાપું......સખી.

સતી પાર્વતિ પાસે પળતાં,
શિવપૂજનથી પાછા વળતાં,
માણેકરંગી હાથ હથેલી,
મેંદીથી કરી આપું......સખી.

પીયુ પીયુ બોલે કોયલ આંબે,
ટીહુ ટીહુ કરતો મોરલો જાંબે,
આશાડ વૃત્ત ઉજવતી સખીના,
નાશ કઈ હું ઉતાપું......સખી.

પૂરવણી

કોલેરા—વિષૂચિકા

नतां परिमिताहारा लभन्ते विदितागमाः ।
मूढास्तामजितात्मानो लभन्तेऽशनलोलुपाः ॥

[ભાવ પ્રકાશ]

અર્થ—મિતાહારી અને આયુર્વેદને જાણનારાઓ (જાણીને આચરણ કરનારાઓ)ને વિષૂચિકા રોગ થતો નથી, પરંતુ મૂઢ મનવાળા અને ઇંદ્રિયોને વશ નહિ રાખનારા અને ખાઉધરા લોકોને થાય છે.

કોલેરા અંગ્રેજી શબ્દ છે. હિંદીમાં તેને 'હૈજા'ની બિમારી અને સંસ્કૃતમાં વિષૂચિકા કહે છે. આપણે કોગળીયું કહીએ છીએ.

કોલેરા કોઇ પણ ઋતુમાં થઇ શકે છે, પરંતુ સૂર્યની ગરમી અતિ અધિક પડતી હોય અને એ વખતે પૃથ્વીમાં ભેજ હોય ત્યારે આ વ્યાધિ એકદમ ઉપાડ કરીને ફેલાય છે અને કોઇ વાર શહેરોનાં શહેરો તથા ગામડાંનાં ગામડાં ઉજ્જડ કરી મૂકે છે. આયુર્વેદશાસ્ત્ર તો અજીર્ણના પેટા વિભાગરૂપે આ વ્યાધિને માને છે, ત્યારે અંગ્રેજી વૈદક તેને જંતુજન્ય માને છે. આ વ્યાધિની શરૂઆત થયા પછી ઘણી જ ઝડપભેર વ્યાધિનાં જંતુઓ ઉલટી, ઝાડા અને શ્વાસપ્રશ્વાસથી બીજા તંદુરસ્ત શરીરવાળા માણસોમાં ફેલાય છે અને એકી સાથે સેંકડો માણસો આ મહામારીના ભોગ બની જાય છે.

જેટલો આ વ્યાધિ ફેલાવમાં ત્વરિત ગતિવાળો છે, તેટલો જ તે જલદી પ્રાણહારક પણ છે. દરદ લાગૂ પડવાની સાથે સ્થિતિ બગડવા માંડે છે. કોઇ દરદી તેમાં ઝડપાય તે જ દિવસે, કોઇ બીજે દિવસે, તો કોઇ

દરદી ત્રીજા દિવસે દેહ છોડી દે છે. ત્રણ દિવસ વીતી ગયા પછી પણ દરદી ખલાસ થવાના દાખલા બને છે. કોલેરાનું નામ સાંભળી લોકો ભયભીત બને છે અને તેના દરદીને લઇને નાસભાગ શરૂ કરી દે છે, પરંતુ એથી તો અન્ય સ્થળોએ દરદીના જવાથી ત્યાં પણ બિગાડો શરૂ થાય છે અને કોલેરા ફેલાય છે.

કોલેરા થવાનું કારણ

વાયુના સંચયનો સમય (ગ્રીષ્મ ઋતુ) અને પ્રકોપનો સમય (પ્રાવૃટ ઋતુ)માં માનવીઓ અત્યાહાર કરીને અજીર્ણ પેદા કરે છે અથવા અસુખકર, વિદાહી, વાયુવર્ધક, વાસી, અને ભારે અન્ન–મિષ્ટાન્નનું ભોજન કરે છે, ત્યારે એ પ્રકોપ પામેલો વાયુ ઉન્માર્ગગામી બનીને, રસ–ધાતુના પોષક ગુણને બગાડીને, રસાણુઓને વિષૂચિકાણુઓમાં ફેરવી નાંખીને પ્રથમ સોય ભોંકાતી હોય તેવું આમાશયમાં દરદ પેદા કરે છે, અને એ રસથી દુષિત થયેલા અણુઓને લઇ રક્તની અણુલસિકામાં મિશ્રિત વાયુ કરી દે છે અને સર્વાંગની અણુલસિકા દુષિત થઇને વિષૂચિકાજીવાણુથી વ્યાપ્ત બની પ્રગટ રૂપે–વિષૂચિકા અથવા કોલેરા જણાવા લાગે છે.

અડદની દાળ ભીંજવવાથી એક જાતનો જે બુદબુદ પેદા થાય છે અથવા જલેબીનો આથો થતી વખતે જેમ ખમીર પેદા થાય છે, તે તે જાતની ક્રિયા પ્રથમ કોલેરાના રોગીનાં આંતરડાંમાં અજીર્ણના જમા થયેલા અન્નમાં વાયુ પ્રકોપ પામવાથી થાય છે, અને એ જાતના પરમાણુઓ પેદા થાય છે, તેને જ કોલેરાનાં જંતુ કહીએ તો ખોટું નથી. અસાત્મ્ય, અતિરિક્ત, અને અતિ ભોજનથી થયેલા અજીર્ણ વખતે વાયુ ઉદરમાં ઉર્ધ્વગામી બન્યો હોય, તે વખતે પ્રાવૃટ ઋતુની વાદળાંઓવાળી ગરમીની સહાયતા મળી ગઇ હોય, અને એ ગરમી ઝીલીને પૃથ્વી પોતાના ઉદરમાં રહેલાં પાણી, હવા અને બુદબોને બહાર જંતુ રૂપે કે બાષ્પ રૂપે ઉપર ફેંકે, તો તે જ વખતે મનુષ્ય-

શરીરમાં રહેલો ક્લેદન કફ દુષિત થઈ, આમાશયમાં અજીર્ણને કારણે વિકૃત પામેલા રસમાં બુદબુદ રૂપે તૈયાર થયેલો વાયુ લોહી સાથે વિષૂચિકાણુઓને વેગથી મેળવી દેવા લાગે છે અને આખા શરીરમાંના લોહીમાં રહેલો જલીય ભાગ દોષવાળો થઈને ગુદા વાટે તથા મુખ વાટે (ઝાડા તથા ઉલટી)બહાર પડવા લાગે છે. એ ઝાડા-ઉલટીમાં આ વિષૂચિકાનાં અણુઓ અથવા બીજા શબ્દમાં કહીએ તો કોલેરાનાં જંતુઓ મળી આવે છે.

અન્ય સંક્રામક રોગનાં જંતુની માફક આ જંતુ બીજા કોઈ પદાર્થના આશ્રયે જીવી શકતાં નથી, પરંતુ જેમાં રસ ધાતુ હોય, અર્થાત ઝાડા-ઉલટીના પદાર્થોમાં એ જીવી શકે છે. સૂર્યની સખ્ત ગરમીમાં એ જલદી મરી જાય છે અથવા બળવાન માનવીના જઠરાગ્નિમાં એ જો જાય છે તો ત્યાં પણ તેનું (જીવાણુઓનું) મૃત્યુ થાય છે. તેમ જ બીજાં જીવાણુઓ સાથે એ જીવી શકતાં નથી; પરંતુ જેને મંદાગ્નિ થાય છે, અથવા અજીર્ણનો રોગ છે, જીર્ણાજીર્ણવાળો દરદી હોય છે, કે જેને મળાશય સાફ નથી અને કબજીયાતનો રોગી છે, તેવા માનવીના શરીરમાં આ જીવાણુઓ જલદી ફેલાવો કરે છે અને તે રોગનો ભોગ થઈ પડે છે. દસ્ત અને ઉલટીની સાથે બહાર આવીને એને કોઈ પણ પદાર્થનો આશ્રય ન મળ્યો હોય તો પણ ઝાડા-ઉલટીના પદાર્થમાં ચોવીશ કલાક સુધી જીવી શકે છે. તે દરમ્યાન કદાચ વાયુનો, પાણીનો, સ્પર્શનો આશ્રય કરી બીજા માનવીમાં પ્રવેશ કરે છે અને એથી જ કોલેરાનાં ઝાડા-ઉલટીને અગ્નિથી બાળી નાંખવા માટે અથવા જમીનમાં ખાડો ખોદી દાટી દેવા માટે ચિકિત્સકો તરફથી ભલામણ કરવામાં આવે છે.

અશુદ્ધ જળમાં, કીચડમાં, ખાળકુંડોમાં પેસાબનું એકઠું થતું પાણી અથવા છુટું પાણી વહન કરી રસ્તા ઉપર બદબો મારતું હોય છે તેવી જગ્યાનો આશ્રય આ જંતુને મળી ગયો હોય તો તે લાંબા વખત સુધી જીવી શકે છે અને ફેલાવો પામી શકે છે.

ચુનાનું પાણી, રસકપુરનું પાણી, મોરથુથુ અથવા તેનું પાણી, હીરાકસી અથવા તેનું પાણી, કપુર અને લાલ મરચાનું પાણી આ જંતુને મારી નાંખવામાં અથવા જંતુની શક્તિનો નાશ કરવામાં ઉંચા પ્રકારનું કામ કરે છે, અર્થાત ઉપર બતાવેલા પદાર્થો કોલેરાનાં જંતુનાં વિરોધી અથવા નાશક છે.

મનુષ્યના શરીરના આશ્રયે પેદા થયેલા આ કોલેરાનાં જંતુઓ મનુષ્ય સિવાય બીજાં પ્રાણીઓ ઉપર પોતાનો પ્રભાવ ફેલાવી શકતાં નથી. કેટલીક વાર કોલેરાનાં દરદીનાં ઝાડા અને વમનનો પદાર્થ કુતરૂં, બિલાડું, ભુંડ, વગેરે પ્રાણીએ ખાઇ લેવા છતાં તે તે પ્રાણીઓને આ વ્યાધિ લાગુ થતો નથી તેમ જોવામાં આવ્યું છે; તેમ જ જે માનવીનો પ્રબળ જઠરાગ્નિ છે તેવા માનવીઓનાં શરીરમાં આ અણુઓ પ્રવેશ કરવા છતાં વ્યાધિના પંજામાં તેને સપડાવી શકતાં નથી. અને એ જ કારણથી એક ગામમાં અથવા એક મહોલ્લામાં કોલેરાથી કેટલાક માણસો મરણ પામે છે, જ્યારે બાજુમાં રહેતા કેટલાકને કશી પણ ઇજા થતી નથી. કોલેરાનાં જંતુ ક્ષયનાં જંતુથી બમણાં મોટાં તથા અરધાં લાંબાં હોય છે અને એ માનવોશરીરમાં પ્રવેશ કરીને વધુમાં વધુ ત્રણથી ચાર દિવસ સુધી જીવી શકે છે.

કોલેરા થવાની એક પ્રબળ માન્યતા

પૃથ્વી ઉપર નિવસતાં પ્રાણી માત્ર મળમૂત્ર કરે છે, તેમ જ તમામ પ્રાણીઓનાં મરણ પછી બગડતાં, સડતાં અને વિખરાઇ જતાં તેમનાં શરીરનાં પરમાણુઓ પૃથ્વી ઉપર અને આકાશમાં પ્રસરેલાં રહે છે. જ્યારે પૃથ્વી ઉપર ઠંડી પડે છે ત્યારે આકાશમાંનાં પરમાણુઓ નીચે આવીને પોતપોતાના સ્વજાતીય જીવોને વળગીને તે જીવોને પુષ્ટ બનાવે છે અને જ્યારે તાપની મોસમ આવે છે ત્યારે સૂર્યના તાપથી તે પરમાણુઓ છુટા પડી આકાશ તરફ ઉંચાં ઉડે છે અને તેના શરીરના ભાગો કે જે અશુચિ પદાર્થો મનાય છે તે

પૃથ્વી ઉપર પડી રહે છે. તે સડેલા, પડેલા અને તેમાં ઉત્પન્ન થતા કીડાઓથી રક્ષણ કરવા માટે કુદરતે ઘણી જાતનાં સ્થળચર અને ખેચર જીવો ઉત્પન્ન કર્યાં છે, કે જેઓ અશુચિમાં ઉત્પન્ન થતાં જંતુઓને ખાઇને પોતાનો નિર્વાહ ચલાવે છે.

તે પ્રમાણે તાપની મોસમ પૂરી થયા પછી જ્યારે વર્ષાકાળ આવે છે ત્યારે વરસાદની સાથે પૃથ્વી ઉપરથી ચઢેલા અશુચિ પદાર્થોનાં પરમાણુઓ આકાશમાંથી પુનઃ નીચે પડે છે, જેથી ચોમાસાની ઋતુમાં અસંખ્ય જાતનાં નવાં જીવજંતુઓ આપણી નજરે પડે છે. પણ ચોમાસાનો પ્રવાહ ઘણા જોરથી ચાલવાથી, પૃથ્વીને જોઇએ તે કરતાં વધુ પાણી મળવાથી, તે પાણી નદીઓમાં વહીને પૃથ્વી ઉપરની તમામ અશુચિને સાથે લઇને સમુદ્રમાં મળી જાય છે; અને તેથી પૃથ્વી પવિત્ર થાય છે. અશુચિ સાથે ગયેલા જીવોનો સ્વભાવ છે કે અશુચિ અને પાણી તથા ઠંડી હવાનો યોગ મળતાં તેઓ વધવા માંડે છે. તેઓ જ્યારે વૃદ્ધિના કાળમાં હોય છે ત્યારે સમુદ્રમાં ગયા પછી જેટલાં જંતુઓ તે અશુચિમાંથી ઉત્પન્ન થાય છે તે સઘળાં જંતુઓનો નાશ કરવા માટે કુદરતે સમુદ્રમાં એક નવી સૃષ્ટિ જળચર પ્રાણીઓની તૈયાર રાખેલી જ હોય છે કે જે પ્રાણીઓ સ્થળચર જીવોના રક્ષણ માટે અશુચિમાંથી જેટલા જીવો ઉત્પન્ન થાય તેટલા તમામ જીવોનું ભક્ષણ કરી જાય છે.

હવે મનુષ્યોએ કુદરતના એ કાયદાનો ભંગ કરી સમુદ્રમાં ઉત્પન્ન થતાં પ્રાણીઓને મારીને ખાઇ જવાની રૂઢી દાખલ કરી, તેને પરિણામે દરરોજ અસંખ્ય જળચર પ્રાણીઓનો નાશ થવા લાગ્યો, એટલે પૃથ્વી ઉપરથી વરસાદના પાણી સાથે જેટલી અશુચિ જવી જોઇએ તેટલી બલકે તેથી પણ વધારે સમુદ્રમાં તો જાય જ છે, પણ તે અશુચિમાંથી ઉત્પન્ન થતા જીવોનો નાશ કરવા માટે જેટલા પ્રમા-

શુમાં જળચર પ્રાણીનું લશ્કર જોઈએ તેમાં દિનપ્રતિદિન ઘટાડો થવાથી તેઓ વધતાં જાય છે. એટલે એ વધેલાં જંતુઓ પાણીમાંથી બહાર આવી, તે માંહેથી જમીન પર ચાલતાં જંતુઓ દ્વારા પ્લેગ, ઇન્ફ્લુએન્ઝા વગેરે રોગો પેદા કરવાના અને ઉડતાં જંતુઓ દ્વારા કોલેરા–વિષૂચિકા વગેરે રોગોના પેદા થવાનાં કારણભૂત થાય છે.

પૃથ્વી ઉપર અને પાણીમાં જે અશુચિથી આસુરી વૃત્તિનાં (ઝેરી) જીવો ઉત્પન્ન થાય છે તેનો નાશ કરવા માટે તેવા જ પાણીમાં તરતા, પૃથ્વી ઉપર ફરતા અને આકાશમાં ઉડતા જીવોને કુદરતે ઉત્પન્ન કરીને મૂક્યા છે. એથી સાબિત થાય છે કે જગતની શોભારૂપ, મનુષ્યને આનંદ આપવા અને મનુષ્યો ઉપર આવતી ઉપાધિરૂપ રોગની પીડાને અટકાવવા જે જીવોને ઉત્પન્ન કર્યા છે તે જીવોને માણસ મારી ખાય છે, તેથી જેટલા પ્રમાણમાં મનુષ્યો નીરોગી રહેવાં જોઈએ તેટલા પ્રમાણમાં આરોગ્ય નહિ મળતાં તેઓ રોગના ભોગ થઈ પડે છે; અને તે પાપમાં જ્યારે ઘણો વધારો થાય છે ત્યારે ઋતુમાં હીનયોગ–મિથ્યાયોગ કે અતિયોગ થવાથી વાતાવરણમાં અસંખ્યાત ઝેરી જંતુઓ પેદા થઈ મનુષ્યને મોતની સજા કરે છે.

એ પ્રમાણે વિચાર કરતાં સમુદ્રનાં પાણીમાં જે અસંખ્ય જાતનાં પ્રાણીઓ જોવામાં આવે છે તે નિરર્થક ઉત્પન્ન કરેલાં નથી, પણ મનુષ્યોને બળ, બુદ્ધિ અને આરોગ્ય આપનારાં છે. આ વાત અમે કહીએ છીએ એવું કાંઈ નથી, પણ ખાસ વિદ્વાનોમાં ગણાતા અને તત્ત્વજ્ઞાનને પ્રાધાન્યપણે માનનારા પશ્ચિમના વિદ્વાનો પણ આ વાતને સમજીને માંસાહારથી અલગ રહેવાની પોતાના બંધુઓને ભલામણ કરે છે. કેટલાક વિદ્વાનો એમ જાહેર કરે છે કે દિન પર દિન સમુદ્રના પાણીમાંથી ક્ષાર એટલે " ક્લોરીન ગેસ " ઓછો થતો જાય છે, જેથી સમુદ્રમાંથી પાકતું મીઠું પ્રથમ જેટલું ખારૂં જણાતું નથી, અને તેનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે દરિયામાં જે જગ્યાએ માછલાંનો નાશ કરવામાં

આવે છે તે જગ્યા કરતાં બીજી જગ્યાનું મીઠું વધારે ખારૂં હોય છે. એટલે દરિયાઇ પ્રાણીના ભક્ષણને કારણે દરિયામાં આવતી અશુચિમાંથી ઉત્પન્ન થતા ખારા રસ સિવાયના પાંચ રસો એટલે ગળ્યો, કડવો, ખાટો, તીખો અને કષાય રસ વધી જવાથી ખારનું પ્રમાણ ઓછું થાય છે. તેથી ઘણા વિદ્વાનોનું કહેવું એવું છે કે દરિયાનું પાણી દિન પર દિન પ્રમાણમાં વધારે મીઠું થતું જાય છે. એટલે એક તરફ સેનેટરી સિસ્ટમ પ્રમાણે દરિયાકિનારાનાં શહેરામાંથી તમામ જાતની અશુચિ દરિયામાં સીધી પહોંચાડવામાં આવે છે, અને પૃથ્વી ઉપરની અશુચિ વરસાદના પાણીથી ધોવાઇને દરિયામાં દાખલ થાય છે; ત્યારે બીજી તરફથી દરિયામાં ઉત્પન્ન થનારા અશુચિને ખાનારા જીવોનો હદબહાર નાશ કરવામાં આવે છે. તેથી દરિયામાં અશુચિ વધી જવાથી દરિયાનું પાણી ખારાશ વગરનું થાય છે અને તે ઓછી ખારાશવાળું અશુચિ ભરેલું મીઠું મનુષ્યોના ખાવામાં આવે એટલે રોગ ઉત્પન્ન થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. તેમ ઋતુના યોગે ઉડતાં જંતુઓ કે જેનું રહેઠાણ અને ઉત્પત્તિસ્થાન પાણીવાળી જગ્યામાં છે તે અશુચિ પદાર્થો અને દરિયાનું પાણી ભેગું થવાથી મુત્ર જેવા પદાર્થોમાંથી ઉડતાં અને મળ જેવા પદાર્થોમાંથી ચાલતાં ઝેરી જંતુઓ સંખ્યાબંધ પેદા થાય છે. તેનો ફેલાવો અત્યંત જોશથી થાય છે, અને જંતુવિદ્યાના શોધકોએ સિદ્ધ કર્યું છે કે ઝેરી જંતુની પોતાની પેદાશનો સૂર્યનાં કિરણથી કુદરત જો નાશ ન કરતી હોય તો, માત્ર એક જ દિવસમાં, આખો આટલાંટિક મહાસાગર ભરાઇ જાય તેટલા જંતુઓ દુનિયાપર પેદા થાય છે. અર્થાત કહેવાની મતલબ એવી છે કે સમુદ્રમાં પેદા થતા જીવો માણસના રક્ષણને માટે છે, પણ તેમને મારી ખાવા માટે નથી.

આકાશમાં ફરતા ગ્રહો—સુર્ય અને ચંદ્ર રાશીચક્રથી ફરતા અયન અને સંક્રાન્તિથી જે જે પ્રદેશમાં જે જે અક્ષાંશ અને રેખાંશમાં જેવી જેવી જાતનું વાતાવરણ ઉત્પન્ન કરે છે તેવી તેવી

જાતનાં પૃથ્વી ઉપર મનુષ્યો અને પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે દરિયામાં પણ જુદી જુદી પ્રકૃતિનાં, જુદા જુદા આકરનાં અને જુદા જુદા ગુણ ધર્મવાળાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. કેટલાક માણસો એવો વિચાર કરનારા પણ છે કે દરિયામાંથી જળચર જીવોનો અમે જેટલો નાશ કરતા જઇએ તેટલા પ્રમાણમાં અગાધ સમુદ્રમાંથી બીજા જીવો ત્યાં આવીને પુરાશે અને તેથી દરિયાની વસતિમાં ઘટાડો થઇ શકતો નથી; પણ તેઓ ભૂલી જાય છે કે કુદરતના કાયદા પ્રમાણે જે અક્ષાંશ કે રેખાંશવાળા ભાગમાં જે જાતનાં દરિયાઇ પ્રાણી ઉત્પન્ન થાય છે તેઓ બીજા ભાગમાં જઇ શકતાં નથી. તેનું પ્રત્યક્ષ પ્રમાણ એવું છે કે જે સ્થળેથી કોડી, શંખ, ખાગડા, છીપ, અને મોતી વગેરે નીકળે છે તેવાં બીજે સ્થળેથી મળતાં નથી. એટલે જે પ્રદેશમાં જે જીવો ઉત્પન્ન થાય છે તે જીવો દરિયાના બીજા પ્રદેશમાં જઇ શકતા નથી. એવું હોવાથી દરિયામાંહેના જે સ્થળેથી દરિયાઇ પ્રાણીઓનો નાશ કરવામાં આવે તે સ્થળે બીજા સ્થળનાં પ્રાણીઓ આવી શકતાં નથી. એટલે તે દરિયાનું પાણી ક્ષારમાં ન્યૂનતા ધરાવે એ સંભવિત છે.

પ્રસ્તુત હકીકત ઉપરથી સમજવામાં આવે છે કે ઋતુનો સમયોગ હોય ત્યારે ઝેરી જંતુઓનો પાક જેટલો થાય, તેટલો સૂર્યના તાપમાં લય પામી જાય છે, પણ જ્યારે ઋતુનો હીન, મિથ્યા, કે અતિયોગ થાય ત્યારે જંતુનો નાશ નહીં થતાં ઉલટો વધારો થવાથી આખું જગત અથવા અમુક એક પ્રદેશના લોકો ઉપાધિરૂપ મહામારી (કોલેરા)માં સપડાય એ નિર્વિવાદ વાત છે.

માણસના શરીરમાં વાયુ, પિત્ત અને કફ જ્યારે શુદ્ધ હોય ત્યારે ધાતુ ગણાય છે, તે જ્યારે અશુદ્ધ હોય ત્યારે દોષ ગણાય છે, અને જ્યારે સંપૂર્ણ બગડેલાં હોય ત્યારે મળ ગણાય છે. અજીર્ણથી મળ બગડે છે, અને જો મળમાં વાયુનું પ્રાધાન્ય હોય તો વિષ્ટાબ્ધાજીર્ણ

કહેવાય છે, જો પિત્તનું પ્રાધાન્ય હોય તો વિદગ્ધાજીર્ણ કહેવાય છે અને જો કફનું પ્રાધાન્ય હોય તો આમાજીર્ણ કહેવાય છે. તેવી રીતે આકાશમાં જ્યારે તાપની મોસમ હોય છે ત્યારે પિત્તપ્રાધાન્ય થાય છે અને જ્યારે વર્ષાની મોસમ હોય છે ત્યારે વાયુપ્રાધાન્ય થાય છે અને ટાઢની મોસમમાં કફપ્રાધાન્ય થાય છે. એટલે જે જે મોસમમાં જે જે પ્રકૃતિને અથવા જે જે દોષોને પુષ્ટિ મળે એવું વાતાવરણ થાય છે તે તે મોસમમાં તેવી તેવી પ્રકૃતિનાં સ્થળચર, જળચર, ખેચર પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. ગ્રીષ્મ ઋતુ અને શરદ ઋતુમાં જ્યારે સખત તાપ પડે છે ત્યારે મનુષ્યોનાં શરીરમાં વિદગ્ધાજીર્ણ થયેલું હોય છે, તેથી તે અજીર્ણમાં અગ્નિતત્ત્વના એટલે ઝેરી જીવો ઉત્પન્ન થયેલાં હોય છે, અને સમુદ્રમાં પણ અગ્નિતત્વીય એટલે ઝેરી જીવો ઉત્પન્ન થાય છે. તે જીવો હવાની સાથે ઉડતાં પૃથ્વી તરફ આવે છે અને જે મનુષ્યના શરીરમાં વિદગ્ધાજીર્ણને લીધે વિષવાળાં જંતુઓ ઉત્પન્ન થયેલાં હોય છે તે જંતુઓ હવામાંથી આવતાં જંતુઓને આવકાર આપી, પોતાના સ્વજાતીય ભાઇ ગણી, પોતાની પાસે આશ્રય આપે છે.

એથી મનુષ્યના શરીરમાં વિદગ્ધ થયેલા પિત્તનો અતિયોગ થવાથી અને કફનો હીનયોગ થવાથી વાયુનો મિથ્યાયોગ થાય છે. એટલે દગ્ધ થયેલું પિત્ત વમન અને ઝાડાના રૂપમાં બહાર નિકળવા માંડે છે, અને તે બહાર નિકળવાની ઉતાવળમાં પોતાની સાથે રહેલા કફ અને વાયુની દરકાર કર્યા સિવાય જોસથી બહાર નીકળે છે અને આસુરી જીવોના કાયદા પ્રમાણે એક ક્ષણમાં લક્ષાવધિ જીવો ઉત્પન્ન થતાં હોવાથી શરીર એવા જીવોથી વિષપૂર્ણ બની જાય છે. એ કારણથી આયુર્વેદે એ રોગનું નામ વિષૂચિકા પાડયું છે.

એટલે અજીર્ણને ઉત્પન્ન કરવાવાળું પિત્ત મનુષ્યોના શરીરમાં વધવાથી વિદગ્ધાજીર્ણ થઇને અપ્રિય જીવોની ઉત્પત્તિ થયેલી હોય છે, તેમાં

સમુદ્રમાં ઉત્પન્ન થયેલા વાતાવરણમાં અગ્નિતત્વ (પિત્ત)નો અતિયોગ થવાથી તે જંતુઓ મનુષ્યશરીરમાં પ્રવેશ કરી પ્રાણનો નાશ કરે છે.
(આયુર્વેદ નિબંધમાળા.)

મૂળ કારણ દૂર કરો

આ રોગથી માનવીઓનું રક્ષણ કરવા માટે ચિકિત્સાશાસ્ત્રીઓ આ રોગના મૂળ કારણનો ઉપાય નહિ કરતાં કારણમાંથી બનેલા કાર્યનો ઉપાય કરવા માટે નવી નવી શોધ કરવા લાગી જાય છે; પરન્તુ જો કોલેરાના રોગને સમૂળગો અટકાવવો હોય તો—

(૧) સમુદ્રમાં પેદા થતા જળચર જીવો, આકાશમાં ઉડતાં ખેચર પક્ષીઓ અને પૃથ્વી ઉપર ચાલતાં ભૂચર પ્રાણીઓને માંસાહારી મનુષ્યો મારી ખાય છે તેનો પ્રતિબંધ કરવો જોઇએ. પરદેશીઓ અતિ માંસાહારી હોવા છતાં, ત્યાંના દરિયાકિનારે કાયદો હોય છે કે જ્યારે માછલીઓ ગર્ભધારણ કરીને ઇંડાં મૂકતી હોય ત્યારે માછીમારોએ પોતાનો ધંધો ચોક્કસ સમય સુધી બંધ રાખવો. હિંદુસ્તાનમાં આવો કોઇ પ્રતિબંધ જ નથી.

(૨) જનતાને પોતે પેદા કરેલી અશુચિ (મળ, મૂત્ર, એઠવાડ ગંદકી ખાળોમાંથી રસ્તા ઉપર રેલાઇને ભેગાં થતાં વાપરેલાં પાણીની બદબો આપતો કાદવ)નો નાશ કરી સ્વચ્છતા રાખતાં શીખવાનો બોધપાઠ આપવો જોઇએ.

(૩) આગળ કહેવાઇ ગયું છે કે બળવાન જઠરાગ્નિવાળાને આ જંતુઓ અસર કરી શકતાં નથી. અર્થાત્ ઋતુનાં પરિવર્તન અને વાત, પિત્ત, આદિના કોપની ઋતુઓને સમજી તે પ્રમાણે આહાર-વિહારની સમજુતી તથા ખાવા માટે ઉપયોગમાં આવતા પદાર્થોના ગુણ-દોષ, ઋતુઓની થતી માનવીઓ ઉપર અસર-આ શિક્ષણ બાળકોની શિક્ષણસંસ્થાઓમાં દાખલ કરી તેમની રગેરગમાં ઉતારવું

જોઇએ, કે જેથી હરેક માનવી પોતાના શરીર અને ઋતુના ગુણધર્મને સમજીને આહાર લઇ શકે અને પચાવી શકે તથા વિવિધ જાતનાં જંતુઓથી શરીરની રક્ષા કરી શકે. માનવીની ઉન્નતિ કરનાર શિક્ષણ-સંસ્થાઓનો પાઠયક્રમ રચનાર સાહિત્યના આચાર્યોના કાન સુધી માનવી-રક્ષાની વિદ્યાનો અવાજ અને અસર પહોંચી શકશે? કે પછી એમના કાનના પરદા દેશની વિદ્યા માટે બહેરા ખોટ થઇ ગયા છે?

(૪) હવાની શુદ્ધિ કરવા માટે અથવા અશુચિથી ઉત્પન્ન થએલાં ઝેરી જીવોનો નાશ કરવા માટે ધર્મની ઓથ લઇને આપણા વિદ્વાનોએ સુગંધી દ્રવ્યો—સુખડ, અગર, ગુગળ, ઘી, સર્વોષધિ જેવા પદાર્થોનો હોમ જેમાં મુખ્ય છે, તેવા યજ્ઞો પર્વણી પર્વણીએ કરવાની આજ્ઞા કરી છે, અને દ્વિજ જાતિને પોતાના ઘરમાં હમેશનાં પંચકર્મોમાં વૈશ્વદેવ જેવા નિત્યયજ્ઞની પણ ફરજ પાડી છે, તેનો આજની આંગ્લ-વિદ્યાથી બગડેલા માનસનાં માનવીઓ અને સુધારકોએ લોપ કરી નાંખ્યો છે. એ પ્રથા અને પ્રણાલિમાં રહેલો ગર્ભિત હેતુ જનતાને સમજાવી, નિત્યનાં હુતદ્રવ્યોમાં રહેલાં જંતુ નાશ કરવાના ગુણો અને હવાની શુદ્ધિનો મર્મ આગળ ધરી, પુનઃ ચાલુ કરવાની જરૂર છે.

(૫) જ્યારે જ્યારે ઋતુઓમાં ઋતુનો હીન, મિથ્યા અને અતિ-યોગ જણાય (અમે આગળ સને ૧૯૪૧ની વર્ષા ઋતુમાં 'બહુરૂપી'માં '**અતિ વૃષ્ટિથી સાવધાન**' એ મથાળા નીચે ચેતવણી આપેલી કે આ વખતે વર્ષાઋતુનો અતિયોગ છે માટે સંભાળજો, અનેક વ્યાધિ જન્મવાનો સંભવ છે. અને ઉત્તર ગુજરાત (કાલોલ) તથા ગુજરાતનાં કેટલાંક ગામોમાં કોલેરા ફાટી નીકળેલો. ફરી પણ અમે કહીએ છીએ કે ગુજરાતમાં અતિવૃષ્ટિ થવાથી પાણીનો ભેજ પૃથ્વીમાં હોય, શરદનો અતિ સખ્ત તાપ પડયો હોય, એવી જ રીતે ઠંડી પણ વધુ પડતી થાય, એટલે ગુજરાત અને કાઠિયાવાડ ઉપર ઇન્ફ્લ્યુએન્ઝા તથા મરકી (પ્લેગ)ની દહેશત રહે. કદાચ મચ્છર વધી જાય અને ઉંદરોનો વધારો

પણ કદાચ માગશરની શરૂઆતથી થાય. માટે દરેકે પોતાની જાતનું રક્ષણ કરવું.) ત્યારે ઋતુના યોગ પ્રમાણે આપણે આપણા ખોરાકમાં ફેરફાર કરવો અને દરેક મનુષ્યે એટલી વાત ધ્યાનમાં રાખવી કે જ્યારે 'યમની દાઢ ઉઘાડી થાય છે.' એટલે ઉપદ્રવરૂપી (ઝેરી હવા) વાયુ ફુંકાતો હોય તેવા વખતમાં '**अल्पाहारा सजीवति**' અલ્પ આહાર કરનાર જ જીવે છે. એ માટે આ વાત ઉપર ખાસ ધ્યાન આપવું કે બપોરના ભોજનમાં સાદો ખોરાક ખાવો અને સાંજના ભોજનમાં તો દરેક મનુષ્યે હમેશના નિયમ કરતાં અરધો ખોરાક જ ખાવો. ઘરનાં વડીલોએ રાત્રિભોજનમાં જેટલું અનાજ વપરાતું હોય તેથી અરધી રસોઇ બનાવવાનો હુકમ કરવો અને દરેક કુટુંબીજનને તે પદાર્થ વહેંચીને ભાગે પડતો જ આપવો. ઉપરાંત બજારૂ મીઠાઇ, ફરસાણ, સેવમમરા કે પકોડી જેવા ઉઘાડા-રસ્તાની રજ અને ઝેરી જંતુની લાળ, માંખીઓની હગારથી ઝેર રૂપ બની ગયેલા પદાર્થો ખાવા નહિ. હોટેલોની ચહા પીવી નહિ. એ ચહા પીવાનાં રકાબી-પ્યાલા કે જે અનેકના હોઠે અડીને અત્યંત મલીન અને ઝેરી થયેલા હોય છે તેનો સ્પર્શ કરવો-તેને પણ પ્રાણહારક સમજી તેનાથી દૂર રહેવું. કદાચ વટલાવાની નજરે નહિ, તો પણ સંક્રામક રોગોનો ફેલાવો આવી હવામાં આ બજારૂ ખાદ્ય અને પેય પદાર્થો ચોક્કસ કરે છે. માટે જેને જીવવાની તમન્ના હોય તેણે તેનાથી દૂર રહેવું.

(૬) ઘરમાં પીવામાં વપરાતું પાણી તે પછી કુવાનું હોય, (કુવાનું જ ઘણું સારૂં), નળનું હોય કે તળાવનું, પણ તે પાણીને ઉકાળીને ઠારીને પીવાનો ખાસ આગ્રહ રાખવો. કોલેરાનાં જંતુઓ પાણી મારફત પણ પ્રસરે છે. પાણી ઉકાળવાથી એ જંતુનો નાશ થાય છે. માટે ઉકાળ્યા વગરનું પાણી એક છાંટો પણ પીવું ન જોઇએ.

(૭) કપડાં દરરોજ ગરમ પાણીમાં ઉકાળી, ધોઇ, સ્વચ્છ કરી પહેરવાં. પેસાબ કરવાની જગ્યાએ ફીનાઇલ અથવા ચુનાનું પાણી

કે મોરથુથુનું પાણી હમેશાં નાંખવું. જાજરૂને ફીનાઇલના પાણીથી ધોવું, ઘરમાં સુખડ, ગુગળ, લોબાન, બત્રીસો ધૂપ—એ એક કે બધાં ભેગાં કરી, તેની ધૂણી કરીને દરેક રૂમમાં ખૂબ ફેરવવાં. કેટલીક સ્ત્રીઓ રાત્રિનું વધેલું રાંધેલું અન્ન સવારે વાસી ખાય છે અને નાનાં બાળકોને પણ ખવરાવે છે. જો કે વાસી અન્ન ખાવું એ તો ઘણું જ ભયંકર છે. છતાં આવા રોગ ચાલતા હોય એ વખતે તો તે વધુ ખતરનાક છે. એટલે દરરોજ બન્ને વખત તાજી રસોઇ બનાવી જમવાનો આગ્રહ રાખવો. રોગ થયા પછી દવા તથા વૈદ્યો અને ડોકટરોની પાછળ પૈસાનો ધૂમાડો કરવા કરતાં, પ્રથમથી જ નજીવી જણાતી આવી ભૂલો કદાપિ કરવી નહિ.

(૮) મકાનની દીવાલોમાં કળીચુનાની અંદર મોરથુથુ નાંખી તેનાથી ધોળાવી નાંખવી, અથવા જમીન ઉપર ગાયનું છાણ માટી અને તેમાં થોડું મોરથુથુ નાંખી, તેની ગાર કરવી. સ્વચ્છતા—સફાઇ એ કોઇ પણ વ્યાધિનો અટકાવ કરવામાં ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. જ્યાં ખાસ કુવાનાં પાણી પીવામાં આવતાં હોય તે કુવાઓની અંદર તેના પાણીના પ્રમાણમાં ‘પોટાશ પરમેંગનેટ’ની પોટલી બાંધી કુવામાં નાંખવી. નળનાં પાણી આવતાં હોય તેવી ટાંકીઓ સાફ કરાવવી, અને તેમાં પણ પોટાશ પરમેંગનેટ નાંખવું વધારે સારૂં છે.

લક્ષણની વિવિધતા

કોલેરાની શરૂઆતમાં પ્રથમ રોગીના પેટમાં દર્દ થવા લાગે છે અને તેની સાથે જ ઝાડા થવા લાગે છે. શરૂઆતના ઝાડામાં મળ હોય છે. પરંતુ પછી તો પાણી જેવા પાતળા ઝાડા થવા લાગે છે અને તેની સાથે ઉલટી પણ શરૂ થાય છે. ઝાડા ઉલટી થતાં જાય છે અને પેટમાં ગોળા વળતા જાય છે, તેમજ પગમાં પણ ગોટલા

ચઢતા જાય છે. પેશાબ થતો બંધ થાય છે. શરીર ઠંડુ પડવા લાગે છે. નાડી ક્ષીણ થતી જાય છે. શરીરના અગ્ર ભાગો કાળા પડતા જાય છે. છેવટ સુધી દરદી ભાનમાં રહી છેવટે બેભાન બને છે.

ઝાડો અને ઉલટી એ આ દરદનાં મુખ્ય લક્ષણો છે. ચોખાના ધોવરામણ જેવા પાતળા સફેદ ઝાડા થવા માંડવા અને વારંવાર દસ્ત થવો એ આ દરદીને વધુ ખરાબ સ્થિતિ તરફ ખેંચી જાય છે. ઉલટીમાં માત્ર પાણી અથવા પિત્તવાળું પાણી અગર ખાધેલો ખોરાક બહાર પડે છે. હાથ પગના સ્નાયુ ખેંચતા હોય તેમ દરદી ટુંટીયાં વાળે છે. એટલે જ ગ્રામ્ય ભાષામાં આ દરદનું નામ 'ટુંટીયું' પાડયું છે. પેસાબ ધીરે ધીરે ઓછો થતો જાય છે અને પછી તદ્દન બંધ પડી જાય છે. પાણીની અતિશય તરસ લાગે છે. શ્વાસોચ્છ્વાસ અને રક્તાભિસરણ મંદ પડી, શરીર લેવાઇ જાય છે. અંગ બરફ જેવું ઠંડું અને શ્વાસની હવા પણ ઠંડી લાગે છે. પ્રથમ હોઠ, નખ, આદિ કાળા જણાય છે અને પછી તો શરીર ઉપરની ચામડી પણ કાળી પડતી જણાય છે. શરીર પરસેવાથી ભીંજાય છે. શરીર ઠંડું પડતું જવા છતાં દરદીને જાણે ગરમી લાગતી હોય તેવો ભાસ થાય છે, એથી અકળામણ થાય છે અને અંગ ઉપર કપડું પણ રાખવું ગમતું નથી. વળી તેને એટલી બધી નબળાઇ આવી જાય છે કે તેનાથી બોલી શકાતું નથી. ફક્ત ઝીણે અવાજે જાણે આપણે કોઇના કાનમાં કહેતા હોઇએ તેવો મંદ અવાજ નિકળે છે. ગાલનાં જડબાં બેસી જાય છે. આંખો ઉંડી ઉતરી જાય છે. એકંદર દરદીનો ચહેરો એવો તો ભયાનક થઇ જાય છે કે તેને એક વખત જોયો હોય તો વિસારે પડતો નથી. નાડી એટલી તો મંદ પડી જાય છે કે તે જણાતી પણ નથી. આ પ્રમાણે થતાં છેવટની ઘડીએ શ્વાસ ઉપડે છે અથવા હેડકી થઇ આવે છે. અને બે-ચાર કલાકથી એક દિવસની મુદ્દતમાં એ માનવી મૃત્યુ પામે છે.

જેમ જેમ વધારે વખત જાય છે તેમ તેમ દરદીના જીવવાની આશા વધુ રહે છે. દરદી બચવાનો હોય તો ઝાડા તથા ઉલટી કમી અથવા બંધ થાય છે, શરીરમાં ગરમી આવે છે, નાડી બારીક હોય તે મોટી થવા માંડે છે, પેશાબ છુટે છે, થોડો તાવ આવે છે અને ઉતરી જાય છે, કોઇ વખત તાવ અતિશય આવે છે, પેશાબ થતો નથી. દરદી બેભાન થઇ બકે છે અને તેમાંથી કદાચ મૃત્યુ થાય છે અગર આરામ પણ આવે છે.

સ્ત્રીઓના ગર્ભસ્થાન ઉપર કોલેરાની અસર જણાય છે. જ્યારે તેમનું શરીર ઠંડું પડી જાય છે ત્યારે ગર્ભસ્થાનમાંથી ઘણી વખત રક્તસ્ત્રાવ થાય છે. સ્ત્રી ગર્ભવતી હોય તો ગર્ભપતન થાય છે અને સ્ત્રી આ સ્થિતિમાં મરણ પામે તો ગર્ભ પણ જીવરહીત માલૂમ પડે છે.

કોલેરાના ઝાડામાં ક્ષાર અને મુખ્યત્વે કરીને મીઠાનો ભાગ વધુ મળી આવે છે. ઝાડો રંગે જો રાતો થતો હોય છે તો દરદીને જીવવાની આશા રાખવી ફોગટ છે.

નાડીની ગતિ જેમ મંદ પડે છે તેમ તેનું કદ પણ બારીક થઇ જાય છે અને એક મીનીટમાં તેના ધબકારા ૫૦ થી ૬૦ સુધી થાય છે.

અર્વાચીન કાળના ડોકટરો હજુ કોલેરા થવાનાં કારણ માટે એકમત થયા નથીઃ જુદા જુદા વિદ્વાનો જુદો જુદો મત ધરાવે છે. ડો. કોક આ જંતુને 'કોમાબાસીલસ' કહે છે અને આ જંતુઓ હવા મારફત માણસના શરીરમાં પ્રવેશે છે એમ માને છે; ત્યારે બીજા કેટલાક ડોકટરો કોઇ પણ પ્રકારની ગંદકી, વાસી અને સડેલો ખોરાક, અસ્વચ્છ પાણી અને ગટરના પાણી સાથે

પીવાના પાણીનો સંસર્ગ વગેરે કારણુ માને છે, તેમ જ ગટરના બાફને પણ આ જંતુ ફેલાવનારો ગણે છે.

આપણે તો કારણુ સબંધે આગળ વિવેચન કર્યું છે. અર્વાચીન વિદ્વાનો એથી કાંઇ વધુ સમજાવતા નથી. તેમજ કોલેરાવાળાનાં ઝાડા ઉલટી બંધ કરવાના ઉપાય કરવા કે તે ચાલુ રહેવા દઇને તેનાં જીવન, નાડી, લોહીની ગતિ, વગેરેને સાચવી રાખવાં, તે માટે પણ તેઓ એકમત નથી. ઇંજેકશનને ઝડપી ઉપાય સમજનારા તબીબો 'ઇથર સલ્ફયુરીક' અને 'કલોરલ હાઇડ્રેટ' વગેરે દવાનાં ઇંજેકશન આપે છે. પરંતુ અમે તો અહીં કોલેરાની ચિકિત્સા દેશી અને ઘરગથુ આપીએ છીએ કે જે સદ્ય ફળદાતા છે અને હરકોઇ માણુસ સહેલાઇથી તે મેળવી શકે તેમ પણ છે:

આનુસંગિક ઉપાયો

દરદીને બિછાનામાં જ પડી રહેવા દેવો. તેને વારંવાર તરસ લાગે છે માટે પાણી આપવામાં વાંધો નથી. ઠંડું પાણી પીવા આપવું, બરફ પણ ચુસાડી શકાય. પાણીમાં તાજા લીંબુનો રસ નાંખી સહેજ સીંધવ નાંખીને પણ એ પાણી આપી શકાય. શરીર ઠંડું પડવા માંડે તો શરીરે શેક કરવો અથવા હાથે અને પગે છાશ ચોપડતા જઇ ગરમ કરેલી ઇંટથી હાથપગ ઉપર ચપકા દેવાથી સારો લાભ થાય છે. શરીરની ગરમાઇ જાળવી રાખવા માટે સોડા સાથે થોડો બ્રાંડી આપવાની કેટલાક ડોકટરો ભલામણુ કરે છે. બ્રાંડી ન મળતો હોય અથવા ન ખપતો હોય તો થોડો આદુ-ફુદીનાનો અને ડુંગળીનો રસ કાઢીને આપવાથી પણ ગરમાઇ સચવાઇ રહે છે. પગમાં ઘણા ગોટલા ચઢતા હોય તો આંબલીનું પાણી બનાવી તેમાં હળદર અને મીઠું મેળવી પગના તળીયે લગાવી તાવેથો ગરમ કરી, તળીએ ફેરવવાથી ગોટલા ચઢવા બંધ થાય છે અને દરદીને સ્ફુર્તિ જણાય છે.

કોલેરાના ખાસ ઉપાયો

(૧) રાતાં (સુકાં) મરચાં બે તોલા, ઉંચી હિંગ બે તોલા અને કપુર ચાર તોલા.

પ્રથમ મરચાંને ખરલમાં નાંખીને બારીક વાટવાં, અને પછી તેની સાથે હિંગ નાંખી બારીક વાટવી. બન્ને મળી ગયા પછી તેમાં કપુર નાંખીને વાટવા માડવું. વાટતાં વાટતાં કપુર પીગળશે અને તેની હવાથી મરચાં તથા હિંગ બધું પલળીને ગોળી વાળવા જેવું થશે. તેમાંથી વટાણા જેવડી ગોળી વાળીને રાખી મુકવી.

કોલેરાવાળા દરદીને શરૂઆતથી દરેક ઝાડો કે ઉલટી થયા પછી આ બબે ગોળી પાણી સાથે ગળાવવામાં આવે તો કોલેરાનો ઉપદ્રવ શાંત થઇ, સેંકડે નેવુ ટકા દરદીઓ આ ગોળીથી બચી જાય છે. જ્યાં કોલેરાની હવા હોય તેવી જગ્યાના ચિકિત્સકો અથવા ઘરધણી આ સસ્તી ગોળી બનાવી રાખીને દરદીના પ્રાણની રક્ષા કરે.

(૨) કોલેરાનાં દરદીને દર ઝાડા ઉલટી વખતે તલનું તેલ (તલનું ચોખું ઘાણીઉતાર તેલ હોવું જોઇએ.) પાંચ તોલા પીવરાવવામાં આવે તો કોલેરા બંધ પડી જાય છે. અર્થાત તેના ઉપદ્રવો એક શેર તેલ પેટમાં જતાં બંધ થાય છે.

(૩) હિંગ કુલાવેલી તો. ૩, અફીણ તો. ૧, જાવંત્રી તો. ૧, કાળાં મરી તો. ૧, જાયફળ તો. ૧, અજમાનાં ફુલ તો. ૧.

અફીણ તથા અજમાનાં ફુલ જુદાં જુદાં રાખી, બાકીની દવાને વસ્ત્રગાળ કરી, લીંબુના રસમાં ઘુંટવી. ત્યારબાદ અફીણ તથા અજમાનાં ફુલને તેમાં મેળવી મગના દાણા જેવડી ગોળી વાળવી. લીંબુનો રસ અને પાણી મેળવીને એ પાણીની સાથે બબે ગોળી કોલેરાના દરદીને આપવી.

(૪) ભિલામા શુદ્ધ કરેલાંનું ચુર્ણ તો. ૮ અને શેકેલી હિંગ તો. ૧. બન્ને મેળવી બારીક કરવું અને પાકી આંબલીના પાણીમાં

ઘુંટી ચણાના દાણા જેટલી ગોળી બનાવવી. કોલેરાના દરદીને બબ્બે કલાકને અંતરે આ ગોળી ફુંગળીનો રસ તો. ૧ કાઢી, તેની સાથે આપવાથી તુરત કોલેરાના દરદી ઉપર અસર કરે છે.

(૫) પાંચ નંગ લવીંગ, તેટલી જ તજ અને તે બન્નેની બરાબર જેઠીમધ અને જેઠીમધ જેટલાં વાવડીંગ. આ બધી ચીજો લઇ એક શેર પાણીમાં ઉકાળીને ૦। શેર પાણી બાકી રહેતાં ઉતારી લઇ તે કપડેથી ગાળી લેવું. આ પાણી એટલે કે આ કવાથ કોલેરાનો દરદી કે જેને અત્યંત પ્યાસ–તરસ લાગતી હોય તેને ચમચો ચમચો આપવાથી તરસ છીપે છે અને તે દરદીનાં ઝાડા–ઉલટીમાં ફાયદો કરે છે.

(૭) અજમાનું સત્વ તો. ૨॥, શુદ્ધ કપુર તો. ૫, પીપરમેંટનાં ફુલ તો. ૫.

ત્રણેને એક શીશીમાં ભરી તાપમાં મુકી રાખવાથી પ્રવાહી અર્ક તૈયાર થાય છે. ત્રણ ચાર ટીપાં એક સાથે દરદીને થોડા પાણી સાથે મેળવી આપવાથી કોલેરાનાં દરદીને તે લાભકર્તા બને છે. આજે જાહેરખબરથી વેચાતી જાતજાતની અમીકુપ્પીઓમાં મોટે ભાગે આ જ દવાઓ હોય છે.

(૮) લસણ, જીરૂ, સીંધાલુણ, શુદ્ધ ગંધક, સુંઠ, પીંપર, મરી, શેકેલી હિંગ.

બધી ચીજો સરખા વજને લઇ લીંબુના રસમાં નાના બોર જેવડી ગોળી બનાવી લેવી. દર કલાકે બબ્બે ગોળી પાણી સાથે આપવી.

(૯) લીંબુનો રસ શેર ૧, આદુનો રસ શેર ૧, હિંગ શેકેલી તો. ૨, સંચળ તો. ૫, સીંધવ, વાવડીંગ, સુંઠ, મરી, પીંપર, એ દરેક એકેક તોલો.

કાળા બાટલામાં લીંબુનો રસ અને આદુનો રસ ભરી, બીજી ચીજો ખાંડી તેમાં મેળવવી, અને તે બાટલામાં જ રહેવા દેવું.

દરદીને આપવું હોય ત્યારે ૧ તોલો કપડેથી ગાળીને આપવું. એકેક કલાકને અંતરે એકેક તોલો આપવાથી દસ્ત તથા ઉલટી બંધ થઇ જાય છે અને દરદીને પેશાબ છુટથી આવવા લાગે છે—દરદી જરૂર બચી જાય છે.

(૧૦) શંખભસ્મ તો. ૮, આંબલીનો ક્ષાર તો. ૧૫, સંચળ તો. ૭॥, ચિત્રકમૂળ તો. ૪॥, શુદ્ધ હિંગ તો. ૨, વાવડીંગ તો. ૨, અજોસત્વ તો. ૧, શુદ્ધ પારદ તો. ૧, અમ્લવેતસ તો. ૪॥, ગંધક તો. ૧, લવીંગ તો. ૪.

પ્રથમ પારા અને ગંધકને સાથે ઘુંટી નાંખી, પછી બીજી ચીજોનું બારીક ચુર્ણ કરી મેળવીને ભાંગરાના રસમાં ઘુંટી બે-બે રતીની ગોળી બનાવવી. કોલેરાવાળા દરદીને બબે કલાકે બબે ગોળી તાજા દહીંની છાશમાં સીંધવ નાંખી તેની સાથે ગળાવવી, અને આ ગોળી જે પ્રદેશમાં કોલેરાની હવા ચાલતી હોય ત્યાં તંદુરસ્ત માણુસ લે છે તો તેને પણ કોલેરાની હવા અસર કરતી નથી.

(૧૧) દરદીને વ્યાધિની પૂર્ણ અવસ્થા પ્રગટી હોય અને તે ઠંડો પડતો જતો હોય, મુખાકૃતિ મૃત જણાતી હોય ત્યારે નીચેની દવા વૈદ્યોએ જરૂર દેવીઃ

મલ્લ ચંદ્રોદય ૦॥ રતી, તથા શુદ્ધ કપુર, જાયફળ, શેકેલાં લવીંગ, કસ્તુરી, અંબર, એલાયચી એ ૭ ચીજને સરખા ભાગે મેળવી, ખાંડીને ચૂર્ણ બનાવ્યું હોય તેમાંથી ચૂર્ણ દોઢ રતી મેળવી, આદુના રસ અને કપુરના અર્ક સાથે મેળવીને એક વખત આપવું. ઇંજે-કશન જેટલી જ ઝડપી અસર આ ઔષધ કરી, દરદીમાં ગરમી લાવશે. જો કદાચ ત્રીસ મીનીટમાં ફળ ન જણાય તો ફરીથી ઉપર બતાવેલી માત્રા પ્રમાણે દવા આપવી. અને બીજી વખત આપ્યા પછી અરધા કલાકે ત્રીજી વખત આપવી. ત્રણ વખત આપવાથી લાભ ન

જણાય તો દરદીને જીવવાની આશા છોડવી, અને સુધારો થવા લાગે તો પછી બબ્બે કલાકે ફરી બે વખત દવા આપવી અને પછી બંધ કરી દેવી. પાછળથી કેટલાક દિવસ સુધી દરદીની સંભાળ રાખવી.

ઉપાય તો અનેક છે. પરંતુ સદ્ય ફળદાતા ઉપાયો ઉપર આપ્યા છે. દરદીની સારવાર કરનાર પરિચારકે જરીકે ગભરાયા વગર હિંમત રાખીને ઉપાય કરવા. કુશળતાથી દરદીના ઝાડા–ઉલટી ટબમાં ઝીલીને, જ્યાં ત્યાં અથવા જાજરૂમાં નહિ ફેંકતાં, જમીનમાં ખાડો ગાળી દાટી દેવાં જોઇએ. તેમ જ દરદીના વપરાશમાં લીધેલાં વાસણ, કપડાં, ગાદલાં, ગોદડાં અલગ રાખવાં અને તેને ઘરનાં બીજા માણસોના સંસર્ગમાં આવવાં દેવાં નહિ. હિંમત અને ધીરજ રાખવી, દરદીને જ્યાંસુધી ઝાડા ને ઉલટી બંધ ન થાય ત્યાંસુધી કોઇ પણ ખોરાક આપવો નુકસાનકર્તા છે. માત્ર ઉકાળીને ઠારેલું પાણી આપવું જોઇએ. દૂધ, ચહા, કોફી પણ ન અપાય. ઝાડા ઉલટી સુધર્યા પછી અને દરદીને બચી જવાની ચોક્કસ ખાત્રી થયા પછી પણ દરદીએ બેકાળજીપૂર્વક વર્તન કરવું નહિ જોઇએ. કેટલાક દિવસ સુધી પાતળો પ્રવાહી ખોરાક–સાબુચોખાની કાંજી અથવા ભાતનું યુષ અથવા મગનું યુષ જેવા ખોરાકો લેવા જોઇએ, અને શંખવટી, ગંધકવટી, લવણભાસ્કર હિંગ્વાદિ, હિંગાષ્ટક, ગેસગોન પીલ્સ જેવાં પાચક અને અગ્નિદીપક ઔષધો ચાલુ રાખવાં ઘટે.

દરદ સંક્રામક છે, છતાં દરદીને જોઇને ગભરાવાની જરૂર નથી. એમ ઉડીને કાંઇ દરદ વળગી જતું નથી, તેમ જ તેનાથી ભય પામવાથી લાભને બદલે હાની થાય છે. જ્યાં કોલેરાનો ઉપદ્રવ હોય છે ત્યાં કેટલાક પોચા મનનાં માણસોને ભયથી ઝાડા થઇ જાય છે અને આજુબાજુનાં માણસો તેને વાસ્તવિક કોલેરાનો દરદી ધારી લે છે. માટે ગભરાવું નહિ. પોતાની જાત અને કુટુંબના રક્ષણ માટે

આ લેખમાં કેટલાક અગાઉથી ચેતવાના ઉપાય બતાવ્યા છે તે પ્રમાણે વર્તવું.

આવા રોગ હોય ત્યારે સંભારી રાખી, વર્તનમાં મુકવા લાયક ગોખવા જેવાં વાક્યો:

૧ ખાવાનું અરધું કરી નાંખો.

૨ બજારૂ ખાવા–પીવાની ચીજને ઝેર સમજો.

૩ જમણવાર બંધ કરો.

૪ રાત્રિભોજન બિલકુલ બંધ કરો.

૫ રાત્રિનો ઉજાગરો બંધ કરો.

૬ આંગણાંમાં, જાજરૂમાં, મોરીમાં, ગંદકી કરો નહીં, થઇ હોય તો સુધારો.

૭ હોટેલો અને મીઠાઇ–ચવાણાની દુકાનો બંધ કરાવો–જો તમારી સત્તા હોય તો. અને નહીંતર તમારા કુટુંબ માટે તો તે તરફ નજર ન જાય તે માટે પહેરેગીરી રાખો.

૮ જરાએ અજીર્ણ થયું હોય, કબજીયાત રહેતી હોય કે પેટમાં વાયુ રહેતો હોય તો તેને માટે વૈદ્યની સલાહ લ્યો અથવા રોજ સવારમાં અરધા લીંબુના ફડાસીયામાં મરી, સીંધવ, ને દેકામાળી ભરીને ચુસી જાઓ, ઘરનાંને બધાંને ચુસવા આપો.

૯ સવારમાં તેમ જ દિવસમાં અનેક વખત સાદા પાણી સાથે તાજા લીંબુનો રસ અને સોડા બાય કાર્બ નાંખી છુટથી પીઓ.

૧૦ રોગનો ફેલાવો થશે એવો જે પ્રદેશમાં સંભવ લાગે ત્યાંથી તમારા કુટુંબને લઇ ઘણે દૂર ચાલ્યા જાઓ.

卐

મારી વાત :

કીંમત રૂપીઆ એક લાખ

એક કવિએ કહ્યું છે :

'જ્યારે પડે આફત શિરે, ચાહનાર પણ આઘા ખસે;
જેને પડે તે ભોગવે, બીજા ઉભા સામા હસે.'

***

જીતુભા ઠાકોર, દશ સાંતીનો ગરાસીઓ, ઘેર ખાનખાનાં ઘોડી, બે સાંતી, બળદની જોડ, મોસમ આવે અને અનાજના તથા કપાસના જાકડા ડેલીએ ઠલવાય. ઘરમાં વડારણો કામ કરે. ઠકરાણું માંચીયેથી ઢોલીએ અને ઢોલીએથી પાટલે, ખમા ખમા થાય અને પાણી માંગે ત્યાં દુધ અને દુધ માગે ત્યાં ઘીની પરનાળો વહે એવી સાયબી.

પણ કોઇનાય સમય એક સરખા જતા નથી. વેળા વેળાની છાંયડી આવે અને જાય છે. ઉદય પછી અસ્ત અને અસ્ત પછી ઉદય એ તો સૃષ્ટિનો અનાદિ નિયમ છે.

અને એ નિયમને અનુસરી જીતુભાની સ્થિતિ ઘસાવા લાગી. ધીરે ધીરે ગરાસ ગીરો મુકાતો ગયો અને સાયબી ઓછી થતાં થતાં એક સમય એવો આવ્યો કે એક મણ અનાજ માટે જીતુભાને કોઇની દાઢીમાં હાથ ઘાલીને માગણી કરવી પડે.

જ્યાં અચ્છોઅચ્છોની સાયબી ભોગવી હોય ત્યાં આવી કંગાલીયત ભોગવવી, એ ખાનદાન કુટુંબનાં માનવીને મરણથી મોંઘી થઇ પડે એ સ્વાભાવિક છે. જીતુભાની એ દશા હતી.

પ્રતિ દિવસ નિર્વાહની ચિંતા મગજને અને શરીરને કોરી ખાવા લાગી. બાપુકા ગામમાં ઠાકોરની પદવી ભોગવનાર જીતુભાથી કોઈ મજૂરી તો થઈ શકે તેમ નહોતું. સારા વખતમાં બંધાવેલાં ડેલીબંધ મકાનો પ્રથમ તો બહારનાં આવનાર માણસોથી ભરચક રહેતાં એટલે રળીયામણાં લાગતા હતાં. અત્યારે તો તે ભૂતખાનાંની માફક ખાવા ધાતાં હતાં !

રીયાસતમાં હવે તો બે બળદ, એક ગાડું અને થોડાં વાસણ તથા ગોદડાં સિવાય કાંઈ રહ્યું નહોતું. ઘણાએ વિચારોનાં મંથન અને મુંઝવણ પછી જીતુભાના દિલમાં એક નિશ્ચય દૃઢ થયો કે ગામ છોડી દૂર—ઘણે દૂર ચાલી જવું કે જ્યાં તેમને કોઈ ઠાકોર તરીકે ન ઓળખતું હોય. ત્યાં જઈ જાતમહેનત કરી ગુજરાન ચલાવવું. પુરૂષના પ્રારબ્ધ આડે પરગણું (પ્રાંત) હોય છે. પુરૂષાર્થ કરીશું તો પ્રભુ જરૂર રોટલો આપશે.

એક દિવસ રાત્રિ ઢળી અને પહેલો પહોર વીત્યો હશે, ત્યાં જીતુભાએ બળદ-ગાડું જાતે સાબદું કર્યું. તેની અંદર ઘરમાં બચેલાં વાસણ અને ગોદડાં નાંખ્યાં. ઠકરાણાંને ગાડામાં બેસારી, બળદની રાશ હાથમાં પકડી એક દિવસનો ગામેતી—રીયાસતનો માલિક, અનેકને અન્નનો દાતા પોતાની જન્મભુમિને છેલ્લા રામ રામ કરી ગામને ગોંદરેથી વિદાય થયો. અનેક દિવસની અરધી ભુખના દુઃખે દુબળા બનેલા બળદો માલિકનું ધુંસરૂં કાંધે લઈ આગેકદમ વધી રહ્યા હતા. દરિયાની ભરતીનાં મોજાંની માફક વિચારોનાં હલેસાં દિલ ઉપર ઝીલતો જીતુભા ઠાકોર ક્યારેક રાત્રિના રવ ..રવ થતા શૂન્ય વાતાવરણમાં ડચકારાથી બળદને ઉતાવળા પગે ચાલવાની સુચના આપતો અને માલિકનું ઋણ અદા કરવાને બંધાયેલા ઋણી બળદો તેના એ ડચકારે પોતાના શરીરના જોમનું પાણી કરી નાંખીને પણ ઠાવકા જોરાવર પગે ધરતી કાપતા હતા. કદીએ તડકો છાંયો જોયેલો નહિ એવી—કાચની પુતળી

જેવી–ઠકરાણી દુઃખની અને ભૂખની પછાટે, પાકી અને વાસી બની ગયેલી આમની માફક ચીમડાયેલી, અર્ધજાગૃતાવસ્થામાં, પ્રારબ્ધ ખેંચી જાય ત્યાં જતી, ગાડી ઉપર ઝોકાં ખાઇ રહી હતી.

ત્રણ પ્રહર સતત ગાડું હાંકી પોહ ફાટતી વેળાએ ભાનુનાં કિરણો પૃથ્વીને ઉજાળી રહ્યાં છે. તે ટાણે એક ગામના ગોંદરે ઠાકોરનું ગાડું આવીને ઉભું રહ્યું. લગભગ અઢાર ગાઉની ખેપ કરીને થાકેલા બળદ હવે એક ડગલું પણ આગળ જવાને તૈયાર નહોતા અને જીતુભા એ સમજતા પણ હતા. એટલે ગામની ભાગોળે મહાદેવના મંદિર પાસે ગાડું છોડી નાંખ્યું, બળદને માટે ઘાસની જરૂર હતી. પાસે તો એક પાઇ પણ રોકડનાણું મળે નહિ અને બળદને ખવડાવ્યા સિવાય તેઓ આગળ ચાલી શકે તેમ નહોતું. કોઇ વસ્તુ પણ તેમની પાસે એવી નહોતી કે જે વેચી દેવાથી નાણું આવી શકે.

છેવટ એક ચીજ એવી હતી કે જે વેચવાથી હાલ તુરતની સગવડ સચવાય. તે હતું ઠકરાણાનું સૌભાગ્યનું ચિહ્ન અથવા પ્રતીક–કંગન (સોને મઢેલો ચૂડલો).

જીતુભા ઘુમટો કરીને મહાદેવની પરશાળમાં બેઠેલાં ઠકરાણાં પાસે ગયા અને તેમણે ભેટમાંથી હમેશની સાથીદાર પ્યાલા જેવી છુરી બહાર કાઢી.

અને ઠકરાણાએ પોતાનું મસ્તક આગળ ધર્યું. એથી જીતુભા આશ્ચર્ય પામી બોલ્યા : ‘ ઠકરાણાં ! મસ્તક નહિ, હાથ આપો. ’

‘ ભલે ઠાકોર ! સર્વાંગ તમારૂં છે. જે ઇચ્છા હોય તે લ્યો. ’ ઠકરાણાંએ હાથ ધર્યો.

નારીજાતિના બહુમૂલા એવાતન રૂપ ગણાતા હાથના આભુષણ ઉપરથી ઠાકોરે સોનાની ચીપ ઉતારી લીધી. પતિભક્ત પત્ની તે એકી ટસે જોઇ રહી. ચૂડલા ઉપરથી ચીપ ઉતરડી લેતાં ઠાકોરનું કલેજું

ચીરાતું હતું. તેની સાક્ષીરૂપે મોતી જેવાં બે અશ્રુજળ તેની આંખમાંથી સરી પડયાં. તે ચતુર નારીથી અજાણ્યાં ન રહ્યાં. નીચી નજરે હાથમાં ચીપ પકડી રહેલા ઠાકોરને ઉદ્દેશીને તે બોલી : ' કેમ ઠાકોર ! '

સજળ નયને ઠાકોરે ઉંચે નજર મેળવી. એ અવાક બન્યા.

' ઠાકોર, દિલ ઉપર શા માટે આવેગને આવવા દેવો જોઈએ ? નારીનું આભુષણ પતિપ્રેમ અને પતિવ્રત છે. દુઃખની વેળાએ આભુષણો કામ નથી આવતાં તો કયારે આવે છે ? તમે ખુશદિલથી એ લ્યો અને બજારમાં વેચી, આપણાં વહાલાં જાનવરો માટે ઘાસચારો લાવો. અને વળી એ રકમમાંથી આપણો કેટલાક દિવસો ગુજારો પણ થશે. ખરી વેળાએ આ વસ્તુ કામ આવતી જોઈ મને તો જરીએ રંજ થતો નથી. તમે શા માટે નારાજ થાઓ છો ? ' ઠકરાણાંએ નારાજી દૂર કરતાં પોતાનો હૃદયભાવ જણાવ્યો.

ઠાકોર એક પણ વચન ઉચ્ચાર્યા સિવાય સોનાની ચીપ લઈ ચાલતા થયા. ગામમાં જઈ એમણે એ વટાવી નાંખી, પચાસ રૂપીઆ ઉપરાંતની રકમ મળી ગઈ. તેમાંથી જાનવરો માટે ઘાસચારોલું લીધું, પોતાને માટે ટીમણ કરવા નાસ્તો લઈ, ફરી એ જગ્યાએ આવ્યા કે જ્યાં ઉતારો કર્યો હતો. બળદ ભૂખ્યા ડાંસ જેવા હતા જ. તેમને ધરવાધરવ નીરણ કર્યું. પોતે ઠકરાણાં સાથે બેસી નાસ્તો કર્યો. બપોર ઉતરવા દઈ ફરી ગાડું જોડી, વધેલું ઘાસચારોલું ગાડા ઉપર લઈ, ખેપ શરૂ કરી. એ રીતે બે રાત્રિ અને બે દિવસની મજલ કરી એક નાના શહેર જેવા ગામમાં આવી એમણે પોતાનો મુકામ કર્યો. વતનથી પચાસ કોસ દૂર આ ગામ હતું. સાધારણ મકાન ભાડે લઈ લીધું. બળદ માટે ચારપુળો લીધો, થોડુંક અનાજ વસાવ્યું અને એક સમયના રીયાસતનો માલિક જીતુભા સાધારણ મજૂર વર્ગના માનવીની માફક ભાવલપુર ગામમાં આવી રહેવા લાગ્યા.

માનવી સ્વભાવનો એક એવો નિયમ છે કે તે જે રીતે રહેવા લાગે છે તે રીતમાં તે ટેવાઇ જાય છે. આગાઉ કદી કરકસર કરેલી નહિ અને ગરીબ જીંદગી ભોગવેલી નહિ, આગળ ખૂબ મજેની સાયબી કરેલી. પણ વખત પલટાતાં પોતાની સાંપ્રત સ્થિતિનું ભાન જીતુભાને થઇ ગયું હતું. ઘણું જ સાદું જીવન જીવી એમણે ગુજારો કરવા માંડયો. તેમની મુડીમાં પચાસ રૂપીઆ હતા. તેમાંથી પણ ઘરવખરીમાં અરધા તો વપરાઇ ગયા હતા. એટલે દિવસે દિવસે એ ચિંતા સતાવતી હતી કે હવે પછી જીંદગી કેમ લેવાશે, અને હવે શું કરવું તેના વિચારો તે સેવ્યા કરતા હતા.

ભાવલપુર રેલ્વે સ્ટેશનથી બાર માઇલ દૂર હતું. ભાવલપુરમાંથી સ્ટેશન જવા રોજ પાંચ પંદર માણસ નીકળતાં અને ગાડા–એકાનાં વાહનો લઇ સ્ટેશન પહોચતાં. જીતુભાને હાલ તુરત માટે કમાણીનું સાધન સ્ટેશનનાં ભાડા કરવાં એ જ ઠીક લાગ્યું, અને એમણે શરૂઆત કરી. ચાર પાંચ પેસેંજરને, ભાડું ઠેરાવી તે સ્ટેશન લઇ જતા અને એ રીતે કોઇ દિવસે દોઢ રૂપીઓ તો કોઇ દિવસે બે રૂપીઆ મળવા લાગ્યા અને તેમાંથી અરધી રકમ બળદના ખાણ તથા નીરણ માટે અને વધેલા થોડા પૈસા દાણાદુણીમાં વપરાવા લાગ્યા. એ રીતે જીતુભાએ ચિંતા હળવી થવાનો દમ લીધો, તેની સાથે થોડી રોજી મળવા બદલ ઇશ્વરનો ઉપકાર માન્યો.

શ્રાદ્ધપક્ષના દિવસો પુરા થવાથી શ્રાદ્ધના બાધને લઇને બહાર નહીં નીકળનારા પણ દીવાળી આવતી હોવાથી કેટલાંક અગત્યનાં કામની પતાવટ કરી નાંખવાની ખાતર બહારગામ જતા હોઇ, હમણાં હમણાં તો જીતુભાને ભાડું બાંધનારની ગરાગી ઘણી આવતી હતી. વળી આધેડ ઉમર, મીઠો સ્વભાવ અને કામથી કામ, વધુ વાત નહીં અને લાંબી લપ પણ નહીં. એવા સ્વભાવના જીતુભા ગામલોકોને ગમી ગયેલા. એકલી વહુ દીકરીને સ્ટેશન પહોંચાડવી હોય કે ગાડીએથી

લઇ આવવી હોય તો પણ લોકો જીતુભાનું જ ગાડું બાંધે અને ઠાવકાઇથી જીતુભા તેડી લાવે. એટલે સાંજ પડે ને લોકો તેમને ઘેર આવેઃ

'કાં જીતુભા ! ભાડે આવશો ને ?'

'આવશું.' ટૂંકેથી જીતુભા પતાવે.

'તંઇ ભાડું બોલો.'

'ભાડું તો બાંધેલું જ છે. બાપલા ! જણ દીઠ આઠ આના.'

અને આટલી વાતચીત પછી નક્કી થઇ જતું. જીતુભા સ્ટેશન પહોંચાડે અને ભાડું રોકડું લઇ લે. આ હમેશાંનો કાર્યક્રમ.

એક એવી જ સાંજે સાત પેસેંજરનું ભાડું નક્કી કરી બીજે દિવસે સવારમાં ગાડું જોડી સ્ટેશનના માર્ગે જીતુભાએ હંકારી મેલ્યાં. સવારમાં બે બાજરીના રોટલા તડીંબા જેવા જીતુભા સાથે લઇ લેતા અને ગાડીએથી વળતાં વચમાં આવતા એક ગામને પાધર એ બપોરા કરી લેતા. પછી રાતનું વાળુ ઠકરાણાંની સાથે કરતા. સ્ટેશન જતાં મારગમાં બે બે ગાઉને છેટે બે ગામ આવતાં અને પછી સ્ટેશન. મારગ તો અનેક વખતનો જોએલો–જીતુભાનો અને બળદનો; પણ આજ સાત પેસેંજર વધુ પડતા હતા અને વધુ ભારને લઇ બળદ પગ ઉપાડતા નહોતા. પેસેંજર કહેતા : 'જીતુભા ! ગાડી ચુકાવશો હો, જરા હાંકી લ્યો ને.'

અને સાચા દિલનો ઠાકોર બે હાથે બળદનાં પૂછડાં આંબળી, હાકોટા કરતો : 'એ હાલો, મારા વિહામા, હાલો બાપ ! પછી વળતાં ગલપતી હાલે હાલજો.'

સ્ટેશન આવ્યું. હજુ તો ગાડી આવવાનો હાથલો પડયો યે નહોતો અને ગાડું પહોંચી ગયું. પેસેંજર ખુશ થયા. સાડાત્રણ ભાડાના અને આઠ આના ખુશીના થઇને ચાર રૂપીઆ જીતુભાના હાથમાં મૂક્યા. ભાડુ કરતી વખતથી આજે પેલી જ વાર એક સાથે ચાર રૂપીઆ મળ્યા હતા. પેસેંજરો સામાન લઇ સ્ટેશન ઉપર ગયા અને જીતુભાએ એકાદ પુળો કડબ બળદને ખવરાવી, ઘેર આવવા

ગાડું જોડ્યું. વળતાં કોઇ ઉતાવળ નહોતી. આવતાં બળદને તગડ્યા હતા એટલે તો પછી મારગે ગાડું ચડાવીને રાશ્યોને ગાડે બાંધી, જીતુભા બોલ્યા : 'લ્યો હાલો, બાપુ ! હવે ધીરે ધીરે હાલજો, આપણને ઉતાવળ નથી.'

બળદ પણ જાણે માલિકનું કહેવું સમજ્યા હોય તેમ હાથીની ચાલે ચાલવા લાગ્યા. જીતુભાએ પણ વગડામાં એકાંત હતી એટલે લલકારવા માંડ્યું.

'થવાનું ના થવાનું કે, નજુમી કોણ એવો છે ?
ન જાણ્યું જાનકીનાથે, પ્રભાતે શું થવાનું છે.'

એમને ગાયનની આ એક જ કડી આવડતી હતી. એટલે પલટાવી પલટાવીને ગાતા જતા હતા. બળદ મારગ કાપતા હતા. એક ગામ વટાવ્યું. આવતા બીજા ગામના પાધરના તળાવ ઉપર એ ટીમણ કરતા અને બળદ વિસામો લેતા. હજુ એને આવવાને બે કોસ છેટું હતું અને બળદ રોજના હેવાયા થઇ ગયેલા એટલે આ પહેલું ગામ આવી જવા છતાંએ એમણે ચાલે જ રાખ્યું. આ ગામનું ગોંદરૂં વટાવ્યું નહોતું અને ફરી ઠાકોરે એ જ ગાયન ગાવા માંડ્યું. ત્યાં પાછળથી અવાજ આવ્યો :

'રામરામ, ભાઇ ! રામરામ.'

ઠાકોરે પાછું વાળી જોયું. એક આવતા આદમીને દીઠો પણ ખરો. એણે રામરામ કર્યા હશે એમ માન્યું પણ ખરૂં, તો પણ એ તો ગાયે જતા હતા.

'ન જાણ્યું જાનકી નાથે, પ્રભાતે શું થવાનું છે.'

પાછળ આવનાર આદમી ગાડાની લગોલગ થઇને ફરી બોલ્યો : 'રામરામ, ભાઇ !'

'રામરામ.' ઠાકોરે વગર સામે જોયે રામરામ કરી લીધા.

'કેમ ભાઇ ! સામા ગામ સુધી ગાડામાં બેસી જાઉં ?' પડખે ચાલનાર આગંતુકે પૂછ્યું.

અને ઠાકોરે સામે જોઇ સવાલ કર્યો: 'મફત ?'

'હંઆ......મફત.'

'મફત બફત ગાડે હું કોઇને બેસારતો નથી. ભાડું આપવું હોય તો બેસારૂં.' ઠાકોરે જવાબ આપ્યો.

'ભલા ભાઇ, ભલા! પૈસા અને તે પણ મારી પાસેથી! અરે વાહ રે ગાડીવાન! પૈસાની આટલી પ્રીત! પૈસા કોના રહ્યા છે?

'નામ રહંતા ઠાકરાં, નાણાં નહીં રહંત,
કીર્તિ હંદાં કોટડાં, પાડયાં નહીં પડંત.'

'ભલે ભાઇ ભલે.' આગંતુકે જાતિસ્વભાવે વાણી ઉચ્ચારી.

'ઓહો, ગઢવી લાગો છો!'

'હા બાપા! અને તમે ઠાકોર છો ને?'

'કેમ જાણ્યું?'

'કેમ જાણ્યું!

'રીઠ પડે રજપૂત છુપે નહિ,
દાતા છુપે ન ઘેર મંગન આયા;
ચંચલ નારી કો નેન છુપે નહિ,
પ્રીત છુપે નહિ પુંઠ દીખાયા;
કવિ ગંગ કહે સૂન શાહ અકબર!
કર્મ છૂપે નહિ ભભૂત લગાયા.

'વાહ રે મારા અન્નદાતા! રગેરગમાં જેનું અન્નજળ દોડ મચાવી રહ્યું છે તે રજપૂતને હું ન ઓળખું? બાપ, એ તો વેળા વેળાની છાંયડી છે.: એક કવિએ કહ્યું છે.

'એક સરખા દિવસ કોઇના, સુખમાં જાતા નથી.
એથી જ શાણા સાહ્યબીથી, લેશ પુલાતા નથી.
દિવસ રૂઠે કે રીઝે, તેની કશી પરવા નથી,
એ જ શાણા જે મુસીબત જોઇ મુંઝાતા નથી.'

'એ હાલો ગઢવી ! હાલો બેસી જાઓ અને ગાડામાં બેસીને ગપ્પાં હાંકો, એટલે ગાડું એ હાલતું રહે અને તમારા ટાઢા પહોરનાં...'

'શું કહ્યું, ઠાકોર ! મારી વાત એટલે ગપ્પાં ?' ગઢવીએ ગાડામાં બેસતાં ઠાકોરનાં વચન સાંભળી ઉપરનો સવાલ કર્યો.

'હા જ તો, બીજું શું ! તમારે વાતો કરવી, રજપૂતોને બિરદાવવા અને એમ કરીને મૂડી ભેગી કરવી.' ઠાકોરે જવાબ આપ્યો.

'ના ભા, ના. ઠાકોર ! તમે મર્મ સમજ્યા જ નથી...ખરો દેવીપુત્ર કદાપિ કુપાત્રે વાત કરતો નથી. અને એની વાત ગપ્પાં નહિ પણ એ તો છે હીરાની કણીઓ, જેનાં મહા મૂલ ઉપજે છે, બાપા ! અને એ જાચે છે સિંહના બચ્ચાને ! શિયાળનાં સંતાનો પાસે હાથ ધરે પણ નહિ, ઠાકોર ! અને જ્યાં દેવીપુત્રનાં સન્માન નથી, ત્યાં કદાપિ એ વેણ ઉચ્ચારતો નથી. પછી ભલેને અઢળક સાહ્યબીનો માલિક મહારાજા હોય, પેલો દુહો સાંભળ્યો છે ને ?

'જસો ન જાચે જામકું, યે માંગનકી ટેક;
તેરે માંગન બહોત હૈ, તો મેરે ભૂપ અનેક.'

'અને ગઢવી તમે પેલો દુહો સાંભળ્યો છે કે :

'ભાટ ચારણનાં લાકડાં વગર પેહાર્યાં પેહે,
કીધું હોય આવજો ડેલીએ, અને ઘરે આવીને બેહે.'

'અરે બાપા ! ગાડામાં બેસારીને તમારે મારી સાથે વઢવું છે કે પછી છે શું ? તે તો કહો !'

'ના રે ગઢવી, એ તો હું તો અમસ્થો તમને જરા ખીજવતો હતો. હાલો કાંઇ નહિ. એક વાત કહો ત્યાં સામેનું ગામ આવી જશે.'

'વાત, અને સામદાન ગઢવીની સાંભળવી છે, ઠાકોર ! હરિ હરિ કરો. સામદાન ગઢવીની વાત એ કાંઇ ભાંઢભુંજાની દુકાનના

ચણ્યા-મમરા નહિ, ઠાકોર ! મારી વાતનાં તો અમૂલ્ય લેખાં. બાપા ! એની કીંમત ખરચનાર ભડવીર પાસે જ વાત થાય.'

'તમારી વાતો તો બહુમૂલી, ગઢવી !'

'જી હા, મારી વાત એ અમૃતના કટોરા, એ પીનાર અમર તો નહિ પણ સુજ્ઞતાનાં પહેલ પાડેલ હીરો નીવડે હીરો.'

'તો તમારી વાતની કીંમત કેટલી ?'

'મારી વાતની કીંમત રૂપીઆ એક લાખ.'

'અધધધધ.........એક લાખ રૂપીઆ તો ભાઇ, આપણી પાસે નથી. અરે એક લાખ દોઢીઆં યે નથી ને, નહિ તો તમારી વાત હું કીંમત ખરચીને જરૂર સાંભળત.'

'તો ઠાકોર ! તમારી પાસે કેટલા રૂપીઆ છે ?'

'મારી પાસે, આહ.........હા.........મારી પાસે તો રૂપીઆ ચાર છે.'

'તો ચાલો, ચાર રૂપીઆ મને આપી દો; એટલે તમને એક લાખ રૂપીઆની વાત કહું.'

'પણ બીજા બધા યે રૂપીઆ છૂટમાં મૂકી દેશો ?'

'હા રજપૂત ! તું ખરૂં ક્ષત્રીબીજ છે અને તેં મારા ઉપર ઉપકાર કર્યો છે-વગરભાડે ગાડે બેસાર્યો છે. એટલે બધી રકમ છૂટમાં. માત્ર ચાર રૂપીઆ પૂરા દઇ દો.'

'લ્યો ગઢવા ! આ ચાર રૂપીઆ.' એમ કહીને જીતુભા ઠાકોરે ગજવામાંથી ભાડાના આવેલા રૂપીઆ ચાર કાઢી ગઢવાના હાથમાં મૂકયા.

'રંગ, ક્ષત્રાણીજાયા ! રંગ તુંને, બાપ ! કવિઓની કદર ક્ષત્રીબચ્ચો ન કરે તો બીજું કોણ કરે ? ચાર રૂપીઆ-ખરા પસીનાના ચાર રૂપીઆ મને તો ચાર લાખ જેવા જણાય છે, બાપ ! બોલો, ઠાકોર ! વાત સિદ્ધાંતિક કહું કે વિનોદિક ?'

'ગઢવા ! સિદ્ધાંતિક વાત જ કહોને. વિનોદી વાત બહુ લાંબી થશે; અને હવે ગામ આવી જતાં છુટાં પડવું પડશે.'

'ભલે બાપા ! સિદ્ધાંતિક કહું: એક એક વચનની કીંમત લાખે લેખાય તેવી છે. મર્મ સમજીને જીવનમાં ઉતારજો, ઠાકોર ! ખરચેલાં નાણાં સહસ્રગણાં પાછાં વળશે.'

'કહો ગઢવા !'

'હાં સાંભળો :

'પંચ કહે તે કામ જ કરો;
ન્યાયતખ્ત પર સત્ય ઓચરો,
મોંઘી વાત તીરીયાને ન કહો.
કહો કદી તો પરીક્ષા લીઓ.'

'હં પછી ?'

'પછી વાત પૂરી થઇ, બાપ ! ચાર ચાર વાતો તો કહી નાંખી. તમે સમજ્યા કે નહિ ?'

'હા સમજ્યો તો ખરો. એક તો પાંચ ડાહ્યા માણસ કહે તેમ કરવું, બીજું, ન્યાયાસન આગળ સત્ય બોલવું. ત્રીજી વાત એ કે ખાસ અગત્યની તથા છૂપી રાખવા યોગ્ય વાત સ્ત્રીને ન કરવી અને કદાચ તેને વાત કરવાની જરૂર જણાય તો પરીક્ષા કરવી કે તે એ વાત સાંભળીને દિલમાં જીરવી શકે તેમ છે કે નહિ.'

'હા, બરાબર. ઠીક સમજ્યા છો ?'

'પણ ગઢવી ! સ્ત્રીની પરીક્ષા કેમ થાય ?,

'કેમ ન થાય ? બહુ મજેથી થાય. સાંભળો :

'ત્રણસો સાઠ ગામની રાજધાનીનું શહેર. ત્યાં પહેલા વર્ગનો રાજા રાજ્ય કરે.'

'હા.'

'ગામનો નગરશેઠ વાણીઓ–પૂરો વેપારી અને ડાહ્યો. કુશળ બુદ્ધિમત્તામાં તો વાણીઆ માટે કહેવાનું જ શુ હોય? વેપાર કરીને ઠીકઠીક પૈસા જમાવેલા. એક દિવસ તેને પોતાનાં જૂનાં રહેવાનાં મકાનો પડાવી નાંખીને નવી મેડીઓ ચણાવવાનું મન થયું અને પાયાનું ખોદકામ શરૂ કર્યું. મકાન મજબૂત બાંધવાનું હતું, એટલે પાયા ઉંડે ખોદવાના હતા. પાયો ખોદનારને ઉંડે ખોદતાં ત્રીકમ સાથે કોઇક કઠણુ વસ્તુ અથડાઇ અને તેને ખોતરી જોતાં ત્રાંબાના ચરૂનો કાંઠો દેખાયો. એણે શેઠને બોલાવ્યા :

''પાનાચંદ શેઠ! અહીં નીચે કાંઇક હોય એવું જણાય છે.'

'અને પાનાચંદ દોડતા આવ્યા. પાયામાં જોયું તો નક્કી થયું કે જરૂર માયાનાં રંગાડાં છે.

'અને એણે તો ખભે રાખવાનો ખેસ માથે ઓઢીને પોકરાણુ મૂકી: 'ઓ મારા બાપ રે!'

'શેઠને રડતા જોઇને બધા મજૂર ભેગા થયા:

''શેઠ ! શું છે ? છાના રહો છાના.' બધા શેઠને સમજાવા લાગ્યા.

''શું છે શું! કરમ ફુટયાં! બીજું શું! પાયા બૂરી દો.'

''કેમ શેઠ! શા માટે?'

''મારો સસરો સદાય નડયો, ભઈલા! આ બાપાના વખતમાં એક બાવો ઘરમાં રાખેલો. ધરમ કરમ સારાં જાણે, અને બાપાને બાવાનો શોખ. ગાંજો તમાકુ આપે ને રોટલા યે ખવરાવે. એમાં બાવા પડયા માંદા. એનો જીવ જાય નહીં. ડચકાં આવે ને જીવ જાતો જાતો પાછો ફરે. બાપાએ કહ્યું : 'બાવાજી! તમારા જીવને ગતિ કરો.'

'બાવો કે 'મારી સમાધિ આ ઘરમાં લેવરાવો તો મારી ગતિ થાય.'

' ' પણ ઘરમાં તે મડદું દટાય, બાપજી ?'

' ' હા, હું કહું તેવો વિધિ કરીને દાટજો એટલે હેમખેમ ને દીવાળી રહેશે. તારાં છોકરાં કોઇ દી નાગાંભૂખ્યાં નહીં રહે. મને જમીનમાં ખાડો ગોદીને દાટજો ને મારા માથે ત્રાંબાનો તાસ ઢાંકજો. '

' ' બાપા તો એ બાવામાં શું યે જોઇ ગયેલા કે એમણે વચન આપ્યું ને બાવો મુવો.

' ' હું તો તે દી નાનો એટલે ભાંગી–તુટી વાત જાણું. પણ આ પાયો ખોદતાં કાંઠો દેખાયો ને મને વાત યાદ આવી. પૂછી જુઓ આ ખોદનારને. '

' ' ખરી વાત. કાંઠો તો હતો. ' પાયા ખોદનારે સાક્ષી પૂરી.

' ' થઇ રહ્યું, તારે ભાઇ! આ ગાંઠનાં જૂનાં મકાન પડાવી નાંખ્યાં અને પાયામાં સમાધિ નીકળી. તેને ખોદી કાઢીએ ને અવળું-સવળું થાય તો મને વહેમ પડે. ના ભાઇ! આપણે તો હવે બીજી જમીન લઇ મકાન કરીશું. તમે તારે બધું બુરી દો ને સપાટ મેદાન કરો, ભઇલા ! '

નિસાસો નાંખી શેઠ ચાલ્યા ગયા. મજૂરે પાયો બુરી નાંખ્યો. ગામમાં વાત બીજે દિવસથી થવા માંડી. નગરશેઠના નવા ઘરમાં તો બાવાની સમાધિ નીકળી, એટલે મકાન કરવાં બંધ રહ્યાં. બિચારાને ભારે થઇ.

' મકાનના પાયામાં એક નહીં પણ સાત સાત ચરૂ સોનામહોરોની હતી. ગામ ઉપર સત્તા રાજ્યની. બહાર વાત પડે તો રાજ્ય એ માયા કબજે લે, એટલે હવે યુક્તિપુર્વક એ માયા ઘરમાં લઇ લેવી કેવી રીતે ? બીજા બધાથી છૂપી રખાય, પણ ઘરનું માણસ, અને તેની મદદ સિવાય લક્ષ્મી સંઘરવી શી રીતે ? આટલી માયા છે એવી વાત ઘરની નારીને કહેવામાં આવે અને તે વાત કદાચ તેના પેટમાં ન રહી તો ? તે કેટલી કોઠાડાહી છે અને વાત પેટમાં રહે છે કે કેમ,

એની પરીક્ષા કરવાનું પાનાચંદ શેઠે નક્કી કર્યું. સમા સાંજે વાળુ-પાણી કર્યા પછી શેઠે શેઠાણીને પાસે બેસારી, વાત કરવા માંડી :
' નવી ! સાંભળો છો કે ? '

' ' નથી સાંભળતી તો શું બેરી છું ? '

' ' ના, ભાઇ ! ના, એમ નથી. તું જરા ટાઢો કોઠો કરીને મારી વાત સાંભળે તો તને એક બહુ જ છાની રાખવા જેવી વાત કહું.'

' ' કહોને તે, તમારી વાતમાં શો શુકરવાર હશે ? આ જુઓને, ઘર કરવાની વાત કરીને પાયો ખોદાવ્યો, તે તમારો બાવો નીકળ્યો ! એવી જ વળી બીજી વાત હશે ! '

' ' નવી ! તારૂં તો આ દુઃખ ભારે ! કહું છું કે કોઇ દી ના સાંભળી હોય એવી વાત છે. ઇ છે તો સાત પાતાળ ઘાલવા જેવી, પણ મનમાં થયું કે તું મારી ધણીયાણી તે તારાથી છૂપી શું કરવા રાખું; એટલે કહું છું. '

' ' હા, હા, કહો તારે, બહુ છાની વાત છે ? તારે જો મારો વિશ્વાસ હોય તો કહો. '

' ' તારો વિશ્વાસ ન હોય એમ તે હોય ગાંડી ! પણ આ તો જો બહાર કોઇ જાણેને તો...'

' ' તો શું થાય ? '

' ' તો તું રાંડે. '

' ' તો શું તમે મ...ના ના ના. એવું અતારે કાળી રાતે ! અરે તમારા દશમન ! જાઓ, તમારા સોગન કોઇને કહું તો. '

' ' પણ જોજે હો નવી ! '

' ' અરે જોયું જોયું એ તો ! લીલચંદના બાપા ! તમેય શું ! ત્રીસ વીસ વરસના ઘરથાર ભોગવ્યા, તોયે તમને મારો અણવશવાસ રીયો ? એવી તે શું મને ઘેલી ધારી તે છૂપી વાત કોઇને કહી દઉં ! '

' ' તો સાંભળ તારે. '

' 'હાં કહો.'

' 'લે તારે અતારે નહીં, કાલ કહીશ.'

' 'ના, હવે જુઓ, મને રાતે ઉંઘ ન આવે. અતારે જ કહો.'

' 'કહું છું તારે. પણ પેટમાં રાખજે હો, નવી! નહીંતર તું રાં......'

' 'અરે રાડ મૂકો, એવું બોલો મા, અને મને વાત કહો.'

' 'તારે જો ઓરી આવ, કાનમાં કહું.'

' 'લ્યો કહો.'

' 'આપણા દરબાર છે ને......'

' 'હોવે.'

' 'એમને દાડો છે!'

' 'હેં! શું મહિના રીયા?'

' 'હા.'

' 'ઓય મારા બાપ! ભાયડાને મહિના!'

' 'હા, નવી! પણ એ કોઇને કેવાય નહીં હો. રાજા મોટું માણસ. ગામમાં હું નગરશેઠ જાણું, બીજું દીવાન જાણે–ત્રીજું કોઇ જાણતું નથી. અને જો ચોથે કાને વાત જઇને, નવી! તો મને ફાંસીએ ચઢાવી દે અને તું રાંડી પડ પછે.'

' 'હાય, હાય, ભઇસાબ! આવી વાત મને કરી! હું તો કોઇનેય નહીં કહું. હે મારા પરમેશ્વર! માનવીનું સત રાખજે, બા! પણ એમને છૈયો આવશે તે ધવડાવશે કોણ?'

' 'અરે તારે પંચાત શી છે એમાં ઉંડું ઉતરવાની? આ તો તને વાત કરી તે તું વાતને ખાય એવી છો. મૂગી મરી રહેજે ને થાય તે જોયા કરજે. પણ કોઇને કહેતી નહિ, નવી! નહીં તો તું...'

' 'લ્યો તમે બોલશો નહીં. મને તો ફાળ પડે છે એવું સાંભળીને. બસ કોઈને કહું તો છે ને!'

'ગામમાં કુવાનાં પાણી બધા જ નગરવાસીઓને ભરવાનાં, દરબારગઢની ડેલી નીચે થઈને બધી પનિહારીઓનો રસ્તો.. સવારમાં નગરનો રાજા ડેલીના રવેશના કઠેડે ગાદીતકીયા નંખાવી હુકો ગગડાવતા સહાકસુંઓ લીધા પછી બેસે. એમને બેઠેલા નીચે થઈ જતા રાહદારીઓ જોઈ શકે. રાહદારીને પોતાનાં બેટાબેટી માફક સગા જોઈ શકે તેવી બેઠક ગોઠવેલી. નગરશેઠનાં શેઠાણી સવારમાં તાંબાનું બેડું લઈ ડેલી નીચેથી પાણી ભરવા જાય અને રાજાને બેઠેલા જોઈ એમને શેઠે કહેલી વાત યાદ આવે :

''આપણા રાજાને દા......હાય, હાય બાપરે !' કરીને સુરજ શેઠાણી દાંતમાં આંગળીઓ નાંખીને દબાવી વાતને ગળી જાય.

'પણ રોજ પાણી ભરવા નીકળવું અને રોજ દરબારને બેઠેલા તીરછી નજરથી જોઈ લે. એક દિવસ શેઠાણીને થયું કે લાવને બરાબર નિહાળીને જોઉં. વાત કર્યાને બે મહિના થઈ ગયા છે, તે શરીર કેવુંક વધ્યું છે ! એટલે સુરજ શેઠાણીએ માથા ઉપરની દેવડી ડાબા હથે પકડી રાખી, ડોક વાંકી કરીને બરાબર બેઠેલા દરબારનું પેટ નિહાળી જોયું.

''સુરજભાભુ ! શું જુઓ છો ?' પાડોશમાં રહેતાં રતનચંદની સ્ત્રી રૂપાળીવહુએ પાછળથી ખભા ઉપર હાથ મુકીને, ઉંચી ડોકો કરીને જોતાં સુરજ શેઠાણીને ભડકાવ્યાં.

''છાની રે, એ તો કાંઈ નહિ.' ટુંકો જવાબ આપીને શેઠાણી બેડું સરખું કરી આગળ વધ્યાં. પાછળ રૂપાળીવહુ ચાલતાં ચાલતાં પૂછવા લાગી: 'કહોને સુરજભાભુ ! તમે શું જોતાં'તાં ?'

''કહું છું તો છાની રે, એવું પૂછીશ નહીં. બા ! મારો જીવ તાળવે ચોંટી જાય છે અને કાળજું તો લબલબ થાય છે.'

''પણ ના ના સુરજભાભુ ! ન કો'તો તમને મારા સમ. તમે કાંઈક જરૂર જોતાં'તાં. તમારે મને કેવું જ પડશે. તમે નો કો'તો તમને બચલાના સોગાન છે.'

''અલી મુઈ વેતા વગરની, કહું છું કે કેવા'તુ હોય તો કહું, બાઈસાબ ? જીવ ખા મા ને. તમે બાયડીઓ સમજો નહિ, પેટમાં વાત રહે નહિ, અને જોખમ ભરી વાત કહેવાય ખરી ? કહું તો...... ના બા, તું બોલીશ નહિ. હું નહિ કહું.'

''સુરજભાભુ ! હળવાં હાલો. પણ તમે મને કો, તમે શું જોતાં'તાં ? જો હું કોઈને કહું તો આપો એવા સોગન ખાઉં. બળ્યું આટલા દિવસ ભેગાં પાડોશમાં રહીએ ને મને તમે ઓળખી નહિ ? મારા પેટમાંથી પાણી હાલે તો થઈ રીયું છે ને ? જો તમે ઈ નો કો' તો મને જ મરતી દેખો.'

''તું એવા આકરા સોગાન દે મા ને.'

''ના, તમે મારી અનામી ભાળો.'

''એલી, હાય હાય ! તું રેવા દે હો. તને પગે લાગું. કંઈ અવળું સવળું થઈ જાશે. કહું છું, તું મને પૂછ મા. હું કહીશ પછી તારૂં તો કાંઈ જાશે નહિ, અને હું રાં......'

''સુરજભાભુ ! કો, જો હું કોઈને કહું તો મને બચલાના બાપાના સોગાન, બસ હવે ! કો, શું જોતાં'તાં ?'

''કહું તારે, પણ તારે કોઈને કહેવું નહીં, હો !'

''હા, કોઈનેય ન કહું, પછી છે કાંઈ ?'

''તારે જો, આપણા દરબાર છે ને.'

''હોવે.'

''એમને દાડો ચઢતો છે.'

''હાય હાય ! શું કો છો, સુરજભાભુ ?'

''તારા સમ !'

'' હ્યો તારે હવે સુરજભાણુ! વાતેવાત મળી. મહિના પહેલાં હું આહીંથી નીકળેલી, ત્યારે ઓઝલવાએ દરબારને જોઇ ગયેલી. મેં તો ઘેર જઇ બચલાના બાપાને પુછેલું 'હેં બચલાના બાપા! આપણા દરબારનું પેટ આવડું મોટું કેમ?'

'' એ તો કહે 'તું ના સમજે. રાજા માણસ. સુખ ચેનમાં રહેવું. એટલે પેટની ચરબી વધીને ફાંદો થઇ જાય.'

'' પણ ના બા એવો તે વળી ફાંદો હોય! સુરજભાણુ! હવે તમારી વાત સોળ વાલ ને એક ગદીયાણો મને હૈયે બેઠી. પણ હેં સુરજભાણુ! અરર બા! ભાયડાને દાડો! એ તો ભારે વાત થઇ.'

'' હા ભઇ, તારે જ છાનું રાખ્યું છે ને. આ તો તારા જેઠ નગરશેઠ અને મોટું માણહ. એટલે એ જાણે અને એમણે મને કહેલું. હું તને કહું છું. પણ તું કોઇને કે'તી નહીં, હોં.'

'' તમે જરીયે ફકર ન કરશો. આ વાત જાણે સાતમે પાતાળ મુકી. હું તો મરૂં તોયે કોઇને ન કહું.'

' પણ રૂપાળીવહુ રોજ નીકળે ને દરબારને ખાલી બેડે દેવડું હાથે પકડીને જોઇ લે. એટલે પછી તો રૂપાળીવહુ પાસેથી પરસનવહુએ અને પરસનવહુ પાસેથી સરસ્વતીવહુએ અને તેની પાસેથી કાશીવહુ, જેઠીવહુ, મોંઘીવહુ, સમતાબેન, સમરતબેન, વગેરે વગેરેએ આ વાત જાણી. એમ કરતાં ગામની તમામ સ્ત્રીઓને રાજાને દહાડો ચડયાની વાતની માહિતી મળતી ગઇ. બીજું તો કંઇ નહિ પણ સવારમાં નિયમ પ્રમાણે દરબાર હોકો લઇને રવેશમાં કઠેડે બેસે અને ખાલી બેડે પાણી જતી પનિહારી દેવડાં હાથે ઝાલીને વાંકી ડોક કરી, આડી નજરે દરબારને જોઇ લે.

' બુધ્ધિમાન દરબારને વિચાર થયો કે 'હમણાં હમણાં પાણી ભરવા જતી આ ગામની વહુવારૂઓ અને આધેડ ઉમરની સ્ત્રીઓ

વારંવાર મને આ માટે નિરખી નિરખીને જુએ છે? કોઇ દિવસ નહિ એવું આ નવીન કારણ શું હશે?'

'દરબારે દીવાનને બોલાવી પુછ્યું: 'દીવાન! ગામની બધી પનિહારી મારી તરફ ટીકી ટીકીને હમણાં આ માટે જોતી હશે?'

'' બાપુ! ગામમાં એક કૌતક ઉભું થયું છે!'

'' એમ! એ કૌતક શું છે મારામાં જોવા જેવું? હવે તો મને ધોળાં પળી આવ્યાં છે. જ્યારે યુવાની હતી ત્યારે પણ મેં તો પ્રજાની વહુ–બેટીને મારી બેટાબેટી જ માનેલી, અને આ જાતી જીંદગાનીએ મારામાં શી નવીનતા?'

'' પણ એ નવીનતાને કારણે જ આપને સ્ત્રીઓ જુએ છે.'

'' પણ મને કહો તો ખરા કે મારામાં શી નવીનતા આવી છે.'

'' આપ નારાજ નહીં થાઓ ને?'

'' નહીં, નહીં, એમાં નારાજી હોય જ નહીં. એ કૌતક જાણુ-વાની મને ભારે ઇન્તેજારી છે.'

'' તો દરબાર! ગામની સ્ત્રીઓમાં વાતો થાય છે કે આપણા દરબારને દાડો રહ્યો છે!'

'' હેં!'

'' હા, સાચી વાત છે, અન્નદાતા! બે દિવસ પહેલાં જ મારા ઘરમાંથી મને પુછેલું કે આવી વાતો સ્ત્રીઓ કરે છે તે એવું કોઇ દિવસ બને ખરૂં?'

'' મેં તેને તો સમજાવી દીધું કે ગાલાવીલી! કોઈ દી સૃષ્ટિના નિયમ તે ઉલંઘાતા હશે? કહેનાર અજ્ઞાન, પણ તું સાંભળનાર પણ સમજતી નથી? મેં તો મારા ઘરમાં સમજાવી દીધેલું, પરંતુ અનંત નારીવૃંદમાં જ્યાં વાત વહેતી થઇ ગઇ તેને રોકાય કેમ? અને તેથી સ્ત્રીઓ તમને દાડો છે એમ માનીને તમારૂં પેટ કેટલું વધ્યું છે એ જોવા વારંવાર નિહાળે છે!'

'દીવાનની વાત સાંભળીને દરબારને ખૂબ હસવું આવ્યું અને પછી દરબારે પૂછ્યુઃ 'બીજું તો ઠીક, પણ આ વાત ક્યાંથી અને શા કારણથી પેદા થઇ તેનો તો કાંઇક તોડ કાઢો.'

''હા બાપુ! એ તોડ કાઢી લાવું. માત્ર આઠ દિવસની અંદર વાતને પેદા કરનારને આપની પાસે રજુ કરીશ.'

'દીવાન અને દરબાર વચ્ચે વાતચીત થઇ ગયા પછી આવતી શરદપુનમ માટે રાજ્ય તરફથી ગામ બહાર દરવાજાબંધ બગીચામાં ઉજાણી ગોઠવવામાં આવી અને તેમાં ગામની નાનીમોટી દરેક સ્ત્રીઓને ફરજીયાત આવવાનો હુકમ કાઢવામાં આવ્યો, જે ચાલી ન શકે તેને માટે રાજ્ય તરફથી વાહનનો બંદોબસ્ત કરવામા આવ્યો.

'જાણી જોઇને ગેરહાજર રહેનારને સખ્ત નશીયત કરવાનો હુકમ અપાયેલો. બગીચાના ચારે દરવાજે ચાર કારકુનો દફતરો લઇને બેસારવામાં આવેલા અને દરવાજા ઉપર મોટા અક્ષરથી લખેલુંઃ 'કારકુન જે સવાલ પુછે તેનો જૂઠો ઉત્તર આપનારને ફાંસીની સજા કરવામાં આવશે.'

'આટલો વિધિ થયા પછી રાજ્યના હુકમને લઇ, બગીચામાં શહેરની સઘળી સ્ત્રીઓ આવી ગઇ. મજેનું જમણ આપવામાં આવ્યું. રાસ–ગરબા થઇ ગયા પછી દરવાજા બહાર એકેક જણને નીકળવાનું હતું. દરવાજે કારકુન નીકળનાર સ્ત્રીને પૂછતોઃ 'કહો બેન! દરબારને દાડો છે એ તમે જાણો છો?'

''હા.'

''તમને કોણે કહેલું?'

''સમરત વહુએ.'

''એના ધરવાળાનું નામ?'

''જગાભાઇ.'

''વારૂ જાઓ.'

'' ચારે કારકુનની નોંધબુકો તૈયાર થઇ અને રાત્રે બીજા કારકુનોને બેસારીને ઉતરોત્તર કઇ સ્ત્રી પાસેથી વાત આવી તેની નોંધ થતાં થતાં રૂપાળીવહુ મોખરે આવી અને રૂપાળીવહુએ સુરજભાભુનું નામ દીધેલું. સુરજભાભુએ કારકુને ઘણુંએ સમજાવવા છતાં એટલું જ કહેલું કે એ તો એમણે મને કીધું હતું.'

'' એમણે એટલે કોણે?'

'' એનું તો નામ નહીં દઉં. લ્યો, તમારે કરવું હોય તે કરી નાંખો. અમે કાંઇ નારૂકારૂ નથી, સમજ્યા? નગરશેઠનાં ઘરવાળાં છીએ.' એમ કહીને સુરજભાભુ નાસી છુટેલાં. એટલે નિર્ણય એ થયો કે આ વાત નગરશેઠ અને એમનાં ઘરવાળાં સુરજ-ભાભુમાંથી પેદા થઇ છે.

' બીજે દિવસે નગરશેઠ અને સુરજભાભુને દરબારમાં તેડાવવામાં આવ્યાં. દરબારનું માણસ આવતાં સુરજભાભુનો જીવ તો હાલકલોલક થવા માંડયો, પણ ગયા વગર છુટકો નહોતો. શેઠ શેઠાણી દરબારમાં હાજર થયાં.

' દીવાન અને દરબાર બેઉ જણની હાજરીમાં બન્ને આવીને ઉભાં રહ્યાં.

' દીવાને પૂછ્યું: 'પાનાચંદ શેઠ! તમારાં શેઠાણી સુરજબાઇએ ગામમાં દરબારને માટે ખોટી અફવા ફેલાવી છે અને એમને કોણે વાત કરી તે મોઢેથી કહેતાં નથી. એટલે એમને ફાંસીએ ચડાવવાનો નિર્ણય કરવાનું નક્કી થયું છે. કહો, તમારે કાંઇ કહેવું છે?'

'' ભલે સાહેબ! ચઢાવો એને ફાંસીએ.'

'' ના, સાબ! મારો જરીએ વાંક નથી. એ તો વળી અમથા! જૂઠું કાં બોલો છો? તમે જ મને કહ્યું હતું ને! સાબ! આ શેઠે જ મને એ વાત કહેલી.'

''હં ચાલો, ત્યારે તમે નિર્દોષ છો. કહો પાનાચંદ શેઠ! ત
આ વાત શેઠાણીને કરેલી?'

''જી હા, સાહેબ!'

''આવી અજુકતી વાત ફેલાવવાનું તમને કોઇ કારણ હતું'.

''જી હા, કારણસર જ વાત કરેલી.'

''તો કહો જોઇએ કે તમે આવું કામ શા માટે કર્યું?'

''કહું અન્નદાતા! જરાયે અસત્ય નહિ બોલું: જાણે મા
જૂનાં મકાન પડાવીને નવાં ચણાવવા માટે મેં પાયા ખોદાવવા માંડ
અને પાયો ઉંડો જતાં એ પાયાની અંદર સોનામહોરન
રંગાડાં નીકળ્યાં. યુક્તિપુર્વક એ કામ તો મેં બંધ રખાવ્યું. કાર
કે કોઇ જાણી જાય અને રાજ્યના કાને વાત આવે તો અમને
માલ લેવા નહિ દે, એ મારા પેટમાં પાપ હતું. પરંતુ મારે એ માર
ખોદીને ઘરમાં ઘાલવી જોઇએ. એટલે કોઇ પણ હિસાબે ઘરમ
રહેનાર મારી ધણીયાણીથી એ વાત છૂપી ન જ રહે, અને તે એ વા
જાણે એટલે સ્ત્રીસ્વભાવ પ્રમાણે ભોળે ભાવે પણ બીજાને કહ્યા વગ
રહે નહિ. એથી એના પેટમાં વાત રહેશે કે કેમ તે જાણવા મા
અને એના દિલની પરીક્ષા કરવા માટે મને એક આ યુક્તિ સુઝ
આવી. એમાં સ્ત્રીની પરીક્ષા હતી અને વળી તેના ભોળપણનું મા
પણ નીકળી જતું હતું. જો એ વાત તેના દિલમાં રહે તો જ માયાન
વાત કરીને તેની મદદથી માયાને ઘરમાં સંઘરી લેવી, એવો મ
નિર્ણય કરેલો. તેની સાથે આ ગુપ્ત બાબત કોઇને નહિ કહેવા મા
એવી બીક બતાવેલી કે જો બીજાને કાને વાત જશે તો રાજા મ
ફાંસીએ ચડાવશે અને એ રાંડશે. સ્ત્રીને પોતાનું વહાલામાં વહાલ
એવાતન હોય છે. છતાં એ વાત એના પેટમાં રહી નહિ અને તેન
ફેલાવો થઇને આપ જુઓ છો એવું પરિણામ આવ્યું.

'' વાતનો ઉત્પાદક હું છું. એટલે પહેલા નંબરનો ગુનેગ
અને ગણો અને બીજા નંબરની ગુનેગાર આ મારી ઘરવાળીને ગણ

આપ જે શિક્ષા કરો તે સહન કરવા તૈયાર છું. પાયા ખોદાવીને ભુરાવેલી જગ્યાએ સોનામહોરોનાં ચરૂ છે. એ આપની મીલકત છે. તેને કઢાવી લ્યો. પણ સાહેબ! મારૂં બોલેલું પાળજો. મને ફાંસીએ દઇને આ મારી સ્ત્રીને રાંડવાની સગવડ કરી આપો એટલે બસ.'

'પાનાચંદ શેઠનું હાસ્યભર્યું પણ સત્ય કથન સાંભળી, દરબારને હસવું ને હાણ બેઉ પેદા થયાં. તે બોલ્યા: 'શેઠ! તમે તો ભારે કરી. તમે બેઉ ગુનેગાર છો, પણ હું તમને છોડી મુકું છું અને સોનાની મહોરો તમારા મકાનના પાયામાંથી નીકળી છે એટલે તમને મહોરો લઇ જવાની છૂટ આપું છું. પરંતુ હવે પછી પરીક્ષા કરવા માટે મારી જાતને બચાવી લઇ બીજી કોઇ યુક્તિ કરજો. માની ન શકાય એવી વાતમાંયે તમે ઘણા લોકોને મારી તરફ ટીકી ટીકી ને જોતાં કરી મૂકયાં.'

'અને પછી શેઠ શેઠાણી ઘેર આવ્યાં. લ્યો ઠાકોર! હવે ગાડું ઉભું રાખો. આ રસ્તેથી બાજુના ગામનો મારગ ફાટે છે ત્યાં મારે જવું છે. આવજો, રામ રામ.'

'ભલે ગઢવા, આવજો. કોઇ દી ગામને પાદર થઇને નીકળો તો વાળુ-શીરામણ કરવા આવતા રહેજો. જે મઠ બાજરાનું ઢેબરૂં મળશે તે હાજર કરશું.'

'રંગ, રજપૂતને રંગ. ભલે ભા! ભલે, માતા ભવાની સહાય કરે બા, અને તમારો દી ચઢતો થાય, એવી મારી આંતરડીની દુવા છે.'

ગઢવી ગાડેથી ઉતરી ગયા. ગઢવીની વાત ઉપર વિચાર કરતા જીતુભા ઠાકોર એ ગામને પાધર આવી પહોંચ્યા કે જ્યાં હમેશ એ ગાડું છોડીને બપોરનું ટીમણ કરતા હતા.

તળાવ ઉપર ઝાડના છાંયડે ગાડું છોડીને બળદને ઘાસ નાંખ્યું. તળાવના પાણીએ હાથ-મ્હોં ધોઇને બતકમાં પાણી ભરી, શેટલા

ગડામાં મૂકી, તેમાંથી એક બટકું ભાંગીને, મૂકવા જાય છે ત્યાં પાછળથી અવાજ આવ્યો :

'કાં જીતુભા ઠાકોર!'

અને ઠાકોરે પાછું વાળીને જોયું. ગામના પાંચ સાત મુસલમાન આગેવાન ગરઢેરા જીતુભા તરફ આવતા હતા. એથી એમણે લુગડામાં રોટલા બાંધી દઇ, આવનાર બધાને સામટો આવકાર આપ્યો : 'આવો, આવો, સુલેમાનભાઇ, ઇસ્માઇલભાઇ, રહેમાનભાઇ, આવો.'

'જીતુભા! અમે તમારી પાસે આવ્યા છીએ.'

'ભલે આવ્યા. બોલો, મારૂં કાંઇ કામ છે?'

'હા, કામ પડયું છે ત્યારે તો આવ્યા છીએ. જાણે વાત એમ બની છે ઠાકોર, કે આ ગામ મૂળ તો હિંદૂનું, પણ કાળે કરીને હિંદુની વસતિ ઓછી થતાં થતાં તદ્દન નાબૂદ થઇ ગઇ. ગામમાં હિંદુ કોમ ભરચક હતી ત્યારે અહીં રામાનુજ સંપ્રદાયનું મંદિર બંધાયેલું અને એ સંપ્રદાયનો એક સાધુ ઘણાં વરસથી મંદિરમાં રહેતો દેવની પૂજા કરે, અને મંદિરમાં રહે. હિંદુ બધાયે ચાલ્યા ગયેલા, પણ સાધુએ મંદિર ન છોડયું. લગભગ સો વરસ ઉપરની ઉમર હતી. ધરમમાં પક્કો હતો. કોઇની નજરે પડેલું પાણીયે ન ખપે તેવો એ સાધુ બે દિવસ બિમાર રહી આજે સવારે ગુજરી ગયો. અમે તો ત્રીસ વરસથી જોયા કરીએ છીએ કે નેક–ટેકવાળો આવો પુરૂષ આ સમયમાં મળે નહિ.

'પણ હવે એમણે દેહ છોડી દીધો. મરતી વખતે અમને બોલાવી એક જ વચન માગેલું કે 'મારા દેહને કોઇ હિન્દુ પાસે અગ્નિદાહ દેવડાવજો, અને તમે મારા દેહને અડજો મા.'

'અમે પણ એમનું છેવટ સુધી અમારા ધર્મગુરૂ જેવું જ માન સાચવ્યું છે. હવે અહીં તો કોઇ હિન્દુ નથી, તેમ અમારાથી અગ્નિસંસ્કાર દેવાય નહિ. એટલે અમે તો મુંઝાયા છીએ, પણ

તમારી સાથે આંખની ઓળખાણુ છે. આટલું તમારૂં ધર્મનું કામ છે. ગાડામાં એમની લાશ લઇ જાઓ. છાણાં લાકડાં જોઇએ તે ભરી આપીએ. મારગમાં એમને અગ્નિદાહ દઇ દેજો. ભલા પુન્યનું કામ છે.' ગામમાંથી આવનાર મુસલમાનભાઇઓએ ઠાકોરને હકીકત કહી.

'ના ભાઇસાબ! એ લપ હું કયાં કરૂં? તમે ગમે તેને બોલાવી એ કામ સોંપો. મારે તો મોડું થાય છે.' ઠાકોરે ઇન્કાર કરતાં જણાવ્યું.

'અરે જીતુભા! તમારા જેવા રજપુત આવા કામમાં ના કહે એ શરમ જેવું ગણાય. અમારા પંચના માણુસો તમને વિનંતિ કરે અને અમારી શરમે પણ તમે આટલું કામ ન કરો, એ કાંઇ ઠીક કહેવાય?'

જીતુભાને વાત યાદ આવી: 'પંચ કહે તે કામ જ કરો.'

'ભલે ભાઇ, ભલે આજ તો ભાડાના પૈસાયે ગયા, રોટલો ખાવાનું ટાણું ગીયું અને વળી આ હેરાનગતિ! ભલે, ભાઇ, હાલો.'

'ના, તમે રોટલા ખાઇ લ્યો અને પછી ચાલો.' આવેલા ભાઇઓમાંથી એક જણે કહ્યું.

'ના ના, હવે મારાથી ખવાય નહિ. હવે તો પ્રભુની ઇચ્છા હશે ત્યારે રોટલો મળશે. હાલો.'

ઠાકોરે ગાડું જોડી લીધું. ગામમાં જઇને મંદિરમાં પોતાની જાતે જ ચોકમાં સુઇ જઇને સમાધિ પામેલા સાધુ પુરૂષના દેહને બળુકા ઠાકોરે ઉપાડી ગાડામાં સુવરાવ્યો, છાણાં વગેરે જોઇતી વસ્તુઓ લઇને ગાડું જોડી દીધું. ગામથી એકાદ કોસ વટાવી એક વોંકળાને કાંઠે ઠાકોરે ગાડું છોડી નાંખ્યું. પ્રથમ ચોક

ખડકી, ઉપર સાધુને સુવરાવી, પ્રભુનું નામ લઇ અગ્નિસંસ્કાર કર્યો. અગ્નિ ચારે તરફ ચેતી ગયો એટલે ચેહ ફરતો એક આંટો મારી ગાડું જોડી દેવાના વિચારે શબના માથા તરફથી ફરીને પગ તરફ જતાં દારૂખાનાનો ફડાકો ફુટે એવા અવાજ સાથે ચેહની બહાર બે ચમકતી વસ્તુ નીકળી પડી.

ઠાકોરે નીચે વળી જોયું. આગની જ્વાળામાં નીચે પડેલી વસ્તુ લીલા-લાલ ચમકારા મારતી હતી.

બન્ને વસ્તુ હાથમાં લઇને જોઇ. એટલું તો ઠાકોર સમજી ગયા કે આ કોઇક કીંમતી જવાહીર છે. તેમણે તેને કપડામાં બાંધી ખીસ્સામાં મુકી, રોટલા કુતરાને નાંખી, ગાડું જોડી, સાધુ પુરૂષના જલતા દેહને નમસ્કાર કરી, ઘર તરફ હાંકી મુકયાં.

રોજ કરતાં આજે ઘણું મોડું થઇ ગયેલું. સવારથી અન્ન મળેલું નહીં. ઘેર ઠકરાણાં પણ રાહ જોઇ થાકી ગયેલાં. એટલે બળદને હંકારી ઠાકોર ઘર ભેગા થયા. પાણીથી સાવબોળ સ્નાન કરી વાળું પતાવ્યું. મોડું થવાનું કારણ ઠકરાણાંએ પૂછ્યું, એટલે જણાવ્યું કે ઝાઝા પેસેન્જરને લઇ ગાડાનો વળતાં ખોટકો થવાથી મોડું થઇ ગયેલું. એટલું કહીને પતાવી નાંખ્યું. ભાડાના પૈસા ગાડું સરખું કરાવવા સુથારને દઇ દીધા એમ કહ્યું. એ હકીકતથી ઠકરાણાં સંતોષાયાં અને રાત્રિ ગઇ.

ગજવામાં મૂકેલી ચમકદાર વસ્તુ કોઇ સારા ઠેકાણે બતાવવી, એ તાલાવેલીએ ઠાકોરે બીજે દિવસે સવારે ગાડીએ બેસીને નજીકના મોટા શહેર તરફ પ્રયાણ કર્યું અને એ ગામના જાણીતા ઝવેરીને ત્યાં જઇને બન્ને ચીજ તેના હાથમાં મુકી.

ઝવેરીએ બે નંગ બરાબર પરખી, તોલ કરી કહ્યું : 'ઠાકોર! બન્ને કીંમતી હીરા છે. તમારે વેચવા હોય તો જોડીના રૂપીઆ વીશ હજાર આવશે.'

ઠાકોરે તેનો સ્વીકાર કર્યો અને ઝવેરીએ નાણાં ગણી આપ્યાં.

લક્ષ્મી એ એક અજબ વસ્તુ છે. એને કાંઇ નબળું તો ગમતું જ નથી. પણ વીસ હજારના માલિક બનેલા ઠાકોરે તડકાછાયા ઘણા જોયા છે. એમણે ઘેર આવી રકમને ઠકરાણાંથી ઘણી ગુપ્ત રીતે છુપાવી દીધી. પરંતુ દીવાળી આવતી હોવાથી એમણે પોતાનાં કપડાં નવાં શીવડાવ્યાં, ઠકરાણાં માટે સાડીઓ અને છીટરીઓ વસાવી. નવાં વાસણો વસાવ્યાં. એકાદ બે ઘરેણાં કરાવવા નાંખ્યાં અને થોડા દિવસમાં તો તેમની રોનક બદલાઇ ગઇ. ઠાકોરે હવે તો ભાડું બાંધવું યે છોડી દીધું, અને ઘર તો ઝળાંઝળાં થવા લાગ્યું. આડોશી-પાડોશી અને જાણુપિછાણવાળાં વાતો કરતાં હતાં કે આ આટલું બધું આવ્યું ક્યાંથી? કાલ સવારે તો જીતુભા ભાડું કરતા હતા ને!

પડોશમાં એક વાળંદનું કુટુંબ રહે. વાળંદની સ્ત્રી અને ઠકરાણાંને મેળ બહુ. નવરી થાય ત્યારે આવે અને બેસે. ઠાકોરના ઘરની રોનક બદલાયેલી જોઇને એને ચટપટી લાગી. નામ હતું એનું જીવકોરવહુ.

જીવકોરવહુએ એકાંતનો લાભ લઇને ઠકરાણાંને પૂછ્યું: 'હેં ભાભુમા! પહેલાં તો કાંઇ નો'તું અને હમણાં હમણાં તો રૂપીએ રમી રીયાં છો, તે ઠાકોર લાવ્યા ક્યાંથી?'

'જુઓને જીવકોરવહુ! આપણે એવું શા માટે પૂછીએ? એ તો પુરૂષ રળી લાવે અને આપણે અવેરીને વાપરીએ. બાકી મને ઠાકોરનો ભરોસો છે કે એ કદી પણ અનીત કરીને નહિ લાવ્યા હોય.'

'પણ ભાભુમા! બળ્યુ તમારૂં ઘરમાં એટલુંએ ચલણ નથી, કે પૂછી જોવાય પણ નહીં! આ રામલાના બાપ તો મને જરીએ

જરી વાત કહી દે. સો, ચાર પૈસા ગામમાંથી હજામત કરવાના આવ્યા હોય તોય મને કે, અને તમને તો ઉગ્યા આથમ્યાનીયે ખબર નથી! તમે પૂછી તો જુઓ. સાવ આવાં કેમ રહો છો?'

'સારૂં તારે, આજે પૂછી જોઉં, તું કહે છે એટલે.'

'પણ ભાઇસાબ! પૂછીને મને કહેજો.'

'સારૂં કહીશ.'

'અને એ જ રાત્રે વાળુપાણી કરી ઠાકોર હુક્કો પીતા હતા ત્યારે ઠાકોરને ઠકરાણાંએ પુછ્યું: 'ઠાકોર! હવે તો ભાડાં થતાં નથી, રોજ રોજ અનેક અવનવી ચીજો ઘરે વસાવો છો: વાસણ-કુસણ, રાચરચીલું ઘરમાં આવ્યું, કપડાં લત્તાં અને દાગીના લાવ્યા, મકાન વેચાણ લેવાની વાતું કરો છો, તે આ બધું લાવ્યા ક્યાંથી?'

'હં...લાવ્યો ક્યાંથી?' ઠાકોરને ગઢવીની વાત યાદ આવી: 'મોંઘી વાત નારીને ન કરો, કરો તો પ્રથમ પરીક્ષા કરો.'

'ઠકરાણાં! આટલા દિવસથી કોઇ દિવસ તમે પુછતાં ન હતાં અને આજે પુછવાનું ક્યાંથી સુજ્યું, એ પ્રથમ કહો. પછી લાવ્યો ક્યાંથી એ તમને કહું.'

'મને તો ગાંડીને ગતાગમ પણ નહીં, પરંતુ આ રામલાની માએ કહ્યું કે પૂછો તો ખરાં, ત્યારે જ મને સુજ પડી કે ઘરની ધણીયાણીને આટલીયે ખબર ન હોય! માટે મને તો તમારે કેવું જ જોઇએ, ઠાકોર!'

'હં, રામલાની મા જીવકોરવહુએ ત્યારે તો તમને શિખામણ આપી છે, એમ! ભલે, ત્યારે તો મારે સાચું જ કહેવું જોઇએ.

'જાણે ઠકરાણાં વાત એમ બની કે ભાડાં કરીને હું કંટાળી તો ગયો જ હતો અને આ જીંદગી ઉપર પણ પૂરી નારાજી

ઉત્પન્ન થયેલી. એટલે તે દી મોડો આવ્યો હતો એ તો તમને ખબર છે ને ?'

'હા.'

'તે જ દિવસે મને થયું કે લાવ દેહનો અંત કરી નાંખું. સ્ટેશનથી વળતાં આપણા પાધરમાં ખેતર આવે છે ને, ત્યાં કોઇ ખેડાણ કરતું નથી અને આકડા ઉગે છે. ઝેર ખાવાએ પૈસા આપણી પાસે ક્યાં હતા ? વિચાર કર્યો કે લાવને આ આકડાનું દુધ પીને મરી જાઉં ! ગાડું ઉભું રાખી, ભાતાની તાંહળી કાઢીને મંડયો આકડા ભાંગવાં. કેટલાએ આકડા ભાંગીને તાંહળી મથોમથ દુધની ભરી અને પરભુનું નામ લઇ તાંહળી મોઢે માંડી ત્યાં તો કોઇ અબધૂત જોગીએ એક ભારે આકડામાંથી નીકળીને મારો હાથ ઝાલ્યો. એણે કહ્યુંઃ 'હાં, હાં, શું કરવા ?'

'મેં કહ્યુંઃ 'બાપજી ! મને મરવા ઘો. હવે તો દુઃખ નથી વેઠાતું. પણ–પણ તમે કોણ છો ?'

'અરે મુરખ ! મને ન ઓળખ્યો ? હું છું આકડીયો પીર. તું આંહી મરે એથી તો મને પ્રાયશ્ચિત્ત લાગે. માટે તને નહિ મરવા દઉં. તને પૈસાનું દુઃખ છે ને ? લે આ સોનામહોરો.' એમ કહીને એ પીરે મારા હાથની તાંહળી ઢોળી નાંખી. ત્યાંથી મહોરો લાવીને મેં ઘરના વાડામાં દાટી દીધી છે. એ હવે જોઇએ એમ વાપરૂં છું. અરે હજી તો ઘણી પડી છે.'

'ઇમ તારે ડાકોર ! એ દેવસ્થાન કોઇને મરવા દે કે ? સતનો બેલી મારો પરભુ ત્રાજવે આવ્યો. હું તો બહુ જ રાજી થઇ.'

રાત્રિએ વાત સાંભળી ઠકરાણાં સૂતાં અને સવારે તો જીવકોરવહુ વહેલાં આવીને ઠકરાણાંને પૂછવા લાગ્યાં : 'કાં ભાભુમા ! પછી તમે ઓલી વાત પૂછી'તી ?'

'હા જીવકોરવહુ! પૂછી હતી.'

'તારે મને કહો ને.' જીવકોર બોલી.

'જો જાણે આમ બનેલું.' એમ કહીને ઠાકોરે રાત્રે કહેલી વાત ઠકરાણાંએ જીવકોરવહુને કહી સંભળાવી અને તે એ સાંભળીને ઘેર ચાલી ગઈ.

બપોરે રામલાનો બાપો બે ત્રણ હજામતો કરીને આવ્યો અને એ ત્રણ આના જીવકોરવહુને ઘરમાં આપવા ગયો: 'લ્યો આ ત્રણ આના.'

'નાંખો ચૂલામાં.'

'કાં પણ શું થઈ ગયું તને આજ?'

'થાય શું હોળી! જુઓ, ઠાકોર માલદાર થઈ ગયા અને સોનામહોરોના ઢગના ઢગ દાટયા છે.'

'પણ એ લાવ્યા ક્યાંથી?' વાળંદે પૂછ્યું.

'લ્યો, લાવ્યા ક્યાંથી! બબુચક જેવા જ છો ને! હું પણ કેવી આકાર! મેં બધું જાણી લીધું છે અને આપણે પણ એમ જ કરવાનું છે. જુઓ ટેશનના માર્ગે આકડાવાળું ખેતર છે. ત્યાં તમે અતારે ને અતારે જાઓ. એક તાંહળી લેતા જજો અને આકડા ભાંગી ભાંગીને દુધ ભેગું કરજો; અને મરવાનું તો તમારે નથી, પણ જાણે તમે દુ:ખના માર્યા મરવા જ ગીયા છો એમ ઓશીયાળું મોઢું કરીને દુધ પીવા માંડજો, એટલે...'

'એટલે?'

'આકડીયો પીર બહાર નિકળીને તમને મરવા નહિ દે અને સોનામહોરોનો ઢગ તમને આપશે. પછી આવીને રોટલો ખાજો. પણ અતારે ને અતારે જાઓ. મારા મોઢા સામું શું જોઈ રીઆ છો? જાવ જાઓ, રામલાના બાપા! પછી કોથળી ખભે ભરાવીને હજામત કરવી મટી જાય.'

રામલાના બાપે તાંહળી લઈને ભૂખ્યા પેઠે ખરા મધ્યાન્હે સ્ટેશનના માર્ગે જઈ આકડાનું દુધ ભેગું કરી, આમતેમ જોયું. આકડીયો પીર ન દેખાયો અને એણે તાંહળી ભરીને આકડાનું દુધ ઢીચકાવ્યું. તેના ઝેરથી તથા માથા ઉપરના સખત તાપથી એ ખેતરમાં જ લાંબોલઠ થઈને પડયો.

સાંજ પડવા આવી પણ રામલાનો બાપ ઘેર આવ્યો નહિ અને જીવકોરવહુના જીવને થયું : ' અરેરે.........આકડીયા પીરે સોનામહોરો ઘણી આપી હશે તે બિચારા ઉપાડી યે નહિ શકતા હોય લાવ હું ઉપડાવવા જઉં. ' અને ઘરમાંથી પછેડી લઈ એ ગઈ ખેતરે !

રામલાના બાપના આગળના બે લાંબા દાંત મોઢું ફાટી રહેવાથી દૂરથી બહાર દેખાતા હતા. જીવકોરવહુએ છેટેથી એ જોયા અને એ હરખની મારી બોલી : ' લ્યો, બળ્યું, હસ્યા શું કરો છો ? એ તો જાણ્યું હવે સોનામહોરો મળી તે, પણ હરખ માતો નથી, પણ ઘરે ય નહિ અવાતું હોય ! '

પણ પાસે જઈને જોયું તો રામલાના બાપા એમના અદાનું ભાત દેવા સ્વર્ગે સીધાવેલા !

જીવકોરવહુએ રાજ્યમાં ફરિયાદ કરી કે ' ઠાકોરે મારા ધણીને મારી નાંખ્યો ! '

રાજ્યના ન્યાયખાતાએ ઠાકોરની જુબાની લીધી, પરંતુ ત્યાં સત્ય હકીકત ઠાકોરે કહેવાથી તેમને નિર્દોષ ઠરાવી છોડી મૂકયા. પછી તો જીતુભાએ અચ્છો સાયબી ભોગવતાં આનંદમાં દીવાળી વીતાવી.

સંપૂર્ણ

ધન ધન રે ગરજત ભારી

ધન ઘન રે ગરજત ભારી,
વરસત હૈ વારી વારી......ધન ઘન રે૦

ચતુર ચાતક મુખ મ્લાન પ્રસારકે,
ચાહત મુખમેં જલધારી;
સુસ્વર મધુર કલા કરી ડોલત,
વાહ કુદરત તુજ બલિહારી...ધન ધન રે૦

ધેનુ ધરા ધરી ઉમંગ અંગ રંગ,
જલ બીચ રાચત ભારી;
ખેલત જલમેં છોરે છોકરડે,
પાવત આનંદ નર નારી...ધન ધન રે૦

જગદ્રગ શાંત શાંત સુહાવત,
ક્રિડા હોવત ન્યારી ન્યારી;
નવોઢા નિરખત નીજ પતિ કો,
નયનોમેં કાજલ ડારી...ધન ધન રે૦

યાદવેન્દ્ર નીજ નાથ કો સ્મરકે,
ગાવત રાગ ભૈરવી ભારી;
પ્રેમ લગન પુલકિત મગન સેં,
કૃતકૃત્ય માનવદેહ ધારી...ધન ઘન રે૦

સખી આના, જરૂર આના

સખી આના જરૂર આના,
એક દિન મંઝીલ પેં મીલ જાના......સખી૦

સાવન આયા બાદલ છાયા,
બાદલ નયા સંદેશા લયા;
ફુલ-ફ્લોંસે લચી લતાને,
શરૂ કીયા લુભાના......સખી૦

હમ-તુમ દિન ભર સાથ રહેંગે,
દિલ ખુલ ખુલ કર બાત કરેંગે;
સાથ ચલેંગે હમ બગીચો મેં,
કર ઘુમને કા બ્હાના..... સખી૦

યાદ રખે ક્યા વ્હો દિન તુમને,
હમ-તુમ થે જબ છોટેપનમેં;
ભાવ ભરે થે ઉરમેં ઉસકે,
ઇતના ક્યોં ભૂલાના......સખી૦

નયા જગતમેં જા કર તુમને,
યાદ ભુલાઇ પા કર સજને;
રંજ નહિ ક્યોં દિલમેં હમસેં,
ઇતના વિયોગ સહાના.....સખી૦

ગરીબનવાજ તુમકો કોંન કહે?

(કાલીંગડાની છાયા)

ગરીબનવાજ તુમકો કોંન કહે ?
વિદુરજી હુએ ભક્ત તુમ્હારે,
ગેહમેં ગ્રાસ ન અન્ન રહે;
ભાજી લાય નીજ ભોજન કારન,
વહી તુમને અશન કીયે...ગરીબ૦

સખા સુદામા ભક્ત તુમ્હારે,
આયે દ્વારે તુમ દર્શ લીયે;
ઉનસેં તાંદુલ ખીંચ કર લીને,
નિપટ નિઠુરપન તુમને કીયે...ગરીબ૦

દુર્વાસા કા શાપ કે ભયસેં,
દ્રૌપદી સહ પાંડવ થહરે;
આય ભગિનીસેં ભોજન માંગત,
તુમ બિન ઐસો કૌન કરે ?...ગરીબ૦

'યાદવ' પ્રભુ જુક્તિ તવ પરખી,
લે થોરા, તુમ્હે બહોત દીયે,
'તાવન'-'તારન'હાર તુમ્હી હો,
મનમેં જો સચ્ચી ટેક ધરે...ગરીબ૦

બંસીધારી બિન્દ્રાબન વિહારીને...

(આશા)

દર્શન દેના બંસી કે બજૈયા,
વારી જાઉં મેં કૃષ્ણ કનૈયા...દર્શન૦

ઢુંઢત ઢુંઢત ફિરત બન બનમેં,
બિરહ કે તાપ જલત હે તનમેં...દર્શન૦

પ્રાન પિયારે દિદાર દિખાઉ,
અંતર ઇચ્છા ઔર ન કાઉ...દર્શન૦

કહાં સખી સંગ કહાં જમુના કિનારા,
કહાં ખોજું વહી નંદ કે દુલારા...દર્શન૦

'યાદવ' પ્રભુ, તોરી ચરનોંકી દાસી,
અબ આઇ મીલહુ ભવ અઘનાશી...દર્શન૦